* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૬૧ *

परमात्मने नमः।

**શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત**

શ્રી

# સમયસાર

મૂળ ગાથાઓ, સંસ્કૃત છાયા, ગુજરાતી પદ્યાનુવાદ,
શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવવિરચિત સંસ્કૃત 'આત્મખ્યાતિ'
ટીકા અને તેના ગુજરાતી અનુવાદ સહિત

: અનુવાદક :
પંડિતરત્ન હિંમતલાલ જેઠાલાલ શાહ
બી.એસ.સી.


卐

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪ ૨૫૦

કિંમત રૂા. ૭૦=૦૦

પ્રથમ આવૃત્તિ : પ્રત ૨૦૦૦
વીર સં. ૨૪૬૭ વિ. સં. ૧૯૯૭
દ્વિતીય આવૃત્તિ : પ્રત ૧૫૦૦
વીર સં. ૨૪૭૯ વિ. સં. ૨૦૦૯
તૃતીય આવૃત્તિ : પ્રત ૨૧૦૦
વીર સં. ૨૪૯૫ વિ. સં. ૨૦૨૫
ચતુર્થ આવૃત્તિ : પ્રત ૨૫૦૦
વીર સં. ૨૫૦૩ વિ. સં. ૨૦૩૩
પાંચમી આવૃત્તિ : પ્રત ૩૦૦૦
વીર સં. ૨૫૦૫ વિ. સં. ૨૦૩૫
છઠ્ઠી આવૃત્તિ : પ્રત ૨૦૦૦
વીર સં. ૨૫૧૯ વિ. સં. ૨૦૪૯
સાતમી આવૃત્તિ : પ્રત ૩૦૦૦
વીર સં. ૨૫૨૪ વિ. સં. ૨૦૫૪

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૧૪૦=૦૦ છે; પરંતુ પંચપરમાગમ-ધ્રુવફંડ



# અર્પણ

જેમણે આ પામર પર અપાર ઉપકાર કર્યો છે. જેમની પ્રેરણાથી સમયસારનો આ અનુવાદ તૈયાર થયો છે, જેઓ દ્રવ્યે અને ભાવે સમયસારની મહા પ્રભાવના કરી રહ્યા છે. સમયસારમાં પ્રરૂપેલી નિશ્ચય–વ્યવહારની સંધિપૂર્વક જેમનું જીવન છે, તે પરમપૂજ્ય પરમ–ઉપકારી સદ્ગુરુદેવ (શ્રી કાનજીસ્વામી) ને આ અનુવાદ–પુષ્પ અત્યંત ભક્તિભાવે અર્પણ કરું છું.

–અનુવાદક

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

( હરિગીત )

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર–વીર–કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

( શિખરિણી )

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ–ગુણ–પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
–રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

( વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

( સ્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર–અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, –મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

–હિંમતલાલ જેઠાલાલ શાહ

नमः श्रीसद्गुरुदेवाय।

## * પ્રકાશકીય નિવેદન *

**ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ** પ્રણીત સર્વોત્કૃષ્ટ પરમાગમ **શ્રી સમયસાર** ગુજરાતી ભાષામાં પ્રથમ સં. ૧૯૯૭માં પ્રકાશિત થયું હતું. તેની દ્વિતીય આવૃત્તિ સં. ૨૦૦૯માં **શ્રી અમૃતચંદ્રાચાર્યદેવની 'આત્મખ્યાતિ'** નામની સંસ્કૃત ટીકા સહિત પ્રગટ થયેલ હતી. ત્રીજી આવૃત્તિમાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવકૃત કળશોનો માત્ર સળંગ ગુજરાતી અર્થ ન લખતાં વચમાં કૌંસમાં સંસ્કૃત શબ્દો મૂકીને અર્થ ભરેલ હતો કે જેથી કયા સંસ્કૃત શબ્દોનો અર્થ છે તે વાચકોના ખ્યાલમાં આવી શકે. ત્યાર બાદ અનુક્રમે ચોથી, પાંચમી અને છઠ્ઠી પછી આ સાતમી આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં અત્યાનંદ અનુભવાય છે.

શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ તરફથી આ શાસ્ત્ર હિન્દી ભાષામાં (સંસ્કૃત ટીકાઓ સહિત) સં. ૧૯૭૫માં પ્રકાશિત થયું હતું. પૂજ્ય **સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**ના હસ્તમાં આ પરમાગમ સં. ૧૯૭૮માં આવ્યું. તેમના કરકમળમાં એ પરમપાવન ચિંતામણિ આવતાં તે કુશળ ઝવેરીએ એને પારખી લીધો અને સમયસારની કૃપાથી તેઓશ્રીએ નિજ ચૈતન્યમૂર્તિ ભગવાન સમયસારનાં દર્શન કર્યાં. એ પવિત્ર પ્રસંગનો ઉલ્લેખ પૂજ્ય ગુરુદેવના જીવનચરિત્રમાં આ પ્રમાણે કર્યો છે : સં. ૧૯૭૮માં વીરશાસનના ઉદ્ધારનો, અનેક મુમુક્ષુઓના મહાન પુણ્યોદયને સૂચવતો એક પવિત્ર પ્રસંગ બની ગયો. વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યવિરચિત શ્રી સમયસાર નામનો મહાન ગ્રંથ મહારાજશ્રીનાં હસ્તકમળમાં આવ્યો. સમયસાર વાંચતા જ તેમના હર્ષનો પાર ન રહ્યો. જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. શ્રી સમયસારજીમાં અમૃતનાં સરોવર છલકાતાં મહારાજશ્રીના અંતર્નયને જોયાં. એક પછી એક ગાથા વાંચતાં મહારાજશ્રીએ ઘૂંટડા ભરી ભરીને તે અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારજીએ મહારાજશ્રી પર અપૂર્વ, અલૌકિક, અનુપમ ઉપકાર કર્યો અને તેમના આત્માનંદનો પાર ન રહ્યો. મહારાજશ્રીના અંતર્જીવનમાં પરમપવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજ ઘર દેખ્યું. ઉપયોગ-ઝરણાનાં વહેણ અમૃતમય થયાં. જિનેશ્વરના સુનંદન ગુરુદેવની જ્ઞાનકળા હવે અપૂર્વ રીતે ખીલવા લાગી. પૂજ્ય ગુરુદેવ જેમ જેમ સમયસારમાં ઊંડા ઊતરતા ગયા તેમ તેમ તેમાં કેવળજ્ઞાની પિતાથી વારસામાં આવેલાં અદ્ભુત નિધાનો તેમના સુપુત્ર ભગવાન કુંદકુંદાચાર્યદેવે ચીવટથી સંઘરી રાખેલાં તેમણે જોયાં. ઘણાં વર્ષો સુધી સમયસારનું ઊંડું મનન કર્યા પછી, 'કોઈ પણ રીતે જગતના જીવો સર્વજ્ઞપિતાના આ અણમૂલ વારસાની કિંમત સમજે અને અનાદિકાળની દીનતાનો અંત લાવે!'-એવી કરુણાબુદ્ધિને લીધે પૂજ્ય ગુરુદેવશ્રીએ સમયસાર પર અપૂર્વ પ્રવચનોનો પ્રારંભ કર્યો. જાહેર સભામાં સૌથી પહેલાં સં. ૧૯૯૦માં રાજકોટ ચાતુર્માસ વખતે સમયસારનું વાંચન શરૂ કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીએ સમયસાર ઉપર કુલ ઓગણીસ વખત પ્રવચનો આપ્યાં છે. સોનગઢ-ટ્રસ્ટ તરફથી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનાં પાચ પુસ્તકો છપાઈને પ્રસિદ્ધ થઈ ગયાં છે.

જેમ જેમ પૂજ્ય ગુરુદેવશ્રી અનુભવવાણી વડે આ શાસ્ત્રના ઊંડા-ગંભીર ભાવોને ખોલતા ગયાં તેમ તેમ મુમુક્ષુ જીવોને તેનું મહત્ત્વ સમજાતું ગયું, અને તેમનામાં

અધ્યાત્મરસિક્તાની સાથે સાથે આ શાસ્ત્ર પ્રત્યે ભક્તિ અને બહુમાન પણ વધતાં ગયાં. સં. ૧૯૯૪ના વૈશાખ વદ આઠમે, સોનગઢમાં શ્રી જૈન સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમાં પૂજ્ય પ્રશમમૂર્તિ ભગવતી **બેનશ્રી ચંપાબેન**ના પવિત્ર હસ્તે શ્રી સમયસારજી શાસ્ત્રની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

–આવું મહિમાવંત આ પરમાગમ ગુજરાતી ભાષામાં પ્રકાશિત થાય તો જિજ્ઞાસુઓને મહા લાભનું કારણ થાય એવી ભાવનાથી શ્રી જૈન અતિથિ સેવા સમિતિએ સં. ૧૯૯૭માં આ પરમાગમનું ગુજરાતી ભાષામાં પ્રકાશન કર્યું. ત્યાર બાદ તેની દ્વિતીય આવૃત્તિ સં. ૨૦૦૯માં શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ તેની સાતમી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે.

આ રીતે આ પ્રકાશન ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રભાવની જ પ્રસાદી છે. અધ્યાત્મનું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવા આ સંસ્થા અસમર્થ છે.

શ્રીમાન સમીપ સમયવર્તી સમયજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ જનસમાજને અધ્યાત્મ સમજાવ્યું તથા અધ્યાત્મપ્રચાર અર્થે શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ સ્થાપ્યું; એ રીતે જનસમાજ પર–મુખ્યત્વે ગુજરાત–કાઠિયાવાડ પર–તેમનો મહા ઉપકાર વર્તી રહ્યો છે.

હવે ગુજરાતી અનુવાદ વિષે : આ ઉચ્ચ કોટિના અધ્યાત્મશાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવાનું કામ સહેલું ન હતું. સૂત્રકાર અને ટીકાકાર આચાર્યભગવંતોના ગંભીર ભાવો યથાર્થપણે જળવાઈ રહે એવી રીતે તેને સ્પર્શીને અનુવાદ થાય તો જ પ્રકાશન સંપૂર્ણપણે સમાજને લાભદાયક નીવડે એમ હતું. સદ્‌ભાગ્યે ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે, પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાભીની પવિત્ર આજ્ઞા તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પાવન પ્રેરણા ઝીલીને. તેનો અનુવાદ કરી આપવા સહર્ષ સંમતિ આપી ને તે કામ હાથમાં લીધું. અને તેમણે આ અનુવાદનું કામ સાંગોપાંગ પાર ઉતાર્યું.

આ પવિત્ર શાસ્ત્રના ગુજરાતી અનુવાદનું મહા કાર્ય કરનાર ભાઈશ્રી હિંમતલાલભાઈ અધ્યાત્મરસિક વિદ્વાન હોવા ઉપરાંત ગંભીર, વૈરાગ્યશાળી, શાંત અને વિવેકી સજ્જન છે તથા કવિ પણ છે. તેમણે સમયસારના અનુવાદ ઉપરાંત તેની મૂળ ગાથાઓનો ગુજરાતી પદ્યાનુવાદ પણ હરિગીત છંદમાં કર્યો છે; તે ઘણો જ મધુર, સ્પષ્ટ તેમ જ સરળ છે અને દરેક ગાથાર્થ પહેલાં તે છાપવામાં આવ્યો છે. આ રીતે આખોય અનુવાદ તેમ જ હરિગીત કાવ્યો જિજ્ઞાસુ જીવોને બહુ જ ઉપયોગી અને ઉપકારી થયેલ છે. આ માટે ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો જેટલો આભાર માનવામાં આવે તેટલો ઓછો છે. આ સમયસાર જેવા ઉત્તમ શાસ્ત્રનો અનુવાદ કરવાનું પરમ સૌભાગ્ય તેમને મળ્યું તે માટે તેઓ ખરેખર અભિનંદનીય છે.

આજથી લગભગ બસો વર્ષ પહેલાં શ્રીમાન પં. જયચંદ્રજીએ આ પરમાગમનું હિંદી ભાષાંતર કરીને જૈનસમાજ પર ઉપકાર કર્યો છે. આ અનુવાદ શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ તરફથી પ્રસિદ્ધ થયેલ હિંદી સમયસારના આધારે કરવામાં આવ્યો છે, માટે આ સંસ્થા તે મંડળનો આભાર માને છે. [ ત્રીજી આવૃત્તિ પ્રસંગે સંશોધન, કળશોના ગુજરાતી

અર્થની વચ્ચે સંસ્કૃત શબ્દો યથાસ્થાને ગોઠવવાનું કાર્ય, પ્રૂફરીડિંગ, શુદ્ધિપત્રક, ગાથાસૂચી, કળશસૂચી વગેરે અનેકવિધ કાર્યોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી બાળબ્રહ્મચારી ભાઈશ્રી ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયાએ અત્યંત કાળજી, પરિશ્રમ અને ઉલ્લાસપૂર્વક જે સહાય કરી છે તે માટે આ સંસ્થા તેમની આભારી છે. બ્ર. શ્રી ચંદુભાઈના આ કાર્યમાં સદ્ધર્મવત્સલ ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન ભાઈશ્રી હિંમતલાલભાઈએ અનેકવિધ સહાય કરી છે તેમ જ આખરી પ્રૂફસંશોધન પણ તેમણે જ કરી આપ્યું છે, તેથી તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.] કિતાબઘર પ્રિન્ટરીએ આ સાતમી આવૃત્તિનું સુંદર મુદ્રણ બહુ અલ્પ સમયમાં કરી આપ્યું છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ. આ ઉપરાંત જેમની સહાય હોય તે સર્વનો પણ આભાર માનવામાં આવે છે.

આ સમયસાર ખરેખર એક ઉત્તમોત્તમ શાસ્ત્ર છે. સાધક જીવોને માટે તેમાં આધ્યાત્મિક મંત્રોનો ભંડાર ભર્યો છે. કુંદકુંદાચાર્યદેવ પછી રચાયેલાં લગભગ બધાં અધ્યાત્મશાસ્ત્રો ઉપર સમયસારનો પ્રભાવ પડયો છે. સર્વ અધ્યાત્મનાં બીજડાં સમયસારમાં સમાયેલાં છે. સર્વે જિજ્ઞાસુ જીવોએ ગુરુગમપૂર્વક આ પરમાગમનો અભ્યાસ અવશ્ય કરવાયોગ્ય છે. પરમ મહિમાવંત એવા નિજ શુદ્ધ આત્મસ્વરૂપને અનુભવગમ્ય કરવા માટે શાસ્ત્રમાં અદ્વિતીય ઉપદેશ છે, અને એ જ દરેક જિજ્ઞાસુ જીવનું એકમાત્ર પરમ કર્તવ્ય છે. શ્રી પદ્મનંદી મુનિરાજ કહે છે કે–

**तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।**
**निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।। २३।।**
**( પદ્મનંદિપંચવિંશતિકા-એકત્વ અધિકાર )**

**અર્થ** :-જે જીવે પ્રસન્નચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.

ઉપર પ્રમાણે સુપાત્ર જીવો ગુરુગમે શુદ્ધચૈતન્યતત્ત્વની વાર્તાનું પ્રીતિપૂર્વક શ્રવણ કરો અને આ પરમાગમની પાંચમી ગાથામાં આચાર્યભગવાનની આજ્ઞા-અનુસાર તે એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માને સ્વાનુભવપ્રત્યક્ષથી પ્રમાણ કરો.

શ્રાવણ વદ ૨.
( બહેનશ્રી-ચંપાબેન-૮૫મા વર્ષનો 'મહામણિ-જન્મોત્સવ' )
વિ. સં. ૨૦૫૪

સાહિત્યપ્રકાશનવિભાગ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦ ( સૌરાષ્ટ્ર )

## [ समयसारकी महिमा ]

**मोख चलिवेकौ सौंन करमकौ करे बौन,**
**जाके रस-भौन बुध लौन ज्यौं घुलत है।**
**गुनकौ गरंथ निरगुनकौं सुगम पंथ,**
**जाकौ जस कहत सुरेश अकुलत है।।**
**याहीके जु पच्छी ते उड़त ज्ञानगगनमें,**
**याहीके विपच्छी जगजालमें रुलत है।**
**हाटकसौ विमल विराटकसौ विसतार,**
**नाटक सुनत हीये फाटक खुलत है।।**

**-पं. बनारसीदासजी**

**અર્થ :**-શ્રી સમયસાર મોક્ષ પર ચડવાને સીડી છે (અથવા મોક્ષ તરફ ચાલવાને શુભ શુકન છે), કર્મનું તે વમન કરે છે અને જેમ જળમાં લવણ ઓગળી જાય છે તેમ સમયસારના રસમાં બુધપુરુષો લીન થઈ જાય છે. તે ગુણની ગાંઠ છે (અર્થાત્ સમ્યગ્દર્શનાદિ ગુણોનો સમૂહ છે), મુક્તિનો સુગમ પંથ છે અને તેનો (અપાર) યશ વર્ણવતાં ઇંદ્ર પણ આકુલિત થઈ જાય છે. સમયસારરૂપી પાંખવાળા (અથવા સમયસારના પક્ષવાળા) જીવો જ્ઞાનગગનમાં ઊડે છે અને સમયસારરૂપી પાંખ વિનાના (અથવા સમયસારથી વિપક્ષ) જીવો જગજાળમા રઝળે છે. સમયસારનાટક (અર્થાત્ શ્રી સમયસાર-પરમાગમ કે જેને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે નાટકની ઉપમા આપી છે તે) શુદ્ધ સુવર્ણ સમાન નિર્મળ છે, વિરાટ (બ્રહ્માંડ) સમાન તેનો વિસ્તાર છે અને તેનું શ્રવણ કરતાં હૃદયનાં કપાટ ખૂલી જાય છે.

# શ્રી સમયસારજી-સ્તુતિ

( હરિગીત )

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

( અનુષ્ટુપ )

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

( શિખરિણી )

અહો ! વાણી તારી પ્રશમરસ–ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

( શાર્દૂલવિક્રિડિત )

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

( વસંતતિલકા )

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

( અનુષ્ટુપ )

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

नमः सद्‌गुरवे।

# * ઉપોદ્‌ઘાત *

## [ પ્રથમ આવૃત્તિ પ્રસંગે ]

ભગવાન કુંદકુંદાચાર્યદેવપ્રણીત આ 'સમયપ્રાભૃત' અથવા 'સમયસાર' નામનું શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'માંનું સર્વોત્કૃષ્ટ આગમ છે.

'દ્વિતીય શ્રુતસ્કંધ'ની ઉત્પત્તિ કઈ રીતે થઈ તે આપણે પટ્ટાવલિઓના આધારે સંક્ષેપમાં પ્રથમ જોઈએ.

આજથી ૨૪૬૬ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમ ભટ્ટારક ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ કરવા માટે સમસ્ત પદાર્થોનું સ્વરૂપ પોતાના સાતિશય દિવ્યધ્વનિ દ્વારા પ્રગટ કરતા હતા. તેમના નિર્વાણ પછી પાંચ શ્રુતકેવળી થયા, જેમાં છેલ્લા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી થયા. ત્યાં સુધી તો દ્વાદશાંગશાસ્ત્રના પ્રરૂપણથી વ્યવહાર-નિશ્ચયાત્મક મોક્ષમાર્ગ યથાર્થ પ્રવર્તતો રહ્યો. ત્યાર પછી કાળદોષથી ક્રમે ક્રમે અંગોના જ્ઞાનની વ્યુચ્છિત્તિ થતી ગઈ. એમ કરતાં અપાર જ્ઞાનસિંધુનો ઘણો ભાગ વિચ્છેદ પામ્યા પછી બીજા ભદ્રબાહુસ્વામી આચાર્યની પરિપાટીમાં બે સમર્થ મુનીઓ થયા-એકનું નામ શ્રી ધરસેન આચાર્ય અને બીજાનું નામ શ્રી ગુણધર આચાર્ય. તેમની પાસેથી મળેલા જ્ઞાન દ્વારા તેમની પરંપરામાં થયેલા આચાર્યોએ શાસ્ત્રો ગૂંથ્યાં અને વીર ભગવાનના ઉપદેશનો પ્રવાહ વહેતો રાખ્યો.

શ્રી ધરસેન આચાર્યને અગ્રાયણીપૂર્વના પાંચમાં 'વસ્તુ' અધિકારના મહાકર્મપ્રકૃતિ નામના ચોથા પ્રાભૃતનું જ્ઞાન હતું. તે જ્ઞાનામૃતમાંથી અનુક્રમે ત્યાર પછીના આચાર્યો દ્વારા ષટ્‌ખંડાગમ તથા તેની ધવલા-ટીકા, ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર આદિ શાસ્ત્રો રચાયાં. આ રીતે પ્રથમ શ્રુતસ્કંધની ઉત્પત્તિ છે. તેમાં જીવ અને કર્મના સંયોગથી થયેલા આત્માના સંસારપર્યાયનું-ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિનું-સંક્ષિપ્ત વર્ણન છે, પર્યાયાર્થિકનયને પ્રધાન કરીને કથન છે. આ નયને અશુદ્ધદ્રવ્યાર્થિક પણ કહે છે અને અધ્યાત્મભાષાથી અશુદ્ધનિશ્ચયનય અથવા વ્યવહાર કહે છે.

શ્રી ગુણધર આચાર્યને જ્ઞાનપ્રવાદપૂર્વના દશમા વસ્તુના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું. તે જ્ઞાનમાંથી ત્યાર પછીના આચાર્યોએ અનુક્રમે સિદ્ધાંતો રચ્યા. એમ સર્વજ્ઞ ભગવાન મહાવીરથી ચાલ્યું આવતું જ્ઞાન આચાર્યોની પરંપરાથી ભગવાન કુંદકુંદાચાર્યદેવને પ્રાપ્ત થયું. તેમણે

પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ આદિ શાસ્ત્રો રચ્યાં. આ રીતે દ્વિતીય શ્રુતસ્કંધની ઉત્પત્તિ થઈ. તેમાં જ્ઞાનને પ્રધાન કરીને શુદ્ધદ્રવ્યાર્થિક નયથી કથન છે, આત્માના શુદ્ધ સ્વરૂપનું વર્ણન છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા છે. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે.

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ।।**

આ શ્લોક દરેક દિગંબર જૈન, શાસ્ત્રાધ્યયન શરૂ કરતાં મંગળાચરણરૂપે બોલે છે. આ પરથી સિદ્ધ થાય છે કે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી અને ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી પછી તુરત જ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન આવે છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ માને છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તેમના પછી થયેલા ગ્રંથકાર આચાર્યો પોતાના કોઈ કથનને સિદ્ધ કરવા માટે કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રોનું પ્રમાણ આપે છે એટલે એ કથન નિર્વિવાદ ઠરે છે. તેમના પછી લખાયેલા ગ્રંથોમાં તેમનાં શાસ્ત્રોમાંથી થોકબંધ અવતરણો લીધેલાં છે. ખરેખર ભગવાન કુંદકુંદાચાર્યે પોતાના પરમાગમોમાં તીર્થંકરદેવોએ પ્રરૂપેલા ઉત્તમોત્તમ સિદ્ધાંતોને જાળવી રાખ્યા છે અને મોક્ષમાર્ગને ટકાવી રાખ્યો છે. વિ. સં. ૯૯૦માં થઈ ગયેલા શ્રી દેવસેનાચાર્યવર તેમના દર્શનસાર નામના ગ્રંથમાં [૧]કહે છે કે ''વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર સીમંધરસ્વામીના સમવસરણમાં જઈને શ્રી પદ્મનંદિનાથે (કુંદકુંદાચાર્યદેવે) પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાન વડે બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કે જાણત?'' બીજો એક ઉલ્લેખ આપણે જોઈએ, જેમાં કુંદકુંદાચાર્યદેવને કળિકાળસર્વજ્ઞ કહેવામાં આવ્યા છે. ''પદ્મનંદી, કુંદકુંદાચાર્ય, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય, ગૃદ્ધપિચ્છાચાર્ય એ પાંચ નામોથી વિરાજિત, ચાર આંગળ ઊંચે આકાશમાં ગમનની જેમને ઋદ્ધિ હતી, જેમણે પૂર્વવિદેહમાં જઈને સીમંધરભગવાનને વંદન કર્યું હતું અને તેમની પાસેથી મળેલા શ્રુતજ્ઞાન વડે જેમણે ભારતવર્ષના ભવ્ય જીવોને પ્રતિબોધ કર્યો છે એવા જે શ્રી જિનચંદ્રસૂરિભટ્ટારકના પટ્ટના આભરણરૂપ કળિકાળસર્વજ્ઞ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) તેમણે રચેલા આ ષટ્પ્રાભૃતગ્રંથમાં.....સૂરીશ્વર શ્રી શ્રુતસાગરે રચેલી મોક્ષપ્રાભૃતની ટીકા સમાપ્ત થઈ.'' આમ ષટ્પ્રાભૃતની શ્રી શ્રુતસાગરસૂરિકૃત ટીકાના અંતમાં લખેલું છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવની મહત્તા બતાવનારા આવા અનેકાનેક ઉલ્લેખો જૈન સાહિત્યમાં મળી આવે છે; [૨]શિલાલેખો પણ અનેક છે. આ રીતે આપણે જોયું કે સનાતન જૈન સંપ્રદાયમાં કળિકાળસર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન અજોડ છે.

---

* મૂળ શ્લોક માટે ૧૮ મું પાનું જુઓ.
* શિલાલેખોના નમુના માટે ૧૭મું પાનું જુઓ.

ભગવાન કુંદકુંદાચાર્યનાં રચેલાં અનેક શાસ્ત્રો છે, જેમાંથી થોડાંક હાલમાં ઉપલબ્ધ છે.. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખમાંથી વહેલી શ્રુતામૃતની સરિતામાંથી ભરી લીધેલાં તે અમૃતભાજનો હાલમાં પણ અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે. તેમનાં પંચાસ્તિકાય, પ્રવચનસાર અને સમયસાર નામનાં ત્રણ ઉત્તમોત્તમ શાસ્ત્રો 'પ્રાભૃતત્રય' કહેવાયછે. આ ત્રણ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર આવી જાય છે. ભગવાન કુંદકુંદાચાર્ય પછી લખાયેલા ઘણા ગ્રંથોનાં બીજડાં આ ત્રણ પરમાગમોમાં રહેલાં છે એમ સૂક્ષ્મ દ્રષ્ટિથી અભ્યાસ કરતાં જણાય છે. પંચાસ્તિકાયમાં છ દ્રવ્યનું અને નવ તત્ત્વનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું છે. પ્રવચનસારને જ્ઞાન, જ્ઞેય અને ચરણાનુયોગના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. સમયસારમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દ્રષ્ટિથી કથન છે.

શ્રી સમયસાર અલૌકિક શાસ્ત્ર છે. આચાર્યભગવાને આ જગતના જીવો પર પરમ કરુણા કરીને આ શાસ્ત્ર રચ્યું છે. તેમાં મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ જેમ છે તેમ કહેવામાં આવ્યું છે. અનંતકાળથી પરિભ્રમણ કરતા જીવોને જે કાંઈ સમજવું બાકી રહી ગયું છે તે આ પરમાગમમાં સમજાવ્યું છે. પરમ કૃપાળુ આચાર્ય ભગવાન આ શાસ્ત્ર શરૂ કરતાં પોતે જ કહે છેઃ-''કામભોગબંધની કથા બધાએ સાંભળી છે, પરિચય કર્યો છે, અનુભવી છે પણ પરથી જુદા એકત્વની પ્રાપ્તિ જ કેવળ દુર્લભ છે. તે એકત્વની-પરથી ભિન્ન આત્માની-વાત હું આ શાસ્ત્રમાં સમસ્ત નિજ વિભવથી (આગળ, યુક્તિ, પરંપરા અને અનુભવથી) કહીશ.'' આ પ્રતિજ્ઞા પ્રમાણે આચાર્યદેવ આ શાસ્ત્રમાં આત્માનું એકત્વ-પરદ્રવ્યથી અને પરભાવોથી ભિન્નતા-સમજાવે છે. તેઓશ્રી કહે છે કે 'જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત દેખે છે તે સમગ્ર જિનશાસનને દેખે છે.' વળી તેઓ કહે છે કે 'આવું નહિ દેખનાર અજ્ઞાનીના સર્વ ભાવો અજ્ઞાનમય છે.' આ રીતે, જ્યાં સુધી જીવને પોતાની શુદ્ધતાનો અનુભવ થતો નથી ત્યાં સુધી તે મોક્ષમાર્ગી નથી; પછી ભલે એ વ્રત, સમિતિ, ગુપ્તિ આદિ વ્યવહાર ચારિત્ર પાળતો હોય અને સર્વ આગમો પણ ભણી ચૂકયો હોય. જેને શુદ્ધ આત્માનો અનુભવ વર્તે છે તે જ સમ્યગ્દ્રષ્ટિ છે. રાગાદિના ઉદયમાં સમક્તિી જીવ કદી એકાકારરૂપ પરિણમતો નથી પરંતુ એમ અનુભવે છે કે 'આ, પુદ્ગલકર્મરૂપ રાગના વિપાકરૂપ ઉદય છે; એ મારો ભાવ નથી, હું તો એક જ્ઞાયકભાવ છું.' અહીં પ્રશ્ન થશે કે રાગાદિભાવો થતા હોવા છતાં આત્મા શુદ્ધ કેમ હોઈ શકે? ઉત્તરમાં સ્ફટિકમણિનું દ્રષ્ટાંત આપવામાં આવ્યું છે. જેમ સ્ફટિકમણિ લાલ કપડાના સંયોગે લાલ દેખાય છે-થાય છે તોપણ સ્ફટિકમણિના સ્વભાવની દ્રષ્ટિથી જોતાં સ્ફટિકમણિએ નિર્મળપણું છોડયું નથી, તેમ આત્મા રાગાદિ કર્મોદયના સંયોગે રાગી દેખાય છે-થાય છે તોપણ શુદ્ધનયની દ્રષ્ટિથી તેણે શુદ્ધતા છોડી નથી. પર્યાયદ્રષ્ટિએ અશુદ્ધતા વર્તતાં છતાં દ્રવ્યદ્રષ્ટિએ શુદ્ધતાનો અનુભવ થઈ શકે છે. તે અનુભવ ચોથે ગુણસ્થાને થાય છે. આ પરથી વાચકને સમજાશે કે સમ્યગ્દર્શન કેટલું દુષ્કર છે. સમ્યગ્દ્રષ્ટિનું પરિણમન

જ ફરી ગયું હોય છે. તે ગમે તે કાર્ય કરતાં શુદ્ધ આત્માને અનુભવે છે. જેમ લોલુપી માણસ મીઠાના અને શાકના સ્વાદને જુદા પાડી શક્તો નથી તેમ અજ્ઞાની જ્ઞાનને અને રાગને જુદાં પાડી શક્તો નથી; જેમ અલુબ્ધ માણસ શાકથી મીઠાનો જુદો સ્વાદ લઈ શકે છે તેમ સમ્યગ્દ્રષ્ટિ રાગથી જ્ઞાનને જુદું અનુભવે છે. હવે એ પ્રશ્ન થાય છે કે આવું સમ્યગ્દર્શન કઈ રીતે પ્રાપ્ત કરી શકાય અર્થાત્ રાગ ને આત્માની ભિન્નતા કઈ રીતે અનુભવાંશે સમજાય? આચાર્ય ભગવાન ઉત્તર આપે છે કે, પ્રજ્ઞારૂપી છીણીથી છેદતાં તે બન્ને જુદા પડી જાય છે, અર્થાત્ જ્ઞાનથી જ–વસ્તુના યથાર્થ સ્વરૂપની ઓળખાણથી જ–, અનાદિ કાળથી રાગદ્વેષ સાથે એકાકારરૂપે પરિણમતો આત્મા ભિન્નપણે પરિણમવા લાગે છે; આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. માટે દરેક જીવે વસ્તુના યથાર્થ સ્વરૂપની ઓળખાણ કરવાનો પ્રયત્ન સદા ર્ક્તવ્ય છે.

યથાર્થ આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવી તે આ શાસ્ત્રની મુખ્ય ઉદ્દેશ છે. તે ઉદ્દેશને પહોંચી વળવા આ શાસ્ત્રમાં આચાર્યભગવાને અનેક વિષયોનું નિરૂપણ કર્યું છે. જીવ અને પુદ્ગલને નિમિત્ત–નૈમિત્તિકપણું હોવા છતાં બન્નેનું તદ્દન સ્વતંત્ર પરિણમન, જ્ઞાનીને રાગદ્વેષનું અર્ક્તા–અભોક્તાપણું, અજ્ઞાનીને રાગદ્વેષનું ર્ક્તા–ભોક્તાપણું, સાંખ્યદર્શનની એકાંતિક્તા, ગુણસ્થાન–આરોહણમાં ભાવનું અને દ્રવ્યનું નિમિત્ત–નૈમિતિકપણું, વિકારરૂપે પરિણમવામાં અજ્ઞાનીનો પોતાનો જ દોષ, મિથ્યાત્વાદિનું જડપણું તેમ જ ચેતનપણું, પુણ્ય અને પાપ બન્નેનું બંધસ્વરૂપપણું, મોક્ષમાર્ગમાં ચરણાનુયોગનું સ્થાન–ઈત્યાદિ અનેક વિષયો આ શાસ્ત્રમાં પ્રરૂપ્યા છે. એ બધાનો હેતુ ભવ્ય જીવોને યથાર્થ મોક્ષમાર્ગ બતાવવાનો છે. આ શાસ્ત્રની મહત્તા જોઈને ઉલ્લાસ આવી જતાં શ્રી જયસેન આચાર્યવર કહે છે કે ‘જયવંત વર્તો તે પદ્મનંદી આચાર્ય અર્થાત્ કુંદકુંદ આચાર્ય કે જેમણે મહાતત્ત્વથી ભરેલો પ્રાભૃતરૂપી પર્વત બુદ્ધિરૂપી શિર પર ઉપાડીને ભવ્ય જીવોને સમર્પિત કર્યો છે.’ ખરેખર આ કાળે આ શાસ્ત્ર મુમુક્ષુ ભવ્યજીવોનો પરમ આધાર છે. આવા દુઃષમ કાળમાં પણ આવું અદ્ભુત અનન્ય–શરણભૂત શાસ્ત્ર–તીર્થંકરદેવના મુખમાંથી નીકળેલું અમૃત–વિદ્યમાન છે તે આપણું મહા સદ્ભાગ્ય છે. નિશ્ચય–વ્યવહારની સંધિપૂર્વક યથાર્થ મોક્ષમાર્ગની આવી સંકલનાબદ્ધ પ્રરૂપણા બીજા કોઈ પણ ગ્રંથમાં નથી. પરમ પૂજ્ય સદ્ગુરુદેવના શબ્દોમાં કહું તો–‘ આ સમયસાર શાસ્ત્ર આગમોનું પણ આગમ છે; લાખો શાસ્ત્રોનો નિચોડ એમાં રહેલો છે; જૈન શાસનનો એ સ્તંભ છે; સાધકની એ કામધેનુ છે, કલ્પવૃક્ષ છે. ચૌદ પૂર્વનું રહસ્ય એમાં સમાયેલું છે. એની દરેક ગાથા છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલતા મહામુનિના આત્મ–અનુભવમાંથી નીકળેલી છે. આ શાસ્ત્રના ર્ક્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓ આઠ દિવસ રહ્યા હતા એ વાત યથાતથ છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે, તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. તે પરમ ઉપકારી આચાર્યભગવાને રચેલા આ સમયસારમાં તીર્થંકરદેવના નિરક્ષર ’કારધ્વનિમાંથી નીકળેલો જ ઉપદેશ છે.’

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા લખનાર (લગભગ વિક્રમ સંવતના ૧૦મા સૈકામાં થઈ ગયેલા) શ્રીમાન અમૃતચંદ્રાચાર્યદેવ છે. જેમ આ શાસ્ત્રના મૂળ કર્તા અલૌકિક પુરુષ છે તેમ તેના ટીકાકાર પણ મહાસમર્થ આચાર્ય છે. આત્મખ્યાતિ જેવી ટીકા હજુ સુધી બીજા કોઈ જૈન ગ્રંથની લખાયેલી નથી. તેમણે પંચાસ્તિકાય તથા પ્રવચનસારની પણ ટીકા લખી છે અને તત્ત્વાર્થસાર, પુરુષાર્થસિદ્ધયુપાય આદિ સ્વતંત્ર ગ્રંથો પણ લખ્યા છે. તેમની એક આ આત્મખ્યાતિ ટીકા વાંચનારને જ તેમની અધ્યાત્મરસિક્તા, આત્માનુભવ, પ્રખર વિદ્વત્તા, વસ્તુસ્વરૂપને ન્યાયથી સિદ્ધ કરવાની તેમની અસાધારણ શક્તિ અને ઉત્તમ કાવ્યશક્તિનો પૂરો ખ્યાલ આવી જશે. અતિ સંક્ષેપમાં ગંભીર રહસ્યોને ગોઠવી દેવાની તેમની અજબ શક્તિ વિદ્વાનોને આશ્ચર્યચક્તિ કરે છે. તેમની આ દૈવી ટીકા શ્રુતકેવળીનાં વચનો જેવી છે. જેમ મૂળ શાસ્ત્રકર્તાએ આ શાસ્ત્ર સમસ્ત નિજ વૈભવથી રચ્યું છે તેમ ટીકાકારે પણ અત્યંત હોંશપૂર્વક સર્વ નિજ વૈભવથી આ ટીકા રચી છે એમ આ ટીકા વાંચનારને સહેજે લાગ્યા વિના રહેતું નથી. શાસનમાન્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કળિકાળમાં જગદ્ગુરુ તીર્થંકરદેવ જેવું કામ કર્યું છે અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે, જાણે કે તેઓ કુંદકુંદભગવાનના હૃદયમાં પેસી ગયા હોય તે રીતે તેમના ગંભીર આશયોને યથાર્થપણે વ્યક્ત કરીને, તેમના ગણધર જેવું કામ કર્યું છે. આ ટીકામાં આવતાં કાવ્યો (–કળશો) અધ્યાત્મ રસથી અને આત્માનુભવની મસ્તીથી ભરપૂર છે. શ્રી પદ્મપ્રભદેવ જેવા સમર્થ મુનિવરો પર તે કળશોએ ઊંડી છાપ પાડી છે અને આજે પણ તે તત્ત્વજ્ઞાનથી ને અધ્યાત્મરસથી ભરેલા મધુર કળશો, અધ્યાત્મરસિકોના હૃદયના તારને ઝણઝણાવી મૂકે છે. અધ્યાત્મકવિ તરીકે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનું સ્થાન જૈન સાહિત્યમાં અદ્વિતીય છે.

સમયસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે ૪૧૫ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પરશ્રી અમૃતચંદ્રાચાર્યદેવે આત્મખ્યાતિ નામની અને શ્રી જયસેનાચાર્યદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. પંડિત જયચંદ્રજીએ મૂળ ગાથાઓનું અને આત્મખ્યાતિનું હિંદીમાં ભાષાંતર કર્યુ અને તેમાં પોતે થોડો ભાવાર્થ પણ લખ્યો. તે પુસ્તક 'સમયપ્રાભૃત'ના નામે વિ. સં. ૧૯૬૪માં પ્રકાશિત થયું હતું. ત્યારપછી પંડિત મનોહરલાલજીએ તે પુસ્તકને પ્રચલિત હિંદીમાં પરિવર્તિત કર્યું અને શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ દ્વારા 'સમયસાર'ના નામે વિ. સં. ૧૯૭૫માં પ્રકાશન પામ્યું. તે હિંદી ગ્રંથના આધારે, તેમ જ સંસ્કૃત ટીકાના શબ્દો તથા આશયને વળગી રહીને, આ ગુજરાતી અનુવાદ તૈયાર કરવામાં આવ્યો છે.

આ અનુવાદ કરવાનું મહા ભાગ્ય મને પ્રાપ્ત થયું તે મને અતિ હર્ષનું કારણ છે. પરમ પૂજ્ય સદ્ગુરુદેવના આશ્રય તળે આ ગહન શાસ્ત્રનો અનુવાદ થયો છે. અનુવાદ કરવાની સમસ્ત શક્તિ મને પૂજ્યપાદ સદ્ગુરુદેવ પાસેથી જ મળી છે. મારી મારફત અનુવાદ થયો તેથી 'આ અનુવાદ મેં કર્યો છે' એમ વ્યવહારથી ભલે કહેવાય, પરંતુ મને મારી અલ્પતાનું

પૂરું ભાન હોવાથી અને અનુવાદની સર્વ શક્તિનું મૂળ શ્રી સદ્ગુરુદેવ જ હોવાથી હું તો બરાબર સમજું છું કે સદ્ગુરુદેવની અમૃતવાણીનો ધોધ જ–તેમના દ્વારા મળેલો અણમૂલ ઉપદેશ જ–યથાકાળે આ અનુવાદરૂપે પરિણમ્યો છે. જેમની હૂંફથી આ અતિ ગહન શાસ્ત્રનો અનુવાદ કરવાનું મેં સાહસ ખેડયું હતું અને જેમની કૃપાથી તે નિર્વિઘ્ને પાર પડયું છે તે પરમ ઉપકારી સદ્ગુરુદેવનાં ચરણારવિંદમાં અતિ ભક્તિભાવે વંદન કરું છું.

આ અનુવાદમાં અનેક ભાઈઓની મદદ છે. ભાઈશ્રી અમૃતલાલ માણેકલાલ ઝાટકિયાની આમાં સૌથી વધારે મદદ છે. તેઓ આખો અનુવાદ અતિ પરિશ્રમ વેઠીને ઘણી જ બારીકાઈથી અને ઉમંગથી તપાસી ગયા છે, ઘણી અતિ–ઉપયોગી સૂચનાઓ તેમણે કરી છે, સંસ્કૃત ટીકાની હસ્તલિખિત પ્રતો મેળવીને પાઠાન્તરો શોધી આપ્યા છે, શંકાસ્થાનોનાં સમાધાન પંડિતો પાસેથી મેળવી આપ્યાં છે–ઈત્યાદિ અનેક રીતે તેમણે જે સર્વતોમુખી સહાય કરી છે તે માટે હું તેમનો આભારી છું. જેઓ પોતાના વિશાળ શાસ્ત્રજ્ઞાનથી, આ અનુવાદમાં પડતી નાનીમોટી મુશ્કેલીઓનો નિવેડો કરી આપતા તે મુરબ્બી વકીલ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. જ્યારે જ્યારે ભાષાંતર કરતાં કોઈ અર્થ બરાબર ન બેસતા હોય ત્યારે ત્યારે હું (અમૃતલાલભાઈ મારફત) પત્ર દ્વારા પં૦ ગણેશપ્રસાદજી વર્ણી અને પં૦ રામપ્રસાદજી શાસ્ત્રીને તે અર્થો પુછાવતો. તેમણે મને દરેક વખતે વિનાસંકોચે પ્રશ્નોના ઉત્તરો આપ્યા છે. તેમની સલાહ મને ભાષાંતરમાં ઘણી ઉપયોગી થઈ છે. આ રીતે તેમણે કરેલી મદદ માટે હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ સિવાય જે જે ભાઈઓની આ અનુવાદમાં સહાય છે તે સર્વનો હું આભારી છું.

આ અનુવાદ ભવ્ય જીવોને જિનદેવે પ્રરૂપેલો આત્મશાંતિનો યથાર્થ માર્ગ બતાવો, એ મારી અંતરની ભાવના છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવના શબ્દોમાં 'આ શાસ્ત્ર આનંદમય વિજ્ઞાનઘન આત્માને પ્રત્યક્ષ દેખાડનારું અદ્વિતીય જગત્ચક્ષુ છે.' જે કોઈ તેના પરમ ગંભીર અને સૂક્ષ્મ ભાવોને હૃદયગત કરશે તેને તે જગત્ચક્ષુ આત્માનું પ્રત્યક્ષ દર્શન કરાવશે. જ્યાં સુધી તે ભાવો યથાર્થ રીતે હૃદયગત ન થાય ત્યાં સુધી રાતદિવસ તે જ મંથન, તે જ પુરુષાર્થ કર્તવ્ય છે. શ્રી જયસેનાચાર્યદેવના શબ્દોમાં સમયસારના અભ્યાસ આદિનું ફળ કહીને આ ઉપોદ્ઘાત પૂર્ણ કરુ છું :–'સ્વરૂપરસિક પુરુષોએ વર્ણવેલા આ પ્રાભૃતનો જે કોઈ આદરથી અભ્યાસ કરશે, શ્રવણ કરશે, પઠન કરશે, પ્રસિદ્ધિ કરશે, તે પુરુષ અવિનાશી સ્વરૂપમય, અનેક પ્રકારની વિચિત્રતાવાળા, કેવળ એક જ્ઞાનાત્મક ભાવને પામીને અગ્ર પદને વિષે મુક્તિલલનામાં લીન થશે.'

દીપોત્સવી, વિ. સં. ૧૯૯૬ –હિંમતલાલ જેઠાલાલ શાહ

* * *

[ દ્વિતીય આવૃત્તિ પ્રસંગે ]

પ્રથમ આવૃત્તિમાં શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવકૃત સંસ્કૃત ટીકા છપાવવામાં આવી નહોતી; આ દ્વિતીય આવૃત્તિમાં તે ઉમેરવામાં આવી છે. આ સંસ્કૃત ટીકા વિ. સં. ૧૯૭૫માં શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ દ્વારા પ્રકાશિત સમયસાર પ્રમાણે છપાવવામાં આવી છે; તેમાં (વિ. સં. ૧૯૭૫ની મુદ્રિત ટીકામાં) ક્યાંક અશુદ્ધિઓ જણાઈ તે ઘણીખરી (હસ્તલિખિત પ્રતોના આધારે) સુધારી લેવામાં આવી છે, તેમ જ કયાંક મુદ્રિત પાઠો કરતાં હસ્તલિખિત પ્રતોના પાઠાંતરો વિશેષ બંધબેસતા લાગ્યા ત્યાં હસ્તલિખિત પ્રતો પ્રમાણે પાઠ લેવામાં આવ્યા છે.

ગુજરાતી અનુવાદ પ્રથમ આવૃત્તિ પ્રમાણે રાખવામાં આવ્યો છે; માત્ર કોઈક જૂજ સ્થળોએ અલ્પ ફેરફાર કર્યો છે.

જે જે ભાઈઓએ કામમાં મદદ કરી છે તે સૌનો ઋણી છું.

ફાગણ સુદ ૧૧, વિ. સં. ૨૦૦૯ હિં. જે. શાહ

* * *

[ તૃતીય આવૃત્તિ પ્રસંગે ]

પ્રથમની બે આવૃત્તિઓમાં સંસ્કૃત ટીકાના કલશરૂપ શ્લોકોનો સળંગ ગુજરાતી અનુવાદ છપાવવામાં આવ્યો હતો. આ ત્રીજી આવૃત્તિમાં તે શ્લોકોના ગુજરાતી અનુવાદની વચ્ચે વચ્ચે સંસ્કૃત શબ્દો કૌંસમાં છપાવવામાં આવ્યા છે કે જેથી કયા સંસ્કૃત શબ્દનો કયો ગુજરાતી અર્થ છે તે સહેલાઈથી વાચકના ખ્યાલમાં આવી શકે. આ રીતે 'શ્લોકાર્થ'માં સંસ્કૃત શબ્દો યથાસ્થાને ગોઠવવાનું કામ બ્ર૦ ભાઈશ્રી ચંદુલાલભાઈ ઝોબાળિયાએ પોતાની સ્વયંસ્ફુરિત ભાવનાથી ઘણી ચોકસાઈપૂર્વક કર્યું છે.

ઉપરોક્ત વિશેષતા સિવાય, (તેમ જ અનુવાદમાં માત્ર કયાંક કરાયેલા નજીવા ફેરફાર સિવાય,) આ તૃતીય આવૃત્તિની સર્વ સામગ્રી–સંસ્કૃત ટીકા, અનુવાદ વગેરે બધું– દ્વિતીય આવૃત્તિ પ્રમાણે જ છે.

ફાગણ વદ દશમ, વિ. સં. ૨૦૨૫ હિં. જે. શાહ

* * *

[ છઠ્ઠી આવૃત્તિ પ્રસંગે ]

છઠ્ઠી આવૃત્તિની સર્વ સામગ્રી–સંસ્કૃત ટીકા, અનુવાદ વગેરે બધું–ત્રીજી વગેરે અગાઉની આવૃત્તિઓ પ્રમાણે જ છે.

શ્રાવણ વદ વિ. સં.૨૦૪૮
(બહેનશ્રી ચંપાબેન–૭૯મી જન્મજયંતી)
હિં. જે. શાહ

[ સાતમી આવૃત્તિ પ્રસંગે ]

આ સાતમી આવૃત્તિની સર્વ સામગ્રી–સંસ્કૃત ટીકા, અનુવાદ વગેરે બધું–ત્રીજી વગેરે અગાઉની આવૃત્તિઓ પ્રમાણે જ છે.

માગશર વદ ૮, વિ. સં. ૨૦૫૪ હિં. જે. શાહ
( કુંદકુંદ–આચાર્યપદ–આરોહણદિન )

*   *   *


ॐ

# જિનજીની વાણી

[ રાગ–આશાભર્યા અમે આવિયા ]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર–સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦
સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ’કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ’કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

–––હિંમતલાલ જેઠાલાલ શાહ




ભગવાન કુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉંપર શાસ્ત્ર લખે છે

ॐ

# ભગવાન કુંદકુંદાચાર્યદેવ
# વિષે
# ઉલ્લેખો

*

वन्द्यो विभुर्भुवि न कैरहि कौण्डकुन्दः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः ।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ।।

*[ ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ ]*

અર્થ :–કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં–ચારણઋદ્ધિધારી મહામુનિઓનાં–સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી ?

*

................कोण्डकुन्दो यतीन्द्रः ।।
रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्येपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विहाय
चचार मन्ये चतुरंगुलं सः ।।

*[ વિંધ્યગિરિ–શિલાલેખ ]*

*

અર્થ :–યતીશ્વર ( શ્રી કુંદકુંદસ્વામી ) રજઃસ્થાન–ભૂમિતળને–છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમ જ બહારમાં રજથી ( પોતાનું ) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા ( –અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા ).

*

**जइ पउमणंदिणाहो सीमन्धरसामिदिव्वणाणेण।**
**ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।**

*[ दर्शनसार ]*

*

અર્થ :– ( મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે ( શ્રી કુંદકુંદાચાર્યદેવે ) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત ?

*

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

*[ શ્રીમદ્ રાજચંદ્ર ]*

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે હું જે આ ભાવ કહેવા માગું છું તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે પ્રમાણ કરજો; કારણ કે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે, જેમાં મારા વર્તતા સ્વ-આત્મવૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્યભગવાન કહે છે કે, આત્મદ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી એટલે કે એ બે અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણનાર અબંધ છું- એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું. મુનિપણાની દશા અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ભૂમિકામાં હજારો વાર આવ-જા કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહા મુનિનું આ કથન છે.

સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપે પરમાત્મદશા-સિદ્ધદશા-પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.

(પોતાના જ હસ્તાક્ષરમાં)

## સદ્ગુરુદેવના હૃદયોદ્‌ગાર

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે, હું જે આ ભાવ કહેવા માગું છું. તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે પ્રમાણ કરજો; કારણ કે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે. તેમાં મારા વર્તતા સ્વ-આત્મવૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્યભગવાન કહે છે કે, 'આત્મ-દ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી એટલે કે એ બે અવસ્થાનો નિષેધ કરતો હું એક જાણનાર અખંડ છું- એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું.' મુનિપણાની દશા અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ભૂમિકામાં હજારો વાર આવ-જા કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહામુનિનું આ કથન છે.

સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું. જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે તેમ પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારીત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા-સિદ્ધદશા-પ્રગટ થાય છે.

આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો, કલ્પના કરશો નહિ. આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.

*(પોતાના જ હસ્તાક્ષરમાં)*

# સદ્ગુરુદેવના હૃદયોદ્ગાર

# વિષયાનુક્રમણિકા


| વિષય | ગાથા |
|---|---|
| **પૂર્વરંગ** | |
| (પ્રથમ ૩૮ ગાથાઓમાં રંગભૂમિસ્થળ બાંધ્યું છે; તેમાં જીવ નામના પદાર્થનું સ્વરૂપ કહ્યું છે.) | |
| મંગલાચરણ, ગ્રંથપ્રતિજ્ઞા | ૧ |
| (આ જીવ-અજીવરૂપ છ દ્રવ્યાત્મક લોક છે, એમાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ ચાર દ્રવ્ય તો સ્વભાવપરિણતિસ્વરૂપ જ છે, અને જીવ-પુદ્‌ગલ દ્રવ્યને અનાદિ કાળના સંયોગથી વિભાવ-પરિણતિ પણ છે; કેમ કે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દરૂપ મૂર્તિક પુદ્‌ગલોને દેખી આ જીવ રાગદ્વેષમોહરૂપ પરિણમે છે અને એના નિમિત્તથી પુદ્‌ગલ કર્મરૂપ થઈને જીવ સાથે બંધાય છે. એ પ્રમાણે આ બન્નેની અનાદિથી જ બંધાવસ્થા છે. જીવ જ્યારે નિમિત્ત પામતાં રાગાદિરૂપે નથી પરિણમતો ત્યારે નવીન કર્મ બાંધતો નથી, પૂર્વકર્મ ખરી જાય છે, તેથી મોક્ષ થાય છે; આવી જીવની સ્વસમય-પરસમયરૂપ પ્રવૃત્તિ છે.) જ્યારે જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રભાવરૂપ પોતાના સ્વભાવરૂપે પરિણમે છે ત્યારે સ્વસમય છે અને જ્યાં સુધી મિથ્યાદર્શન-જ્ઞાન- ચારિત્રરૂપે પરિણમે છે ત્યાં સુધી તે પુદ્‌ગલકર્મમાં સ્થિત પરસમય છે એવું કથન | ૨ |
| જીવનો પુદ્‌ગલકર્મ સાથે બંધ હોવાથી પરસમયપણું છે તે સુંદર નથી, કારણ કે એમાં જીવ સંસારમાં ભમતાં અનેક પ્રકારનાં દુઃખ પામે છે; તેથી સ્વભાવમાં સ્થિર થાય-સર્વથી જુદો થઈ એકલો સ્થિર થાય-ત્યારે સુંદર (ઠીક) છે | ૩ |
| જીવને જુદાપણું અને એકપણું પામવું દુર્લભ છે; કેમ કે બંધની કથા તો સર્વ પ્રાણી કરે છે, એકત્વની કથા વિરલ જાણે છે તેથી દુર્લભ છે, તે સંબંધી કથન | ૪ |
| આ કથાને અમે સર્વ નિજ વિભવથી કહીએ છીએ; તેને અન્ય જીવો પણ પોતાના અનુભવથી પરીક્ષા કરી ગ્રહણ કરજો | ૫ |
| શુદ્ધનયથી જોઈએ તો જીવ અપ્રમત્ત-પ્રમત્ત બન્ને દશાઓથી જુદો એક જ્ઞાયકભાવ માત્ર છે, જે જાણનાર છે તે જ જીવ છે તે સંબંધી | ૬ |
| આ જ્ઞાયકભાવમાત્ર આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદથી પણ અશુદ્ધપણું નથી, જ્ઞાયક છે તે જ્ઞાયક જ છે | ૭ |
| વ્યવહારનય આત્માને અશુદ્ધ કહે છે તે વ્યવહારનયના ઉપદેશનું પ્રયોજન | ૮ |
| શુદ્ધનય સત્યાર્થ અને વ્યવહારનય અસત્યાર્થ કહેલ છે | ૧૧ |
| જે સ્વરૂપના શુદ્ધ પરમભાવને પ્રાપ્ત થયા છે તેમને તો શુદ્ધનય જ પ્રયોજનવાન છે, અને જેઓ સાધક અવસ્થામાં છે તેમને વ્યવહારનય પણ પ્રયોજનવાન છે એવું કથન | ૧૨ |
| જીવાદિ તત્ત્વોને શુદ્ધનયે જાણવાં તે સમ્યક્ત્વ છે એવું કથન | ૧૩ |
| શુદ્ધનયના વિષયભૂત આત્મા બદ્ધસ્પૃષ્ટ, અન્ય, અનિયત, વિશેષ અને સંયુકત-એ પાંચ ભાવોથી રહિત હોવા સંબંધી કથન | ૧૪ |

| વિષય | ગાથા |
|---|---|
| શુદ્ધનયના વિષયભૂત આત્માને જાણવો તે સમ્યગ્જ્ઞાન છે એવું કથન | ૧૫ |
| સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ આત્મા જ સાધુએ સેવન કરવા યોગ્ય છે. તેનું દૃષ્ટાંત સહિત કથન | ૧૬ |
| શુદ્ધનયના વિષયભૂત આત્માને જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી તે જીવ અજ્ઞાની છે એવું કથન | ૧૯ |
| અજ્ઞાનીને સમજાવવાની રીતિ | ૨૩ |
| અજ્ઞાનીએ જીવ-દેહને એક દેખી તીર્થંકરની સ્તુતિનો પ્રશ્ન કર્યો તેનો ઉત્તર | ૨૬ |
| આ ઉત્તરમાં જીવ-દેહની ભિન્નતાનું દૃશ્ય | ૨૮ |
| ચારિત્રમાં જે પ્રત્યાખ્યાન કહેવામાં આવેલ છે તે શું છે? એવા શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપ્યો છે કે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે | ૩૪ |
| દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપે પરિણત આત્માનું સ્વરૂપ કહી રંગભૂમિકાનું સ્થળ ( ૩૮ ગાથાઓમાં ) પૂર્ણ | ૩૮ |
| **૧. જીવ-અજીવ અધિકાર** | |
| જીવ-અજીવ બન્ને બંધપર્યાયરૂપ થઈ એક દેખવામાં આવે છે, તેમાં જીવનું સ્વરૂપ ન જાણવાથી અજ્ઞાની જન જીવની કલ્પનાં અધ્યવસાનાદિ ભાવરૂપે અન્યથા કરે છે તેના પ્રકારોનું વર્ણન | ૩૯ |
| જીવનું સ્વરૂપ અન્યથા કલ્પે છે તેના નિષેધની ગાથા | ૪૪ |
| અધ્યવસાનાદિ ભાવ પુદ્ગલમય છે, જીવ નથી એવું કથન | ૪૫ |
| અધ્યવસાનાદિ ભાવને વ્યવહારનયથી જીવ કહેલ છે | ૪૬ |
| પરમાર્થરૂપ જીવનું સ્વરૂપ | ૪૯ |
| વર્ણથી માંડી ગુણસ્થાન પર્યંત જેટલા ભાવ છે તે જીવના નથી એવું છ ગાથાઓથી કથન | ૫૦ |
| એ વર્ણાદિક ભાવ જીવના છે એમ વ્યવહારનય કહે છે, નિશ્ચયનય કહેતો નથી એવું દૃષ્ટાંતપૂર્વક કથન | ૫૬ |
| વર્ણાદિકભાવોનું જીવ સાથે તાદાત્મ્ય કોઈ અજ્ઞાની માને તેનો નિષેધ | ૬૧ |
| **૨. કર્તાકર્મ અધિકાર** | |
| આ અજ્ઞાની જીવ ક્રોધાદિમાં જ્યાં સુધી વર્તે છે ત્યાં સુધી કર્મનો બંધ કરે છે | ૬૯ |
| આસ્રવ અને આત્માનું ભેદજ્ઞાન થયે બંધ થતો નથી | ૭૧ |
| આસ્રવોથી નિવૃત્ત થવાનું વિધાન | ૭૩ |
| જ્ઞાન થવાનો અને આસ્રવોથી નિવૃત્તિનો સમકાળ કઈ રીતે છે તેનું કથન | ૭૪ |
| જ્ઞાનસ્વરૂપ થયેલ આત્માનું ચિહ્ન | ૭૫ |
| આસ્રવ અને આત્માનું ભેદજ્ઞાન થયે આત્મા જ્ઞાની થાય છે ત્યારે કર્તૃકર્મભાવ પણ થતો નથી | ૭૬ |
| જીવ-પુદ્ગલકર્મને પરસ્પર નિમિત્તનૈમિત્તિક ભાવ છે તોપણ કર્તૃકર્મભાવ કહી શકાતોનથી | ૮૦ |
| નિશ્ચયના મતથી આત્મા અને કર્મને કર્તૃ-કર્મભાવ અને ભોકતૃભોગ્યભાવ નથી, પોતાનામાં જ કર્તૃકર્મભાવ અને ભોકતૃ-ભોગ્યભાવ છે | ૮૩ |
| વ્યવહારનય આત્મા અને પુદ્ગલકર્મને કર્તૃ-કર્મભાવ અને ભોકતૃભોગ્યભાવ કહે છે | ૮૪ |
| આત્માને પુદ્ગલકર્મનો ર્ક્તા અને ભોકતા માનવામાં આવે તો મહાન દોષ-સ્વપરથી અભિન્નપણાનો પ્રસંગ-આવે છે; તે મિથ્યાપણું હોવાથી જિનદેવને સંમત નથી | ૮૫ |

| વિષય | ગાથા |
|---|---|
| મિથ્યાત્વાદિ આસ્રવો જીવ-અજીવના ભેદથી બે પ્રકારે છે એવું કથન અને તેનો હેતુ | ૮૭ |
| આત્માના મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ-આ ત્રણ પરિણામ અનાદિ છે; તેમનું કર્તાપણું અને તેના નિમિત્તથી પુદ્ગલનું કર્મરૂપ થવું | ૮૯ |
| આત્મા મિથ્યાત્વાદિભાવરૂપે પરિણમે નહિ ત્યારે કર્મનો કર્તા નથી | ૯૩ |
| અજ્ઞાનથી કર્મ કેવી રીતે થાય છે એવો શિષ્યનો પ્રશ્ન અને તેનો ઉત્તર | ૯૪ |
| કર્મના કર્તાપણાનું મૂળ અજ્ઞાન જ છે | ૯૬ |
| જ્ઞાન થાય છે ત્યારે કર્તાપણું નથી | ૯૭ |
| વ્યવહારી જીવ આત્માને પુદ્ગલકર્મનો કર્તા કહે છે એ અજ્ઞાન છે | ૯૮ |
| આત્મા પુદ્ગલકર્મનો કર્તા નિમિત્તનૈમિત્તિક-ભાવથી પણ નથી; આત્માના યોગ-ઉપયોગ છે તે નિમિત્તનૈમિત્તિકભાવથી કર્તા છે અને યોગ-ઉપયોગનો આત્મા કર્તા છે | ૧૦૦ |
| જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે | ૧૦૧ |
| અજ્ઞાની પણ પોતાના અજ્ઞાનભાવનો જ કર્તા છે, પુદ્ગલકર્મનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી કેમ કે પરદ્રવ્યોને પરસ્પર કર્તૃકર્મભાવ નથી | ૧૦૨ |
| જીવ નિમિત્તભૂત બનતાં કર્મનું પરિણામ થતું દેખીને ઉપચારમાત્રથી કહેવામાં આવે છે કે આ કર્મ જીવે કર્યું | ૧૦૫ |
| મિથ્યાત્વાદિ સામાન્ય આસ્રવો અને ગુણ-સ્થાનોરૂપી તેમના વિશેષો બંધના કર્તા છે, નિશ્ચયથી જીવ તેમનો કર્તાભોક્તા નથી | ૧૦૯ |
| જીવ અને આસ્રવોનો ભેદ દેખાડયો છે; અભેદ કહેવામાં દૂષણ દીધું છે | ૧૧૩ |
| સાંખ્યમતી, પુરુષ અને પ્રકૃતિને અપરિણામી કહે છે તેનો નિષેધ કરી પુરુષ અને પુદ્ગલને પરિણામી કહ્યા છે | ૧૧૬ |
| જ્ઞાનથી જ્ઞાનભાવ અને અજ્ઞાનથી અજ્ઞાન ભાવ જ ઉત્પન્ન થાય છે | ૧૨૬ |
| અજ્ઞાની જીવ દ્રવ્યકર્મ બંધાવાના નિમિત્તરૂપ અજ્ઞાનાદિ ભાવોનો હેતુ થાય છે | ૧૩૨ |
| પુદ્ગલના પરિણામ તો જીવથી જુદા છે અને જીવના પુદ્ગલથી જુદા છે | ૧૩૭ |
| કર્મ જીવથી બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ એવા શિષ્યના પ્રશ્નનો નિશ્ચય-વ્યવહાર બન્ને નયોથી ઉત્તર | ૧૪૧ |
| જે નયોના પક્ષથી રહિત છે તે કર્તૃકર્મભાવથી રહિત સમયસાર-શુદ્ધ આત્મા-છે એમ કહી અધિકાર પૂર્ણ | ૧૪૨ |


## ૩. પુણ્ય-પાપ અધિકાર


| વિષય | ગાથા |
|---|---|
| શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન | ૧૪૫ |
| બન્ને કર્મો બંધનાં કારણ | ૧૪૬ |
| આથી બન્ને કર્મોનો નિષેધ | ૧૪૭ |
| તેનું દ્રષ્ટાંત અને આગમની સાક્ષી | ૧૪૮ |
| જ્ઞાન મોક્ષનું કારણ છે | ૧૫૧ |
| વ્રતાદિક પાળે તોપણ જ્ઞાન વિના મોક્ષ નથી | ૧૫૨ |
| પુણ્યકર્મના પક્ષપાતીનો દોષ | ૧૫૪ |
| જ્ઞાનને જ પરમાર્થસ્વરૂપ મોક્ષનું કારણ કહ્યું છે, અને અન્યનો નિષેધ કર્યો છે | ૧૫૫ |
| કર્મ મોક્ષના કારણનો ઘાત કરે છે એમ દ્રષ્ટાંત દ્વારા કથન | ૧૫૭ |
| કર્મ પોતે જ બંધસ્વરૂપ છે | ૧૬૦ |
| કર્મ બંધના કારણરૂપ ભાવોસ્વરૂપ છે અર્થાત્ મિથ્યાત્વ-અજ્ઞાન-કષાયસ્વરૂપ છે એવું કથન, અને ત્રીજો અધિકાર પૂર્ણ | ૧૬૧ |

| વિષય | ગાથા |
|---|---|
| **૪. આસ્રવ અધિકાર** | |
| આસ્રવના સ્વરૂપનું વર્ણન અર્થાત્ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ–એ જીવ–અજીવના ભેદે બે પ્રકારનાં છે અને તે બંધનાં કારણ છે એવું કથન | ૧૬૪ |
| જ્ઞાનીને તે આસ્રવોનો અભાવ કહ્યો છે | ૧૬૬ |
| રાગ–દ્વેષ–મોહરૂપ જીવના અજ્ઞાનમય પરિણામ છે તે જ આસ્રવ છે | ૧૬૭ |
| રાગાદિક સાથે નહિ મળેલા જ્ઞાનમય ભાવની ઉત્પત્તિ | ૧૬૮ |
| જ્ઞાનીને દ્રવ્ય–આસ્રવોનો અભાવ | ૧૬૯ |
| ‘જ્ઞાની નિરાસ્રવ કેવી રીતે છે’ એવા શિષ્યના પ્રશ્નનો ઉત્તર | ૧૭૦ |
| અજ્ઞાની અને જ્ઞાનીને આસ્રવ થવાનું અને ન થવાનું યુક્તિપૂર્વકનું વર્ણન | ૧૭૧ |
| રાગ–દ્વેષ–મોહ અજ્ઞાનપરિણામ છે તે જ બંધના કારણરૂપ આસ્રવો છે; તે જ્ઞાનીને નથી; તેથી જ્ઞાનીને કર્મબંધ પણ નથી. અધિકાર પૂર્ણ | ૧૭૭ |
| **૫. સંવર અધિકાર** | |
| સંવરનો મૂળ ઉપાય ભેદવિજ્ઞાન છે તેની રીતિનું ત્રણ ગાથાઓમાં કથન | ૧૮૧ |
| ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે એવું કથન | ૧૮૪ |
| શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર થાય છે એવું કથન | ૧૮૬ |
| સંવર થવાનો પ્રકાર–ત્રણ ગાથામાં | ૧૮૭ |
| સંવર થવાના ક્રમનું કથન; અધિકાર પૂર્ણ | ૧૯૦ |
| **૬. નિર્જરા અધિકાર** | |
| દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ | ૧૯૩ |

| વિષય | ગાથા |
|---|---|
| ભાવનિર્જરાનું સ્વરૂપ | ૧૯૪ |
| જ્ઞાનનું સામર્થ્ય | ૧૯૫ |
| વૈરાગ્યનું સામર્થ્ય | ૧૯૬ |
| જ્ઞાન–વૈરાગ્યના સામર્થ્યનું દૃષ્ટાંતપૂર્વક કથન | ૧૯૭ |
| સમ્યગ્દૃષ્ટિ સામાન્યપણે તથા વિશેષપણે સ્વ–પરને કઈ રીતે જાણે છે તે સંબંધી કથન | ૧૯૮ |
| સમ્યગ્દૃષ્ટિ જ્ઞાન–વૈરાગ્યસંપન્ન હોય છે | ૨૦૦ |
| રાગી જીવ સમ્યગ્દૃષ્ટિ કેમ ન હોય તે સંબંધી કથન | ૨૦૧ |
| અજ્ઞાની રાગી પ્રાણી રાગાદિકને પોતાનું પદ જાણે છે; તે પદને છોડી પોતાના એક વીતરાગ જ્ઞાયકભાવપદમાં સ્થિર થવાનો ઉપદેશ | ૨૦૩ |
| આત્માનું પદ એક જ્ઞાયકસ્વભાવ છે અને તે જ મોક્ષનું કારણ છે; જ્ઞાનમાં જે ભેદ છે તે કર્મના ક્ષયોપશમના નિમિત્તથી છે | ૨૦૪ |
| જ્ઞાન જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે | ૨૦૫ |
| જ્ઞાની પરને શા માટે ગ્રહણ કરતા નથી એવા શિષ્યના પ્રશ્નનો ઉત્તર | ૨૦૭ |
| પરિગ્રહના ત્યાગનું વિધાન | ૨૦૮ |
| જ્ઞાનીને સર્વ પરિગ્રહનો ત્યાગ છે | ૨૧૪ |
| કર્મના ફળની વાંછાથી કર્મ કરે તે કર્મથી લેપાય છે; જ્ઞાનીને ઈચ્છા નહિ હોવાથી તે કર્મથી લેપાતો નથી. તેનું દૃષ્ટાંત દ્વારા કથન | ૨૧૮ |
| સમ્યક્ત્વના આઠ અંગ છે, તેમાં પ્રથમ તો સમ્યગ્દૃષ્ટિ નિઃશંક તથા સાત ભય રહિત છે એવું કથન | ૨૨૮ |
| નિષ્કાંક્ષિતા, નિર્વિચિકિત્સા, અમૂઢત્વ, ઉપ–ગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય, પ્રભાવના–તેનું નિશ્ચયનયની પ્રધાનતાએ વર્ણન | ૨૩૦ |

| વિષય | ગાથા |
| --- | --- |
| **૭. બંધ અધિકાર** | |
| બંધના કારણનું કથન | ૨૩૭ |
| આત્મા એવા કારણરૂપે ન પ્રવર્તે તો બંધ ન થાય એવું કથન | ૨૪૨ |
| મિથ્યાદષ્ટિને જેનાથી બંધ થાય છે, તે આશયોને પ્રગટ કર્યા છે અને તે આશયો અજ્ઞાન છે એમ સિદ્ધ કર્યું છે. | ૨૪૭ |
| અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે | ૨૫૯ |
| બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, અધ્યવસાન જ બંધનું કારણ છે–એવું કથન | ૨૬૫ |
| અધ્યવસાન પોતાની અર્થક્રિયા નહિ કરતું હોવાથી મિથ્યા છે | ૨૬૬ |
| મિથ્યાદષ્ટિ અજ્ઞાનરૂપ અધ્યવસાયથી પોતાના આત્માને અનેક અવસ્થારૂપે કરે છે એવું કથન | ૨૬૮ |
| આ અજ્ઞાનરૂપ અધ્યવસાય જેને નથી તેને કર્મબંધ થતો નથી | ૨૭૦ |
| આ અધ્યવસાય શું છે? એવા શિષ્યના પ્રશ્નનો ઉત્તર | ૨૭૧ |
| આ અધ્યવસાયનો નિષેધ છે તે વ્યવહાર નયનો જ નિષેધ છે | ૨૭૨ |
| જે કેવળ વ્યવહારનું જ અવલંબન કરે છે તે અજ્ઞાની અને મિથ્યાદષ્ટિ છે; કેમ કે તેનું અવલંબન અભવ્ય પણ કરે છે, વ્રત, સમિતિ, ગુપ્તિ પાળે છે, અગિયાર અંગ ભણે છે, તોપણ તેનો મોક્ષ નથી. | ૨૭૩ |
| શાસ્ત્રોનું જ્ઞાન હોવા છતાં અભવ્ય અજ્ઞાની છે | ૨૭૪ |
| અભવ્ય ધર્મની શ્રદ્ધા કરે છે તે ભોગહેતુ ધર્મની જ છે, મોક્ષહેતુ ધર્મની નહિ | ૨૭૫ |
| વ્યવહાર–નિશ્ચયનયનું સ્વરૂપ | ૨૭૬ |
| રાગાદિક ભાવોનું નિમિત્ત આત્મા છે કે પરદ્રવ્ય? તેનો ઉત્તર | ૨૭૮ |
| આત્મા રાગાદિકનો અકર્તા જ શી રીતે છે. તેનું ઉદાહરણપૂર્વક કથન | ૨૮૩ |
| **૮. મોક્ષ અધિકાર** | |
| મોક્ષનું સ્વરૂપ કર્મબંધથી છૂટવું તે છે; જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી | ૨૮૮ |
| બંધની ચિંતા કર્યે બંધ કપાતો નથી | ૨૯૧ |
| બંધ–છેદનથી જ મોક્ષ થાય છે | ૨૯૨ |
| બંધનો છેદ કેવી રીતે કરવો? એવા પ્રશ્નનો ઉત્તર એ છે કે કર્મબંધના છેદનનું કરણ પ્રજ્ઞાશસ્ત્ર જ છે | ૨૯૪ |
| પ્રજ્ઞારૂપ કરણથી આત્મા અને બંધ–બંનેને જુદા જુદા કરી પ્રજ્ઞાથી જ આત્માને ગ્રહણ કરવો, બંધને છોડવો | ૨૯૫ |
| આત્માને પ્રજ્ઞાવડે કઈ રીતે ગ્રહણ કરવો તે સંબંધી કથન | ૨૯૭ |
| આત્મા સિવાય અન્ય ભાવનો ત્યાગ કરવો; કોણ જ્ઞાની પરના ભાવને પર જાણી ગ્રહણ કરે? અર્થાત્ કોઈ ન કરે | ૩૦૦ |
| જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તે અપરાધી છે, બંધનમાં પડે છે; જે અપરાધ કરતો નથી તે બંધનમાં પડતો નથી | ૩૦૧ |
| અપરાધનું સ્વરૂપ | ૩૦૪ |
| ‘શુદ્ધ આત્માના ગ્રહણથી તમે મોક્ષ કહ્યો; પરંતુ આત્મા તો પ્રતિક્રમણ આદિ દ્વારા જ દોષોથી છૂટી જાય છે; તો પછી શુદ્ધ આત્માના ગ્રહણનું શું કામ છે?’ આવા શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપવામાં આવે | |

| વિષય | ગાથા | વિષય | ગાથા |
|---|---|---|---|
| છે કે, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણ રહિત અપ્રતિક્રમણાદિ સ્વરૂપ ત્રીજી ભૂમિકાથી જ-શુદ્ધ આત્માના ગ્રહણથી જ-આત્મા નિર્દોષ થાય છે | ૩૦૬ | જ્ઞાન અને જ્ઞેયની તદ્દ્ન ભિન્નતા જાણતો હોવાથી સમ્યગ્દષ્ટિને વિષયોમાં રાગદ્વેષ થતા નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે | ૩૬૬ |
| **૯. સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકાર** | | અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય કાંઈ કરી શક્તું નથી એવું કથન | ૩૭૨ |
| આત્માનું અકર્તાપણું દષ્ટાંતપૂર્વક કહે છે | ૩૦૮ | સ્પર્શ આદિ પુદ્દગલના ગુણ છે તે આત્માને કાંઈ એમ કહેતા નથી કે અમને ગ્રહણ કર અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી; પરંતુ અજ્ઞાની જીવ તેમના પ્રત્યે વૃથા રાગ-દ્વેષ કરે છે | ૩૭૩ |
| ક્ર્તાપણું જીવ અજ્ઞાનથી માને છે; તે અજ્ઞાનનું સામર્થ્ય દેખાડયું છે | ૩૧૨ | | |
| જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે ત્યાં સુધી તે ક્ર્તા થાય છે | ૩૧૪ | | |
| કર્મફળનું ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી, અજ્ઞાનથી જ તે ભોક્તા થાય છે એવું કથન | ૩૧૬ | પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાનું સ્વરૂપ | ૩૮૩ |
| જ્ઞાની કર્મફળનો ભોક્તા નથી | ૩૧૮ | જે કર્મ અને કર્મફળને અનુભવતાં પોતાને તે-રૂપ કરે છે તે નવાં કર્મ બાંધે છે. (અહીં ટીકાકાર આચાર્યદેવે કૃત-કારિત-અનુમોદનાથી મન વચન, કાયા વડે અતીત, વર્તમાન અને અનાગત કર્મના ત્યાગનું ઓગણપચાસ ઓગણપચાસ ભંગ દ્વારા કથન કરીને કર્મચેતનાના ત્યાગનું વિધાન દર્શાવ્યું છે તથા એકસો અડતાળીશ પ્રકૃતિઓના ત્યાગનું કથન કરીને કર્મફળચેતનાના ત્યાગનું વિધાન દર્શાવ્યું છે.) | ૩૮૭ |
| જ્ઞાની ક્ર્તા-ભોક્તા નથી તેનું દષ્ટાંતપૂર્વક કથન | ૩૨૦ | | |
| જેઓ આત્માને ક્ર્તા માને છે તેમનો મોક્ષ નથી એવું કથન | ૩૨૧ | | |
| અજ્ઞાની પોતાના ભાવકર્મનો ક્ર્તા છે એવું યુક્તિપૂર્વક કથન | ૩૨૮ | | |
| આત્માનું ક્ર્તાપણું અને અક્ર્તાપણું જેવી રીતે છે તેવી રીતે સ્યાદ્દવાદ દ્વારા તેર ગાથામાં સિદ્ધ કર્યું છે | ૩૩૨ | | |
| બૌદ્ધમતી એમ માને છે કે કર્મનો કરનાર બીજો છે અને ભોગવનાર બીજો છે; તે માન્યતાનો યુક્તિપૂર્વક નિષેધ | ૩૪૫ | જ્ઞાનને સમસ્ત અન્ય દ્રવ્યોથી જુદું દર્શાવ્યું છે | ૩૯૦ |
| ક્ર્તાકર્મનો ભેદ-અભેદ જેવી રીતે છે તેવી રીતે નયવિભાગ દ્વારા દષ્ટાંતપૂર્વક કથન | ૩૪૯ | આત્મા અમૂર્તિક છે તેથી તેને પુદ્દગલમયી દેહ નથી | ૪૦૫ |
| નિશ્ચય-વ્યવહારના કથનને ખડીના દષ્ટાંતથી દશ ગાથામાં સ્પષ્ટ કર્યું છે | ૩૫૬ | દ્રવ્યલિંગ દેહમયી છે તેથી દ્રવ્યલિંગ આત્માને મોક્ષનું કારણ નથી; દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે એવું કથન | ૪૦૮ |

| વિષય | ગાથા |
|---|---|
| મોક્ષના અર્થીએ દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગમાં જ આત્માને જોડવો એવો ઉપદેશ કર્યો છે | ૪૧૧ |
| જે દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે તેણે સમયસારને જાણ્યો નથી | ૪૧૩ |
| વ્યવહારનય જ મુનિ–શ્રાવકના લિંગને મોક્ષમાર્ગ કહે છે, નિશ્ચયનય કોઈ લિંગને મોક્ષમાર્ગ કહેતો નથી–એવું કથન | ૪૧૪ |
| આ શાસ્ત્રને પૂર્ણ કરતાં તેના અભ્યાસ વગેરેનું ફળ કહ્યું છે | ૪૧૫ |
| *** પરિશિષ્ટ *** | |
| આ શાસ્ત્રમાં અનંત ધર્મવાળા આત્માને જ્ઞાનમાત્ર કહ્યો હોવા છતાં સ્યાદ્વાદ સાથે વિરોધ કેમ નથી આવતો તે બતાવવા તથા એક જ જ્ઞાનમાં ઉપાયભાવ અને ઉપેયભાવ બન્ને કઈ રીતે ઘટે છે તે બતાવવા ટીકાકાર આચાર્યદેવ ‘આત્મખ્યાતિ’ ટીકાના અંતમાં પરિશિષ્ટરૂપે સ્યાદ્વાદ અને ઉપાય–ઉપેયભાવ વિષે થોડું કહેવાની પ્રતિજ્ઞા કરે છે. | ૫૮૯ |
| એક જ્ઞાનમાં જ ‘‘તત્, અતત્, એક, અનેક, સત્, અસત્, નિત્ય, અનિત્ય’’ આ ભાવોના ૧૪ ભંગ કરી તેનાં ૧૪ કાવ્ય કહ્યાં છે | ૫૯૦ |
| જ્ઞાન લક્ષણ છે અને આત્મા લક્ષ્ય છે, જ્ઞાનની પ્રસિદ્ધિથી જ આત્માની પ્રસિદ્ધિ થાય છે. માટે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો છે | ૬૦૬ |
| એક જ્ઞાન–ક્રિયારૂપ પરિણત આત્મામાં જ અનંત શક્તિઓ પ્રગટ છે, તેમાંથી સુડતાલીશ શક્તિઓનાં નામ તથા લક્ષણોનું કથન | ૬૦૯ |
| ઉપાય–ઉપેયભાવનું વર્ણન; તેમાં, આત્મા પરિણામી હોવાથી સાધકપણું અને સિદ્ધપણું–એ બન્ને ભાવ બરાબર ઘટે છે એવું કથન | ૬૧૪ |
| થોડા કળશોમાં, અનેક વિચિત્રતાથી ભરેલા આત્માનો મહિમા કરીને પરિશિષ્ટ સંપૂર્ણ | ૬૧૮ |
| ટીકાકાર આચાર્યદેવનું વક્તવ્ય, આત્મખ્યાતિ ટીકા સંપૂર્ણ | ૬૨૪ |
| ભાષાટીકાકારનું વક્તવ્ય, ગ્રંથ સમાપ્ત | ૬૨૫ |

ॐ

श्रीसर्वज्ञवीतरागाय नमः

# શાસ્ત્ર-સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

*

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।। १ ।।

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।। २ ।।

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः।। ३ ।।

## ।। श्रीपरमगुरवे नमः, परम्पराचार्यगुरवे नमः ।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री समयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया शृणवन्तु।।

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।। १ ।।

सर्वमङ्गलमांगल्यं सर्वकल्याणकारकं।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।। २ ।।

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत

श्री

# સમયસાર

❄

## પૂર્વરંગ

## श्रीमदमृतचन्द्रसूरिकृता आत्मख्यातिः।

( अनुष्टुभ् )

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।। १ ।।**

---

મૂળ ગાથાઓનો અને આત્મખ્યાતિ નામની ટીકાનો

## ગુજરાતી અનુવાદ

શ્રી પરમાતમ પ્રણમીને, શારદ સુગુરુ નમીય;
સમયસાર શાસન કરું દેશવચનમય, ભાઇ! ૧
શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;
મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મ ધન-ભોગ. ૨
નય નય સાર લહે શુભ વાર, પદ પદ માર દહે દુઃખકાર;
લય લય પાર ગ્રહે ભવધાર,-જય જય સમયસાર અવિકાર. ૩

( अनुष्टुभ् )

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।। २ ।।**

---

શબ્દ, અર્થ ને જ્ઞાન-સમયત્રય આગમ ગાયા,
કાળ, મત, સિદ્ધાંત-ભેદત્રય નામ બતાવ્યા;
તે મહીં આદિ શુભ અર્થસમયકથની સુણીએ બહુ,
અર્થસમયમાં જીવ નામ છે સાર, સુણજો સહુ;
તે મહીં સાર વિણકર્મમળ શુદ્ધ જીવ શુદ્ધનય કહે,
આ ગ્રંથમાં કથની સહુ, સમયસાર બુધજન ગ્રહે. ૪
નામાદિક ષટ્ ગ્રંથમુખ, તેમાં મંગળ સાર;
વિઘ્નહરણ, નાસ્તિકહરણ,-શિષ્ટાચાર ઉચ્ચાર. ૫
સમયસાર જિનરાજ છે, સ્યાદ્વાદ જિનવેણ;
મુદ્રા જિન નિર્ગ્રંથતા, નમું કરે સહુ ચેન. ૬

આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને શ્રી કુંદકુંદ આચાર્યકૃત ગાથાબદ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે તેની દેશભાષામાં વચનિકા લખીએ છીએ.

પ્રથમ, સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્ર આચાર્ય ગ્રંથના આદિમાં ( પહેલા શ્લોક દ્વારા ) મંગળ અર્થે ઇષ્ટદેવને નમસ્કાર કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ नमः समयसाराय ] ' સમય ' અર્થાત્ જીવ નામનો પદાર્થ, તેમાં સાર-જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત શુદ્ધ આત્મા, તેને મારો નમસ્કાર હો. તે કેવો છે? [ भावाय ] શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. આ વિશેષણપદથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો. વળી તે કેવો છે? [ चित्स्वभावाय ] જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે. આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર નૈયાયિકોનો નિષેધ થયો. વળી તે કેવો છે? [ स्वानुभूत्या चकासते ] પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે, અર્થાત્ પોતાને પોતાથી જ જાણે છે-પ્રગટ કરે છે. આ વિશેષણથી, આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય-ભટ્ટ-પ્રભાકર ભેદવાળા મીમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો; તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું-એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો. વળી તે કેવો છે? [ सर्वभावान्तरच्छिदे ] પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્રકાળસંબંધી, સર્વ વિશેષણો સહિત, એક જ સમયે જાણનારો છે. આ વિશેષણથી, સર્વજ્ઞનો

( मालिनी )

**परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-**
**दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।**

---

અભાવ માનનાર મીમાંસક આદિનું નિરાકરણ થયું. આ પ્રકારનાં વિશેષણો ( ગુણો ) થી શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.

**ભાવાર્થઃ-** અહીં મંગળ અર્થે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે. કોઈ એમ પ્રશ્ન કરે કે કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો? તેનું સમાધાનઃ-વાસ્તવિકપણે ઈષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ સર્વકર્મરહિત, સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા જ છે તેથી આ અધ્યાત્મગ્રંથમાં સમયસાર કહેવાથી ઈષ્ટદેવ આવી ગયા. તથા એક જ નામ લેવામાં અન્યમતવાદીઓ મતપક્ષનો વિવાદ કરે છે તે સર્વનું નિરાકરણ, સમયસારનાં વિશેષણો વર્ણવીને, કર્યું. વળી અન્યવાદીઓ પોતાના ઈષ્ટદેવનું નામ લે છે તેમાં ઈષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી, બાધાઓ આવે છે; અને સ્યાદ્વાદી જૈનોને તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધ આત્મા જ ઈષ્ટ છે. પછી ભલે તે ઈષ્ટદેવને પરમાત્મા કહો, પરમજ્યોતિ કહો, પરમેશ્વર, પરબ્રહ્મ, શિવ, નિરંજન, નિષ્કલંક, અક્ષય, અવ્યય, શુદ્ધ, બુદ્ધ, અવિનાશી, અનુપમ, અચ્છેદ્ય, અભેદ્ય, પરમપુરુષ, નિરાબાધ, સિદ્ધ, સત્યાત્મા, ચિદાનંદ, સર્વજ્ઞ, વીતરાગ, અર્હત્, જિન, આપ્ત, ભગવાન, સમયસાર ઈત્યાદિ હજારો નામોથી કહો; તે સર્વ નામો કથંચિત્ સત્યાર્થ છે. સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે, સ્યાદ્વાદીને કાંઈ વિરોધ નથી. માટે અર્થ યથાર્થ સમજવો જોઈએ.

પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ;
સૌ-જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ-ભૂપ. -૧.

હવે ( બીજા શ્લોકમાં ) સરસ્વતીને નમસ્કાર કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अनेकान्तमयी मूर्तिः ] જેમાં અનેક અંત ( ધર્મ ) છે એવું જે જ્ઞાન તથા વચન તે-મય મૂર્તિ [ नित्यम् एव ] સદાય [ प्रकाशताम् ] પ્રકાશરૂપ હો. કેવી છે તે મૂર્તિ? [ अनन्तधर्मणः प्रत्यगात्मनः तत्त्वं ] જે અનંત ધર્મવાળો છે અને જે પરદ્રવ્યોથી ને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન એકાકાર છે એવા આત્માના તત્ત્વને, અર્થાત્ અસાધારણ-સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ-નિજસ્વરૂપને, [ पश्यन्ती ] તે મૂર્તિ અવલોકન કરે છે-દેખે છે.

**ભાવાર્થઃ-** અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે. લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી તેથી અહીં તેનું યથાર્થ

**मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-**
**र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः।। ३ ।।**

---

વર્ણન કર્યું છે. જે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે. તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે. તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે તેથી તે સરસ્વતીની મૂર્તિ છે. તદનુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે. વળી દ્રવ્યશ્રુત વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે, કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે. આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે; તેથી સરસ્વતીનાં નામ 'વાણી, ભારતી, શારદા, વાગ્દેવી' ઈત્યાદિ ઘણાં કહેવામાં આવે છે. આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને 'સ્યાત્'- પદથી એક ધર્મી માં અવિરોધપણે સાધે છે તેથી તે સત્યાર્થ છે. કેટલાક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી.

કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે તો તેમાં અનંત ધર્મો કયા કયા છે? તેનો ઉત્તરઃ-વસ્તુમાં સત્પણું, વસ્તુપણું, પ્રમેયપણું, પ્રદેશપણું, ચેતનપણું, અચેતનપણું, મૂર્તિકપણું, અમૂર્તિકપણું ઈત્યાદિ ( ધર્મ ) તો ગુણ છે; અને તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે-જે અનંત છે. વળી વસ્તુમાં એકપણું, અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું, ભેદપણું, અભેદપણું, શુદ્ધપણું, અશુદ્ધપણું આદિ અનેક ધર્મ છે. તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે-જે જ્ઞાનગમ્ય છે. આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે.

આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે, બીજાં અચેતન દ્રવ્યોમાં નથી. સજાતીય જીવદ્રવ્યો અનંત છે તેમનામાંય જોકે ચેતનપણું છે તોપણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી કોઈનું કોઈમાં ભળતું નથી. આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે અને દેખાડે છે. એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે માટે 'સદા પ્રકાશરૂપ રહો' એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે. ૨.

હવે ( ત્રીજા શ્લોકમાં ) ટીકાકાર આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય કહે છે કેઃ- [ समयसारव्याख्यया एव ] આ સમયસાર ( શુદ્ધાત્મા તથા ગ્રંથ ) ની વ્યાખ્યા ( કથની તથા ટીકા ) થી જ

अथ सूत्रावतार:-

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।। १ ।।**

**वन्दित्वा सर्वसिद्धान् ध्रुवामचलामनौपम्यां गति प्राप्तान्।**
**वक्ष्यामि समयप्राभृतमिंद अहो श्रुतकेवलिभणितम्।। १ ।।**

---

[ मम अनुभूते: ] મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની [ परमविशुद्धि: ] પરમ વિશુદ્ધિ (સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા) [ भवतु ] થાઓ. કેવી છે તે પરિણતિ? [ परपरिणतिहेतो: मोहनाम्न: अनुभावात् ] પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભાવ (–ઉદયરૂપ વિપાક) ને લીધે [ अविरतम् अनुभाव्य–व्याप्ति–कल्माषिताया: ] જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો) ની વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે. અને હું કેવો છું? [ शुद्धचिन्मात्रमूर्तें: ] દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.

**ભાવાર્થ:-** આચાર્ય કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ તો હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું. પરંતુ મારી પરિણતિ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને મેલી છે– રાગાદિસ્વરૂપ થઈ રહી છે. તેથી શુદ્ધ આત્માની કથનીરૂપ જે આ સમયસાર ગ્રંથ છે તેની ટીકા કરવાનું ફળ એ ચાહું છું કે મારી પરિણતિ રાગાદિ રહિત થઈ શુદ્ધ થાઓ, મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ. બીજાું કાંઈ પણ–ખ્યાતિ, લાભ, પૂજાદિક–ચાહતો નથી. આ પ્રકારે આચાર્યે ટીકા કરવાની પ્રતિજ્ઞાગર્ભિત એના ફળની પ્રાર્થના કરી. ૩.

હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે:–

(હરિગીત)

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી-કથિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

**ગાથાર્થ:-** આચાર્ય કહે છે: હું [ ध्रुवाम् ] ધ્રુવ, [ अचलाम् ] અચળ અને [ अनौपम्यां ] અનુપમ–એ ત્રણ વિશેષણોથી યુક્ત [ गति ] ગતિને [ प्राप्तान् ] પ્રાપ્ત થયેલ એવા [ सर्वसिद्धान् ] સર્વ સિદ્ધોને [ वंदित्वा ] નમસ્કાર કરી, [ अहो ] અહો! [ श्रुतकेवलिभणितम् ] શ્રુતકેવળીઓએ કહેલા [ इदं ] આ [ समयप्राभृतम् ] સમયસાર નામના પ્રાભૃતને [ वक्ष्यामि ] કહીશ.

**अथ प्रथमत एव स्वभावभावभूततया ध्रुवत्वमवलम्बमानामनादिभावान्तरपर-परिवृत्तिविश्रान्तिवशेनाचलत्वमुपगतामखिलोपमानविलक्षणाद्भुतमाहात्म्यत्वेनाविद्यमानौ- पम्यामपवर्गसंज्ञिकां गतिमापन्नान् भगवतः सर्वसिद्धान् सिद्धत्वेन साध्यस्यात्मनः प्रति- च्छन्दस्थानीयान् भावद्रव्यस्तवाभ्यां स्वात्मनि परात्मनि च निधायानादिनिधनश्रुत- प्रकाशितत्वेन निखिलार्थसार्थसाक्षात्कारिकेवलिप्रणीतत्वेन श्रुतकेवलिभिः स्वयमनुभव- द्भिरभिहितत्वेन च प्रमाणतामुपगतस्यास्य समयप्रकाशकस्य प्राभृताह्वयस्यार्हत्प्रवचनाव- यवस्य स्वपरयोरनादिमोहप्रहाणाय भाववाचा द्रव्यवाचा च परिभाषणमुपक्रम्यते।**

---

**ટીકાઃ**- અહીં (સંસ્કૃત ટીકામાં) 'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે. ગ્રંથના આદિમાં સર્વ સિદ્ધોને ભાવ–દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને આ સમય નામના પ્રાભૃતનું ભાવવચન અને દ્રવ્યવચનથી પરિભાષણ શરૂ કરીએ છીએ–એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે. એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,–જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને, તેમના જેવા થઈ જાય છે અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે. કેવી છે તે પંચમગતિ? સ્વભાવભાવરૂપ છે તેથી ધ્રુવપણાને અવલંબે છે. ચારે ગતિઓ પર–નિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે; 'ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિક્તાનો વ્યવચ્છેદ થયો. વળી તે ગતિ કેવી છે? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ અચલપણાને પામી છે. આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. વળી તે કેવી છે? જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી. આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. વળી તે કેવી છે? અપવર્ગ તેનું નામ છે. ધર્મ, અર્થ અને કામ–એ ત્રિવર્ગ કહેવાય છે; મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી તેને અપવર્ગ કહી.–આવી પંચમગતિને સિદ્ધભગવંતો પામ્યા છે. તેમને પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને, સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ (અંશ) તેનું, અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું. કેવો છે તે અર્હત્પ્રવચનનો અવયવ? અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી, સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી અને કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર તેમ જ પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે. અન્યવાદીઓનાં આગમની જેમ છદ્મસ્થ (અલ્પજ્ઞાની) ની કલ્પના માત્ર નથી કે જેથી અપ્રમાણ હોય.

**तत्र तावत्समय एवाभिधीयते-**

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।। २ ।।**

---

**ભાવાર્થઃ-** ગાથાસૂત્રમાં આચાર્યે 'वक्ष्यामि' કહ્યું છે તેનો અર્થ ટીકાકારે 'वच् परिभाषणे' ધાતુથી 'પરિભાષણ' કર્યો છે. તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છે : ચૌદ પૂર્વમાં જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વમાં બાર 'વસ્તુ' અધિકાર છે; તેમાં પણ એક એકના વીશ વીશ 'પ્રાભત' અધિકાર છે. તેમાં દશમા વસ્તુમાં સમય નામનું જે પ્રાભૃત છે તેના મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો પહેલા મોટા આચાર્યોને હતું અને તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું. તેમણે સમયપ્રાભૃતનું પરિભાષણ કર્યું –પરિભાષાસૂત્ર બાંધ્યું. સૂત્રની દશ જાતિઓ કહેવામાં આવી છે તેમાં એક 'પરિભાષા' જાતિ પણ છે. અધિકારને જે યથાસ્થાનમાં અર્થદ્વારા સૂચવે તે પરિભાષા કહેવાય છે. શ્રી કુંદકુંદાચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે એટલે કે સમયપ્રાભૃતના અર્થને જ યથાસ્થાનમાં જણાવનારું પરિભાષાસૂત્ર રચે છે.

આચાર્યે મંગળ અર્થે સિદ્ધોને નમસ્કાર કર્યો છે. સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે. કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો તેની ચર્ચા ટીકાકારના મંગળ પર કરેલી છે તે અહીં પણ જાણવી. સિદ્ધોને 'સર્વ' એવું વિશેષણ આપ્યું છે; તેથી તે સિદ્ધો અનંત છે એવો અભિપ્રાય બતાવ્યો અને 'શુદ્ધ આત્મા એક જ છે' એવું કહેનાર અન્યમતીઓનો વ્યવચ્છેદ કર્યો. શ્રુતકેવળી શબ્દના અર્થમાં, (૧) શ્રુત અર્થાત્ અનાદિનિધન પ્રવાહરૂપ આગમ અને કેવળી અર્થાત્ સર્વજ્ઞદેવ કહ્યા, તેમ જ (૨) શ્રુત–અપેક્ષાએ કેવળી સમાન એવા ગણધરદેવાદિ વિશિષ્ટ શ્રુતજ્ઞાનધરો કહ્યા; તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે. એ રીતે ગ્રંથની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો; અન્યવાદી છદ્મસ્થ (અલ્પજ્ઞાની) પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહી વિવાદ કરે છે તેનું અસત્યાર્થપણું બતાવ્યું.

આ ગ્રંથનાં અભિધેય, સંબંધ, પ્રયોજન તો પ્રગટ જ છે. શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે. તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્ય–વાચકરૂપ સંબંધ તે સંબંધ છે. શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે.

પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી. ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું? તેથી હવે પહેલાં સમયને જ કહે છેઃ–

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

जीव: चरित्रदर्शनज्ञानस्थित: तं हि स्वसमयं जानीहि।
पुद्गलकर्मप्रदेशस्थितं च तं जानीहि परसमयम्।। २ ।।

योऽयं नित्यमेव परिणामात्मनि स्वभावेऽवतिष्ठमानत्वादुत्पादव्ययध्रौव्यैक्यानुभूतिलक्षणया सत्तयानुस्यूतश्चैतन्यस्वरूपत्वान्नित्योदितविशददृशिज्ञप्तिज्योतिरनन्तधर्माधिरूढैकधर्मित्वादुद्योतमानद्रव्यत्व: क्रमाक्रमप्रवृत्तविचित्रभावस्वभावत्वादुत्सङ्गितगुणपर्याय: स्वपराकारावभासनसमर्थत्वादुपात्तवैश्वरूप्यैकरूप: प्रतिविशिष्टावगाहगति-

---

**ગાથાર્થઃ-** હે ભવ્ય! [ जीव: ] જે જીવ [ चरित्रदर्शनज्ञानस्थित: ] દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે [ तं ] તેને [ हि ] નિશ્ચયથી [ स्वसमयं ] સ્વસમય [ जानीहि ] જાણ; [ च ] અને જે જીવ [ पुद्गलकर्मप्रदेशस्थितं ] પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે [ तं ] તેને [ परसमयं ] પરસમય [ जानीहि ] જાણ.

**ટીકાઃ-** 'સમય' શબ્દનો અર્થ આ પ્રમાણે છે : 'सम्' તો ઉપસર્ગ છે, તેનો અર્થ 'એકપણું' એવો છે; અને 'अय् गतौ' ધાતુ છે એનો ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ પણ છે; તેથી એકસાથે જ (યુગપદ્) જાણવું તથા પરિણમન કરવું એ બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે તે સમય છે. આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે તેથી તે સમય છે. આ જીવ-પદાર્થ કેવો છે? સદાય પરિણામ-સ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે. આ વિશેષણથી, જીવની સત્તા નહિ માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો તથા પુરુષને (જીવને) અપરિણામી માનનાર સાંખ્યવાદીઓનો વ્યવચ્છેદ, પરિણમનસ્વભાવ કહેવાથી, થયો. નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે અને બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે; તેમનું નિરાકરણ, સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું. વળી જીવ કેવો છે? ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન જ્યોતિસ્વરૂપ છે (કારણ કે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે). આ વિશેષણથી, ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર સાંખ્ય-મતીઓનું નિરાકરણ થયું. વળી તે કેવો છે? અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મી પણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે (કારણ કે અનંત ધર્મોની એક્તા તે દ્રવ્યપણું છે). આ વિશેષણથી, વસ્તુને ધર્મોથી રહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો. વળી તે કેવો છે? ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે. (પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે.) આ વિશેષણથી, પુરુષને નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો. વળી તે કેવો છે? પોતાના અને પરદ્રવ્યોના આકારોને

स्थितिवर्तनानिमित्तत्वरूपित्वाभावादसाधारणचिद्रूपतास्वभावसद्भावाच्चाकाशधर्माधर्मकाल-पुद्गलेभ्यो भिन्नोऽत्यन्तमनन्तद्रव्यसङ्करेऽपि स्वरूपादप्रच्यवनाट्टङ्कोत्कीर्णचित्स्वभावो जीवो नाम पदार्थः स समयः, समयत एकत्वेन युगपज्जानाति गच्छति चेति निरुक्तेः।

अयं खलु यदा सकलभावस्वभावभासनसमर्थविद्यासमुत्पादकविवेकज्योतिरुद्गमनात्समस्तपरद्रव्यात्प्रच्युत्य दृशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूपात्मतत्त्वैकत्वगतत्वेन वर्तते तदा दर्शनज्ञानचारित्रस्थितत्वात्स्वमेकत्वेन युगपज्जानन् गच्छंश्च स्वसमय इति, यदा त्वनाद्यविद्याकन्दलीमूलकन्दायमानमोहानुवृत्तितन्त्रतया दृशिज्ञप्तिस्वभावनियतवृत्तिरूपा-दात्मतत्त्वात्प्रच्युत्य परद्रव्यप्रत्ययमोहरागद्वेषादिभावैकत्वगतत्वेन वर्तते तदा पुद्गलकर्म-प्रदेशस्थितत्वात्परमेकत्वेन युगपज्जानन् गच्छंश्च परसमय इति प्रतीयते। एवं किल समयस्य द्वैविध्यमुद्धावति।

---

પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે (અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે). આ વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો, વ્યવચ્છેદ થયો. વળી તે કેવો છે? અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો–અવગાહન–ગતિ–સ્થિતિ–વર્તનાહેતુપણું અને રૂપીપણું–તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા–સ્વભાવના સદ્ભાવને લીધે આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ–એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે. આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો. વળી તે કેવો છે? અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે. આ વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો.–આવો જીવ નામનો પદાર્થ સમય છે.

જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ–રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે; પણ જ્યારે તે, અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો જે (પુષ્ટ થયેલો) મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે (એકપણું માનીને) વર્તે છે ત્યારે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે. આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય–એવું

अथैतद्बाध्यते--

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।। ३ ।।**

एकत्वनिश्चयगत: समय: सर्वत्र सुन्दरो लोके।
बन्धकथैकत्वे तेन विसंवादिनी भवति।। ३ ।।

समयशब्देनात्र सामान्येन सर्व एवार्थोऽभिधीयते, समयत एकीभावेन स्वगुण-पर्यायान् गच्छतीति निरुक्ते:। तत: सर्वत्रापि धर्माधर्माकाशकालपुद्गलजीवद्रव्यात्मनि लोके ये यावन्त: केचनाप्यर्थास्ते सर्व एव स्वकीयद्रव्यान्तर्मग्नानन्तस्वधर्मचक्रचुम्बिनोऽपि

---

દ્વિવિધપણું પ્રગટ થાય છે.

**ભાવાર્થઃ-** જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે. ' જીવ ' એવો અક્ષરોનો સમૂહ તે ' પદ ' છે અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે. એ જીવપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે, દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે, અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે, દ્રવ્ય હોવાથી વસ્તુ છે, ગુણપર્યાયવાળો છે, તેનું સ્વપરપ્રકાશકજ્ઞાન અનેકાકારરૂપ એક છે, વળી તે ( જીવપદાર્થ ) આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે અને અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી. આવો જીવ નામનો પદાર્થ સમય છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે અને પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે પરસમય છે. એ પ્રમાણે જીવને દ્વિવિધપણું આવે છે.

હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છેઃ-

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.**

**ગાથાર્થઃ-** [ एकत्वनिश्चयगत: ] એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે [ समय: ] સમય છે તે [ लोके ] લોકમાં [ सर्वत्र ] બધેય [ सुन्दर: ] સુંદર છે [ तेन ] તેથી [ एकत्वे ] એકત્વમાં [ बन्धकथा ] બીજાના સાથે બંધની કથા [ विसंवादिनी ] વિસંવાદ-વિરોધ કરનારી [ भवति ] છે.

**ટીકાઃ-** અહીં ' સમય ' શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે કારણ કે વ્યુત્પત્તિ પ્રમાણે ' समयते ' એટલે એકીભાવે ( એકત્વપૂર્વક ) પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે. તેથી ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્‌ગલ-જીવદ્રવ્યસ્વરૂપ લોકમાં સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી ( નક્કી ) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે કારણ કે અન્ય પ્રકારે

परस्परमचुम्बन्तोऽत्यन्तप्रत्यासत्तावपि नित्यमेव स्वरूपादपतन्तः पररूपेणापरिणमनाद-विनष्टानन्तव्यक्तित्वाट्टङ्कोत्कीर्णा इव तिष्ठन्तः समस्तविरुद्धाविरुद्धकार्यहेतुतया शश्वदेव विश्वमनुगृह्णन्तो नियतमेकत्वनिश्चयगतत्वेनैव सौन्दर्यमापद्यन्ते ,प्रकारान्तरेण सर्वसङ्करादि-दोषापत्तेः। एवमेकत्वे सर्वार्थानां प्रतिष्ठिते सति जीवाह्वयस्य समयस्य बन्धकथाया एव विसंवादापत्तिः। कुतस्तन्मूलपुद्गलकर्मप्रदेशस्थितत्वमूलपरसमयत्वोत्पादितमेतस्य द्वैविध्यम्। अतः समयस्यैकत्वमेवावतिष्ठते।

अथैतदसुलभत्वेन विभाव्यते-

**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**
**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४ ।।**

---

તેમાં સર્વસંકર આદિ દોષો આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી, અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તોપણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી, પરરૂપે નહિ પરિણમવાને લીધે અનંત વ્યક્તિતા નાશ પામતી નથી માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા (શાશ્વત) સ્થિત રહે છે અને સમસ્ત વિરુદ્ધ કાર્ય તથા અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશાં વિશ્વને ઉપકાર કરે છે-ટકાવી રાખે છે. આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી જીવ નામના સમયને બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે; તો પછી બંધ જેનું મૂળ છે એવું જે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું, તે જેનું મૂળ છે એવું પરસમયપણું, તેનાથી ઉત્પન્ન થતું (પરસમય-સ્વસમયરૂપ) દ્વિવિધપણું તેને (જીવ નામના સમયને) ક્યાંથી હોય? માટે સમયનું એકપણું હોવુ જ સિદ્ધ થાય છે.

**ભાવાર્થઃ-** નિશ્ચયથી સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે. પરંતુ જીવ નામના પદાર્થની અનાદિ કાળથી પુદ્ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે; તે બંધાવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે તેથી તે શોભા પામતો નથી. માટે વાસ્તવિક રીતે વિચારવામાં આવે તો એકપણું જ સુંદર છે; તેનાથી આ જીવ શોભા પામે છે.

હવે તે એકત્વની અસુલભતા બતાવે છેઃ-

**શ્રુત-પરિચિત,-અનુભૂતા સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

श्रुतपरिचितानुभूता सर्वस्यापि कामभोगबन्धकथा।
एकत्वस्योपलम्भः केवलं न सुलभो विभक्तस्य।। ४ ।।

**इह किल सकलस्यापि जीवलोकस्य संसारचक्रक्रोडाधिरोपितस्याश्रान्तमनन्त-द्रव्यक्षेत्रकालभवभावपरावर्तैः समुपक्रान्तभ्रान्तेरेकच्छत्रीकृतविश्वतया महता मोहग्रहेण गोरिव वाह्यमानस्य प्रसभोज्जृम्भिततृष्णातङ्कत्वेन व्यक्तान्तराधेरुत्तम्योत्तम्य मृगतृष्णायमानं विषयग्राममुपरुन्धानस्य परस्परमाचार्यत्वमाचरतोऽनन्तशः श्रुतपूर्वानन्तशः परिचितपूर्वा-नन्तशोऽनुभूतपूर्वा चैकत्वविरुद्धत्वेनात्यन्तविसंवादिन्यपि कामभोगानुबद्धा कथा। इदं तु नित्यव्यक्ततयान्तः प्रकाशमानमपि कषायचक्रेण सहैकीक्रियमाणत्वादत्यन्ततिरोभूतं सत्**

---

**ગાથાર્થઃ-** [ सर्वस्य अपि ] સર્વ લોકને [ कामभोगबन्धकथा ] કામભોગ-સંબંધી બંધની કથા તો [ श्रुतपरिचितानुभूता ] સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે તેથી સુલભ છે; પણ [ विभक्तस्य ] ભિન્ન આત્માનું [ एकत्वस्य उपलम्भः ] એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી તેથી [ केवलं ] એક તે [ न सुलभः ] સુલભ નથી.

**ટીકાઃ-** આ સમસ્ત જીવલોકને, કામભોગસંબંધી કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે (આત્માનું અત્યંત બૂરું કરનારી છે) તોપણ, પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે, અનંત વાર પરિચયમાં આવી છે અને અનંત વાર અનુભવમાં પણ આવી ચૂકી છે. કેવો છે જીવલોક? જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે, નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે, સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે, જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે, આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને (ઇન્દ્રિયવિષયોના સમૂહને) જે ઘેરો ઘાલે છે અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે (અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે). તેથી કામભોગની કથા તો સૌને સુલભ (સુખે પ્રાપ્ત) છે. પણ નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ-જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે તોપણ કષાયચક્ર (-કષાયસમૂહ) સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી અત્યંત તિરોભાવ પામ્યું છે (-ઢંકાઈ રહ્યું છે) તે-પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી (-પોતે

**स्वस्यानात्मज्ञतया परेषामात्मज्ञानामनुपासनाच्च न कदाचिदपि श्रुतपूर्वं, न कदाचिदपि परिचितपूर्वं, न कदाचिदप्यनुभूतपूर्वं च निर्मलविवेकालोकविविक्तं केवलमेकत्वम्। अत एकत्वस्य न सुलभत्वम्।**

**अत एवैतदुपदर्श्यते-**

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५ ।।**

**तमेकत्वविभक्तं दर्शयेऽहमात्मनः स्वविभवेन।**
**यदि दर्शयेयं प्रमाणं स्खलेयं छलं न गृहीतव्यम्।।५ ।।**

---

આત્માને નહિ જાણતો હોવાથી ) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી, નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું, નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું અને નથી પૂર્વે કદી અનુભવમાં આવ્યું. તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.

**ભાવાર્થઃ-** આ લોકમાં સર્વ જીવો સંસારરૂપી ચક્ર પર ચડી પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કરે છે. ત્યાં તેમને મોહકર્મના ઉદયરૂપ પિશાચ ધોંસરે જોડે છે, તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપ દાહથી પીડિત થાય છે અને તે દાહનો ઈલાજ ઇન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે; તથા પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે. એ રીતે કામ ( વિષયોની ઈચ્છા ) તથા ભોગ ( તેમને ભોગવવું ) -એ બેની કથા તો અનંત વાર સાંભળી, પરિચયમાં લીધી અને અનુભવી તેથી સુલભ છે. પણ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માની કથાનુ જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નહિ, અને જેમને તે જ્ઞાન થયું હતું તેમની સેવા કદી કરી નહિ; તેથી તેની કથા ( વાત ) ન કદી સાંભળી, ન તેનો પરિચય કર્યો કે ન તેનો અનુભવ થયો. માટે તેની પ્રાપ્તિ સુલભ નથી, દુર્લભ છે.

હવે આચાર્ય કહે છે કે, તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએઃ-

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

**ગાથાર્થઃ-** [ तम् ] તે [ एकत्वविभक्त ] એકત્વવિભક્ત આત્માને [ अहं ] હું [ आत्मनः ] આત્માના [ स्वविभवेन ] નિજ વૈભવ વડે [ दर्शये ] દેખાડું છું; [ यदि ] જો હું [ दर्शयेयं ] દેખાડું તો [ प्रमाणं ] પ્રમાણ ( સ્વીકાર ) કરવું અને [ स्खलेयं ] જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો [ छलं ] છળ [ न ] ન [ गृहीतव्यम् ] ગ્રહણ કરવું.

**इह किल सकलोद्भासिस्यात्पदमुद्रितशब्दब्रह्मोपासनजन्मा, समस्तविपक्षक्षोद-क्षमातिनिस्तुषयुक्त्यवलम्बनजन्मा ,निर्मलविज्ञानघनान्तर्निमग्नपरापरगुरुप्रसादीकृतशु द्धात्म-तत्त्वानुशासनजन्मा , अनवरतस्यन्दिसुन्दरानन्दमुद्रितामन्दसंविदात्मकस्वसंवेदनजन्मा च यः कश्चनापि ममात्मनः स्वो विभवस्तेन समस्तेनाप्ययं तमेकत्वविभक्तमात्मानं दर्शयेऽहमिति बद्धव्यवसायोऽस्मि। किन्तु यदि दर्शयेयं तदा स्वयमेव स्वानुभवप्रत्यक्षेण परीक्ष्य प्रमाणीकर्तव्यम्। यदि तु स्खलेयं तदा तु न छलग्रहणजागरूकैर्भवितव्यम्।**

---

**ટીકાઃ-** આચાર્ય કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે તે સર્વથી હું આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ એવો મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે. કેવો છે મારા આત્માનો નિજવિભવ? આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને 'स्यात्' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ-અર્હંતનાં પરમાગમ-તેની ઉપાસનાથી જેનો જન્મ છે. ('स्यात्'નો અર્થ 'કથંચિત્' છે એટલે કે 'કોઈ પ્રકારથી કહેવું'. પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં તેનું કારણઃ અર્હંતનાં પરમાગમમાં સામાન્ય ધર્મો-વચનગોચર સર્વ ધર્મો-નાં નામ આવે છે; અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે; એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે, અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે.) વળી તે નિજવિભવ કેવો છે? સમસ્ત જે વિપક્ષ-અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ-તેમના નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે. વળી તે કેવો છે? નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ-સર્વજ્ઞદેવ અને અપરગુરુ-ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત, તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ, તેનાથી જેનો જન્મ છે. વળી તે કેવો છે? નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે. એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વિભવ છે તે સમસ્ત વિભવથી દર્શાવું છુ. જો દર્શાવું તો સ્વયમેવ (પોતે જ) પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું; જો ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં તો છલ (દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું, શાસ્ત્રસમુદ્રનાં પ્રકરણ બહુ છે માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે; તેથી અર્થની પરીક્ષા કરવી.

**ભાવાર્થઃ-** આચાર્ય આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુ નો ઉપદેશ અને સ્વસંવેદન-એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. તેને સાંભળનારા હે શ્રોતાઓ! પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરો; ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યુંછે. અહીં પોતાનો અનુભવ પ્રધાન છે; તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો-એમ કહેવાનો આશય છે.

कोऽसौ शुद्ध आत्मेति चित्-

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६ ।।**

नापि भवत्यप्रमत्तो न प्रमत्तो ज्ञायकस्तु यो भाव:।
एवं भणन्ति शुद्धं ज्ञातो य: स तु स चेव।।६ ।।

यो हि नाम स्वत:सिद्धत्वेनानादिरनन्तो नित्योद्योतो विशदज्योतिर्ज्ञायक एको भाव: स संसारावस्थायामनादिबन्धपर्यायनिरूपणया क्षीरोदकवत्कर्मपुद्गलै: सममेकत्वेऽपि द्रव्यस्वभावनिरूपणया दुरन्तकषायचक्रोदयवैचित्र्यवशेन प्रवर्तमानानां पुण्यपापनिर्वर्तका-नामुपात्तवैश्वरूप्याणां शुभाशुभभावानां स्वभावेनापरिणमनात्प्रमत्तोऽप्रमत्तश्च न भवति। एष एवाशेषद्रव्यान्तरभावेभ्यो भिन्नत्वेनोपास्यमान: शुद्ध इत्यभिलप्यते।

---

હવે પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ–

**નથી અપ્રમત કે પ્રમત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત ‘શુદ્ધ’ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.**

**ગાથાર્થઃ**– [ य: तु ] જે [ ज्ञायक: भाव: ] જ્ઞાયક ભાવ છે તે [ अप्रमत्त: अपि ] અપ્રમત્ત પણ [ न भवति ] નથી અને [ न प्रमत्त: ] પ્રમત્ત પણ નથી,– [ एवं ] એ રીતે [ शुद्धं ] એને શુદ્ધ [ भणन्ति ] કહે છે; [ च य: ] વળી જે [ ज्ञात: ] જ્ઞાયકપણે જણાયો [ स: तु ] તે તો [ स: एव ] તે જ છે, બીજો કોઈ નથી.

**ટીકાઃ**– જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી ( કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી ) અનાદિ સત્તારૂપ છે, કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે, નિત્ય-ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક ‘ભાવ’ છે, તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી ( અપેક્ષાથી ) ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની (–કષાયસમૂહના અપાર ઉદયોની ) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી ( જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી ) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત પણ નથી; તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો ‘શુદ્ધ’ કહેવાય છે.

**न चास्य ज्ञेयनिष्ठत्वेन ज्ञायकत्वप्रसिद्धेः दाह्यनिष्ठदहनस्येवाशुद्धत्वं, यतो हि तस्यामवस्थायां ज्ञायकत्वेन यो ज्ञातः स स्वरूपप्रकाशनदशायां प्रदीपस्येव कर्तृकर्मणो-रनन्यत्वात् ज्ञायक एव।**

---

વળી દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ' ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે-પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. (જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું.)

**ભાવાર્થઃ-** અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી, માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. દ્રવ્ય-દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય (અવસ્થા) -દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે, અને તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે. પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું નથી. અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે. જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, ઉપચાર છે. દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તેથી તે પ્રમત-અપ્રમત નથી. 'જ્ઞાયક' એવુંનામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. 'આ હું જાણનારો છું તે હુંજ છું, અન્ય કોઈ નથી'-એવો પોતાનેપોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે. આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે. -આ શુદ્ધનયનો વિષય છે. અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો.

અહીંએમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્‌વાદરૂપ છે તેથી અશુદ્ધનયને

दर्शनज्ञानचारित्रवत्त्वेनास्याशुद्धत्वमिति चेत्-

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**

**व्यवहारेणोपदिश्यते ज्ञानिनश्चरित्रं दर्शनं ज्ञानम्।**
**नापि ज्ञानं न चरित्रं न दर्शनं ज्ञायकः शुद्धः।।७।।**

---

સર્વથા અસત્યાર્થ ન માનવો; કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા- બન્ને વસ્તુના ધર્મ છે અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે; અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે. અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા કલેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે અને ત્યારે કલેશ મટે. એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે; માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ. સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું. જે વસ્તુસ્વરૂપ છે તે છે-એ પ્રમાણદ્રષ્ટિ છે. એનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.

અહીં, ( જ્ઞાયકભાવ ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં 'પ્રમત્ત-અપ્રમત્ત' એટલે શું ? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે. પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે; શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.

હવે પ્રશ્ન થાય છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર-એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે, તો એ તો ત્રણ ભેદ થયા, એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે! આ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ-

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

**ગાથાર્થઃ-** [ ज्ञानिनः ] જ્ઞાનીને [ चरित्रं दर्शनं ज्ञानम् ] ચારિત્ર, દર્શન, જ્ઞાન- એ ત્રણ ભાવ [ व्यवहारेण ] વ્યવહારથી [ उपदिश्यते ] કહેવામાં આવે છે; નિશ્ચયથી [ ज्ञानं अपि न ] જ્ઞાન પણ નથી, [ चरित्रं न ] ચારિત્ર પણ નથી અને [ दर्शनं न ] દર્શન પણ નથી; જ્ઞાની તો એક [ ज्ञायकः शुद्धः ] શુદ્ધ જ્ઞાયક જ છે.

आस्तां तावद्बन्धप्रत्ययात् ज्ञायकस्याशुद्धत्वं, दर्शनज्ञानचारित्राण्येव न विद्यन्ते; यतो ह्यनन्तधर्मण्येकस्मिन् धर्मिण्यनिष्णातस्यान्तेवासिजनस्य तदवबोधविधायिभिः कैश्चिद्धर्मैस्तमनुशासतां सूरीणां धर्मधर्मिणोः स्वभावतोऽभेदेऽपि व्यपदेशतो भेदमुत्पाद्य व्यवहारमात्रेणैव ज्ञानिनो दर्शनं ज्ञानं चारित्रमित्युपदेशः। परमार्थतस्त्वेकद्रव्य-निष्पीतानन्तपर्यायतयैकं किञ्चिन्मिलितास्वादमभेदमेकस्वभावमनुभवतो न दर्शनं न ज्ञानं न चारित्रं, ज्ञायक एवैकः शुद्धः।

---

**ટીકાઃ-** આ જ્ઞાયક આત્માને બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો, પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી; કારણ કે અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી એવા નિકટવર્તી શિષ્યજનને, ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે, ઉપદેશ કરતા આચાર્યોનો-જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે તોપણ નામથી ભેદ ઉપજાવી-વ્યવહાર માત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી જે એક છે એવું કાંઈક-મળી ગયેલા આસ્વાદવાળું, અભેદ, એકસ્વભાવી ( તત્ત્વ ) -અનુભવનારને દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, એક શુદ્ધ જ્ઞાયક જ છે.

**ભાવાર્થઃ-** આ શુદ્ધ આત્માને કર્મબંધના નિમિત્તથી અશુદ્ધપણું આવે છે એ વાત તો દૂર જ રહો, પણ તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી; કારણ કે વસ્તુ અનંતધર્મરૂપ એક ધર્મી છે. પરંતુ વ્યવહારી જન ધર્મોને જ સમજે છે, ધર્મીને નથી જાણતા, તેથી વસ્તુના કોઈ અસાધારણ ધર્મોને ઉપદેશમાં લઈ અભેદરૂપ વસ્તુમાં પણ ધર્મોના નામરૂપ ભેદને ઉત્પન્ન કરી એવો ઉપદેશ કરવામાં આવે છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. આમ અભેદમાં ભેદ કરવામાં આવે છે તેથી તે વ્યવહાર છે. પરમાર્થથી વિચારવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે તેથી તેમાં ભેદ નથી.

અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય? તેનું સમાધાનઃ-એ તો ખરું છે પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.

तर्हि परमार्थ एवैको वक्तव्य इति चेत्-

जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।
तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं।। ८ ।।
यथा नापि शक्योऽनार्योऽनार्यभाषां विना तु ग्राहयितुम्।
तथा व्यवहारेण विना परमार्थोपदेशनमशक्यम्।। ८ ।।

यथा खलु म्लेच्छः स्वस्तीत्यभिहिते सति तथाविधवाच्यवाचकसम्बन्धावबोधबहिष्कृतत्वान्न किञ्चिदपि प्रतिपद्यमानो मेष इवानिमेषोन्मेषितचक्षुः प्रेक्षत एव, यदा तु स एव तदेतद्भाषासम्बन्धैकार्थज्ञेनान्येन तेनैव वा म्लेच्छभाषां समुदाय स्वस्तिपदस्याविनाशो भवतो भवत्वित्यभिधेयं प्रतिपाद्यते तदा सद्य एवोद्यदमन्दानन्दमयाश्रुझलज्झलल्लोचनपात्रस्तत्प्रतिपद्यत एव; तथा किल लोकोऽप्यात्मेत्यभिहिते सति यथावस्थितात्मस्वरूपपरिज्ञानबहिष्कृतत्वान्न किञ्चिदपि प्रतिपद्यमानो मेष

---

હવે ફરી એ પ્રશ્ન ઊઠે છે કે જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ; વ્યવહાર શા માટે કહો છો? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ–

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

**ગાથાર્થઃ–** [ यथा ] જેમ [ अनार्यः ] અનાર્ય (મ્લેચ્છ) જનને [ अनार्यभाषां विना तु ] અનાર્યભાષા વિના [ ग्राहयितुम् ] કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા [ न अपि शक्यः ] કોઈ સમર્થ નથી [ तथा ] તેમ [ व्यवहारेण विना ] વ્યવહાર વિના [ परमार्थोपदेशनम् ] પરમાર્થનો ઉપદેશ કરવા [ अशक्यम् ] કોઈ સમર્થ નથી.

**ટીકાઃ–** જેમ કોઈ મ્લેચ્છને કોઈ બ્રાહ્મણ ‘સ્વસ્તિ’ એવો શબ્દ કહે છે ત્યારે તે મ્લેચ્છ એ શબ્દના વાચ્યવાચક સંબંધના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં બ્રાહ્મણ સામે મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, પણ જ્યારે બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છ ની ભાષા–એ બન્નેનો અર્થ જાણનાર અન્ય કોઈ પુરુષ અથવા તે જ બ્રાહ્મણ મ્લેચ્છભાષા બોલીને તેને સમજાવે છે કે ‘સ્વસ્તિ’ શબ્દનો અર્થ “તારું અવિનાશી કલ્યાણ થાઓ” એવો છે ત્યારે તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદમય આંસુઓથી જેનાં નેત્રો ભરાઈ જાય છે એવો તે મ્લેચ્છ એ ‘સ્વસ્તિ’ શબ્દનો અર્થ સમજી જાય છે; એવી રીતે વ્યવહારીજન પણ ‘આત્મા’ એવો શબ્દ કહેવામાં આવતાં જેવો ‘આત્મા’ શબ્દનો અર્થ છે તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી

**इवानिमेषोन्मेषितचक्षुः प्रेक्षत एव, यदा तु स एव व्यवहारपरमार्थपथप्रस्थापितसम्यग्बोधमहारथरथिनान्येन तेनैव वा व्यवहारपथमास्थाय दर्शनज्ञानचारित्राण्यततीत्यात्मेत्यात्मपदस्याभिधेयं प्रतिपाद्यते तदा सद्य एवोद्यदमन्दानन्दान्तःसुन्दरबन्धुरबोधतरङ्गस्तत्प्रतिपद्यत एव। एवं म्लेच्छस्थानीयत्वाज्जगतो व्यवहारनयोऽपि म्लेच्छभाषास्थानीयत्वेन परमार्थप्रतिपादकत्वादुपन्यसनीयः। अथ च ब्राह्मणो न म्लेच्छितव्य इति वचनाद्व्यवहारनयो नानुसर्तव्यः।**

**कथं व्यवहारस्य प्रतिपादकत्वमिति चेत्-**

**जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं।**
**तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा।।९ ।।**

---

કાંઈ પણ ન સમજતાં મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, પણ જ્યારે વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર સારથી સમાન અન્ય કોઈ આચાર્ય અથવા તો ‘આત્મા’ શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને “દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હમેશાં પ્રાપ્ત હોય તે આત્મા છે” એવો ‘આત્મા’ શબ્દનો અર્થ સમજાવે છે ત્યારે તુરત જ ઉત્પન્ન થતાં અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે એવો તે વ્યવહારીજન તે ‘આત્મા’ શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે. એ રીતે જગત મ્લેચ્છના સ્થાને હોવાથી, અને વ્યવહારનય પણ મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે; તેમ જ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું-એ વચનથી તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય નથી.

**ભાવાર્થઃ-** લોકો શુદ્ધનયને જાણતા નથી કારણ કે શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે; તેઓ અશુદ્ધનયને જ જાણે છે કેમ કે તેનો વિષય ભેદરૂપ અનેક પ્રકાર છે; તેથી તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે. આ કારણે વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે. અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે પણ અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી પરમાર્થે પહોંચાડે છે એમ સમજવું.

હવે, એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ-

जो सुदणाणं सव्वं जाणदि सुदकेवलिं तमाहु जिणा।
णाणं अप्पा सव्वं जम्हा सुदकेवली तम्हा।। १० ।। जुम्मं।।

यो हि श्रुतेनाभिगच्छति आत्मानमिमं तु केवलं शुद्धम्।
तं श्रुतकेवलिनमृषयो भणन्ति लोकप्रदीपकराः।। ९ ।।
यः श्रुतज्ञानं सर्वं जानाति श्रुतकेवलिनं तमाहुर्जिनाः।
ज्ञानमात्मा सर्वं यस्माच्छ्रुतकेवली तस्मात्।। १० ।। युग्मम्।

यः श्रुतेन केवलं शुद्धमात्मानं जानाति स श्रुतकेवलीति तावत्परमार्थो; यः श्रुतज्ञानं सर्वं जानाति स श्रुतकेवलीति तु व्यवहारः। तदत्र सर्वमेव तावत् ज्ञानं निरूप्यमाणं किमात्मा किमनात्मा? न तावदनात्मा, समस्तस्याप्यनात्मनश्चेतनेतर-पदार्थपञ्चतयस्य ज्ञानतादात्म्यानुपपत्तेः। ततो गत्यन्तराभावात् ज्ञानमात्मेत्यायाति।

---

શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,
લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.
શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;
સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.

**ગાથાર્થઃ-** [ यः ] જે જીવ [ हि ] નિશ્ચયથી [ श्रुतेन तु ] શ્રુતજ્ઞાનવડે [ इमं ] આ અનુભવગોચર [ केवलं शुद्धम् ] કેવળ એક શુદ્ધ [ आत्मानम् ] આત્માને [ अभिगच्छति ] સન્મુખ થઈ જાણે છે [ तं ] તેને [ लोकप्रदीपकराः ] લોકને પ્રગટ જાણનારા [ ऋषयः ] ઋષીશ્વરો [ श्रुतकेवलिनम् ] શ્રુતકેવળી [ भणन्ति ] કહે છે; [ यः ] જે જીવ [ सर्वं ] સર્વ [ श्रुतज्ञानं ] શ્રુતજ્ઞાનને [ जानाति ] જાણે છે [ तम् ] તેને [ जिनाः ] જિનદેવો [ श्रुतकेवलिनं ] શ્રુતકેવળી [ आहुः ] કહે છે, [ यस्मात् ] કારણ કે [ ज्ञानम् सर्वं ] જ્ઞાન બધું [ आत्मा ] આત્મા જ છે [ तस्मात् ] તેથી [ श्रुतकेवली ] ( તે જીવ ) શ્રુતકેવળી છે.

**ટીકાઃ-** પ્રથમ, “ જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે ” તે તો પરમાર્થ છે; અને “ જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે ” તે વ્યવહાર છે. અહીં બે પક્ષ લઈ પરીક્ષા કરીએ છીએઃ-ઉપર કહેલું સર્વ જ્ઞાન આત્મા છે કે અનાત્મા? જો અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્યો છે તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી ( કેમ કે તેમનામાં જ્ઞાન સિદ્ધ જ નથી ). તેથી અન્ય પક્ષનો અભાવ હોવાથી

अतः श्रुतज्ञानमप्यात्मैव स्यात्। एवं सति यः आत्मानं जानाति स श्रुतकेवलीत्यायाति, स तु परमार्थ एव। एवं ज्ञानज्ञानिनोर्भेदेन व्यपदिशता व्यवहारेणापि परमार्थमात्रमेव प्रतिपाद्यते, न किञ्चिदप्यतिरिक्तम्। अथ च यः श्रुतेन केवलं शुद्धमात्मानं जानाति स श्रुतकेवलीति परमार्थस्य प्रतिपादयितुमशक्यत्वाद्यः श्रुतज्ञानं सर्वं जानाति स श्रुतकेवलीति व्यवहारः परमार्थप्रतिपादकत्वेनात्मानं प्रतिष्ठापयति।

कुतो व्यवहारनयो नानुसर्तव्य इति चेत्-

ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।
भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।। ११ ।।

---

જ્ઞાન આત્મા જ છે એ પક્ષ સિદ્ધ થાય છે. માટે શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે. આમ થવાથી ‘જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે’ એમ જ આવે છે; અને તે તો પરમાર્થ જ છે. આ રીતે જ્ઞાન અને જ્ઞાનીના ભેદથી કહેનારો જે વ્યવહાર તેનાથી પણ પરમાર્થમાત્ર જ કહેવામાં આવે છે. તેનાથી ભિન્ન અધિક કાંઈ કહેવામાં આવતું નથી. વળી “જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે” એવા પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય હોવાથી, “જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે” એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી પોતાને દ્રઢપણે સ્થાપિત કરે છે.

**ભાવાર્થઃ-** જે શાસ્ત્રજ્ઞાનથી અભેદરૂપ જ્ઞાયકમાત્ર શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે એ તો પરમાર્થ (નિશ્ચય કથન) છે. વળી જે સર્વ શાસ્ત્રજ્ઞાનને જાણે છે તેણે પણ જ્ઞાનને જાણવાથી આત્માને જ જાણ્યો કારણ કે જ્ઞાન છે તે આત્મા જ છે; તેથી જ્ઞાન–જ્ઞાનીનો ભેદ કહેનારો જે વ્યવહાર તેણે પણ પરમાર્થ જ કહ્યો. અન્ય કાંઈ ન કહ્યું. વળી પરમાર્થનો વિષય તો કથંચિત્ વચનગોચર પણ નથી તેથી વ્યવહારનય જ આત્માને પ્રગટપણે કહે છે એમ જાણવું.

હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે–પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ–

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

व्यवहारोऽभूतार्थो भूतार्थो दर्शितस्तु शुद्धनयः।
भूतार्थमाश्रितः खलु सम्यग्दृष्टिर्भवति जीवः।। ११ ।।

**व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति, शुद्धनय एक एव भूतार्थत्वात् भूतमर्थं प्रद्योतयति। तथा हि-यथा प्रबलपंकसंवलनतिरोहितसहजैकाच्छभावस्य पयसोऽनुभवितारः पुरुषाः पङ्कपयसोर्विवेकमकुर्वन्तो बहवोऽनच्छमेव तदनुभवन्ति; केचित्तु स्वकरविकीर्णकतकनिपातमात्रोपजनितपङ्कपयोविवेकतया स्वपुरुषकाराविर्भावितसहजैकाच्छभावत्वादच्छमेव तदनुभवन्ति; तथा प्रबलकर्मसंवलन-तिरोहितसहजैकज्ञायकभावस्यात्मनोऽनुभवितारः पुरुषा आत्मकर्मणोर्विवेकमकुर्वन्तो व्यवहारविमोहितहृदयाः प्रद्योतमानभाववैश्वरूप्यं तमनुभवन्ति; भूतार्थदर्शिनस्तु स्वमतिनिपातितशुद्धनयानुबोधमात्रोपजनितात्मकर्मविवेकतया स्वपुरुषकाराविर्भावित-**

---

**ગાથાર્થઃ-** [ व्यवहारः ] વ્યવહારનય [ अभूतार्थः ] અભૂતાર્થ છે [ तु ] અને [ शुद्धनयः ] શુદ્ધનય [ भूतार्थः ] ભૂતાર્થ છે એમ [ दर्शितः ] ૠષીશ્વરોએ દર્શાવ્યું છે; [ जीवः ] જે જીવ [ भूतार्थं ] ભૂતાર્થનો [ आश्रितः ] આશ્રય કરે છે તે જીવ [ खलु ] નિશ્ચયથી [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દષ્ટિ [ भवति ] છે.

**ટીકાઃ-** વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે; શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે. આ વાત દષ્ટાંતથી બતાવીએ છીએઃ-જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે એવા જળનો અનુભવ કરનારા પુરુષો-જળ અને કાદવનો વિવેક નહિ કરનારા ઘણા તો, તેને (જળને) મલિન જ અનુભવે છે; પણ કેટલાક પોતાના હાથથી નાખેલા ક્તકફળ- (નિર્મળી ઔષધિ) ના પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને (જળને) નિર્મળ જ અનુભવે છે; એવી રીતે પ્રબળ કર્મના મળવાની જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો-આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને

**सहजैकज्ञायकभावत्वात् प्रद्योतमानैकज्ञायकभावं तमनुभवन्ति। तदत्र ये भूतार्थमाश्रयन्ति त एव सम्यक् पश्यन्त: सम्यग्दृष्टयो भवन्ति, न पुनरन्ये, कतकस्थानीयत्वात् शुद्धनयस्य। अत: प्रत्यगात्मदर्शिभिर्व्यवहारनयो नानुसर्तव्य:।**

**अथ च केषाञ्चित्कदाचित्सोऽपि प्रयोजनवान्। यत:-**

---

(આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. અહીં, શુદ્ધનય ક્તકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દૃષ્ટિ છે પણ બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દૃષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.

**ભાવાર્થઃ-** અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે-શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ. એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાન્તમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે. માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્‌વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે- ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે-''શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.'' એમ આશય જાણવો.

હવે, "એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે, સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી; તેથી તેનો ઉપદેશ છે" એમ કહે છેઃ-

सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।। १२ ।।
शुद्धः शुद्धादेशो ज्ञातव्यः परमभावदर्शिभिः।
व्यवहारदेशिताः पुनर्ये त्वपरमे स्थिता भावे।। १२ ।।

ये खलु पर्यन्तपाकोत्तीर्णजात्यकार्तस्वरस्थानीयं परमं भावमनुभवन्ति तेषां प्रथम-द्वितीयाद्यनेकपाकपरम्परापच्यमानकार्तस्वरानुभवस्थानीयापरमभावानुभवनशून्यत्वाच्छुद्ध-द्रव्यादेशितया समुद्योतितास्खलितैकस्वभावैकभावः शुद्धनय एवोपरितनैकप्रतिवर्णिका- स्थानीयत्वात्परिज्ञायमानः प्रयोजनवान्; ये तु प्रथमद्वितीयाद्यनेकपाकपरम्परापच्य-मानकार्तस्वरस्थानीयमपरमं भावमनुभवन्ति तेषां पर्यन्तपाकोत्तीर्णजात्यकार्तस्वर-स्थानीयपरमभावानुभवनशून्यत्वादशुद्धद्रव्यादेशितयोपदर्शितप्रतिविशिष्टैकभावानेकभावो

---

દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;
અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.

**ગાથાર્થઃ-** [ परमभावदर्शिभिः ] જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા તથા પૂર્ણ જ્ઞાન-ચારિત્રવાન થઈ ગયા તેમને તો [ शुद्धादेशः ] શુદ્ધ ( આત્મા ) નો ઉપદેશ ( આજ્ઞા ) કરનાર [ शुद्धः ] શુદ્ધનય [ ज्ञातव्यः ] જાણવાયોગ્ય છે; [ पुनः ] વળી [ ये तु ] જે જીવો [ अपरमे भावे ] અપરમભાવે-અર્થાત્ શ્રદ્ધા તથા જ્ઞાન-ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા, સાધક અવસ્થામાં જ- [ स्थिताः ] સ્થિત છે તેઓ [ व्यवहारदेशिताः ] વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે.

**ટીકાઃ-** જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ( વસ્તુના ) ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે તેમને પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન ( પકાવવામાં આવતા ) અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ ( મધ્યમ ) ભાવ તેનો અનુભવ નથી હોતો; તેથી, શુદ્ધદ્રવ્યને કહેનાર હોવાથી જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે એવો શુદ્ધનય જ, સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા ( સુવર્ણના વર્ણ ) સમાન હોવાથી, જાણેલો પ્રયોજનવાન છે. પરંતુ જે પુરુષો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે ( વસ્તુનો ) અનુત્કૃષ્ટ ( મધ્યમ ) ભાવ તેને અનુભવે છે તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો; તેથી, અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડયા છે

**व्यवहारनयो विचित्रवर्णमालिकास्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्; तीर्थतीर्थफलयोरित्थमेव व्यवस्थितत्वात्। उक्तं च-**

**''जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।**
**एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।''**

---

એવો વ્યવહારનય, વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. એ રીતે પોતપોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે કારણ કે તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે. (જેનાથી તરાય તે તીર્થ છે; એવો વ્યવહારધર્મ છે. પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે; અથવા પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ છે.) બીજી જગ્યાએ પણ કહ્યું છે કેઃ–

''जह जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।''

[ **અર્થ**:-આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય–એ બન્ને નયોને ન છોડો; કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ–વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વ (વસ્તુ) નો નાશ થઈ જશે. ]

**ભાવાર્થઃ-** લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે. પંદર–વલા સુધી તેમાં ચૂરી આદિ પરસંયોગની કાલિમા રહે છે તેથી અશુદ્ધ કહેવાય છે; અને તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે ત્યારે સોળ–વલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે. જે જીવોને સોળ–વલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ તેમને પંદર–વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી અને જેમને સોળ–વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદર–વલા સુધીનું પણ પ્રયોજનવાન છે. એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે તે પુદ્ગલના સંયોગથી અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે. તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણરૂપ પ્રાપ્તિ–એ ત્રણે જેમને થઈ ગયાં તેમને તો પુદ્ગલસંયોગજનિત અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન (કોઈ મતલબનો) નથી; પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે. જ્યાં સુધી યથાર્થ જ્ઞાન–શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા જિનવચનોને કહેનારા શ્રી જિન–ગુરુની ભક્તિ, જિનબિંબનાં દર્શન ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે; અને જેમને શ્રદ્ધાન–જ્ઞાન તો થયાં છે પણ

( मालिनी )

**उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के**
**जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।**
**सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४ ।।**

---

સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ તેમને પૂર્વકથિત કાર્ય, પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ અણુવ્રત–મહાવ્રતનું ગ્રહણ, સમિતિ, ગુપ્તિ, પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન, એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી અને વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો ઇત્યાદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું–એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે. * વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે; પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે અને શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી, તેથી ઊલટો અશુભોપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે. માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે–એવો સ્યાદ્વાદમતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

એ અર્થનું કલશરૂપ કાવ્ય ટીકાકાર કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ उभय–नय–विरोध–ध्वंसिनि ] નિશ્ચય અને વ્યવહાર–એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું [ स्यात्–पद–अंके ] 'સ્યાત્' પદથી ચિહ્નિત [ जिनवचसि ] જે જિન ભગવાનનું વચન (વાણી) તેમાં [ ये रमन्ते ] જે પુરુષો રમે છે (–પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે) [ ते ] તે પુરુષો [ स्वयं ] પોતાની મેળે (અન્ય કારણ વિના) [ वान्तमोहाः ] મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને [ उच्चंः परं ज्योतिः समयसारं ] આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને [ सपदि ] તુરત [ ईक्षन्ते एव ] દેખે જ છે. કેવો છે સમય–સારરૂપ શુદ્ધ આત્મા? [ अनवम् ] નવીન ઉત્પન્ન થયો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે. વળી કેવો છે? [ अनय–पक्ष–अक्षुण्णम् ] સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે.

---

* વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે, પણ એમ સમજવું કે વ્યવહારોપદિષ્ટ શુભ ભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે. વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભ ભાવો કરવાથી શુદ્ધતાને પામે છે, પરંતુ એમ સમજવું કે સાધક દશામાં ભૂમિકા અનુસાર શુભ ભાવો આવ્યા વિના રહેતા નથી.

( मालिनी )

**व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हन्त हस्तावलम्बः।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।। ५ ।।**

---

**ભાવાર્થઃ-** જિનવચન (વાણી) સ્યાદ્વાદરૂપ છે. જ્યાં બે નયોને વિષયનો વિરોધ છે-જેમ કેઃ જે સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય, એક હોય તે અનેક ન હોય, નિત્ય હોય તે અનિત્ય ન હોય, ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય, શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય ઈત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે-ત્યાં જિનવચન કથંચિત્ વિવક્ષાથી સત્-અસત્‌રૂપ, એક-અનેકરૂપ, નિત્ય-અનિત્યરૂપ, ભેદ-અભેદરૂપ, શુદ્ધ-અશુદ્ધરૂપ જે રીતે વિદ્યમાન વસ્તુ છે તે રીતે કહીને વિરોધ મટાડી દે છે, જૂઠી કલ્પના કરતું નથી. તે જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક-એ બે નયોમાં, પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકનયને ગૌણ કરી તેને વ્યવહાર કહે છે. -આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે છે તે આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે; અન્ય સર્વથા-એકાન્તી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી, કારણ કે વસ્તુ સર્વથા એકાંત પક્ષનો વિષય નથી તોપણ તેઓ એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે-જે અસત્યાર્થ છે, બાધા સહિત મિથ્યા દૃષ્ટિ છે. ૪.

આ રીતે બાર ગાથાઓમાં પીઠિકા ( ભૂમિકા ) છે.

હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. અશુદ્ધનયની ( વ્યવહારનયની ) પ્રધાનતામાં જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે એમ કહે છે. ત્યાં ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે; તેમાં પહેલાં શ્લોકમાં એમ કહે છે કે વ્યવહારનયને કથંચિત્ પ્રયોજનવાન કહ્યો તોપણ તે કાંઈ વસ્તુભૂત નથીઃ-

**શ્લોકાર્થઃ-** [ व्यवहरण–नयः ] જે વ્યવહારનય છે તે [ यद्यपि ] જોકે [ इह प्राक्–पदव्यां ] આ પહેલી પદવીમાં ( જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી ) [ निहित–पदानां ] જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, [ हन्त ] અરેરે! [ हस्तावलम्बः स्यात् ] હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, [ तद्–अपि ] તોપણ [ चित्–चमत्कार–मात्रं पर–विरहितं परमं अर्थं अन्तः पश्यतां ] જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર-માત્ર પરદ્રવ્યભાવોથી રહિત ( શુદ્ધનયના વિષયભૂત ) પરમ 'અર્થ'ને અંતરંગમાં

( शार्दूलविक्रीडित )

**एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः**
**पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।**
**सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं**
**तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।। ६ ।।**

---

અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે તેમને [ एषः ] એ વ્યવહારનય [ किञ्चित् न ] કાંઈ પણ પ્રયોજનવાન નથી.

**ભાવાર્થઃ-** શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ થયા બાદ અશુદ્ધનય કાંઈ પણ પ્રયોજનકારી નથી. ૫.

હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अस्य आत्मनः ] આ આત્માને [ यद् इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् ] અન્ય દ્રવ્યોથી જુદો દેખવો ( શ્રદ્ધવો ) [ एतत् एव नियमात् सम्यग्दर्शनम् ] તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવા છે આત્મા ? [ व्याप्तुः ] પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે ? [ शुद्धनयतः एकत्वे नियतस्य ] શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે ? [ पूर्ण-ज्ञान-घनस्य ] પૂર્ણજ્ઞાનઘન છે. [ च ] વળી [ तावान् अयं आत्मा ] જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. [ तत् ] તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે "[ इमाम् नव-तत्त्व-सन्ततिं मुक्त्वा ] આ નવતત્ત્વની પરિપાટીને છોડી, [ अयम् आत्मा एकः अस्तु नः ] આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો."

**ભાવાર્થઃ-** સર્વ સ્વાભાવિક તથા નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ ગુણપર્યાયભેદોમાં વ્યાપનારો આ આત્મા શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો- શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો, તેને સર્વ અન્યદ્રવ્યો અને અન્યદ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો, શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે. વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહી સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે ત્યાં વ્યભિચાર ( દોષ ) આવે છે, નિયમ રહેતો નથી. શુદ્ધનયની હદે પહોંચતાં વ્યભિચાર રહેતો નથી તેથી નિયમરૂપ છે. કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા ? પૂર્ણજ્ઞાનઘન છે-સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે. એવા આત્માના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે. તે કાંઈ જુદો પદાર્થ નથી-આત્માના જ પરિણામ છે, તેથી આત્મા જ છે. માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે, અન્ય નથી.

( अनुष्टुभ् )

**अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।**
**नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।। ७ ।।**

---

અહીં એટલું વિશેષ જાણવું કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો. શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે કારણ કે વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે; તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા, આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત, પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-સર્વ લોકાલોકને જાણનાર, અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે. આ વ્યવહારી છદ્મસ્થ જીવ આગમને પ્રમાણ કરી, શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે તે શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે. જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન નથી. તેથી આચાર્ય કહે છે કે એ નવ તત્ત્વોની સંતતિને ( પરિપાટીને ) છોડી શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો; બીજું કાંઈ ચાહતા નથી. આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે, કોઈ નયપક્ષ નથી. જો સર્વથા નયોનો પક્ષપાત જ થયા કરે તો મિથ્યાત્વ જ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે-આત્મા ચૈતન્ય છે એટલું જ અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ? તેનું સમાધાનઃ-ચૈતન્યમાત્ર તો નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે; જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો તો સૌને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે. તેથી સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું શ્રદ્ધાન થવાથી જ નિશ્ચય સમ્યક્ત્વ થાય છે એમ સમજવું. ૬.

હવે, 'ત્યાર પછી શુદ્ધનયને આધીન, સર્વ દ્રવ્યોથી ભિન્ન, આત્મજ્યોતિ પ્રગટ થઈ જાય છે' એમ આ શ્લોકમાં ટીકાકાર આચાર્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अतः ] ત્યાર બાદ [ शुद्धनय-आयत्तं ] શુદ્ધનયને આધીન [ प्रत्यग्-ज्योतिः ] જે ભિન્ન આત્મજ્યોતિ છે [ तत् ] તે [ चकास्ति ] પ્રગટ થાય છે [ यद् ] કે જે [ नव-तत्त्व-गतत्वे अपि ] નવતત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં [ एकत्वं ] પોતાના એકપણાને [ न मुञ्चति ] છોડતી નથી.

**ભાવાર્થઃ-** નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપ દેખાય છે; જો તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે તો તે પોતાની ચૈતન્ય-ચમત્કારમાત્ર જ્યોતિને છોડતો નથી. ૭.

**भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।**
**आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं।। १३ ।।**

**भूतार्थेनाभिगता जीवाजीवौ च पुण्यपापं च।**
**आस्रवसंवरनिर्जरा बन्धो मोक्षश्च सम्यक्त्वम्।। १३ ।।**

**अमूनि हि जीवादीनि नवतत्त्वानि भूतार्थेनाभिगतानि सम्यग्दर्शनं सम्पद्यन्त एव, अमीषु तीर्थप्रवृत्तिनिमित्तमभूतार्थनयेन व्यपदिश्यमानेषु जीवाजीवपुण्यपापास्रव-संवरनिर्जराबन्धमोक्षलक्षणेषु नवतत्त्वेष्वेकत्वद्योतिना भूतार्थनयेनैकत्वमुपानीय शुद्धनयत्वेन व्यवस्थापितस्यात्मनोऽनुभूतेरात्मख्यातिलक्षणायाः सम्पद्यमानत्वात्। तत्र विकार्यविकारकोभयं पुण्यं तथा पापम्, आस्राव्यास्रावकोभयमास्रवः, संवार्यसंवारकोभयं संवरः, निर्जर्यनिर्जरकोभयं निर्जरा, बन्ध्यबन्धकोभयं बन्धः, मोच्यमोचकोभयं मोक्षः,**

---

એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે એમ સૂત્રકાર ગાથામાં કહે છેઃ–

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

**ગાથાર્થઃ-** [ भूतार्थेन अभिगताः ] ભૂતાર્થ નયથી જાણેલ [ जीवाजीवौ ] જીવ, અજીવ [ च ] વળી [ पुण्यपापं ] પુણ્ય, પાપ [ च ] તથા [ आस्रवसंवरनिर्जराः ] આસ્રવ, સંવર, નિર્જરા, [ बन्धः ] બંધ [ च ] અને [ मोक्षः ] મોક્ષ [ सम्यक्त्वम् ] —એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

**ટીકાઃ-** આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે (–એ નિયમ કહ્યો); કારણ કે તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર) નયથી કહેવામાં આવે છે એવાં આ નવ તત્ત્વો–જેમનાં લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે–તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી, શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ –કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે–તેની પ્રાપ્તિ હોય છે. (શુદ્ધનયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો.) ત્યાં, વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર–એ બન્ને પુણ્ય છે, તેમ જ એ બન્ને પાપ છે, આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર–એ બન્ને આસ્રવ છે, સંવરરૂપ થવા યોગ્ય (સંવાર્ય) અને સંવર કરનાર (સંવારક) –એ બન્ને સંવર છે, નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર–એ બન્ને નિર્જરા છે, બંધાવા યોગ્ય અને બંધન કરનાર–એ બન્ને બંધ છે

**स्वयमेकस्य पुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षानुपपत्तेः। तदुभयं च जीवाजीवाविति। बहिर्दृष्ट्या नवतत्त्वान्यमूनि जीवपुद्गलयोरनादिबन्धपर्यायमुपेत्यैकत्वेनानुभूयमानतायां भूतार्थानि, अथ चैकजीवद्रव्यस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थानि। ततोऽमीषु नवतत्त्वेषु भूतार्थनयेनैको जीव एव प्रद्योतते। तथान्तर्दृष्ट्या ज्ञायको भावो जीवो, जीवस्य विकारहेतुरजीवः। केवलजीवविकाराश्च पुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षलक्षणाः, केवलाजीवविकारहेतवः पुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षा इति। नवतत्त्वान्यमून्यपि जीवद्रव्यस्वभावमपोह्य स्वपरप्रत्ययैकद्रव्यपर्यायत्वेनानुभूयमानतायां भूतार्थानि, अथ च सकलकालमेवास्खलन्तमेकं जीवद्रव्यस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थानि। ततोऽमीष्वपि नवतत्त्वेषु भूतार्थनयेनैको जीव एव प्रद्योतते। एवमसावेकत्वेन द्योतमानः शुद्धनयत्वेनानुभूयत एव। या त्वनुभूतिः सात्मख्यातिरेवात्मख्यातिस्तु सम्यग्दर्शनमेव। इति समस्तमेव निरवद्यम्।**

---

અને મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર-એ બન્ને મોક્ષ છે; કારણ કે એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ ( સિદ્ધિ ) બનતી નથી. તે બન્ને જીવ અને અજીવ છે ( અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે ).

બાહ્ય ( સ્થૂલ ) દૃષ્ટિથી જોઈએ તોઃ-જીવ-પુદ્‌ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવ તત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે, અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે; ( જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી; ) તેથી આ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એવી રીતે અંતર્દૃષ્ટિથી જોઈએ તોઃ-જ્ઞાયક ભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ અજીવ છે; વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ જેમનાં લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે અને પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ વિકારહેતુઓ કેવળ અજીવ છે. આવાં આ નવ તત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે અને સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એમ તે, એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે. અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ ( આત્માની ઓળખાણ ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે. આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે-બાધા રહિત છે.

( मालिनी )

**चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं**
**कनकमिव निमग्नं वर्णमालाकलापे।**
**अथ सततविविक्तं दृश्यतामेकरूपं**
**प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।। ८ ।।**

**अथैवमेकत्वेन द्योतमानस्यात्मनोऽधिगमोपायाः प्रमाणनयनिक्षेपाः ये ते**

---

**ભાવાર્થઃ-** આ નવ તત્ત્વોમાં, શુદ્ધનયથી જોઈએ તો, જીવ જ એક ચૈતન્ય-ચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે, તે સિવાય જુદાં જુદાં નવ તત્ત્વો કાંઈ દેખાતાં નથી. જ્યાં સુધી આ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી ત્યાં સુધી તે વ્યવહારદ્રષ્ટિ છે, જુદાં જુદાં નવ તત્ત્વોને માને છે. જીવ-પુદગલના બંધપર્યાયરૂપ દ્રષ્ટિથી આ પદાર્થો જુદા જુદા દેખાય છે; પણ જ્યારે શુદ્ધનયથી જીવ-પુદગલનું નિજસ્વરૂપ જુદું જુદું જોવામાં આવે ત્યારે એ પુણ્ય, પાપ આદિ સાત તત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી; નિમિત્ત-નૈમિત્તિક ભાવથી થયાં હતાં તે નિમિત્ત-નૈમિત્તિક ભાવ જ્યારે મટી ગયો ત્યારે જીવ-પુદગલ જુદાં જુદાં હોવાથી બીજી કોઈ વસ્તુ ( પદાર્થ ) સિદ્ધ થઈ શકતી નથી. વસ્તુ તો દ્રવ્ય છે ને દ્રવ્યનો નિજભાવ દ્રવ્યની સાથે જ રહે છે તથા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો તો અભાવ જ થાય છે, માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. જ્યાં સુધી જુદા જુદા નવ પદાર્થો જાણે, શુદ્ધનયથી આત્માને જાણે નહિ ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે.

અહીં, એ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इति ] આ રીતે [ चिरम् नव-तत्त्व-च्छन्नम् इदम् आत्मज्योतिः ] નવ તત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને, [ वर्णमाला-कलापे निमग्नं कनकम् इव ] જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ, [ उन्नीयमानं ] શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે. [ अथ ] માટે હવે હે ભવ્ય જીવો! [ सततविविक्तं ] હંમેશાં આને અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિક ભાવોથી ભિન્ન, [ एकरूपं ] એકરૂપ [ दृश्यताम् ] દેખો. [ प्रतिपदम् उद्योतमानम् ] આ ( જ્યોતિ ), પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્ચમત્કારમાત્ર ઉદ્યોતમાન છે.

**ભાવાર્થઃ-** આ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધવિધ રૂપે દેખાતો હતો તેને શુદ્ધનયે એક ચૈતન્ય-ચમત્કારમાત્ર દેખાડયો છે; તેથી હવે સદા એકાકાર જ અનુભવ કરો, પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો-એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે. ૮.

**ટીકાઃ-** હવે, જેમ નવ તત્ત્વોમાં એક જીવને જ જાણવો ભૂતાર્થ કહ્યો તેમ,

**खल्वभूतार्थास्तेष्वप्ययमेक एक भूतार्थः। प्रमाणं तावत्परोक्षं प्रत्यक्षं च। तत्रोपात्तानुपात्तपरद्वारेण प्रवर्तमानं परोक्षं, केवलात्मप्रतिनियतत्वेन प्रवर्तमानं प्रत्यक्षं च। तदुभयमपि प्रमातृप्रमाणप्रमेयभेदस्यानुभूयमानतायां भूतार्थम्, अथ च व्युदस्तसमस्त-भेदैकजीवस्वभावस्यानुभूयमानतायामभूतार्थम्। नयस्तु द्रव्यार्थिकः पर्यायार्थिकश्च। तत्र द्रव्यपर्यायात्मके वस्तुनि द्रव्यं मुख्यतयानुभावयतीति द्रव्यार्थिकः, पर्यायं मुख्यतयानुभावयतीति पर्यायार्थिकः। तदुभयमपि द्रव्यपर्याययोः पर्यायेणानुभूयमानतायां भूतार्थम्, अथ च द्रव्यपर्यायानालीढशुद्धवस्तुमात्रजीवस्वभावस्यानुभूयमानतायामभूतार्थम्। निक्षेपस्तु नाम स्थापना द्रव्यं भावश्च। तत्रातद्गुणे वस्तुनि संज्ञाकरणं नाम। सोऽयमित्यन्यत्र प्रतिनिधिव्यवस्थापनं स्थापना। वर्तमानतत्पर्याया-**

---

એકપણે પ્રકાશમાન આત્માના અધિગમના ઉપાયો જે પ્રમાણ, નય, નિક્ષેપ છે તેઓ પણ નિશ્ચયથી અભૂતાર્થ છે, તેમાં પણ આત્મા એક જ ભૂતાર્થ છે ( કારણ કે જ્ઞેય અને વચનના ભેદોથી પ્રમાણાદિ અનેક ભેદરૂપ થાય છે ). તેમાં પહેલાં, પ્રમાણ બે પ્રકારે છે– પરોક્ષ અને પ્રત્યક્ષ. [૧]ઉપાત્ત અને [૨]અનુપાત્ત પર ( પદાર્થો ) દ્વારા પ્રવર્તે તે પરોક્ષ છે અને કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે. ( પ્રમાણ જ્ઞાન છે. તે જ્ઞાન પાંચ પ્રકારનું છે–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ. તેમાં મતિ ને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ છે, અવધિ ને મનઃપર્યય એ બે વિકલ–પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સકલ–પ્રત્યક્ષ છે. તેથી એ બે પ્રકારનાં પ્રમાણ છે. ) તે બન્ને પ્રમાતા, પ્રમાણ, પ્રમેયના ભેદને અનુભવતાં તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે એવા એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

નય બે પ્રકારે છે–દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં દ્રવ્ય–પર્યાયસ્વરૂપ વસ્તુમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય છે અને પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે તે પર્યાયાર્થિક નય છે. તે બંને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી ( ભેદથી, ક્રમથી ) અનુભવ કરતાં તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને દ્રવ્ય તથા પર્યાય એ બન્નેથી નહિ આલિંગન કરાયેલા એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના ( ચૈતન્યમાત્ર ) સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

નિક્ષેપ ચાર પ્રકારે છે–નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ. વસ્તુમાં જે ગુણ ન હોય તે ગુણના નામથી ( વ્યવહાર માટે ) વસ્તુની સંજ્ઞા કરવી તે નામ નિક્ષેપ છે.

---

૧. ઉપાત્ત = મેળવેલા. ( ઇંદ્રિય, મન વગેરે ઉપાત્ત પર પદાર્થો છે. )
૨. અનુપાત્ત = અણમેળવેલા. ( પ્રકાશ, ઉપદેશ વગેરે અનુપાત્ત પર પદાર્થો છે. )

**दन्यद् द्रव्यम्। वर्तमानतत्पर्यायो भावः। तच्चतुष्टयं स्वस्वलक्षणवैलक्षण्येनानुभूयमानतायां भूतार्थम्, अथ च निर्विलक्षणस्वलक्षणैकजीवस्वभावस्यानुभूयमानतायामभूतार्थम्। अथैवममीषु प्रमाणनयनिक्षेपेषु भूतार्थत्वेनैको जीव एव प्रद्योतते।**

( मालिनी )

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**
**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-**
**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।**

---

'આ તે છે' એમ અન્ય વસ્તુમાં અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપવું (-પ્રતિમારૂપ સ્થાપન કરવું) તે સ્થાપના નિક્ષેપ છે. વર્તમાનથી અન્ય એટલે કે અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે દ્રવ્ય નિક્ષેપ છે. વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે ભાવ નિક્ષેપ છે. એ ચારેય નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી (વિલક્ષણરૂપે-જુદા જુદા રૂપે) અનુભવ કરવામાં આવતાં તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે; અને ભિન્ન લક્ષણથી રહિત એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવ-સ્વભાવનો અનુભવ કરતાં એ ચારેય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. આ રીતે આ પ્રમાણ-નય-નિક્ષેપોમાં ભૂતાર્થપણે એક જીવ જ પ્રકાશમાન છે.

**ભાવાર્થઃ-** આ પ્રમાણ, નય, નિક્ષેપોનું વિસ્તારથી વ્યાખ્યાન તે વિષયના ગ્રંથોમાંથી જાણવું; તેમનાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે. તેઓ સાધક અવસ્થામાં તો સત્યાર્થ જ છે કારણ કે તે જ્ઞાનના જ વિશેષો છે. તેમના વિના વસ્તુને ગમે તેમ સાધવામાં આવે તો વિપર્યય થઈ જાય છે. અવસ્થા અનુસાર વ્યવહારના અભાવની ત્રણ રીતિ છેઃ પહેલી અવસ્થામાં પ્રમાણાદિથી યથાર્થ વસ્તુને જાણી જ્ઞાન-શ્રદ્ધાનની સિદ્ધિ કરવી; જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ થયા પછી શ્રદ્ધાન માટે તો પ્રમાણાદિની કાંઈ જરૂર નથી. પણ હવે એ બીજી અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે અને રાગ-દ્વેષ-મોહકર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે; તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેવળજ્ઞાન થયા પછી પ્રમાણાદિનું આલંબન રહેતું નથી. ત્યાર પછી ત્રીજી સાક્ષાત્ સિદ્ધ અવસ્થા છે ત્યાં પણ કાંઈ આલંબન નથી. એ રીતે સિદ્ધ અવસ્થામાં પ્રમાણ-નય-નિક્ષેપોનો અભાવ જ છે.

એ અર્થનો કલશરૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે- [ अस्मिन् सर्वङ्कषे धाम्नि अनुभवम् उपयाते ] આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત

( ઉપજાતિ )

**आत्मस्वभावं परभावभिन्न-**
**मापूर्णमाद्यन्तविमुक्तमेकम् ।**
**विलीनसङ्कल्पविकल्पजालं**
**प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ।। १० ।।**

---

ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા, તેનો અનુભવ થતાં [ नयश्रीः न उदयति ] નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, [ प्रमाणं अस्तम् एति ] પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે [ अपि च ] અને [ निक्षेपचक्रम् क्वचित् याति, न विद्मः ] નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી. [ किम् अपरम् अभिदध्मः ] આથી અધિક શું કહીએ ? [ द्वैतम् एव न भाति ] દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.

**ભાવાર્થઃ-** ભેદને અત્યંત ગૌણ કરીને કહ્યું છે કે-પ્રમાણ, નયાદિ ભેદની તો વાત જ શી ? શુદ્ધ અનુભવ થતાં દ્વૈત જ ભાસતું નથી, એકાકાર ચિન્માત્ર જ દેખાય છે.

અહીં વિજ્ઞાનાદ્વૈતવાદી તથા વેદાંતી કહે છે કે-છેવટ પરમાર્થરૂપ તો અદ્વૈતનો જ અનુભવ થયો. એ જ અમારો મત છે; તમે વિશેષ શું કહ્યું ? એનો ઉત્તરઃ-તમારા મતમાં સર્વથા અદ્વૈત માનવામાં આવે છે. જો સર્વથા અદ્વૈત માનવામાં આવે તો બાહ્ય વસ્તુનો અભાવ જ થઈ જાય, અને એવો અભાવ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. અમારા મતમાં નયવિવક્ષા છે તે બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી. જ્યારે શુદ્ધ અનુભવથી વિકલ્પ મટી જાય છે ત્યારે આત્મા પરમાનંદને પામે છે તેથી અનુભવ કરાવવા માટે ''શુદ્ધ અનુભવમાં દ્વૈત ભાસતું નથી'' એમ કહ્યું છે. જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય અને શૂન્યવાદનો પ્રસંગ આવે. માટે તમે કહો છો તે પ્રમાણે વસ્તુ સ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી, અને વસ્તુસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના જે શુદ્ધ અનુભવ કરવામાં આવે તે પણ મિથ્યારૂપ છે; શુન્યનો પ્રસંગ હોવાથી તમારો અનુભવ પણ આકાશના ફૂલનો અનુભવ છે. ૯.

આગળ શુદ્ધનયનો ઉદય થાય છે તેની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ शुद्धनयः आत्मस्वभावं प्रकाशयन् अभ्युदेति ] શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે. તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે ? [ परभावभिन्नम् ] પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો-એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે. વળી તે, [ आपूर्णम् ] આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે-સમસ્ત લોકાલોકને જાણનાર છે-એમ પ્રગટ કરે છે; ( કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે, શુદ્ધનયમાં કર્મ ગૌણ છે ). વળી તે, [ आदि-अन्त-

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।। १४ ।।**

**यः पश्यति आत्मानम् अबद्धस्पृष्टमनन्यकं नियतम्।**
**अविशेषमसंयुक्तं तं शुद्धनयं विजानीहि।। १४ ।।**

**या खल्वबद्धस्पृष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः स शुद्धनयः, सा त्वनुभूतिरात्मैव; इत्यात्मैक एव प्रद्योतते। कथं यथोदितस्यात्मनोऽनुभूतिरिति चेद्बद्धस्पृष्टत्वादीनामभूतार्थत्वात्। तथा हि-**

---

विमुक्तम् ] આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે (અર્થાત્ કોઈ આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી એવા પારિણામિક ભાવને તે પ્રગટ કરે છે). વળી તે, [ एकम् ] આત્મસ્વભાવને એક-સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત એકાકાર-પ્રગટ કરે છે, અને [ विलीन–सङ्कल्प–विकल्प–जालं ] જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે. (દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે.) આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે. ૧૦.

એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છેઃ-

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

**ગાથાર્થઃ-** [ यः ] જે નય [ आत्मानम् ] આત્માને [ अबद्धस्पृष्टम् ] બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, [ अनन्यकं ] અન્યપણા રહિત, [ नियतम् ] ચળાચળતા રહિત, [ अविशेषम् ] વિશેષ રહિત, [ असंयुक्तं ] અન્યના સંયોગ રહિત-એવા પાંચ ભાવરૂપ [ पश्यति ] દેખે છે [ तं ] તેને, હે શિષ્ય! તું [ शुद्धनयं ] શુદ્ધનય [ विजानीहि ] જાણ.

**ટીકાઃ-** નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત-એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે. (શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો-એક જ છે, જુદાં નથી.) અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે? તેનું સમાધાનઃ- બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે. આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છેઃ-

**यथा खलु बिसिनीपत्रस्य सलिलनिमग्नस्य सलिलस्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां सलिलस्पृष्टत्वं भूतार्थमप्येकान्ततः सलिलास्पृश्यं बिसिनीपत्रस्वभावमुपेत्यानुभूयमानता-यामभूतार्थम्, तथात्मनोऽनादिबद्धस्य बद्धस्पृष्टत्वपर्यायेणानुभूयमानतायां बद्धस्पृष्टत्वं भूतार्थमप्येकान्ततः पुद्गलास्पृश्यमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।**

**यथा च मृत्तिकायाः करककरीरकर्करीकपालादिपर्यायेणानुभूयमानतायामन्यत्वं भूतार्थमपि सर्वतोऽप्यस्खलन्तमेकं मृत्तिकास्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनो नारकादिपर्यायेणानुभूयमानतायामन्यत्वं भूतार्थमपि सर्वतोऽप्यस्खलन्तमेक-मात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।**

**यथा च वारिधेर्वृद्धिहानिपर्यायेणानुभूयमानतायामनियतत्वं भूतार्थमपि नित्य-व्यवस्थितं वारिधिस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनो वृद्धिहानिपर्याये-**

---

જેમ કમલિનીનું પત્ર જળમાં ડૂબેલું હોય તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે અનાદિ કાળથી બંધાયેલા આત્માનો, પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

વળી, જેમ માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત ( -સર્વ પર્યાય-ભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા ) એક માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં ( પર્યાયોના બીજા-બીજાપણારૂપ ) અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત ( સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા ) એક ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું ( અનિશ્ચિતપણું ) ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ નિત્ય-સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો,

**णानुभूयमानतायामनियतत्वं भूतार्थमपि नित्यव्यवस्थितमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।**

**यथा च काञ्चनस्य स्निग्धपीतगुरुत्वादिपर्यायेणानुभूयमानतायां विशेषत्वं भूतार्थमपि प्रत्यस्तमितसमस्तविशेषं काञ्चनस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनो ज्ञानदर्शनादिपर्यायेणानुभूयमानतायां विशेषत्वं भूतार्थमपि प्रत्यस्तमितसमस्त-विशेषमात्मस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्।**

**यथा चापां सप्तार्चिःप्रत्ययौष्ण्यसमाहितत्वपर्यायेणानुभूयमानतायां संयुक्तत्वं भूतार्थमप्येकान्ततःशीतमप्स्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम्, तथात्मनः कर्मप्रत्यय-मोहसमाहितत्वपर्यायेणानुभूयमानतायां संयुक्तत्वं भूतार्थमप्येकान्ततः स्वयं बोधं**

---

વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે, તોપણ નિત્ય–સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે.

જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે.

જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ–તપ્તપણારૂપ–અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે, તોપણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં (ઉષ્ણતા સાથે) સંયુક્તપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે, તોપણ જે પોતે એકાંત બોધરૂપ (જ્ઞાનરૂપ) છે એવા જીવસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં સંયુક્તપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે.

**ભાવાર્થઃ-** આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છેઃ (૧) અનાદિ કાળથી કર્મપુદ્‌ગલના સંબંધથી બંધાયેલો કર્મપુદ્‌ગલના સ્પર્શવાળો દેખાય છે, (૨) કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ પર્યાયોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે, (૩) શક્તિના

**जीवस्वभावमुपेत्यानुभूयमानतायामभूतार्थम् ।**

---

અવિભાગ પ્રતિચ્છેદ ( અંશ ) ઘટે પણ છે, વધે પણ છે–એ વસ્તુનો સ્વભાવ છે તેથી તે નિત્ય–નિયત એકરૂપ દેખાતો નથી, ( ૪ ) વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે અને ( ૫ ) કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ આદિ પરિણામો સહિત તે સુખદુઃખરૂપ દેખાય છે. આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર નયનો વિષય છે. એ દ્રષ્ટિ ( અપેક્ષા ) થી જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે. પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો, અને એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય ? આ કારણે બીજા નયને–તેના પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિક નયને–ગ્રહણ કરી, એક અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ, તેને શુદ્ધનયની દ્રષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, સર્વ પર્યાયોમાં એકાકાર, હાનિવૃદ્ધિથી રહિત, વિશેષોથી રહિત અને નૈમિત્તિક ભાવોથી રહિત જોવામાં આવે તો સર્વ ( પાંચ ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે તે અભૂતાર્થ છે–અસત્યાર્થ છે.

અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે, તે સ્યાદ્વાદથી યથાર્થ સિદ્ધ થાય છે. આત્મા પણ અનંત ધર્મવાળો છે. તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે અને કેટલાક પુદ્ગલના સંયોગથી થાય છે. જે કર્મના સંયોગથી થાય છે, તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે અને તે સંબંધી સુખદુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે. એ, આ આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે; અનાદિ–અનંત એક આત્માનું જ્ઞાન તેને નથી. તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું છે કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે તે અખંડ છે, નિત્ય છે, અનાદિનિધન છે. તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. પરદ્રવ્યોથી, તેમના ભાવોથી અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી; તેથી કર્મ બંધાતાં નથી અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે. માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ ( અસત્યાર્થ ) કહ્યો છે અને શુદ્ધ નિશ્ચયનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે. વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી. આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે. એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે, એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદ્રષ્ટિપણું લાવશે. માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દ્રષ્ટિ થઈ શકાય છે. આ રીતે સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું, મુખ્ય–ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો.

( मालिनी )

**न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी**
**स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।**
**अनुभवतु तमेव द्योतमानं समन्तात्**
**जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।। ११ ।।**

---

આ ગાથાસૂત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે. આ કથનમાં ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે એમ જાણવું.

વળી, અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન–પ્રમાણનો અંશ છે; શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે; તેથી આ નય પણ પરોક્ષ જ જણાવે છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષયભૂત, બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે. તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ. વળી તેની વ્યક્તિ કર્મસંયોગથી મતિ–શ્રુતાદિ જ્ઞાનરૂપ છે તે કથંચિત્ અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે, અને સંપૂર્ણજ્ઞાન જે કેવળજ્ઞાન તે જોકે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી તોપણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે. જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ ત્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન–શ્રદ્ધાન થતું નથી. તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને જાણી શ્રદ્ધાન કરવું, પર્યાયબુદ્ધિ ન રહેવું. અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે–એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી અને વિના દેખ્યે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે. તેનો ઉત્તરઃ–દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત છે. જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ–બન્ને પ્રમાણ માનવામાં આવ્યાં છે. તેમાં આગમપ્રમાણ પરોક્ષ છે. તેનો ભેદ શુદ્ધનય છે. આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું, કેવળ વ્યવહાર–પ્રત્યક્ષનો જ એકાંત ન કરવો.

અહીં, આ શુદ્ધનયને મુખ્ય કરી કલશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ जगत् तम् एव सम्यक्स्वभावम् अनुभवतु ] જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે [ यत्र ] જ્યાં [ अमी बद्धस्पृष्टभावादयः ] આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો [ एत्य स्फुटम् उपरि तरन्तः अपि ] સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ [ प्रतिष्ठाम् न हि विदधति ] (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપર જ રહે છે. [ समन्तात् द्योतमानं ] આ

( शार्दूलविक्रीडित )

**भूतं भान्तमभूतमेव रभसान्निर्भिद्य बन्धं सुधी-**
**र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात्।**
**आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं**
**नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।। १२ ।।**

( वसंततिलका )

**आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या**
**ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा।**
**आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-**
**मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।। १३ ।।**

---

શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. [ अपगतमोहीभूय ] એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને જગત અનુભવ કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.

**ભાવાર્થઃ-** શુદ્ધનયના વિષયરૂપ આત્માનો અનુભવ કરો એમ ઉપદેશ છે. ૧૧.

હવે, એ જ અર્થનું કલશરૂપ કાવ્ય ફરીને કહે છે જેમાં એમ કહે છે કે આવો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન થાય છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यदि ] જો [ कः अपि सुधीः ] કોઈ સુબુદ્ધિ ( સમ્યગ્દષ્ટિ ) [ भूतं भान्तम् अभूतम् एव बन्धं ] ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણે કાળનાં કર્મોના બંધને પોતાના આત્માથી [ रभसात् ] તત્કાળ-શીઘ્ર [ निर्भिद्य ] ભિન્ન કરીને તથા [ मोहं ] તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ ( અજ્ઞાન ) ને [ हठात् ] પોતાના બળથી ( પુરુષાર્થથી ) [ व्याहत्य ] રોકીને અથવા નાશ કરીને [ अन्तः ] અંતરંગમાં [ किल अहो कलयति ] અભ્યાસ કરે-દેખે તો [ अयम् आत्मा ] આ આત્મા [ आत्मअनुभव-एक-गम्य-महिमा ] પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો [ व्यक्तः ] વ્યક્ત ( અનુભવગોચર ), [ ध्रुवं ] નિશ્ચલ, [ शाश्वतः ] શાશ્વત, [ नित्यं कर्म-कलङ्क-पङ्क-विकलः ] નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત- [ स्वयं देवः ] એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ [ आस्ते ] વિરાજમાન છે.

**ભાવાર્થઃ-** શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે.આ પ્રાણી-પર્યાયબુદ્ધિ બહિરાત્મા-તેને બહાર ઢૂંઢે છે તે મોટું અજ્ઞાન છે. ૧૨.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
***अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।। १५ ।।**

यः पश्यति आत्मानम् अबद्धस्पृष्टमनन्यमविशेषम्।
अपदेशसान्तमध्यं पश्यति जिनशासनं सर्वम्।। १५ ।।

**येयमबद्धस्पृष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः सा खल्वखिलस्य जिनशासनस्यानुभूतिः, श्रुतज्ञानस्य स्वयमात्मत्वात्; ततो ज्ञानानुभूति-**

---

હવે, શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે એમ આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ इति ] એ રીતે [ या शुद्धनयात्मिका आत्म–अनुभूतिः ] જે પૂર્વ–કથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે [ इयम् एव किल ज्ञान–अनुभूतिः ] તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે [ इति बुद्ध्वा ] એમ જાણીને તથા [ आत्मनि आत्मानम् सुनिष्प्रकम्पम् निवेश्य ] આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને, [ नित्यम् समन्तात् एकः अवबोध–घनः अस्ति ] 'સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે' એમ દેખવું.

**ભાવાર્થઃ-** પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું; હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે. ૧૩.

હવે, આ અર્થરૂપ ગાથા કહે છેઃ–

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

**ગાથાર્થઃ-** [ यः ] જે પુરુષ [ आत्मानम् ] આત્માને [ अबद्धस्पृष्टम् ] અબદ્ધસ્પૃષ્ટ, [ अनन्यम् ] અનન્ય, [ अविशेषम् ] અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત) [ पश्यति ] દેખે છે તે [ सर्वम् जिनशासनं ] સર્વ જિનશાસનને [ पश्यति ] દેખે છે,–કે જે જિનશાસન [ [1]अपदेशसान्तमध्यं ] બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

**ટીકાઃ-** જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ

---

* પાઠાન્તર : अपदेससुत्तमज्झं
૧. अपदेश = દ્રવ્યશ્રુત; सान्त = જ્ઞાનરૂપી ભાવશ્રુત.

**रेवात्मानुभूतिः। किन्तु तदानीं सामान्यविशेषाविर्भावतिरोभावाभ्यामनुभूयमानमपि ज्ञानमबुद्धलुब्धानां न स्वदते। तथा हि-**

**यथा विचित्रव्यञ्जनसंयोगोपजातसामान्यविशेषतिरोभावाविर्भावाभ्यामनुभूयमानं लवणं लोकानामबुद्धानां व्यञ्जनलुब्धानां स्वदते, न पुनरन्यसंयोगशून्यतोपजातसामान्य-विशेषाविर्भावतिरोभावाभ्याम्; अथ च यदेव विशेषाविर्भावेनानुभूयमानं लवणं तदेव सामान्याविर्भावेनापि। तथा विचित्रज्ञेयाकारकरम्बितत्वोपजातसामान्यविशेषतिरोभावा-विर्भावाभ्यामनुभूयमानं ज्ञानमबुद्धानां ज्ञेयलुब्धानां स्वदते, न पुनरन्यसंयोग-शून्यतोपजातसामान्यविशेषाविर्भावतिरोभावाभ्याम्; अथ च यदेव विशेषाविर्भावेनानु-भूयमानं ज्ञान तदेव सामान्याविर्भावेनापि। अलुब्धबुद्धानां तु यथा सैन्धवखिल्यो-ऽन्यद्रव्यसंयोगव्यवच्छेदेन केवल एवानुभूयमानः सर्वतोऽप्येकलवणरसत्वाल्लवणत्वेन**

---

આત્માની અનુભૂતિ છે. પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન) થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. તે પ્રગટ દ્રષ્ટાંતથી બતાવીએ છીએઃ

જેમ–અનેક તરેહનાં શાક આદિ ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ અને વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ–વિશેષરૂપ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ લવણ તેનો સ્વાદ આવતો નથી; વળી પરમાર્થથી જોવામાં આવે તો તો, જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે. એવી રીતે–અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય–લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પણ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી, અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને

**स्वदते, तथात्मापि परद्रव्यसंयोगव्यवच्छेदेन केवल एवानुभूयमानः सर्वतोऽप्येकविज्ञानघनत्वात् ज्ञानत्वेन स्वदते।**

( पृथ्वी )

**अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-**
**र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।**
**चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते**
**यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।। १४ ।।**

---

લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.

**ભાવાર્થઃ-** અહીં આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે. અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ-ઇંદ્રિયજ્ઞાનના વિષયોમાં જ-લુબ્ધ થઈ રહ્યા છે; તેઓ ઇંદ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે પરંતુ જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા. અને જેઓ જ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત નથી તેઓ જ્ઞેયોથી જુદા એકાકાર જ્ઞાનનો જ આસ્વાદ લે છે,-જેમ શાકોથી જુદી મીઠાની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે તેવી રીતે આસ્વાદ લે છે, કારણ કે જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું, પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે, અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે. શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી.

હવે આ જ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** આચાર્ય કહે છે કે [ परमम् महः नः अस्तु ] તે ઉત્કૃષ્ટ તેજ-પ્રકાશ અમને હો [ यत् सकलकालम् चिद्-उच्छलन-निर्भरं ] કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે, [ उल्लसत्-लवण-खिल्य-लीलायितम् ] જેમ મીઠાની કાંકરી એક ક્ષારરસની લીલાનું આલંબન કરે છે તેમ જે તેજ [ एक-रसम् आलम्बते ] એક જ્ઞાનરસ-સ્વરૂપને અવલંબે છે, [ अखण्डितम् ] જે તેજ અખંડિત છે-જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી, [ अनाकुलं ] જે અનાકુળ છે-જેમાં કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી, [ अनन्तम् अन्तः बहिः ज्वलत् ] જે અવિનાશીપણે અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે-જાણવામાં આવે છે, [ सहजम् ] જે સ્વભાવથી

( अनुष्टुभ् )

**एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।**
**साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।। १५ ।।**

**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**
**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।। १६ ।।**

दर्शनज्ञानचरित्राणि सेवितव्यानि साधुना नित्यम्।
तानि पुनर्जानीहि त्रीण्यप्यात्मानं चैव निश्चयतः।। १६ ।।

**येनैव हि भावेनात्मा साध्यः साधनं च स्यात्तेनैवायं नित्यमुपास्य इति**

---

થયું છે– કોઈએ રચ્યું નથી અને [ सदा उद्विलासं ] હમેશાં જેનો વિલાસ ઉદયરૂપ છે–જે એકરૂપ પ્રતિભાસમાન છે.

**ભાવાર્થઃ-** આચાર્યે પ્રાર્થના કરી છે કે આ જ્ઞાનાનંદમય એકાકાર સ્વરૂપજ્યોતિ અમને સદા પ્રાપ્ત રહો. ૧૪.

હવે, આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ एषः ज्ञानघनः आत्मा ] આ ( પૂર્વકથિત ) જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, [ सिद्धिम् अभीप्सुभिः ] સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક પુરુષોએ [ साध्यसाधकभावेन ] સાધ્યસાધકભાવના ભેદથી [ द्विधा ] બે પ્રકારે, [ एकः ] એક જ [ नित्यम् समुपास्यताम् ] નિત્ય સેવવાયોગ્ય છે; તેનું સેવન કરો.

**ભાવાર્થઃ-** આત્મા તો જ્ઞાનસ્વરૂપ એક જ છે પરંતુ એનું પૂર્ણરૂપ સાધ્યભાવ છે અને અપૂર્ણરૂપ સાધકભાવ છે; એવા ભાવભેદથી બે પ્રકારે એકને જ સેવવો. ૧૫.

હવે, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધકભાવ છે એમ ગાથામાં કહે છેઃ-

**દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;**
**પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદૃષ્ટિમાં. ૧૬.**

**ગાથાર્થઃ-** [ साधुना ] સાધુ પુરુષે [ दर्शनज्ञानचरित्राणि ] દર્શન, જ્ઞાન અને ચારિત્ર [ नित्यम् ] સદા [ सेवितव्यानि ] સેવવાયોગ્ય છે; [ पुनः ] વળી [ तानि त्रीणि अपि ] તે ત્રણેને [ निश्चयतः ] નિશ્ચયનયથી [ आत्मानं च एव ] એક આત્મા જ [ जानीहि ] જાણો.

**ટીકાઃ-** આ આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન થાય તે ભાવથી જ

**स्वयमाकूय परेषां व्यवहारेण साधुना दर्शनज्ञानचारित्राणि नित्यमुपास्यानीति प्रतिपाद्यते। तानि पुनस्त्रीण्यपि परमार्थेनात्मैक एव, वस्त्वन्तराभावात्। यथा देवदत्तस्य कस्यचित् ज्ञानं श्रद्धानमनुचरणं च देवदत्तस्वभावानतिक्रमाद्देवदत्त एव, न वस्त्वन्तरम्; तथात्मन्यप्यात्मनो -ज्ञानं श्रद्धानमनुचरणं चात्मस्वभावानतिक्रमादात्मैव, न वस्त्वन्तरम्। तत आत्मा एक एवोपास्य इति स्वयमेव प्रद्योतते। स किल-**

(अनुष्टुभ्)

**दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।**
**मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।। १६।।**

---

નિત્ય સેવવાયોગ્ય છે એમ પોતે ઇરાદો રાખીને બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે કે 'સાધુ પુરુષે દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે'. પણ પરમાર્થથી જોવામાં આવે તો એ ત્રણેય એક આત્મા જ છે કારણ કે તેઓ અન્ય વસ્તુ નથી–આત્માના જ પર્યાયો છે. જેમ કોઈ દેવદત્ત નામના પુરુષનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતાં નહિ હોવાથી, (તેઓ) દેવદત્ત જ છે–અન્ય વસ્તુ નથી, તેમ આત્મામાં પણ આત્માનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, આત્માના સ્વભાવને ઉલ્લંઘતાં નહિ હોવાથી, (તેઓ) આત્મા જ છે–અન્ય વસ્તુ નથી. માટે એમ સ્વયમેવ સિદ્ધ થાય છે કે એક આત્મા જ સેવન કરવા યોગ્ય છે.

**ભાવાર્થઃ-** દર્શન, જ્ઞાન, ચારિત્ર–ત્રણે આત્માના જ પર્યાયો છે, કોઈ જુદી વસ્તુ નથી; તેથી સાધુ પુરુષોએ એક આત્માનુંજ સેવન કરવું એ નિશ્ચય છે અને વ્યવહારથી અન્યને પણ એ જ ઉપદેશ કરવો.

હવે, એ જ અર્થનો કલશરૂપ શ્લોક કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ प्रमाणतः ] પ્રમાણદષ્ટિથી જોઈએ તો [ आत्मा ] આ આત્મા [ समम् मेचकः अमेचकः च अपि ] એકીસાથે અનેક અવસ્થારૂપ ('મેચક') પણ છે અને એક અવસ્થારૂપ ('અમેચક') પણ છે, [ दर्शन–ज्ञान–चारित्रैः त्रित्वात् ] કારણ કે એને દર્શન–જ્ઞાન–ચારિત્રથી તો ત્રણપણું છે અને [ स्वयम् एकत्वतः ] પોતાથી પોતાને એકપણું છે.

**ભાવાર્થઃ-** પ્રમાણદષ્ટિમાં ત્રિકાળસ્વરૂપ વસ્તુ દ્રવ્યપર્યાયરૂપ જોવામાં આવે છે, તેથી આત્મા પણ એકીસાથે એકાનેકસ્વરૂપ દેખવો. ૧૬.

હવે નયવિવક્ષા કહે છેઃ–

( अनुष्टुभ् )
दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः।। १७ ।।
( अनुष्टुभ् )
परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः।
सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः।। १८ ।।
( अनुष्टुभ् )
आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।। १९ ।।

---

**શ્લોકાર્થઃ-** [ एकः अपि ] આત્મા એક છે તોપણ [ व्यवहारेण ] વ્યવહાર-દ્રષ્ટિથી જોઈએ તો [ त्रिस्वभावत्वात् ] ત્રણ-સ્વભાવપણાને લીધે [ मेचकः ] અનેકાકારરૂપ ('મેચક') છે, [ दर्शन–ज्ञान–चारित्रैः त्रिभिः परिणतत्वतः ] કારણ કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર-એ ત્રણ ભાવે પરિણમે છે.

**ભાવાર્થઃ-** શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે; આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિક નય ગૌણ થયો તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો. એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે. ૧૭.

હવે પરમાર્થનયથી કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ परमार्थेन तु ] શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો [ व्यक्तज्ञातृत्व–ज्योतिषा ] પ્રગટ જ્ઞાયકતાજ્યોતિમાત્રથી [ एककः ] આત્મા એકસ્વરૂપ છે [ सर्व–भावान्तर–ध्वंसि–स्वभावत्वात् ] કારણ કે શુદ્ધદ્રવ્યાર્થિક નયથી સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે, [ अमेचकः ] તેથી તે 'અમેચક' છે-શુદ્ધ એકાકાર છે.

**ભાવાર્થઃ-** ભેદદ્રષ્ટિને ગૌણ કરી અભેદદ્રષ્ટિથી જોવામાં આવે તો આત્મા એકાકાર જ છે, તે જ અમેચક છે. ૧૮.

આત્માને પ્રમાણ-નયથી મેચક, અમેચક કહ્યો, તે ચિંતાને મટાડી જેમ સાધ્યની સિદ્ધિ થાય તેમ કરવું એમ હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ आत्मनः ] આ આત્મા [ मेचक–अमेचकत्वयोः ] મેચક છે-ભેદરૂપ અનેકાકાર છે તથા અમેચક છે-અભેદરૂપ એકાકાર છે [ चिन्तया एव अलं ] એવી

**जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।**
**तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण।। १७ ।।**
**एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।**
**अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।। १८ ।।**

यथा नाम कोऽपि पुरुषो राजानं ज्ञात्वा श्रद्दधाति।
ततस्तमनुचरति पुनरर्थार्थिकः प्रयत्नेन।। १७ ।।
एवं हि जीवराजो ज्ञातव्यस्तथैव श्रद्धातव्यः।
अनुचरितव्यश्च पुनः स चैव तु मोक्षकामेन।। १८ ।।

---

ચિંતાથી તો બસ થાઓ. [ साध्यसिद्धिः ] સાધ્ય આત્માની સિદ્ધિ તો [ दर्शन–ज्ञान–चारित्रैः ] દર્શન, જ્ઞાન ને ચારિત્ર–એ ત્રણ ભાવોથી જ છે, [ न च अन्यथा ] બીજી રીતે નથી ( એ નિયમ છે ).

**ભાવાર્થઃ–** આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ તે સાધ્ય છે. આત્મા મેચક છે કે અમેચક છે એવા વિચારો જ માત્ર કર્યા કરવાથી તે સાધ્ય સિદ્ધ થતું નથી; પરંતુ દર્શન અર્થાત્ શુદ્ધ સ્વભાવનું અવલોકન, જ્ઞાન અર્થાત્ શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું અને ચારિત્ર અર્થાત્ શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા–તેમનાથી જ સાધ્યની સિદ્ધિ થાય છે. આ જ મોક્ષમાર્ગ છે, તે સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

વ્યવહારી લોકો પર્યાયમાં–ભેદમાં સમજે છે તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે. ૧૯.

હવે, આ જ પ્રયોજનને બે ગાથાઓમાં દ્રષ્ટાંતથી કહે છેઃ–

**જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,**
**પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.**

**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,**
**એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.**

**ગાથાર્થઃ–** [ यथा नाम ] જેમ [ कः अपि ] કોઈ [ अर्थार्थिकः पुरुषः ] ધનનો અર્થી પુરુષ [ राजानं ] રાજાને [ ज्ञात्वा ] જાણીને [ श्रद्दधाति ] શ્રદ્ધા કરે છે,

**यथा हि कश्चित्पुरुषोऽर्थार्थी प्रयत्नेन प्रथममेव राजानं जानीते, ततस्तमेव श्रद्धत्ते, ततस्तमेवानुचरति, तथात्मना मोक्षार्थिना प्रथममेवात्मा ज्ञातव्यः, ततः स एव श्रद्धातव्यः, ततः स एवानुचरितव्यश्च, साध्यसिद्धेस्तथान्यथोपपत्त्यनुपपत्तिभ्याम्।**

**तत्र यदात्मनोऽनुभूयमानानेकभावसङ्करेऽपि परमविवेककौशलेनायमहमनुभूतिरित्यात्मज्ञानेन सङ्गच्छमानमेव तथेतिप्रत्ययलक्षणं श्रद्धानमुत्प्लवते तदा समस्तभावान्तरविवेकेन निःशङ्कमवस्थातुं शक्यत्वादात्मानु-चरणमुत्प्लवमानमात्मानं साधयतीति साध्यसिद्धेस्तथोपपत्तिः।**

---

[ ततः पुनः ] ત્યાર બાદ [ तं प्रयत्नेन अनुचरति ] તેનું પ્રયત્નપૂર્વક અનુચરણ કરે છે અર્થાત્ તેની સુંદર રીતે સેવા કરે છે, [ एवं हि ] એવી જ રીતે [ मोक्षकामेन ] મોક્ષની ઈચ્છાવાળાએ [ जीवराजः ] જીવરૂપી રાજાને [ ज्ञातव्यः ] જાણવો, [ पुनः च ] પછી [ तथा एव ] એ રીતે જ [ श्रद्धातव्यः ] તેનું શ્રદ્ધાન કરવું [ तु च ] અને ત્યાર બાદ [ स एव अनुचरितव्यः ] તેનું જ અનુચરણ કરવું અર્થાત્ અનુભવ વડે તન્મય થઈ જવું.

**ટીકાઃ-** નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી પુરુષ બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે કે આ રાજા છે, પછી તેનું જ શ્રદ્ધાન કરે કે 'આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે' અને ત્યાર પછી જ તેનું જ અનુચરણ કરે, સેવન કરે, આજ્ઞામાં રહે, તેને પ્રસન્ન કરે; તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો, પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે 'આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે' અને ત્યાર પછી તેનું જ આચરણ કરવું-અનુભવ વડે તેમાં લીન થવું; કારણ કે સાધ્ય જે નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ તેની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે, અન્યથા અનુપપત્તિ છે ( અર્થાત્ સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે, બીજી રીતે થતી નથી ).

( તે વાત વિશેષ સમજાવે છેઃ- ) જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું આત્માને સાધે છે. આમ સાધ્ય આત્માની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે.

यदा त्वाबालगोपालमेव सकलकालमेव स्वयमेवानुभूयमानेऽपि भगवत्यनुभूत्यात्मन्यात्मन्यनादिबन्धवशात् परैः सममेकत्वाध्यवसायेन विमूढस्यायमहमनुभूतिरित्यात्मज्ञानं नोत्प्लवते, तदभावादज्ञातखरशृङ्गश्रद्धानसमानत्वात् श्रद्धानमपि नोत्प्लवते, तदा समस्तभावान्तरविवेकेन निःशङ्कमवस्थातुमशक्यत्वादात्मानुचरणमनुत्प्लवमानं नात्मानं साधयतीति साध्यसिद्धेरन्यथानु-पपत्तिः।

( मालिनी )

**कथमपि समुपात्तत्रित्वमप्येकताया**
**अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।**
**सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं**
**न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।। २० ।।**

---

પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી આત્માને સાધતું નથી. આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.

**ભાવાર્થઃ-** સાધ્ય આત્માની સિદ્ધિ દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે, બીજી રીતે નથી. કારણ કેઃ-પહેલાં તો આત્માને જાણે કે આ જાણનારો અનુભવમાં આવે છે તે હું છું. ત્યાર બાદ તેની પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય; વિના જાણ્યે શ્રદ્ધાન કોનું? પછી સમસ્ત અન્યભાવોથી ભેદ કરીને પોતામાં સ્થિર થાય.-એ પ્રમાણે સિદ્ધિ છે. પણ જો જાણે જ નહિ, તો શ્રદ્ધાન પણ ન થઈ શકે; તો સ્થિરતા શામાં કરે? તેથી બીજી રીતે સિદ્ધિ નથી એવો નિશ્ચય છે.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** આચાર્ય કહે છે કેઃ [अनन्तचैतन्यचिह्नं] અનંત (અવિનશ્વર) ચૈતન્ય જેનું ચિહ્ન છે એવી [इदम् आत्मज्योतिः] આ આત્મજ્યોતિને [सततम् अनुभवामः] અમે નિરંતર અનુભવીએ છીએ [यस्मात्] કારણ કે [अन्यथा साध्य-सिद्धिः न खलु न खलु] તેના અનુભવ વિના અન્ય રીતે સાધ્ય આત્માની સિદ્ધિ

ननु ज्ञानतादात्म्यादात्मा ज्ञानं नित्यमुपास्त एव, कुतस्तदुपास्यत्वेनानुशास्यत इति चेत्, तन्न, यतो न खल्वात्मा ज्ञानतादात्म्येऽपि क्षणमपि ज्ञानमुपास्ते, स्वयम्बुद्धबोधितबुद्धत्वकारण-पूर्वकत्वेन ज्ञानस्योत्पत्तेः। तर्हि तत्कारणात्पूर्वमज्ञान एवात्मा नित्यमेवाप्रतिबुद्धत्वात्? एवमेतत्।

तर्हि कियन्तं कालमयमप्रतिबुद्धो भवतीत्यभिधीयताम्-

**कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं।**
**जा एसा खलु बुद्धी अप्पडिबुद्धो हवदि ताव।। १९ ।।**

---

નથી. કેવી છે આત્મજ્યોતિ? [ कथम् अपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम् ] જેણે કોઈ પ્રકારે ત્રણપણું અંગીકાર કર્યું છે તોપણ જે એકપણાથી ચ્યુત થઈ નથી અને [ अच्छम् उद्गच्छत् ] જે નિર્મળપણે ઉદય પામી રહી છે.

**ભાવાર્થઃ–** આચાર્ય કહે છે કે જેને કોઈ પ્રકારે પર્યાયદૃષ્ટિથી ત્રણપણું પ્રાપ્ત છે તોપણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જે એકપણાથી રહિત નથી થઈ તથા જે અનંત ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયને પ્રાપ્ત થઈ રહી છે એવી આત્મજ્યોતિનો અમે નિરંતર અનુભવ કરીએ છીએ. આમ કહેવાથી એવો આશય પણ જાણવો કે જે સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તે, જેવો અમે અનુભવ કરીએ છીએ તેવો અનુભવ કરે. ૨૦.

**ટીકાઃ–** હવે, કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે, જુદો નથી, તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે; તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે? તેનું સમાધાનઃ તે એમ નથી. જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી; કારણ કે સ્વયંબુદ્ધત્વ (પોતે પોતાની મેળે જાણવું તે) અથવા બોધિતબુદ્ધત્વ (બીજાના જણાવવાથી જાણવું તે) –એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. (કાં તો કાળલબ્ધિ આવે ત્યારે પોતે જ જાણી લે અથવા તો કોઈ ઉપદેશ દેનાર મળે ત્યારે જાણે–જેમ સૂતેલો પુરુષ કાં તો પોતે જ જાગે અથવા તો કોઈ જગાડે ત્યારે જાગે.) અહીં ફરી પૂછે છે કે જો એમ છે તો જાણવાના કારણ પહેલાં શું આત્મા અજ્ઞાની જ છે કેમ કે તેને સદાય અપ્રતિબુદ્ધપણું છે? તેનો ઉત્તરઃ એ વાત એમ જ છે, તે અજ્ઞાની જ છે.

વળી ફરી પૂછે છે કે આ આત્મા કેટલા વખત સુધી (ક્યાં સુધી) અપ્રતિબુદ્ધ છે તે કહો. તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ–

**નોકર્મ-કર્મે ‘ હું ’, હુંમાં વળી ‘ કર્મ ને નોકર્મ છે ’,**
**-એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.**

कर्मणि नोकर्मणि चाहमित्यहकं च कर्म नोकर्म।
यावदेषा खलु बुद्धिरप्रतिबुद्धो भवति तावत्।। १९ ।।

यथा स्पर्शरसगन्धवर्णादिभावेषु पृथुबुध्नोदराद्याकारपरिणतपुद्गल-स्कन्धेषु घटोऽयमिति, घटे च स्पर्शरसगन्धवर्णादिभावाः पृथुबुध्नोदराद्याकारपरिणतपुद्गलस्कन्धाश्चामी इति वस्त्वभेदेनानुभूतिस्तथा कर्मणि मोहादिष्वन्तरङ्गेषु नोकर्मणि शरीरादिषु बहिरङ्गेषु चात्मतिरस्कारिषु पुद्गलपरिणामेष्वहमित्यात्मनि च कर्म मोहादयोऽन्तरङ्गा नोकर्म शरीरादयो बहिरङ्गाश्चात्मतिरस्कारिणः पुद्गलपरिणामा अमी इति वस्त्वभेदेन यावन्तं कालमनुभूतिस्तावन्तं कालमात्मा भवत्यप्रतिबुद्धः। यदा कदाचिद्यथा रूपिणो दर्पणस्य स्वपराकारावभासिनी स्वच्छतैव वह्नेरौष्ण्यं ज्वाला च तथा नीरूपस्यात्मनः स्वपराकारावभासिनी ज्ञातृतैव पुद्गलानां कर्म नोकर्म चेति स्वतः परतो वा भेदविज्ञानमूलानुभूतिरुत्पत्स्यते तदैव प्रतिबुद्धो भविष्यति।

---

**ગાથાર્થઃ**- [ यावत् ] જ્યાં સુધી આ આત્માને [ कर्मणि ] જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ [ च ] અને [ नोकर्मणि ] શરીર આદિ નોકર્મમાં [ अहं ] ‘આ હું છું’ [ च ] અને [ अहकं कर्म नोकर्म इति ] હુંમાં (-આત્મામાં) ‘આ કર્મ-નોકર્મ છે’- [ एषा खलु बुद्धिः ] એવી બુદ્ધિ છે, [ तावत् ] ત્યાં સુધી [ अप्रतिबुद्धः ] આ આત્મા અપ્રતિબુદ્ધ [ भवति ] છે.

**ટીકાઃ**- જેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત થયેલ પુદ્ગલના સ્કંધોમાં ‘આ ઘડો છે’ એમ, અને ઘડામાં ‘આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત પુદ્ગલ-સ્કંધો છે’ એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે, તેવી રીતે કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામો તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ-કે જેઓ (બધાં) પુદ્ગલના પરિણામ છે અને આત્માનો તિરસ્કાર કરનારા છે-તેમનામાં ‘આ હું છું’ એમ અને આત્મામાં ‘આ કર્મ-મોહ આદિ અંતરંગ તથા નોકર્મ-શરીર આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી (આત્માનો તિરસ્કાર કરનારા) પુદ્ગલ-પરિણામો છે’ એમ વસ્તુના અભેદથી જ્યાં સુધી અનુભૂતિ છે ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે કોઈ વખતે, જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા (જ્ઞાતાપણું) જ છે અને કર્મ તથા નોકર્મ પુદ્ગલનાં છે એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ (આત્મા) પ્રતિબુદ્ધ થશે.

( मालिनी )

**कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-**
**मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।**
**प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-**
**र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।। २१ ।।**

**ननु कथमयमप्रतिबुद्धो लक्ष्येत-**

---

**ભાવાર્થઃ-** જેમ સ્પર્શાદિમાં પુદ્‌ગલનો અને પુદ્‌ગલમાં સ્પર્શાદિનો અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે, તેમ જ્યાં સુધી આત્માને, કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે તે એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે અને કર્મ-નોકર્મ પુદ્‌ગલનાં જ છે ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે. જેમ અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય ત્યાં એમ જણાય છે કે "જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી, અરીસામાં દેખાઈ રહી છે તે અરીસાની સ્વચ્છતા જ છે"; તે પ્રમાણે "કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં; આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય; એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે"-એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ આત્માને કાં તો સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.

હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ ये ] જે પુરુષો [ स्वतः वा अन्यतः वा ] પોતાથી જ અથવા પરના ઉપદેશથી [ कथम् अपि हि ] કોઈ પણ પ્રકારે [ भेदविज्ञानमूलाम् ] ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી [ अचलितम् ] અવિચળ (નિશ્ચળ) [ अनुभूतिम् ] પોતાના આત્માની અનુભૂતિને [ लभन्ते ] પામે છે, [ ते एव ] તે જ પુરુષો [ मुकुरवत् ] દર્પણની જેમ [ प्रतिफलन-निमग्न-अनन्त-भाव-स्वभावैः ] પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી [ सन्ततं ] નિરંતર [ अविकाराः ] વિકારરહિત [ स्युः ] હોય છે, - જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. ૨૧.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ કઈ રીતે ઓળખી શકાય એનું ચિહ્ન બતાવો; તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ-

अहमेदं एदमहं अदमेदस्स म्हि अत्थि मम एदं।
अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा।। २० ।।
आसि मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि।
होहिदि पुणो ममेदं एदस्स अहं पि होस्सामि।। २१ ।।
एयं तु असब्भूदं आदवियप्पं करेदि संमूढो।
भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो।। २२ ।।

अहमेतदेतदहं अहमेतस्यास्मि अस्ति ममैतत्।
अन्यद्यत्परद्रव्यं सचित्ताचित्तमिश्रं वा।। २० ।।
आसीन्मम पूर्वमेतदेतस्याहमप्यासं पूर्वम्।
भविष्यति पुनरममैतदेतस्याहमपि भविष्यामि।। २१ ।।
एतत्त्वसद्भूतमात्मविकल्पं करोति सम्मूढः।
भूतार्थं जानन्न करोति तु तमसम्मूढः।। २२ ।।

---

હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,
જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.
હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,
વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.
અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;
ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.

**ગાથાર્થઃ-** [ अन्यत् यत् परद्रव्यं ] જે પુરુષ પોતાથી અન્ય જે પરદ્રવ્ય- [ सचित्ताचित्तमिश्रं वा ] સચિત્ત સ્ત્રીપુત્રાદિક, અચિત્ત ધનધાન્યાદિક અથવા મિશ્ર ગ્રામનગરાદિક-તેને એમ સમજે કે [ अहं एतत् ] હું આ છું, [ एतत् अहम् ] આ દ્રવ્ય મુજ-સ્વરૂપ છે, [ अहम् एतस्य अस्मि ] હું આનો છું, [ एतत् मम अस्ति ] આ મારું છે, [ एतत् मम पूर्वम् आसीत् ] આ મારું પૂર્વે હતું, [ एतस्य अहम् अपि पूर्वम् आसम् ] આનો હું પણ પૂર્વે હતો, [ एतत् मम पुनः भविष्यति ] આ મારું ભવિષ્યમાં થશે, [ अहम् अपि एतस्य भविष्यामि ] હું પણ આનો ભવિષ્યમાં થઈશ, - [ एतत् तु असद्भूतम् ] આવો જૂઠો [ आत्मविकल्पं ] આત્મવિકલ્પ [ करोति ] કરે છે

यथाग्निरिन्धनमस्तीन्धनमग्निरस्त्यग्नेरिन्धनमस्तीन्धनस्याग्निरस्ति, अग्नेरिन्धनं पूर्वमासीदिन्धनस्याग्निः पूर्वमासीत्, अग्नेरिन्धनं पुनर्भविष्यती-न्धनस्याग्निः पुनर्भविष्यतीतीन्धन एवासद्भूताग्निविकल्पत्वेनाप्रतिबुद्धः कश्चि-ल्लक्ष्येत, तथाहमेतदस्म्येतदहमस्ति ममैतदस्त्येतस्याहमस्मि, ममैतत्पूर्वमासी-देतस्याहं पूर्वमासं, ममैतत्पुनर्भविष्यत्येतस्याहं पुनर्भविष्यामीति परद्रव्य एवासद्भूतात्मविकल्पत्वेनाप्रतिबुद्धो लक्ष्येतात्मा।

नाग्निरिन्धनमस्ति नेन्धनमग्निरस्त्यग्निरग्निरस्तीन्धनमिन्धनमस्ति नाग्नेरिन्धनमस्ति नेन्धनस्याग्निरस्त्यग्नेरग्निरस्तीन्धनस्येन्धनमस्ति, नाग्नेरिन्धनं पूर्वमासीन्नेन्धनस्याग्निः पूर्वमासीदग्नेरग्निः पूर्वमासीदिन्धन-स्येन्धनं पूर्वमासीत्, नाग्नेरिन्धनं पुनर्भविष्यति नेन्धनस्याग्निः पुनर्भविष्य-त्यग्नेरग्निः पुनर्भविष्यतीन्धनस्येन्धनं पुनर्भविष्यतीति कस्यचिदग्नावेव सद्भूता-ग्निविकल्पवन्नाहमेतदस्मि नैतदहमस्त्यहमहमस्म्येतदेतदस्ति न ममैतदस्ति

---

તે [ सम्मूढः ] મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે; [ तु ] અને જે પુરુષ [ भूतार्थं ] પરમાર્થ વસ્તુસ્વરૂપને [ जानन् ] જાણતો થકો [ तम् ] એવો જૂઠો વિકલ્પ [ न करोति ] નથી કરતો તે [ असम्मूढः ] મૂઢ નથી, જ્ઞાની છે.

**ટીકાઃ-** ( દ્રષ્ટાંતથી સમજાવે છેઃ ) જેમ કોઈ પુરુષ ઇંધન અને અગ્નિને મળેલાં દેખી એવો જૂઠો વિકલ્પ કરે કે "અગ્નિ છે તે ઇંધન છે, ઇંધન છે તે અગ્નિ છે; અગ્નિનું ઇંધન છે, ઇંધનનો અગ્નિ છે; અગ્નિનું ઇંધન પહેલાં હતું, ઇંધનનો અગ્નિ પહેલાં હતો; અગ્નિનું ઇંધન ભવિષ્યમાં થશે, ઇંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે";–આવો ઇંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે તે જૂઠો છે, તેનાથી અપ્રતિબુદ્ધ કોઈ ઓળખાય છે, તેવી રીતે કોઈ આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ ( આત્માનો વિકલ્પ ) કરે કે "હું આ પરદ્રવ્ય છું, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે; મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો હું છું; મારું આ પહેલાં હતું, હું આનો પહેલાં હતો; મારું આ ભવિષ્યમાં થશે, હું આનો ભવિષ્યમાં થઈશ";–આવા જૂઠા વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.

વળી અગ્નિ છે તે ઇંધન નથી, ઇંધન છે તે અગ્નિ નથી, –અગ્નિ છે તે અગ્નિ જ છે, ઇંધન છે તે ઇંધન જ છે; અગ્નિનું ઇંધન નથી, ઇંધનનો અગ્નિ નથી, –અગ્નિનો જ અગ્નિ છે, ઇંધનનું ઇંધન છે; અગ્નિનું ઇંધન પહેલાં હતું નહિ, ઇંધનનો અગ્નિ પહેલાં હતો નહિ, –અગ્નિનો અગ્નિ પહેલાં હતો, ઇંધનનું ઇંધન પહેલાં હતું; અગ્નિનું ઇંધન ભવિષ્યમાં થશે નહિ, ઇંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ, –અગ્નિનો અગ્નિ જ ભવિષ્યમાં થશે, ઇંધનનું ઇંધન જ ભવિષ્યમાં થશે;"–આ પ્રમાણે જેમ કોઇને અગ્નિમાં જ સત્યાર્થ અગ્નિનો વિકલ્પ થાય તે પ્રતિબુદ્ધનું લક્ષણ છે, તેવી જ રીતે "હું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી, –હું તો હું જ છું, પરદ્રવ્ય છે

**नैतस्याहमस्मि ममाहमस्म्येतस्यैतदस्ति, न ममैतत्पूर्वमासीन्नैतस्याहं पूर्वमासं ममाहं पूर्वमासमे-तस्यैतत्पूर्वमासीत्, न ममैतत्पुनर्भविष्यति नैतस्याहं पुनर्भविष्यामि ममाहं पुनर्भविष्याम्येतस्यै-तत्पुनर्भविष्यतीति स्वद्रव्य एव सद्भूतात्मविकल्पस्य प्रतिबुद्धलक्षणस्य भावात्।**

( मालिनी )

**त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं**
**रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।**
**इह कथमपि नात्मानात्मना साकमेकः**
**किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।। २२ ।।**

---

તે પરદ્રવ્ય જ છે; મારું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્યનો હું નથી, –મારો જ હું છું, પરદ્રવ્યનું પરદ્રવ્ય છે; આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ, આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ, –મારો હું જ પહેલાં હતો, પરદ્રવ્યનું પરદ્રવ્ય પહેલાં હતું; આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ, એનો હું ભવિષ્યમાં થઈશ નહિ, –હું મારો જ ભવિષ્યમાં થઈશ, આ (પરદ્રવ્ય) નું આ (પરદ્રવ્ય) ભવિષ્યમાં થશે.”–આવો જે સ્વદ્રવ્યમાં જ સત્યાર્થ આત્મવિકલ્પ થાય છે તે જ પ્રતિબુદ્ધનું લક્ષણ છે, તેનાથી તે ઓળખાય છે.

**ભાવાર્થઃ-** જે પરદ્રવ્યમાં આત્માનો વિકલ્પ કરે છે તે તો અજ્ઞાની છે અને જે પોતાના આત્માને જ પોતાનો માને છે તે જ્ઞાની છે–એમ અગ્નિ–ઇન્ધનના દ્રષ્ટાંત દ્વારા દ્રઢ કર્યું છે.

હવે આ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ जगत् ] જગત અર્થાત્ જગતના જીવો [ आजन्मलीढं मोहम् ] અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને [ इदानीं त्यजतु ] હવે તો છોડો અને [ रसिकानां रोचनं ] રસિક જનોને રુચિકર, [ उद्यत् ज्ञानम् ] ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને [ रसयतु ] આસ્વાદો; કારણ કે [ इह ] આ લોકમાં [ आत्मा ] આત્મા છે તે [ किल ] ખરેખર [ कथम् अपि ] કોઈ પ્રકારે [ अनात्मना साकम् ] અનાત્મા (પરદ્રવ્ય) સાથે [ क्व अपि काले ] કોઈ કાળે પણ [ तादात्म्यवृत्तिम् कलयति न ] તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી, કેમ કે [ एकः ] આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એક્તારૂપ થતો નથી.

**ભાવાર્થઃ-** આત્મા પરદ્રવ્ય સાથે કોઈ પ્રકારે કોઈ કાળે એકતાના ભાવને પામતો નથી. એ રીતે આચાર્યે, અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે તેનું

अथाप्रतिबुद्धबोधनाय व्यवसाय: क्रियते-

अण्णाणमोहिदमदी मज्झमिणं भणदि पोग्गलं दव्वं।
बद्धमबद्धं च तहा जीवो बहुभावसंजुत्तो।। २३ ।।
सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।
कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।। २४ ।।
जदि सो पोग्गलदव्वीभूदो जीवत्तमागदं इदरं।
तो सक्को वत्तुं जे मज्झमिणं पोग्गलं दव्वं।। २५ ।।

अज्ञानमोहितमतिर्ममेदं भणति पुद्गलं द्रव्यम्।
बद्धमबद्धं च तथा जीवो बहुभावसंयुक्त:।। २३ ।।
सर्वज्ञज्ञानदृष्टो जीव उपयोगलक्षणो नित्यम्।
कथं स पुद्गलद्रव्यीभूतो यद्भणसि ममेदम्।। २४ ।।

---

ભેદવિજ્ઞાન બતાવ્યું છે અને પ્રેરણા કરી છે કે એ એકપણારૂપ મોહને હવે છોડો અને જ્ઞાનને આસ્વાદો; મોહ છે તે વૃથા છે, જૂઠો છે, દુઃખનું કારણ છે. ૨૨.

હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છેઃ–

અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,
“ આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મારું ” તે કહે. ૨૩.
સર્વજ્ઞજ્ઞાનવિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે ‘ મારું આ ’ તું કહે અરે ! ૨૪.
જો જીવ પુદ્‌ગલ થાય, પામે પુદ્‌ગલો જીવત્વને,
તું તો જ એમ કહી શકે ‘ આ મારું પુદ્‌ગલદ્રવ્ય છે ’. ૨૫.

**ગાથાર્થઃ-** [ अज्ञानमोहितमति: ] જેની મતિ અજ્ઞાનથી મોહિત છે [ बहुभाव–संयुक्त: ] અને જે મોહ, રાગ, દ્વેષ આદિ ઘણા ભાવોથી સહિત છે એવો [ जीव: ] જીવ [ भणति ] એમ કહે છે કે [ इदं ] આ [ बद्धम् तथा च अबद्धं ] શરીરાદિ બદ્ધ તેમ જ ધનધાન્યાદિ અબદ્ધ [ पुद्गलं द्रव्यम् ] પુદ્‌ગલદ્રવ્ય [ मम ] મારું છે. આચાર્ય કહે છેઃ [ सर्वज्ञज्ञानदृष्ट: ] સર્વજ્ઞના જ્ઞાન વડે દેખવામાં આવેલો જે [ नित्यम् ] સદા [ उपयोगलक्षण: ] ઉપયોગલક્ષણવાળો [ जीव: ] જીવ છે [ स: ] તે [ पुद्गलद्रव्योभूत: ]

यदि स पुद्गलद्रव्यीभूतो जीवत्वमागतमितरत्।
तच्छक्तो वक्तुं यन्ममेदं पुद्गलं द्रव्यम्।। २५ ।।

युगपदनेकविधस्य बन्धनोपाधेः सन्निधानेन प्रधावितानामस्वभावभावानां संयोगवशाद्विचित्रोपाश्रयोपरक्तः स्फटिकोपल इवात्यन्ततिरोहितस्वभाव-भावतया अस्तमितसमस्तविवेकज्योतिर्महता स्वयमज्ञानेन विमोहितहृदयो भेदमकृत्वा तानेवास्वभावभावान् स्वीकुर्वाणः पुद्गलद्रव्यं ममेदमित्यनुभवति किलाप्रतिबुद्धो जीवः। अथायमेव प्रतिबोध्यते-रे दुरात्मन्, आत्मपंसन् जहीहि जहीहि परमाविवेकघस्मरसतृणाभ्यवहारित्वम्। दूरनिरस्तसमस्त-सन्देहविपर्यासानध्यवसायेन विश्वैकज्योतिषा सर्वज्ञज्ञानेन

---

પુદ્ગલદ્રવ્યરૂપ [ कथं ] કેમ થઈ શકે [ यत् ] કે [ भणसि ] તું કહે છે કે [ इदं मम ] આ પુદ્ગલદ્રવ્ય મારું છે? [ यदि ] જો [ सः ] જીવદ્રવ્ય [ पुद्गलद्रव्यीभूतः ] પુદ્ગલદ્રવ્યરૂપ થઈ જાય અને [ इतरत् ] પુદ્ગલદ્રવ્ય [ जीवत्वम् ] જીવપણાને [ आगतम् ] પામે [ तत् ] તો [ वक्तुं शक्तः ] તું કહી શકે [ यत् ] કે [ इदं पुद्गलं द्रव्यम् ] આ પુદ્ગલદ્રવ્ય [ मम ] મારું છે. ( પણ એવું તો થતું નથી. )

**ટીકાઃ-** એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સંયોગવશે જે ( અપ્રતિબુદ્ધ જીવ ) અનેક પ્રકારના વર્ણવાળા *આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે, અત્યંત તિરોભૂત ( ઢંકાયેલા ) પોતાના સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે એવો છે, અને મહા અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે-એવો અપ્રતિબુદ્ધ જીવ સ્વપરનો ભેદ નહિ કરીને, પેલા અસ્વભાવભાવોને જ ( પોતાના સ્વભાવ નથી એવા વિભાવોને જ ) પોતાના કરતો, પુદ્ગલદ્રવ્યને 'આ મારું છે' એમ અનુભવે છે. ( જેમ સ્ફટિકપાષાણમાં અનેક પ્રકારના વર્ણની નિકટતાથી અનેકવર્ણરૂપપણું દેખાય છે, સ્ફટિકનો નિજ શ્વેત-નિર્મળભાવ દેખાતો નથી તેવી રીતે અપ્રતિબુદ્ધને કર્મની ઉપાધીથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે-દેખાતો નથી તેથી પુદ્ગલદ્રવ્યને પોતાનું માને છે. ) એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે કે :-રે દુરાત્મન્! આત્માનો ઘાત કરનાર! જેમ પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ. જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય

---

* આશ્રય = જેમાં સ્ફટિકમણિ મૂકેલો હોય તે વસ્તુ

**स्फुटीकृतं किल नित्योपयोगलक्षणं जीवद्रव्यं तत्कथं पुद्गलद्रव्यीभूतं येन पुद्गलद्रव्यं मदमेमित्यनुभवसि, यतो यदि कथञ्चनापि जीवद्रव्यं पुद्गलद्रव्यीभूतं स्यात् पुद्गलद्रव्यं च जीवद्रव्यीभूतं स्यात् तदैव लवणस्योदकमिव ममेदं पुद्गलद्रव्यमित्यनुभूतिः किल घटेत, तत्तु न कथञ्चनापि स्यात्। तथा हि-यथा क्षारत्वलक्षणं लवणमुदकीभवत् द्रवत्वलक्षणमुदकं च लवणीभवत् क्षारत्वद्रवत्वसहवृत्त्यविरोधादनुभूयते, न तथा नियोपयोगलक्षणं जीवद्रव्यं पुद्गलद्रव्यीभवत् नित्यानुपयोगलक्षणं पुद्गलद्रव्यं च जीवद्रव्यीभवत् उपयोगानुपयोगयोः प्रकाशतमसोरिव सहवृत्तिविरोधादनुभूयते। तत्सर्वथा प्रसीद, विबुध्यस्व, स्वद्रव्यं ममेदमित्यनुभव।**

---

દૂર કરી દીધા છે અને જે વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવાને એક અદ્વિતીય જ્યોતિ છે એવા સર્વજ્ઞ-જ્ઞાનથી સ્ફુટ (પ્રગટ) કરવામાં આવેલ જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય તે કેવી રીતે પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ ગયું કે જેથી તું 'આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે? કારણ કે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યરૂપ થાય અને પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય તો જ 'મીઠાનું પાણી' એવા અનુભવની જેમ 'મારું આ પુદ્‌ગલદ્રવ્ય' એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે; પણ એમ તો કોઈ રીતે બનતું નથી. એ, દ્રષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવે છેઃ જેમ ખારાપણું જેનું લક્ષણ છે એવું લવણ પાણીરૂપ થતું દેખાય છે અને દ્રવત્વ (પ્રવાહીપણું) જેનું લક્ષણ છે એવું પાણી લવણરૂપ થતું દેખાય છે કારણ કે ખારાપણું અને દ્રવપણાને સાથે રહેવામાં અવિરોધ છે અર્થાત્ તેમાં કોઈ બાધા નથી, તેવી રીતે નિત્ય ઉપયોગ-લક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી અને નિત્ય અનુપયોગ (જડ) લક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્ય થતું જોવામાં આવતું નથી કારણ કે પ્રકાશ અને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે; જડ-ચેતન કદી પણ એક થઈ શકે નહિ. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા, તારું ચિત્ત ઉજ્જ્વળ કરી સાવધાન થા અને સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ. (એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.)

**ભાવાર્થઃ-** આ અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે કે જડ અને ચેતનદ્રવ્ય-એ બન્ને સર્વથા જુદાં જુદાં છે, કદાચિત્ કોઈ પણ રીતે એકરૂપ નથી થતાં એમ સર્વજ્ઞે દીઠું છે; માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને એકપણે માનવું છોડી દે; વૃથા માન્યતાથી બસ થાઓ.

( मालिनी )

**अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्**
**अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।**
**पृथगथ विलसन्तं स्वं समालोक्य येन**
**त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।। २३ ।।**

**अथाहाप्रतिबुद्धः-**

**जदि जीवो ण सरीरं तित्थयरायरियसंथुदी चेव।**
**सव्वा वि हवदि मिच्छा तेण दु आदा हवदि देहो।। २६ ।।**

---

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ अयि ] ‘अयि’ એ કોમળ સંબોધનના અર્થવાળું અવ્યય છે. આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ! તું [ कथम् अपि ] કોઈ પણ રીતે મહા કષ્ટે અથવા [ मृत्वा ] મરીને પણ [ तत्त्वकौतूहली सन् ] તત્ત્વોનો કૌતૂહલી થઈ [ मूर्तेः मुहूर्तम् पार्श्ववर्ती भव ] આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ [ अनुभव ] આત્માનો અનુભવ કર [ अथ येन ] કે જેથી [ स्वं विलसन्तं ] પોતાના આત્માને વિલાસરૂપ, [ पृथक् ] સર્વ પરદ્રવ્યોથી જુદો [ समालोक्य ] દેખી [ मूर्त्या साकम् ] આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે [ एकत्वमोहम् ] એકપણાના મોહને [ झगिति त्यजसि ] તું તુરત જ છોડશે.

**ભાવાર્થઃ-** જો આ આત્મા બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે (તેમાં લીન થાય), પરિષહ આવ્યે પણ ડગે નહિ, તો ઘાતીકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય. આત્માનુભવનું એવું માહાત્મ્ય છે તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે; માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે. ૨૩.

હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે તેની ગાથા કહે છેઃ–

**જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકરતણી**
**સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની ! ૨૬.**

यदि जीवो न शरीरं तीर्थकराचार्यसंस्तुतिश्चैव।
सर्वापि भवति मिथ्या तेन तु आत्मा भवति देहः।। २६ ।।

यदि य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यं न भवेत्तदा-

( शार्दूभविक्रीडित )

कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।। २४ ।।

-इत्यादिका तीर्थकराचार्यस्तुतिः समस्तापि मिथ्या स्यात्। ततो य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यमिति ममैकान्तिकी प्रतिपत्तिः।

---

**ગાથાર્થઃ-** અપ્રતિબુદ્ધ કહે છે કેઃ [ यदि ] જો [ जीवः ] જીવ છે તે [ शरीरं न ] શરીર નથી તો [ तीर्थकराचार्यसंस्तुतिः ] તીર્થંકર અને આચાર્યોની સ્તુતિ કરી છે તે [ सर्वा अपि ] બધીયે [ मिथ्या भवति ] મિથ્યા ( જૂઠી ) થાય છે; [ तेन तु ] તેથી અમે સમજીએ છીએ કે [ आत्मा ] આત્મા તે [ देहः च एव ] દેહ જ [ भवति ] છે.

**ટીકાઃ-** જે આત્મા છે તે જ પુદ્ગલદ્રવ્યસ્વરૂપ આ શરીર છે. જો એમ ન હોય તો તીર્થંકર-આચાર્યોની જે સ્તુતિ કરવામાં આવી છે તે બધી મિથ્યા થાય. તે સ્તુતિ આ પ્રમાણે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ ते तीर्थेश्वराः सूरयः वन्द्याः ] તે તીર્થંકર-આચાર્યો વાંદવાયોગ્ય છે. કેવા છે તે? [ ये कान्त्या एव दशदिशः स्नपयन्ति ] પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ધુએ છે-નિર્મળ કરે છે, [ ये धाम्ना उद्दाम-महस्विनां धाम निरुन्धन्ति ] પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે, [ ये रूपेण जनमनः मुष्णन्ति ] પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે, [ दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः ] દિવ્યધ્વનિ-વાણીથી ( ભવ્યોના ) કાનોમાં સાક્ષાત્ સુખઅમૃત વરસાવે છે અને [ अष्टसहस्रलक्षणधराः ] એક હજારને આઠ લક્ષણોને ધારણ કરે છે, -એવા છે. ૨૪.

-ઈત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે તે બધીયે મિથ્યા ઠરે છે. તેથી અમારો તો એકાંત એ જ નિશ્ચય છે કે આત્મા છે તે જ શરીર છે, પુદ્ગલદ્રવ્ય છે. આ પ્રમાણે અપ્રતિબુદ્ધે કહ્યું.

**नैवं , नयविभागानभिज्ञोऽसि-**

**ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को।**
**ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो।। २७ ।।**

**व्यवहारनयो भाषते जीवो देहश्च भवति खल्वेक:।**
**न तु निश्चयस्य जीवो देहश्च कदाप्येकार्थ:।। २७ ।।**

**इह खलु परस्परावगाढावस्थायामात्मशरीरयो: समावर्तितावस्थायां कनककलधौतयोरेकस्कन्धव्यवहारवद्व्यवहारमात्रेणैवैकत्वं , न पुनर्निश्चयत:, निश्चयतो ह्यात्मशरीरयोरुपयोगानुपयोगस्वभावयो: कनककलधौतयो: पीतपाण्डुरत्वादिस्वभावयोरिवात्यन्तव्यतिरिक्तत्वेनैकार्थत्वानुपपत्ते: नानात्वमेवेति। एवं हि किल नयविभाग:।**

---

ત્યાં આચાર્ય કહે છે કે એમ નથી; તું નયવિભાગને જાણતો નથી. તે નયવિભાગ આ પ્રમાણે છે એમ ગાથામાં કહે છેઃ–

**જીવ-દેહ બન્ને એક છે-વ્યવહારનયનું વચન આ;**
**પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થના. ૨૭.**

**ગાથાર્થઃ-** [ व्यवहारनय: ] વ્યવહારનય તો [ भाषते ] એમ કહે છે કે [ जीव: देह: च ] જીવ અને દેહ [ एक: खलु ] એક જ [ भवति ] છે; [ तु ] પણ [ निश्चयस्य ] નિશ્ચયનયનું કહેવું છે કે [ जीव: देह: च ] જીવ અને દેહ [ कदा अपि ] કદી પણ [ एकार्थ: ] એક પદાર્થ [ न ] નથી.

**ટીકાઃ-** જેમ આ લોકમાં સુવર્ણ અને ચાંદીને ગાળી એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે તેમ આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો વ્યવહાર છે. આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે, પરંતુ નિશ્ચયથી એકપણું નથી; કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો, જેમ પીળાપણું આદિ અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે એવાં સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની અસિદ્ધિ છે તેથી અનેકપણું જ છે, તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે એવાં આત્મા અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની પ્રાપ્તિ નથી તેથી અનેકપણું જ છે. આવો આ પ્રગટ નયવિભાગ છે.

ततो व्यवहारनयेनैव शरीरस्तवनेनात्मस्तवनमूपपन्नम्।

तथा हि-

इणमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी।
मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं।। २८ ।।
इदमन्यत् जीवाद्देहं पुद्गलमयं स्तुत्वा मुनिः।
मन्यते खलु संस्तुतो वन्दितो मया केवली भगवान्।। २८ ।।

यथा कलधौतगुणस्य पाण्डुरत्वस्य व्यपदेशेन परमार्थतोऽतत्स्वभावस्यापि कार्तस्वरस्य व्यवहारमात्रेणैव पाण्डुरं कार्तस्वरमित्यस्ति व्यपदेशः, तथा शरीरगुणस्य शुक्ललोहितत्वादेः स्तवनेन परमार्थतोऽतत्स्वभावस्यापि तीर्थकरकेवलिपुरुषस्य व्यवहार-

---

માટે વ્યવહારનયે જ શરીરના સ્તવનથી આત્માનું સ્તવન બને છે.

**ભાવાર્થઃ-** વ્યવહારનય તો આત્મા અને શરીરને એક કહે અને નિશ્ચયનય ભિન્ન કહે છે. તેથી વ્યવહારનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન માનવામાં આવે છે.

આ જ વાત હવેની ગાથામાં કહે છેઃ-

**જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ**
**માને પ્રભુ કેવળીતણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.**

**ગાથાર્થઃ-** [ जीवात् अन्यत् ] જીવથી ભિન્ન [ इदम् पुद्गलमयं देहं ] આ પુદ્‌ગલમય દેહની [ स्तुत्वा ] સ્તુતિ કરીને [ मुनिः ] સાધુ [ मन्यते खलु ] એમ માને છે કે [ मया ] મેં [ केवली भगवान् ] કેવળી ભગવાનની [ स्तुतः ] સ્તુતિ કરી, [ वन्दितः ] વંદના કરી.

**ટીકાઃ-** જેમ, પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, ચાંદીનો ગુણ જે શ્વેતપણું, તેના નામથી સુવર્ણનું ‘ શ્વેત સુવર્ણ ’ એવું નામ કહેવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કહેવામાં આવે છે; તેવી રીતે, પરમાર્થથી શુકલ-રકતપણું તીર્થંકર-કેવળીપુરુષનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, શરીરના ગુણો જે શુકલ-રકતપણું વગેરે, તેમના સ્તવનથી તીર્થંકર-કેવળીપુરુષનું ‘ શુકલ-રકત તીર્થંકર-કેવળીપુરુષ ’

**मात्रेणैव शुक्ललोहितस्तीर्थकरकेवलिपुरुष इत्यस्ति स्तवनम्। निश्चयनयेन तु शरीरस्तवनेनात्मस्तवनमनुपपन्नमेव।**

**तथा हि-**

**तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो।**
**केवलिगुणे थुणदि जो सो तच्चं केवलिं थुणदि।। २९ ।।**

**तन्निश्चये न युज्यते न शरीरगुणा हि भवन्ति केवलिनः।**
**केवलिगुणान् स्तौति यः स तत्त्वं केवलिनं स्तौति।। २९ ।।**

**यथा कार्तस्वरस्य कलधौतगुणस्य पाण्डुरत्वस्याभावान्न निश्चयतस्तद्व्यपदेशेन**

---

એવું સ્તવન કરવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું જ નથી.

**ભાવાર્થઃ-** અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે અને શરીર જડ છે તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે? તેનો ઉત્તરઃ– વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે. વળી છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી, શરીર દેખાય છે, તેની શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાન્ત ભાવ થાય છે. આવો ઉપકાર જાણી શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે; તથા શાન્ત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે એ પણ ઉપકાર છે.

ઉપરની વાતને ગાથાથી કહે છેઃ–

**પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળીતણા;**
**જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.**

**ગાથાર્થઃ-** [ तत् ] તે સ્તવન [ निश्चये ] નિશ્ચયમાં [ न युज्यते ] યોગ્ય નથી [ हि ] કારણ કે [ शरीरगुणाः ] શરીરના ગુણો [ केवलिनः ] કેવળીના [ न भवन्ति ] નથી; [ यः ] જે [ केवलिगुणान् ] કેવળીના ગુણોની [ स्तौति ] સ્તુતિ કરે છે [ सः ] તે [ तत्त्वं ] પરમાર્થથી [ केवलिनं ] કેવળીની [ स्तौति ] સ્તુતિ કરે છે.

**ટીકાઃ-** જેમ ચાંદીનો ગુણ જે સફેદપણું, તેનો સુવર્ણમાં અભાવ છે માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું, સુવર્ણના ગુણ જે પીળા–

व्यपदेशः, कार्तस्वरगुणस्य व्यपदेशेनैव कार्तस्वरस्य व्यपदेशात्; तथा तीर्थकरकेवलिपुरुषस्य शरीरगुणस्य शुक्ललोहितत्वादेरभावान्न निश्चयतस्तत्स्तवनेन स्तवनं, तीर्थकरकेवलिपुरुषगुणस्य स्तवनेनैव तीर्थकरकेवलिपुरुषस्य स्तवनात्।

कथं शरीरस्तवनेन तदधिष्ठातृत्वादात्मनो निश्चयेन स्तवनं न युज्यत इति चेत्-

**णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि।**
**देहगुणे थुव्वंते ण केवलिगुणा थुदा होंति।। ३० ।।**

नगरे वर्णिते यथा नापि राज्ञो वर्णना कृता भवति।
देहगुणे स्तूयमाने न केवलिगुणाः स्तुता भवन्ति।। ३० ।।

तथा हि-

( आर्या )

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।। २५ ।।

---

પણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે; તેવી રીતે શરીરના ગુણો જે શુકલ-રકતપણું વગેરે, તેમનો તીર્થંકર-કેવળીપુરુષમાં અભાવ છે માટે નિશ્ચયથી શરીરના શુકલ-રકતપણું વગેરે ગુણોનું સ્તવન કરવાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન નથી થતું, તીર્થંકર-કેવળીપુરુષના ગુણોનું સ્તવન કરવાથી જ તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થાય છે.

હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દ્રષ્ટાંત સહિત ગાથા કહે છેઃ-

**વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,**
**કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ नगरे ] નગરનું [ वर्णिते अपि ] વર્ણન કરતાં છતાં [ राज्ञः वर्णना ] રાજાનું વર્ણન [ न कृता भवति ] કરાતું (થતું) નથી, તેમ [ देहगुणे स्तूयमाने ] દેહના ગુણનું સ્તવન કરતાં [ केवलिगुणाः ] કેવળીના ગુણોનું [ स्तुताः न भवन्ति ] સ્તવન થતું નથી.

**ટીકાઃ-** ઉપરના અર્થનું (ટીકામાં) કાવ્ય કહે છેઃ-

**-इति नगरे वर्णितेऽपि राज्ञः तदधिष्ठातृत्वेऽपि प्राकारोपवनपरिखादिमत्त्वाभावाद्वर्णनं न स्यात्।**

**तथैव-**

( आर्या )

**नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।**
**अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति।। २६ ।।**

**-इति शरीरे स्तूयमानेऽपि तीर्थकरकेवलिपुरुषस्य तदधिष्ठातृत्वेऽपि सुस्थितसर्वाङ्गत्वलावण्यादिगुणाभावात्स्तवनं न स्यात्।**

**अथ निश्चयस्तुतिमाह। तत्र ज्ञेयज्ञायकसङ्करदोषपरिहारेण तावत्-**

---

**શ્લોકાર્થઃ-** [ इदं नगरम् हि ] આ નગર એવું છે કે જેણે [ प्राकार–कवलित–अम्बरम् ] કોટ વડે આકાશને ગ્રસ્યું છે (અર્થાત્ તેનો ગઢ બહુ ઊંચો છે), [ उपवन–राजी–निगीर्ण–भूमितलम् ] બગીચાઓની પંક્તિઓથી જે ભૂમિતળને ગળી ગયું છે (અર્થાત્ ચારે તરફ બગીચાઓથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે) અને [ परिखावलयेन पातालम् पिबति इव ] કોટની ચારે તરફ ખાઈના ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે (અર્થાત્ ખાઈ બહુ ઊંડી છે). ૨૫.

આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી કારણ કે, જોકે રાજા તેનો અધિષ્ઠાતા છે તોપણ, કોટ-બાગ-ખાઇ-આદિવાળો રાજા નથી.

તેવી રીતે શરીરનું સ્તવન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ जिनेन्द्ररूपं परं जयति ] જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે. કેવું છે તે? [ नित्यम्–अविकार–सुस्थित–सर्वाङ्गम् ] જેમાં સર્વ અંગ હંમેશાં અવિકાર અને સુસ્થિત (સારી રીતે સુખરૂપ સ્થિત) છે, [ अपूर्व–सहज–लावण्यम् ] જેમાં (જન્મથી જ) અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્ય છે (અર્થાત્ જે સર્વને પ્રિય લાગે છે) અને [ समुद्रं इव अक्षोभम् ] જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ નથી. ૨૬.

આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થતું નથી કારણ કે, જોકે તીર્થંકર-કેવળીપુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે તોપણ, સુસ્થિત સર્વાંગપણું, લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી તીર્થંકર-કેવળીપુરુષને તે ગુણોનો અભાવ છે.

હવે, (તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી સ્તુતિ કહે છેઃ-

जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।। ३१ ।।

य इन्द्रियाणि जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानम्।
तं खलु जितेन्द्रियं ते भणन्ति ये निश्चिताः साधवः।। ३१ ।।

यः खलु निरवधिवन्धपर्यायवशेन प्रत्यस्तमितसमस्तस्वपरविभागानि निर्मलभेदाभ्यासकौशलोपलब्धान्तःस्फुटातिसूक्ष्मचित्स्वभावावष्टम्भबलेन शरीर-परिणामापन्नानि द्रव्येन्द्रियाणि, प्रतिविशिष्टस्वस्वविषयव्यवसायितया खण्डशः आकर्षन्ति प्रतीयमानाखण्डैकचिच्छक्तितया भावेन्द्रियाणि, ग्राह्यग्राहकलक्षणसम्बन्धप्रत्यासत्तिवशेन सह संविदा परस्परमेकीभूतानिव चिच्छक्तेः स्वयमेवानुभूयमानासङ्गतया भावेन्द्रियावगृह्यमाणान्

---

જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.

**ગાથાર્થઃ-** [ यः ] જે [ इन्द्रियाणि ] ઇંદ્રિયોને [ जित्वा ] જીતીને [ ज्ञानस्व-भावाधिकं ] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક [ आत्मानम् ] આત્માને [ जानाति ] જાણે છે [ तं ] તેને, [ ये निश्चिताः साधवः ] જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે [ ते ] તેઓ, [ खलु ] ખરેખર [ जितेन्द्रियं ] જિતેંદ્રિવ [ भणन्ति ] કહે છે.

**ટીકાઃ-** ( જે મુનિ દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો-એ ત્રણેયને પોતાનાથી જુદાં કરીને સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે. ) અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે ( અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી ) એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી; એ, દ્રવ્યેન્દ્રિયોનું જીતવું થયું. જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે ( અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે ) એવી ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી; એ, ભાવેન્દ્રિયોનું જીતવું થયું. ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન ( અનુભવ ) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઇંદ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને,

**स्पर्शादीनिन्द्रियार्थांश्च सर्वथा स्वतः पृथक्करणेन विजित्योपरतसमस्तज्ञेय-ज्ञायकसङ्करदोषत्वेनैकत्वे टङ्कोत्कीर्णं विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततया नित्यमेवान्तःप्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता ज्ञानस्वभावेन सर्वेभ्यो द्रव्यान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं सञ्चेतयते स खलु जितेन्द्रियो जिन इत्येका निश्चयस्तुतिः।**

**अथ भाव्यभावकसङ्करदोषपरिहारेण-**

**जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं जिदमोहं साहुं परमट्ठवियाणया बेंति।। ३२ ।।**

---

પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા; એ, ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું. આમ જે (મુનિ) દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો-એ ત્રણેને જીતીને, જ્ઞેય-જ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી એકત્વમાં *ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી 'જિતેન્દ્રિય જિન' છે. (જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે.) કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આ વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો (અર્થાત્ તેમને જાણતાં છતાં તે-રૂપ નહિ થતો), પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનશ્વર, સ્વતઃસિદ્ધ અને પરમાર્થસત્-એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.

આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો આ થઈ.

(જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો અને જ્ઞાયક પોતે આત્મા-એ બન્નેનું અનુભવન, વિષયોની આસક્તતાથી, એક જેવું થતું હતું; ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો એમ અહીં જાણવું.)

હવે ભાવ્યભાવક-સંકરદોષ દૂર કરી સ્તુતિ કહે છેઃ-

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

---

* ટંકોત્કીર્ણ = પથ્થરમાં ટાંકણાથી કોરેલી મૂર્તિની જેમ એકાકાર જેવો ને તેવો સ્થિત.

यो मोहं तु जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानम्।
तं जितमोहं साधुं परमार्थविज्ञायका ब्रुवन्ति।। ३२ ।।

यो हि नाम फलदानसमर्थतया प्रादुर्भूय भावकत्वेन भवन्तमपि दूरत एव तदनुवृत्तेरात्मनो भाव्यस्य व्यावर्तनेन हठान्मोहं न्यक्कृत्योपरतसमस्तभाव्यभावकसङ्करदोषत्वेनैकत्वे टङ्कोत्कीर्णं विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततया नित्यमेवान्तःप्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता ज्ञानस्वभावेन द्रव्यान्तरस्वभावभाविभ्यः सर्वेभ्यो भावान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं सञ्चेतयते स खलु जितमोहो जिन इति द्वितीया निश्चयस्तुतिः।

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्म-मनोवचनकायसूत्राण्येकादश पञ्चानां श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणा-मिन्द्रियसूत्रेण पृथग्व्याख्यात-

---

**ગાથાર્થઃ-** [ यः तु ] જે મુનિ [ मोहं ] મોહને [ जित्वा ] જીતીને [ आत्मानम् ] પોતાના આત્માને [ ज्ञानस्वभावाधिकं ] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી અધિક [ जानाति ] જાણે છે [ तं साधुं ] તે મુનિને [ परमार्थविज्ञायकाः ] પરમાર્થના જાણનારાઓ [ जितमोहं ] જિતમોહ [ ब्रुवन्ति ] કહે છે.

**ટીકાઃ-** મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્માભાવ્ય, તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને, સમસ્ત ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ ( નિશ્ચલ ) અને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને જે ( મુનિ ) અનુભવે છે તે નિશ્ચયથી 'જિતમોહ જિન' ( જેણે મોહને જીત્યો છે એવા જિન ) છે. કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આ સમસ્ત લોકના ઉપર તરતો, પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનાશી, પોતાથી જ સિદ્ધ અને પરમાર્થસત્ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.

આ રીતે ભાવ્યભાવક ભાવના સંકરદોષને દૂર કરી બીજી નિશ્ચયસ્તુતિ છે.

આ ગાથાસૂત્રમાં એક મોહનું જ નામ લીધું છે; તેમાં 'મોહ' પદને બદલીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય મૂકીને અગિયાર સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન- એ પાંચનાં સૂત્રો ઇંદ્રિયસૂત્રદ્વારા જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં; એમ સોળ સૂત્રો જુદાં

त्वाद्व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

अथ भाव्यभावकभावाभावेन-

**जिदमोहस्स दु जइया खीणो मोहो हवेज्ज साहुस्स।**
**तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं।। ३३ ।।**

जितमोहस्य तु यदा क्षीणो मोहो भवेत्साधोः।
तदा खलु क्षीणमोहो भण्यते स निश्चयविद्भिः।। ३३ ।।

इह खलु पूर्वप्रक्रान्तेन विधानेनात्मनो मोहं न्यक्कृत्य यथोदितज्ञानस्वभावातिरिक्तात्मसञ्चेतनेन जितमोहस्य सतो यदा स्वभावभावभावनासौष्ठवावष्टम्भात्तत्सन्तानात्यन्त-विनाशेन पुनरप्रादुर्भावाय भावकः क्षीणो मोहः स्यात्तदा स एव

---

જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

**ભાવાર્થઃ-** ભાવક જે મોહ તેના અનુસાર પ્રવૃતિથી પોતાનો આત્મા ભાવ્યરૂપ થાય છે તેને ભેદજ્ઞાનના બળથી જુદો અનુભવે તે જિતમોહ જિન છે. અહીં એવો આશય છે કે શ્રેણી ચડતાં મોહનો ઉદય જેને અનુભવમાં ન રહે અને જે પોતાના બળથી ઉપશમાદિ કરી આત્માને અનુભવે છે તેને જિતમોહ કહ્યો છે; અહીં મોહને જીત્યો છે; તેનો નાશ થયો નથી.

હવે, ભાવ્યભાવક ભાવના અભાવથી નિશ્ચયસ્તુતિ કહે છેઃ–

**જિતમોહ સાધુતણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,**
**નિશ્ચયવિદોથકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.**

**ગાથાર્થઃ-** [ जितमोहस्य तु साधोः ] જેણે મોહને જીત્યો છે એવા સાધુને [ यदा ] જ્યારે [ क्षीणः मोहः ] મોહ ક્ષીણ થઈ સત્તામાંથી નાશ [ भवेत् ] થાય [ तदा ] ત્યારે [ निश्चयविद्भिः ] નિશ્ચયના જાણનારા [ खलु ] નિશ્ચયથી [ सः ] તે સાધુને [ क्षीणमोहः ] ‘ક્ષીણમોહ’ એવા નામથી [ भण्यते ] કહે છે.

**ટીકાઃ-** આ નિશ્ચયસ્તુતિમાં પૂર્વોક્ત વિધાનથી આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી, જેવો (પૂર્વે) કહ્યો તેવા જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો, તેને જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય–એમ ભાવકરૂપ મોહ ક્ષીણ થાય, ત્યારે (ભાવક મોહનો ક્ષય

भाव्यभावकभावाभावेनैकत्वे टङ्कोत्कीर्णं परमात्मानमवाप्तः क्षीणमोहो जिन इति तृतीया निश्चयस्तुतिः।

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनो वचनकाय -श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

(शार्दूलविक्रीडित)

**एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चया-**
**न्नुः स्तोत्र व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।**
**स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे-**
**न्नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः।। २७।।**

---

થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે અને એ રીતે) ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે એકપણું થવાથી ટંકોત્કીર્ણ (નિશ્ચલ) પરમાત્માને પ્રાપ્ત થયેલો તે 'ક્ષીણમોહ જિન' કહેવાય છે. આ ત્રીજી નિશ્ચયસ્તુતિ છે.

અહીં પણ પૂર્વે કહ્યું હતું તેમ 'મોહ' પદને બદલી રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન–એ પદો મૂકી સોળ સુત્રો (ભણવાં અને) વ્યાખ્યાન કરવાં અને આ પ્રકારના ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

**ભાવાર્થઃ**-સાધુ પહેલાં પોતાના બળથી ઉપશમ ભાવ વડે મોહને જીતી, પછી જ્યારે પોતાના મહા સામર્થ્યથી મોહનો સત્તામાંથી નાશ કરી જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય ત્યાર તે ક્ષીણમોહ જિન કહેવાય છે.

હવે અહીં આ નિશ્ચય–વ્યવહારરૂપ સ્તુતિના અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [कायात्मनोः व्यवहारतः एकत्वं] શરીરને અને આત્માને વ્યવહારનયથી એકપણું છે [तु पुनः] પણ [निश्चयात् न] નિશ્ચયનયથી એકપણું નથી; [वपुषः स्तुत्या नुः स्तोत्रं व्यवहारतः अस्ति] માટે શરીરના સ્તવનથી આત્માપુરુષનું સ્તવન વ્યવહારનયથી થયું કહેવાય છે, અને [तत्त्वतः तत् न] નિશ્ચયનયથી નહિ; [निश्चयतः] નિશ્ચયથી તો [चित्स्तुत्या एव] ચૈતન્યના સ્તવનથી જ [चितः स्तोत्रं भवति] ચૈતન્યનું સ્તવન થાય છે. [सा एवं भवेत्] તે ચૈતન્યનું સ્તવન અહીં જિતેન્દ્રિય, જિતમોહ, ક્ષીણમોહ–એમ (ઉપર) કહ્યું તેમ છે. [अतः तीर्थकर–

( मालिनी )

**इति परिचिततत्त्वैरात्मकायैकतायां**
**नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।**
**अवतरति न बोधो बोधमेवाद्य कस्य**
**स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।। २८ ।।**

**इत्यप्रतिबुद्धोक्तिनिरासः।**

**एवमयमनादिमोहसन्ताननिरूपितात्मशरीरैकत्वसंस्कारतयात्यन्तमप्रतिबुद्धोऽपि**

---

स्तवोत्तरबलात् ] અજ્ઞાનીએ તીર્થંકરના સ્તવનનો જે પ્રશ્ન કર્યો હતો તેનો આમ નયવિભાગથી ઉત્તર દીધો; તે ઉત્તરના બળથી એમ સિદ્ધ થયું કે [ आत्म–अङ्गयोः एकत्वं न ] આત્માને અને શરીરને એકપણું નિશ્ચયથી નથી. ૨૭.

હવે વળી, આ અર્થને જાણવાથી ભેદજ્ઞાનની સિદ્ધિ થાય છે એવા અર્થવાળું કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ परिचित–तत्त्वैः ] જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓએ [ आत्म–काय–एकतायां ] જ્યારે આત્મા અને શરીરના એકપણાને [ इति नय–विभजन–युक्त्या ] આમ નયના વિભાગની યુક્તિ વડે [ अत्यन्तम् उच्छादितायाम् ] જડમૂળથી ઉખેડી નાખ્યું છે–અત્યંત નિષેધ્યું છે, ત્યારે [ कस्य ] કયા પુરુષને [ बोधः ] જ્ઞાન [ अद्य एव ] તત્કાળ [ बोधं ] યથાર્થપણાને [ न अवतरति ] ન પામે? અવશ્ય પામે જ. કેવું થઈને? [ स्व–रस–रभस–कृष्टः प्रस्फुटन् एकः एव ] પોતાના નિજરસના વેગથી ખેંચાઈ પ્રગટ થતું એકસ્વરૂપ થઈને.

**ભાવાર્થઃ-**નિશ્ચય–વ્યવહારનયના વિભાગ વડે આત્માનો અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે; તેને જાણીને, એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય? થાય જ; કારણ કે જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી પોતે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે અવશ્ય તે જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન જ જણાવે છે. અહીં કોઈ દીર્ઘસંસારી જ હોય તો તેની કાંઈ વાત નથી. ૨૮.

આ પ્રમાણે, અપ્રતિબુદ્ધે જે એમ કહ્યું હતું કે “અમારો તો એ નિશ્ચય છે કે દેહ છે તે જ આત્મા છે”, તેનું નિરાકરણ કર્યું.

આ રીતે આ અજ્ઞાની જીવ અનાદિ મોહના સંતાનથી નિરૂપણ કરવામાં આવેલું જે આત્મા ને શરીરનું એકપણું તેના સંસ્કારપણાથી અત્યંત અપ્રતિબુદ્ધ

प्रसभोज्जृम्भिततत्त्वज्ञानज्योतिर्नेत्रविकारीव प्रकटोद्घाटितपटलष्टसितिप्रतिबुद्धः ( ? ) साक्षात् द्रष्टारं स्वं स्वयमेव हि विज्ञाय श्रद्धाय च तं चैवानुचरितुकामः स्वात्मारामस्यास्यान्यद्रव्याणां प्रत्याख्यानं किं स्यादिति पृच्छन्नित्थं वाच्यः-

सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।
तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।। ३४ ।।
सर्वान् भावान् यस्मात्प्रत्याख्याति परानिति ज्ञात्वा।
तस्मात्प्रत्याख्यानं ज्ञानं नियमात् ज्ञातव्यम्।। ३४ ।।

यतो हि द्रव्यान्तरस्वभावभाविनोऽन्यानखिलानपि भावान् भगवज्ज्ञातृद्रव्यं स्वस्वभावभावाव्याप्यतया परत्वेन ज्ञात्वा प्रत्याचष्टे, ततो य एव पूर्वं जानाति

---

હતો તે હવે તત્ત્વજ્ઞાનસ્વરૂપ જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી અને નેત્રના વિકારીની માફક (જેમ કોઇ પુરુષનાં નેત્રમાં વિકાર હતો ત્યારે વર્ણાદિક અન્યથા દેખાતાં હતાં અને જ્યારે વિકાર મટયો ત્યારે જેવાં હતાં તેવાં જ દેખવા લાગ્યો તેમ) પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઊઘડી જવાથી પ્રતિબુદ્ધ થયો અને સાક્ષાત્ દ્રષ્ટા (દેખનાર) એવા પોતાને પોતાથી જ જાણી, શ્રદ્ધાન કરી, તેનું જ આચરણ કરવાનો ઇચ્છક થયો થકો પૂછે છે કે ‘આ સ્વાત્મારામને અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન (ત્યાગવું) તે શું છે?’ તેને આચાર્ય આ પ્રમાણે કહે છેઃ–

સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.

**ગાથાર્થઃ-** [ यस्मात् ] જેથી [ सर्वान् भावान् ] ‘પોતાના સિવાય સર્વ પદાર્થો [ परान् ] પર છે’ [ इति ज्ञात्वा ] એમ જાણીને [ प्रत्याख्याति ] પ્રત્યાખ્યાન કરે છે–ત્યાગે છે, [ तस्मात् ] તેથી, [ प्रत्याख्यानं ] પ્રત્યાખ્યાન [ ज्ञानं ] જ્ઞાન જ છે [ नियमात् ] એમ નિયમથી [ ज्ञातव्यम् ] જાણવું. પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે, બીજું કાંઈ નથી.

**ટીકાઃ-**આ ભગવાન જ્ઞાતા–દ્રવ્ય (આત્મા) છે તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને, ત્યાગે છે; તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો

**स एव पश्चात्प्रत्याचष्टे, न पुनरन्य इत्यात्मनि निश्चित्य प्रत्याख्यानसमये प्रत्याख्येयोपाधिमात्रप्रवर्तितकर्तृत्वव्यपदेशत्वेऽपि परमार्थेनाव्यपदेश्यज्ञान-स्वभावादप्रच्यवनात् प्रत्याख्यानं ज्ञानमेवेत्यनुभवनीयम्।**

**अथ ज्ञातुः प्रत्याख्याने को दृष्टान्त इत्यत आह-**

**जह णाम को वि पुरिसो परदव्वमिणं ति जाणिदुं चयदि।**
**तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी।। ३५ ।।**

**यथा नाम कोऽपि पुरुषः परद्रव्यमिदमिति ज्ञात्वा त्यजति।**
**तथा सर्वान् परभावान् ज्ञात्वा विमुञ्चति ज्ञानी।। ३५ ।।**

**यथा हि कश्चित्पुरुषः सम्भ्रान्त्या रजकात्परकीयं चीवरमादायात्मीय- प्रतिपत्त्या**

---

કોઈ ત્યાગનાર નથી-એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ (આત્માને) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી, પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટયો નથી, માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે-એમ અનુભવ કરવો.

**ભાવાર્થઃ**-આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે. તે નામમાત્ર છે. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે. એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી.

હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું તેનું દૃષ્ટાંત શું છે? તેનો ઉત્તરરૂપ દૃષ્ટાંત-દાર્ષ્ટાંતની ગાથા કહે છેઃ-

**આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,**
**ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.**

**ગાથાર્થઃ**- [ यथा नाम ] જેમ લોકમાં [ कः अपि पुरुषः ] કોઈ પુરુષ [ परद्रव्यम् इदम् इति ज्ञात्वा ] પરવસ્તુને 'આ પરવસ્તુ છે' એમ જાણે ત્યારે એવું જાણીને [ त्यजति ] પરવસ્તુને ત્યાગે છે, [ तथा ] તેવી રીતે [ ज्ञानी ] જ્ઞાની [ सर्वान् ] સર્વ [ परभावान् ] પરદ્રવ્યોના ભાવોને [ ज्ञात्वा ] 'આ પરભાવ છે' એમ જાણીને [ विमुञ्चति ] તેમને છોડે છે.

**ટીકાઃ**-જેમ-કોઇ પુરુષ ધોબીના ઘરેથી ભ્રમથી બીજાનું વસ્ત્ર લાવી,

**परिधाय शयानः स्वयमज्ञानी सन्नन्येन तदञ्चलमालम्ब्य बलान्नग्नीक्रियमाणो मंक्षु प्रतिबुध्यस्वार्पय परिवर्तितमेतद्वस्त्रं मामकमित्यसकृद्वाक्यं शृण्वन्नखिलैश्चिह्नैः सुष्ठु परीक्ष्य निश्चितमेतत्परकीयमिति ज्ञात्वा ज्ञानी सन् मुञ्चति तच्चीवरमचिरात्, तथा ज्ञातापि सम्भ्रान्त्या परकीयान्भावानादायात्मीयप्रतिप-त्त्यात्मन्यध्यास्य शयानः स्वयमज्ञानी सन् गुरुणा परभावविवेकं कृत्वैकीक्रियमाणो मंक्षु प्रतिबुध्यस्वैकः खल्वयमात्मेत्यसकृच्छौतं वाक्यं शृण्वन्नखिलैश्चिह्नै : सुष्ठु परीक्ष्य निश्चितमेते परभावा इति ज्ञात्वा ज्ञानी सन् मुञ्चति सर्वान्परभावानचिरात्।**

( मालिनी )

**अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगा-**
**दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।**
**झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता**
**स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।। २९ ।।**

---

પોતાનું જાણી ઓઢીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની (-આ વસ્ત્ર બીજાનું છે એવા જ્ઞાન વિનાનો) થઈ રહ્યો છે; જ્યારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી, ખેંચી તેને નગ્ન કરે છે અને કહે છે કે 'તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે તે મારું મને દે', ત્યારે વારંવાર કહેલું એ વાક્ય સાંભળતો તે, (એ વસ્ત્રનાં) સર્વ ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને, 'જરૂર આ વસ્ત્ર પારકું જ છે' એમ જાણીને, જ્ઞાની થયો થકો, તે (પરના) વસ્ત્રને જલદી ત્યાગે છે. તેવી રીતે-જ્ઞાતા પણ ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી, પોતાના જાણી, પોતામાં એકરૂપ કરીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે; જ્યારે શ્રી ગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી તેને એક આત્મભાવરૂપ કરે અને કહે કે 'તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ તારો આત્મા ખરેખર એક (જ્ઞાનમાત્ર) જ છે, (અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે), ' ત્યારે વારંવાર કહેલું એ આગમનું વાક્ય સાંભળતો તે, સમસ્ત (સ્વ-પરનાં) ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને, 'જરૂર આ પરભાવો જ છે' (હું એક જ્ઞાનમાત્ર જ છું)ॐ એમ જાણીને, જ્ઞાની થયો થકો, સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.

**ભાવાર્થઃ**-જ્યાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે ત્યાં સુધી જ મમત્વ રહે; અને જ્યારે યથાર્થ જ્ઞાન થવાથી પરવસ્તુ ને પારકી જાણે ત્યારે બીજાની વસ્તુમાં મમત્વ શાનું રહે? અર્થાત્ ન રહે એ પ્રસિદ્ધ છે.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**अथ कथमनुभूतेः परभावविवेको भूत इत्याशङ्क्य भावकभावविवेकप्रकारमाहः-**

**णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेक्को।**
**तं मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति।। ३६ ।।**

**नास्ति मम कोऽपि मोहो बुध्यते उपयोग एवाहमेकः।**
**तं मोहनिर्ममत्वं समयस्य विज्ञायका ब्रुवन्ति।। ३६ ।।**

**इह खलु फलदानसमर्थतया प्रादुर्भूय भावकेन सता पुद्गलद्रव्येणाभि-निर्वर्त्य-**

---

**શ્લોકાર્થઃ-** [ अपर–भाव–त्याग–दृष्टान्त–दृष्टिः ] આ પરભાવના ત્યાગના દ્રષ્ટાન્તની દ્રષ્ટિ, [ अनवम् अत्यन्त–वेगात् यावत् वृत्तिम् न अवतरति ] જૂની ન થાય એ રીતે અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ, [ तावत् ] તે પહેલાં જ [ झटिति ] તત્કાળ [ सकल–भावैः अन्यदीयैः विमुक्ता ] સકલ અન્યભાવોથી રહિત [ स्वयम् इयम् अनुभूतिः ] પોતે જ આ અનુભૂતિ તો [ आविर्बभूव ] પ્રગટ થઈ ગઈ.

**ભાવાર્થઃ**-આ પરભાવના ત્યાગનું દ્રષ્ટાંત કહ્યું તે પર દ્રષ્ટિ પડે તે પહેલાં સમસ્ત અન્યભાવોથી રહિત પોતાના સ્વરૂપનું અનુભવન તો તત્કાળ થઈ ગયું; કારણ કે એ પ્રસિદ્ધ છે કે વસ્તુને પરની જાણ્યા પછી મમત્વ રહેતું નથી. ૨૯.

હવે, 'આ અનુભૂતિથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું?' એવી આશંકા કરીને, પ્રથમ તો જે ભાવકભાવ-મોહકર્મના ઉદયરૂપ ભાવ, તેના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છેઃ-

**નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,**
**-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.**

* **ગાથાર્થઃ-** [ बुध्यते ] એમ જાણે કે [ मोहः मम कः अपि नास्ति ] 'મોહ મારો કાંઈ પણ સંબંધી નથી, [ एकः उपयोगः एव अहम् ] એક ઉપયોગ છે તે જ હું છું'- [ तं ] એવું જે જાણવું તેને [ समयस्य ] સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપના [ विज्ञायकाः ] જાણનારા [ मोहनिर्ममत्वं ] મોહથી નિર્મમત્વ [ ब्रुवन्ति ] કહે છે.

**ટીકાઃ**-નિશ્ચયથી, ( આ મારા અનુભવમાં ) ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ

---

* આ ગાથાનો અર્થ આમ પણ થાય છેઃ-'જરાય મોહ મારો નથી, હું એક છું' એવું ઉપયોગ જ ( -આત્મા જ ) જાણે તે ઉપયોગને ( -આત્માને ) સમયના જાણનારા મોહ પ્રત્યે નિર્મમ ( મમતા વિનાનો ) કહે છે.

**मानष्टङ्कोत्कीर्णैकज्ञायकस्वभावभावस्य परमार्थतः परभावेन भावयितुमशक्यत्वात्कतमोऽपि न नाम मम मोहोऽस्ति। किञ्चैतत्स्वयमेव च विश्वप्रकाशचंचुरविकस्वरानवरतप्रतापसम्पदा चिच्छक्तिमात्रेण स्वभावभावेन भगवानात्मैवावबुध्यते यत्किलाहं खल्वेकः ततः समस्तद्रव्याणां परस्परसाधारणावगाहस्य निवारयितुमशक्यत्वात् मज्जितावस्थायामपि दधिखण्डावस्थायामिव परिस्फुटस्वदमानस्वादभेदतया मोहं प्रति निममत्वोऽस्मि, सर्वदैवात्मैकत्वगतत्वेन समयस्यैवमेव स्थितत्वात्। इतीत्थं भावकभावविवेको भूतः।**

---

થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય તેના વડે રચાયેલો જે મોહ તે મારો કાંઇ પણ લાગતોવળગતો નથી, કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું પરમાર્થે પરના ભાવ વડે *ભાવવું અશક્ય છે. વળી અહીં સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે એવા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે, ભગવાન આત્મા જ જાણે છે કે–પરમાર્થે હું એક છું તેથી, જોકે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું (–એકક્ષેત્રાવગાહનું) નિવારણ કરવું અશક્ય હોવાથી મારો આત્મા ને જડ, શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે તોપણ, શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે, હું મોહ પ્રતિ નિર્મમ જ છું; કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ) એવો ને એવો જ સ્થિત રહે છે. (દહીં ને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે તેમાં દહીં ને ખાંડ એક જેવાં માલૂમ પડે છે તોપણ પ્રગટરૂપ ખાટા–મીઠા સ્વાદના ભેદથી જુદાં જુદાં જણાય છે; તેવી રીતે દ્રવ્યોના લક્ષણભેદથી જડ–ચેતનના જુદા જુદા સ્વાદને લીધે જણાય છે કે મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિક છે તે ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો જ છે.) આ રીતે ભાવકભાવ જે મોહનો ઉદય તેનાથી ભેદજ્ઞાન થયું.

**ભાવાર્થઃ**–આ મોહકર્મ છે તે જડ પુદ્‌ગલદ્રવ્ય છે; તેનો ઉદય કલુષ (મલિન) ભાવરૂપ છે; તે ભાવ પણ, મોહકર્મનો ભાવ હોવાથી, પુદ્‌ગલનો જ વિકાર છે. આ ભાવકનો ભાવ છે તે જ્યારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ રાગાદિરૂપ મલિન દેખાય છે. જ્યારે તેનું ભેદજ્ઞાન થાય કે 'ચૈતન્યની શક્તિની વ્યક્તિ તો જ્ઞાનદર્શનોપયોગમાત્ર છે અને આ કલુષતા રાગ–દ્વેષમોહરૂપ છે તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્‌ગલદ્રવ્યની છે', ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે અને આત્મા અવશ્ય પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે.

---

* ભાવવું = બનાવવું; ભાવ્યરૂપ કરવું.

( स्वागता )

**सर्वतः स्वरसनिर्भरभावं**
**चेतये स्वयमहं स्वमिहैकम्।**
**नास्ति नास्ति मम कश्चन मोहः**
**शुद्धचिद्घनमहोनिधिरस्मि।। ३० ।।**

**एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्मम-नोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।**

**अथ ज्ञेयभावविवेकप्रकारमाह-**

**णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमेक्को।**
**तं धम्मणिम्ममत्तं समयस्स वियाणया बेंति।। ३७ ।।**

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ इह ] આ લોકમાં [ अहं ] હું [ स्वयं ] પોતાની જ [ एकं स्वं ] પોતાના એક આત્મસ્વરૂપને [ चेतये ] અનુભવું છું [ सर्वतः स्व–रस–निर्भर–भावं ] કે જે સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે; માટે [ मोहः ] આ મોહ [ मम ] મારો [ कश्चन नास्ति नास्ति ] કાંઈ પણ લાગતોવળગતો નથી અર્થાત્ એને અને મારે કાંઈ પણ નાતો નથી. [ शुद्ध–चिद्–घन–महः–निधिः अस्मि ] હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ છું. ( ભાવકભાવના ભેદ વડે આવું અનુભવ કરે. ) ૩૦.

એવી જ રીતે, ગાથામાં ‘ મોહ ’ પદ છે તેને બદલી, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન–એ સોળ પદનાં જુદાં જુદાં સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છેઃ–

**ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,**
**-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.**

नास्ति मम धर्मादिर्बुध्यते उपयोग एवाहमेक:।
तं धर्मनिर्ममत्वं समयस्य विज्ञायका ब्रुवन्ति।। ३७ ।।

**अमूनि हि धर्माधर्माकाशकालपुद्गलजीवान्तराणि स्वरसविजृम्भितानिवारितप्रसरविश्वघस्मरप्रचण्डचिन्मात्रशक्तिकवलिततयात्यन्तमन्तर्मग्नानीवात्मनि प्रकाशमानानि टङ्कोत्कीर्णैकज्ञायकस्वभावत्वेन तत्त्वतोऽन्तस्तत्त्वस्य तदतिरिक्तस्वभावतया तत्त्वतो बहिस्तत्त्वरूपतां परित्यक्तुमशक्यत्वान्न नाम मम सन्ति। किञ्चैतत्स्वयमेव च नित्यमेवोपयुक्तस्तत्त्वत एवैकमनाकुलमात्मानं कलयन् भगवानात्मैवावबुध्यते यत्किलाहं खल्वेक: तत: संवेद्यसंवेदकभावमात्रोपजातेतरेतरसंवलनेऽपि परिस्फुटस्वदमान-स्वाभावभेदतया धर्माधर्माकाशकालपुद्गलजीवान्तराणि प्रति निर्ममत्वोऽस्मि, सर्वदैवात्मैकत्वगतत्वेन**

---

* **ગાથાર્થઃ-** [ बुध्यते ] એમ જાણે કે [ धर्मादि: ] 'આ ધર્મ આદિ દ્રવ્યો [ मम नास्ति ] મારાં કાંઈ પણ લાગતાંવળગતાં નથી, [ एक: उपयोग: एव ] એક ઉપયોગ છે તે જ [ अहम् ] હું છું'- [ तं ] એવું જે જાણવું તેને [ समयस्य विज्ञायका: ] સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપરૂપ સમયના જાણનારા [ धर्मनिर्ममत्वं ] ધર્મદ્રવ્ય પ્રત્યે નિર્મમત્વ [ ब्रुवन्ति ] કહે છે.

**ટીકાઃ-**પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે, નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે તથા સમસ્ત પદાર્થોને ગ્રસવાનો ( ગળી જવાનો ) જેનો સ્વભાવ છે એવી પ્રચંડ ચિન્માત્રશક્તિ વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યાં હોવાથી, જાણે અત્યંત અંતર્મગ્ન થઇ રહ્યાં હોય-જ્ઞાનમાં તદાકાર થઇ ડૂબી રહ્યાં હોય એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે એવાં આ ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ, અન્ય જીવ-એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી; કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું અને તે પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળાં હોવાથી પરમાર્થે બાહ્યતત્ત્વપણાને છોડવા અસમર્થ છે ( કેમ કે પોતાના સ્વભાવનો અભાવ કરી જ્ઞાનમાં પેસતાં નથી. ) વળી અહીં સ્વયમેવ, ( ચૈતન્યમાં ) નિત્ય ઉપયુક્ત એવો અને પરમાર્થે એક, અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જ જાણે છે કે-હું પ્રગટ નિશ્ચયથી એક જ છું માટે, જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું ( મિલન ) હોવા છતાં પણ, પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું; કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી

---

* આ ગાથાનો અર્થ આમ પણ થાય છેઃ-'ધર્મ આદિ દ્રવ્યો મારાં નથી, હું એક છું' એવું ઉપયોગ જ જાણે, તે ઉપયોગને સમયના જાણનારા ધર્મ પ્રત્યે નિર્મમ કહે છે.

**समयस्यैवमेव स्थितत्वात्। इतीत्थं ज्ञेयभावविवेको भूतः।**

( मालिनी )

**इति सति सह सर्वैरन्यभावैर्विवेके**
**स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्।**
**प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः**
**कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः।। ३१ ।।**

**अथैवं दर्शनज्ञानचारित्रपरिणतस्यास्यात्मनः कीदृक् स्वरूपसञ्चेतनं भवतीत्यावेदयन्नुपसंहरति-**

**अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।**
**ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।। ३८ ।।**

---

સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ) એવો ને એવો જ સ્થિત રહે છે; (પોતાના સ્વભાવને કોઈ છોડતું નથી). આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું.

અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ इति ] આમ પૂર્વોક્ત પ્રકારે ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં [ सर्वैः अन्यभावैः सह विवेके सति ] સર્વ અન્યભાવોથી જ્યારે ભિન્નતા થઈ ત્યારે [ अयं उपयोगः ] આ ઉપયોગ છે તે [ स्वयं ] પોતે જ [ एकं आत्मानम् ] પોતાના એક આત્માને જ [ बिभ्रत् ] ધારતો, [ प्रकटितपरमार्थैः दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः ] જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવાં દર્શનજ્ઞાનચારિત્રથી જેણે પરિણતિ કરી છે એવો, [ आत्म–आरामे एव प्रवृत्तः ] પોતાના આત્મારૂપી બાગ (ક્રીડાવન) માં જ પ્રવૃત્તિ કરે છે, અન્ય જગ્યાએ જતો નથી.

**ભાવાર્થઃ-**સર્વ પરદ્રવ્યોથી તથા તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી જ્યારે ભેદ જાણ્યો ત્યારે ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા જ રહ્યો, અન્ય ઠેકાણું ન રહ્યું. આ રીતે દર્શનજ્ઞાનચારિત્ર સાથે એકરૂપ થયેલો તે આત્મામાં જ રમણ કરે છે એમ જાણવું. ૩૧.

હવે, એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલાસ આ આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે, સમેટે છેઃ–

**હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.**

अहमेक: खलु शुद्धो दर्शनज्ञानमय: सदाऽरूपी।
नाप्यस्ति मम किञ्चिदप्यन्यत्परमाणुमात्रमपि।। ३८ ।।

यो हि नामानादिमोहोन्मत्ततयात्यन्तमप्रतिबुद्ध: सन् निर्विण्णेन गुरुणानवरतं प्रतिबोध्यमान: कथञ्चनापि प्रतिबुध्य निजकरतलविन्यस्त-विस्मृतचामीकरावलोकनन्यायेन परमेश्वरमात्मानं ज्ञात्वा श्रद्धायानुचर्य च सम्यगेकात्मारामो भूत: स खल्वहमात्मात्मप्रत्यक्षं चिन्मात्रं ज्योति:, समस्तक्रमाक्रमप्रवर्तमानव्यावहारिकभावैश्चिन्मात्राकारेणाभिद्यमानत्वादेक:, नारकादिजीवविशेषाजीवपुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षलक्षणव्यावहारिक-नवतत्त्वेभ्यष्टङ्कोत्कीर्णैकज्ञायकस्वभावभावेनात्यन्तविविक्तत्वाच्छुद्ध:, चिन्मात्रतया सामान्यविशेषोपयोगात्मकतानतिक्रमणाद्दर्शनज्ञानमय:, स्पर्श-रसगन्धवर्णनिमित्तसंवेदनपरिणतत्वेऽपि स्पर्शादिरूपेण स्वयम-परिणमनात्परमार्थत: सदैवारूपी, इति प्रत्यगयं स्वरूपं सञ्चेतयमान: प्रतपामि। एवं प्रतपतश्च मम बहिर्विचित्रस्वरूप-

---

**ગાથાર્થઃ**-દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કેઃ [ खलु ] નિશ્ચયથી [ अहम् ] હું [ एक: ] એક છું, [ शुद्ध: ] શુદ્ધ છું, [ दर्शनज्ञानमय: ] દર્શનજ્ઞાનમય છું, [ सदा अरूपी ] સદા અરૂપી છું; [ किञ्चित् अपि अन्यत् ] કાંઈ પણ અન્ય પરદ્રવ્ય [ परमाणुमात्रम् अपि ] પરમાણુમાત્ર પણ [ मम न अपि अस्ति ] મારું નથી એ નિશ્ચય છે.

**ટીકાઃ**-જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે ( મહા ભાગ્યથી ) સમજી, સાવધાન થઈ, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર ( સર્વ સામર્થ્યના ધરનાર ) આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને ( -તેમાં તન્મય થઈને ) જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો, તે હું એવો અનુભવ કરું છું કે : હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે; ચિન્માત્ર આકારને લીધે હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું; નર, નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું; ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું; સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે પોતે

**सम्पदा विश्वे परिस्फुरत्यपि न किञ्चनाप्यन्यत्परमाणुमात्रमप्यात्मीयत्वेन प्रतिभाति यद्भावकत्वेन ज्ञेयत्वेन चैकीभूय भूयो मोहमुद्भावयति, स्वरसत एवापुनःप्रादुर्भावाय समूलं मोहमुन्मूल्य महतो ज्ञानोद्योतस्य प्रस्फुरितत्वात्।**

( वसन्ततिलका )

**मज्जन्तु निर्भरममी सममेव लोका**
**आलोकमुच्छलति शान्तरसे समस्ताः।**

---

પરિણમ્યો નથી માટે પરમાર્થે હું સદાય અરૂપી છું. આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે ( મારી ) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને–ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.

**ભાવાર્થઃ**-આત્મા અનાદિ કાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો, તે શ્રી ગુરુઓના ઉપદેશથી અને પોતાની કાળલબ્ધિથી જ્ઞાની થયો અને પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું કે હું એક છું, શુદ્ધ છું, અરૂપી છું, દર્શનજ્ઞાનમય છું. આવું જાણવાથી મોહનો સમૂળ નાશ થયો, ભાવકભાવ ને જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું, પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી; હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય ? ન થાય.

હવે, એવો આત્માનો અનુભવ થયો તેનો મહિમા કહી પ્રેરણારૂપ કાવ્ય આચાર્ય કહે છે કે આવા જ્ઞાનસ્વરૂપ આત્મામાં સમસ્ત લોક નિમગ્ન થાઓઃ–

**શ્લોકાર્થઃ**- [ एषः भगवान् अवबोधसिन्धुः ] આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા [ विभ्रम–तिरस्करिणीं भरेण आप्लाव्य ] વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને ( દૂર કરીને ) [ प्रोन्मग्नः ] પોતે સર્વાંગ પ્રગટ થયો છે; [ अमी समस्ताः लोकाः ] તેથી હવે આ સમસ્ત લોક [ शान्तरसे ] તેના શાંત રસમાં [ समम् एव ] એકીસાથે જ [ निर्भरम् ] અત્યન્ત [ मज्जन्तु ] મગ્ન થાઓ. કેવો છે શાંત રસ? [ आलोकम् उच्छलति ] સમસ્ત લોક પર્યંત ઊછળી રહ્યો છે.

**ભાવાર્થઃ**-જેમ સમુદ્રની આડું કાંઈ આવી જાય ત્યારે જળ નથી દેખાતું અને જ્યારે આડ દૂર થાય ત્યારે જળ પ્રગટ થાય; પ્રગટ થતાં, લોકને પ્રેરણાયોગ્ય થાય કે ‘આ જળમાં સર્વ લોક સ્નાન કરો’; તેવી રીતે આ આત્મા વિભ્રમથી આચ્છાદિત હતો ત્યારે તેનું સ્વરૂપ નહોતું દેખાતું; હવે વિભ્રમ દૂર થયો ત્યારે

**आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण**
**प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः।। ३२ ।।**

---

યથાસ્વરૂપ (જેવું છે તેવું સ્વરૂપ) પ્રગટ થયું; તેથી ‘હવે તેના વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસમાં એકીવખતે સર્વ લોક મગ્ન થાઓ’ એમ આચાર્યે પ્રેરણા કરી છે. અથવા એવો પણ અર્થ છે કે જ્યારે આત્માનું અજ્ઞાન દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય અને કેવળજ્ઞાન પ્રગટ થતાં સમસ્ત લોકમાં રહેલા પદાર્થો એકીવખતે જ જ્ઞાનમાં આવી ઝળકે છે તેને સર્વ લોક દેખો. ૩૨.

આ રીતે આ સમયપ્રાભૃતગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકામાં ટીકાકારે પૂર્વરંગસ્થળ કહ્યું.

અહીં ટીકાકારનો એવો આશય છે કે આ ગ્રંથને અલંકારથી નાટકરૂપે વર્ણવ્યો છે. નાટકમાં પહેલાં રંગભૂમિ રચવામાં આવે છે. ત્યાં જોનારા નાયક તથા સભા હોય છે અને નૃત્ય (નાટય, નાટક) કરનારા હોય છે કે જેઓ અનેક સ્વાંગ ધારે છે તથા શૃંગારાદિક આઠ રસનું રૂપ બતાવે છે. ત્યાં શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરુણા, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત–એ આઠ રસ છે તે લૌકિક રસ છે; નાટકમાં તેમનો જ અધિકાર છે. નવમો શાંતરસ છે તે અલૌકિક છે; નૃત્યમાં તેનો અધિકાર નથી. આ રસોના સ્થાયી ભાવ, સાત્ત્વિક ભાવ, અનુભાવી ભાવ, વ્યભિચારી ભાવ અને તેમની દ્રષ્ટિ આદિનું વર્ણન રસગ્રંથોમાં છે ત્યાંથી જાણવું. અને સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઇચ્છા ન રહે તે રસ છે. તે આઠ રસનું રૂપ નૃત્યમાં નૃત્ય કરનારા બતાવે છે; અને તેમનું વર્ણન કરતાં કવીશ્વર જ્યારે અન્ય રસને અન્ય રસની સમાન કરીને પણ વર્ણન કરે છે ત્યારે અન્ય રસનો અન્ય રસ અંગભૂત થવાથી તથા અન્યભાવ રસોનું અંગ હોવાથી, રસવત્ આદિ અલંકારથી તેને નૃત્યના રૂપે વર્ણવવામાં આવે છે.

અહીં પ્રથમ રંગભૂમિસ્થળ કહ્યું. ત્યાં જોનારા તો સમ્યગ્દ્રષ્ટિ પુરુષ છે તેમ જ બીજા મિથ્યાદ્રષ્ટિ પુરુષોની સભા છે, તેમને બતાવે છે. નૃત્ય કરનારા જીવ–અજીવ પદાર્થ છે અને બન્નેનું એકપણું, કર્તાકર્મપણું આદિ તેમના સ્વાંગ છે. તેમાં તેઓ પરસ્પર અનેકરૂપ થાય છે, –આઠ રસરૂપ થઈ પરિણમે છે, તે નૃત્ય છે. ત્યાં સમ્યગ્દ્રષ્ટિ જોનાર જીવ–અજીવના ભિન્ન સ્વરૂપને જાણે છે; તે તો આ સર્વ સ્વાંગોને કર્મકૃત જાણી શાંત રસમાં જ મગ્ન છે અને મિથ્યાદ્રષ્ટિ જીવ–અજીવનો ભેદ નથી જાણતા તેથી આ સ્વાંગોને જ સાચા જાણી એમાં લીન થઈ જાય છે. તેમને સમ્યગ્દ્રષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી, તેમનો ભ્રમ મટાડી, શાંત રસમાં તેમને લીન કરી સમ્યગ્દ્રષ્ટિ બનાવે છે. તેની સૂચનારૂપે રંગભૂમિના અંતમાં આચાર્યે ‘मज्जन्तु’ ઇત્યાદિ આ શ્લોક રચ્યો

**इतिश्रीसमयसारव्याख्यायामात्मख्यातौ पूर्वरङ्गः समाप्तः।**

---

છે. તે, હવે જીવ-અજીવનો સ્વાંગ વર્ણવશે તેની સૂચનારૂપે છે એવો આશય સૂચિત થાય છે. આ રીતે અહીં સુધી તો રંગભૂમિનું વર્ણન કર્યું.

નૃત્યકુતૂહલ તત્ત્વકો, મરિયવિ દેખો ધાય;
નિજાનંદ રસમેં છકો, આન સબૈ છિટકાય.

આ પ્રમાણે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસાર શાસ્ત્રની (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) આત્મખ્યાતિ નામની ટીકામાં પૂર્વરંગ સમાપ્ત થયો.

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

卐 -१- 卐

卐 જીવ-અજીવ અધિકાર 卐

卐 卐

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

**अथ जीवाजीवावेकीभूतौ प्रविशतः।**

(शार्दूलविक्रीडित)

**जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्याययत्पार्षदान्**
**आसंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।**
**आत्माराममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं**
**धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।। ३३ ।।**

---

હવે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય-એ બન્ને એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે.

ત્યાં શરૂઆતમાં મંગળના આશયથી (કાવ્ય દ્વારા) આચાર્ય જ્ઞાનનો મહિમા કરે છે કે સર્વ વસ્તુઓને જાણનારું આ જ્ઞાન છે તે જીવ-અજીવના સર્વ સ્વાંગોને સારી રીતે પિછાણે છે. એવું (સર્વ સ્વાંગોને પિછાણનારું) સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે-એ અર્થરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ज्ञानं] જ્ઞાન છે તે [मनो ह्लादयत्] મનને આનંદરૂપ કરતું [विलसति] પ્રગટ થાય છે. કેવું છે તે? [पार्षदान्] જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને [जीव अजीव-विवेक-पुष्कल-दृशा] જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ વડે [प्रत्याययत्] ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે; [आसंसार-निबद्ध-बन्धन-विधि-ध्वंसात्] અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ બંધાયું છે એવાં જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી [विशुद्धं] વિશુદ્ધ થયું છે, [स्फुटत्] સ્ફૂટ થયું છે-જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે. વળી તે કેવું છે? [आत्म-आरामम्] જેનું રમવાનું ક્રીડાવન આત્મા જ છે અર્થાત્ જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમાં જ રમે છે; [अनन्तधाम] જેનો પ્રકાશ અનંત છે; [अध्यक्षेण महसा नित्य-उदितं] પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે. વળી કેવું છે? [धीरोदात्तम्] ધીર છે, ઉદાત્ત (ઉચ્ચ) છે અને તેથી [अनाकुलं] અનાકુળ છે-સર્વ

अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई।
जीवं अज्झवसाणं कम्मं च तहा परूवेंति।। ३९ ।।
अवरे अज्झवसाणेसु तिव्वमंदाणुभागगं जीवं।
मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवो त्ति।। ४० ।।
कम्मस्सुदयं जीवं अवरे कम्माणुभागमिच्छंति।
तिव्वत्तणमंदत्तणगुणेहिं जो सो हवदि जीवो।। ४१ ।।
जीवो कम्मं उहयं दोण्णि वि खलु केइ जीवमिच्छंति।
अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति।। ४२ ।।

---

ઇચ્છાઓથી રહિત નિરાકુળ છે. (અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ-એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યનાં આભૂષણ જાણવાં.) એવું જ્ઞાન વિલાસ કરે છે.

**ભાવાર્થઃ**-આ જ્ઞાનનો મહિમા કહ્યો. જીવ-અજીવ એક થઈ રંગભૂમિમાં પ્રવેશ કરે છે તેમને આ જ્ઞાન જ ભિન્ન જાણે છે. જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે તેને સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે તેવી રીતે અહીં પણ જાણવું. આવું જ્ઞાન સમ્યગ્દ્રષ્ટિ પુરુષોને હોય છે; મિથ્યાદ્રષ્ટિ આ ભેદ જાણતા નથી. ૩૩.

હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છેઃ-

**કો મૂઢ, આત્મતણા અજાણ, પરાત્મવાદી જીવ જે,**
**'છે કર્મ, અધ્યવસાન તે જીવ' એમ એ નિરૂપણ કરે ! ૩૯.**

**વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ-મંદ જે,**
**એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને ! ૪૦.**

**કો અન્ય માને આતમા કર્મોતણા વળી ઉદયને,**
**કો તીવ્રમંદ-ગુણોસહિત કર્મોતણા અનુભાગને ! ૪૧.**

**કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,**
**કર્મોતણા સંયોગથી અભિલાષ કો જીવની કરે ! ૪૨.**

**एवंविहा बहुविहा परमप्पाणं वदंति दुम्मेहा।**
**ते ण परमट्ठवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा।। ४३ ।।**

आत्मानमजानन्तो मूढास्तु परात्मवादिनः केचित्।
जीवमध्यवसानं कर्म च तथा प्ररूपयन्ति।। ३९ ।।
अपरेऽध्यवसानेषु तीव्रमन्दानुभागगं जीवम्।
मन्यन्ते तथाऽपरे नोकर्म चापि जीव इति।। ४० ।।
कर्मण उदयं जीवमपरे कर्मानुभागमिच्छन्ति।
तीव्रत्वमन्दत्वगुणाभ्यां यः स भवति जीवः।। ४१ ।।
जीवकर्मोभयं द्वे अपि खलु केचिज्जीवमिच्छन्ति।
अपरे संयोगेन तु कर्मणां जीवमिच्छन्ति।। ४२ ।।
एवंविधा बहुविधाः परमात्मानं वदन्ति दुर्मेधसः।
ते न परमार्थवादिनः निश्चयवादिभिर्निर्दिष्टाः।। ४३ ।।

---

**દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,**
**તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.**

**ગાથાર્થઃ-** [ आत्मानम् अजानन्तः ] આત્માને નહિ જાણતા થકા [ परात्मवादिनः ] પરને આત્મા કહેનારા [ केचित् मूढाः तु ] કોઈ મૂઢ, મોહી, અજ્ઞાનીઓ તો [ अध्यवसानं ] અધ્યવસાનને [ तथा च ] અને કોઈ [ कर्म ] કર્મને [ जीवम् प्ररूपयन्ति ] જીવ કહે છે. [ अपरे ] બીજા કોઈ [ अध्यवसानेषु ] અધ્યવસાનોમાં [ तीव्रमन्दानुभागगं ] તીવ્રમંદ અનુભાગગતને [ जीवं मन्यन्ते ] જીવ માને છે [ तथा ] અને [ अपरे ] બીજા કોઈ [ नोकर्म अपि च ] નોકર્મને [ जीवः इति ] જીવ માને છે. [ अपरे ] અન્ય કોઈ [ कर्मणः उदयं ] કર્મના ઉદયને [ जीवम् ] જીવ માને છે, કોઈ '[ यः ] જે [ तीव्रत्वमन्दत्वगुणाभ्यां ] તીવ્રમંદપણારૂપ ગુણોથી ભેદને પ્રાપ્ત થાય છે [ सः ] તે [ जीवः भवति ] જીવ છે ' એમ [ कर्मानुभागम् ] કર્મના અનુભાગને [ इच्छन्ति ] જીવ ઇચ્છે છે ( -માને છે). [ केचित् ] કોઈ [ जीवकर्मोभयं ] જીવ અને કર્મ [ द्वे अपि खलु ] બન્ને મળેલાંને જ [ जीवम् इच्छन्ति ] જીવ માને છે [ तु ] અને [ अपरे ] અન્ય કોઈ [ कर्मणां संयोगेन ] કર્મના સંયોગથી જ [ जीवम् इच्छन्ति ] જીવ માને છે. [ एवंविधाः ] આ પ્રકારના તથા [ बहुविधाः ] અન્ય પણ ઘણા પ્રકારના [ दुर्मेधसः ] દુર્બુદ્ધિઓ-મિથ્યા-દ્રષ્ટિઓ [ परम् ] પરને [ आत्मानं ] આત્મા [ वदन्ति ] કહે છે. [ ते ] તેમને [ निश्चय-

इह खलु तदसाधारणलक्षणाकलनात्क्लीबत्वेनात्यन्तविमूढाः सन्तस्तात्त्विकमात्मानमजानन्तो बहवो बहुधा परमप्यात्मानमिति प्रलपन्ति। नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानमेव जीवस्तथाविधाध्यवसानात् अङ्गारस्येव कार्ष्ण्यादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। अनाद्यनन्तपूर्वापरीभूतावयवैकसंसरणक्रियारूपेण क्रीडत्कर्मैव जीवः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। तीव्रमन्दानुभव-भिद्यमान दुरन्तरागरसनिर्भराध्यवसानसन्तान एव जीवस्ततोऽतिरिक्त-स्यान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। नवपुराणावस्थादिभावेन प्रवर्तमानं नोकर्मैव जीवः शरीरादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। विश्वमपि पुण्यपापरूपेणाक्रामन् कर्मविपाक एव जीवः शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। सातासातरूपेणाभिव्याप्तसमस्ततीव्रमन्दत्वगुणाभ्यां भिद्यमानः कर्मानुभव एव जीवः सुखदुःखातिरिक्तत्वे-

---

वाद्दिभिः ] નિશ્ચયવાદીઓએ (-સત્યાર્થવાદીઓએ) [ परमार्थवादिनः ] પરમાર્થવાદી (-સત્યાર્થ કહેનારા) [ न निर्दिष्टाः ] કહ્યા નથી.

**ટીકા:**-આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા, તાત્ત્વિક (પરમાર્થ ભૂત) આત્માને નહિ જાણતા એવા ઘણા અજ્ઞાની જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે, બકે છે. કોઈ તો એમ કહે છે કે સ્વાભાવિક અર્થાત્ સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન (અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવપરિણામ) તે જ જીવ છે કારણ કે જેમ કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી તેમ એવા અધ્યવસાનથી જુદો અન્ય કોઈ આત્મા જોવામાં આવતો નથી. ૧. કોઈ કહે છે કે અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ તે જ જીવ છે કારણ કે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ૨. કોઇ કહે છે કે તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત (જેનો અંત દૂર છે એવા) રાગરૂપ રસથી ભરેલાં અધ્યવસાનોની જે સંતતિ (પરિપાટી) તે જ જીવ છે કારણ કે તેનાથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી. ૩. કોઇ કહે છે કે નવી ને પુરાણી અવસ્થા ઇત્યાદિ ભાવે પ્રવર્તતું જે નોકર્મ તે જ જીવ છે કારણ કે શરીરથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ૪. કોઈ એમ કહે છે કે સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક તે જ જીવ છે કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ૫. કોઈ કહે છે કે શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદત્વગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે જ જીવ છે કારણ કે સુખ-દુઃખથી

**नान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। मज्जितावदुभयात्मकत्वादात्म-कर्मोभयमेव जीवः कात्स्र्यतः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। अर्थक्रियासमर्थः कर्मसंयोग एव जीवः कर्मसंयोगात्खट्वाया इवाष्टकाष्ठसंयोगादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। एवमेवंप्रकारा इतरेऽपि बहुप्रकाराः परमात्मेति व्यपदिशन्ति दुर्मेधसः, किन्तु न ते परमार्थवादिभिः परमार्थवादिन इति निर्दिश्यन्ते।**

**कुतः-**

---

અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી. ૬. કોઈ કહે છે કે શિખંડની જેમ ઉભયરૂપ મળેલાં જે આત્મા અને કર્મ, તે બન્ને મળેલાં જ જીવ છે કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ૭. કોઈ કહે છે કે અર્થક્રિયામાં (પ્રયોજનભૂત ક્રિયામાં) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે કારણ કે જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો નથી તેમ કર્મના સંયોગથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. (આઠ લાકડાં મળી ખાટલો થયો ત્યારે અર્થક્રિયામાં સમર્થ થયો; તે રીતે અહીં પણ જાણવું.) ૮. આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા અને એવા એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ (અનેક પ્રકારે) પરને આત્મા કહે છે; પરંતુ તેમને પરમાર્થના જાણનારાઓ સત્યાર્થવાદી કહેતા નથી.

**ભાવાર્થઃ**-જીવ-અજીવ બન્ને અનાદિથી એકક્ષેત્રાવગાહસંયોગરૂપ મળી રહ્યાં છે અને અનાદિથી જ જીવની પુદ્‌ગલના સંયોગથી અનેક વિકારસહિત અવસ્થાઓ થઈ રહી છે. પરમાર્થદ્રષ્ટિએ જોતાં, જીવ તો પોતાના ચૈતન્યત્વ આદિ ભાવોને છોડતો નથી અને પુદ્‌ગલ પોતાના મૂર્તિક જડત્વ આદિને છોડતું નથી. પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે; કારણ કે પરમાર્થે જીવનું સ્વરૂપ પુદ્‌ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે તેમ જ સર્વજ્ઞની પરંપરાનાં આગમથી જાણી શકાય છે, તેથી જેમના મતમાં સર્વજ્ઞ નથી તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે. તેમાંથી વેદાંતી, મીમાંસક, સાંખ્ય, યોગ, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક, ચાર્વાક આદિ મતોના આશય લઈ આઠ પ્રકાર તો પ્રગટ કહ્યા; અને અન્ય પણ પોતપોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી અનેક પ્રકારે કહે છે તે ક્યાં સુધી કહેવા?

એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી તે કહે છેઃ-

**एदे सव्वे भावा पोग्गलदव्वपरिणामणिप्पण्णा।**
**केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वुच्चंति।। ४४ ।।**

एते सर्वे भावाः पुद्गलद्रव्यपरिणामनिष्पन्नाः।
केवलिजिनैर्भणिताः कथं ते जीव इत्युच्यन्ते।। ४४ ।।

**यतः एतेऽध्यवसानादयः समस्ता एव भावा भगवद्भिर्विश्वसाक्षिभिरर्हद्भिः पुद्गलद्रव्यपरिणाममयत्वेन प्रज्ञप्ताः सन्तश्चैतन्यशून्यात्पुद्गलद्रव्यादतिरिक्तत्वेन प्रज्ञाप्यमानं चैतन्यस्वभावं जीवद्रव्यं भवितुं नोत्सहन्ते; ततो न खल्वागमयुक्तिस्वानुभवैर्बाधितपक्ष-त्वात् तदात्मवादिनः परमार्थवादिनः। एतदेव सर्वज्ञवचनं तावदागमः। इयं तु स्वानु-भवगर्भिता युक्तिः-न खलु नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानं जीवस्तथाविधाध्यवसानात्कार्तस्वरस्येव श्यामिकाया अतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्य-**

---

**પુદ્‌ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ**
**સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪.**

**ગાથાર્થઃ-** [ एते ] આ પૂર્વે કહેલાં અધ્યવસાન આદિ [ सर्वे भावाः ] ભાવો છે તે બધાય [ पुद्गगलद्रव्यपरिणामनिष्पन्नाः ] પુદ્‌ગલદ્રવ્યના પરિણામથી નીપજ્યા છે એમ [ केवलिजिनैः ] કેવળી સર્વજ્ઞ જિનદેવોએ [ भणिताः ] કહ્યું છે [ ते ] તેમને [ जीवः इति ] જીવ એમ [ कथं उच्यन्ते ] કેમ કહી શકાય?

**ટીકાઃ-**આ અધ્યવસાનાદિ ભાવો છે તે બધાય, વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન (વીતરાગ સર્વજ્ઞ) અર્હંતદેવો વડે, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી, તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત (ભિન્ન) કહેવામાં આવ્યું છે; માટે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે તેઓ ખરેખર પરમાર્થવાદી નથી કેમ કે આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે. તેમાં, 'તેઓ જીવ નથી' એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુક્તિ છેઃ-સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન અધ્યવસાન છે તે જીવ નથી કારણ કે, કાલિમા (કાળપ) થી જુદા સુવર્ણની જેમ, એવા અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન

**मानत्वात्। न खल्वनाद्यनन्तपूर्वापरीभूतावयवैकसंसरणलक्षणक्रियारूपेण क्रीडत्कर्मैव जीवः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु तीव्रमन्दानुभवभिद्यमानदुरन्त-रागरसनिर्भराध्यवसानसन्तानो जीवस्ततोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु नवपुराणावस्थादिभेदेन प्रवर्तमानं नोकर्म जीवः शरीरादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु विश्वमपि पुण्यपापरूपेणाक्रामन् कर्मविपाको जीवः शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु सातासातरूपेणाभिव्याप्तसमस्त-तीव्रमन्दत्वगुणाभ्यां भिद्यमानः कर्मानुभवो जीवः सुखदुःखातिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु मज्जिता-वदुभयात्मकत्वादात्मकर्मोभयं जीवः कात्स्न्र्यतः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खल्वर्थक्रियासमर्थः कर्मसंयोगो जीवः कर्मसंयोगात्**

---

છે અર્થાત્ તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જાુદો અનુભવે છે. ૧. અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું કર્મ છે તે પણ જીવ નથી કારણ કે કર્મથી જાુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૨. તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત રાગરસથી ભરેલાં અધ્યવસાનોની સંતતિ પણ જીવ નથી કારણ કે તે સંતતિથી અન્ય જાુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૩. નવી પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું જે નોકર્મ તે પણ જીવ નથી કારણ કે શરીરથી અન્ય જાુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૪. સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે તે પણ જીવ નથી કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જાુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૫. શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે પણ જીવ નથી કારણ કે સુખ-દુઃખથી જાુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૬. શિખંડની જેમ ઉભયાત્મકપણે મળેલાં જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જાુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૭. અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ

**खट्वाशायिनः पुरुषस्येवाष्टकाष्ठसंयोगादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वादिति।**

**इह खलु पुद्गलभिन्नात्मोपलब्धिं प्रति विप्रतिपन्नः साम्नैवैवमनुशास्यः।**

( मालिनी )

**विरम किमपरेणाकार्यकोलाहलेन**
**स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्।**
**हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो**
**ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धिः।। ३४ ।।**

---

તે પણ જીવ નથી કારણ કે, આઠ કાષ્ટના સંયોગથી (-ખાટલાથી) જુદો જે ખાટલામાં સૂનારો પુરુષ તેની જેમ, કર્મસંયોગથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૮. (આ જ રીતે અન્ય કોઈ બીજા પ્રકારે કહે ત્યાં પણ આ જ યુક્તિ જાણવી.)

[ **ભાવાર્થઃ**-ચૈતન્યસ્વભાવરૂપ જીવ, સર્વ પરભાવોથી જુદો, ભેદજ્ઞાનીઓને અનુભવગોચર છે; તેથી જેમ અજ્ઞાની માને છે તેમ નથી. ]

અહીં પુદ્‌ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ પ્રત્યે વિરોધ કરનાર (-પુદ્‌ગલને જ આત્મા જાણનાર) પુરુષને (તેના હિતરૂપ આત્મપ્રાપ્તિની વાત કહી) મીઠાશથી (અને સમભાવથી) જ આ પ્રમાણે ઉપદેશ કરવો એમ કાવ્યમાં કહે છેઃ-

**શ્લોકાર્થઃ**-હે ભવ્ય! તને [ अपरेण ] બીજો [ अकार्य–कोलाहलेन ] નકામો કોલાહલ કરવાથી [ किम् ] શો લાભ છે? [ विरम् ] એ કોલાહલથી તું વિરક્ત થા અને [ एकम् ] એક ચૈતન્યમાત્ર વસ્તુને [ स्वयम् अपि ] પોતે [ निभृतः सन् ] નિશ્ચળ લીન થઈ [ पश्य षण्मासम् ] દેખ; એવો છ મહિના અભ્યાસ કર અને જો (-તપાસ) કે એમ કરવાથી [ हृदय–सरसि ] પોતાના હૃદયસરોવરમાં [ पुद्गगलात् भिन्नधाम्नः ] જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે એવા [ पुंसः ] આત્માની [ ननु किम् अनुपलब्धिः भाति ] પ્રાપ્તિ નથી થતી [ किं च उपलब्धिः ] કે થાય છે.

**ભાવાર્થઃ**-જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય; જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય. પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે, પણ ભૂલી રહ્યો છે; જો ચેતીને દેખે તો પાસે જ છે. અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો જ વખત લાગે. તેનું થવું તો અંતર્મૂહૂર્તમાત્રમાં જ

कथं चिदन्वयप्रतिभासेऽप्यध्यवसानादयः पुद्गलस्वभावा इति चेत्-

अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।
जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।। ४५ ।।
अष्टविधमपि च कर्म सर्वं पुद्गलमयं जिना बुवन्ति।
यस्य फलं तदुच्यते दुःखमिति विपच्यमानस्य।। ४५ ।।

अध्यवसानादिभावनिर्वर्तकमष्टविधमपि च कर्म समस्तमेव पुद्गलमयमिति किल सकलज्ञज्ञप्तिः। तस्य तु यद्विपाककाष्ठामधिरूढस्य फलत्वेनाभिलप्यते तदनाकुलत्वलक्ष-णसौख्याख्यात्मस्वभावविलक्षणत्वात्किल दुःखं। तदन्तःपातिन एव किलाकुलत्वलक्षणा

---

છે, પરંતુ શિષ્યને બહુ કઠિન લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે. જો સમજવામાં બહુ કાળ લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે; તેથી અન્ય નિષ્પ્રયોજન કોલાહલ છોડી આમાં લાગવાથી જલદી સ્વરૂપની પ્રાપ્તિ થશે એવો ઉપદેશ છે. ૩૪.

હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવો જીવ ન કહ્યા, અન્ય ચૈતન્યસ્વભાવ જીવ કહ્યો; તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે, (ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી, ) છતાં તેમને પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યા ? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છેઃ–

**રે ! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્‌ગલમય કહે,**
**પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.**

**ગાથાર્થઃ**- [ अष्टविधम् अपि च ] આઠે પ્રકારનું [ कर्म ] કર્મ છે તે [ सर्वं ] સર્વ [ पुद्गलमयं ] પુદ્‌ગલમય છે એમ [ जिनाः ] જિનભગવાન સર્વજ્ઞદેવો [ ब्रुवन्ति ] કહે છે– [ यस्य विपच्यमानस्य ] જે પકવ થઈ ઉદયમાં આવતા કર્મનું [ फलं ] ફળ [ तत् ] પ્રસિદ્ધ [ दुःखम् ] દુઃખ છે [ इति उच्यते ] એમ કહ્યું છે.

**ટીકાઃ**-અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્‌ગલમય છે એવું સર્વજ્ઞનું વચન છે. વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે તે (એટલે કે કર્મફળ), અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે. તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે; તેથી,

**अध्यवसानादिभावा:। ततो न ते चिदन्वयविभ्रमेऽप्यात्मस्वभावा:, किन्तु पुद्गलस्वभावा:।**

**यद्यध्यवसानादय: पुद्गलस्वभावास्तदा कथं जीवत्वेन सूचिता इति चेत्-**

**ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।**
**जीवा एदे सव्वे अज्झवसाणादओ भावा।। ४६ ।।**

**व्यवहारस्य दर्शनमुपदेशो वर्णितो जिनवरै:।**
**जीवा एते सर्वेऽध्यवसानादयो भावा:।। ४६ ।।**

**सर्वे एवैतेऽध्यवसानादयो भावा: जीवा इति यद्भगवद्भि: सकलज्ञै: प्रज्ञप्तं तदभूतार्थस्यापि व्यवहारस्यापि दर्शनम्। व्यवहारो हि व्यवहारिणां म्लेच्छभाषेव म्लेच्छानां परमार्थप्रतिपादकत्वादपरमार्थोऽपि तीर्थप्रवृत्तिनिमित्तं दर्शयितुं न्याय्य एव।**

---

જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી પણ પુદ્ગલસ્વભાવો છે.

**ભાવાર્થઃ**-કર્મનો ઉદય આવે ત્યારે આ આત્મા દુઃખરૂપ પરિણમે છે અને દુઃખરૂપ ભાવ છે તે અધ્યવસાન છે તેથી દુઃખરૂપ ભાવમાં ( -અધ્યવસાનમાં ) ચેતનતાનો ભ્રમ ઊપજે છે. પરમાર્થે દુઃખરૂપ ભાવ ચેતન નથી, કર્મજન્ય છે તેથી જડ જ છે.

હવે પૂછે છે કે જો અધ્યવસાનાદિ ભાવો છે તે પુદ્ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છેઃ-

**વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,**
**આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.**

**ગાથાર્થઃ**- [ एते सर्वे ] આ સર્વ [ अध्यवसानादय: भावा: ] અધ્યવસાનાદિ ભાવો છે તે [ जीवा: ] જીવ છે એવો [ जिनवरै: ] જિનવરોએ [ उपदेश: वर्णित: ] જે ઉપદેશ વર્ણવ્યો છે તે [ व्यवहारस्य दर्शनम् ] વ્યવહારનય દર્શાવ્યો છે.

**ટીકાઃ**-આ બધાય અધ્યવસાનાદિ ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે તે, જોકે વ્યવહારનય અભૂતાર્થ છે તોપણ, વ્યવહારનયને પણ દર્શાવ્યો છે; કારણ કે જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે તેથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ,

**तमन्तरेण तु शरीराज्जीवस्य परमार्थतो भेददर्शनात्त्रसस्थावराणां भस्मन इव निःशङ्क मुपमर्दनेन हिंसाऽभावाद्भवत्येव बन्धस्याभावः। तथा रक्तद्विष्टविमूढो जीवो बध्यमानो मोचनीय इति रागद्वेषमोहेभ्यो जीवस्य परमार्थतो भेददर्शनेन मोक्षोपायपरिग्रहणाभावात् भवत्येव मोक्षस्याभावः।**

**अथ केन दृष्टान्तेन प्रवृत्तो व्यवहार इति चेत्-**

**राया हु णिग्गदो त्ति य एसो बलसमुदयस्स आदेसो।**
**ववहारेण दु उच्चदि तत्थेक्को णिग्गदो राया।। ४७ ।।**

---

ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે (વ્યવહારનય) દર્શાવવો ન્યાયસંગત જ છે. પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો, પરમાર્થે (-પરમાર્થનયે) શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન (ઘાત) કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે અને તેથી બંધનો જ અભાવ ઠરશે; વળી પરમાર્થ દ્વારા રાગ-દ્વેષ-મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, 'રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે તેને છોડાવવો'- એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે અને તેથી મોક્ષનો જ અભાવ થશે. (આમ જો વ્યવહારનય ન દર્શાવવામાં આવે તો બંધ-મોક્ષનો અભાવ ઠરે છે.)

**ભાવાર્થઃ**-પરમાર્થનય તો જીવને શરીર તથા રાગદ્વેષમોહથી ભિન્ન કહે છે. જો તેનો એકાંત કરવામાં આવે તો શરીર તથા રાગદ્વેષમોહ પુદ્ગલમય ઠરે અને તો પછી પુદ્ગલને ઘાતવાથી હિંસા થતી નથી અને રાગદ્વેષમોહથી બંધ થતો નથી. આમ, પરમાર્થથી જે સંસાર-મોક્ષ બન્નેનો અભાવ કહ્યો છે તે જ એકાંતે ઠરશે. પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી; અવસ્તુનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ અવસ્તુરૂપ જ છે. માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે. આ રીતે સ્યાદ્વાદથી બન્ને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે.

હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય કયા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો છે? તેનો ઉત્તર કહે છેઃ-

**'નિર્ગમન આ નૃપનું થયું''-નિર્દેશ સૈન્યસમૂહને,**
**વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે; ૪૭.**

**एमेव य ववहारो अज्झवसाणादिअण्णभावाणं।**
**जीवो त्ति कदो सुत्ते तत्थेक्को णिच्छिदो जीवो।। ४८ ।।**

राजा खलु निर्गत इत्येष बलसमुदयस्यादेशः।
व्यवहारेण तूच्यते तत्रैको निर्गतो राजा।। ४७ ।।
एवमेव च व्यवहारोऽध्यवसानाद्यन्यभावानाम्।
जीव इति कृतः सूत्रे तत्रैको निश्चितो जीवः।। ४८ ।।

**यथैष राजा पंच योजनान्यभिव्याप्य निष्क्रामतीत्येकस्य पंच योजनान्यभिव्याप्तुमशक्यत्वाद्व्यवहारिणां बलसमुदाये राजेति व्यवहारः, परमार्थतस्त्वेक एव राजा; तथैष जीवः समग्रं रागग्राममभिव्याप्य प्रवर्तत इत्येकस्य समग्रं रागग्राममभिव्याप्तुमशक्यत्वाद्व्यवहारिणामध्यवसानादिष्वन्यभावेषु जीव इति व्यवहारः, परमार्थतस्त्वेक एव जीवः।**

---

**ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,**
**-સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.**

**ગાથાર્થઃ**-જેમ કોઈ રાજા સેના સહિત નીકળ્યો ત્યાં [ राजा खलु निर्गतः ] 'આ રાજા નીકળ્યો' [ इति एषः ] એમ આ જે [ बलसमुदयस्य ] સેનાના સમુદાયને [ आदेशः ] કહેવામાં આવે છે તે [ व्यवहारेण तु उच्यते ] વ્યવહારથી કહેવામાં આવે છે, [ तत्र ] તે સેનામાં (વાસ્તવિકપણે) [ एकः निर्गतः राजा ] રાજા તો એક જ નીકળ્યો છે; [ एवम् एव च ] તેવી જ રીતે [ अध्यवसानाद्यन्यभावानाम् ] અધ્યવસાન આદિ અન્યભાવોને [ जीवः इति ] '(આ) જીવ છે' એમ [ सूत्रे ] પરમાગમમાં કહ્યું છે તે [ व्यवहारः कृतः ] વ્યવહાર કર્યો છે, [ तत्र निश्चितः ] નિશ્ચયથી વિચારવામાં આવે તો તેમનામાં [ जीवः एकः ] જીવ તો એક જ છે.

**ટીકાઃ**-જેમ આ રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે એમ કહેવું તે, એક રાજાનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય હોવાથી, વ્યવહારી લોકોનો સેનાસમુદાયમાં રાજા કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો રાજા એક જ છે, (સેના રાજા નથી); તેવી રીતે આ જીવ સમગ્ર રાગગ્રામમાં (-રાગનાં સ્થાનોમાં) વ્યાપીને પ્રવર્તી રહ્યો છે એમ કહેવું તે, એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી, વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો જીવ એક જ છે, (અધ્યવસાનદિક ભાવો જીવ નથી).

**यद्येवं तर्हि किंलक्षणोऽसावेकष्टङ्कोत्कीर्णः परमार्थजीव इति पृष्टः प्राह-**

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।। ४९ ।।**

**अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दम्।**
**जानीहि अलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम्।। ४९ ।।**

**यः खलु पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानरसगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमरसगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद्-द्रव्येन्द्रियावष्टम्भेनारसनात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बेनारसनात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्केवलरसवेदनापरिणामापन्नत्वेनारसनात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य**

---

હવે શિષ્ય પૂછે છે કે એ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી તો તે એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે? તેનું લક્ષણ શું છે? એ પ્રશ્નનો ઉત્તર કહે છેઃ-

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.**

**ગાથાર્થઃ-**હે ભવ્ય! તું [ जीवम् ] જીવને [ अरसम् ] રસરહિત, [ अरूपम् ] રૂપરહિત, [ अगन्धम् ] ગંધરહિત, [ अव्यक्तं ] અવ્યક્ત અર્થાત્ ઇંદ્રિયોને ગોચર નથી એવો, [ चेतनागुणम् ] ચેતના જેનો ગુણ છે એવો, [ अशब्दम् ] શબ્દરહિત, [ अलिङ्गग्रहणं ] કોઈ ચિહ્નથી જેનું ગ્રહણ નથી એવો અને [ अनिर्दिष्टसंस्थानम् ] જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો [ जानीहि ] જાણ.

**ટીકાઃ-**જે જીવ છે તે ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં રસગુણ વિદ્યમાન નથી માટે અરસ છે. ૧. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ રસગુણ નથી માટે અરસ છે. ૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે. ૩. પોતાના સ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે. ૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદનાપરિણામને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે. ૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો

**निषेधाद्रसपरिच्छेदपरिणतत्वेऽपि स्वयं रसरूपेणापरिणमनाच्चारसः। तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानरूपगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमरूपगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावादद्रव्येन्द्रियावष्टम्भेनारूपणात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बेना-रूपणात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्केवलरूपवेदना-परिणामापन्नत्वेनारूपणात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाद्रूप-परिच्छेदपरिणतत्वेऽपि स्वयं रूपरूपेणापरिणमनाच्चारूपः। तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानगन्धगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमगन्धगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावादद्रव्येन्द्रि-यावष्टम्भेनागन्धनात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बे-नागन्धनात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्केवलगन्धवेदना-**

---

(-એકરૂપ થવાનો) નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે રસરૂપે પરિણમતો નથી માટે અરસ છે. ૬. આમ છ પ્રકારે રસના નિષેધથી તે અરસ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં રૂપગુણ વિદ્યમાન નથી માટે અરૂપ છે. ૧. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ રૂપગુણ નથી માટે અરૂપ છે. ૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રૂપ દેખતો નથી માટે અરૂપ છે. ૩. પોતાના સ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રૂપ દેખતો નથી માટે અરૂપ છે. ૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રૂપવેદનાપરિણામને પામીને રૂપ દેખતો નથી માટે અરૂપ છે. ૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી રૂપના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે રૂપરૂપે પરિણમતો નથી માટે અરૂપ છે. ૬. આમ છ પ્રકારે રૂપના નિષેધથી તે અરૂપ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં ગંધગુણ વિદ્યમાન નથી માટે અગંધ છે. ૧. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ ગંધગુણ નથી માટે અગંધ છે. ૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ ગંધ સૂંઘતો નથી માટે અગંધ છે. ૩. પોતાના સ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ ગંધ સૂંઘતો નથી માટે અગંધ છે. ૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક ગંધવેદનાપરિણામને પામીને ગંધ સૂંઘતો નથી માટે અગંધ છે. ૫.

**परिणामापन्नत्वेनागन्धनात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाद्गन्ध-परिच्छेद-परिणतत्वेऽपि स्वयं गन्धरूपेणापरिणमनाच्चागन्धः। तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमानस्पर्शगुणत्वात्, पुद्गलद्रव्यगुणेभ्यो भिन्नत्वेन स्वयमस्पर्शगुणत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद्द्रव्येन्द्रियावष्टम्भेनास्पर्शनात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बेनास्पर्शनात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्केवलस्पर्शवेदनापरिणामापन्नत्वेनास्पर्शनात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधात्स्पर्शपरिच्छेदपरिणतत्वेऽपि स्वयं स्पर्शरूपेणापरिणमनाच्चास्पर्शः। तथा पुद्गलद्रव्यादन्यत्वेनाविद्यमान-शब्दपर्यायत्वात्, पुद्गलद्रव्यपर्यायेभ्यो भिन्नत्वेन स्वयमशब्दपर्यायत्वात्, परमार्थतः पुद्गलद्रव्यस्वामित्वाभावाद्द्रव्येन्द्रियावष्टम्भेन शब्दाश्रवणात्, स्वभावतः क्षायोपशमिकभावाभावाद्भावेन्द्रियावलम्बेन शब्दाश्रवणात्, सकलसाधारणैकसंवेदनपरिणामस्वभावत्वात्**

---

(તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે. પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી ગંધના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે ગંધરૂપે પરિણમતો નથી માટે અગંધ છે. ૬. આમ છ પ્રકારે ગંધના નિષેધથી તે અગંધ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં સ્પર્શગુણ વિદ્યમાન નથી માટે અસ્પર્શ છે. ૧. પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ સ્પર્શગુણ નથી માટે અસ્પર્શ છે. ૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ સ્પર્શને સ્પર્શતો નથી માટે અસ્પર્શ છે. ૩. પોતાના સ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ સ્પર્શને સ્પર્શતો નથી માટે અસ્પર્શ છે. ૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક સ્પર્શવેદનાપરિણામને પામીને સ્પર્શને સ્પર્શતો નથી માટે અસ્પર્શ છે. ૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી સ્પર્શના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે સ્પર્શરૂપે પરિણમતો નથી માટે અસ્પર્શ છે. ૬. આમ છ પ્રકારે સ્પર્શના નિષેધથી તે અસ્પર્શ છે.

એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દપર્યાય વિદ્યમાન નથી માટે અશબ્દ છે. ૧. પુદ્‌ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ શબ્દપર્યાય નથી માટે અશબ્દ છે. ૨. પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે. ૩. પોતાના સ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી માટે

**केवलशब्दवेदनापरिणामापन्नत्वेन शब्दाश्रवणात्, सकलज्ञेयज्ञायकतादात्म्यस्य निषेधाच्छब्दपरिच्छेदपरिणतत्वेऽपि स्वयं शब्दरूपेणापरिणमनाच्चाशब्दः। द्रव्यान्तरारब्धशरीरसंस्थानेनैव संस्थान इति निर्देष्टुमशक्यत्वात्, नियतस्वभावेनानियतसंस्थानानन्तशरीरवर्तित्वात्, संस्थाननामकर्मविपाकस्य पुद्गलेषु निर्दिश्यमानत्वात्, प्रतिविशिष्टसंस्थानपरिणतसमस्तवस्तुतत्त्व-संवलितसहजसंवेदनशक्तित्वेऽपि स्वयमखिललोकसंवलनशून्योपजायमान-निर्मलानुभूतितयात्यन्तमसंस्थानत्वाच्चानिर्दिष्टसंस्थानः। षड्द्रव्यात्मक लोका-ज्ज्ञेयाद्व्यक्तादन्यत्वात्, कषायचक्राद्भावकाद्व्यक्तादन्यत्वात्, चित्सामान्य-निमग्नसमस्तव्यक्तित्वात्, क्षणिकव्यक्तिमात्राभावात्, व्यक्ताव्यक्तविमिश्रप्रतिभा-सेऽपि व्यक्तास्पर्शत्वात्, स्वयमेव हि बहिरन्तः स्फुटमनुभूयमानत्वेऽपि व्यक्तोपेक्षणेन प्रद्योत-**

---

અશબ્દ છે. ૪. સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક શબ્દવેદનાપરિણામને પામીને શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે. ૫. (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી શબ્દના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે શબ્દરૂપે પરિણમતો નથી માટે અશબ્દ છે. ૬. આમ છ પ્રકારે શબ્દના નિષેધથી તે અશબ્દ છે.

(હવે 'અનિર્દિષ્ટસંસ્થાન' વિશેષણ સમજાવે છેઃ-) પુદ્‌ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર તેના સંસ્થાન (આકાર) થી જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી માટે જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે. ૧. પોતાના નિયત સ્વભાવથી અનિયત સંસ્થાનવાળા અનંત શરીરોમાં રહે છે માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. ૨. સંસ્થાન નામકર્મનો વિપાક (ફળ) પુદ્‌ગલોમાં જ કહેવામાં આવે છે (તેથી તેના નિમિત્તથી પણ આકાર નથી) માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. ૩. જુદાં જુદાં સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓનાં સ્વરૂપ સાથે જેની સ્વાભાવિક સંવેદનશક્તિ સંબંધિત (અર્થાત્ તદાકાર) છે એવો હોવા છતાં પણ જેને સમસ્ત લોકના મિલાપથી (-સંબંધથી) રહિત નિર્મળ (જ્ઞાનમાત્ર) અનુભૂતિ થઈ રહી છે એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. ૪. આમ ચાર હેતુથી સંસ્થાનનો નિષેધ કહ્યો.

(હવે 'અવ્યક્ત' વિશેષણને સિદ્ધ કરે છેઃ-) છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. ૧. કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. ૨. ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે. ૩. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે. ૪. વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. ૫. પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ

**मानत्वाच्चाव्यक्तः। रसरूपगन्धस्पर्शशब्दसंस्थानव्यक्तत्वाभावेऽपि स्वसंवेदन-बलेन नित्यमात्मप्रत्यक्षत्वे सत्यनुमेयमात्रत्वाभावादलिङ्गग्रहणः। समस्तविप्रति-पत्तिप्रमाथिना विवेचकजनसमर्पितसर्वस्वेन सकलमपि लोकालोकं कवलीकृत्यात्यन्तसौहित्यमन्थरेणेव सकलकालमेव मनागप्यविचलितानन्य-साधारणतया स्वभावभूतेन स्वयमनुभूयमानेन चेतनागुणेन नित्यमेवान्तःप्रकाशमानत्वात् चेतनागुणश्च। स खलु भगवानमलालोक इहैकष्टङ्कोत्कीर्णः प्रत्यग्ज्योतिर्जीवः।**

( मालिनी )

**सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।**
**इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।। ३५ ।।**

---

ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે માટે અવ્યક્ત છે. ૬. આમ છ હેતુથી અવ્યક્તપણું સિદ્ધ કર્યું.

આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યક્તપણાનો અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે (જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.

પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી (જીવ) ચેતનાગુણવાળો છે. કેવો છે ચેતનાગુણ? જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે, જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે. જે સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત કરી જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય તેમ (અર્થાત્ અત્યંત સ્વરૂપ–સૌખ્ય વડે તૃપ્ત તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ) સર્વ કાળે કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી અને એ રીતે સદાય જરા પણ નહિ ચળતું અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી જે (અસાધારણ) સ્વભાવભૂત છે.

–આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે. જેનો પ્રકાશ નિર્મળ છે એવો આ ભગવાન આ લોકમાં એક, ટંકોત્કીર્ણ, ભિન્ન જ્યોતિરૂપ વિરાજમાન છે.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહી એવા આત્માના અનુભવની પ્રેરણા કરે છેઃ–

**શ્લોકાર્થઃ–** [ चित्–शक्ति–रिक्तं ] ચિત્શક્તિથી રહિત [ सकलम् अपि ] અન્ય સકળ ભાવોને [ अह्नाय ] મૂળથી [ विहाय ] છોડીને [ च ] અને [ स्फुटतरम् ] પ્રગટપણે

( अनुष्टुभ् )

**चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।**
**अतोऽतिरिक्ता: सर्वेऽपि भावा: पौद्गलिका अमी।। ३६ ।।**

**जीवस्स णत्थि वण्णो ण वि गंधो ण वि रसो ण वि य फासो।**
**ण वि रूवं ण सरीरं ण वि संठाणं ण संहणणं।। ५० ।।**
**जीवस्स णत्थि रागो ण वि दोसो णेव विज्जदे मोहो।**
**णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णत्थि।। ५१ ।।**

---

[ स्वं चित्–शक्तिमात्रम् ] પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું [ अवगाह्य ] અવગાહન કરીને, [ आत्मा ] ભવ્ય આત્મા [ विश्वस्य उपरि ] સમસ્ત પદાર્થ સમૂહરૂપ લોકના ઉપર [ चारु चरन्तं ] સુંદર રીતે પ્રવર્તતા એવા [ इमम् ] આ [ परम् ] એક કેવળ [ अनन्तम् ] અવિનાશી [ आत्मानम् ] આત્માનો [ आत्मनि ] આત્મામાં જ [ साक्षात् कलयतु ] અભ્યાસ કરો, સાક્ષાત્ અનુભવ કરો.

**ભાવાર્થઃ**-આ આત્મા પરમાર્થે સમસ્ત અન્યભાવોથી રહિત ચૈતન્યશક્તિમાત્ર છે; તેના અનુભવનો અભ્યાસ કરો એમ ઉપદેશ છે. ૩૫.

હવે ચિત્શક્તિથી અન્ય જે ભાવો છે તે બધા પુદ્ગલદ્રવ્યસંબંધી છે એવી આગળની ગાથાની સૂચનિકારૂપે શ્લોક કહે છેઃ–

**શ્લોકાર્થઃ**- [ चित्–शक्ति–व्याप्त–सर्वस्व–सार: ] ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો [ अयम् जीव: ] આ જીવ [ इयान् ] એટલો જ માત્ર છે; [ अत: अतिरिक्ता: ] આ ચિત્શક્તિથી શૂન્ય [ अमी भावा: ] જે આ ભાવો છે [ सर्वे अपि ] તે બધાય [ पौद्गलिका: ] પુદ્ગલજન્ય છે–પુદ્ગલના જ છે. ૩૬.

એવા એ ભાવોનું વ્યાખ્યાન છ ગાથાઓમાં કરે છેઃ–

**નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,**
**નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહિ; ૫૦.**

**નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,**
**નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.**

जीवस्स णत्थि वग्गो ण वग्गणा णेव फड्डया केई।
णो अज्झप्पट्ठाणा णेव य अणुभागठाणाणि।। ५२ ।।
जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बंधठाणा वा।
णेव य उदयट्ठाणा ण मग्गणट्ठाणया केई।। ५३ ।।
णो ठिदिबंधट्ठाणा जीवस्स ण संकिलेसठाणा वा।
णेव विसोहिट्ठाणा णो संजमलद्धिठाणा वा।। ५४ ।।
णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स।
जेण दु एदे सव्वे पोग्गलदव्वस्स परिणामा।। ५५ ।।

जीवस्य नास्ति वर्णो नापि गन्धो नापि रसो नापि च स्पर्शः।
नापि रूपं न शरीरं नापि संस्थानं न संहननम्।। ५० ।।

---

નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,
અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં; ૫૨.

જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,
નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.

સ્થિતિબંધસ્થાન ન જીવને, સંકલેશસ્થાનો પણ નહીં,
સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.

નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,
પરિણામ પુદ્‌ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫.

**ગાથાર્થઃ-** [ जीवस्य ] જીવને [ वर्णः ] વર્ણ [ नास्ति ] નથી, [ न अपि गन्धः ] ગંધ પણ નથી, [ रसः अपि न ] રસ પણ નથી [ च ] અને [ स्पर्शः अपि न ] સ્પર્શ પણ નથી, [ रूपं अपि न ] રૂપ પણ નથી, [ न शरीरं ] શરીર પણ નથી, [ संस्थानं अपि न ] સંસ્થાન પણ નથી, [ संहननम् न ] સંહનન પણ નથી; [ जीवस्य ] જીવને [ रागः नास्ति ] રાગ પણ નથી, [ द्वेषः अपि न ] દ્વેષ પણ નથી, [ मोहः ] મોહ પણ [ न एव विद्यते ] વિદ્યમાન નથી, [ प्रत्ययाः नो ] પ્રત્યયો (આસ્રવો) પણ નથી, [ कर्म न ] કર્મ પણ નથી [ च ] અને [ नोकर्म अपि ] નોકર્મ પણ [ तस्य नास्ति ]

जीवस्य नास्ति रागो नापि द्वेषो नैव विद्यते मोहः।
नो प्रत्यया न कर्म नोकर्म चापि तस्य नास्ति।। ५१ ।।

जीवस्य नास्ति वर्गो न वर्गणा नैव स्पर्धकानि कानिचित्।
नो अध्यात्मस्थानानि नैव चानुभागस्थानानि।। ५२ ।।

जीवस्य न सन्ति कानिचिद्योगस्थानानि न बन्धस्थानानि वा।
नैव चोदयस्थानानि न मार्गणास्थानानि कानिचित्।। ५३ ।।

नो स्थितिबन्धस्थानानि जीवस्य न संक्लेशस्थानानि वा।
नैव विशुद्धिस्थानानि नो संयमलब्धिस्थानानि वा।। ५४ ।।

नैव च जीवस्थानानि न गुणस्थानानि वा सन्ति जीवस्य।
येन त्वेते सर्वे पुद्गलद्रव्यस्य परिणामाः।। ५५ ।।

**यः कृष्णो हरितः पीतो रक्तः श्वेतो वा वर्णः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः सुरभिर्दुरभिर्वा गन्धः स सर्वोऽपि**

---

તેને નથી; [ जीवस्य ] જીવને [ वर्गः नास्ति ] વર્ગ નથી, [ वर्गणा न ] વર્ગણા નથી, [ कानिचित् स्पर्धकानि न एव ] કોઈ સ્પર્ધકો પણ નથી, [ अध्यात्मस्थानानि नो ] અધ્યાત્મસ્થાનો પણ નથી [ च ] અને [ अनुभागस्थानानि ] અનુભાગસ્થાનો પણ [ न एव ] નથી; [ जीवस्य ] જીવને [ कानिचित् योगस्थानानि ] કોઈ યોગસ્થાનો પણ [ न सन्ति ] નથી [ वा ] અથવા [ बन्धस्थानानि न ] બંધસ્થાનો પણ નથી, [ च ] વળી [ उदयस्थानानि ] ઉદયસ્થાનો પણ [ न एव ] નથી, [ कानिचित् मार्गणास्थानानि न ] કોઈ માર્ગણાસ્થાનો પણ નથી; [ जीवस्य ] જીવને [ स्थितिबन्धस्थानानि नो ] સ્થિતિબંધસ્થાનો પણ નથી [ वा ] અથવા [ संक्लेशस्थानानि न ] સંક્લેશસ્થાનો પણ નથી, [ विशुद्धिस्थानानि ] વિશુદ્ધિસ્થાનો પણ [ न एव ] નથી [ वा ] અથવા [ संयमलब्धिस्थानानि ] સંયમલબ્ધિસ્થાનો પણ [ नो ] નથી; [ च ] વળી [ जीवस्य ] જીવને [ जीवस्थानानि ] જીવસ્થાનો પણ [ न एव ] નથી [ वा ] અથવા [ गुणस्थानानि ] ગુણસ્થાનો પણ [ न सन्ति ] નથી; [ येन तु ] કારણ કે [ एते सर्वे ] આ બધા [ पुद्गलद्रव्यस्य ] પુદ્ગલદ્રવ્યના [ परिणामाः ] પરિણામ છે.

**ટીકાઃ**-જે કાળો, લીલો, પીળો, રાતો અથવા ધોળો વર્ણ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧. જે સુરભિ અથવા દુરભિ ગંધ છે તે બધીયે જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના

नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः कटुकः कषायः तिक्तोऽम्लो मधुरो वा रसः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः स्निग्धो रूक्षः शीतः उष्णो गुरुर्लघुर्मृदुः कठिनो वा स्पर्शः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यत्स्पर्शादिसामान्यपरिणाममात्रं रूपं तन्नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यदौदारिकं वैक्रियिकमाहारकं तैजसं कार्मणं वा शरीरं तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यत्समचतुरस्रं न्यग्रोधपरिमण्डलं स्वाति कुब्जं वामनं हुण्डं वा संस्थानं तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यद्वज्रर्षभनाराचं वज्रनाराचं नाराचमर्धनाराचं कीलिका असम्प्राप्तासृपाटिका वा संहननं तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः प्रीतिरूपो रागः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। योऽप्रीतिरूपो द्वेषः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्।

---

પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨. જે કડવો, કષાયેલો, તીખો, ખાટો અથવા મીઠો રસ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૩. જે ચીકણો, લૂખો, શીત, ઉષ્ણ, ભારે, હલકો, કોમળ અથવા કઠોર સ્પર્શ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૪. જે સ્પર્શાદિસામાન્યપરિણામમાત્ર રૂપ છે તે જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૫. જે ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અથવા કાર્મણ શરીર છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૬. જે સમચતુરસ્ત્ર, ન્યગ્રોધપરિમંડળ, સ્વાતિક, કુબ્જક, વામન અથવા હુંડક સંસ્થાન છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૭. જે વજ્રર્ષભનારાચ, વજ્રનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અથવા અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૮. જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૯. જે અપ્રીતિરૂપ દ્વેષ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૦.

**यस्तत्त्वाप्रतिपत्तिरूपो मोहः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्य-परिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। ये मिथ्यात्वाविरति-कषाययोगलक्षणाः प्रत्ययास्ते सर्वेऽपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यद् ज्ञानावरणीयदर्शनावरणीयवेदनीयमोहनीयायुर्ना-मगोत्रान्तरायरूपं कर्म तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यत्षट्पर्याप्तित्रिशरीरयोग्यवस्तुरूपं नोकर्म तत्सर्वमपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यः शक्तिसमूहलक्षणो वर्गः स सर्वोऽपि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। या वर्गसमूहलक्षणा वर्गणा सा सर्वापि नास्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि मन्दतीव्ररस-कर्मदलविशिष्टन्यासलक्षणानि स्पर्धकानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि स्वपरैकत्वाध्यासे सति विशुद्धचित्परिणामातिरिक्तत्वलक्षणान्यध्यात्मस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि प्रतिविशिष्टप्रकृतिरसपरिणामलक्षणान्यनुभागस्थानानि**

---

જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ (અપ્રાપ્તિરૂપ) મોહ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૧. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો તે બધાય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૨. જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાયરૂપ કર્મ છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૩. જે છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય વસ્તુ (-પુદ્‌ગલસ્કંધ) રૂપ નોકર્મ છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૪. જે કર્મના રસની શક્તિઓના (અર્થાત્ અવિભાગ પરિચ્છેદોના) સમૂહરૂપ વર્ગ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૫. જે વર્ગોના સમૂહરૂપ વર્ગણા છે તે બધીયે જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૬. જે મંદતીવ્ર રસવાળાં કર્મદળોના વિશિષ્ટ ન્યાસ (-જમાવ) રૂપ (અર્થાત્ વર્ગણાઓના સમૂહરૂપ) સ્પર્ધકો છે તે બધાય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૭. સ્વપરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે (વર્તતાં), વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે એવાં જે અધ્યાત્મસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૮. જુદી જુદી પ્રકૃતિઓના રસના પરિણામ

**तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि कायवाङ्मनोवर्गणापरिस्पन्दलक्षणानि योगस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि प्रतिविशिष्टप्रकृतिपरिणामलक्षणानि बन्धस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूते-र्भिन्नत्वात्। यानि स्वफलसम्पादनसमर्थकर्मावस्थालक्षणान्युदयस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूते-र्भिन्नत्वात्। यानि गतीन्द्रियकाययोगवेदकषायज्ञानसंयमदर्शनलेश्याभव्य-सम्यक्त्वसंज्ञाहारलक्षणानि मार्गणास्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि प्रतिविशिष्ट-प्रकृतिकालान्तरसहत्वलक्षणानि स्थितिबन्धस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि कषायविपाकोद्रेकलक्षणानि संक्लेशस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि कषायविपाकानुद्रेकलक्षणानि विशुद्धिस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे**

---

જેમનું લક્ષણ છે એવાં જે અનુભાગસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૧૯. કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાનું કંપન જેમનું લક્ષણ છે એવાં જે યોગસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૦. જુદી જુદી પ્રકૃતિઓના પરિણામ જેમનું લક્ષણ છે એવાં જે બંધસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૧. પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ–અવસ્થા જેમનું લક્ષણ છે એવાં જે ઉદયસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૨. ગતિ, ઇંદ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞા અને આહાર જેમનાં લક્ષણ છે એવાં જે માર્ગણાસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૩. જુદી જુદી પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું તે જેમનું લક્ષણ છે એવાં જે સ્થિતિબંધસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૪. કષાયના વિપાકનું અતિશયપણું જેમનું લક્ષણ છે એવાં જે સંકલેશસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૫. કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે એવાં જે વિશુદ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી

सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि चारित्रमोहविपाकक्रमनिवृत्तिलक्षणानि संयमलब्धिस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्। यानि पर्याप्तापर्याप्तबादरसूक्ष्मै- केन्द्रियद्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रियसंज्ञ्यसंज्ञिपञ्चेन्द्रियलक्षणानि जीवस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूते-र्भिन्नत्वात्। यानि मिथ्यादृष्टिसासादनसम्यग्दृष्टिसम्यग्मिथ्यादृष्ट्यसंयत- सम्यग्दृष्टिसंयतासंयतप्रमत्तसंयताप्रमत्तसंयतापूर्वकरणोपशमकक्षपकानिवृत्तिबादरसाम्प रायोपशमकक्षपकसूक्ष्मसाम्परायोपशमकक्षपकोपशान्तकषायक्षीणकषायसयोगकेवल्यय ोगकेवलिलक्षणानि गुणस्थानानि तानि सर्वाण्यपि न सन्ति जीवस्य, पुद्गलद्रव्यपरिणाममयत्वे सत्यनुभूतेर्भिन्नत्वात्।

( शालिनी )

**वर्णाद्या वा रागमोहादयो वा**
**भिन्ना भावाः सर्व एवास्य पुंसः**
**तेनैवान्तस्तत्त्वतः पश्यतोऽमी**
**नो दृष्टाः स्युर्दृष्टमेकं परं स्यात्।। ३७ ।।**

---

કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૬. ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેમનું લક્ષણ છે એવાં જે સંયમલબ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૭. પર્યાપ્ત તેમ જ અપર્યાપ્ત એવાં બાદર ને સૂક્ષ્મ એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને સંજ્ઞી તથા અસંજ્ઞી પંચેંદ્રિય જેમનાં લક્ષણ છે એવાં જે જીવસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૮. મિથ્યાદ્રષ્ટિ, સાસાદન સમ્યગ્દ્રષ્ટિ, સમ્યગ્મિથ્યાદ્રષ્ટિ, અસંયતસમ્યગ્દ્રષ્ટિ, સંયતાસંયત, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, અપૂર્વકરણ-ઉપશમક તથા ક્ષપક, અનિવૃત્તિબાદરસાંપરાય-ઉપશમક તથા ક્ષપક, સૂક્ષ્મસાંપરાય-ઉપશમક તથા ક્ષપક, ઉપશાંતકષાય, ક્ષીણકષાય, સયોગકેવળી અને અયોગકેવળી જેમનાં લક્ષણ છે એવાં જે ગુણસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે. ૨૯. (આ પ્રમાણે આ બધાય પુદ્ગલદ્રવ્યના પરિણામમય ભાવો છે; તે બધા, જીવના નથી. જીવ તો પરમાર્થે ચૈતન્યશક્તિમાત્ર છે.)

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ वर्ण–आद्याः ] જે વર્ણાદિક [ वा ] અથવા [ राग–मोह–आदयः वा ] રાગમોહાદિક [ भावाः ] ભાવો કહ્યા [ सर्वे एव ] તે બધાય [ अस्य पुंसः ] આ પુરુષથી

**ननु वर्णादयो यद्यमी न सन्ति जीवस्य तदा तन्त्रान्तरे कथं सन्तीति प्रज्ञाप्यन्ते इति चेत्-**

**ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया।**
**गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स।। ५६ ।।**

व्यवहारेण त्वेते जीवस्य भवन्ति वर्णाद्याः।
गुणस्थानान्ता भावा न तु केचिन्निश्चयनयस्य।। ५६ ।।

**इह हि व्यवहारनयः किल पर्यायाश्रितत्वाज्जीवस्य पुद्गलसंयोगवशादनादिप्रसिद्धबन्धपर्यायस्य कुसुम्भरक्तस्य कार्पासिकवाससः इवौपाधिकं भावमवलम्ब्योत्प्लवमानः**

---

(આત્માથી) [ भिन्नाः ] ભિન્ન છે [ तेन एव ] તેથી [ अन्तःतत्त्वतः पश्यतः ] અંતર્દષ્ટિ વડે જોનારને [ अमी नो दृष्टाः स्युः ] એ બધા દેખાતા નથી, [ एकं परं दृष्टं स्यात् ] માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે-કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે.

**ભાવાર્થઃ**-પરમાર્થનય અભેદ જ છે તેથી તે દષ્ટિથી જોતાં ભેદ નથી દેખાતો; તે નયની દષ્ટિમાં પુરુષ ચૈતન્યમાત્ર જ દેખાય છે. માટે તે બધાય વર્ણાદિક તથા રાગાદિક ભાવો પુરુષથી ભિન્ન જ છે.

આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત જે ભાવો છે તેમનું સ્વરૂપ વિશેષતાથી જાણવું હોય તો ગોમ્મટસાર આદિ ગ્રંથોમાંથી જાણી લેવું. ૩૭.

હવે શિષ્ય પૂછે છે કે જો આ વર્ણાદિક ભાવો જીવના નથી તો અન્ય સિદ્ધાંતગ્રંથોમાં 'તે જીવના છે' એમ કેમ કહ્યું છે? તેનો ઉત્તર ગાથામાં કહે છેઃ-

**વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,**
**પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.**

**ભાવાર્થઃ**- [ एते ] આ [ वर्णाद्याः गुणस्थानान्ताः भावाः ] વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યન્ત ભાવો કહેવામાં આવ્યા તે [ व्यवहारेण तु ] વ્યવહારનયથી તો [ जीवस्य भवन्ति ] જીવના છે (માટે સૂત્રમાં કહ્યા છે), [ तु ] પરંતુ [ निश्चयनयस्य ] નિશ્ચયનયના મતમાં [ केचित् न ] તેમનામાંના કોઈ પણ જીવના નથી.

**ટીકાઃ**-અહીં, વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી, સફેદ રૂનું બનેલું વસ્ત્ર જે કસુંબા વડે રંગાયેલું છે એવા વસ્ત્રના ઔપાધિક ભાવ (-લાલ રંગ)ની જેમ,

परभावं परस्य विदधाति; निश्चयनयस्तु द्रव्याश्रितत्वात्केवलस्य जीवस्य स्वाभाविकं भावमवलम्ब्योत्प्लवमानः परभावं परस्य सर्वमेव प्रतिषेधयति। ततो व्यवहारेण वर्णादयो गुणस्थानान्ता भावा जीवस्य सन्ति, निश्चयेन तु न सन्तीति युक्ता प्रज्ञप्तिः।

कुतो जीवस्य वर्णादयो निश्चयेन न सन्तीति चेत्-

**एदेहिं य संबंधो जहेव खीरोदयं मुणेदव्वो।**
**ण य होंति तस्स ताणि दु उवओगगुणाधिगो जम्हा।। ५७ ।।**

**एतैश्च सम्बन्धो यथैव क्षीरोदकं ज्ञातव्यः।**
**न च भवन्ति तस्य तानि तूपयोगगुणाधिको यस्मात्।। ५७ ।।**

यथा खलु सलिलमिश्रितस्य क्षीरस्य सलिलेन सह परस्परावगाहलक्षणे सम्बन्धे सत्यपि स्वलक्षणभूतक्षीरत्वगुणव्याप्यतया सलिलादधिकत्वेन प्रतीयमानत्वादग्नेरुष्ण-

---

પુદ્‌ગલના સંયોગવશે અનાદિ કાળથી જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે એવા જીવના ઔપાધિક ભાવ (-વર્ણાદિક) ને અવલંબીને પ્રવર્તતો થકો, (તે વ્યવહારનય) બીજાના ભાવને બીજાનો કહે છે; અને નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી, કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો થકો, બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો, નિષેધ કરે છે. માટે વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત જે ભાવો છે તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્‌વાદવાળું) કથન યોગ્ય છે.

હવે વળી પૂછે છે કે વર્ણાદિક નિશ્ચયથી જીવના કેમ નથી તેનું કારણ કહો. તે પ્રશ્નનો ઉત્તર કહે છેઃ-

**આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;**
**ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.**

**ગાથાર્થઃ-** [ एतैः च सम्बन्धः ] આ વર્ણાદિક ભાવો સાથે જીવનો સંબંધ [ क्षीरोदकं यथा एव ] જળને અને દૂધને એકક્ષેત્રાવગાહરૂપ સંયોગસંબંધ છે તેવો [ ज्ञातव्यः ] જાણવો [ च ] અને [ तानि ] તેઓ [ तस्य तु न भवन्ति ] તે જીવના નથી [ यस्मात् ] કારણ કે જીવ [ उपयोगगुणाधिकः ] તેમનાથી ઉપયોગગુણે અધિક છે (-ઉપયોગગુણ વડે જુદો જણાય છે).

**ટીકાઃ-**જેમ-જળમિશ્રિત દૂધનો, જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં, સ્વલક્ષણભૂત જે દૂધપણું-ગુણ તે વડે વ્યાપ્ત હોવાને લીધે દૂધ જળથી

गुणेनेव सह तादात्म्यलक्षणसम्बन्धाभावात् न निश्चयेन सलिलमस्ति; तथा वर्णादिपुद्गलद्रव्यपरिणाममिश्रितस्यास्यात्मनः पुद्गलद्रव्येण सह परस्परावगाहलक्षणे सम्बन्धे सत्यपि स्वलक्षणभूतोपयोगगुणव्याप्यतया सर्वद्रव्येभ्योऽधिकत्वेन प्रतीयमानत्वादग्रेरुष्णगुणेनेव सह तादात्म्यलक्षणसम्बन्धाभावात् न निश्चयेन वर्णादिपुद्गलपरिणामाः सन्ति।

कथं तर्हि व्यवहारोऽविरोधक इति चेत्-

**पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी।**
**मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई।। ५८ ।।**
**तह जीवे कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं।**
**जीवस्स एस वण्णो जिणेहिं ववहारदो उत्तो।। ५९ ।।**
**गंधरसफासरूवा देहो संठाणमाइया जे य।**
**सव्वे ववहारस्स य णिच्छयदण्हू ववदिसंति।। ६० ।।**

---

અધિકપણે પ્રતીત થાય છે; તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે તેવો જળ સાથે દૂધનો સંબંધ નહિ હોવાથી, નિશ્ચયથી જળ દૂધનું નથી; તેવી રીતે-વર્ણાદિક પુદ્ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત આ આત્માનો, પુદ્ગલદ્રવ્ય સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં, સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે; તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી, નિશ્ચયથી વર્ણાદિક પુદ્ગલપરિણામો આત્માના નથી.

હવે વળી પૂછે છે કે આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે; અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે? તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છે:-

**દેખી લૂંટાતું પંથમાં કો, ‘પંથ આ લૂંટાય છે’-**
**બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.**

**એમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,**
**ભાખે જિનો વ્યવહારથી ‘આ વર્ણ છે આ જીવનો’. ૫૯.**

**એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,**
**નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.**

पथि मुष्यमाणं दृष्ट्वा लोका भणन्ति व्यवहारिणः।
मुष्यते एष पन्था न च पन्था मुष्यते कश्चित्।। ५८ ।।
तथा जीवे कर्मणां नोकर्मणां च दृष्ट्वा वर्णम्।
जीवस्यैष वर्णो जिनैर्व्यवहारत उक्तः।। ५९ ।।
गन्धरसस्पर्शरूपाणि देहः संस्थानादयो ये च।
सर्वे व्यवहारस्य च निश्चयद्रष्टारो व्यपदिशन्ति।। ६० ।।

**यथा पथि प्रस्थितं कंचित्सार्थं मुष्यमाणमवलोक्य तात्स्थ्यात्तदुपचारेण मुष्यत एष पन्था इति व्यवहारिणां व्यपदेशेऽपि न निश्चयतो विशिष्टाकाशदेशलक्षणः कश्चिदपि पन्था मुष्येत, तथा जीवे बन्धपर्यायेणावस्थितं कर्मणो नोकर्मणो वा वर्णमुत्प्रेक्ष्य तात्स्थ्यात्तदुपचारेण जीवस्यैष वर्ण इति व्यवहारतोऽर्हद्देवानां प्रज्ञापनेऽपि न निश्चयतो नित्यमेवामूर्तस्वभावस्योपयोगगुणाधिकस्य जीवस्य कश्चिदपि वर्णोऽस्ति। एवं गन्धरस-**

---

**ગાથાર્થઃ-** [ पथि मुष्यमाणं ] જેમ માર્ગમાં ચાલનારને લૂંટાતો [ दृष्ट्वा ] દેખીને '[ एषः पन्था ] આ માર્ગ [ मृष्यते ] લૂંટાય છે' એમ [ व्यवहारिणः ] વ્યવહારી [ लोकाः ] લોકો [ भणन्ति ] કહે છે; ત્યાં પરમાર્થથી વિચારવામાં આવે તો [ कश्चित् पन्था ] કોઈ માર્ગ તો [ न च मुष्यते ] નથી લૂંટાતો, માર્ગમાં ચાલનાર માણસ જ લૂંટાય છે; [ तथा ] તેવી રીતે [ जीवे ] જીવમાં [ कर्मणां नोकर्मणां च ] કર્મોનો અને નોકર્મોનો [ वर्णम् ] વર્ણ [ दृष्ट्वा ] દેખીને '[ जीवस्य ] જીવનો [ एषः वर्णः ] આ વર્ણ છે' એમ [ जिनैः ] જિનદેવોએ [ व्यवहारतः ] વ્યવહારથી [ उक्तः ] કહ્યું છે. [ गन्धरसस्पर्शरूपाणि ] એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, [ देहः संस्थानादयः ] દેહ, સંસ્થાન આદિ [ ये च सर्वे ] જે સર્વ છે, [ व्यवहारस्य ] તે સર્વ વ્યવહારથી [ निश्चयद्रष्टारः ] નિશ્ચયના દેખનારા [ व्यपदिशन्ति ] કહે છે.

**ટીકાઃ-**જેમ વ્યવહારી લોકો, માર્ગે નીકળેલા કોઈ સાર્થને (સંઘને) લૂંટાતો દેખીને, સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને, 'આ માર્ગ લૂંટાય છે' એમ કહે છે, તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો, જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ તો કોઈ લૂંટાતો નથી; તેવી રીતે ભગવાન અર્હંતદેવો, જીવમાં બંધપર્યાયથી સ્થિતિ પામેલો (રહેલો) કર્મ અને નોકર્મનો વર્ણ દેખીને, (કર્મ-નોકર્મના) વર્ણની (બંધપર્યાયથી) જીવમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને, 'જીવનો આ વર્ણ છે' એમ વ્યવહારથી જણાવે છે, તોપણ નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે એવા જીવનો કોઈ પણ વર્ણ નથી.

**स्पर्शरूपशरीरसंस्थानसंहननरागद्वेषमोहप्रत्ययकर्मनोकर्मवर्गवर्गणास्पर्धकाध्यात्मस्थानानुभागस्थानयोगस्थानबन्धस्थानोदयस्थानमार्गणास्थानस्थितिबन्धस्थान संक्लेशस्थानविशुद्धिस्थानसंयमलब्धिस्थानजीवस्थानगुणस्थानान्यपि व्यवहारतोऽर्हद्देवानां प्रज्ञापनेऽपि निश्चयतो नित्यमेवामूर्तस्वभावस्योपयोगगुणेनाधिकस्य जीवस्य सर्वाण्यपि न सन्ति, तादात्म्यलक्षणसम्बन्धाभावात्।**

---

એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન, રાગ, દ્વેષ, મોહ, પ્રત્યય, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક, અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંકલેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન, જીવસ્થાન અને ગુણસ્થાન–એ બધાય (ભાવો) વ્યવહારથી અર્હંતદેવો જીવના કહે છે, તોપણ નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગગુણવડે અન્યથી અધિક છે એવા જીવના તે સર્વ નથી, કારણ કે એ વર્ણાદિ ભાવોને અને જીવને તાદાત્મ્યલક્ષણ સંબંધનો અભાવ છે.

**ભાવાર્થઃ**–આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યા છે તે વ્યવહારનયથી કહ્યા છે; નિશ્ચયનયથી તેઓ જીવના નથી કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે.

અહીં એમ જાણવું કે–પહેલાં વ્યવહારનયને અસત્યાર્થ કહ્યો હતો ત્યાં એમ ન સમજવું કે તે સર્વથા અસત્યાર્થ છે, કથંચિત્ અસત્યાર્થ જાણવો; કારણ કે જ્યારે એક દ્રવ્યને જુદું, પર્યાયોથી અભેદરૂપ, તેના અસાધારણ ગુણમાત્રને પ્રધાન કરીને કહેવામાં આવે ત્યારે પરસ્પર દ્રવ્યોનો નિમિત્તનૈમિત્તિકભાવ તથા નિમિત્તથી થતા પર્યાયો–તે સર્વ ગૌણ થઈ જાય છે, એક અભેદદ્રવ્યની દ્રષ્ટિમાં તેઓ પ્રતિભાસતા નથી. માટે તે સર્વ તે દ્રવ્યમાં નથી એમ કથંચિત્ નિષેધ કરવામાં આવે છે. જો તે ભાવોને તે દ્રવ્યમાં કહેવામાં આવે તો તે વ્યવહારનયથી કહી શકાય છે. આવો નયવિભાગ છે.

અહીં શુદ્ધનયની દ્રષ્ટિથી કથન છે તેથી એમ સિદ્ધ કર્યું છે કે આ સર્વ ભાવોને સિદ્ધાન્તમાં જીવના કહ્યા છે તે વ્યવહારથી કહ્યા છે. જો નિમિત્તનૈમિત્તિકભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો તે વ્યવહાર કથંચિત્ સત્યાર્થ પણ કહી શકાય છે. જો સર્વથા અસત્યાર્થ જ કહેવામાં આવે તો સર્વ વ્યવહારનો લોપ થાય અને સર્વ વ્યવહારનો લોપ થતાં પરમાર્થનો પણ લોપ થાય. માટે જિનદેવનો ઉપદેશ સ્યાદ્વાદરૂપ સમજ્યે જ સમ્યગ્જ્ઞાન છે, સર્વથા એકાંત તે મિથ્યાત્વ છે.

कुतो जीवस्य वर्णादिभिः सह तादात्म्यलक्षणः सम्बन्धो नास्तीति चेत्

तत्थ भवे जीवाणं संसारत्थाण होंति वण्णादी।
संसारपमुक्काणं णत्थि हु वण्णादओ केई।। ६१ ।।
तत्र भवे जीवानां संसारस्थानां भवन्ति वर्णादयः।
संसारप्रमुक्तानां न सन्ति खलु वर्णादयः केचित्।। ६१ ।।

यत्किल सर्वास्वप्यवस्थासु यदात्मकत्वेन व्याप्तं भवति तदात्मकत्वव्याप्तिशून्यं न भवति, तस्य तैः सह तादात्म्यलक्षणः सम्बन्धः स्यात्। ततः सर्वास्वप्यवस्थासु वर्णाद्यात्मकत्वव्याप्तस्य भवतो वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्याभवतश्च पुद्गलस्य वर्णादिभिः सह तादात्म्यलक्षणः सम्बन्धः स्यात्; संसारावस्थायां कथञ्चिद्वर्णाद्यात्मकत्व-व्याप्तस्य भवतो वर्णाद्यात्मकत्वव्याप्तिशून्यस्याभवतश्चापि मोक्षावस्थायां सर्वथा वर्णाद्यात्मकत्व-

---

હવે પૂછે છે કે વર્ણાદિક સાથે જીવનો તાદાત્મ્યલક્ષણ સંબંધ કેમ નથી? તેનો ઉત્તર કહે છેઃ-

સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,
સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.

**ગાથાર્થઃ-** [ वर्णादयः ] વર્ણાદિક છે તે [ संसारस्थानां ] સંસારમાં સ્થિત [ जीवानां ] જીવોને [ तत्र भवे ] તે સંસારમાં [ भवन्ति ] હોય છે અને [ संसारप्रमुक्तानां ] સંસારથી મુક્ત થયેલા જીવોને [ खलु ] નિશ્ચયથી [ वर्णादयः केचित् ] વર્ણાદિક કોઈ પણ (ભાવો) [ न सन्ति ] નથી; (માટે તાદાત્મ્યસંબંધ નથી).

**ટીકાઃ-**જે નિશ્ચયથી બધીયે અવસ્થાઓમાં યદ્-આત્મકપણાથી અર્થાત્ જે-સ્વરૂપપણાથી વ્યાપ્ત હોય અને તદ્-આત્મકપણાની અર્થાત્ તે-સ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત ન હોય, તેનો તેમની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય છે. (જે વસ્તુ સર્વ અવસ્થાઓમાં જે ભાવોસ્વરૂપ હોય અને કોઈ અવસ્થામાં તે ભાવોસ્વરૂપપણું છોડે નહિ, તે વસ્તુનો તે ભાવોની સાથે તાદાત્મ્યસંબંધ હોય છે.) માટે બધીયે અવસ્થાઓમાં જે વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતું નથી એવા પુદ્ગલનો વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ છે; અને જોકે સંસાર-અવસ્થામાં કથંચિત્ વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતો નથી તોપણ મોક્ષ-અવસ્થામાં જે

व्याप्तिशून्यस्य भवतो वर्णाद्यात्मकत्वव्याप्तस्याभवतश्च जीवस्य वर्णादिभिः सह तादात्म्यलक्षणः सम्बन्धो न कथञ्चनापि स्यात्।

जीवस्य वर्णादितादात्म्यदुरभिनिवेशे दोषश्चायम्-

जीवो चेव हि एदे सव्वे भाव त्ति मण्णसे जदि हि।
जीवस्साजीवस्स य णत्थि विसेसो दु दे कोई।। ६२ ।।

जीवश्चैव ह्येते सर्वे भावा इति मन्यसे यदि हि।
जीवस्याजीवस्य च नास्ति विशेषस्तु ते कश्चित्।। ६२ ।।

यथा वर्णादयो भावाः क्रमेण भाविताविर्भावतिरोभावाभिस्ताभिस्ता-भिर्व्यक्तिभिः

---

સર્વથા વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોય છે અને વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોતો નથી એવા જીવનો વર્ણાદિભાવોની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ કોઈ પણ પ્રકારે નથી.

**ભાવાર્થઃ**-દ્રવ્યની સર્વ અવસ્થાઓને વિષે દ્રવ્યમાં જે ભાવો વ્યાપે તે ભાવો સાથે દ્રવ્યનો તાદાત્મ્યસંબંધ કહેવાય છે. પુદ્‌ગલની સર્વ અવસ્થાઓને વિષે પુદ્‌ગલમાં વર્ણાદિભાવો વ્યાપે છે તેથી વર્ણાદિભાવો સાથે પુદ્‌ગલનો તાદાત્મ્યસંબંધ છે. સંસાર-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો કોઈ પ્રકારે કહી શકાય છે પણ મોક્ષ-અવસ્થાને વિષે જીવમાં વર્ણાદિભાવો સર્વથા નથી તેથી વર્ણાદિભાવો સાથે જીવનો તાદાત્મ્યસંબંધી નથી એ ન્યાય છે.

હવે, જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે તો તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છેઃ-

આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,
તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી! ૬૨.

**ગાથાર્થઃ**-વર્ણાદિકની સાથે જીવનું તાદાત્મ્ય માનનારને કહે છે કેઃ હે મિથ્યા અભિપ્રાયવાળા! [ यदि हि च ] જો તું [ इति मन्यसे ] એમ માને કે [ एते सर्वे भावाः ] આ વર્ણાદિક સર્વ ભાવો [ जीवः एव हि ] જીવ જ છે, [ तु ] તો [ ते ] તારા મતમાં [ जीवस्य च अजीवस्य ] જીવ અને અજીવનો [ कश्चित् ] કાંઈ [ विशेषः ] ભેદ [ नास्ति ] રહેતો નથી.

**ટીકાઃ**-જેમ વર્ણાદિક ભાવો, અનુક્રમે આવિર્ભાવ (પ્રગટ થવું, ઊપજવું) અને તિરોભાવ (ઢંકાવું, નાશ થવું) પામતી એવી તે તે વ્યક્તિઓ વડે (અર્થાત્

पुद्गलद्रव्यमनुगच्छन्तः पुद्गलस्य वर्णादितादात्म्यं प्रथयन्ति, तथा वर्णादयो भावाः क्रमेण भाविताविर्भावतिरोभावाभिस्ताभिस्ताभिर्व्यक्तिभिर्जीवमनुगच्छन्तो जीवस्य वर्णादितादात्म्यं प्रथयन्तीति यस्याभिनिवेशः तस्य शेषद्रव्यासाधा-रणस्य वर्णाद्यात्मकत्वस्य पुद्गललक्षणस्य जीवेन स्वीकरणाज्जीवपुद्गलयोर-विशेषप्रसक्तौ सत्यां पुद्गलेभ्यो भिन्नस्य जीवद्रव्यस्याभावाद्भवत्येव जीवाभावः।

संसारावस्थायामेव जीवस्य वर्णादितादात्म्यमित्यभिनिवेशेऽप्ययमेव दोषः-

अह संसारत्थाणं जीवाणं तुज्झ होंति वण्णादी।
तम्हा संसारत्था जीवा रूवित्तमावण्णा।। ६३ ।।
एवं पोग्गलदव्वं जीवो तहलक्खणेण मूढमदी।
णिव्वाणमुवगदो वि य जीवत्तं णोग्गलो पत्तो।। ६४ ।।

---

પર્યાયો વડે) પુદ્ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા, પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે-વિસ્તારે છે, તેવી રીતે વર્ણાદિક ભાવો, અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી એવી તે તે વ્યક્તિઓ વડે જીવની સાથે સાથે રહેતા થકા, જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે, વિસ્તારે છે-એમ જેનો અભિપ્રાય છે તેના મતમાં, અન્ય બાકીનાં દ્રવ્યોથી અસાધારણ એવું વર્ણાદિસ્વરૂપપણું-કે જે પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે-તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી, જીવ-પુદ્ગલના અવિશેષનો પ્રસંગ આવે છે, અને એમ થતાં, પુદ્ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી, જીવનો જરૂર અભાવ થાય છે.

**ભાવાર્થઃ**-જેમ વર્ણાદિક ભાવો પુદ્ગલદ્રવ્ય સાથે તાદાત્મ્યસ્વરૂપે છે તેમ જીવ સાથે પણ તાદાત્મ્યસ્વરૂપે હોય તો જીવ-પુદ્ગલમાં કાંઈ પણ ભેદ ન રહે અને તેથી જીવનો જ અભાવ થાય એ મોટો દોષ આવે.

હવે, 'માત્ર સંસાર-અવસ્થામાં જ જીવને વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે' એવા અભિપ્રાયમાં પણ આ જ દોષ આવે છે એમ કહે છેઃ-

**વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,**
**સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩.**

**એ રીત પુદ્ગલ તે જ જીવ, હે મૂઢમતિ ! સમલક્ષણે,**
**ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્ગલદ્રવ્ય પામ્યું જીવત્વને ! ૬૪.**

अथ संसारस्थानां जीवानां तव भवन्ति वर्णादयः।
तस्मात्संसारस्था जीवा रूपित्वमापन्नाः।। ६३ ।।
एवं पुद्गलद्रव्यं जीवस्तथालक्षणेन मूढमते।
निर्वाणमुपगतोऽपि च जीवत्वं पुद्गलः प्राप्तः।। ६४ ।।

यस्य तु संसारावस्थायां जीवस्य वर्णादितादात्म्यमस्तीत्यभिनिवेशस्तस्य तदानीं स जीवो रूपित्वमवश्यमवाप्नोति। रूपित्वं च शेषद्रव्यासाधारणं कस्यचिद्द्रव्यस्य लक्षणमस्ति। ततो रूपित्वेन लक्ष्यमाणं यत्किञ्चिद्भवति स जीवो भवति। रूपित्वेन लक्ष्यमाणं पुद्गलद्रव्यमेव भवति। एवं पुद्गलद्रव्यमेव स्वयं जीवो भवति, न पुनरितरः कतरोऽपि। तथा च सति, मोक्षावस्थायामपि नित्यस्वलक्षणलक्षितस्य द्रव्यस्य सर्वास्वप्यवस्थास्वनपायित्वादनादिनिधनत्वेन पुद्गलद्रव्यमेव स्वयं जीवो भवति, न पुनरितरः कतरोऽपि। तथा च सति, तस्यापि पुद्गलेभ्यो भिन्नस्य जीवद्रव्यस्याभावाद्भवत्येव

---

**ગાથાર્થઃ-** [ अथ ] અથવા જો [ तव ] તારો મત એમ હોય કે [ संसारस्थानां जीवानां ] સંસારમાં સ્થિત જીવોને જ [ वर्णादयः ] વર્ણાદિક ( તાદાત્મ્યસ્વરૂપે ) [ भवन्ति ] છે, [ तस्मात् ] તો તે કારણે [ संसारस्थाः जीवाः ] સંસારમાં સ્થિત જીવો [ रूपित्वम् आपन्नाः ] રૂપીપણાને પામ્યા; [ एवं ] એમ થતાં, [ तथालक्षणेन ] તેવું લક્ષણ તો ( અર્થાત્ રૂપીપણું લક્ષણ તો ) પુદ્ગલદ્રવ્યનું હોવાથી, [ मूढमते ] હે મૂઢબુદ્ધિ! [ पुद्गलद्रव्यं ] પુદ્ગલદ્રવ્ય તે જ [ जीवः ] જીવ ઠર્યું [ च ] અને ( માત્ર સંસારઅવસ્થામાં જ નહિ પણ ) [ निर्वाणम् उपगतः अपि ] નિર્વાણ પામ્યે પણ [ पुद्गलः ] પુદ્ગલ જ [ जीवत्वं ] જીવપણાને [ प्राप्तः ] પામ્યું!

**ટીકાઃ-**વળી, સંસાર-અવસ્થામાં જીવને વર્ણાદિભાવો સાથે તાદાત્મ્યસંબંધ છે એવો જેનો અભિપ્રાય છે, તેના મતમાં સંસાર-અવસ્થા વખતે તે જીવ અવશ્ય રૂપીપણાને પામે છે; અને રૂપીપણું તો કોઈ દ્રવ્યનું, બાકીનાં દ્રવ્યોથી અસાધારણ એવું લક્ષણ છે. માટે રૂપીપણા ( લક્ષણ ) થી લક્ષિત ( લક્ષ્યરૂપ થતું, ઓળખાતું ) જે કાંઈ હોય તે જીવ છે. રૂપીપણાથી લક્ષિત તો પુદ્ગલદ્રવ્ય જ છે. એ રીતે પુદ્ગલદ્રવ્ય જ પોતે જીવ છે, પણ તે સિવાય બીજો કોઈ જીવ નથી. આમ થતાં, મોક્ષ-અવસ્થામાં પણ પુદ્ગલદ્રવ્ય જ પોતે જીવ ( ઠરે ) છે, પણ તે સિવાય બીજો કોઈ જીવ ( ઠરતો ) નથી; કારણ કે સદાય પોતાના સ્વલક્ષણથી લક્ષિત એવું દ્રવ્ય બધીયે અવસ્થાઓમાં હાનિ અથવા ઘસારો નહિ પામતું હોવાથી અનાદિ-અનંત હોય છે. આમ થવાથી, તેના મતમાં પણ ( અર્થાત્ સંસાર-અવસ્થામાં જ જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય માનનારના મતમાં પણ ); પુદ્ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી, જીવનો

जीवाभावः।

एवमेतत् स्थितं यद्वर्णादयो भावा न जीव इति-

**एक्कं च दोण्णि तिण्णि य चत्तारि य पंच इंदिया जीवा।**
**बादरपज्जत्तिदरा पयडीओ णामकम्मस्स।। ६५ ।।**
**एदाहि य णिव्वत्ता जीवट्ठाणा उ करणभूदाहिं।**
**पयडीहिं पोग्गलमइहिं ताहिं कहं भण्णदे जीवो।। ६६ ।।**

एकं वा द्वे त्रीणि च चत्वारि च पञ्चेन्द्रियाणि जीवाः।
बादरपर्याप्तेतराः प्रकृतयो नामकर्मणः।। ६५ ।।
एताभिश्च निर्वृत्तानि जीवस्थानानि करणभूताभिः।
प्रकृतिभिः पुद्गलमयीभिस्ताभिः कथं भण्यते जीवः।। ६६ ।।

---

જરૂર અભાવ થાય છે.

**ભાવાર્થઃ**-જો એમ માનવામાં આવે કે સંસાર-અવસ્થામાં જીવનો વર્ણાદિક સાથે તાદાત્મ્યસંબંધ છે તો જીવ મૂર્તિક થયો; અને મૂર્તિકપણું તો પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે; માટે પુદ્‌ગલદ્રવ્ય તે જ જીવદ્રવ્ય ઠર્યું, તે સિવાય કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય ન રહ્યું. વળી મોક્ષ થતાં પણ તે પુદ્‌ગલોનો જ મોક્ષ થયો; તેથી મોક્ષમાં પણ પુદ્‌ગલો જ જીવ ઠર્યાં, અન્ય કોઈ ચૈતન્યરૂપ જીવ ન રહ્યો. આ રીતે સંસાર તેમ જ મોક્ષમાં પુદ્‌ગલથી ભિન્ન એવું કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય નહિ રહેવાથી જીવનો જ અભાવ થયો. માટે માત્ર સંસાર-અવસ્થામાં જ વર્ણાદિભાવો જીવના છે એમ માનવાથી પણ જીવનો અભાવ જ થાય છે.

આ રીતે એ સિદ્ધ થયું કે વર્ણાદિક ભાવો જીવ નથી, એમ હવે કહે છેઃ-

**જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને**
**પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.**

**પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,**
**રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે ? ૬૬.**

**ગાથાર્થઃ**- [ एकं वा ] એકેંદ્રિય, [ द्वे ] દ્વીંદ્રિય, [ त्रीणि च ] ત્રીંદ્રિય, [ चत्वारि च ] ચતુરિંદ્રિય, [ पञ्चेन्द्रियाणि ] પંચેંદ્રિય, [ बादरपर्याप्तेतराः ] બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત

**निश्चयतः कर्मकरणयोरभिन्नत्वात् यद्येन क्रियते तत्तदेवेति कृत्वा, यथा कनकपत्रं कनकेन क्रियमाणं कनकमेव, न त्वन्यत्, तथा जीवस्थानानि बादरसूक्ष्मैकेन्द्रियद्वित्रिचतुःपञ्चेन्द्रियपर्याप्तापर्याप्ताभिधानाभिः पुद्गलमयीभिः नामकर्मप्रकृतिभिः क्रियमाणानि पुद्गल एव, न तु जीवः। नामकर्मप्रकृतीनां पुद्गलमयत्वं चागमप्रसिद्धं दृश्यमानशरीरादिमूर्तकार्यानुमेयं च। एवं गन्धरसस्पर्शरूपशरीरसंस्थानसंहननान्यपि पुद्गलमयनामकर्मप्रकृतिनिर्वृत्तत्वे सति तदव्यतिरेकाज्जीवस्थानैरेवोक्तानि। ततो न वर्णादयो जीव इति निश्चयसिद्धान्तः।**

( उपजाति )

**निर्वर्त्यते येन यदत्र किञ्चित्**
**तदेव तत्स्यान्न कथञ्चनान्यत्।**

---

અને અપર્યાપ્ત [ जीवाः ] જીવો–એ [ नामकर्मणः ] નામકર્મની [ प्रकृतयः ] પ્રકૃતિઓ છે; [ एताभिः च ] આ [ प्रकृतिभिः ] પ્રકૃતિઓ [ पुद्गलमयीभिः ताभिः ] કે જેઓ પદ્ગલમય તરીકે પ્રસિદ્ધ છે તેમના વડે [ करणभूताभिः ] કરણસ્વરૂપ થઈને [ निर्वृत्तानि ] રચાયેલાં [ जीवस्थानानि ] જે જીવસ્થાનો ( જીવસમાસ ) છે તેઓ [ जीवः ] જીવ [ कथं ] કેમ [ भण्यते ] કહેવાય ?

**ટીકાઃ**-નિશ્ચયનયે કર્મ અને કરણનું અભિન્નપણું હોવાથી, જે જેના વડે કરાય છે (–થાય છે ) તે તે જ છે– એમ સમજીને ( નિશ્ચય કરીને ), જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું (–થતું ) હોવાથી સુવર્ણ જ છે, બીજું કાંઈ નથી, તેમ જીવસ્થાનો બાદર, સૂક્ષ્મ, એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત નામની પુદ્ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતા (–થતાં ) હોવાથી પુદ્ગલ જ છે, જીવ નથી. અને નામકર્મની પ્રકૃતિઓનું પુદ્ગલમયપણું તો આગમથી પ્રસિદ્ધ છે તથા અનુમાનથી પણ જાણી શકાય છે કારણ કે પ્રત્યક્ષ દેખવામાં આવતા શરીર આદિ જે મૂર્તિક ભાવો છે તે કર્મપ્રકૃતિઓનાં કાર્ય હોવાથી કર્મપ્રકૃતિઓ પુદ્ગલમય છે એમ અનુમાન થઈ શકે છે.

એવી રીતે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન અને સંહનન–તેઓ પણ પુદ્ગલમય નામકર્મની પ્રકૃતિઓ વડે રચાયાં (–બન્યાં ) હોવાથી પુદ્ગલથી અભિન્ન છે; તેથી, માત્ર જીવસ્થાનોને પુદ્ગલમય કહેતાં, આ બધાં પણ પુદ્ગલમય કહ્યાં સમજવાં.

માટે વર્ણાદિક જીવ નથી એમ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.

અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ येन ] જે વસ્તુથી [ अत्र यद् किञ्चित् निर्वर्त्यते ] જે ભાવ બને, [ तत् ] તે ભાવ [ तद् एव स्यात् ] તે વસ્તુ જ છે [ कथञ्चन ] કોઈ રીતે [ अन्यत् न ]

रुक्मेण निर्वृत्तमिहासिकोशं
पश्यन्ति रुक्मं न कथञ्चनासिम्।। ३८ ।।

( उपजाति )

वर्णादिसामग्र्यमिदं विदन्तु
निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा
यतः स विज्ञानघनस्ततोऽन्यः।। ३९ ।।

शेषमन्यद्व्यवहारमात्रम्-

पज्जत्तापज्जत्ता जे सुहुमा बादरा य जे चेव।
देहस्स जीवसण्णा सुत्ते ववहारदो उत्ता।। ६७ ।।

पर्याप्तापर्याप्ता ये सूक्ष्मा बादराश्च ये चैव।
देहस्य जीवसंज्ञाः सूत्रे व्यवहारतः उक्ताः।। ६७ ।।

---

અન્ય વસ્તુ નથી; [ इह ] જેમ જગતમાં [ रुक्मेण निर्वृत्तम् असिकोशं ] સોનાથી બનેલા મ્યાનને [ रुक्मं पश्यन्ति ] લોકો સોનું જ દેખે છે, [ कथञ्चन ] કોઈ રીતે [ न असिम् ] ( તેને ) તરવાર દેખતા નથી.

**ભાવાર્થઃ**-વર્ણાદિક પુદ્ગલથી બને છે તેથી પુદ્ગલ જ છે, જીવ નથી. ૩૮.

વળી બીજો કળશ કહે છેઃ-

**શ્લોકાર્થઃ**-અહો જ્ઞાની જનો! [ इदं वर्णादिसामग्र्यम् ] આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય [ एकस्य पुद्गलस्य हि निर्माणम् ] એક પુદ્ગલની રચના [ विदन्तु ] જાણો; [ ततः ] માટે [ इदं ] આ ભાવો [ पुद्गलः एव अस्तु ] પુદ્ગલ જ હો, [ न आत्मा ] આત્મા ન હો; [ यतः ] કારણ કે [ सः विज्ञानघनः ] આત્મા તો વિજ્ઞાનઘન છે, જ્ઞાનનો પુંજ છે, [ ततः ] તેથી [ अन्यः ] આ વર્ણાદિક ભાવોથી અન્ય જ છે. ૩૯.

હવે, આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે એમ કહે છેઃ-

**પર્યાપ્ત અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી**
**કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.**

**ગાથાર્થઃ**- [ ये ] જે [ पर्याप्तापर्याप्ताः ] પર્યાપ્ત, અપર્યાપ્ત [ सूक्ष्माः बादराः च ]

यत्किल बादरसूक्ष्मैकेन्द्रियद्वित्रिचतुःपञ्चेन्द्रियपर्याप्तापर्याप्ता इति शरीरस्य संज्ञाः सूत्रे जीवसंज्ञात्वेनोक्ताः अप्रयोजनार्थः परप्रसिद्ध्या घृतघटवद्व्यवहारः। यथा हि कस्यचिदाजन्मप्रसिद्धैकघृतकुम्भस्य तदितरकुम्भानभिज्ञस्य प्रबोधनाय योऽयं घृतकुम्भः स मृण्मयो, न घृतमय इति तत्प्रसिद्ध्या कुम्भे घृतकुम्भव्यवहारः, तथास्याज्ञानिनो लोकस्यासंसारप्रसिद्धाशुद्धजीवस्य शुद्धजीवानभिज्ञस्य प्रबोधनाय योऽयं वर्णादिमान् जीवः स ज्ञानमयो, न वर्णादिमय इति तत्प्रसिद्ध्या जीवे वर्णादिमद्व्यवहारः।

( अनुष्टुभ् )

घृतकुम्भाभिधानेऽपि कुम्भो घृतमयो न चेत्।
जीवो वर्णादिमज्जीवजल्पनेऽपि न तन्मयः।। ४० ।।

---

સૂક્ષ્મ અને બાદર આદિ [ ये च एव ] જેટલી [ देहस्य ] દેહને [ जीवसंज्ञाः ] જીવસંજ્ઞા કહી છે તે બધી [ सूत्रे ] સૂત્રમાં [ व्यवहारतः ] વ્યવહારથી [ उक्ताः ] કહી છે.

**ટીકાઃ**-બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિયપર્યાપ્ત, અપર્યાપ્ત-એ દેહની સંજ્ઞાઓને ( નામોને ) સૂત્રમાં જીવસંજ્ઞાપણે કહી છે, તે પરની પ્રસિદ્ધને લીધે, 'ઘીના ઘડા'ની જેમ વ્યવહાર છે-કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે ( અર્થાત્ તેમાં પ્રયોજનભૂત વસ્તુ નથી ). તે વાતને સ્પષ્ટ કહે છેઃ-

જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને માત્ર 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ ( જાણીતો ) હોય, તે સિવાયના બીજા ઘડાને તે જાણતો ન હોય, તેને સમજાવવા "જે આ 'ઘીનો ઘડો' છે તે માટીમય છે, ઘીમય નથી" એમ ( સમજાવનાર વડે ) ઘડામાં 'ઘીના ઘડા' નો વ્યવહાર કરવામાં આવે છે, કારણ કે પેલા પુરુષને 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ ( જાણીતો ) છે; તેવી રીતે આ અજ્ઞાની લોકને અનાદિ સંસારથી માંડીને 'અશુદ્ધ જીવ' જ પ્રસિદ્ધ છે, શુદ્ધ જીવને તે જાણતો નથી, તેને સમજાવવા ( -શુદ્ધ જીવનું જ્ઞાન કરાવવા ) "જે આ 'વર્ણાદિમાન ( વર્ણાદિવાળો ) જીવ' છે તે જ્ઞાનમય છે, વર્ણાદિમય નથી" એમ ( સૂત્ર વિષે ) જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે, કારણ કે તે અજ્ઞાની લોકને 'વર્ણાદિમાન જીવ' જ પ્રસિદ્ધ છે.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ चेत् ] જો [ घृतकुम्भाभिधाने अपि ] 'ઘીનો ઘડો' એમ કહેતાં પણ [ कुम्भः घृतमयः न ] ઘડો છે તે ઘીમય નથી ( -માટીમય જ છે ), [ वर्णादिमत्-जीव-जल्पने अपि ] તો તેવી રીતે 'વર્ણાદિવાળો જીવ' એમ કહેતાં પણ [ जीवः न तन्मयः ] જીવ છે તે વર્ણાદિમય નથી ( -જ્ઞાનઘન જ છે ).

**ભાવાર્થઃ**-ઘીથી ભરેલા ઘડાને વ્યવહારથી 'ઘીનો ઘડો' કહેવામાં આવે છે

**एतदपि स्थितमेव यद्रागादयो भावा न जीवा इति-**

**मोहणकम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा।**
**ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता।। ६८ ।।**
**मोहनकर्मण उदयात्तु वर्णितानि यानीमानि गुणस्थानानि।**
**तानि कथं भवन्ति जीवा यानि नित्यमचेतनान्युक्तानि।। ६८ ।।**

**मिथ्यादृष्ट्यादीनि गुणस्थानानि हि पौद्गलिकमोहकर्मप्रकृतिविपाक-पूर्वकत्वे सति, नित्यमचेतनत्वात्, कारणानुविधायीनि कार्याणीति कृत्वा, यवपूर्वका यवा यवा एवेति न्यायेन, पुद्गल एव, न तु जीवः। गुणस्थानानां नित्यमचेतनत्वं चागमाच्चैतन्यस्वभाव-**

---

છતાં નિશ્ચયથી ઘડો ઘી-સ્વરૂપ નથી; ઘી ઘી-સ્વરૂપ છે, ઘડો માટી-સ્વરૂપ છે; તેવી રીતે વર્ણ, પર્યાપ્તિ, ઇન્દ્રિયો ઇત્યાદિ સાથે એકક્ષેત્રાવગાહરૂપ સંબંધવાળા જીવને સૂત્રમાં વ્યવહારથી 'પંચેન્દ્રિય જીવ, પર્યાપ્ત જીવ, બાદર જીવ, દેવ જીવ, મનુષ્ય જીવ' ઇત્યાદિ કહેવામાં આવ્યો છે છતાં નિશ્ચયથી જીવ તે-સ્વરૂપ નથી; વર્ણ, પર્યાપ્તિ, ઇન્દ્રિયો ઇત્યાદિ પુદ્‌ગલસ્વરૂપ છે, જીવ જ્ઞાનસ્વરૂપ છે. ૪૦.

હવે કહે છે કે (જેમ વર્ણાદિ ભાવો જીવ નથી એ સિદ્ધ થયું તેમ) એ પણ સિદ્ધ થયું કે રાગાદિ ભાવો પણ જીવ નથીઃ-

**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮.**

**ગાથાર્થઃ-** [ यानि इमानि ] જે આ [ गुणस्थानानि ] ગુણસ્થાનો છે તે [ मोहनकर्मणः उदयात् तु ] મોહકર્મના ઉદયથી થાય છે [ वर्णितानि ] એમ (સર્વજ્ઞનાં આગમમાં) વર્ણવવામાં આવ્યું છે; [ तानि ] તેઓ [ जीवाः ] જીવ [ कथं ] કેમ [ भवन्ति ] હોઈ શકે [ यानि ] કે જેઓ [ नित्यं ] સદા [ सचेतनानि ] અચેતન [ उक्तानि ] કહેવામાં આવ્યાં છે?

**ટીકાઃ-**આ મિથ્યાદ્રષ્ટિ આદિ ગુણસ્થાનો પૌદ્‌ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, કારણના જેવાં જ કાર્યો હોય છે એમ કરીને (સમજીને, નિશ્ચય કરીને), જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે એ ન્યાયે, પુદ્‌ગલ જ છે-જીવ નથી. અને ગુણસ્થાનોનું સદાય અચેતનપણું તો આગમથી સિદ્ધ થાય છે તેમ જ ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા તેનાથી ભિન્નપણે તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી પણ તેમનું સદાય અચેતન-

**व्याप्तस्यात्मनोऽतिरिक्तत्वेन विवेचकैः स्वयमुपलभ्यमानत्वाच्च प्रसाध्यम्।**

**एवं रागद्वेषमोहप्रत्ययकर्मनोकर्मवर्गवर्गणास्पर्धकाध्यात्मस्थानानुभागस्थानयोगस्थानबन्धस्थानोदयस्थानमार्गणास्थानस्थितिबन्धस्थानसंक्लेशस्थानविशुद्धिस्थानसंयमलब्धिस्थानान्यपि पुद्गलकर्मपूर्वकत्वे सति, नित्यमचेतनत्वात्, पुद्गल एव, न तु जीव इति स्वयमायातम्। ततो रागादयो भावा न जीव इति सिद्धम्।**

**तर्हि को जीव इति चेत्-**

( अनुष्टुभ् )

**अनाद्यनन्तमचलं स्वसंवेद्यमिदं स्फुटम्।**
**जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।। ४१ ।।**

---

પણું સિદ્ધ થાય છે.

એવી રીતે રાગ, દ્વેષ, મોહ, પ્રત્યય, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક, અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંકલેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન-તેઓ પણ પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે-જીવ નથી એમ આપોઆપ આવ્યું ( -ફલિત થયું, સિદ્ધ થયું ).

માટે રાગાદિ ભાવો જીવ નથી એમ સિદ્ધ થયું.

**ભાવાર્થઃ-**શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિમાં ચૈતન્ય અભેદ છે અને એના પરિણામ પણ સ્વાભાવિક શુદ્ધ જ્ઞાન-દર્શન છે. પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો, જોકે ચૈતન્ય જેવા દેખાય છે તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશૂન્ય છે-જડ છે. વળી આગમમાં પણ તેમને અચેતન કહ્યા છે. ભેદજ્ઞાનીઓ પણ તેમને ચૈતન્યથી ભિન્નપણે અનુભવે છે તેથી પણ તેઓ અચેતન છે, ચેનત નથી.

પ્રશ્નઃ-જો તેઓ ચેતન નથી તો તેઓ કોણ છે? પુદ્ગલ છે? કે અન્ય કાંઈ છે? ઉત્તરઃ-પુદ્ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેઓ નિશ્ચયથી પુદ્ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.

આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્ગલ છે.

હવે પૂછે છે કે વર્ણાદિક અને રાગાદિક જીવ નથી તો જીવ કોણ છે? તેના ઉત્તરરૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अनादि ] જે અનાદિ છે અર્થાત્ કોઈ કાળે ઉત્પન્ન થયું નથી, [ अनन्तम् ] જે અનંત છે અર્થાત્ કોઈ કાળે જેનો વિનાશ નથી, [ अचलं ] જે અચળ

( शार्दूलविक्रीडित )

**वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो**
**नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।**
**इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा**
**व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।। ४२ ।।**

---

છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ-ચળાચળ-થતું નથી, [ स्वसंवेद्यम् ] જે સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે [ तु ] અને [ स्फुटम् ] જે પ્રગટ છે અર્થાત્ છૂપું નથી-એવું જે [ इदं चैतन्यम् ] આ ચૈતન્ય [ उच्चैः ] અત્યંતપણે [ चकचकायते ] ચકચકાટ પ્રકાશી રહ્યું છે, [ स्वयं जीवः ] તે પોતે જ જીવ છે.

**ભાવાર્થઃ**-વર્ણાદિ અને રાગાદિ ભાવો જીવ નથી પણ ઉપર કહ્યો તેવો ચૈતન્યભાવ તે જ જીવ છે. ૪૧.

હવે, ચેતનપણું જ જીવનું યોગ્ય લક્ષણ છે એમ કાવ્ય દ્વારા સમજાવે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ यतः अजीवः अस्ति द्वेधा ] અજીવ બે પ્રકારે છે- [ वर्णाद्यैः सहितः ] વર્ણાદિસહિત [ तथा विरहितः ] અને વર્ણાદિરહિત; [ ततः ] માટે [ अमूर्तत्वम् उपास्य ] અમૂર્તપણાનો આશ્રય કરીને પણ ( અર્થાત્ અમૂર્તપણાને જીવનું લક્ષણ માનીને પણ ) [ जीवस्य तत्त्वं ] જીવના યથાર્થ સ્વરૂપને [ जगत् न पश्यति ] જગત દેખી શક્તું નથી;- [ इति आलोच्य ] આમ પરીક્ષા કરીને [ विवेचकैः ] ભેદજ્ઞાની પુરુષોએ [ न अव्यापि अतिव्यापि वा ] અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દૂષણોથી રહિત [ चैतन्यम् ] ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે [ समुचितं ] તે યોગ્ય છે. [ व्यक्तं ] તે ચૈતન્યલક્ષણ પ્રગટ છે, [ व्यञ्जित-जीव-तत्त्वम् ] તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે અને [ अचलं ] તે અચળ છે-ચળાચળતા રહિત, સદા મોજૂદ છે. [ आलम्ब्यताम् ] જગત તેનું જ અવલંબન કરો! ( તેનાથી યથાર્થ જીવનું ગ્રહણ થાય છે. )

**ભાવાર્થઃ**-નિશ્ચયથી વર્ણાદિભાવો-વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા- જીવમાં કદી વ્યાપતા નથી તેથી તેઓ નિશ્ચયથી જીવનાં લક્ષણ છે જ નહિ; વ્યવહારથી તેમને જીવનાં લક્ષણ માનતાં પણ અવ્યાપ્તિ નામનો દોષ આવે છે કારણ કે સિદ્ધ જીવોમાં તે ભાવો વ્યવહારથી પણ વ્યાપતા નથી. માટે વર્ણાદિભાવોનો આશ્રય કરવાથી જીવનું યથાર્થ સ્વરૂપ ઓળખાતું જ નથી.

અમૂર્તપણું જોકે સર્વ જીવોમાં વ્યાપે છે તોપણ તેને જીવનું લક્ષણ માનતાં અતિવ્યાપ્તિ નામનો દોષ આવે છે, કારણ કે પાંચ અજીવ દ્રવ્યોમાંના એક પુદ્‌ગલદ્રવ્ય સિવાય ધર્મ, અધર્મ, આકાશ અને કાળ-એ ચાર દ્રવ્યો અમૂર્ત હોવાથી,

( वसंततिलका )

**जीवादजीवमिति लक्षणतो विभिन्नं**
**ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।**
**अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं**
**मोहस्तु तत्कथमहो बत नानटीति।। ४३ ।।**

**नानट्यतां तथापि-**

( वसन्ततिलका )

**अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये**
**वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।**
**रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-**
**चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।। ४४ ।।**

---

અમૂર્તપણું જીવમાં વ્યાપે છે તેમ જ ચાર અજીવ દ્રવ્યોમાં પણ વ્યાપે છે; એ રીતે અતિવ્યાપ્તિ દોષ આવે છે. માટે અમૂર્તપણાનો આશ્રય કરવાથી પણ જીવનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ થતું નથી.

ચૈતન્યલક્ષણ સર્વ જીવોમાં વ્યાપતું હોવાથી અવ્યાપ્તિદોષથી રહિત છે, અને જીવ સિવાય કોઈ દ્રવ્યમાં નહિ વ્યાપતું હોવાથી અતિવ્યાપ્તિદોષથી રહિત છે; વળી તે પ્રગટ છે; તેથી તેનો જ આશ્રય કરવાથી જીવના યથાર્થ સ્વરૂપનું ગ્રહણ થઈ શકે છે. ૪૨.

હવે, 'જો આવા લક્ષણ વડે જીવ પ્રગટ છે તોપણ અજ્ઞાની લોકોને તેનું અજ્ઞાન કેમ રહે છે?'-એમ આચાર્ય આશ્ચર્ય તથા ખેદ બતાવે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इति लक्षणतः ] આમ પૂર્વોક્ત જુદાં લક્ષણને લીધે [ जीवात् अजीवम् विभिन्नं ] જીવથી અજીવ ભિન્ન છે [ स्वयम् उल्लसन्तम् ] તેને (અજીવને) તેની મેળે જ (-સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે) વિલસતું-પરિણમતું [ ज्ञानी जनः ] જ્ઞાની પુરુષ [ अनुभवति ] અનુભવે છે, [ तत् ] તોપણ [ अज्ञानिनः ] અજ્ઞાનીને [ निरवधि-प्रविजृम्भितः अयं मोहः तु ] અમર્યાદપણે ફેલાયેલો આ મોહ (અર્થાત્ સ્વપરના એકપણાની ભ્રાન્તિ) [ कथम् नानटीति ] કેમ નાચે છે- [ अहो बत ] એ અમને મહા આશ્ચર્ય અને ખેદ છે! ૪૩.

વળી ફરી મોહનો પ્રતિષેધ કરે છે અને કહે છે કે 'જો મોહ નાચે છે તો નાચો! તોપણ આમ જ છે':-

**શ્લોકાર્થઃ-** [ अस्मिन् अनादिनि महति अविवेक-नाटये ] આ અનાદિ કાળના મોટા અવિવેકના નાટકમાં અથવા નાચમાં [ वर्णादिमान् पुद्गलः एव नटति ] વર્ણાદિમાન

( मन्दाक्रान्ता )

**इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा**
**जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।**
**विश्वं व्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या**
**ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।। ४५ ।।**

---

પુદ્ગલ જ નાચે છે, [ न अन्यः ] અન્ય કોઈ નહિ; ( અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે, જીવ તો અનેક પ્રકારનો છે નહિ; [ च ] અને [ अयं जीवः ] આ જીવ તો [ रागादि–पुद्गल–विकार–विरुद्ध–शुद्ध–चैतन्यधातुमय–मूर्तिः ] રાગાદિક પુદ્ગલ-વિકારોથી વિલક્ષણ, શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ છે.

**ભાવાર્થઃ-**રાગાદિ ચિદ્વિકારને (-ચૈતન્યવિકારોને) દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે, કારણ કે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તો ચૈતન્યના કહેવાય. રાગાદિ વિકારો તો સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી-મોક્ષ- અવસ્થામાં તેમનો અભાવ છે. વળી તેમનો અનુભવ પણ આકુળતામય દુઃખરૂપ છે. માટે તેઓ ચેતન નથી, જડ છે. ચૈતન્યનો અનુભવ નિરાકુળ છે, તે જ જીવનો સ્વભાવ છે એમ જાણવું. ૪૪.

હવે, ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા આ જ્ઞાતાદ્રવ્ય પોતે પ્રગટ થાય છે એમ કળશમાં મહિમા કરી અધિકાર પૂર્ણ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इत्थं ] આ પ્રમાણે [ ज्ञान–क्रकच–कलना–पाटनं ] જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ તેને [ नाटयित्वा ] નચાવીને [ यावत् ] જ્યાં [ जीवाजीवौ ] જીવ અને અજીવ બન્ને [ स्फुट–विघटनं त एव प्रयातः ] પ્રગટપણે જુદા ન થયા, [ तावत् ] ત્યાં તો [ ज्ञातृद्रव्यं ] જ્ઞાતાદ્રવ્ય, [ प्रसभ–विकसत्–व्यक्त–चिन्मात्रशत्तया ] અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ વડે [ विश्वं व्याप्य ] વિશ્વને વ્યાપીને, [ स्वयम् ] પોતાની મેળે જ [ अतिरसात् ] અતિ વેગથી [ उच्चैः ] ઉગ્રપણે અર્થાત્ અત્યંતપણે [ चकाशे ] પ્રકાશી નીકળ્યું.

**ભાવાર્થઃ-**આ કળશનો આશય બે રીતે છેઃ-

ઉપર કહેલા જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં જ્યાં જીવ અને અજીવ બન્ને સ્પષ્ટ ભિન્ન સમજાયા કે તુરત જ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો-સમ્યગ્દર્શન થયું. ( સમ્યગ્દ્રષ્ટિ આત્મા શ્રુતજ્ઞાન વડે વિશ્વના સમસ્ત ભાવોને સંક્ષેપથી અથવા વિસ્તારથી જાણે છે અને નિશ્ચયથી વિશ્વને પ્રત્યક્ષ જાણવાનો તેનો સ્વભાવ છે; માટે તે વિશ્વને જાણે છે એમ કહ્યું. ) એક આશય તો એ પ્રમાણે છે.

**इति जीवाजीवौ पृथग्भूत्वा निष्क्रान्तौ।**

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ जीवाजीवप्ररूपकः प्रथमोऽङ्कः।।**

---

બીજો આશય આ પ્રમાણે છેઃ જીવ-અજીવનો અનાદિ જે સંયોગ તે કેવળ જુદો પડયા પહેલાં અર્થાત્ જીવનો મોક્ષ થયા પહેલાં, ભેદજ્ઞાન ભાવતાં ભાવતાં અમુક દશા થતાં નિર્વિકલ્પ ધારા જામી-જેમાં કેવળ આત્માનો અનુભવ રહ્યો; અને તે શ્રેણિ અત્યંત વેગથી આગળ વધતાં વધતાં કેવળજ્ઞાન પ્રગટ થયું. પછી અઘાતીકર્મનો નાશ થતાં જીવદ્રવ્ય અજીવથી કેવળ ભિન્ન થયું. જીવ-અજીવના ભિન્ન થવાની આ રીત છે. ૪૫.

**ટીકાઃ**-આ પ્રમાણે જીવ અને અજીવ જુદા જુદા થઈને ( રંગભૂમિમાંથી ) બહાર નીકળી ગયા.

**ભાવાર્થઃ**-જીવ-અજીવ અધિકારમાં પહેલાં રંગભૂમિસ્થળ કહીને ત્યાર પછી ટીકાકાર આચાર્યે એમ કહ્યું હતું કે નૃત્યના અખાડામાં જીવ-અજીવ બન્ને એક થઈને પ્રવેશ કરે છે અને બન્નેએ એકપણાનો સ્વાંગ રચ્યો છે. ત્યાં, ભેદજ્ઞાની સમ્યગ્દ્રષ્ટિ પુરુષે સમ્યગ્જ્ઞાન વડે તે જીવ-અજીવ બન્નેની તેમના લક્ષણભેદથી પરીક્ષા કરીને બન્નેને જુદા જાણ્યા તેથી સ્વાંગ પૂરો થયો અને બન્ને જુદા જુદા થઈને અખાડાની બહાર નીકળી ગયા. આમ અલંકાર કરીને વર્ણન કર્યું.

જીવ-અજીવ અનાદિ સંયોગ મિલૈ લખિ મૂઢ ન આતમ પાવૈં,
સમ્યક્ ભેદવિજ્ઞાન ભયે બુધ ભિન્ન ગહે નિજભાવ સુદાવૈં;
શ્રી ગુરુકે ઉપદેશ સુનૈ રુ ભલે દિન પાય અજ્ઞાન ગમાવૈં.
તે જગમાંહિ મહંત કહાય વસૈં શિવ જાય સુખી નિત થાવૈં.

આમ શ્રી સમયસારની ( શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની ) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં જીવ-અજીવનો પ્રરૂપક પહેલો અંક સમાપ્ત થયો.

ॐ

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

卐 -२- 卐

卐 કર્તા–કર્મ અધિકાર 卐

卐 卐

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

**अथ जीवाजीवावेव कर्तृकर्मवेषेण प्रविशतः।**

( मन्दाक्रान्ता )

**एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी**
**इत्याज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।**
**ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं**
**साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम्।। ४६ ।।**

---

કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,
કર્મ નાશી શિવમાં વસે, નમું તેહ, મદ ખોય.

પ્રથમ ટીકાકાર કહે છે કે ‘હવે જીવ–અજીવ જ એક કર્તાકર્મના વેશે પ્રવેશ કરે છે.’ જેમ બે પુરુષો માંહોમાંહે કોઈ એક સ્વાંગ કરી નૃત્યના અખાડામાં પ્રવેશ કરે તેમ જીવ–અજીવ બન્ને એક કર્તાકર્મનો સ્વાંગ કરી પ્રવેશ કરે છે એમ અહીં ટીકાકારે અલંકાર કર્યો છે.

હવે પ્રથમ, તે સ્વાંગને જ્ઞાન યથાર્થ જાણી લે છે તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** ‘[ इह ] આ લોકમાં [ अहम् चिद् ] હું ચૈતન્યસ્વરૂપ આત્મા તો [ एकः कर्ता ] એક કર્તા છું અને [ अमी कोपादयः ] આ ક્રોધાદિ ભાવો [ मे कर्म ] મારાં કર્મ છે’ [ इति अज्ञानां कर्तृकर्मप्रवृत्तिम् ] એવી અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેને [ अभितः शमयत् ] બધી તરફથી શમાવતી (–મટાડતી) [ ज्ञानज्योतिः ] જ્ઞાનજ્યોતિ [ स्फुरति ] સ્ફુરાયમાન થાય છે. કેવી છે તે જ્ઞાનજ્યોતિ? [ परम–उदात्तम् ] જે પરમ ઉદાત્ત છે અર્થાત્ કોઈને આધીન નથી, [ अत्यन्तधीरं ] જે અત્યંત ધીર છે અર્થાત્ કોઈ પ્રકારે આકુળતારૂપ નથી અને [ निरुपधि–पृथग्द्रव्य–निर्भासि ] પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી [ विश्वम् साक्षात् कुर्वत् ] જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે–પ્રત્યક્ષ જાણે છે.

**जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोण्हं पि।**
**अण्णाणी ताव दु सो कोहादिसु वट्टदे जीवो।। ६९ ।।**
**कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि।**
**जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरिसीहिं।। ७० ।।**

यावन्न वेत्ति विशेषान्तरं त्वात्मास्रवयोर्द्वयोरपि।
अज्ञानी तावत्स क्रोधादिषु वर्तते जीवः।। ६९ ।।
क्रोधादिषु वर्तमानस्य तस्य कर्मणः सञ्चयो भवति।
जीवस्यैवं बन्धो भणितः खलु सर्वदर्शिभिः।। ७० ।।

**यथायमात्मा तादात्म्यसिद्धसम्बन्धयोरात्मज्ञानयोरविशेषाद्भेदम पश्यन्नविशङ्कमात्म**

---

**ભાવાર્થઃ**-આવો જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, પરદ્રવ્ય તથા પરભાવોના કર્તાપણારૂપ અજ્ઞાનને દૂર કરીને, પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે. ૪૬.

હવે, જ્યાં સુધી આ જીવ આસ્રવના અને આત્માના વિશેષને (તફાવતને) જાણે નહિ ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો, આસ્રવોમાં પોતે લીન થતો, કર્મોનો બંધ કરે છે એમ ગાથામાં કહે છેઃ-

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.**
**જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.**

**ગાથાર્થઃ**- [ जीवः ] જીવ [ यावत् ] જ્યાં સુધી [ आत्मास्रवयोः द्वयोः अपि तु ] આત્મા અને આસ્રવ-એ બન્નેના [ विशेषान्तरं ] તફાવત અને ભેદને [ न वेत्ति ] જાણતો નથી [ तावत् ] ત્યાં સુધી [ सः ] તે [ अज्ञानी ] અજ્ઞાની રહ્યો થકો [ क्रोधादिषु ] ક્રોધાદિક આસ્રવોમાં [ वर्तते ] પ્રવર્તે છે; [ क्रोधादिषु ] ક્રોધાદિકમાં [ वर्तमानस्य तस्य ] વર્તતા તેને [ कर्मणः ] કર્મનો [ सञ्चयः ] સંચય [ भवति ] થાય છે. [ खलुं ] ખરેખર [ एवं ] આ રીતે [ जीवस्य ] જીવને [ बन्धः ] કર્મોનો બંધ [ सवदर्शिभिः ] સર્વજ્ઞદેવોએ [ भणितः ] કહ્યો છે.

**ટીકાઃ**-જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે એવાં આત્મા અને જ્ઞાનમાં વિશેષ (તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી તેમનો ભેદ (જુદાપણું)

**तया ज्ञाने वर्तते, तत्र वर्तमानश्च ज्ञानक्रियायाः स्वभावभूतत्वेनाप्रतिषिद्धत्वा- ज्जानाति, तथा संयोगसिद्धसम्बन्धयोरप्यात्मक्रोधाद्यास्रवयोः स्वयमज्ञानेन विशेषमजानन् यावद्भेदं न पश्यति तावदशङ्कमात्मतया क्रोधादौ वर्तते, तत्र वर्तमानश्च क्रोधादिक्रियाणां परभावभूतत्वात्प्रतिषिद्धत्वेऽपि स्वभावभूतत्वा-ध्यासात्क्रुध्यति रज्यते मुह्यति चेति। तदत्र योऽयमात्मा स्वयमज्ञानभवने ज्ञानभवनमात्रसहजोदासीनावस्थात्यागेन व्याप्रियमाणः प्रतिभाति स कर्ता; यत्तु ज्ञानभवनव्याप्रियमाणत्वेभ्यो भिन्नं क्रियमाणत्वेनान्तरुत्प्लवमानं प्रतिभाति क्रोधादि तत्कर्म। एवमियमनादिरज्ञानजा कर्तृकर्मप्रवृत्तिः। एवमस्यात्मनः स्वयमज्ञानात्कर्तृकर्मभावेन क्रोधादिषु वर्तमानस्य तमेव क्रोधादिवृत्तिरूपं परिणामं निमित्तमात्रीकृत्य स्वयमेव परिणममानं पौद्गलिकं कर्म सञ्चयमुपयाति। एवं जीवपुद्गलयोः परस्परावगाहलक्षणसम्बन्धात्मा बन्धः सिध्येत्। स चानेकात्मकैकसन्तानत्वेन**

---

નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી માટે, જાણે છે– જાણવારૂપ પરિણમે છે, તેવી રીતે જ્યાં સુધી આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો તેમનો ભેદ દેખતો નથી ત્યાં સુધી નિઃશંક રીતે ક્રોધાદિમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં (ક્રોધાદિમાં પોતાપણે) વર્તતો તે, જોકે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી, ક્રોધરૂપ પરિણમે છે, રાગરૂપ પરિણમે છે, મોહરૂપ પરિણમે છે. હવે અહીં, જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, [1]જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદ્રષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે; અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં, જે [2]ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે, એવાં ક્રોધાદિક તે, (તે કર્તાનાં) કર્મ છે. આ પ્રમાણે અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી આ (આત્માની) કર્તાકર્મની પ્રવૃત્તિ છે. એ રીતે પોતાના અજ્ઞાનને લીધે કર્તાકર્મભાવ વડે ક્રોધાદિમાં વર્તતા આ આત્માને, તે જ ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને પોતે પોતાના ભાવથી જ પરિણમતું પૌદ્ગલિક કર્મ એકઠું થાય છે. આ રીતે જીવ અને પુદ્ગલનો, પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. અનેકાત્મક હોવા છતાં (અનાદિ) એક પ્રવાહપણે હોવાથી

---

૧. ભવન = થવું તે; પરિણમવું તે; પરિણમન.

૨. ક્રિયમાણ = કરાતું હોય તે

**निरस्तेतरेतराश्रयदोषः कर्तृकर्मप्रवृत्तिनिमित्तस्याज्ञानस्य निमित्तम्।**

**कदाऽस्याः कर्तृकर्मप्रवृत्तेर्निवृत्तिरिति चेत्-**

**जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव।**
**णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से।। ७१ ।।**

**यदानेन जीवेनात्मनः आस्रवाणां च तथैव।**
**ज्ञातं भवति विशेषान्तरं तु तदा न बन्धस्तस्य।। ७१ ।।**

**इहं किल स्वभावमा ' वस्तु, स्वस्य भवनं तु स्वभावः। तेन ज्ञानस्य भवनं**

---

જેમાંથી ઇતરેતરાશ્રય દોષ દૂર થયો છે એવો તે બંધ, કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.

**ભાવાર્થઃ**-આ આત્મા, જેમ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે તેમ જ્યાં સુધી ક્રોધાદિરૂપ પણ પરિણમે છે, જ્ઞાનમાં અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી, ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે; ક્રોધાદિરૂપ પરિણમતો તે પોતે કર્તા છે અને ક્રોધાદિ તેનું કર્મ છે. વળી અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે, કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે અને તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે; એ પ્રમાણે અનાદિ સંતાન ( પ્રવાહ ) છે, માટે તેમાં ઇતરેતર-આશ્રય દોષ પણ આવતો નથી.

આ રીતે જ્યાં સુધી આત્મા ક્રોધાદિ કર્મનો કર્તા થઈ પરિણમે છે ત્યાં સુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી કર્મનો બંધ થાય છે.

હવે પૂછે છે કે આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે? તેનો ઉત્તર કહે છેઃ-

**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું,**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.**

**ગાથાર્થઃ**- [ यदा ] જ્યારે [ अनेन जीवेन ] આ જીવ [ आत्मनः ] આત્માના [ तथा एव च ] અને [ आस्रवाणां ] આસ્રવોના [ विशेषान्तरं ] તફાવત અને ભેદને [ ज्ञातं भवति ] જાણે [ तदा तु ] ત્યારે [ तस्य ] તેને [ बन्धः न ] બંધ થતો નથી.

**ટીકાઃ**-આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને ' સ્વ 'નું ભવન તે સ્વ-ભાવ છે ( અર્થાત્ પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે ); માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિકનું થવું-પરિણમવું

**खल्वात्मा, क्रोधादेर्भवनं क्रोधादि:। अथ ज्ञानस्य यद्भवनं तन्न क्रोधादेरपि भवनं, यतो यथा ज्ञानभवने ज्ञानं भवद्विभाव्यते न तथा क्रोधादिरपि; यत्तु क्रोधादेर्भवनं तन्न ज्ञानस्यापि भवनं, यतो यथा क्रोधादिभवने क्रोधादयो भवन्तो विभाव्यन्ते न तथा ज्ञानमपि। इत्यात्मन: क्रोधादीनां च न खल्वेकवस्तुत्वम्। इत्येवमात्मात्मास्रवयोर्विशेषदर्शनेन यदा भेदं जानाति तदास्यानादिरप्यज्ञानजा कर्तृकर्मप्रवृत्तिर्निवर्तते; तन्निवृत्तावज्ञाननिमित्तं पुद्गलद्रव्यकर्मबन्धोऽपि निवर्तते। तथा सति ज्ञानमात्रादेव बन्धनिरोध: सिध्येत्।**

**कथं ज्ञानमात्रादेव बन्धनिरोध इति चेत्-**

**णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।**
**दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदिं जीवो।। ७२ ।।**

---

તે ક્રોધાદિ છે. વળી જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું-પરિણમવું નથી, કારણ કે જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી; અને ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી, કારણ કે ક્રોધાદિકના થવામાં (-પરિણમવામાં) જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી. આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી. આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ (-તફાવત) દેખવાથી જ્યારે આ આત્મા તેમનો ભેદ (ભિન્નતા) જાણે છે ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે; તેની નિવૃત્તિ થતાં અજ્ઞાનના નિમિત્તે થતો પૌદ્‌ગલિક દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે. એમ થતાં, જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.

**ભાવાર્થ:-**ક્રોધાદિક અને જ્ઞાન જુદી જુદી વસ્તુઓ છે; જ્ઞાનમાં ક્રોધાદિક નથી, ક્રોધાદિકમાં જ્ઞાન નથી. આવું તેમનું ભેદજ્ઞાન થાય ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે અને અજ્ઞાન મટવાથી કર્મનો બંધ પણ ન થાય. આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે.

હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે:

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુ:ખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

**ज्ञात्वा आस्रवाणामशुचित्वं च विपरीतभावं च।**
**दु:खस्य कारणानीति च ततो निवृतिं करोति जीव:।। ७२ ।।**

**जले जम्बालवत्कलुषत्वेनोपलभ्यमानत्वादशुचय: खल्वास्रवा:, भगवानात्मा तु नित्यमेवातिनिर्मलचिन्मात्रत्वेनोपलम्भकत्वादत्यन्तं शुचिरेव। जडस्वभावत्वे सति परचेत्यत्वादन्यस्वभावा: खल्वास्रवा:, भगवानात्मा तु नित्यमेव विज्ञानघनस्वभावत्वे सति स्वयं चेतकत्वादनन्यस्वभाव एव। आकुलत्वोत्पादकत्वाद्दु:खस्य कारणानि खल्वास्रवा:, भगवानात्मा तु नित्यमेवानाकुलत्वस्वभावेनाकार्यकारणत्वाद्दु:खस्याकारणमेव। इत्येवं विशेषदर्शनेन यदैवायमात्मात्मास्रवयोर्भेदं जानाति तदैव क्रोधादिभ्य आस्रवेभ्यो निवर्तते, तेभ्योऽनिवर्तमानस्य पारमार्थिकतद्भेदज्ञानासिद्धे:। तत: क्रोधाद्यास्रवनिवृत्त्यविनाभाविनो ज्ञानमात्रादेवाज्ञानजस्य पौद्गलिकस्य कर्मणो बन्ध-**

---

**ગાથાર્થ:-** [ आस्रवाणाम् ] આસ્રવોનું [ अशुचित्वं च ] અશુચિપણું અને [ विपरीतभावं च ] વિપરીતપણું [ च ] તથા [ दु:खस्य कारणानि इति ] તેઓ દુઃખના કારણ છે એમ [ ज्ञात्वा ] જાણીને [ जीव: ] જીવ [ तत: निवृत्तिं ] તેમનાથી નિવૃત્તિ [ करोति ] કરે છે.

**ટીકા:-**જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે; તે શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે (-અપવિત્ર છે); અને ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે (-પવિત્ર જ છે; ઉજ્જ્વળ જ છે). આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે (-કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે-) માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે; અને ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક (-જ્ઞાતા) છે (-પોતાને અને પરને જાણે છે-) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે (અર્થાત્ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી). આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે; અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે (અર્થાત્ દુઃખનું કારણ નથી). આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે, કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી. માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક કર્મનો

**निरोध: सिध्येत्।**

**किञ्च यदिदमात्मास्रवयोर्भेदज्ञानं तत्किमज्ञानं किं वा ज्ञानम्? यद्यज्ञानं तदा तदभेदज्ञानान्न तस्य विशेषः। ज्ञानं चेत् किमास्रवेषु प्रवृत्तं किं वास्रवेभ्यो निवृत्तम्? आस्रवेषु प्रवृत्तं चेत्तदापि तदभेदज्ञानान्न तस्य विशेषः। आस्रवेभ्यो निवृत्तं चेत्तर्हि कथं न ज्ञानादेव बन्धनिरोधः। इति निरस्तोऽज्ञानांशः क्रियानयः। यत्त्वात्मास्रवयोर्भेदज्ञानमपि नास्रवेभ्यो निवृत्तं भवति तज्ज्ञानमेव न भवतीति ज्ञानांशो ज्ञाननयोऽपि निरस्तः।**

---

બંધ તેનો નિરોધ થાય છે.

વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે? જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે? જો આસ્રવોમાં પ્રવર્તે છે તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય? (સિદ્ધ થયો જ કહેવાય.) આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું. વળી જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ એવા (એકાંત) જ્ઞાનનયનું પણ ખંડન થયું.

**ભાવાર્થઃ**–આસ્રવો અશુચિ છે, જડ છે, દુઃખનાં કારણ છે અને આત્મા પવિત્ર છે, જ્ઞાતા છે, સુખસ્વરૂપ છે. એ રીતે લક્ષણભેદથી બન્નેને ભિન્ન જાણીને આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે અને તેને કર્મનો બંધ થતો નથી. આત્મા અને આસ્રવોનો ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન જ છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે અવિરત સમ્યગ્દ્રષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ નથી થતો પણ અન્ય પ્રકૃતિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે; તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની? તેનું સમાધાનઃ–સમ્યગ્દ્રષ્ટિ જીવ જ્ઞાની જ છે કારણ કે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે. તેને પ્રકૃતિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નથી. સમ્યગ્દ્રષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામિત્વનો અભાવ છે; માટે, જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તેના ઉદય અનુસાર જે આસ્રવ–બંધ થાય છે તેનું સ્વામીપણું તેને નથી. અભિપ્રાયમાં તો તે આસ્રવ–બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઇચ્છે છે. તેથી તે જ્ઞાની જ છે.

જ્ઞાનીને બંધ થતો નથી તેમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છેઃ–મિથ્યાત્વસંબંધી બંધ કે જે અનંત સંસારનું કારણ છે તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત

( मालिनी )

**परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-**
**निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।**
**ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-**
**रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।। ४७ ।।**

---

(–કહેવા ધારેલો) છે. અવિરતિ આદિથી બંધ થાય છે તે અલ્પ સ્થિતિ–અનુભાગવાળો છે, દીર્ઘ સંસારનું કારણ નથી; તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી. અથવા તો આ પ્રમાણે કારણ છેઃ–જ્ઞાન બંધનું કારણ નથી. જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું અને મિથ્યાત્વ ગયા પછી અજ્ઞાન નથી, જ્ઞાન જ છે. તેમાં જે કાંઈ ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી તેથી જ્ઞાનીને બંધ નથી; કારણ કે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંક્તિમાં છે, જ્ઞાનની પંક્તિમાં નથી. આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં આવશે.

અહીં કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ परपरिणतिम् उज्झत् ] પરપરિણતિને છોડતું, [ भेदवादान् खण्डयत् ] ભેદનાં કથનોને તોડી પાડતું, [ इदम् अखण्डम् उच्चण्डम् ज्ञानम् ] આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન [ उच्चैः उदितम् ] પ્રત્યક્ષ ઉદય પામ્યું છે, [ ननु ] અહો ! [ इह ] આવા જ્ઞાનમાં [ कर्तृकर्मप्रवृतेः ] (પરદ્રવ્યનાં) કર્તાકર્મની પ્રવૃત્તિનો [ कथम् अवकाशः ] અવકાશ કેમ હોઈ શકે ? [ वा ] તથા [ पौद्गलः कर्मबन्धः ] પૌદ્ગલિક કર્મબંધ પણ [ कथं भवति ] કેમ હોઈ શકે ? (ન જ હોઈ શકે.)

(જ્ઞેયોના નિમિત્તથી તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે અનુભવમાં આવ્યો તેથી 'અખંડ' એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે. મતિજ્ઞાન આદિ જે અનેક ભેદો કહેવાતા હતા તેમને દૂર કરતું ઉદય પામ્યું છે તેથી 'ભેદનાં કથનોને તોડી પાડતું' એમ કહ્યું છે. પરના નિમિત્તે રાગાદિરૂપ પરિણમતું હતું તે પરિણતિને છોડતું ઉદય પામ્યું છે તેથી 'પરપરિણતિને છોડતું' એમ કહ્યું છે. પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમતું નથી, બળવાન છે તેથી 'અત્યંત પ્રચંડ' કહ્યું છે.)

**ભાવાર્થઃ-**કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો. હવે જ્યારે ભેદભાવને અને પરપરિણતિને દૂર કરી એકાકાર જ્ઞાન પ્રગટ થયું ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી; તો પછી હવે બંધ શા માટે હોય ? અર્થાત્ ન હોય. ૪૭.

केन विधिनायमास्रवेभ्यो निवर्तत इति चेत्-

**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**
**तम्हि ठिदो तच्चितो सव्वे एदे खयं णेमि।। ७३ ।।**

अहमेकः खलु शुद्धः निर्ममतः ज्ञानदर्शनसमग्रः।
तस्मिन् स्थितस्तच्चित्तः सर्वानेतान् क्षयं नयामि।। ७३ ।।

अहमयमात्मा प्रत्यक्षमक्षुण्णमनन्तं चिन्मात्रं ज्योतिरनाद्यनन्तनित्यो-दित-विज्ञानघनस्वभावभावत्वादेकः, सकलकारकचक्रप्रक्रियोत्तीर्णनिर्मलानु-भूतिमात्रत्वाच्छुद्धः, पुद्गलस्वामिकस्य क्रोधादिभाववैश्वरूपस्य स्वस्य स्वामित्वेन नित्यमेवापरिणमनान्निर्ममतः, चिन्मात्रस्य महसो वस्तुस्वभावत एव सामान्यविशेषाभ्यां सकलत्वात् ज्ञानदर्शनसमग्रः, गगनादिवत्पारमार्थिको वस्तुविशेषोऽस्मि। तदहमधुनास्मिन्नेवात्मनि निखिलपरद्रव्य-

---

હવે પૂછે છે કે કઈ વિધિથી (–રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ–

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

**ગાથાર્થઃ**–જ્ઞાની વિચારે છે કેઃ [ खलु ] નિશ્ચયથી [ अहम् ] હું [ एकः ] એક છું, [ शुद्धः ] શુદ્ધ છું, [ निर्ममतः ] મમતારહિત છું, [ ज्ञानदर्शनसमग्रः ] જ્ઞાનદર્શનથી પૂર્ણ છું; [ तस्मिन् स्थितः ] તે સ્વભાવમાં રહેતો, [ तच्चित्तः ] તેમાં (–તે ચેતન્ય-અનુભવમાં) લીન થતો (હું) [ एतान् ] આ [ सर्वान् ] ક્રોધાદિક સર્વ આસ્રવોને [ क्षयं ] ક્ષય [ नयामि ] પમાડું છું.

**ટીકાઃ**–હું આ આત્મા–પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ–અનાદિ–અનંત નિત્ય–ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું; (કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું; પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું; ચિન્માત્ર જ્યોતિનું (આત્માનું), વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી, હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું. –આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુ–

प्रवृत्तिनिवृत्त्या निश्चलमवतिष्ठमानः सकलपरद्रव्यनिमित्तकविशेषचेतनचञ्चल-कल्लोलनिरोधेनेममेव चेतयमानः स्वाज्ञानेनात्मन्युत्प्लवमानानेतान् भावानखिलानेव क्षपयामीत्यात्मनि निश्चित्य चिरसंगृहीतमुक्तपोतपात्रः समुद्रावर्त इव झगित्येवोद्वान्तसमस्तविकल्पोऽकल्पितमचलितममलमात्मा-नमालम्बमानो विज्ञानघनभूतः खल्वयमात्मास्रवेभ्यो निवर्तते।

कथं ज्ञानास्रवनिवृत्त्योः समकालत्वमिति चेत्-

**जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।**
**दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।। ७४ ।।**

**जीवनिबद्धा एते अध्रुवा अनित्यास्तथा अशरणाश्च।**
**दुःखानि दुःखफला इति च ज्ञात्वा निवर्तते तेभ्यः।। ७४ ।।**

---

વિશેષ છું. તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો, સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે આને જ (આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો, પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું-એમ આત્મામાં નિશ્ચય કરીને, ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે એવો, નિર્વિકલ્પ, અચલિત નિર્મળ આત્માને અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.

**ભાવાર્થઃ**-શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે 'હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ વસ્તુ છું'. જ્યારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો તેના જ અનુભવરૂપ થાય ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે. જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જ્યારે વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે, તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો થકો આસ્રવોને છોડી દે છે.

હવે પૂછે છે કે જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ (એક કાળ) કઈ રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ-

**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

**ગાથાર્થઃ**- [एते] આ આસ્રવો [जीवनिबद्धाः] જીવની સાથે નિબદ્ધ છે,

**जतुपादपवद्वध्यघातकस्वभावत्वाज्जीवनिबद्धाः, खल्वास्रवाः, न पुनरविरुद्धस्वभावत्वाभावाज्जीव एव। अपस्माररयवद्वर्धमानहीयमानत्वादध्रुवाः खल्वास्रवाः, ध्रुवश्चिन्मात्रो जीव एव। शीतदाहज्वरावेशवत् क्रमेणोज्जृम्भमाणत्वादनित्याः खल्वास्रवाः, नित्यो विज्ञानघनस्वभावो जीव एव। बीजनिर्मोक्षक्षणक्षीयमाणदारुणस्मर- संस्कारवत्त्रातुमशक्यत्वादशरणाः खल्वास्रवाः, सशरणः स्वयं गुप्तः सहजचिच्छक्तिर्जीव एव। नित्यमेवाकुलस्वभावत्वाद्दुःखानि खल्वास्रवाः, अदुःखं नित्यमेवानाकुलस्वभावो जीव एव। आयत्यामाकुलत्वोत्पादकस्य पुद्गलपरिणामस्य हेतुत्वाद्दुःखफलाःखल्वास्रवाः, अदुःखफलः सकलस्यापि पुद्गलपरिणामस्याहेतुत्वाज्जीव एव। इति विकल्पानन्तरमेव शिथिलित-**

---

[ अध्रुवाः ] અધ્રુવ છે, [ अनित्याः ] અનિત્ય છે [ तथा च ] તેમ જ [ अशरणाः ] અશરણ છે, [ च ] વળી તેઓ [ दुःखानि ] દુઃખરૂપ છે, [ दुःखफलाः ] દુઃખ જ જેમનું ફળ છે એવા છે, – [ इति ज्ञात्वा ] એવું જાણીને જ્ઞાની [ तेभ्यः ] તેમનાથી [ निवर्तते ] નિવૃત્તિ કરે છે.

**ટીકાઃ**–વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી આસ્રવો જીવ સાથે બંધાયેલા છે; પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી. (લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે. લાખ ઘાતક અર્થાત્ હણનાર છે અને વૃક્ષ વધ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે. આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે; લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે. આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી.) આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે; ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે. આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે; વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે. જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકાતો નથી, તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે, રોકી રાખી શકાતા નથી, માટે તેઓ અશરણ છે; આપોઆપ (પોતાથી જ) રક્ષિત એવો સહજ ચિત્શક્તિરૂપ જીવ જ શરણસહિત છે. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે; સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે. આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે (અર્થાત્ દુઃખ જેમનું ફળ છે એવા છે); જીવ જ સમસ્ત પુદ્ગલપરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે (અર્થાત્ દુઃખફળરૂપ નથી).–આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાંની

**कर्मविपाको विघटितघनौघघटनो दिगाभोग इव निरर्गलप्रसरः सहजविजृम्भमाण-चिच्छक्तितया यथा यथा विज्ञानघनस्वभावो भवति तथा तथास्रवेभ्यो निवर्तते, यथा यथास्रवेभ्यश्च निवर्तते तथा तथा विज्ञानघनस्वभावो भवतीति। तावद्विज्ञानघनस्वभावो भवति यावत्सम्यगास्रवेभ्यो निवर्तते, तावदास्रवेभ्यश्च निवर्तते यावत्सम्यग्विज्ञानघनस्वभावो भवतीति ज्ञानास्रवनिवृत्त्योः समकालत्वम्।**

---

રચના જેમાં ખંડિત થઈ ગઈ છે એવા દિશાના વિસ્તારની જેમ અમર્યાદ જેનો વિસ્તાર (ફેલાવ) છે એવો, સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાનઘન-સ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે; તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે. અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.

**ભાવાર્થઃ**–આસ્રવોનો અને આત્માનો ઉપર કહ્યો તે રીતે ભેદ જાણતાં જ, જે જે પ્રકારે જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે તે તે પ્રકારે તેટલા તેટલા અંશે તે આસ્રવોથી નિવર્તે છે. જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે ત્યારે સમસ્ત આસ્રવોથી નિવર્તે છે. આમ જ્ઞાનનો અને આસ્રવનિવૃત્તનો એક કાળ છે.

આ આસ્રવો ટળવાનું અને સંવર થવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્ત્વાર્થસૂત્રની ટીકા આદિ સિદ્ધાંતશાસ્ત્રોમાં છે ત્યાંથી જાણવું. અહીં તો સામાન્ય પ્રકરણ છે તેથી સામાન્યપણે કહ્યું છે.

'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે' એટલે શું? તેનો ઉત્તરઃ–'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.' જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને–ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ–અજ્ઞાન કહેવામાં આવે છે અને મિથ્યાત્વ ગયા પછી તેને–ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય તોપણ–વિજ્ઞાન કહેવામાં આવે છે. જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું–ઘટ થતું–સ્થિર થતું જાય છે તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ જ્ઞાન (વિજ્ઞાન) જામતું–ઘટ થતું–સ્થિર થતું જાય છે, અર્થાત્ આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે.

હવે આ જ અર્થના કળશરૂપ તથા આગળના કથનની સૂચનિકારૂપ કાવ્ય કહે છેઃ–

( शार्दूलविक्रीडित )

**इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां**
**स्वं विज्ञानघनस्वभावमभयादास्तिघ्नुवानः परम्।**
**अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं**
**ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।। ४८ ।।**

**कथमात्मा ज्ञानीभूतो लक्ष्यत इति चेत्-**

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।। ७५ ।।**
**कर्मणश्च परिणामं नोकर्मणश्च तथैव परिणामम्।**
**न करोत्येनमात्मा यो जानाति स भवति ज्ञानी।। ७५ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ इति एवं ] એ રીતે પુર્વકથિત વિધાનથી, [ सम्प्रति ] હમણાં જ ( તુરત જ ) [ परद्रव्यात् ] પરદ્રવ્યથી [ परां निवृत्तिं विरचय्य ] ઉત્કૃષ્ટ ( સર્વ પ્રકારે ) નિવૃત્તિ કરીને [ विज्ञानघनस्वभावम् परम् स्वं अभयात् आस्तिघ्नुवानः ] વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો અર્થાત્ પોતાનો આશ્રય કરતો ( અથવા પોતાને નિઃશંકપણે આસ્તિકયભાવથી સ્થિર કરતો ), [ अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशात् ] અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા કલેશથી [ निवृत्तः ] નિવૃત્ત થયેલો, [ स्वयं ज्ञानीभूतः ] પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો, [ जगतः साक्षी ] જગતનો સાક્ષી ( જ્ઞાતાદ્રષ્ટા ), [ पुराणः पुमान् ] પુરાણ પુરુષ ( આત્મા ) [ इतः चकास्ति ] અહીંથી હવે પ્રકાશમાન થાય છે. ૪૮.

હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય ? તેનું ચિહ્ન ( લક્ષણ ) કહો. તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ-

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

**ગાથાર્થઃ-** [ यः ] જે [ आत्मा ] આત્મા [ एनम् ] આ [ कर्मणः परिणामं च ] કર્મના પરિણામને [ तथा एव च ] તેમ જ [ नोकर्मणः परिणामं ] નોકર્મના પરિણામને [ न करोति ] કરતો નથી પરંતુ [ जानाति ] જાણે છે [ सः ] તે [ ज्ञानी ] જ્ઞાની [ भवति ] છે.

य: खलु मोहरागद्वेषसुखदु:खादिरूपेणान्तरुत्प्लवमानं कर्मण: परिणामं स्पर्शरसगन्धवर्णशब्दबन्धसंस्थानस्थौल्यसौक्ष्म्यादिरूपेण बहिरुत्प्लवमानं नोकर्मण: परिणामं च समस्तमपि परमार्थत: पुद्गलपरिणामपुद्गलयोरेव घटमृत्तिकयोरिव व्याप्यव्यापकभाव सद्भावात्पुद्गलद्रव्येण कर्त्रा स्वतन्त्रव्यापकेन स्वयं व्याप्यमानत्वात्कर्मत्वेन क्रियमाणं पुद्गलपरिणामात्मनोर्घटकुम्भकारयोरिव व्याप्यव्यापकभावाभावात् कर्तृकर्मत्वासिद्धौ न नाम करोत्यात्मा, किन्तु परमार्थत: पुद्गलपरिणामज्ञानपुद्गलयोर्घटकुम्भकारवद्व्याप्य व्यापकभावाभावात् कर्तृकर्मत्वासिद्धावात्मपरिणामात्मनोर्घटमृत्तिकयोरिव व्याप्यव्यापक-भावसद्भावादात्मद्रव्येण कर्त्रा स्वतन्त्रव्यापकेन स्वयं व्याप्यमानत्वात्पुद्गलपरिणामज्ञानं कर्मत्वेन कुर्वन्तमात्मानं जानाति सोऽत्यन्तविविक्तज्ञानीभूतो ज्ञानी स्यात्। न चैवं

---

**ટીકા**:-નિશ્ચયથી મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ, અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ, તે બધુંય પુદ્ગલપરિણામ છે. પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે અને પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ તેને જે આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી, પરંતુ (માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. (પુદ્ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છેઃ-) પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. વળી આ રીતે (જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી

**ज्ञातुः पुद्गलपरिणामो व्याप्यः, पुद्गलात्मनोर्ज्ञेयज्ञायकसम्बन्धव्यवहारमात्रे सत्यपि पुद्गलपरिणामनिमित्तकस्य ज्ञानस्यैव ज्ञातुर्व्याप्यत्वात्।**

( शार्दूलविक्रीडित )

**व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि**
**व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।**
**इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिन्दंस्तमो**
**ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।। ४९ ।।**

---

કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે; કારણ કે પુદ્ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. ( માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે. )

હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ व्याप्यव्यापकता तदात्मनि भवेत् ] વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય, [ अतदात्मनि अपि न एव ] અતત્સ્વરૂપમાં ન જ હોય. અને [ व्याप्यव्यापक–भावसम्भवम् ऋते ] વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના [ कर्तृकर्मस्थितिः का ] કર્તાકર્મની સ્થિતિ કેવી? અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય. [ इति उद्दाम–विवेक–घस्मर–महोभारेण ] આવો પ્રબળ વિવેકરૂપ, અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી [ तमः भिन्दन् ] અજ્ઞાન–અંધકારને ભેદતો, [ सः एषः पुमान् ] આ આત્મા [ ज्ञानीभूय ] જ્ઞાનસ્વરૂપ થઈને, [ तदा ] તે કાળે [ कर्तृत्वशून्यः लसितः ] કર્તૃત્વરહિત થયેલો શોભે છે.

**ભાવાર્થઃ-**જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે અને કોઈ એક અવસ્થાવિશેષ તે, ( તે વ્યાપકનું ) વ્યાપ્ય છે. આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે. દ્રવ્ય–પર્યાય અભેદરૂપ જ છે. જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ. આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે. આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ ( અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ ) હોય; અતત્સ્વરૂપમાં ( અર્થાત્ જેમની સત્તા–સત્ત્વ ભિન્ન ભન્નિ છે એવા પદાર્થોમાં ) ન જ હોય. જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં જ કર્તાકર્મભાવ હોય; વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મભાવ ન હોય. આવું જે જાણે તે પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે. આમ જાણતાં તે જ્ઞાની થાય છે, કર્તાકર્મભાવથી રહિત થાય છે અને જ્ઞાતાદ્રષ્ટા– જગતનો સાક્ષીભૂત–થાય છે. ૪૯.

पुद्गलकर्म जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभाव: किं भवति किं न भवतीति चेत्-

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।। ७६ ।।
नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
ज्ञानी जानन्नपि खलु पुद्गलकर्मानेकविधम्।। ७६ ।।

यतो यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं पुद्गलपरिणामं कर्म पुद्गलद्रव्येण स्वयमन्तर्व्यापकेन भूत्वादिमध्यान्तेषु व्याप्य तं गृह्णता तथा परिणमता तथोत्पद्यमानेन च क्रियमाणं जानन्नपि हि ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा बहि:स्थस्य परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न

---

હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છેઃ–

વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.

**ગાથાર્થઃ-** [ज्ञानी] જ્ઞાની [अनेकविधम्] અનેક પ્રકારના [पुद्गलकर्म] પુદ્‌ગલકર્મને [जानन् अपि] જાણતો હોવા છતાં [खलु] નિશ્ચયથી [परद्रव्यपर्याये] પરદ્રવ્યના પર્યાયમાં [न अपि परिणमति] પરિણમતો નથી, [न गृह्णाति] તેને ગ્રહણ કરતો નથી અને [न उत्पद्यते] તે-રૂપે ઊપજતો નથી.

**ટીકાઃ-**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું, તે પુદ્‌ગલપરિણામને કરે છે; આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્‌ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની

**तथोत्पद्यते च, ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य पुद्गलकर्म जानतोऽपि ज्ञानिनः पुद्गलेन सह न कर्तृकर्मभावः।**

**स्वपरिणामं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत्-**

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु सगपरिणामं अणेयविहं।। ७७ ।।**

---

પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.

**ભાવાર્થઃ**-જીવ પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ તેને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું નથી.

સામાન્યપણે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે–નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય. કર્તા વડે, જે પ્રથમ ન હોય એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે. કર્તા વડે, પદાર્થમાં વિકાર–ફેરફાર કરીને જે કાંઈ કરવામાં આવે તે કર્તાનું વિકાર્ય કર્મ છે. કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી તેમ જ વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.

જીવ પુદ્‌ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી કારણ કે ચેતન જડને કેમ ઉપજાવી શકે? માટે પુદ્‌ગલકર્મ જીવનું નિર્વર્ત્ય કર્મ નથી. જીવ પુદ્‌ગલમાં વિકાર કરીને તેને પુદ્‌ગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી કારણ કે ચેતન જડને કેમ પરિણમાવી શકે? માટે પુદ્‌ગલકર્મ જીવનું વિકાર્ય કર્મ પણ નથી. પરમાર્થે જીવ પુદ્‌ગલને ગ્રહણ કરી શકતો નથી કારણ કે અમૂર્તિક પદાર્થ મૂર્તિકને કઈ રીતે ગ્રહણ કરી શકે? માટે પુદ્‌ગલકર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી. આ રીતે પુદ્‌ગલકર્મ જીવનું કર્મ નથી અને જીવ તેનો કર્તા નથી. જીવનો સ્વભાવ જ્ઞાતા હોવાથી જ્ઞાનરૂપે પરિણમતો પોતે પુદ્‌ગલકર્મને જાણે છે; માટે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવનો પરની સાથે કર્તાકર્મભાવ કેમ હોઇ શકે? ન જ હોઈ શકે.

હવે પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છેઃ–

**વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.**

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
ज्ञानी जानन्नपि खलु स्वकपरिणाममनेकविधम्।। ७७ ।।

यतो यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणमात्मपरिणामं कर्म आत्मना स्वयमन्तर्व्यापकेन भूत्वादिमध्यान्तेषु व्याप्य तं गृह्णता तथा परिणमता तथोत्पद्यमानेन च क्रियमाणं जानन्नपि हि ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा बहिःस्थस्य परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च, ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य स्वपरिणामं जानतोऽपि ज्ञानिनः पुद्गलेन सह कर्तृकर्मभावः।

पुद्गलकर्मफलं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत्-

---

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ अनेकविधम् ] અનેક પ્રકારના [ स्वकपरिणामम् ] પોતાના પરિણામને [ जानन् अपि ] જાણતો હોવા છતાં [ खलु ] નિશ્ચયથી [ परद्रव्यपर्याये ] પરદ્રવ્યના પર્યાયમાં [ न अपि परिणमति ] પરિણમતો નથી, [ न गृह्णाति ] તેને ગ્રહણ કરતો નથી અને [ न उत्पद्यते ] તે-રૂપે ઊપજતો નથી.

**ટીકાઃ-**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ ( કર્તાનું કાર્ય ), તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો, તે-રૂપે પરિણમતો અને તે-રૂપે ઊપજતો થકો, તે આત્મપરિણામને કરે છે; આમ આત્મા વડે કરવામાં આવતું જે આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.

**ભાવાર્થઃ-**૭૬મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું. ત્યાં ' પુદ્ગલકર્મને જાણતો જ્ઞાની ' એમ હતું તેને બદલે અહીં ' પોતાના પરિણામને જાણતો જ્ઞાની ' એમ કહ્યું છે-એટલો ફેર છે.

હવે પૂછે છે કે પુદ્ગલકર્મના ફળને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ ( કર્તાકર્મપણું ) છે કે નથી? તેનો ઉત્તર કહે છેઃ-

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मप्फलमणंतं।। ७८ ।।**

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
ज्ञानी जानन्नपि खलु पुद्गलकर्मफलमनन्तम्।। ७८ ।।

**यतो यं प्रायं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं सुखदु:खादिरूपं पुद्गलकर्मफलं कर्म पुद्गलद्रव्येण स्वयमन्तर्व्यापकेन भूत्वादिमध्यान्तेषु व्याप्य तद् गृह्णता तथा परिणमता तथोत्पद्यमानेन च क्रियमाणं जानन्नपि हि ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा बहि:स्थस्य परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च, तत: प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य सुखदु:खादिरूपं पुद्गलकर्मफलं जानतोऽपि ज्ञानिन: पुद्गलेन सह न कर्तृकर्मभाव:।**

---

**પુદ્‌ગલકરમનું ફળ અનંતુ જ્ઞાની જીવ જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ पुद्गलकर्मफलम् ] પુદ્‌ગલકર્મનું ફળ [ अनन्तम् ] કે જે અનંત છે તેને [ जानन् अपि ] જાણતો હોવા છતાં [ खलु ] પરમાર્થે [ परद्रव्यपर्याये ] પરદ્રવ્યના પર્યાયરૂપ [ न अपि परिणमति ] પરિણમતો નથી, [ न गृह्णाति ] તેને ગ્રહણ કરતો નથી અને [ न उत्पद्यते ] તે-રૂપે ઊપજતો નથી.

**ટીકાઃ-**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું, તે સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળને કરે છે; આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતું જે સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળ તેને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મના ફળને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.

जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाजानतः पुद्गलद्रव्यस्य सह जीवेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत्-

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**पोग्गलदव्वं पि तहा परिणमदि सएहिं भावेहिं।। ७९ ।।**

नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
पुद्गलद्रव्यमपि तथा परिणमति स्वकैर्भावैः।। ७९ ।।

यतो जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाप्यजानत्पुद्गलद्रव्यं स्वयमन्तर्व्यापकं भूत्वा परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च, किन्तु प्राप्यं विकार्यं निवृर्त्यं च

---

**ભાવાર્થઃ**-૭૬ મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું. ત્યાં ‘પુદ્ગલકર્મને જાણતો જ્ઞાની’ એમ હતું તેને બદલે અહીં ‘પુદ્ગલકર્મના ફળને જાણતો જ્ઞાની’ એમ કહ્યું છે-એટલું વિશેષ છે.

હવે પૂછે છે કે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતા એવા પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છેઃ-

**એ રીત પુદ્ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.**

**ગાથાર્થઃ**- [तथा] એવી રીતે [पुद्गलद्रव्यम् अपि] પુદ્ગલદ્રવ્ય પણ [परद्रव्यपर्याये] પરદ્રવ્યના પર્યાયરૂપ [न अपि परिणमति] પરિણમતું નથી, [न गृह्णाति] તેને ગ્રહણ કરતું નથી અને [न उत्पद्यते] તે-રૂપે ઊપજતું નથી; કારણ કે તે [स्वकैः भावैः] પોતાના જ ભાવોથી (-ભાવોરૂપ) [परिणमति] પરિણમે છે.

**ટીકાઃ**-જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી, તે-રૂપે પરિણમતું નથી અને તે-રૂપે ઊપજતું નથી; પરંતુ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ

**व्याप्यलक्षणं स्वभावं कर्म स्वयमन्तर्व्यापकं भूत्वादिमध्यान्तेषु व्याप्य तमेव गृह्णाति तथैव परिणमति तथैवोत्पद्यते च; ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाजानतः पुद्गलद्रव्यस्य जीवेन सह न कर्तृकर्मभावः।**

( स्रग्धरा )

**ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्**
**व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।**
**अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्**
**विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।। ५० ।।**

---

( કર્તાનું કાર્ય ), તેનામાં ( તે પુદ્‌ગલદ્રવ્ય ) પોતે અંતર્વ્યાપક થઈને આદિ–મધ્ય–અંતમાં વ્યાપીને, તેને જ ગ્રહે છે, તે–રૂપે જ પરિણમે છે અને તે–રૂપે જ ઊપજે છે; માટે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્‌ગલદ્રવ્ય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામ–સ્વરૂપ કર્મ, તેને નહિ કરતું હોવાથી, તે પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.

**ભાવાર્થઃ**-કોઈ એમ જાણે કે પુદ્‌ગલ કે જે જડ છે અને કોઈને જાણતું નથી તેને જીવની સાથે કર્તાકર્મપણું હશે. પરંતુ એમ પણ નથી. પુદ્‌ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી, પરિણમાવી શકતું નથી તેમ જ ગ્રહી શકતું નથી તેથી તેને જીવ સાથે કર્તાકર્મપણું નથી. પરમાર્થે કોઇ પણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ**- [ ज्ञानी ] જ્ઞાની તો [ इमां स्वपरपरिणतिं ] પોતાની અને પરની પરિણતિને [ जानन् अपि ] જાણતો પ્રવર્તે છે [ च ] અને [ पुद्गलः अपि अजानन् ] પુદ્‌ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે; [ नित्यम् अत्यन्त–भेदात् ] આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી ( બન્ને ભિન્ન દ્રવ્યો હોવાથી ), [ अन्तः ] તે બન્ને પરસ્પર અંતરંગમાં [ व्याप्तृव्याप्यत्वम् ] વ્યાપ્યવ્યાપકભાવને [ कलयितुम् असहौ ] પામવા અસમર્થ છે. [ अनयोः कर्तृकर्मभ्रममतिः ] જીવ–પુદ્‌ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ [ अज्ञानात् ] અજ્ઞાનને લીધે [ तावत् भाति ] ત્યાં સુધી ભાસે છે ( –થાય છે ) કે [ यावत् ] જ્યાં સુધી [ विज्ञानार्चिः ] ( ભેદજ્ઞાન કરનારી ) વિજ્ઞાનજ્યોતિ [ क्रकचवत् अदयं ] કરવતની જેમ નિર્દય રીતે ( ઉગ્ર રીતે ) [ सद्यः भेदम् उत्पाद्य ] જીવ–પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને [ न चकास्ति ] પ્રકાશિત થતી નથી.

जीवपुद्गलपरिणामयोरन्योऽन्यनिमित्तमात्रत्वमस्ति तथापि न तयोः कर्तृकर्मभाव इत्याह-

जीवपरिणामहेदुं कम्मत्तं पोग्गला परिणमंति।
पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि।। ८० ।।
ण वि कुव्वदि कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे।
अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोण्हं पि।। ८१ ।।
एदेण कारणेण दु कत्ता आदा सएण भावेण।
पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं।। ८२ ।।

जीवपरिणामहेतुं कर्मत्वं पुद्गलाः परिणमन्ति।
पुद्गलकर्मनिमित्तं तथैव जीवोऽपि परिणमति।। ८० ।।
नापि करोति कर्मगुणान् जीवः कर्म तथैव जीवगुणान्।
अन्योऽन्यनिमित्तेन तु परिणामं जानीहि द्वयोरपि।। ८१ ।।
एतेन कारणेन तु कर्ता आत्मा स्वकेन भावेन।
पुद्गलकर्मकृतानां न तु कर्ता सर्वभावानाम्।। ८२ ।।

---

**ભાવાર્થઃ**-ભેદજ્ઞાન થયા પછી, જીવને અને પુદ્ગલને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી; કારણ કે જ્યાં સુધી ભેદજ્ઞાન થતું નથી ત્યાં સુધી અજ્ઞાનથી કર્તાકર્મભાવની બુદ્ધિ થાય છે.

જોકે જીવના પરિણામને અને પુદ્ગલના પરિણામને અન્યોન્ય (પરસ્પર) નિમિત્તમાત્રપણું છે તોપણ તેમને (બન્નેને) કર્તાકર્મપણું નથી એમ હવે કહે છેઃ-

જીવભાવહેતુ પામી પુદ્ગલ કર્મરૂપે પરિણમે;
એવી રીતે પુદ્ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.

જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;
અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.

એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;
પુદ્ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.

**ગાથાર્થઃ**- [ पुद्गलाः ] પુદ્ગલો [ जीवपरिणामहेतुं ] જીવના પરિણામના

**यतो जीवपरिणामं निमित्तीकृत्य पुद्गलाः कर्मत्वेन परिणमन्ति, पुद्गलकर्म निमित्तीकृत्य जीवोऽपि परिणमतीति जीवपुद्गलपरिणाम-योरितरेतरहेतुत्वोपन्यासेऽपि जीवपुद्गलयोः परस्परं व्याप्यव्यापक-भावाभावाज्जीवस्य पुद्गलपरिणामानां पुद्गलकर्मणोऽपि जीवपरिणामानां कर्तृकर्मत्वासिद्धौ निमित्तनैमित्तिकभावमात्रस्याप्रतिषिद्धत्वादितरेतर- निमित्तमात्रीभवनेनैव द्वयोरपि परिणामः; ततः कारणान्मृत्तिकया कलशस्येव स्वेन भावेन स्वस्य भावस्य करणाज्जीवः स्वभावस्य कर्ता कदाचित्स्यात्, मृत्तिकया वसनस्येव स्वेन भावेन परभावस्य कर्तुमशक्यत्वात्पुद्गलभावनां तु कर्ता न कदाचिदपि स्यादिति निश्चयः।**

---

નિમિત્તથી [ कर्मत्वं ] કર્મપણે [ परिणमन्ति ] પરિણમે છે, [ तथा एव ] તેમ જ [ जीवः अपि ] જીવ પણ [ पुद्गलकर्मनिमित्तं ] પુદ્ગલકર્મના નિમિત્તિથી [ परिणमति ] પરિણમે છે. [ जीवः ] જીવ [ कर्मगुणान् ] કર્મના ગુણોને [ न अपि करोति ] કરતો નથી [ तथा एव ] તેમ જ [ कर्म ] કર્મ [ जीवगुणान् ] જીવના ગુણોને કરતું નથી; [ तु ] પરંતુ [ अन्योऽन्यनिमित्तेन ] પરસ્પર નિમિત્તથી [ द्वयोः अपि ] બન્નેના [ परिणामं ] પરિણામ [ जानीहि ] જાણો. [ एतेन कारणेन तु ] આ કારણે [ आत्मा ] આત્મા [ स्वकेन ] પોતાના જ [ भावेन ] ભાવથી [ कर्ता ] કર્તા (કહેવામાં આવે) છે [ तु ] પરંતુ [ पुद्गलकर्मकृतानां ] પુદ્ગલકર્મથી કરવામાં આવેલા [ सर्वभावानाम् ] સર્વ ભાવોનો [ कर्ता न ] કર્તા નથી.

**ટીકાઃ**–'જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્ગલો કર્મપણે પરિણમે છે અને પુદ્ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે'–એમ જીવના પરિણામને અને પુદ્ગલના પરિણામને અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં પણ જીવ અને પુદ્ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે જીવને પુદ્ગલપરિણામો સાથે અને પુદ્ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને, માત્ર નિમિત્ત–નૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી, અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ (થાય) છે; તે કારણે (અર્થાત્ તેથી), જેમ માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી, જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે, પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશક્ય હોવાથી (જીવ) પુદ્ગલભાવોનો કર્તા તો કદી પણ નથી એ નિશ્ચય છે.

**ભાવાર્થઃ**–જીવના પરિણામને અને પુદ્ગલના પરિણામને પરસ્પર માત્ર નિમિત્તનૈમિત્તિકપણું છે તોપણ પરસ્પર કર્તાકર્મભાવ નથી. પરના નિમિત્તથી જે પોતાના ભાવ થયા તેમનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય, પરંતુ જીવ પરભાવનો કર્તા તો કદી પણ નથી.

ततः स्थितमेतज्जीवस्य स्वपरिणामैरेव सह कर्तृकर्मभावो भोक्तृभोग्यभावश्च-

णिच्छयणयस्स एवं आदा अप्पाणमेव हि करेदि।
वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं।। ८३ ।।

निश्चयनयस्यैवमात्मात्मानमेव हि करोति।
वेदयते पुनस्तं चैव जानीहि आत्मा त्वात्मानम्।। ८३ ।।

यथोत्तरङ्गनिस्तरङ्गावस्थयोः समीरसञ्चरणासञ्चरणनिमित्तयोरपि समीरपारावारयोर्व्याप्यव्यापकभावाभावात्कर्तृकर्मत्वासिद्धौ, पारावार एव स्वयमन्तर्व्यापको भूत्वादिमध्यान्तेषूत्तरङ्गनिस्तरङ्गावस्थे व्याप्योत्तरङ्गं निस्तरङ्गं त्वात्मानं कुर्वन्नात्मानमेकमेव कुर्वन् प्रतिभाति, न पुनरन्यत्; यथा स एव च भाव्यभावकभावाभावात्परभावस्य परेणानुभवितुमशक्यत्वादुत्तरङ्गं निस्तरङ्गं त्वात्मानमनुभवन्नात्मानमेकमेवानुभवन्

---

તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મભાવ અને ભોક્તાભોગ્યભાવ (ભોક્તાભોગ્યપણું) છે એમ હવે કહે છેઃ-

આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,
વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.

**ગાથાર્થઃ-** [ निश्चयनयस्य ] નિશ્ચયનયનો [ एवम् ] એમ મત છે કે [ आत्मा ] આત્મા [ आत्मानम् एव हि ] પોતાને જ [ करोति ] કરે છે [ तु पुनः ] અને વળી [ आत्मा ] આત્મા [ तं च एव आत्मानम् ] પોતાને જ [ वेदयते ] ભોગવે છે એમ હે શિષ્ય! તું [ जानीहि ] જાણ.

**ટીકાઃ-**જેમ [૧]ઉત્તરંગ અને [૨]નિસ્તરંગ અવસ્થાઓને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને ઉત્તરંગ અથવા નિસ્તરંગ અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી; અને વળી જેમ તે જ સમુદ્ર, ભાવ્યભાવકભાવના (ભાવ્યભાવકપણાના) અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી, ઉત્તરંગ અથવા નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો

---

૧. ઉત્તરંગ = જેમાં તરંગો ઊઠે છે એવું; તરંગવાળું.
૨. નિસ્તરંગ = જેમાં તરંગો વિલય પામ્યા છે એવું; તરંગ વિનાનું.

**प्रतिभाति, न पुनरन्यत्; तथा ससंसारनिःसंसारावस्थयोः पुद्गल-कर्मविपाकसम्भवासम्भवनिमित्तयोरपि पुद्गलकर्मजीवयोर्व्याप्यव्यापक-भावाभावात्कर्तृकर्मत्वासिद्धौ, जीव एव स्वयमन्तर्व्यापको भूत्वादिमध्यान्तेषु ससंसारनिःसंसारावस्थे व्याप्य ससंसारं निःसंसारं वात्मानं कुर्वन्नात्मानमेकमेव कुर्वन् प्रतिभातु, मा पुनरन्यत्; तथायमेव च भाव्यभावकभावाभावात् परभावस्य परेणानुभवितुमशक्यत्वात्ससंसारं निःसंसारं वात्मानमनुभवन्नात्मानमेकमेवानुभवन् प्रतिभातु, मा पुनरन्यत्।**

**अथ व्यवहारं दर्शयति-**

**ववहारस्स दु आदा पोग्गलकम्मं करेदि णेयविहं।**
**तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं।। ८४ ।।**

---

પ્રતિભાસે છે પરંતુ અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી; તેવી રીતે સસંસાર અને નિઃસંસાર અવસ્થાઓને પુદ્ગલકર્મના વિપાકનો [1]સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ પુદ્ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર અથવા નિઃસંસાર અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને સસંસાર અથવા નિઃસંસાર એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો; અને વળી તેવી રીતે આ જ જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી, સસંસાર અથવા નિઃસંસારરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.

**ભાવાર્થઃ**-આત્માને પરદ્રવ્ય-પુદ્ગલકર્મ-ના નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે. તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે. તેથી તે પોતાનો જ કર્તા-ભોક્તા છે; પુદ્ગલકર્મનો કર્તા-ભોક્તા તો કદી નથી.

હવે વ્યવહાર દર્શાવે છેઃ-

**આત્મા કરે વિધવિધ પુદ્ગલકર્મ-મત વ્યવહારનું,**
**વળી તે જ પુદ્ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.**

---

૧. સંભવ = થવું તે; ઉત્પત્તિ.

व्यवहारस्य त्वात्मा पुद्गलकर्म करोति नैकविधम्।
तच्चैव पुनर्वेदयते पुद्गलकर्मानेकविधम्।। ८४ ।।

यथान्तर्व्याप्यव्यापकभावेन मृत्तिकया कलशे क्रियमाणे भाव्यभावकभावेन मृत्तिकयैवानुभूयमाने च बहिर्व्याप्यव्यापकभावेन कलश-सम्भवानुकूलं व्यापारं कुर्वाणः कलशकृततोयोपयोगजां तृप्तिं भाव्यभावक-भावेनानुभवंश्च कुलालः कलशं करोत्यनुभवति चेति लोकानामनादिरूढोऽस्ति तावद्व्यवहारः, तथान्तर्व्याप्यव्यापकभावेन पुद्गलद्रव्येण कर्मणि क्रियमाणे भाव्यभावकभावेन पुद्गलद्रव्येणैवानुभूयमाने च बहिर्व्याप्यव्यापक भावेना-ज्ञानात्पुद्गलकर्मसम्भवानुकूलं परिणामं कुर्वाणः पुद्गलकर्मविपाकसम्पादित विषयसन्निधिप्रधावितां सुखदुःखपरिणतिं भाव्यभावकभावेनानुभवंश्च जीवः पुद्गलकर्म करोत्यनुभवति चेत्यज्ञानिनामासंसारप्रसिद्धोऽस्ति तावद्व्यवहारः।

---

**ગાથાર્થઃ-** [ व्यवहारस्य तु ] વ્યવહારનયનો એ મત છે કે [ आत्मा ] આત્મા [ नैकविधम् ] અનેક પ્રકારના [ पुद्गलकर्म ] પુદ્ગલકર્મને [ करोति ] કરે છે [ पुनः च ] અને વળી [ तद् एव ] તે જ [ अनेकविधम् ] અનેક પ્રકારના [ पुद्गलकर्म ] પુદ્ગલકર્મને [ वेदयते ] તે ભોગવે છે.

**ટીકાઃ-**જેમ, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે અને ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે તોપણ, બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાના [1]સંભવને અનુકૂળ એવા (ઇચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ પોતાના) વ્યાપારને કરતો અને ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને (પોતાના તૃપ્તિભાવને) ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો કુંભાર ઘડાને કરે છે અને ભોગવે છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે; તેવી રીતે, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલદ્રવ્ય કર્મને કરે છે અને ભાવ્યભાવકભાવથી પુદ્ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે તોપણ, બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે પુદ્ગલકર્મના સંભવને અનુકૂળ એવા (પોતાના રાગાદિક) પરિણામને કરતો અને પુદ્ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા તેનાથી ઊપજેલી (પોતાની) સુખદુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો જીવ પુદ્ગલકર્મને કરે છે અને ભોગવે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.

**ભાવાર્થઃ-**પુદ્ગલકર્મને પરમાર્થે પુદ્ગલદ્રવ્ય જ કરે છે; જીવ તો પુદ્ગલકર્મની

---

૧. સંભવ = થવું તે; ઉત્પત્તિ.

**अथैनं दूषयति-**

**जदि पोग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा।**
**दोकिरियावदिरित्तो पसज्जदे सो जिणावमदं।। ८५ ।।**
**यदि पुद्गलकर्मेदं करोति तच्चैव वेदयते आत्मा।**
**द्विक्रियाव्यतिरिक्तः प्रसजति स जिनावमतम्।। ८५ ।।**

**इह खलु क्रिया हि तावदखिलापि परिणामलक्षणतया न नाम परिणामतोऽस्ति भिन्ना; परिणामोऽपि परिणामपरिणामिनोरभिन्नवस्तुत्वा-त्परिणामिनो न भिन्नः।**

---

ઉત્પત્તિને અનુકૂળ એવા પોતાના રાગાદિક પરિણામોને કરે છે. વળી પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મને ભોગવે છે; જીવ તો પુદ્‌ગલકર્મના નિમિત્તથી થતા પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે. પરંતુ જીવ અને પુદ્‌ગલનો આવો નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને અજ્ઞાનીને એવો ભ્રમ છે કે પુદ્‌ગલકર્મને જીવ કરે છે અને ભોગવે છે. આવો અનાદિ અજ્ઞાનને લીધે અનાદિ કાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે.

પરમાર્થે જીવ–પુદ્‌ગલની પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં, જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી બહારની તેમની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે. અજ્ઞાનીને જીવ–પુદ્‌ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દ્રષ્ટિએ જેવું દેખાય તેવું તે માની લે છે; તેથી તે એમ માને છે કે જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે. શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી, પરમાર્થ જીવનું સ્વરૂપ બતાવીને, અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે.

હવે આ વ્યવહારને દૂષણ દે છેઃ–

**પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,**
**જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.**

**ગાથાર્થઃ**- [ यदि ] જો [ आत्मा ] આત્મા [ इदं ] આ [ पुद्गलकर्म ] પુદ્‌ગલકર્મને [ करोति ] કરે [ च ] અને [ तद् एव ] તેને જ [ वेदयते ] ભોગવે તો [ सः ] તે આત્મા [ द्विक्रियाव्यतिरिक्तः ] બે ક્રિયાથી અભિન્ન [ प्रसजति ] ઠરે એવો પ્રસંગ આવે છે– [ जिनावमतं ] જે જિનદેવને સંમત નથી.

**ટીકાઃ**-પ્રથમ તો, જગતમાં જે ક્રિયા છે તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી (–પરિણામ જ છે); પરિણામ પણ પરિણામીથી (દ્રવ્યથી) ભિન્ન નથી કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે (–જુદી

ततो या काचन क्रिया किल सकलापि सा क्रियावतो न भिन्नेति क्रियाकर्त्रोर व्यतिरिक्ततायां वस्तुस्थित्या प्रतपत्यां, यथा व्याप्यव्यापकभावेन स्वपरिणामं करोति भाव्यभावकभावेन तमेवानुभवति च जीवस्तथा व्याप्यव्यापकभावेन पुद्गलकर्मापि यदि कुर्यात् भाव्यभावकभावेन तदेवानुभवेच्च ततोऽयं स्वपरसमवेतक्रियाद्वयाव्यतिरिक्ततायां प्रसजन्त्यां स्वपरयोः परस्परविभागप्रत्यस्तमनादनेकात्मकमेकमात्मानमनु भवन्मिथ्या दृष्टितया सर्वज्ञावमतः स्यात्।

कुतो द्विक्रियानुभावी मिथ्यादृष्टिरिति चेत्-

**जम्हा दु अत्तभावं पोग्गलभावं च दो वि कुव्वंति।**
**तेण दु मिच्छादिट्ठी दोकिरियावादिणो हुंति।। ८६ ।।**

यस्मात्त्वात्मभावं पुद्गलभावं च द्वावपि कुर्वन्ति।
तेन तु मिथ्यादृष्टयो द्विक्रियावादिनो भवन्ति।। ८६ ।।

---

જુદી બે વસ્તુ નથી). માટે (એમ સિદ્ધ થયું કે) જે કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી (દ્રવ્યથી) ભિન્ન નથી. આમ, વસ્તુસ્થિતિથી જ (અર્થાત્ વસ્તુની એવી જ મર્યાદા હોવાને લીધે) ક્રિયા અને કર્તાનું અભિન્નપણું (સદાય) તપતું હોવાથી, જીવ જેમ વ્યાપ્યવ્યાપકભાવથી પોતાના પરિણામને કરે છે અને ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે-ભોગવે છે તેમ જો વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલકર્મને પણ કરે અને ભાવ્યભાવકભાવથી તેને જ ભોગવે તો તે જીવ, પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી (નાશ પામવાથી), અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો મિથ્યાદ્રષ્ટિપણાને લીધે સર્વજ્ઞના મતની બહાર છે.

**ભાવાર્થઃ**-બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે. જડની ક્રિયા ચેતન કરતું નથી, ચેતનની ક્રિયા જડ કરતું નથી. જે પુરુષ એક દ્રવ્યને બે ક્રિયા કરતું માને તે મિથ્યાદ્રષ્ટિ છે, કારણ કે બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે એમ માનવું તે જિનનો મત નથી.

હવે ફરી પુછે છે કે બે ક્રિયાનો અનુભવ કરનાર પુરુષ મિથ્યાદ્રષ્ટિ કઈ રીતે છે? તેનું સમાધાન કરે છેઃ-

**જીવભાવ, પુદ્ગલભાવ-બન્ને ભાવને જેથી કરે,**
**તેથી જ મિથ્યાદ્રષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.**

**ગાથાર્થઃ**- [ यस्मात् तु ] જેથી [ आत्मभावं ] આત્માના ભાવને [ च ]

**यतः किलात्मपरिणामं पुद्गलपरिणामं च कुर्वन्तमात्मानं मन्यन्ते द्विक्रियावादिनस्ततस्ते मिथ्यादृष्टय एवेति सिद्धान्तः। मा चैकद्रव्येण द्रव्यद्वयपरिणामः क्रियमाणः प्रतिभातु। यथा किल कुलालः कलशसम्भवानुकूलमात्मव्यापारपरिणाममात्मनोऽव्यतिरिक्तमात्मनोऽव्यति-रिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाणः प्रतिभाति, न पुनः कलशकरणाहङ्कारनिर्भरोऽपि स्वव्यापारानुरूपं मृत्तिकायाः कलशपरिणामं मृत्तिकायाः अव्यतिरिक्तं मृत्तिकायाः अव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाणः प्रतिभाति; तथात्मापि पुद्गलकर्मपरिणामानुकूलम-ज्ञानादात्मपरिणाममात्मनोऽव्यतिरिक्त मात्मनोऽव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाणः प्रतिभातु, मा पुनः पुद्गलपरिणामकरणाहङ्कारनिर्भरोऽपि स्वपरिणामानुरूपं पुद्गलस्य परिणामं पुद्गलादव्यतिरिक्तं पुद्गलादव्यतिरिक्तया परिणतिमात्रया क्रियया क्रियमाणं कुर्वाणः प्रतिभातु।**

---

અને [ पुद्गलभावं ] પુદ્ગલના ભાવને- [ द्वौ अपि ] બન્નેને [ कुर्वंति ] આત્મા કરે છે એમ તેઓ માને છે [ तेन तु ] તેથી [ द्विक्रियावादिनः ] એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા [ मिथ्यादृष्टयः ] મિથ્યાદ્રષ્ટિ [ भवन्ति ] છે.

**ટીકાઃ**-નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ (અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા) આત્માના પરિણામને અને પુદ્ગલના પરિણામને પોતે (આત્મા) કરે છે એમ માને છે તેથી તેઓ મિથ્યાદ્રષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે. એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો. જેમ કુંભાર ઘડાના સંભવને અનુકૂળ પોતાના (ઇચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ) વ્યાપારપરિણામને (-વ્યાપારરૂપ પરિણામને) -કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસે છે, પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ (તે કુંભાર) પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને (ઘડારૂપ પરિણામને) -કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસતો નથી; તેવી રીતે આત્મા પણ અજ્ઞાનને લીધે પુદ્ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ પોતાના પરિણામને-કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસો, પરંતુ પુદ્ગલના પરિણામને કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ (તે આત્મા) પોતાના પરિણામને અનુરૂપ એવા પુદ્ગલના પરિણામને-કે જે પુદ્ગલથી અભિન્ન છે અને પુદ્ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો ન પ્રતિભાસો.

( आर्या )

**यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म।**
**या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।। ५१ ।।**

( आर्या )

**एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।**
**एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।। ५२ ।।**

---

**ભાવાર્થઃ**-આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો; પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો. આત્માની અને પુદ્‌ગલની-બન્નેની ક્રિયા એક આત્મા જ કરે છે એમ માનનારા મિથ્યાદ્રષ્ટિ છે. જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય-તે મોટો દોષ ઊપજે.

હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यः परिणमति स कर्ता ] જે પરિણમે છે તે કર્તા છે, [ यः परिणामः भवेत् तत् कर्म ] ( પરિણમનારનું ) જે પરિણામ છે તે કર્મ છે [ तु ] અને [ या परिणतिः सा क्रिया ] જે પરિણતિ છે તે ક્રિયા છે; [ त्रयम् अपि ] એ ત્રણેય, [ वस्तुतया भिन्नं न ] વસ્તુપણે ભિન્ન નથી.

**ભાવાર્થઃ**-દ્રવ્યદ્રષ્ટિએ પરિણામ અને પરિણામીનો અભેદ છે અને પર્યાયદ્રષ્ટિએ ભેદ છે. ભેદદ્રષ્ટિથી તો કર્તા, કર્મ અને ક્રિયા ત્રણ કહેવામાં આવે છે પણ અહીં અભેદદ્રષ્ટિથી પરમાર્થ કહ્યો છે કે કર્તા, કર્મ અને ક્રિયા-ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે, પ્રદેશભેદરૂપ જાુદી વસ્તુઓ નથી. ૫૧.

ફરી પણ કહે છે કેઃ-

**શ્લોકાર્થઃ-** [ एकः परिणमति सदा ] વસ્તુ એક જ સદા પરિણમે છે, [ एकस्य सदा परिणामः जायते ] એકના જ સદા પરિણામ થાય છે ( અર્થાત્ એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે ) અને [ एकस्य परिणतिः स्यात् ] એકની જ પરિણતિ-ક્રિયા થાય છે; [ यतः ] કારણ કે [ अनेकम् अपि एकम् एव ] અનેકરૂપ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.

**ભાવાર્થઃ**-એક વસ્તુના અનેક પર્યાયો થાય છે; તેમને પરિણામ પણ કહેવાય છે અને અવસ્થા પણ કહેવાય છે. તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિકથી જાુદા જાુદા પ્રતિભાસે છે તોપણ એક વસ્તુ જ છે, જાુદા નથી; એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે. ૫૨.

( आर्या )

**नोभौ परिणमत: खलु परिणामो नोभयो: प्रजायेत।**
**उभयोर्न परिणति: स्याद्यदनेकमनेकमेव सदा।। ५३ ।।**

( आर्या )

**नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।**
**नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।। ५४ ।।**

( शार्दूलविक्रीडित )

**आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-**
**र्दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररूपं तम:।**
**तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्**
**तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मन:।। ५५ ।।**

---

વળી કહે છે કેઃ-

**શ્લોકાર્થઃ-** [ न उभौ परिणमत: खलु ] બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી, [ उभयो: परिणाम: न प्रजायेत ] બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી અને [ उभयो: परिणति: न स्यात् ] બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી; [ यत् ] કારણ કે [ अनेकम् सदा अनेकम् एव ] અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે, પલટીને એક થઈ જતાં નથી.

**ભાવાર્થઃ-**બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે, પ્રદેશભેદવાળી જ છે. બન્ને એક થઈને પરિણમતી નથી, એક પરિણામને ઉપજાવતી નથી અને તેમની એક ક્રિયા હોતી નથી-એવો નિયમ છે. જો બે દ્રવ્યો એક થઈને પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય. ૫૩.

ફરી આ અર્થને દ્રઢ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ एकस्य हि द्वौ कर्तारौ न स्त: ] એક દ્રવ્યના બે કર્તા ન હોય, [ च ] વળી [ एकस्य द्वे कर्मणी न ] એક દ્રવ્યનાં બે કર્મ ન હોય [ च ] અને [ एकस्य द्वे क्रिये न ] એક દ્રવ્યની બે ક્રિયા ન હોય; [ यत: ] કારણ કે [ एकम् अनेकं न स्यात् ] એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.

**ભાવાર્થઃ-**આ પ્રમાણે ઉપરના શ્લોકોમાં નિશ્ચયનયથી અથવા શુદ્ધદ્રવ્યાર્થિકનયથી વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો. ૫૪.

આત્માને અનાદિથી પરદ્રવ્યના કર્તાકર્મપણાનું અજ્ઞાન છે તે જો પરમાર્થનયના

( अनुष्टुभ् )

**आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः।**
**आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।। ५६ ।।**

---

ગ્રહણથી એક વાર પણ વિલય પામે તો ફરીને ન આવે, એમ હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इह ] આ જગતમાં [ मोहिनाम् ] મોહી (અજ્ઞાની) જીવોનો '[ परं अहम् कुर्वे ] પરદ્રવ્યને હું કરું છું' [ इति महाहङ्काररूपं तमः ] એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર- [ ननु उच्चकैः दुर्वारं ] કે જે અત્યંત દુર્નિવાર છે તે- [ आसंसारतः एव धावति ] અનાદિ સંસારથી ચાલ્યો આવે છે. આચાર્ય કહે છે કેઃ [ अहो ] અહો! [ भूतार्थपरिग्रहेण ] પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું ગ્રહણ કરવાથી [ यदि ] જો [ तत् एकवारं विलयं व्रजेत् ] તે એક વાર પણ નાશ પામે [ तत् ] તો [ ज्ञानघनस्य आत्मनः ] જ્ઞાનઘન આત્માને [ भूयः ] ફરી [ बन्धनम् किं भवेत् ] બંધન કેમ થાય? (જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયા પછી જ્ઞાન ક્યાં જતું રહે? ન જાય. અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય? કદી ન થાય.)

**ભાવાર્થઃ-**અહીં તાત્પર્ય એમ છે કે-અજ્ઞાન તો અનાદિનું જ છે પરંતુ પરમાર્થનયના ગ્રહણથી, દર્શનમોહનો નાશ થઈને, એક વાર યથાર્થ જ્ઞાન થઈને ક્ષાયિક સમ્યક્ત્વ ઊપજે તો ફરી મિથ્યાત્વ ન આવે. મિથ્યાત્વ નહિ આવતાં મિથ્યાત્વનો બંધ પણ ન થાય. અને મિથ્યાત્વ ગયા પછી સંસારનું બંધન કઈ રીતે રહે? ન જ રહે અર્થાત્ મોક્ષ જ થાય એમ જાણવું. ૫૫.

ફરીને વિશેષતાથી કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ आत्मा ] આત્મા તો [ सदा ] સદા [ आत्मभावान् ] પોતાના ભાવોને [ करोति ] કરે છે અને [ परः ] પરદ્રવ્ય [ परभावान् ] પરના ભાવોને કરે છે; [ हि ] કારણ કે [ आत्मनः भावाः ] પોતાના ભાવો છે તે તો [ आत्मा एव ] પોતે જ છે અને [ परस्य ते ] પરના ભાવો છે તે [ परः एव ] પર જ છે (એ નિયમ છે.). ૫૬.

(પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું કે જે એવું માને તે મિથ્યાદ્રષ્ટિ છે; ત્યાં આશંકા ઊપજે છે કે-આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે? જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં રાગાદિ ભાવોને પુદ્ગલના પરિણામ કહ્યા હતા તે કથન સાથે વિરોધ આવે છે; અને જો પુદ્ગલના પરિણામ કહેવામાં આવે તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી તેમનું ફળ જીવ કેમ પામે? આ આશંકા દૂર કરવાને હવે ગાથા કહે છેઃ- )

**मिच्छत्तं पुणं दुविहं जीवमजीवं तहेव अण्णाणं।**
**अविरदि जोगो मोहो कोहादीया इमे भावा।। ८७ ।।**

मिथ्यात्वं *पुनर्द्विविधं जीवोऽजीवस्तथैवाज्ञानम्।
अविरतिर्योगो मोहः क्रोधाद्या इमे भावाः।। ८७ ।।

**मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो हि भावाः ते तु प्रत्येकं मयूरमुकुरन्दवज्जीवाजीवाभ्यां भाव्यमानत्वाज्जीवाजीवौ। तथाहि-यथा नीलहरितपीतादयो भावाः स्वद्रव्यस्वभावत्वेन मयूरेण भाव्यमानाः मयूर एव, यथा च नीलहरितपीतादयो भावाः स्वच्छताविकारमात्रेण मुकुरन्देन भाव्यमाना मुकुरन्द एव; तथा मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो भावाः स्वद्रव्यस्वभावत्वेनाजीवेन भाव्यमाना अजीव एव,**

---

**મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને**
**અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભય પ્રકાર છે. ૮૭.**

**ગાથાર્થઃ**- [ पुनः ] વળી, [ मिथ्यात्वं ] જે મિથ્યાત્વ કહ્યું તે [ द्विविधं ] બે પ્રકારે છે– [ जीवः अजीवः ] એક જીવમિથ્યાત્વ અને એક અજીવમિથ્યાત્વ; [ तथा एव ] અને એવી જ રીતે [ अज्ञानम् ] અજ્ઞાન, [ अविरतिः ] અવિરતિ, [ योगः ] યોગ, [ मोहः ] મોહ અને [ क्रोधाद्याः ] ક્રોધાદિ કષાયો– [ इमे भावाः ] આ ( સર્વ ) ભાવો જીવ અને અજીવના ભેદથી બબ્બે પ્રકારે છે.

**ટીકાઃ**-મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે. તે દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છેઃ–જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ ( વર્ણરૂપ ) ભાવો કે જેઓ મોરના પોતાના સ્વભાવથી મોર વડે ભાવવામાં આવે છે ( –બનાવાય છે, થાય છે ) તેઓ મોર જ છે અને ( દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા ) ઘેરો વાદળી, લીલો, પીળો ઇત્યાદિ ભાવો કે જેઓ ( દર્પણની ) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે તેઓ દર્પણ જ છે; તેવી જ રીતે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે તેઓ અજીવ જ છે અને

---

* ૮૬ મી ગાથામાં દ્વિક્રિયાવાદીને મિથ્યાદ્રષ્ટિ કહ્યા હતા તેની સાથે સંબંધ કરવાને અહીં ‘ पुनः ’ શબ્દ છે.

**तथैव च मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादयो भावाश्चैतन्यविकारमात्रेण जीवेन भाव्यमाना जीव एव।**

**काविह जीवाजीवाविति चेत्-**

**पोग्गलकम्मं मिच्छं जोगो अविरदि अणाणमज्जीवं।**
**उवओगो अण्णाणं अविरदि मिच्छं च जीवो दु।। ८८ ।।**
**पुद्गलकर्म मिथ्यात्वं योगोऽविरतिरज्ञानमजीवः।**
**उपयोगोऽज्ञानमविरतिर्मिथ्यात्वं च जीवस्तु।। ८८ ।।**

---

મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે તેઓ જીવ જ છે.

**ભાવાર્થઃ**-પુદ્ગલના પરમાણુઓ પૌદ્ગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે. તે કર્મનો વિપાક (ઉદય) થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વાદિ અજીવ છે; અને કર્મના નિમિત્તથી જીવ વિભાવરૂપ પરિણમે છે તે વિભાવ પરિણામો ચેતનના વિકાર છે તેથી તેઓ જીવ છે.

અહીં એમ જાણવું કેઃ-મિથ્યાત્વાદિ કર્મની પ્રકૃતિઓ છે તે પુદ્ગલદ્રવ્યના પરમાણુ છે. જીવ ઉપયોગસ્વરૂપ છે. તેના ઉપયોગની એવી સ્વચ્છતા છે કે પૌદ્ગલિક કર્મનો ઉદય થતાં તેના ઉદયનો જે સ્વાદ આવે તેના આકારે ઉપયોગ થઈ જાય છે. અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી તેથી તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે. જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય અર્થાત્ જીવભાવને જીવ જાણે અને અજીવભાવને અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે.

હવે પૂછે છે કે મિથ્યાત્વાદિકને જીવ અને અજીવ કહ્યા તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે? તેનો ઉત્તર કહે છેઃ-

**મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્ગલકર્મ છે;**
**અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.**

**ગાથાર્થઃ**- [ मिथ्यात्वं ] જે મિથ્યાત્વ, [ योगः ] યોગ, [ अविरतिः ] અવિરતિ અને [ अज्ञानम् ] અજ્ઞાન [ अजीवः ] અજીવ છે તે તો [ पुद्गलकर्म ] પુદ્ગલકર્મ છે; [ च ] અને જે [ अज्ञानम् ] અજ્ઞાન, [ अविरतिः ] અવિરતિ અને [ मिथ्यात्वं ] મિથ્યાત્વ [ जीवः ] જીવ છે [ तु ] તે તો [ उपयोगः ] ઉપયોગ છે.

यः खलु मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादिरजीवस्तदमूर्ताच्चैतन्य-परिणामादन्यत् मूर्तं पुद्गलकर्म; यस्तु मिथ्यादर्शनमज्ञानमविरतिरित्यादिः जीवः स मूर्तात्पुद्गलकर्मणोऽन्यश्चैतन्यपरिणामस्य विकारः।

मिथ्यादर्शनादिश्चैतन्यपरिणामस्य विकारः कुत इति चेत्-

उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स।
मिच्छत्तं अण्णाणं अविरदिभावो य णादव्वो।। ८९ ।।

उपयोगस्यानादयः परिणामास्त्रयो मोहयुक्तस्य।
मिथ्यात्वमज्ञानमविरतिभावश्च ज्ञातव्यः।। ८९ ।।

उपयोगस्य हि स्वरसत एव समस्तवस्तुस्वभावभूतस्वरूप-परिणामसमर्थत्वे सत्यनादिवस्त्वन्तरभूतमोहयुक्तत्वान्मिथ्यादर्शनमज्ञानम-विरतिरिति त्रिविधिः परिणाम-

---

**ટીકાઃ**-નિશ્ચયથી જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ અજીવ છે તે તો, અમૂર્તિક ચૈતન્યપરિણામથી અન્ય એવું મૂર્તિક પુદ્‌ગલકર્મ છે; અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જીવ છે તે, મૂર્તિક પુદ્‌ગલકર્મથી અન્ય એવો ચૈતન્યપરિણામનો વિકાર છે.

હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો? તેનો ઉત્તર કહે છેઃ–

**છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,**
**-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.**

**ગાથાર્થઃ**- [ मोहयुक्तस्य ] અનાદિથી મોહયુક્ત હોવાથી [ उपयोगस्य ] ઉપયોગના [ अनादयः ] અનાદિથી માંડીને [ त्रयः परिणामाः ] ત્રણ પરિણામ છે; તે [ मिथ्यात्वम् ] મિથ્યાત્વ, [ अज्ञानम् ] અજ્ઞાન [ च अविरतिभावः ] અને અવિરતિભાવ એ ત્રણ ) [ ज्ञातव्यः ] જાણવા.

**ટીકાઃ**-જોકે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે, તોપણ (આત્માને) અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે. ઉપયોગનો તે પરિણામ–

विकार:। स तु तस्य स्फटिकस्वच्छताया इव परतोऽपि प्रभवन् दृष्ट:। यथा हि स्फटिकस्वच्छताया: स्वरूपपरिणामसमर्थत्वे सति कदाचिन्नीलहरितपीततमालकदलीकाञ्चनपात्रोपाश्रययुक्तत्वान्नीलो हरित: पीत इति त्रिविध: परिणामविकारो दृष्ट:, तथोपयोगस्यानादिमिथ्यादर्शनाज्ञानाविरतिस्वभाववस्त्वन्तरभूतमोहयुक्तत्वान्मिथ्यादर्शनमज्ञानमविरतिरिति त्रिविध: परिणामविकारो दृष्टव्य:।

अथात्मनस्त्रिविधपरिणामविकारस्य कर्तृत्वं दर्शयति-

**एदेसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो।**
**जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता।। ९० ।।**

एतेषु चोपयोगस्त्रिविध: शुद्धो निरञ्जनो भाव:।
यं स करोति भावमुपयोगस्तस्य स कर्ता।। ९० ।।

---

વિકાર, સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ, પરને લીધે (-પરની ઉપાધિને લીધે) ઉત્પન્ન થતો દેખાય છે. તે સ્પષ્ટપણે સમજાવવામાં આવે છેઃ-જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં (અર્થાત્ પોતાના ઉજ્જ્વળતારૂપ સ્વરૂપે પરિણમવામાં) સમર્થપણું હોવા છતાં, કદાચિત્ (સ્ફટિકને) કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી, સ્ફટિકની સ્વચ્છતાનો, કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે, તેવી રીતે (આત્માને) અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્ય-વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી, આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.

**ભાવાર્થઃ**-આત્માના ઉપયોગમાં આ ત્રણ પ્રકારનો પરિણામવિકાર અનાદિ કર્મના નિમિત્તથી છે. એમ નથી કે પહેલાં એ શુદ્ધ જ હતો અને હવે તેમાં નવો પરિણામવિકાર થયો છે. જો એમ હોય તો સિદ્ધોને પણ નવો પરિણામવિકાર થવો જોઇએ. પણ એમ તો થતું નથી. માટે તે અનાદિથી છે એમ જાણવું.

હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છેઃ-

**એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.**

**ગાથાર્થઃ**- [ एतेषु च ] અનાદિથી આ ત્રણ પ્રકારના પરિણામવિકારો

अथैवमयमनादिवस्त्वन्तरभूतमोहयुक्तत्वादात्मन्युत्प्लवमानेषु मिथ्यादर्शनाज्ञानाविरतिभावेषु परिणामविकारेषु त्रिष्वेतेषु निमित्तभूतेषु परमार्थतः शुद्धनिरञ्जनानादिनिधन वस्तुसर्वस्वभूतचिन्मात्रभावत्वेनैकविधोऽप्यशुद्धसाञ्जनानेकभावत्वमापद्यमानस्त्रिविधो भूत्वा स्वयमज्ञानीभूतः कर्तृत्वमुपढौकमानो विकारेण परिणम्य यं यं भावमात्मनः करोति तस्य तस्य किलोपयोगः कर्ता स्यात्।

अथात्मनस्त्रिविधपरिणामविकारकर्तृत्वे सति पुद्गलद्रव्यं स्वत एव कर्मत्वेन परिणमतीत्याह-

**जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स भावस्स।**
**कम्मत्तं परिणमदे तम्हि सयं पोग्गलं दव्वं।। ९१ ।।**

---

હોવાથી, [ उपयोगः ] આત્માનો ઉપયોગ– [ शुद्धः ] જોકે (શુદ્ધનયથી) તે શુદ્ધ, [ निरञ्जनः ] નિરંજન [ भावः ] (એક) ભાવ છે તોપણ– [ त्रिविधः ] ત્રણ પ્રકારનો થયો થકો [ सः उपयोगः ] તે ઉપયોગ [ यं ] જે [ भावम् ] (વિકારી) ભાવને [ करोति ] પોતે કરે છે [ तस्य ] તે ભાવનો [ सः ] તે [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે.

**ટીકાઃ**–એ પ્રમાણે અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણાને લીધે પોતાનામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ પરિણામવિકારો તેમના નિમિત્તે (–કારણથી) –જોકે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે એક પ્રકારનો છે તોપણ–અશુદ્ધ, સાંજન અનેકભાવપણાને પામતો થકો ત્રણ પ્રકારનો થઈને, પોતે અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો, વિકારરૂપ પરિણમીને જે જે ભાવને પોતાનો કરે છે તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.

**ભાવાર્થઃ**–પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે. અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો તેથી જે ભાવરૂપ તે પરિણમ્યો તે ભાવનો તેને કર્તા કહ્યો. આ રીતે ઉપયોગને કર્તા જાણવો. જોકે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે નહિ, તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી અશુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્માને પણ કર્તા કહેવામાં આવે છે.

હવે, આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય ત્યારે પુદ્ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે એમ કહે છેઃ–

**જે ભાવ જીવ કરે અરે ! જીવ તેહનો કર્તા બને;**
**કર્તા થતાં, પુદ્ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.**

यं करोति भावमात्मा कर्ता स भवति तस्य भावस्य।
कर्मत्वं परिणमते तस्मिन् स्वयं पुद्गलं द्रव्यम्।। ९१ ।।

आत्मा ह्यात्मना तथापरिणमनेन यं भावं किल करोति तस्यायं कर्ता स्यात्, साधकवत्। तस्मिन्निमित्ते सति पुद्गलद्रव्यं कर्मत्वेन स्वयमेव परिणमते। तथाहि-यथा साधकः किल तथाविधध्यानभावेनात्मना परिणममानो ध्यानस्य कर्ता स्यात्, तस्मिंस्तु ध्यानभावे सकलसाध्यभावानु-कूलतया निमित्तमात्रीभूते सति साधकं कर्तारमन्तरेणापि स्वयमेव बाध्यन्ते विषव्याप्तयो, विडम्ब्यन्ते योषितो, ध्वंस्यन्ते बन्धाः। तथायमज्ञानादात्मा मिथ्यादर्शनादिभावेनात्मना परिणममानो मिथ्यादर्शनादिभावस्य कर्ता स्यात्, तस्मिंस्तु मिथ्यादर्शनादौ भावे स्वानुकूलतया निमित्तमात्रीभूते सत्यात्मानं कर्तारमन्तरेणापि पुद्गलद्रव्यं मोहनीयादिकर्मत्वेन स्वयमेव परिणमते।

---

**ગાથાર્થઃ-** [ आत्मा ] આત્મા [ यं भावम् ] જે ભાવને [ करोति ] કરે છે [ तस्य भावस्य ] તે ભાવનો [ सः ] તે [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે; [ तस्मिन् ] તે કર્તા થતાં [ पुद्गलं द्रव्यम् ] પુદ્‌ગલદ્રવ્ય [ स्वयं ] પોતાની મેળે [ कर्मत्वं ] કર્મપણે [ परिणमते ] પરિણમે છે.

**ટીકાઃ-**આત્મા પોતે જ તે પ્રકારે ( તે-રૂપે ) પરિણમવાથી જે ભાવને ખરેખર કરે છે તેનો તે કર્તા થાય છે-સાધકની ( અર્થાત્ મંત્ર સાધનારની ) જેમ; તે ( આત્માનો ભાવ ) નિમિત્તભૂત થતાં, પુદ્‌ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ ( પોતાની મેળે જ ) પરિણમે છે. આ વાત સ્પષ્ટપણે સમજાવવામાં આવે છેઃ-જેમ સાધક તે પ્રકારના ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો ધ્યાનનો કર્તા થાય છે અને તે ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને ( અર્થાત્ સાધકને સાધવાયોગ્ય ભાવોને ) અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય ( સર્પાદિકનું ) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે, સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે અને બંધનો સ્વયમેવ તૂટી જાય છે; તેવી રીતે આ આત્મા અજ્ઞાનને લીધે મિથ્યાદર્શનાદિભાવે પોતે જ પરિણમતો થકો મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય છે અને તે મિથ્યાદર્શનાદિભાવ પુદ્‌ગલદ્રવ્યને ( કર્મરૂપે પરિણમવામાં ) અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, આત્મા કર્તા થયા સિવાય પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે.

**ભાવાર્થઃ-**આત્મા તો અજ્ઞાનરૂપ પરિણમે છે, કોઈ સાથે મમત્વ કરે છે, કોઈ સાથે રાગ કરે છે, કોઈ સાથે દ્વેષ કરે છે; તે ભાવોનો પોતે કર્તા થાય છે. તે ભાવો નિમિત્તમાત્ર થતાં, પુદ્‌ગલદ્રવ્ય પોતે પોતાના ભાવથી જ કર્મરૂપે પરિણમે છે. પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ માત્ર છે. કર્તા તો બન્ને પોત પોતાના ભાવના છે એ નિશ્ચય છે.

अज्ञानादेव कर्म प्रभवतीति तात्पर्यमाह-

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि।। ९२ ।।
परमात्मानं कुर्वन्नात्मानमपि च परं कुर्वन् सः।
अज्ञानमयो जीवः कर्मणां कारको भवति।। ९२ ।।

अयं किलाज्ञानेनात्मा परात्मनोः परस्परविशेषानिर्ज्ञाने सति परमात्मानं कुर्वन्नात्मानं च परं कुर्वन्स्वयमज्ञानमयीभूतः कर्मणां कर्ता प्रतिभाति। तथाहितथाविधानुभवसम्पादनसमर्थायाः रागद्वेषसुखदुःखादि-रूपायाः पुद्गलपरिणामावस्थायाः शीतोष्णानुभवसम्पादनसमर्थायाः शीतोष्णायाः पुद्गलपरिणामावस्थाया इव पुद्गलाद भिन्नत्वेनात्मनो नित्यमेवात्यन्तभिन्नायास्तन्निमित्ततथाविधानुभवस्य चात्मनोऽभिन्नत्वेन पुद्गलान्नित्यमेवात्यन्तभिन्नस्याज्ञानात्परस्परविशेषानिर्ज्ञाने सत्येकत्वाध्यासात्

---

હવે, અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છેઃ-

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**
**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.**

**ગાથાર્થઃ**- [ परम् ] જે પરને [ आत्मानं ] પોતારૂપ [ कुर्वन् ] કરે છે [ च ] અને [ आत्मानम् अपि ] પોતાને પણ [ परं ] પર [ कुर्वन् ] કરે છે [ सः ] તે [ अज्ञानमयः जीवः ] અજ્ઞાનમય જીવ [ कर्मणां ] કર્મોનો [ कारकः ] કર્તા [ भवति ] થાય છે.

**ટીકાઃ**-અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો હોય ત્યારે પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છેઃ-જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે અજ્ઞાનને લીધે આત્મા

शीतोष्णरूपेणेवात्मना परिणमितुमशक्येन रागद्वेषसुखदु:खादिरूपेणा-ज्ञानात्मना परिणममानो ज्ञानस्याज्ञानत्वं प्रकटीकुर्वन्स्वयमज्ञानमयीभूत एषोऽहं रज्ये इत्यादिविधिना रागादे: कर्मण: कर्ता प्रतिभाति।

**ज्ञानात्तु न कर्म प्रभवतीत्याह-**

**परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो।**
**सो णाणमओ जीवो कम्माणमकारगो होदि।। ९३ ।।**

**परमात्मानमकुर्वन्नात्मानमपि च परमकुर्वन्।**
**स ज्ञानमयो जीव: कर्मणामकारको भवति।। ९३ ।।**

---

તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક ( અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો ( અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો ), જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો, 'આ હું રાગી છું ( અર્થાત્ આ હું રાગ કરું છું )' ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.

**ભાવાર્થઃ-**રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે; તેથી તે, શીત-ઉષ્ણપણાની માફક, પુદ્ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે. અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે; કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ, શીતઉષ્ણપણાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાની ને ભાસે છે. તેથી તે એમ માને છે કે 'હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું' ઇત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગદ્વેષાદિનો કર્તા થાય છે.

જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એમ હવે કહે છેઃ-

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

**ગાથાર્થઃ-** [ परम् ] જે પરને [ आत्मानम् ] પોતારૂપ [ अकुर्वन् ] કરતો નથી [ च ] અને [ आत्मानम् अपि ] પોતાને પણ [ परम् ] પર [ अकुर्वन् ] કરતો નથી

**अयं किल ज्ञानादात्मा परात्मनोः परस्परविशेषनिर्ज्ञाने सति परमात्मानमकुर्वन्नात्मानं च परमकुर्वन्स्वयं ज्ञानमयीभूतः कर्मणामकर्ता प्रतिभाति। तथाहितथाविधानुभवसम्पादनसमर्थायाः रागद्वेषसुखदुःखादि-रूपायाः पुद्गलपरिणामावस्थायाः शीतोष्णानुभवसम्पादनसमर्थायाः शीतोष्णायाः पुद्गलपरिणामावस्थाया इव पुद्गलादभिन्नत्वेनात्मनो नित्यमे-वात्यन्तभिन्नायास्तन्निमित्ततथाविधानुभवस्य चात्मनोऽभिन्नत्वेन पुद्गलान्नि-त्यमेवात्यन्तभिन्नस्य ज्ञानात्परस्परविशेषनिर्ज्ञाने सति नानात्वविवेकाच्छी-तोष्णरूपेणेवात्मना परिणमितुमशक्येन रागद्वेषसुखदुःखादिरूपेणाज्ञानात्मना मनागप्यपरिणममानो ज्ञानस्य ज्ञानत्वं प्रकटीकुर्वन् स्वयं ज्ञानमयीभूतः एषोऽहं जानाम्येव रज्यते तु पुद्गल इत्यादिविधिना समग्रस्यापि रागादेः कर्मणो ज्ञानविरुद्धस्याकर्ता प्रतिभाति।**

---

[ सः ] તે [ ज्ञानमयः जीवः ] જ્ઞાનમય જીવ [ कर्मणाम् ] કર્મોનો [ अकारकः भवति ] અકર્તા થાય છે અર્થાત્ કર્તા થતો નથી.

**ટીકા:**-જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહિ કરતો અને પોતાને પર નહિ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છેઃ-જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગદ્વેષસુખદુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે જ્ઞાનને લીધે આત્મા તે રાગદ્વેષસુખદુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે એવા વિવેકને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષસુખદુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો, 'આ હું (રાગને) જાણું જ છું, રાગી તો પુદ્ગલ છે (અર્થાત્ રાગ તો પુદ્ગલ કરે છે)' ઇત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.

**ભાવાર્થ:**-જ્યારે આત્મા રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થાને જ્ઞાનથી ભિન્ન જાણે

कथमज्ञानात्कर्म प्रभवतीति चेत्-

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि कोहोऽहं।
कत्ता तस्सुवओगस्सं होदि सो अत्तभावस्स।। ९४ ।।
त्रिविध एष उपयोग आत्मविकल्पं करोति क्रोधोऽहम्।
कर्ता तस्योपयोगस्य भवति स आत्मभावस्य।। ९४ ।।

एष खलु सामान्येनाज्ञानरूपो मिथ्यादर्शनाज्ञानाविरतिरूपस्त्रिविध: सविकारश्चैतन्यपरिणाम: परात्मनोरविशेषदर्शनेनाविशेषज्ञानेनाविशेषरत्या च समस्तं भेदमपह्नुत्य भाव्यभावकभावापन्नयोश्चेतनाचेतनयो: सामान्याधिकरण्येनानुभवनात्क्रोधोऽहमित्यात्मनो विकल्पमुत्पादयति; ततोऽयमात्मा क्रोधोऽहमिति भ्रान्त्या सविकारेण चैतन्यपरिणामेन परिणमन् तस्य सविकारचैतन्यपरिणामरूपस्यात्मभावस्य कर्ता स्यात्।

---

અર્થાત્ ‘જેમ શીત-ઉષ્ણપણું પુદ્‌ગલની અવસ્થા છે તેમ રાગદ્વેષાદિ પણ પુદ્‌ગલની અવસ્થા છે’ એવું ભેદજ્ઞાન થાય, ત્યારે પોતાને જ્ઞાતા જાણે અને રાગાદિરૂપ પુદ્‌ગલને જાણે. એમ થતાં, રાગાદિનો કર્તા આત્મા થતો નથી, જ્ઞાતા જ રહે છે.

હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે? તેનો ઉત્તર કહે છેઃ-

**‘હું ક્રોધ’ એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે.**
**ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.**

**ગાથાર્થઃ-** [ त्रिविध: ] ત્રણ પ્રકારનો [ एष: ] આ [ उपयोग: ] ઉપયોગ [ अहम् क्रोध: ] ‘હું ક્રોધ છું’ એવો [ आत्मविकल्पं ] પોતાનો વિકલ્પ [ करोति ] કરે છે; તેથી [ स: ] આત્મા [ तस्य उपयोगस्य ] તે ઉપયોગરૂપ [ आत्मभावस्य ] પોતાના ભાવનો [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે.

**ટીકાઃ-**ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી સમસ્ત ભેદને છુપાવીને, ભાવ્ય-ભાવકભાવને પામેલાં એવાં ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી (-જાણે કે તેમનો એક આધાર હોય એ રીતે) અનુભવન કરવાથી, ‘હું ક્રોધ છું’ એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી ‘હું ક્રોધ છું’ એવી ભ્રાંતિને લીધે જે સવિકાર (વિકારસહિત) છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે. એવી જ રીતે ‘ક્રોધ’ પદ પલટાવીને

एवमेव च क्रोधपदपरिवर्तनेन मानमायालोभमोहरागद्वेषकर्मनोकर्म-मनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयान्यनया दिशान्यान्यप्यूह्यानि।

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्मादी।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स।। ९५ ।।
त्रिविध एष उपयोग आत्मविकल्पं करोति धर्मादिकम्।
कर्ता तस्योपयोगस्य भवति स आत्मभावस्य।। ९५ ।।

एष खलु सामान्येनाज्ञानरूपो मिथ्यादर्शनाज्ञानाविरतिरूपस्त्रिविध: सविकारश्चैतन्यपरिणाम: परस्परमविशेषदर्शनेनाविशेषज्ञानेनाविशेषरत्या च समस्तं भेदमपह्नुत्य ज्ञेयज्ञायकभावापन्नयो: परात्मनो: समानाधिकरण्येनानुभवनाद्धर्मोऽहमधर्मोऽहमाकाशमहं

---

માન, માયા, લોભ, મોહ, રાગ, દ્વેષ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શનનાં સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં; અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

**ભાવાર્થઃ**-અજ્ઞાનરૂપ એટલે કે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું જે સવિકાર ચૈતન્યપરિણામ તે પોતાનો અને પરનો ભેદ નહિ જાણીને 'હું ક્રોધ છું, હું માન છું' ઇત્યાદિ માને છે; તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સવિકાર ચૈતન્યપરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે.

હવે એ જ વાતને વિશેષ કહે છેઃ-

'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.

**ગાથાર્થઃ**- [ त्रिविध: ] ત્રણ પ્રકારનો [ एष: ] આ [ उपयोग: ] ઉપયોગ [ धर्मादिकम् ] 'હું ધર્માસ્તિકાય આદિ છું' એવો [ आत्मविकल्पं ] પોતાનો વિકલ્પ [ करोति ] કરે છે; તેથી [ स: ] આત્મા [ तस्य उपयोगस्य ] તે ઉપયોગરૂપ [ आत्मभावस्य ] પોતાના ભાવનો [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે.

**ટીકાઃ**-ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે, પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી (લીનતાથી) સમસ્ત ભેદને છુપાવીને જ્ઞેયજ્ઞાયકભાવને પામેલાં એવા સ્વ-પરનું સામાન્ય અધિકરણથી અનુભવન કરવાથી,

कालोऽहं पुद्गलोऽहं जीवान्तरमहमित्यात्मनो विकल्पमुत्पादयति; ततोऽयमात्मा धर्मोऽहमधर्मोऽहमाकाशमहं कालोऽहं पुद्गलोऽहं जीवान्तरमहमिति भ्रान्त्या सोपाधिना चैतन्यपरिणामेन परिणमन् तस्य सोपाधिचैतन्यपरिणामरूपस्यात्मभावस्य कर्ता स्यात्।

ततः स्थितं कर्तृत्वमूलमज्ञानम्।

एवं पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ।
अप्पाणं अवि य परं करेदि अण्णाणभावेण।। ९६ ।।

एवं पराणि द्रव्याणि आत्मानं करोति मन्दबुद्धिस्तु।
आत्मानमपि च परं करोति अज्ञानभावेन।। ९६ ।।

यत्किल क्रोधोऽहमित्यादिवद्धर्मोऽहमित्यादिवच्च परद्रव्याण्यात्मीकरोत्यात्मानमपि

---

‘હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્‌ગલ છું, હું અન્ય જીવ છું’ એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી, ‘હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્‌ગલ છું, હું અન્ય જીવ છું’ એવી ભ્રાંતિને લીધે જે સોપાધિક (ઉપાધિ સહિત) છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે સોપાધિક ચૈતન્ય–પરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

**ભાવાર્થઃ**–ધર્માદિના વિકલ્પ વખતે જે, પોતે શુદ્ધ ચૈતન્યમાત્ર હોવાનું ભાન નહિ રાખતાં, ધર્માદિના વિકલ્પમાં એકાકાર થઈ જાય છે તે પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે.

આ પ્રમાણે, અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે.

‘તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું’ એમ હવે કહે છેઃ–

**જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,**
**નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.**

**ગાથાર્થઃ**– [एवं तु] આ રીતે [मन्दबुद्धिः] મંદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાની [अज्ञानभावेन] અજ્ઞાનભાવથી [पराणि द्रव्याणि] પર દ્રવ્યોને [आत्मानं] પોતારૂપ [करोति] કરે છે [अपि च] અને [आत्मानम्] પોતાને [परं] પર [करोति] કરે છે.

**ટીકાઃ**–ખરેખર એ રીતે, ‘હું ક્રોધ છું’ ઇત્યાદિની જેમ અને ‘હું ધર્મદ્રવ્ય છું’ ઇત્યાદિની જેમ આત્મા પરદ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ

**परद्रव्यीकरोत्येवमात्मा, तदयमशेषवस्तुसम्बन्धविधुरनिरवधिविशुद्धचैतन्यधातुमयोऽप्यज्ञानादेव सविकारसोपाधीकृतचैतन्यपरिणामतया तथाविधस्यात्मभावस्य कर्ता प्रतिभातीत्यात्मनो भूताविष्टध्यानाविष्टस्येव प्रतिष्ठितं कर्तृत्वमूलमज्ञानम्। तथाहि-**

**यथा खलु भूताविष्टोऽज्ञानाद्भूतात्मानावेकीकुर्वन्नमानुषोचितविशिष्टचेष्टावष्टम्भनिर्भरभयङ्करारम्भगम्भीरामानुषव्यवहारतया तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति, तथायमात्माप्यज्ञानादेव भाव्यभावकौ परात्मानावेकीकुर्वन्नविकारानुभूतिमात्रभावकानुचितविचित्रभव्यक्रोधादिविकारकरम्बितचैतन्यपरिणामविकारतया तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति। यथा वाऽपरीक्षकाचार्यादेशेन मुग्धः कश्चिन्महिषध्यानाविष्टोऽज्ञानान्महिषात्मानावेकीकुर्वन्नात्मन्यभ्रङ्कषविषाणमहामहिषत्वाध्यासात्प्रच्युतमानुषोचितापवरकद्वारविनिस्सरणतया तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति, तथायमात्माऽप्यज्ञाना-द् ज्ञेयज्ञायकौ परात्मानावेकीकुर्वन्नात्मनि परद्रव्याध्यासान्नोइन्द्रियविषयीकृतधर्माधर्माकाशकालपुद्गल-**

---

કરે છે; તેથી આ આત્મા, જોકે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે તોપણ, અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે. આ રીતે, ભૂતાવિષ્ટ (જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા) પુરુષની જેમ અને ધ્યાનાવિષ્ટ (ધ્યાન કરતા) પુરુષની જેમ, આત્માને કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું. તે પ્રગટ દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છેઃ–

જેમ ભૂતાવિષ્ટ પુરુષ અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો, મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટાના અવલંબન સહિત ભયંકર *આરંભથી ભરેલા અમાનુષ વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે; તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ ભાવ્ય–ભાવકરૂપ પરને અને પોતાને એક કરતો થકો, અવિકાર અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે. વળી જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી મહિષનું (પાડાનું) ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ અજ્ઞાનને લીધે મહિષને અને પોતાને એક કરતો થકો, ‘હું ગગન સાથે ઘસાતાં શિંગડાંવાળો મોટો મહિષ છું’ એવા અધ્યાસને લીધે મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે; તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેયજ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો, ‘હું પરદ્રવ્ય છું’ એવા અધ્યાસને

---

* આરંભ = કાર્ય; વ્યાપાર; હિંસાયુક્ત વ્યાપાર.

जीवान्तरनिरुद्धशुद्धचैतन्यधातुतया तथेन्द्रियविषयीकृतरूपिपदार्थतिरोहित-केवलबोधतया भृतककलेवरमूर्च्छितपरमामृतविज्ञानघनतया च तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति।

ततः स्थितमेतद् ज्ञानान्नश्यति कर्तृत्वम्-

एदेण दु सो कत्ता आदा णिच्छयविदूहिं परिकहिदो।
एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तित्तं।। ९७ ।।
एतेन तु स कर्तात्मा निश्चयविद्भिः परिकथितः।
एवं खलु यो जानाति सो मुञ्चति सर्वकर्तृत्वम्।। ९७ ।।

---

લીધે મનના વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવ વડે (પોતાની) શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી તથા ઇંદ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે (પોતાનો) કેવળ બોધ (-જ્ઞાન) ઢંકાયેલ હોવાથી અને મૃત કલેવર (-શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.

**ભાવાર્થઃ**-આ આત્મા અજ્ઞાનને લીધે, અચેતન કર્મરૂપ ભાવકનું જે ક્રોધાદિ ભાવ્ય તેને ચેતન ભાવક સાથે એકરૂપ માને છે; વળી તે, પર જ્ઞેયરૂપ ધર્માદિદ્રવ્યોને પણ જ્ઞાયક સાથે એકરૂપ માને છે. તેથી તે સવિકાર અને સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા થાય છે.

અહીં, ક્રોધાદિક સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું અને ધર્માદિક અન્યદ્રવ્યો સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ધ્યાનાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું.

'તેથી (પૂર્વોક્ત કારણથી) એ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે' એમ હવે કહે છેઃ-

**એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,**
**-એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.**

**ગાથાર્થઃ**- [ एतेन तु ] આ (પૂર્વોક્ત) કારણથી [ निश्चयविद्भिः ] નિશ્ચયના જાણનારા જ્ઞાનીઓએ [ सः आत्मा ] તે આત્માને [ कर्ता ] કર્તા [ परिकथितः ] કહ્યો છે- [ एवं खलु ] આવું નિશ્ચયથી [ यः ] જે [ जानाति ] જાણે છે [ सः ] તે (જ્ઞાની થયો થકો) [ सर्वकर्तृत्वम् ] સર્વ કર્તૃત્વને [ मुञ्चति ] છોડે છે.

येनायमज्ञानात्परात्मनोरेकत्वविकल्पमात्मनः करोति तेनात्मा निश्चयतः कर्ता प्रतिभाति, यस्त्वेवं जानाति स समस्तं कर्तृत्वमुत्सृजति, ततः स खल्वकर्ता प्रतिभाति। तथाहि-इहायमात्मा किलाज्ञानी सन्नज्ञानादा-संसारप्रसिद्धेन मिलितस्वादस्वादनेन मुद्रितभेदसंवेदनशक्तिरनादित एव स्यात्ः ततः परात्मानावेकत्वेन जानाति; ततः क्रोधोऽहमित्यादि-विकल्पमात्मनः करोति; ततो निर्विकल्पादकृतकादेकस्माद्विज्ञान घनात्प्रभ्रष्टो वारंवारमनेकविकल्पैः परिणमन् कर्ता प्रतिभाति। ज्ञानी तु सन् ज्ञानात्तदादिप्रसिध्यता प्रत्येकस्वादस्वादनेनोन्मुद्रितभेदसंवेदनशक्तिः स्यात्; ततोऽनादि निधनानवरतस्वदमाननिखिलरसान्तरविविक्तात्यन्तमधुरचैतन्यै-करसोऽयमात्मा भिन्नरसाः कषायास्तैः सह यदेकत्वविकल्पकरणं तदज्ञानादित्येवं नानात्वेन परात्मानौ जानाति; ततोऽकृतकमेकं ज्ञानमेवाहं, न पुनः कृतकोऽनेकः क्रोधादिरपीति क्रोधोऽहमित्यादि-

---

**ટીકા:**-કારણ કે આ આત્મા અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાનો આત્મવિકલ્પ કરે છે તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે–આવું જે જાણે છે તે સમસ્ત કર્તૃત્વને છોડે છે તેથી તે નિશ્ચયથી અકર્તા પ્રતિભાસે છે. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છેઃ–

આ આત્મા અજ્ઞાની થયો થકો, અજ્ઞાનને લીધે અનાદિ સંસારથી માંડીને મિલિત (–એકમેક મળી ગયેલા) સ્વાદનું સ્વાદન–અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણે–એકરૂપે અનુભવન હોવાથી), જેની ભેદસંવેદનની (ભેદજ્ઞાનની) શક્તિ બિડાઈ ગયેલી છે એવો અનાદિથી જ છે; તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે; તેથી 'હું ક્રોધ છું' ઇત્યાદિ આત્મવિકલ્પ (પોતાનો વિકલ્પ) કરે છે; અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન (સ્વભાવ) થી ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો કર્તા પ્રતિભાસે છે.

અને જ્યારે આત્મા જ્ઞાની થાય ત્યારે, જ્ઞાનને લીધે જ્ઞાનના આદિથી માંડીને પૃથક્ પૃથક્ સ્વાદનું સ્વાદન–અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું–એકરૂપે નહિ પણ–ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી), જેની ભેદસંવેદનશક્તિ ઊઘડી ગઈ છે એવો હોય છે; તેથી તે જાણે છે કે "અનાદિનિધન, નિરંતર સ્વાદમાં આવતો, સમસ્ત અન્ય રસથી વિલક્ષણ (ભિન્ન), અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે એવો આ આત્મા છે અને કષાયો તેનાથી ભિન્ન રસવાળા (કષાયલા–બેસ્વાદ) છે; તેમની સાથે જે એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાનથી છે;" આ રીતે પરને અને પોતાને ભિન્નપણે જાણે છે; તેથી 'અકૃત્રિમ (નિત્ય), એક જ્ઞાન જ હું છું પરંતુ કૃત્રિમ (અનિત્ય), અનેક જે ક્રોધાદિક તે હું નથી' એમ

**विकल्पमात्मनो मनागपि न करोति; ततः समस्तमपि कर्तृत्वमपास्यति; ततो नित्यमेवोदासीनावस्थी जानन् एवास्ते; ततो निर्विकल्पोऽकृतक एको विज्ञानघनो भूतोऽत्यन्तमकर्ता प्रतिभाति।**

( वसंततिलका )

**अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी**
**ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।**
**पीत्वा दधोक्षुमधुराम्लरसातिगृद्ध्या**
**गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।। ५७ ।।**

---

જાણતો થકો 'હું ક્રોધ છું' ઇત્યાદિ આત્મવિકલ્પ જરા પણ કરતો નથી; તેથી સમસ્ત કર્તૃત્વને છોડી દે છે; તેથી સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો માત્ર જાણ્યા જ કરે છે; અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન થયો થકો અત્યંત અકર્તા પ્રતિભાસે છે.

**ભાવાર્થઃ**-જે પરદ્રવ્યના અને પરદ્રવ્યના ભાવોના કર્તૃત્વને અજ્ઞાન જાણે તે પોતે કર્તા શા માટે બને? અજ્ઞાની રહેવું હોય તો પરદ્રવ્યનો કર્તા બને! માટે જ્ઞાન થયા પછી પરદ્રવ્યનું કર્તાપણું રહેતું નથી.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ किल ] નિશ્ચયથી [ स्वयं ज्ञानं भवन् अपि ] સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં [ अज्ञानतः तु ] અજ્ઞાનને લીધે [ यः ] જે જીવ, [ सतृणाभ्यवहारकारी ] ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક, [ रज्यते ] રાગ કરે છે (અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે) [ असौ ] તે, [ दधीक्षुमधुराम्लरसातिगृद्ध्या ] દહીં-ખાંડના અર્થાત્ શિખંડના ખાટા-મીઠા રસની અતિ લોલુપતાથી [ रसालम् पीत्वा ] શિખંડને પીતાં છતાં [ गां दुग्धम् दोग्धि इव नूनम् ] પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષના જેવો છે.

**ભાવાર્થઃ**-જેમ હાથીને ઘાસના અને સુંદર આહારના ભિન્ન સ્વાદનું ભાન નથી તેમ અજ્ઞાનીને પુદ્ગલકર્મના અને પોતાના ભિન્ન સ્વાદનું ભાન નથી; તેથી તે એકાકારપણે રાગાદિમાં વર્તે છે. જેમ શિખંડનો ગૃદ્ધી માણસ, સ્વાદભેદ નહિ પારખતાં, શિખંડના સ્વાદને માત્ર દૂધનો સ્વાદ જાણે તેમ અજ્ઞાની જીવ સ્વ-પરનો ભેળસેળ સ્વાદને પોતાનો સ્વાદ જાણે છે. ૫૭.

( शार्दूलविक्रीडित )

**अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा**
**अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।**
**अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्**
**शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः।। ५८ ।।**

( वसन्ततिलका )

**ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो**
**जानाति हंस इव वाःपयसोर्विशेषम्।**
**चैतन्यधातुमचलं स सदाधिरूढो**
**जानीत एव हि करोति न किञ्चनापि।। ५९ ।।**

---

અજ્ઞાનથી જ જીવો કર્તા થાય છે એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अज्ञानात् ] અજ્ઞાનને લીધે [ मृगतृष्णिकां जलधिया ] મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી [ मृगाः पातुं धावन्ति ] હરણો તેને પીવા દોડે છે; [ अज्ञानात् ] અજ્ઞાનને લીધે [ तमसि रज्जौ भुजगाध्यासेन ] અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી [ जनाः द्रवन्ति ] લોકો ( ભયથી ) ભાગી જાય છે; [ च ] અને ( તેવી રીતે ) [ अज्ञानात् ] અજ્ઞાનને લીધે [ अमी ] આ જીવો, [ वातोत्तरङ्गाब्धिवत् ] પવનથી તરંગવાળા સમુદ્રની માફક [ विकल्पचक्रकरणात् ] વિકલ્પોના સમૂહ કરતા હોવાથી- [ शुद्धज्ञानमयाः अपि ] જોકે તેઓ શુદ્ધજ્ઞાનમય છે તોપણ- [ आकुलाः ] આકુળતા બનતા થતા [ स्वयम् ] પોતાની મેળે [ कर्त्रीभवन्ति ] કર્તા થાય છે.

**ભાવાર્થઃ-**અજ્ઞાનથી શું શું નથી થતું? હરણો ઝાંઝવાંને જળ જાણી પીવા દોડે છે અને એ રીતે ખેદખિન્ન થાય છે. અંધારામાં પડેલા દોરડાને સર્પ માનીને માણસો ડરીને ભાગે છે. તેવી જ રીતે આ આત્મા, પવનથી ક્ષુબ્ધ થયેલા સમુદ્રની માફક, અજ્ઞાનને લીધે અનેક વિકલ્પો કરતો થકો ક્ષુબ્ધ થાય છે અને એ રીતે-જોકે પરમાર્થે તે શુદ્ધજ્ઞાનઘન છે તોપણ-અજ્ઞાનથી કર્તા થાય છે. ૫૮.

જ્ઞાનથી આત્મા કર્તા થતો નથી એમ હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ हंसः वाःपयसोः इव ] જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને ( તફાવતને ) જાણે છે તેમ [ यः ] જે જીવ [ ज्ञानात् ] જ્ઞાનને લીધે [ विवेचकतया ] વિવેકવાળો ( ભેદજ્ઞાનવાળો ) હોવાથી [ परात्मनोः तु ] પરના અને પોતાના [ विशेषम् ] વિશેષને [ जानाति ] જાણે છે [ सः ] તે ( જેમ હંસ મિશ્રિત થયેલાં દૂધજળને જુદાં

( मन्दाक्रान्ता )

**ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था**
**ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।**
**ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः**
**क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।। ६० ।।**

( अनुष्टुभ् )

**अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।**
**स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।। ६१ ।।**

---

કરીને દૂધ ગ્રહણ કરે છે તેમ ) [ अचलं चैतन्यधातुम् ] અચળ ચૈતન્યધાતુમાં [ सदा ] સદા [ अधिरूढः ] આરૂઢ થયો થકો ( અર્થાત્ તેનો આશ્રય કરતો થકો ) [ जानीत एव हि ] માત્ર જાણે જ છે, [ किञ्चन अपि न करोति ] કાંઈ પણ કરતો નથી ( અર્થાત્ જ્ઞાતા જ રહે છે, કર્તા થયો નથી ).

**ભાવાર્થઃ**-જે સ્વ-પરનો ભેદ જાણે તે જ્ઞાતા જ છે, કર્તા નથી. ૫૯.

હવે, જે કાંઈ જણાય છે તે જ્ઞાનથી જ જણાય છે એમ કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ ज्वलन-पयसोः औष्णय-शैत्य-व्यवस्था ] ( ગરમ પાણીમાં ) અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ [ ज्ञानात् एव ] જ્ઞાનથી જ પ્રગટ થાય છે. [ लवणस्वादभेदव्युदासः ज्ञानात् एव उल्लसति ] લવણના સ્વાદભેદનું નિરસન ( -નિરાકરણ, અસ્વીકાર, ઉપેક્ષા ) જ્ઞાનથી જ થાય છે ( અર્થાત્ જ્ઞાનથી જ શાક વગેરેમાંના લવણનો સામાન્ય સ્વાદ તરી આવે છે અને તેનો સ્વાદવિશેષ નિરસ્ત થાય છે ). [ स्वरसविकसन्नित्यचैतन्यधातोः च क्रोधादेः भिदा ] નિજ રસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિ ભાવોનો ભેદ, [ कर्तृ भावम् भिन्दती ] કર્તૃત્વને ( કર્તાપણાના ભાવને ) ભેદતો થકો-તોડતો થકો, [ ज्ञानात् एव प्रभवति ] જ્ઞાનથી જ પ્રગટ થાય છે. ૬૦.

હવે, અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે પરંતુ પુદ્ગલના ભાવને કદી કરતો નથી-એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ एवं ] આ રીતે [ अञ्जसा ] ખરેખર [ आत्मानम् ] પોતાને [ अज्ञानं ज्ञानम् अपि ] અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ [ कुर्वत् ] કરતો [ आत्मा आत्मभावस्य कर्ता स्यात् ] આત્મા પોતાના જ ભાવનો કર્તા છે, [ परभावस्य ] પરભાવનો ( પુદ્ગલના ભાવોનો ) કર્તા તો [ क्वचित् न ] કદી નથી. ૬૧.

( अनुष्टुभ् )

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।। ६२ ।।**

**तथापि-**

**ववहारेण दु आदा करेदि घडपडरधाणि दव्वाणि।**
**करणाणि य कम्माणि य णोकम्माणीह विविहाणि।। ९८ ।।**

**व्यवहारेण त्वात्मा करोति घटपटरथान् द्रव्याणि।**
**करणानि च कर्माणि च नोकर्माणीह विविधानि।। ९८ ।।**

**व्यवहारिणां हि यतो यथायमात्मात्मविकल्पव्यापाराभ्यां घटादिपरद्रव्यात्मकं बहिःकर्म कुर्वन् प्रतिभाति ततस्तथा क्रोधादिपरद्रव्यात्मकं च समस्तमन्तःकर्मापि**

---

એ જ વાતને દ્રઢ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ आत्मा ज्ञानं ] આત્મા જ્ઞાનસ્વરૂપ છે, [ स्वयं ज्ञानं ] પોતે જ્ઞાન જ છે; [ ज्ञानात् अन्यत् किम् करोति ] તે જ્ઞાન સિવાય બીજું શું કરે? [ आत्मा परभावस्य कर्ता ] આત્મા પરભાવનો કર્તા છે [ अयं ] એમ માનવું ( તથા કહેવું ) તે [ व्यवहारिणाम् मोहः ] વ્યવહારી જીવોનો મોહ ( અજ્ઞાન ) છે. ૬૨.

હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છેઃ-

**ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,**
**નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.**

**ગાથાર્થઃ-** [ व्यवहारेण तु ] વ્યવહારથી અર્થાત્ વ્યવહારી લોકો માને છે કે [ इह ] જગતમાં [ आत्मा ] આત્મા [ घटपटरथान् द्रव्याणि ] ઘડો, કપડું, રથ ઇત્યાદિ વસ્તુઓને, [ च ] વળી [ करणानि ] ઇંદ્રિયોને, [ विविधानि ] અનેક પ્રકારનાં [ कर्माणि ] ક્રોધાદિ દ્રવ્યકર્મોને [ च नोकर्माणि ] અને શરીરાદિ નોકર્મોને [ करोति ] કરે છે.

**ટીકાઃ-**જેથી પોતાના ( ઇચ્છારૂપ ) વિકલ્પ અને ( હસ્તાદિની ક્રિયારૂપ ) વ્યાપાર વડે આ આત્મા ઘટ આદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મને કરતો ( વ્યવહારીઓને ) પ્રતિભાસે છે તેથી તેવી રીતે ( આત્મા ) ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત અંતરંગ

करोत्यविशेषादित्यस्ति व्यामोहः।

स न सन्-

**जदि सो परदव्वाणि य करेज्ज णियमेण तम्मओ होज्ज।**
**जम्हा ण तम्मओ तेण सो ण तेसिं हवदि कत्ता।। ९९ ।।**

यदि स परद्रव्याणि च कुर्यान्नियमेन तन्मयो भवेत्।
यस्मान्न तन्मयस्तेन स न तेषां भवति कर्ता।। ९९ ।।

यदि खल्वयमात्मा परद्रव्यात्मकं कर्म कुर्यात् तदा परिणामपरिणामिभावान्यथानुपपत्तेर्नियमेन तन्मयः स्यात्; न च द्रव्यान्तरमयत्वे द्रव्योच्छेदापत्तेस्तन्मयोऽस्ति। ततो व्याप्यव्यापकभावेन न तस्य कर्तास्ति।

---

કર્મને પણ-બન્ને કર્મો પરદ્રવ્યસ્વરૂપ હોઈને તેમનામાં તફાવત નહિ હોવાથી-કરે છે, એવો વ્યવહારી જીવોનો વ્યામોહ ( ભ્રાંતિ, અજ્ઞાન ) છે.

**ભાવાર્થઃ**-ઘટ-પટ, કર્મ-નોકર્મ ઇત્યાદિ પરદ્રવ્યોને આત્મા કરે છે એમ માનવું તે વ્યવહારી લોકોનો વ્યવહાર છે, અજ્ઞાન છે.

વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી એમ હવે કહે છેઃ-

**પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,**
**પણ તે નથી તન્મય અરે! તેથી નહિ કર્તા ઠરે. ૯૯.**

**ગાથાર્થઃ**- [ यदि च ] જો [ सः ] આત્મા [ परद्रव्याणि ] પરદ્રવ્યોને [ कुर्यात् ] કરે તો તે [ नियमेन ] નિયમથી [ तन्मयः ] તન્મય અર્થાત્ પરદ્રવ્યમય [ भवेत् ] થઈ જાય; [ यस्मात् न तन्मयः ] પરંતુ તન્મય નથી [ तेन ] તેથી [ सः ] તે [ तेषां ] તેમનો [ कर्ता ] કર્તા [ न भवति ] નથી.

**ટીકાઃ**-જો નિશ્ચયથી આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે તો, પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી, તે ( આત્મા ) નિયમથી તન્મય ( પરદ્રવ્યમય ) થઈ જાય; પરંતુ તે તન્મય તો નથી, કારણ કે કોઈ દ્રવ્ય અન્યદ્રવ્યમય થઈ જાય તો તે દ્રવ્યના નાશની આપત્તિ ( દોષ ) આવે. માટે આત્મા વ્યાપ્ય- વ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.

**ભાવાર્થઃ**-એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય, કારણ કે કર્તાકર્મપણું અથવા પરિણામ-પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે. આ

**निमित्तनैमित्तिकभावेनापि न कर्तास्ति-**

**जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे।**
**जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता।। १०० ।।**

**जीवो न करोति घटं नैव पटं नैव शेषकानि द्रव्याणि।**
**योगोपयोगावुत्पादकौ च तयोर्भवति कर्ता।। १०० ।।**

**यत्किल घटादि क्रोधादि वा परद्रव्यात्मकं कर्म तदयमात्मा तन्मयत्वानुषङ्गात् व्याप्यव्यापकभावेन तावन्न करोति, नित्यकर्तृत्वानुषङ्गान्निमित्तनैमित्तिकभावेनापि न तत्कुर्यात्। अनित्यौ योगोपयोगावेव तत्र निमित्तत्वेन कर्तारौ। योगोपयोगयोस्त्वा-**

---

રીતે જો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય, તો તે દ્રવ્યનો જ નાશ થાય એ મોટો દોષ આવે. માટે એક દ્રવ્યને અન્ય દ્રવ્યનો કર્તા કહેવો ઉચિત નથી.

આત્મા (વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી પરંતુ) નિમિત્તનૈમિત્તિકભાવથી પણ કર્તા નથી એમ હવે કહે છેઃ–

**જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;**
**ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.**

**ગાથાર્થઃ**- [ जीवः ] જીવ [ घटं ] ઘટને [ न करोति ] કરતો નથી, [ पटं न एव ] પટને કરતો નથી, [ शेषकानि ] બાકીનાં કોઈ [ द्रव्याणि ] દ્રવ્યોને (વસ્તુઓને) [ न एव ] કરતો નથી; [ च ] પરંતુ [ योगोपयोगौ ] જીવના યોગ અને ઉપયોગ [ उत्पादकौ ] ઘટાદિને ઉત્પન્ન કરનારાં નિમિત્ત છે [ तयोः ] તેમનો [ कर्ता ] કર્તા [ भवति ] જીવ થાય છે.

**ટીકાઃ**-ખરેખર જે ઘટાદિક તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી કારણ કે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે; વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી કારણ કે જો એમ કરે તો નિત્ય–કર્તૃત્વનો (અર્થાત્ સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો) પ્રસંગ આવે. અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા) યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના (–પરદ્રવ્યસ્વરૂપ કર્મના) કર્તા છે. (રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ) પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી યોગ અને ઉપયોગનો તો આત્મા

**त्मविकल्पव्यापारयोः कदाचिदज्ञानेन करणादात्मापि कर्ताऽस्तु तथापि न परद्रव्यात्मककर्मकर्ता स्यात्।**

**ज्ञानी ज्ञानस्यैव कर्ता स्यात्-**

**जे पोग्गलदव्वाणं परिणामा होंति णाण आवरणा।**
**ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी।। १०१ ।।**

**ये पुद्गलद्रव्याणां परिणामा भवन्ति ज्ञानावरणानि।**
**न करोति तान्यात्मा यो जानाति स भवति ज्ञानी।। १०१ ।।**

---

પણ કર્તા ( કદાચિત્ ) ભલે હો તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો ( નિમિત્તપણે પણ કદી ) નથી.

**ભાવાર્થઃ**-યોગ એટલે ( મન-વચન-કાયના નિમિત્તવાળું ) આત્મપ્રદેશોનું ચલન અને ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુક્ત થવું-જોડાવું. આ યોગ અને ઉપયોગ ઘટાદિક તથા ક્રોધાદિકને નિમિત્ત છે તેથી તેમને તો ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા કહેવાય પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય. આત્માને સંસાર-અવસ્થામાં અજ્ઞાનથી માત્ર યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય.

અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવુંઃ-દ્રવ્યદ્રષ્ટિથી તો કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનું કર્તા નથી; પરંતુ પર્યાયદ્રષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ વખતે કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનું કર્તા છે, અન્યના પરિણામનું અન્યદ્રવ્ય કર્તા નથી.

હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે એમ કહે છેઃ-

**જ્ઞાનાવરણઆદિક જે પુદ્‌ગલ તણા પરિણામ છે,**
**કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.**

**ગાથાર્થઃ-** [ ये ] જે [ ज्ञानावरणानि ] જ્ઞાનાવરણાદિક [ पुद्गलद्रव्याणां ] પુદ્‌ગલદ્રવ્યોના [ परिणामाः ] પરિણામ [ भवन्ति ] છે [ तानि ] તેમને [ यः आत्मा ] જે આત્મા [ न करोति ] કરતો નથી પરંતુ [ जानाति ] જાણે છે [ सः ] તે [ ज्ञानी ] જ્ઞાની [ भवति ] છે.

ये खलु पुद्गलद्रव्याणां परिणामा गोरसव्याप्तदधिदुग्धमधुराम्लपरिणामवत्पुद्गलद्रव्यव्याप्तत्वेन भवन्तो ज्ञानावरणानि भवन्ति तानि तटस्थगोरसाध्यक्ष इव न नाम करोति ज्ञानी, किन्तु यथा स गोरसाध्यक्षस्तद्दर्शनमात्मव्याप्तत्वेन प्रभवद्व्याप्य पश्यत्येव तथा पुद्गलद्रव्यपरिणामनिमित्तं ज्ञानमात्मव्याप्यत्वेन प्रभवद्व्याप्य जानात्येव। एवं ज्ञानी ज्ञानस्यैव कर्ता स्यात्।

एवमेव च ज्ञानावरणपदपरिवर्तनेन कर्मसूत्रस्य विभागेनोपन्यासाद्दर्शनावरणवेदनीयमोहनीयायुर्नामगोत्रान्तरायसूत्रैः सप्तभिः सह मोहरागद्वेषक्रोधमानमायालोभ नोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्श-नसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

अज्ञानी चापि परभावस्य न कर्ता स्यात्-

**जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता।**
**तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा।। १०२ ।।**

---

**ટીકાઃ**–જેવી રીતે દહીં–દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને (–વ્યપાઈને) ઊપજતા ગોરસના ખાટા–મીઠા પરિણામ છે, તેમને ગોરસનો તટસ્થ જોનાર પુરુષ કરતો નથી, તેવી રીતે જ્ઞાનાવરણ ઇત્યાદિ કે જેઓ ખરેખર પુદ્‌ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને ઊપજતા પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે, તેમને જ્ઞાની કરતો નથી; પરંતુ જેવી રીતે તે ગોરસનો જોનાર, પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસ–પરિણામનું દર્શન (જોવાપણું) તેમાં વ્યાપીને, માત્ર જુએ જ છે, તેવી રીતે જ્ઞાની, પોતાથી (જ્ઞાનીથી) વ્યાપ્ત થઈને ઊપજતું, પુદ્‌ગલદ્રવ્ય–પરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને, માત્ર જાણે જ છે. આ રીતે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.

વળી એવી જ રીતે ‘જ્ઞાનાવરણ’ પદ પલટીને કર્મ–સૂત્રનું (કર્મની ગાથાનું) વિભાગ પાડીને કથન કરવાથી દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાયનાં સાત સૂત્રો તથા તેમની સાથે મોહ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શનનાં સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં; અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

વળી અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ હવે કહે છેઃ–

**જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,**
**તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.**

यं भावं शुभमशुभं करोत्यात्मा स तस्य खलु कर्ता।
तत्तस्य भवति कर्म स तस्य तु वेदक आत्मा।। १०२ ।।

इह खल्वनादेरज्ञानात्परात्मनोरेकत्वाध्यासेन पुद्गलकर्मविपाकदशाभ्यां मन्दतीव्रस्वादाभ्यामचलितविज्ञानघनैकस्वादस्याप्यात्मनः स्वादं भिन्दानः शुभमशुभं वा यो यं भावमज्ञानरूपमात्मा करोति स आत्मा तदा तन्मयत्वेन तस्य भावस्य व्यापकत्वाद्भवति कर्ता, स भावोऽपि च तदा तन्मयत्वेन तस्यात्मनो व्याप्यत्वाद्भवति कर्म; स एव चात्मा तदा तन्मयत्वेन तस्य भावस्य भावकत्वाद्भवत्यनुभविता, स भावोऽपि च तदा तन्मयत्वेन तस्यात्मनो भाव्यत्वाद्भवत्यनुभाव्यः। एवमज्ञानी चापि परभावस्य न कर्ता स्यात्।

---

**ગાથાર્થઃ-** [ आत्मा ] આત્મા [ यं ] જે [ शुभम् अशुभम् ] શુભ કે અશુભ [ भावं ] ( પોતાના ) ભાવને [ करोति ] કરે છે [ तस्य ] તે ભાવનો [ सः ] તે [ खलु ] ખરેખર [ कर्ता ] કર્તા થાય છે, [ तत् ] તે ( ભાવ ) [ तस्य ] તેનું [ कर्म ] કર્મ [ भवति ] થાય છે [ सः आत्मा तु ] અને તે આત્મા [ तस्य ] તેનો ( તે ભાવરૂપ કર્મનો ) [ वेदकः ] ભોક્તા થાય છે.

**ટીકાઃ-**પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ હોવા છતાં પણ આ લોકમાં જે આ આત્મા અનાદિ કાળના અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાના અધ્યાસથી મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્ગલકર્મના વિપાકની બે દશાઓ વડે પોતાના ( વિજ્ઞાનઘનરૂપ ) સ્વાદને ભેદતો થકો અજ્ઞાનરૂપ શુભ કે અશુભ ભાવને કરે છે, તે આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તેનો કર્તા થાય છે અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી તેનું કર્મ થાય છે; વળી તે જ આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો ભાવક હોવાથી તેનો અનુભવનાર ( અર્થાત્ ભોક્તા ) થાય છે અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું ભાવ્ય હોવાથી તેનું અનુભાવ્ય ( અર્થાત્ ભોગ્ય ) થાય છે. આ રીતે અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી.

**ભાવાર્થઃ-**પુદ્ગલકર્મનો ઉદય થતાં, જ્ઞાની તેને જાણે જ છે અર્થાત્ જ્ઞાનનો જ કર્તા થાય છે અને અજ્ઞાની અજ્ઞાનને લીધે કર્મોદયના નિમિત્તે થતા પોતાના અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવોનો કર્તા થાય છે. આ રીતે જ્ઞાની પોતાના જ્ઞાનરૂપ ભાવનો કર્તા છે અને અજ્ઞાની પોતાના અજ્ઞાનરૂપ ભાવનો કર્તા છે; પરભાવનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી.

**न च परभाव: केनापि कर्तुं पार्येत-**

**जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।**
**सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं।।१०३ ।।**

यो यस्मिन् गुणे द्रव्ये सोऽन्यस्मिंस्तु न संक्रामति द्रव्ये।
सोऽन्यदसंक्रान्त: कथं तत्परिणामयति द्रव्यम्।। १०३ ।।

**इह किल यो यावान् कश्चिद्वस्तुविशेषो यस्मिन् यावति कस्मिंश्चिच्चिदात्मन्यचिदात्मनि वा द्रव्ये गुणे च स्वरसत एवानादित एव वृत्त:, स खल्वचलितस्य वस्तुस्थितिसीम्नो भेत्तुमशक्यत्वात्तस्मिन्नेव वर्तेत, न पुन: द्रव्यान्तरं गुणान्तरं वा संक्रामेत। द्रव्यान्तरं गुणान्तरं वाऽसंक्रामंश्च कथं त्वन्यं वस्तुविशेषं परिणामयेत् ? अत: परभाव: केनापि न कर्तुं पार्येत।**

---

પરભાવને કોઈ (દ્રવ્ય) કરી શકે નહિ એમ હવે કહે છેઃ-

**જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;**
**અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને ? ૧૦૩.**

**ગાથાર્થઃ-** [ य: ] જે વસ્તુ (અર્થાત્ દ્રવ્ય) [ यस्मिन् द्रव्ये ] જે દ્રવ્યમાં અને [ गुणे ] ગુણમાં વર્તે છે [ स: ] તે [ अन्यस्मिन् तु ] અન્ય [ द्रव्ये ] દ્રવ્યમાં તથા ગુણમાં [ न सक्रामति ] સંક્રમણ પામતી નથી (અર્થાત્ બદલાઈને અન્યમાં ભળી જતી નથી); [ अन्यत् असंक्रान्त: ] અન્યરૂપે સંક્રમણ નહિ પામી થકી [ स: ] તે (વસ્તુ), [ तत् द्रव्यम् ] અન્ય વસ્તુને [ कथं ] કેમ [ परिणामयति ] પરિણમાવી શકે ?

**ટીકાઃ-**જગતમાં જે કોઈ જેવડી વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે તે, ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી, તેમાં જ (પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ) વર્તે છે પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી; અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી તે, અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે ? (કદી ન પરિણમાવી શકે.) માટે પરભાવ કોઈથી કરી શકાય નહિ.

**ભાવાર્થઃ-**જે દ્રવ્યસ્વભાવ છે તેને કોઈ પણ પલટાવી શકતું નથી, એ વસ્તુની મર્યાદા છે.

अतः स्थितः खल्वात्मा पुद्गलकर्मणामकर्ता-

दव्वगुणस्स य आदा ण कुणदि पोग्गलमयम्हि कम्मम्हि।
तं उभयमकुव्वंतो तम्हि कहं तस्स सो कत्ता।। १०४ ।।
द्रव्यगुणस्य चात्मा न करोति पुद्गलमये कर्मणि।
तदुभयमकुर्वंस्तस्मिन्कथं तस्य स कर्ता।। १०४ ।।

यथा खलु मृण्मये कलशे कर्मणि मृद्द्रव्यमृद्गुणयोः स्वरसत एव वर्तमाने द्रव्यगुणान्तरसंक्रमस्य वस्तुस्थित्यैव निषिद्धत्वादात्मानमात्मगुणं वा नाधत्ते स कलशकारः; द्रव्यान्तरसंक्रममन्तरेणान्यस्य वस्तुनः परिणमयितुमशक्यत्वात् तदुभयं तु तस्मिन्ननादधानो न तत्त्वतस्तस्य कर्ता प्रतिभाति। तथा पुद्गलमये ज्ञानावरणादौ कर्मणि पुद्गलद्रव्यपुद्गलगुणयोः स्वरसत एव वर्तमाने द्रव्यगुणान्तरसंक्रमस्य विधातुमशक्यत्वा-

---

આ ( ઉપર કહેલા ) કારણે આત્મા ખરેખર પુદ્ગલકર્મોનો અકર્તા ઠર્યો એમ હવે કહે છેઃ–

**આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્ગલમયી કર્મો વિષે,**
**તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને ? ૧૦૪.**

**ગાથાર્થઃ**- [ आत्मा ] આત્મા [ पुद्गलमये कर्मणि ] પુદ્ગલમય કર્મમાં [ द्रव्यगुणस्य च ] દ્રવ્યને તથા ગુણને [ न करोति ] કરતો નથી; [ तस्मिन् ] તેમાં [ तद् उभयम् ] તે બન્નેને [ अकुर्वन् ] નહિ કરતો થકો [ सः ] તે [ तस्य कर्ता ] તેનો કર્તા [ कथं ] કેમ હોય ?

**ટીકાઃ**-જેવી રીતે-માટીમય ઘડારૂપી કર્મ કે જે માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં નિજ રસથી જ વર્તે છે તેમાં કુંભાર પોતાને કે પોતાના ગુણને નાખતો-મૂકતો-ભેળવતો નથી કારણ કે ( કોઈ વસ્તુનું ) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે; દ્રવ્યાંતરરૂપે ( અર્થાત્ અન્યદ્રવ્યરૂપે ) સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાનાં દ્રવ્ય અને ગુણ બન્નેને તે ઘડારૂપી કર્મમાં નહિ નાખતો એવો તે કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી; તેવી રીતે-પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ કે જે પુદ્ગલદ્રવ્યમાં અને પુદ્ગલના ગુણમાં નિજ રસથી જ વર્તે છે તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે પોતાના ગુણને ખરેખર નાખતો-મૂકતો-ભેળવતો નથી કારણ કે ( કોઈ વસ્તુનું ) દ્રવ્યાંતર કે

**दात्मद्रव्यमात्मगुणं वात्मा न खल्वाधत्ते; द्रव्यान्तरसंक्रममन्तरेणान्यस्य वस्तुनः परिणमयितुमशक्यत्वात्तदुभयं तु तस्मिन्ननादधानः कथं नु तत्त्वतस्तस्य कर्ता प्रतिभायात् ? ततः स्थितः खल्वात्मा पुद्गलकर्मणामकर्ता।**

**अतोऽन्यस्तूपचारः-**

**जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।**
**जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।। १०५ ।।**

**जीवे हेतुभूते बन्धस्य तु दृष्ट्वा परिणामम्।**
**जीवेन कृतं कर्म भण्यते उपचारमात्रेण।। १०५ ।।**

**इह खलु पौद्गलिककर्मणः स्वभावादनिमित्तभूतेऽप्यात्मन्यनादेरज्ञानात्तन्निमित्तभूतेनाज्ञानभावेन परिणमनान्निमित्तीभूते सति सम्पद्यमानत्वात् पौद्गलिकं कर्मात्मना कृतमिति निर्विकल्पविज्ञानघनभ्रष्टानां विकल्पपरायणानां परेषामस्ति विकल्पः। स तूपचार एव, न तु परमार्थः।**

---

ગુણાંતરરૂપે સંક્રમણ થવું અશક્ય છે; દ્રવ્યાંતરરૂપે સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાનાં દ્રવ્ય અને ગુણ-બન્નેને તે જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ નાખતો એવો તે આત્મા પરમાર્થે તેનો કર્તા કેમ હોઈ શકે ? ( કદી ન હોઈ શકે. ) માટે ખરેખર આત્મા પુદ્ગલકર્મોનો અકર્તા ઠર્યો.

માટે આ સિવાય બીજો-એટલે કે આત્માને પુદ્ગલકર્મોનો કર્તા કહેવો તે-ઉપચાર છે, એમ હવે કહે છેઃ-

**જીવ હેતુભૂત થતાં અરે ! પરિણામ દેખી બંધનું,**
**ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.**

**ગાથાર્થઃ-** [ जीवे ] જીવ [ हेतुभूते ] નિમિત્તભૂત બનતાં [ बन्धस्य तु ] કર્મ બંધનું [ परिणामम् ] પરિણામ થતું [ दृष्ट्वा ] દેખીને, ‘[ जीवेन ] જીવે [ कर्म कृतं ] કર્મ કર્યું ’ એમ [ उपचारमात्रेण ] ઉપચારમાત્રથી [ भण्यते ] કહેવાય છે.

**ટીકાઃ-**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં, પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, તેથી ‘પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું ’ એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી, ભ્રષ્ટ, વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે; તે વિકલ્પ ઉપચાર જ છે, પરમાર્થ નથી.

कथमिति चेत्-

**जोधेहिं कदे जुद्धे राएण कदं ति जंपदे लोगो।**
**ववहारेण तह कदं णाणावरणादि जीवेण।।१०६ ।।**

योधैः कृते युद्धे राज्ञा कृतमिति जल्पते लोकः।
व्यवहारेण तथा कृतं ज्ञानावरणादि जीवेन।।१०६ ।।

यथा युद्धपरिणामेन स्वयं परिणममानैः योधैः कृते युद्धे युद्धपरिणामेन स्वयमपरिणममानस्य राज्ञो राज्ञा किल कृतं युद्धमित्युपचारो, न परमार्थः। तथा ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयं परिणममानेन पुद्गल-द्रव्येण कृते ज्ञानावरणादिकर्मणि ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयमपरिणम-मानस्यात्मनः किलात्मना कृतं ज्ञानावरणादिकर्मेत्युपचारो, न परमार्थः।

---

**ભાવાર્થઃ**-કદાચિત્ થતા નિમિત્તનૈમિત્તિકભાવમાં કર્તાકર્મભાવ કહેવો તે ઉપચાર છે.

હવે, એ ઉપચાર કઈ રીતે છે તે દ્રષ્ટાંતથી કહે છેઃ-

**યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,**
**એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.**

**ગાથાર્થઃ**- [ योधैः ] યોદ્ધાઓ વડે [ युद्धे कृते ] યુદ્ધ કરવામાં આવતાં, '[ राज्ञा कृतम् ] રાજાએ યુદ્ધ કર્યું ' [ इति ] એમ [ लोकः ] લોક [ जल्पते ] ( વ્યવહારથી ) કહે છે [ तथा ] તેવી રીતે '[ ज्ञानावरणादि ] જ્ઞાનાવરણાદિ કર્મ [ जीवेन कृतं ] જીવે કર્યું ' [ व्यवहारेण ] એમ વ્યવહારથી કહેવાય છે.

**ટીકાઃ**-જેમ યુદ્ધપરિણામે પોતે પરિણમતા એવા યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં, યુદ્ધપરિણામે પોતે નહિ પરિણમતા એવા રાજા વિષે 'રાજાએ યુદ્ધ કર્યું ' એવો ઉપચાર છે, પરમાર્થ નથી; તેમ જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે પરિણમતા એવા પુદ્ગલદ્રવ્ય વડે જ્ઞાનાવરણાદિ કર્મ કરવામાં આવતાં, જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે નહિ પરિણમતા એવા આત્મા વિષે 'આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું ' એવો ઉપચાર છે, પરમાર્થ નથી.

**ભાવાર્થઃ**-યોદ્ધાઓએ યુદ્ધ કર્યું હોવા છતાં 'રાજાએ યુદ્ધ કર્યું ' એમ ઉપચારથી કહેવાય છે તેમ પુદ્ગલદ્રવ્યે જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું હોવા છતાં 'જીવે કર્મ કર્યું ' એમ ઉપચારથી કહેવાય છે.

अत एतत्स्थितम्-

**उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य।**
**आदा पोग्गलदव्वं ववहारणयस्स वत्तव्वं।।१०७ ।।**

उत्पादयति करोति च बध्नाति परिणामयति गृह्णाति च।
आत्मा पुद्गलद्रव्यं व्यवहारनयस्य वक्तव्यम्।।१०७ ।।

**अयं खल्वात्मा न गृह्णाति, न परिणमयति, नोत्पादयति, न करोति, न बध्नाति, व्याप्यव्यापकभावाभावात्, प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मकं कर्म। यत्तु व्याप्यव्यापकभावाभावेऽपि प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मकं कर्म गृह्णाति परिणमयति उत्पादयति करोति बध्नाति चात्मेति विकल्पः स किलोपचारः।**

**कथमिति चेत्-**

---

હવે કહે છે કે ઉપરના હેતુથી આમ ઠર્યુંઃ–

**ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે**
**પુદ્‌ગલદરવને આતમા-વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.**

**ગાથાર્થઃ-** [ आत्मा ] આત્મા [ पुद्‌गलद्रव्यम् ] પુદ્‌ગલદ્રવ્યને [ उत्पादयति ] ઉપજાવે છે, [ करोति च ] કરે છે, [ बध्नाति ] બાંધે છે, [ परिणामयति ] પરિણમાવે છે [ च ] અને [ गृह्णाति ] ગ્રહણ કરે છે–એ [ व्यवहारनयस्य ] વ્યવહારનયનું [ वक्तव्यम् ] કથન છે.

**ટીકાઃ-**આ આત્મા ખરેખર, વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય–એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક (–પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ) કર્મને ગ્રહતો નથી, પરિણમાવતો નથી, ઉપજાવતો નથી, કરતો નથી, બાંધતો નથી; અને વ્યાપ્ય–વ્યાપકભાવનો અભાવ હોવા છતાં પણ, "પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય–એવા પુદ્‌ગલ–દ્રવ્યાત્મક કર્મને આત્મા ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, કરે છે અને બાંધે છે" એવો જે વિકલ્પ તે ખરેખર ઉપચાર છે.

**ભાવાર્થઃ-**વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મપણું કહેવું તે ઉપચાર છે; માટે આત્મા પુદ્‌ગલદ્રવ્યને ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, ઇત્યાદિ કહેવું તે ઉપચાર છે.

હવે પૂછે છે કે એ ઉપચાર કઈ રીતે છે? તેનો ઉત્તર દ્રષ્ટાંતથી કહે છેઃ–

जह राया ववहारा दोसगुणुप्पादगो त्ति आलविदो।
तह जीवो ववहारा दव्वगुणुप्पादगो भणिदो।। १०८ ।।

यथा राजा व्यवहारात् दोषगुणोत्पादक इत्यालपितः।
तथा जीवो व्यवहारत् द्रव्यगुणोत्पादको भणितः।। १०८ ।।

यथा लोकस्य व्याप्यव्यापकभावेन स्वभावत एवोत्पद्यमानेषु गुणदोषेषु व्याप्यव्यापकभावाभावेऽपि तदुत्पादको राजेत्युपचारः, तथा पुद्गलद्रव्यस्य व्याप्यव्यापकभावेन स्वभावत एवोत्पद्यमानेषु गुणदोषेषु व्याप्यव्यापकभावाभावेऽपि तदुत्पादको जीव इत्युपचारः।

---

ગુણદોષઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,
ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ राजा ] રાજાને [ दोषगुणोत्पादकः इति ] પ્રજાના દોષ અને ગુણનો ઉત્પન્ન કરનાર [ व्यवहारात् ] વ્યવહારથી [ आलपितः ] કહ્યો છે, [ तथा ] તેમ [ जीवः ] જીવને [ द्रव्यगुणोत्पादकः ] પુદ્ગલદ્રવ્યના દ્રવ્ય-ગુણનો ઉત્પન્ન કરનાર [ व्यवहारात् ] વ્યવહારથી [ भणितः ] કહ્યો છે.

**ટીકાઃ-**જેમ પ્રજાના ગુણદોષોને અને પ્રજાને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વ-ભાવથી જ (પ્રજાના પોતાના ભાવથી જ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં-જોકે તે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તોપણ-'તેમનો ઉત્પાદક રાજા છે' એવો ઉપચાર કરવામાં આવે છે; તેવી રીતે પુદ્ગલદ્રવ્યના ગુણદોષોને અને પુદ્ગલદ્રવ્યને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વ-ભાવથી જ (પુદ્ગલદ્રવ્યના પોતાના ભાવથી જ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં-જોકે તે ગુણદોષોને અને જીવને વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ છે તોપણ-'તેમનો ઉત્પાદક જીવ છે' એવો ઉપચાર કરવામાં આવે છે.

**ભાવાર્થઃ-**જગતમાં કહેવાય છે કે જેવો રાજા તેવી પ્રજા. આમ કહીને પ્રજાના ગુણદોષનો ઉત્પન્ન કરનાર રાજાને કહેવામાં આવે છે. એવી જ રીતે પુદ્ગલદ્રવ્યના ગુણદોષનો ઉત્પન્ન કરનાર જીવને કહેવામાં આવે છે. પરમાર્થદૃષ્ટિએ જોતાં એ સત્ય નથી, ઉપચાર છે.

( वसन्ततिलका )

**जीवः करोति यदि पुद्गलकर्मनैव**
**कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।**
**एतर्हि तीव्ररयमोहनिवर्हणाय**
**सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।। ६३ ।।**

**सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो।**
**मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा।। १०९ ।।**
**तेसिं पुणो वि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो।**
**मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं।। ११० ।।**
**एदे अचेदणा खलु पोग्गलकम्मुदयसंभवा जम्हा।**
**ते जदि करेंति कम्मं ण वि तेसिं वेदगो आदा।। १११ ।।**

---

હવે આગળની ગાથાની સૂચનિકારૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ**–‘[ यदि पुद्गलकर्म जीवः न एव करोति ] જો પુદ્ગલકર્મને જીવ કરતો નથી [ तर्हि ] તો [ तत् कः कुरुते ] તેને કોણ કરે છે ?’ [ इति अभिशङ्कया एव ] એવી આશંકા કરીને, [ एतर्हि ] હવે [ तीव्र–रय–मोह–निवर्हणाय ] તીવ્ર વેગવાળા મોહનો (કર્તાકર્મપણાના અજ્ઞાનનો) નાશ કરવા માટે, [ पुद्गलकर्मकर्तृ सङ्कीर्त्यते ] ‘પુદ્ગલકર્મનો કર્તા કોણ છે’ તે કહીએ છીએ; [ शृणुत ] તે (હે જ્ઞાનના ઇચ્છક પુરુષો!) તમે સાંભળો. ૬૩.

પુદ્ગલકર્મનો કર્તા કોણ છે તે હવે કહે છેઃ–

**સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,**
**-મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.**

**વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,**
**-મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.**

**પુદ્ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,**
**તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.**

**गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जम्हा।**
**तम्हा जीवोऽकत्ता गुणा य कुव्वंति कम्माणि।। ११२ ।।**

सामान्यप्रत्ययाः खलु चत्वारो भण्यन्ते बन्धकर्तारः।
मिथ्यात्वमविरमणं कषाययोगौ च बोद्धव्याः। । १०९ ।।
तेषां पुनरपि चायं भणितो भेदस्तु त्रयोदशविकल्पः।
मिथ्यादृष्ट्यादिः यावत् सयोगिनश्चरमान्तः। । ११० ।।
एते अचेतनाः खलु पुद्गलकर्मोदयसम्भवा यस्मात्।
ते यदि कुर्वन्ति कर्म नापि तेषां वेदक आत्मा।। १११ ।।
गुणसंज्ञितास्तु एते कर्म कुर्वन्ति प्रत्यया यस्मात्।
तस्माज्जीवोऽकर्ता गुणाश्च कुर्वन्ति कर्माणि।। ११२।।

---

**જેથી ખરે ' ગુણ ' નામના આ પ્રત્યયો કર્મો કરે,**
**તેથી અકર્તા જીવ છે, ' ગુણો ' કરે છે કર્મને. ૧૧૨.**

**ગાથાર્થઃ-** [ चत्वारः ] ચાર [ सामान्यप्रत्ययाः ] સામાન્ય *પ્રત્યયો [ खलु ] નિશ્ચયથી [ बन्धकर्तारः ] બંધના કર્તા [ भण्यन्ते ] કહેવામાં આવે છે- [ मिथ्यात्वम् ] મિથ્યાત્વ, [ अविरमणं ] અવિરમણ [ च ] તથા [ कषाययोगौ ] કષાય અને યોગ (એ ચાર) [ बोद्धव्याः ] જાણવા. [ पुनः अपि च ] અને વળી [ तेषां ] તેમનો, [ अयं ] આ [ त्रयोदशविकल्पः ] તેર પ્રકારનો [ भेदः तु ] ભેદ [ भणितः ] કહેવામાં આવ્યો છે- [ मिथ्यादृष्ट्यादिः ] મિથ્યાદ્રષ્ટિ (ગુણસ્થાન) થી માંડીને [ सयोगिनः चरमान्तः यावत् ] સયોગકેવળી (ગુણસ્થાન) ના ચરમ સમય સુધીનો, [ एते ] આ (પ્રત્યયો અથવા ગુણસ્થાનો) [ खलु ] કે જેઓ નિશ્ચયથી [ अचेतनाः ] અચેતન છે [ यस्मात् ] કારણ કે [ पुद्गलकर्मोदयसम्भवाः ] પુદ્ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે [ ते ] તેઓ [ यदि ] જો [ कर्म ] કર્મ [ कुर्वन्ति ] કરે તો ભલે કરે; [ तेषां ] તેમનો (કર્મોનો) [ वेदकः अपि ] ભોક્તા પણ [ आत्मा न ] આત્મા નથી. [ यस्मात् ] જેથી [ एते ] આ [ गुणसंज्ञिताः तु ] ' ગુણ ' નામના [ प्रत्ययाः ] પ્રત્યયો [ कर्म ] કર્મ [ कुर्वन्ति ] કરે છે [ तस्मात् ] તેથી [ जीवः ] જીવ તો [ अकर्ता ] કર્મનો અકર્તા છે [ च ] અને [ गुणाः ] ' ગુણો ' જ [ कर्माणि ] કર્મોને [ कुर्वन्ति ] કરે છે.

---

* પ્રત્યયો = કર્મબંધનાં કારણો અર્થાત્ આસ્રવો

**पुद्गलकर्मणः किल पुद्गलद्रव्यमेवैकं कर्तृ; तद्विशेषाः मिथ्यात्वाविरतिकषाययोगा बन्धस्य सामान्यहेतुतया चत्वारः कर्तारः। ते एव विकल्प्यमाना मिथ्यादृष्ट्यादिसयोगकेवल्यन्तास्त्रयोदश कर्तारः। अथैते पुद्गलकर्मविपाकविकल्पत्वादत्यन्तमचेतनाः सन्तस्त्रयोदश कर्तारः केवला एव यदि व्याप्यव्यापकभावेन किञ्चनापि पुद्गलकर्म कुर्युस्तदा कुर्युरेव; किं जीवस्यात्रापतितम्? अथायं तर्कः-पुद्गलमयमिथ्यात्वादीन् वेदयमानो जीवः स्वयमेव मिथ्यादृष्टिर्भूत्वा पुद्गलकर्म करोति। स किलाविवेकः, यतो न खल्वात्मा भाव्यभावकभावाभावात् पुद्गलद्रव्यमयभिथ्यात्वादिवेदकोऽपि, कथं पुनः पुद्गलकर्मणः कर्ता नाम? अथैतदायातम्-यतः पुद्गलद्रव्यमयानां चतुर्णां सामान्यप्रत्ययानां विकल्पास्त्रयोदश विशेषप्रत्यया गुणशब्दवाच्याः केवला एव कुर्वन्ति कर्माणि, ततः पुद्गलकर्मणामकर्ता जीवो, गुणा एव तत्कर्तारः। ते तु पुद्गलद्रव्यमेव। ततः स्थितं पुद्गलकर्मणः पुद्गलद्रव्यमेवैकं कर्तृ।**

---

**ટીકા**:-ખરેખર પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે; તેના વિશેષો–મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે; તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં (અર્થાત્ તેમના જ ભેદ પાડવામાં આવતાં), મિથ્યાદ્રષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે. હવે, જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે એવા આ તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે; તેમાં જીવને શું આવ્યું? (કાંઈ જ નહિ.) અહીં આ તર્ક છે કે "પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદ્રષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે". (તેનું સમાધાનઃ–) આ તર્ક ખરેખર અવિવેક છે, કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી આત્મા નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી, તો પછી પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય? માટે એમ ફલિત થયું કે–જેથી પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો કે જેઓ 'ગુણ' શબ્દથી કહેવામાં આવે છે (અર્થાત્ જેમનું નામ ગુણસ્થાન છે) તેઓ જ કેવળ કર્મોને કરે છે, તેથી જીવ પુદ્‌ગલકર્મોનો અકર્તા છે, 'ગુણો' જ તેમના કર્તા છે; અને તે 'ગુણો' તો પુદ્‌ગલદ્રવ્ય જ છે; તેથી એમ ઠર્યું કે પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે.

**ભાવાર્થ**:-શાસ્ત્રમાં પ્રત્યયોને બંધના કર્તા કહેવામાં આવ્યા છે. ગુણસ્થાનો પણ વિશેષ પ્રત્યયો જ છે તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે અર્થાત્ પુદ્‌ગલકર્મના કર્તા છે. વળી મિથ્યાત્વાદિ સામાન્ય પ્રત્યયો કે ગુણસ્થાનરૂપ વિશેષ પ્રત્યયો અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે, તેથી એમ સિદ્ધ થયું કે પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કર્તા (–કરનારું) છે; જીવ કર્તા નથી. જીવને પુદ્‌ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે.

न च जीवप्रत्यययोरेकत्वम्

जह जीवस्स अणण्णुवओगो कोहो वि तह जदि अणण्णो।
जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं।। ११३ ।।
एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाऽजीवो।
अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं।। ११४ ।।
अह दे अण्णो कोहो अण्णुवओगप्पगो हवदि चेदा।
जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं।। ११५ ।।

यथा जीवस्यानन्य उपयोगः क्रोधोऽपि तथा यद्यनन्यः।
जीवस्याजीवस्य चैवमनन्यत्वमापन्नम् ।।११३ ।।
एवमिह यस्तु जीवः स चैव तु नियमतस्तथाऽजीवः।
अयमेकत्वे दोषः प्रत्ययनोकर्मकर्मणाम्।।११४ ।।
अथ ते अन्यः क्रोधोऽन्यः उपयोगात्मको भवति चेतयिता।
यथा क्रोधस्तथा प्रत्ययाः कर्म नोकर्माप्यन्यत्।।११५ ।।

---

વળી જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી એમ હવે કહે છેઃ–

ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,
તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.

તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.

જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.

**ગાથાર્થઃ**- [ यथा ] જેમ [ जीवस्य ] જીવને [ उपयोगः ] ઉપયોગ [ अनन्यः ] અનન્ય અર્થાત્ એકરૂપ છે [ तथा ] તેમ [ यदि ] જો [ क्रोधः अपि ] ક્રોધ પણ [ अनन्यः ] અનન્ય હોય તો [ एवम् ] એ રીતે [ जीवस्य ] જીવને [ च ] અને [ अजीवस्य ] અજીવને [ अनन्यत्वम् ] અનન્યપણું [ आपन्नम् ] આવી પડ્યું. [ एवम् च ] એમ થતાં, [ इह ]

**यदि यथा जीवस्य तन्मयत्वाज्जीवादनन्य उपयोगस्तथा जडः क्रोधोऽप्यनन्य एवेति प्रतिपत्तिस्तदा चिद्रूपजडयोरनन्यत्वाज्जीवस्योपयोगमयत्ववज्जडक्रोधमयत्वापत्तिः। तथा सति तु य एव जीवः स एवाजीव इति द्रव्यान्तरलुप्तिः। एवं प्रत्ययनोकर्मकर्मणामपि जीवादनन्यत्वप्रतिपत्तावयमेव दोषः। अथैतद्दोषभयादन्य एवोपयोगात्मा जीवोऽन्य एव जडस्वभावः क्रोधः इत्यभ्युपगमः, तर्हि यथोपयोगात्मनो जीवादन्यो जडस्वभावः क्रोधः तथा प्रत्ययनोकर्मकर्माण्यप्यन्यान्येव, जडस्वभावत्वाविशेषात्। नास्ति जीवप्रत्यययोरेकत्वम्।**

---

આ જગતમાં [ यः तु ] જે [ जीवः ] જીવ છે [ सः एव तु ] તે જ [ नियमतः ] નિયમથી [ तथा ] તેવી જ રીતે [ अजीवः ] અજીવ ઠર્યો; (બન્નેનું અનન્યપણું હોવામાં આ દોષ આવ્યો;) [ प्रत्ययनोकर्मकर्मणाम् ] પ્રત્યય, નોકર્મ અને કર્મના [ एकत्वे ] એકપણામાં અર્થાત્ અનન્યપણામાં પણ [ अयम् दोषः ] આ જ દોષ આવે છે. [ अथ ] હવે જો (આ દોષના ભયથી) [ ते ] તારા મતમાં [ क्रोधः ] ક્રોધ [ अन्यः ] અન્ય છે અને [ उपयोगात्मकः ] ઉપયોગસ્વરૂપ [ चेतयिता ] આત્મા [ अन्यः ] અન્ય [ भवति ] છે, તો [ यथा क्रोधः ] જેમ ક્રોધ [ तथा ] તેમ [ प्रत्ययाः ] પ્રત્યયો [ कर्म ] કર્મ અને [ नोकर्म अपि ] નોકર્મ પણ [ अन्यत् ] આત્માથી અન્ય જ છે.

**ટીકાઃ**–જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે એવી જો [1]પ્રતિપત્તિ કરવામાં આવે, તો [2]ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે. એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે, –એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય. આ પ્રમાણે પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જીવથી અનન્ય છે એવી પ્રતિપત્તિમાં પણ આ જ દોષ આવે છે. હવે જો આ દોષના ભયથી એમ સ્વીકારવામાં આવે કે ઉપયોગાત્મક જીવ અન્ય જ છે અને જડસ્વભાવ ક્રોધ અન્ય જ છે, તો જેમ ઉપયોગાત્મક જીવથી જડસ્વભાવ ક્રોધ અન્ય છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ અન્ય જ છે કારણ કે તેમના જડસ્વભાવપણામાં તફાવત નથી (અર્થાત્ જેમ ક્રોધ જડ છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જડ છે). આ રીતે જીવને અને પ્રત્યયને એકપણું નથી.

**ભાવાર્થઃ**–મિથ્યાત્વાદિ આસ્રવ તો જડસ્વભાવ છે અને જીવ ચેતનસ્વભાવ છે. જો જડ અને ચેતન એક થઈ જાય તો ભિન્ન દ્રવ્યનો લોપ થઈ જાય એ મોટો દોષ આવે. માટે આસ્રવને અને આત્માને એકપણું નથી એ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.

---

[1] પ્રતિપત્તિ = પ્રતીતિ; પ્રતિપાદન.

[2] ચિદ્રૂપ = જીવ.

**अथ पुद्गलद्रव्यस्य परिणामस्वभावत्वं साधयति सांख्यमतानुयायिशिष्यं प्रति-**

जीवे ण सयं बद्धं ण सयं परिणमदि कम्मभावेण।
जदि पोग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि।। ११६ ।।
कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।। ११७ ।।
जीवो परिणामयदे पोग्गलदव्वाणि कम्मभावेण।
ते सयमपरिणमंते कहं णु परिणामयदि चेदा।। ११८ ।।
अह सयमेव हि परिणमदि कम्मभावेण पोग्गलं दव्वं।
जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा।। ११९ ।।
णियमा कम्मपरिणदं कम्मं चिय होदि पोग्गलं दव्वं।
तह तं णाणावरणाइपरिणदं मुणसु तच्चेव।। १२० ।।

---

હવે સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે ( અર્થાત્ સાંખ્યમતી પ્રકૃતિ–પુરુષને અપરિણામી માને છે તેને સમજાવે છે ) :–

જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,
તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે ! ૧૧૬.

જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે ! ૧૧૭.

જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,
કયમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે ? ૧૧૮.

સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,
જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં-મિથ્યા બને. ૧૧૯.

પુદ્‌ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;
જ્ઞાનાવરણઇત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.

**ગાથાર્થઃ**- [ इदम् पुद्गलद्रव्यम् ] આ પુદ્‌ગલદ્રવ્ય [ जीवे ] જીવમાં [ स्वयं ]

जीवे न स्वयं बद्धं न स्वयं परिणमते कर्मभावेन।
यदि पुद्गलद्रव्यमिदमपरिणामि तदा भवति।। ११६ ।।
कार्मणवर्गणासु चापरिणममानासु कर्मभावेन।
संसारस्याभावः प्रसजति सांख्यसमयो वा।। ११७ ।।
जीवः परिणामयति पुद्गलद्रव्याणि कर्मभावेन।
तानि स्वयमपरिणममानानि कथं नु परिणामयति चेतयिता।। ११८।।
अथ स्वयमेव हि परिणमते कर्मभावेन पुद्गलं द्रव्यम्।
जीवः परिणामयति कर्म कर्मत्वमिति मिथ्या।। ११९ ।।
नियमात्कर्मपरिणतं कर्म चैव भवति पुद्गलं द्रव्यम्।
तथा तद्ज्ञानावरणादिपरिणतं जानीत तच्चैव।। १२० ।।

---

સ્વયં [ बद्धं न ] બંધાયું નથી અને [ कर्मभावेन ] કર્મભાવે [ स्वयं ] સ્વયં [ न परिणमते ] પરિણમતું નથી [ यदि ] એમ જો માનવામાં આવે [ तदा ] તો તે [ अपरिणामि ] અપરિણામી [ भवति ] ઠરે છે; [ च ] અને [ कार्मणवर्गणासु ] કાર્મણવર્ગણાઓ [ कर्मभावेन ] કર્મભાવે [ अपरिणममानासु ] નહિ પરિણમતાં, [ संसारस्य ] સંસારનો [ अभावः ] અભાવ [ प्रसजति ] ઠરે છે [ वा ] અથવા [ सांख्यसमयः ] સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

વળી [ जीवः ] જીવ [ पुद्गलद्रव्याणि ] પુદ્ગલદ્રવ્યોને [ कर्मभावेन ] કર્મભાવે [ परिणामयति ] પરિણમાવે છે એમ માનવામાં આવે તો એ પ્રશ્ન થાય છે કે [ स्वयम् अपरिणममानानि ] સ્વયં નહિ પરિણમતી એવી [ तानि ] તે વર્ગણાઓને [ चेतयिता ] ચેતન આત્મા [ कथं नु ] કેમ [ परिणामयति ] પરિણમાવી શકે? [ अथ ] અથવા જો [ पुद्गलम् द्रव्यम् ] પુદ્ગલદ્રવ્ય [ स्वयमेव हि ] પોતાની મેળે જ [ कर्मभावेन ] કર્મભાવે [ परिणमते ] પરિણમે છે એમ માનવામાં આવે, તો [ जीवः ] જીવ [ कर्म ] કર્મને અર્થાત્ પુદ્ગલદ્રવ્યને [ कर्मत्वम् ] કર્મપણે [ परिणामयति ] પરિણમાવે છે [ इति ] એમ કહેવું [ मिथ्या ] મિથ્યા ઠરે છે.

[ नियमात् ] માટે જેમ નિયમથી [ कर्मपरिणतं ] *કર્મરૂપે પરિણમેલું [ पुद्गलम् द्रव्यम् ] પુદ્ગલદ્રવ્ય [ कर्म चैव ] કર્મ જ [ भवति ] છે [ तथा ] તેવી રીતે [ ज्ञानावरणादिपरिणतं ] જ્ઞાનાવરણાદિરૂપે પરિણમેલું [ तत् ] પુદ્ગલદ્રવ્ય [ तत् च एव ] જ્ઞાનાવરણાદિ જ [ जानीत ] જાણો.

---

* કર્મ = કર્તાનું કાર્ય, જેમ કે–માટીનું કર્મ ઘડો.

**યદિ પુદ્ગલદ્રવ્યં જીવે સ્વયમબદ્ધં સત્કર્મભાવેન સ્વયમેવ ન પરિણમેત, તદા તદપરિણામ્યેવ સ્યાત્. તથા સતિ સંસારાભાવઃ. અથ જીવઃ પુદ્ગલદ્રવ્યં કર્મભાવેન પરિણામયતિ તતો ન સંસારાભાવઃ ઇતિ તર્કઃ. કિં સ્વયમપરિણમમાનં પરિણમમાનં વા જીવઃ પુદ્ગલદ્રવ્યં કર્મભાવેન પરિણામયેત્? ન તાવત્તત્સ્વયમપરિણમમાનં પરેણ પરિણમયિતું પાર્યેત; ન હિ સ્વતોઽસતી શક્તિઃ કર્તુમન્યેન પાર્યતે. સ્વયં પરિણમમાનં તુ ન પરં પરિણમયિતારમપેક્ષેત; ન હિ વસ્તુશક્તયઃ પરમપેક્ષન્તે. તતઃ પુદ્ગલદ્રવ્યં પરિણામસ્વભાવં સ્વયમેવાસ્તુ. તથા સતિ કલશપરિણતા મૃત્તિકા સ્વયં કલશ ઇવ જડસ્વભાવજ્ઞાનાવરણાદિકર્મપરિણતં તદેવ સ્વયં જ્ઞાનાવરણાદિકર્મ સ્યાત્. ઇતિ સિદ્ધં પુદ્ગલદ્રવ્યસ્ય પરિણામસ્વભાવત્વમ્.**

( उपजाति )

**स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य**
**स्वभावभूता परिणामशक्तिः।**
**तस्यां स्थितायां स करोति भावं**
**यमात्मनस्तस्य स एव कर्ता।। ६४ ।।**

---

**ટીકાઃ**-જો પુદ્ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું કર્મભાવે સ્વયમેવ ન પરિણમે, તો તે અપરિણામી જ ઠરે. એમ થતાં, સંસારનો અભાવ થાય. ( કારણ કે પુદ્ગલદ્રવ્ય કર્મરૂપે ન પરિણમે તો જીવ કર્મરહિત ઠરે; તો પછી સંસાર કોનો ? ) અહીં જો એમ તર્ક કરવામાં આવે કે "જીવ પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી", તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છેઃ-શું જીવ સ્વયં અપરિણમતા પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને ? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે ( વસ્તુમાં ) જે શક્તિ સ્વતઃ ( પોતાથી જ ) ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. ( માટે પ્રથમ પક્ષ અસત્ય છે. ) અને સ્વયં પરિણમતાને તો પર ( અન્ય ) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. ( માટે બીજો પક્ષ પણ અસત્ય છે. ) તેથી પુદ્ગલદ્રવ્ય પરિણમનસ્વભાવવાળું સ્વયમેવ હો. એમ હોતાં ( હોવાથી ), જેમ ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે તેમ, જડ સ્વભાવવાળા જ્ઞાનાવરણાદિકર્મરૂપે પરિણમેલું પુદ્ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિકર્મ છે. આ રીતે પુદ્ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इति ] આ રીતે [ पुद्गलस्य ] પુદ્ગલદ્રવ્યની [ स्वभावभूता परिणामशक्तिः ] સ્વભાવભૂત પરિણમનશક્તિ [ खलु अविघ्ना स्थिता ] નિર્વિઘ્ન સિદ્ધ

**जीवस्य परिणामित्वं साधयति-**

**ण सयं बद्धो कम्मे ण सयं परिणमदि कोहमादीहिं।**
**जदि एस तुज्झ जीवो अप्परिणामी तदा होदि।। १२१ ।।**
**अपरिणमंतम्हि सयं जीवे कोहादिएहिं भावेहिं।**
**संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।। १२२ ।।**
**पोग्गलकम्मं कोहो जीवं परिणामएदि कोहत्तं।**
**तं सयमपरिणमंतं कहं णु परिणामयदि कोहो।। १२३ ।।**
**अह सयमप्पा परिणमदि कोहभावेण एस दे बुद्धी।**
**कोहो परिणामयदे जीवं कोहत्तमिदि मिच्छा।। १२४ ।।**

---

થઈ. [ तस्यां स्थितायां ] એ સિદ્ધ થતાં, [ सः आत्मनः यम् भावं करोति ] પુદ્‌ગલદ્રવ્ય પોતાના જે ભાવને કરે છે [ तस्य सः एव कर्ता ] તેનો તે પુદ્‌ગલદ્રવ્ય જ કર્તા છે.

**ભાવાર્થઃ**-સર્વ દ્રવ્યો પરિણમનસ્વભાવવાળાં છે તેથી પોતપોતાના ભાવના પોતે જ કર્તા છે. પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના જે ભાવને કરે છે તેનો પોતે જ કર્તા છે. ૬૪.

હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છેઃ-

**કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,**
**તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.**

**ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.**

**જો ક્રોધ-પુદ્‌ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,**
**ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૨૩.**

**અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે-તુજ બુદ્ધિ છે,**
**તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં-મિથ્યા બને. ૧૨૪.**

कोहुवजुत्तो कोहो माणुवजुत्तो य माणमेवादा।
माउवजुत्तो माया लोहुवजुत्तो हवदि लोहो।। १२५ ।।

न स्वयं बद्धः कर्मणि न स्वयं परिणमते क्रोधादिभिः।
यद्येषः तव जीवोऽपरिणामी तदा भवति।। १२१ ।।
अपरिणममाने स्वयं जीवे क्रोधादिभिः भावैः।
संसारस्याभावः प्रसजति सांख्यसमयो वा।। १२२ ।।
पुद्गलकर्म क्रोधो जीवं परिणामयति क्रोधत्वम्।
तं स्वयमपरिणममानं कथं नु परिणामयति क्रोधः।। १२३ ।।
अथ स्वयमात्मा परिणमते क्रोधभावेन एषा ते बुद्धिः।
क्रोधः परिणामयति जीवं क्रोधत्वमिति मिथ्या।। १२४ ।।
क्रोधोपयुक्तः क्रोधो मानोपयुक्तश्च मान एवात्मा।
मायोपयुक्तो माया लोभोपयुक्तो भवति लोभः।। १२५ ।।

---

**ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,**
**માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.**

**ગાથાર્થઃ**-સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ આચાર્ય કહે છે કે હે ભાઈ! [ एषः ] આ [ जीवः ] જીવ [ कर्मणि ] કર્મમાં [ स्वयं ] સ્વયં [ बद्धः न ] બંધાયો નથી અને [ क्रोधादिभिः ] ક્રોધાદિભાવે [ स्वयं ] સ્વયં [ न परिणमते ] પરિણમતો નથી [ यदि तव ] એમ જો તારો મત હોય [ तदा ] તો તે (જીવ) [ अपरिणामी ] અપરિણામી [ भवति ] ઠરે છે; અને [ जीवे ] જીવ [ स्वयं ] પોતે [ क्रोधादिभिः भावैः ] ક્રોધાદિભાવે [ अपरिणममाने ] નહિ પરિણમતાં, [ संसारस्य ] સંસારનો [ अभावः ] અભાવ [ प्रसजति ] ઠરે છે [ वा ] અથવા [ सांख्यसमयः ] સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

[ पुद्गलकर्म क्रोधः ] વળી પુદ્ગલકર્મ જે ક્રોધ તે [ जीवं ] જીવને [ क्रोधत्वम् ] ક્રોધપણે [ परिणामयति ] પરિણમાવે છે એમ તું માને તો એ પ્રશ્ન થાય છે કે [ स्वयम् अपरिणममानं ] સ્વયં નહિ પરિણમતા એવા [ तं ] જીવને [ क्रोधः ] ક્રોધ [ कथं नु ] કેમ [ परिणामयति ] પરિણમાવી શકે? [ अथ ] અથવા જો [ आत्मा ] આત્મા [ स्वयम् ] પોતાની મેળે [ क्रोधभावेन ] ક્રોધભાવે [ परिणमते ] પરિણમે છે [ एषा ते बुद्धिः ] એમ તારી બુદ્ધિ હોય, તો [ क्रोधः ] ક્રોધ [ जीवं ] જીવને [ क्रोधत्वम् ] ક્રોધપણે [ परिणामयति ] પરિણમાવે છે [ इति ] એમ કહેવું [ मिथ्या ] મિથ્યા ઠરે છે.

**यदि कर्मणि स्वयमबद्धः सन् जीवः क्रोधादिभावेन स्वयमेव न परिणमेत तदा स किलापरिणाम्येव स्यात्। तथा सति संसाराभावः। अथ पुद्गलकर्म क्रोधादि जीवं क्रोधादिभावेन परिणामयति ततो न संसाराभाव इति तर्कः। किं स्वयमपरिणममानं परिणममानं वा पुद्गलकर्म क्रोधादि जीवं क्रोधादिभावेन परिणामयेत्? न तावत्स्वयमपरिणममानः परेण परिणमयितुं पार्येत; न हि स्वतोऽसती शक्तिः कर्तुमन्येन पार्यते। स्वयं परिणममानस्तु न परं परिणमयितारमपेक्षेत; न हि वस्तुशक्तयः परमपेक्षन्ते। ततो जीवः परिणामस्वभावः स्वयमेवास्तु। तथा सति गरुडध्यानपरिणतः साधकः स्वयं गरुड इवाज्ञानस्वभावक्रोधादिपरिणतोपयोगः स एव स्वयं क्रोधादिः स्यात्। इति सिद्धं जीवस्य परिणामस्वभावत्वम्।**

---

માટે એ સિદ્ધાંત છે કે [ क्रोधोपयुक्तः ] ક્રોધમાં ઉપયુક્ત (અર્થાત્ જેનો ઉપયોગ ક્રોધાકારે પરિણમ્યો છે એવો) [ आत्मा ] આત્મા [ क्रोधः ] ક્રોધ જ છે, [ मानोपयुक्तः ] માનમાં ઉપયુક્ત આત્મા [ मानः एव ] માન જ છે, [ मायोपयुक्तः ] માયામાં ઉપયુક્ત આત્મા [ माया ] માયા છે [ च ] અને [ लोभोपयुक्तः ] લોભમાં ઉપયુક્ત આત્મા [ लोभः ] લોભ [ भवति ] છે.

**ટીકાઃ**-જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે તો તે ખરેખર અપરિણામી જ ઠરે. એમ થતાં સંસારનો અભાવ થાય. અહીં જો એમ તર્ક કરવામાં આવે કે "પુદ્‌ગલકર્મ જે ક્રોધાદિક તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી ", તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છેઃ– પુદ્‌ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. (આ રીતે બન્ને પક્ષ અસત્ય છે.) તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો. એમ હોતાં (હોવાથી), જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે તેમ, અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે એવો જીવ જ પોતે ક્રોધાદિ છે. આ રીતે જીવનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.

**ભાવાર્થઃ**-જીવ પરિણામસ્વભાવ છે. જ્યારે પોતાનો ઉપયોગ ક્રોધાદિરૂપે પરિણમે છે ત્યારે પોતે ક્રોધાદિરૂપ જ થાય છે એમ જાણવું.

( उपजाति )

**स्थितेति जीवस्य निरन्तराया**
**स्वभावभूता परिणामशक्ति:।**
**तस्यां स्थितायां स करोति भावं**
**यं स्वस्य तस्यैव भवेत्स कर्ता।। ६५ ।।**

**तथाहि-**

**जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स कम्मस्स।**
**णाणिस्स स णाणमओ अण्णाणमओ अणाणिस्स।। १२६ ।।**

**यं करोति भावमात्मा कर्ता स भवति तस्य कर्मण:।**
**ज्ञानिन: स ज्ञानमयोऽज्ञानमयोऽज्ञानिन:।। १२६ ।।**

**एवमयमात्मा स्वयमेव परिणामस्वभावोऽपि यमेव भावमात्मन: करोति तस्यैव**

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इति ] આ રીતે [ जीवस्य ] જીવની [ स्वभावभूता परिणामशक्ति: ] સ્વભાવભૂત પરિણમનશક્તિ [ निरन्तराया स्थिता ] નિર્વિઘ્ન સિદ્ધ થઈ. [ तस्यां स्थितायां ] એ સિદ્ધ થતાં, [ स: स्वस्य यं भावं करोति ] જીવ પોતાના જે ભાવને કરે છે [ तस्य एव स: कर्ता भवेत् ] તેનો તે કર્તા થાય છે.

**ભાવાર્થઃ-**જીવ પણ પરિણામી છે; તેથી પોતે જે ભાવરૂપે પરિણમે છે તેનો કર્તા થાય છે. ૬૫.

જ્ઞાની જ્ઞાનમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે એમ હવે કહે છેઃ-

**જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;**
**તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.**

**ગાથાર્થઃ-** [ आत्मा ] આત્મા [ यं भावम् ] જે ભાવને [ करोति ] કરે છે [ तस्य कर्मण: ] તે ભાવરૂપ કર્મનો [ स: ] તે [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે; [ ज्ञानिन: ] જ્ઞાનીને તો [ स: ] તે ભાવ [ ज्ञानमय: ] જ્ઞાનમય છે અને [ अज्ञानिन: ] અજ્ઞાનીને [ अज्ञानमय: ] અજ્ઞાનમય છે.

**ટીકાઃ-**આ રીતે આ આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે તોપણ

कर्मतामापद्यमानस्य कर्तृत्वमापद्येत। स तु ज्ञानिनः सम्यक्स्वपरविवेकेनात्यन्तोदितविविक्तात्मख्यातित्वात् ज्ञानमय एव स्यात्। अज्ञानिनः तु सम्यक्स्वपरविवेकाभावेनात्यन्तप्रत्यस्तमितविविक्तात्मख्यातित्वादज्ञानमय एव स्यात्।

किं ज्ञानमयभावात्किमज्ञानमयाद्भवतीत्याह-

**अण्णाणमओ भावो अणाणिणो कुणदि तेण कम्माणि।**
**णाणमओ णाणिस्स दु ण कुणदि तम्हा दु कम्माणि।। १२७ ।।**

**अज्ञानमयो भावोऽज्ञानिनः करोति तेन कर्माणि।**
**ज्ञानमयो ज्ञानिनस्तु न करोति तस्मात्तु कर्माणि।। १२७ ।।**

अज्ञानिनो हि सम्यक्स्वपरविवेकाभावेनात्यन्तप्रत्यस्तमितविविक्तात्मख्यातित्वा

---

પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ–કર્મપણાને પામેલાનો–કર્તા તે થાય છે (અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે અને આત્મા તેનો કર્તા છે). તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે (સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે. અને તે ભાવ અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે.

**ભાવાર્થઃ**-જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે તેથી તેને પોતાના જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે; અને અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી તેથી તેને અજ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે.

જ્ઞાનમય ભાવથી શું થાય છે અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે તે હવે કહે છેઃ–

**અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;**
**પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.**

**ગાથાર્થઃ**- [ अज्ञानिनः ] અજ્ઞાનીને [ अज्ञानमयः ] અજ્ઞાનમય [ भावः ] ભાવ છે [ तेन ] તેથી અજ્ઞાની [ कर्माणि ] કર્મોને [ करोति ] કરે છે, [ ज्ञानिनः तु ] અને જ્ઞાનીને તો [ ज्ञानमयः ] જ્ઞાનમય (ભાવ) છે [ तस्मात् तु ] તેથી જ્ઞાની [ कर्माणि ] કર્મોને [ न करोति ] કરતો નથી.

**ટીકાઃ**-અજ્ઞાનીને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે ભિન્ન

द्यस्मादज्ञानमय एव भावः स्यात्, तस्मिंस्तु सति स्वपरयोरेकत्वाध्यासेन ज्ञानमात्रात्स्वस्मात्प्रभ्रष्टः पराभ्यां रागद्वेषाभ्यां सममेकीभूय प्रवर्तिताहङ्कारः स्वयं किलैषोऽहं रज्ये रुष्यामीति रज्यते रुष्यति च; तस्मादज्ञानमयभावादज्ञानी परौ रागद्वेषावात्मानं कुर्वन् करोति कर्माणि।

ज्ञानिनस्तु सम्यक्स्वपरविवेकेनात्यन्तोदितविविक्तात्मख्यातित्वाद्यस्मात् ज्ञानमय एव भावः स्यात्, तस्मिंस्तु सति स्वपरयोर्नानात्वविज्ञानेन ज्ञानमात्रे स्वस्मिन्सुनिविष्टः पराभ्यां रागद्वेषाभ्यां पृथग्भूततया स्वरसत एव निवृत्ताहङ्कारः स्वयं किल केवलं जानात्येव, न रज्यते, न च रुष्यति; तस्मात् ज्ञानमयभावात् ज्ञानी परौ रागद्वेषावात्मानमकुर्वन्न करोति कर्माणि।

---

આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ હોવાથી, અજ્ઞાનમય ભાવ જ હોય છે, અને તે હોતાં (હોવાથી), સ્વપરના એકત્વના અધ્યાસને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાંથી (આત્મસ્વરૂપમાંથી) ભ્રષ્ટ થયેલો, પર એવા રાગદ્વેષ સાથે એક થઈને જેને અહંકાર પ્રવર્ત્યો છે એવા પોતે 'આ હું ખરેખર રાગી છું, દ્વેષી છું (અર્થાત્ આ હું રાગ કરું છું, દ્વેષ કરું છું)' એમ (માનતો થકો) રાગી અને દ્વેષી થાય છે; તેથી અજ્ઞાનમય ભાવને લીધે અજ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ કરતો થકો કર્મોને કરે છે.

જ્ઞાનીને તો, સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી, જ્ઞાનમય ભાવ જ હોય છે, અને તે હોતાં, સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ (સમ્યક્ પ્રકારે સ્થિત) થયેલો, પર એવા રાગદ્વેષથી પૃથગ્ભૂતપણાને (ભિન્નપણાને) લીધે નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે, રાગી અને દ્વેષી થતો નથી (અર્થાત્ રાગ અને દ્વેષ કરતો નથી); તેથી જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ નહિ કરતો થકો કર્મોને કરતો નથી.

**ભાવાર્થઃ**-આ આત્માને ક્રોધાદિક મોહનીય કર્મની પ્રકૃતિનો (અર્થાત્ રાગદ્વેષનો) ઉદય આવતાં, પોતાના ઉપયોગમાં તેનો રાગદ્વેષરૂપ મલિન સ્વાદ આવે છે. અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ માને છે કે "આ રાગદ્વેષરૂપ મલિન ઉપયોગ છે તેજ મારું સ્વરૂપ છે-તેજ હું છું." આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ કરતો અજ્ઞાની પોતાને રાગીદ્વેષી કરે છે; તેથી તે કર્મોને કરે છે. આ પ્રમાણે અજ્ઞાનમય ભાવથી કર્મબંધ થાય છે.

જ્ઞાનીને ભેદજ્ઞાન હોવાથી તે એમ જાણે છે કે "જ્ઞાનમાત્ર શુદ્ધ ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે-તે જ હું છું; રાગદ્વેષ છે તે કર્મનો રસ છે-મારું સ્વરૂપ નથી."

( आर्या )

**ज्ञानमय एव भावः कुतो भवेत् ज्ञानिनो न पुनरन्यः।**
**अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः।। ६६ ।।**

**णाणमया भावाओ णाणमओ चेव जायदे भावो।**
**जम्हा तम्हा णाणिस्स सव्वे भावा हु णाणमया।। १२८ ।।**
**अण्णाणमया भावा अण्णाणो चेव जायदे भावो।**
**जम्हा तम्हा भावा अण्णाणमया अणाणिस्स।। १२९ ।।**

ज्ञानमयाद्भावात् ज्ञानमयश्चैव जायते भावः।
यस्मात्तस्माज्ज्ञानिनः सर्वे भावाः खलु ज्ञानमयाः।। १२८ ।।

---

આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ નહિ કરતો જ્ઞાની પોતાને રાગીદ્વેષી કરતો નથી, કેવળ જ્ઞાતા જ કહે છે; તેથી તે કર્મોને કરતો નથી. આ પ્રમાણે જ્ઞાનમય ભાવથી કર્મબંધ થતો નથી.

હવે આગળની ગાથાના અર્થની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ ज्ञानिनः कुतः ज्ञानमयः एव भावः भवेत् ] અહીં પ્રશ્ન છે કે જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય [ पुनः ] અને [ अन्यः न ] અન્ય (અર્થાત્ અજ્ઞાનમય) ન હોય? [ अज्ञानिनः कुतः सर्वः अयम् अज्ञानमयः ] વળી અજ્ઞાનીને કેમ સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય અને [ अन्यः न ] અન્ય (અર્થાત્ જ્ઞાનમય) ન હોય? ૬૬.

આ જ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ-

**વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.**

**અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.**

**ગાથાર્થઃ-** [ यस्मात् ] કારણ કે [ ज्ञानमयात् भावात् च ] જ્ઞાનમય ભાવમાંથી [ ज्ञानमयः एव ] જ્ઞાનમય જ [ भावः ] ભાવ [ जायते ] ઉત્પન્ન થાય છે [ तस्मात् ] તેથી [ ज्ञानिनः ] જ્ઞાનીના [ सर्वे भावाः ] સર્વ ભાવો [ खलु ] ખરેખર [ ज्ञानमयाः ] જ્ઞાનમય જ હોય છે. [ च ] અને, [ यस्मात् ] કારણ કે [ अज्ञानमयात् भावात् ] અજ્ઞાનમય

अज्ञानमयाद्भावादज्ञानश्चैव जायते भावः।
यस्मात्तस्माद्भावा अज्ञानमया अज्ञानिनः।। १२९ ।।

यतो ह्यज्ञानमयाद्भावाद्यः कश्चनापि भावो भवति स सर्वोऽप्यज्ञानमयत्वमनतिवर्तमानोऽज्ञानमय एव स्यात्, ततः सर्वे एवाज्ञानमया अज्ञानिनो भावाः। यतश्च ज्ञानमयाद्भावाद्यः कश्चनापि भावो भवति स सर्वोऽपि ज्ञानमयत्वमनतिवर्तमानो ज्ञानमय एव स्यात्, ततः सर्वे एव ज्ञानमया ज्ञानिनो भावाः।

( अनुष्टुभ् )
ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।। ६७ ।।

---

ભાવમાંથી [ अज्ञानः एव ] અજ્ઞાનમય જ [ भावः ] ભાવ [ जायते ] ઉત્પન્ન થાય છે [ तस्मात् ] તેથી [ अज्ञानिनः ] અજ્ઞાનીના [ भावाः ] ભાવો [ अज्ञानमयाः ] અજ્ઞાનમય જ હોય છે.

**ટીકાઃ**-ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો અજ્ઞાનમય જ હોય છે, તેથી અજ્ઞાનીના ભાવો બધાય અજ્ઞાનમય હોય છે. અને જ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય જ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો જ્ઞાનમય જ હોય છે, તેથી જ્ઞાનીના ભાવો બધાય જ્ઞાનમય હોય છે.

**ભાવાર્થઃ**-જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે. અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય છે, જ્ઞાનીનું જ્ઞાનમય છે; તેથી અજ્ઞાનીના ક્રોધ, માન, વ્રત, તપ ઇત્યાદિ સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી અજ્ઞાનમય જ છે અને જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી જ્ઞાનમય જ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ ज्ञानिनः ] જ્ઞાનીના [ सर्वे भावाः ] સર્વ ભાવો [ ज्ञाननिर्वृत्ताः हि ] જ્ઞાનથી નીપજેલા (-રચાયેલા) [ भवन्ति ] હોય છે [ तु ] અને [ अज्ञानिनः ] અજ્ઞાનીના [ सर्वे अपि ते ] સર્વ ભાવો [ अज्ञाननिर्वृत्ताः ] અજ્ઞાનથી નીપજેલા (-રચાયેલા) [ भवन्ति ] હોય છે. ૬૭.

अथैतदेव द्दष्टान्तेन समर्थयते-

कणयमया भावादो जायंते कुंडलादओ भावा।
अयमयया भावादो जह जायंते दु कडयादी।। १३० ।।
अण्णाणमया भावा अणाणिणो बहुविहा वि जायंते।
णाणिस्स दु णाणमया सव्वे भावा तहा होंति।। १३१ ।।

कनकमयाद्भावाज्जायन्ते कुण्डलादयो भावाः।
अयोमयकाद्भावाद्यथा जायन्ते तु कटकादयः।। १३० ।।
अज्ञानमया भावा अज्ञानिनो बहुविधा अपि जायन्ते।
ज्ञानिनस्तु ज्ञानमयाः सर्वे भावास्तथा भवन्ति।। १३१ ।।

यथा खलु पुद्गलस्य स्वयं परिणामस्वभावत्वे सत्यपि, कारणानुविधायित्वात् कार्याणां, जाम्बूनदमयाद्भावाज्जाम्बूनदजातिमनति-वर्तमाना जाम्बूनदकुण्डलादय एव

---

હવે આ અર્થને દ્દષ્ટાંતથી દ્દઢ કરે છેઃ-

જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,
પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.
ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,
પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ कनकमयात् भावात् ] સુવર્ણમય ભાવમાંથી [ कुण्डलादयः भावाः ] સુવર્ણમય કુંડળ વગેરે ભાવો [ जायन्ते ] થાય છે [ तु ] અને [ अयोमयकात् भावात् ] લોહમય ભાવમાંથી [ कटकादयः ] લોહમય કડાં વગેરે ભાવો [ जायन्ते ] થાય છે, [ तथा ] તેમ [ अज्ञानिनः ] અજ્ઞાનીને (અજ્ઞાનમય ભાવમાંથી) [ बहुविधाः अपि ] અનેક પ્રકારના [ अज्ञानमयाः भावाः ] અજ્ઞાનમય ભાવો [ जायन्ते ] થાય છે [ तु ] અને [ ज्ञानिनः ] જ્ઞાનીને (જ્ઞાનમય ભાવમાંથી) [ सर्वे ] સર્વ [ ज्ञानमयाः भावाः ] જ્ઞાનમય ભાવો [ भवन्ति ] થાય છે.

**ટીકાઃ-**જેવી રીતે પુદ્ગલ સ્વયં પરિણામસ્વભાવવાળું હોવા છતાં, કારણ જેવાં કાર્યો થતાં હોવાથી, સુવર્ણમય ભાવમાંથી, સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા એવા સુવર્ણમય કુંડળ આદિ ભાવો જ થાય પરંતુ લોખંડમય કડાં આદિ ભાવો ન થાય,

**भावा भवेयुः, न पुनः कालायसवलयादयः, कालायसमयाद्भावाच्च कालायसजातिमनतिवर्तमानाः कालायसवलयादय एव भवेयुः, न पुनर्जाम्बूनदकुण्डलादयः। तथा जीवस्य स्वयं परिणामस्वभावत्वे सत्यपि, कारणानुविधायित्वादेव कार्याणां, अज्ञानिनः स्वयमज्ञानमयाद्भावादज्ञान-जातिमनतिवर्तमाना विविधा अप्यज्ञानमया एव भावा भवेयुः, न पुनर्ज्ञानमयाः, ज्ञानिनश्च स्वयं ज्ञानमयाद्भावाज्ज्ञानजातिमनतिवर्तमानाः सर्वे ज्ञानमया एव भावा भवेयुः, न पुनरज्ञानमयाः।**

---

અને લોખંડમય ભાવમાંથી, લોખંડજાતિને નહિ ઉલ્લંઘતા એવા લોખંડમય કડાં આદિ ભાવો જ થાય પરંતુ સુવર્ણમય કુંડળ આદિ ભાવો ન થાય; તેવી રીતે જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં, કારણ જેવાં જ કાર્યો થતાં હોવાથી, અજ્ઞાનીને-કે જે પોતે અજ્ઞાનમય ભાવ છે તેને-અજ્ઞાનમય ભાવમાંથી, અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા એવા અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો જ થાય પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય, અને જ્ઞાનીને-કે જે પોતે જ્ઞાનમય ભાવ છે તેને-જ્ઞાનમય ભાવમાંથી, જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા એવા સર્વ જ્ઞાનમય ભાવો જ થાય પરંતુ અજ્ઞાનમય ભાવો ન થાય.

**ભાવાર્થઃ**-'જેવું કારણ હોય તેવું જ કાર્ય થાય છે' એ ન્યાયે જેમ લોખંડમાંથી લોખંડમય કડાં વગેરે વસ્તુઓ થાય છે અને સુવર્ણમાંથી સુવર્ણમય આભુષણો થાય છે, તેમ અજ્ઞાની પોતે અજ્ઞાનમય ભાવ હોવાથી તેને (અજ્ઞાનમય ભાવમાંથી) અજ્ઞાનમય ભાવો જ થાય છે અને જ્ઞાની પોતે જ્ઞાનમય ભાવ હોવાથી તેને (જ્ઞાનમય ભાવમાંથી) જ્ઞાનમય ભાવો જ થાય છે.

અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.

અવિરત સમ્યગ્દષ્ટિ (-જ્ઞાની) ને જોકે ચારિત્રમોહના ઉદયે ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે તોપણ તેને તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી, તે તેમને પરના નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે. તેને ક્રોધાદિક કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે-આગામી એવો બંધ કરતા નથી કે જેથી સંસારનું ભ્રમણ વધે; કારણ કે (જ્ઞાની) પોતે ઉધમી થઈને ક્રોધાદિભાવરૂપે પરિણમતો નથી અને જોકે ઉદયની બળજોરીથી પરિણમે છે તોપણ જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી; જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે તેથી તે ક્રોધાદિભાવોનો અન્ય જ્ઞેયોની માફક જ્ઞાતા જ છે, કર્તા નથી. આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે.

( अनुष्टुभ् )
**अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाम्।**
**द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।। ६८ ।।**

**अण्णाणस्स स उदओ जा जीवाणं अतच्चउवलद्धी।**
**मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणत्तं।। १३२ ।।**
**उदओ असंजमस्स दु जं जीवाणं हवेइ अविरमणं।**
**जो दु कलुसोवओगो जीवाणं सो कसाउदओ।। १३३ ।।**
**तं जाण जोगउदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो।**
**सोहणमसोहणं वा कायव्वो विरदिभावो वा।। १३४ ।।**
**एदेसु हेदुभूदेसु कम्मइयवग्गणागदं जं तु।**
**परिणमदे अट्ठविहं णाणावरणादिभावेहिं।। १३५ ।।**

---

હવે આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अज्ञानी ] અજ્ઞાની [ अज्ञानमयभावानाम् भूमिकाम् ] ( પોતાના ) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં [ व्याप्य ] વ્યાપીને [ द्रव्यकर्मनिमित्तानां भावानाम् ] ( આગામી ) દ્રવ્યકર્મનાં નિમિત્ત જે ( અજ્ઞાનાદિક ) ભાવો તેમના [ हेतुताम् एति ] હેતુપણાને પામે છે ( અર્થાત્ દ્રવ્યકર્મનાં નિમિત્તરૂપ ભાવોનો હેતુ બને છે ). ૬૮.

આ જ અર્થપાંચ ગાથાઓથી કહે છેઃ-

**અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,**
**અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨,**

**જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,**
**જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.**

**શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો**
**ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.**

**આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,**
**તે અષ્ટવિધ જ્ઞાનાવરણઇત્યાદિભાવે પરિણમે; ૧૩૫.**

**तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागदं जइया।**
**तइया दु होदि हेदू जीवो परिणामभावाणं।। १३६ ।।**

अज्ञानस्य स उदयो या जीवानामतत्त्वोपलब्धिः।
मिथ्यात्वस्य तूदयो जीवस्याश्रद्दधानत्वम्।। १३२ ।।
उदयोऽसंयमस्य तु यज्जीवानां भवेदविरमणम्।
यस्तु कलुषोपयोगो जीवानां स कषायोदयः।। १३३ ।।
तं जानीहि योगोदयं यो जीवानां तु चेष्टोत्साहः।
शोभनोऽशोभनो वा कर्तव्यो विरतिभावो वा।। १३४ ।।
एतेषु हेतुभूतेषु कार्मणवर्गणागतं यत्तु :।
परिणमतेऽष्टविधं ज्ञानावरणादिभावैः।। १३५ ।।

---

**કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,**
**આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.**

**ગાથાર્થઃ-** [ जीवानाम् ] જીવોને [ या ] જે [ अतत्त्वोपलब्धिः ] તત્ત્વનું અજ્ઞાન (અર્થાત્ વસ્તુસ્વરૂપનું અયથાર્થ-વિપરીત જ્ઞાન) છે [ सः ] તે [ अज्ञानस्य ] અજ્ઞાનનો [ उदयः ] ઉદય છે [ तु ] અને [ जीवस्य ] જીવને [ अश्रद्दधानत्वम् ] જે (તત્ત્વનું) અશ્રદ્ધાન છે તે [ मिथ्यात्वस्य ] મિથ્યાત્વનો [ उदयः ] ઉદય છે; [ तु ] વળી [ जीवानां ] જીવોને [ यद् ] જે [ अविरमणम् ] અવિરમણ અર્થાત્ અત્યાગભાવ છે તે [ असंयमस्य ] અસંયમનો [ उदयः ] ઉદય [ भवेत् ] છે [ तु ] અને [ जीवानां ] જીવોને [ यः ] જે [ कलुषोपयोगः ] મલિન (અર્થાત્ જાણપણાની સ્વચ્છતા રહિત) ઉપયોગ છે [ सः ] તે [ कषायोदयः ] કષાયનો ઉદય છે; [ तु ] વળી [ जीवानां ] જીવોને [ यः ] જે [ शोभनः अशोभनः वा ] શુભ કે અશુભ [ कर्तव्यः विरतिभावाः वा ] પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ [ चेष्टोत्साहः ] (મનવચનકાયા-આશ્રિત) ચેષ્ટાનો ઉત્સાહ છે [ तं ] તે [ योगोदयं ] યોગનો ઉદય [ जानीहि ] જાણ.

[ एतेषु ] આ (ઉદયો) [ हेतुभूतेषु ] હેતુભૂત થતાં [ यत् तु ] જે [ कार्मणवर्गणागतं ] કાર્મણવર્ગણાગત (કાર્મણવર્ગણારૂપ) પુદ્ગલદ્રવ્ય [ ज्ञानावरणादिभावैः अष्टविधं ] જ્ઞાનાવરણાદિભાવોરૂપે આઠ પ્રકારે [ परिणमते ] પરિણમે છે, [ तत् कार्मण–वर्गणागतं ] તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય [ यदा ] જ્યારે [ खलु ] ખરેખર [ जीवनिबद्धं ]

तत्खलु जीवनिबद्धं कार्मणवर्गणागतं यदा।
तदा तु भवति हेतुर्जीवः परिणामभावानाम्।। १३६ ।।

**अतत्त्वोपलब्धिरूपेण ज्ञाने स्वदमानो अज्ञानोदयः। मिथ्यात्वासंयमकषाययोगोदयाः कर्महेतवस्तन्मयाश्चत्वारो भावाः। तत्त्वाश्रद्धानरूपेण ज्ञाने स्वदमानो मिथ्यात्वोदयः, अविरमणरूपेण ज्ञाने स्वदमानोऽसंयमोदयः, कलुषोपयोगरूपेण ज्ञाने स्वदमानः कषायोदयः, शुभाशुभप्रवृत्तिनिवृत्तिव्यापाररूपेण ज्ञाने स्वदमानो योगोदयः। अथैतेषु पौद्गलिकेषु मिथ्यात्वाद्युदयेषु हेतुभूतेषु यत्पुद्गलद्रव्यं कर्मवर्गणागतं ज्ञानावरणादिभावैरष्टधा स्वयमेव परिणमते तत्खलु कर्मवर्गणागतं जीवनिबद्धं यदा स्यात्तदा जीवः स्वयमेवाज्ञानात्परात्मनोरेकत्वाध्यासेनाज्ञानमयानां तत्त्वाश्रद्धानादीनां स्वस्य परिणामभावानां हेतुर्भवति।**

---

જીવમાં બંધાય છે [ तदा तु ] ત્યારે [ जीवः ] જીવ [ परिणामभावानाम् ] (પોતાના અજ્ઞાનમય) પરિણામભાવોનો [ हेतुः ] હેતુ [ भवति ] થાય છે.

**ટીકાઃ**–તત્ત્વના અજ્ઞાનરૂપે (અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો (–સ્વાદમાં આવતો) અજ્ઞાનનો ઉદય છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો–કે જેઓ (નવાં) કર્મના હેતુઓ છે તેઓ–તે-મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે. તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે; અવિરમણરૂપે (અત્યાગભાવરૂપે) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અસંયમનો ઉદય છે; કલુષ (મલિન) ઉપયોગરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો કષાયનો ઉદય છે; શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિના વ્યાપારરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો યોગનો ઉદય છે. આ પૌદ્ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં જે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે, તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.

**ભાવાર્થઃ**–અજ્ઞાનભાવના ભેદરૂપ જે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના ઉદયો તે પુદ્ગલના પરિણામ છે અને તેમનો સ્વાદ અતત્ત્વશ્રદ્ધાનાદિરૂપે જ્ઞાનમાં આવે છે. તે ઉદયો નિમિત્તભૂત થતાં, કાર્મણવર્ગણારૂપ નવાં પુદ્ગલો સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે અને જીવ સાથે બંધાય છે; અને તે સમયે જીવ પણ સ્વયમેવ પોતાના અજ્ઞાનભાવથી અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમે છે અને એ રીતે પોતાના અજ્ઞાનમય ભાવોનું કારણ પોતે જ થાય છે.

મિથ્યાત્વાદિનો ઉદય થવો, નવાં પુદ્ગલોનું કર્મરૂપે પરિણમવું તથા બંધાવું,

जीवात्पृथग्भूत एव पुद्गलद्रव्यस्य परिणामः-

**जइ जीवेण सह च्चिय पोग्गलदव्वस्स कम्मपरिणामो।**
**एवं पोग्गलजीवा हु दो वि कम्मत्तमावण्णा।। १३७ ।।**
**एक्कस्स दु परिणामो पोग्गलदव्वस्स कम्मभावेण।**
**ता जीवभावहेदूहिं विणा कम्मस्स परिणामो।। १३८ ।।**

यदि जीवेन सह चैव पुद्गलद्रव्यस्य कर्मपरिणामः।
एवं पुद्गलजीवौ खलु द्वावपि कर्मत्वमापन्नौ।। १३७ ।।
एकस्य तु परिणामः पुद्गलद्रव्यस्य कर्मभावेन।
तज्जीवभावहेतुभिर्विना कर्मणः परिणामः।। १३८ ।।

यदि पुद्गलद्रव्यस्य तन्निमित्तभूतरागाद्यज्ञानपरिणामपरिणतजीवेन सहैव कर्म-

---

અને જીવનું પોતાના અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમવું-એ ત્રણેય એક સમયે જ થાય છે; સૌ સ્વતંત્રપણે પોતાની મેળે જ પરિણમે છે, કોઈ કોઈને પરિણમાવતું નથી.

જીવથી જુદું જ પુદ્ગલદ્રવ્યનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છેઃ-

**જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્ગલના બને,**
**તો જીવને પુદ્ગલ ઉભય પણ કર્મપણું પામે અરે ! ૧૩૭.**
**પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્ગલદ્રવ્યને,**
**જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.**

**ગાથાર્થઃ-** [ यदि ] જો [ पुद्गलद्रव्यस्य ] પુદ્ગલદ્રવ્યને [ जीवेन सह चैव ] જીવની સાથે જ [ कर्मपरिणामः ] કર્મરૂપ પરિણામ થાય છે (અર્થાત્ બન્ને ભેળાં થઈને જ કર્મરૂપે પરિણમે છે) એમ માનવામાં આવે તો [ एवं ] એ રીતે [ पुद्गलजीवौ द्वौ अपि ] પુદ્ગલ અને જીવ બન્ને [ खलु ] ખરેખર [ कर्मत्वम् आपन्नौ ] કર્મપણાને પામે. [ तु ] પરંતુ [ कर्मभावेन ] કર્મભાવે [ परिणामः ] પરિણામ તો [ पुद्गलद्रव्यस्य एकस्य ] પુદ્ગલદ્રવ્યને એકને જ થાય છે [ तत् ] તેથી [ जीवभावहेतुभिः विना ] જીવભાવરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ [ कर्मणः ] કર્મનું [ परिणामः ] પરિણામ છે.

**ટીકાઃ-**જો પુદ્ગલદ્રવ્યને, કર્મપરિણામના નિમિત્તભૂત એવા રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે જ (અર્થાત્ બન્ને ભેગાં મળીને જ), કર્મરૂપ

**परिणामो भवतीति वितर्कः, तदा पुद्गलद्रव्यजीवयोः सहभूतहरिद्रासुधयोरिव द्वयोरपि कर्मपरिणामापत्तिः। अथ चैकस्यैव पुद्गलद्रव्यस्य भवति कर्मत्वपरिणामः, ततो रागादिजीवाज्ञानपरिणामाद्धेतोः पृथग्भूत एव पुद्गलकर्मणः परिणामः।**

**पुद्गलद्रव्यात्पृथग्भूत एव जीवस्य परिणामः-**

**जीवस्स दु कम्मेण य सह परिणामा हु होंति रागादी।**
**एवं जीवो कम्मं च दो वि रागादिमावण्णा।। १३९ ।।**
**एक्कस्स दु परिणामो जायदि जीवस्स रागमादीहिं।**
**ता कम्मोदयहेदूहिं विणा जीवस्स परिणामो।। १४० ।।**

**जीवस्य तु कर्मणा च सह परिणामाः खलु भवन्ति रागादयः।**
**एवं जीवः कर्म च द्वे अपि रागादित्वमापन्ने।। १३९ ।।**

---

પરિણામ થાય છે-એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, પુદ્ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે. પરંતુ પુદ્ગલદ્રવ્યને એકને જ કર્મપણારૂપ પરિણામ તો થાય છે; તેથી જીવનું રાગાદિ-અજ્ઞાનપરિણામ કે જે કર્મનું નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્ગલકર્મનું પરિણામ છે.

**ભાવાર્થઃ**-જો પુદ્ગલદ્રવ્ય અને જીવ ભેળાં થઈને કર્મરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને કર્મરૂપ પરિણામ ઠરે. પરંતુ જીવ તો જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી; તેથી જીવનું અજ્ઞાનપરિણામ કે જે કર્મને નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્ગલદ્રવ્યનું કર્મપરિણામ છે.

પુદ્ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છેઃ-

**જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,**
**તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.**
**પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,**
**તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.**

**ગાથાર્થઃ**- [ जीवस्य तु ] જો જીવને [ कर्मणा च सह ] કર્મની સાથે જ [ रागादयः परिणामाः ] રાગાદિ પરિણામો [ खलु भवन्ति ] થાય છે ( અર્થાત્ બન્ને

एकस्य तु परिणामो जायते जीवस्य रागादिभिः।
तत्कर्मोदयहेतुभिर्विना जीवस्य परिणामः।। १४० ।।

यदि जीवस्य तन्निमित्तभूतविपच्यमानपुद्गलकर्मणा सहैव रागाद्यज्ञानपरिणामो भवतीति वितर्कः, तदा जीवपुद्गलकर्मणोः सहभूतसुधाहरिद्रयोरिव द्वयोरपि रागद्यज्ञानपरिणामापत्तिः। अथ चैकस्यैव जीवस्य भवति रागाद्यज्ञानपरिणामः, ततः पुद्गलकर्मविपाकाद्धेतोः पृथग्भूतो एव जीवस्य परिणामः।

किमात्मनि बद्धस्पृष्टं किमबद्धस्पृष्टं कर्मेति नयविभागेनाह-

जीवे कम्मं बद्धं पुट्ठं चेदि ववहारणयभणिदं।
सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवदि कम्मं।। १४१ ।।

---

ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે) એમ માનવામાં આવે [ एवं ] તો એ રીતે [ जीवः कर्म च ] જીવ અને કર્મ [ द्वे अपि ] બન્ને [ रागादित्वम् आपन्ने ] રાગાદિપણાને પામે. [ तु ] પરંતુ [ रागादिभिः परिणामः ] રાગાદિભાવે પરિણામ તો [ जीवस्य एकस्य ] જીવને એકને જ [ जायते ] થાય છે [ तत् ] તેથી [ कर्मोदयहेतुभिः विना ] કર્મોદયરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ [ जीवस्य ] જીવનું [ परिणामः ] પરિણામ છે.

**ટીકાઃ**-જો જીવને, રાગાદિ-અજ્ઞાનપરિણામના નિમિત્તભૂત એવું જે ઉદયમાં આવેલું પુદ્ગલકર્મ તેની સાથે જ (અર્થાત્ બન્ને ભેગાં મળીને જ), રાગાદિ-અજ્ઞાનપરિણામ થાય છે-એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં ફટકડી અને હળદર બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, જીવ અને પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ-અજ્ઞાનપરિણામ આવી પડે. પરંતુ જીવને એકને જ રાગાદિ-અજ્ઞાનપરિણામ તો થાય છે; તેથી પુદ્ગલકર્મનો ઉદય કે જે જીવના રાગાદિ-અજ્ઞાનપરિણામનું નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.

**ભાવાર્થઃ**-જો જીવ અને પુદ્ગલકર્મ ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને રાગાદિરૂપ પરિણામ ઠરે. પરંતુ પુદ્ગલકર્મ તો રાગાદિરૂપે (જીવરાગાદિરૂપે) કદી પરિણમી શકતું નથી; તેથી પુદ્ગલકર્મનો ઉદય કે જે રાગાદિપરિણામને નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.

'આત્મામાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ છે'-તે હવે નયવિભાગથી કહે છેઃ-

**છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ-કથિત નય વ્યવહારનું;**
**પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં-કથન છે નય શુદ્ધનું. ૧૪૧.**

जीवे कर्म बद्धं स्पृष्टं चेति व्यवहारनयभणितम्।
शुद्धनयस्य तु जीवे अबद्धस्पृष्टं भवति कर्म।। १४१ ।।

जीवपुद्गलकर्मणोरेकबन्धपर्यायत्वेन तदात्वे व्यतिरेकाभावाज्जीवे बद्धस्पृष्टं कर्मेति व्यवहारनयपक्षः। जीवपुद्गकर्मणोरनेकद्रव्यत्वेनात्यन्तव्यतिरे-काज्जीवेऽबद्धस्पृष्टं कर्मेति निश्चयनयपक्षः।

ततः किम्-

**कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।**
**पक्खादिक्कंतो पुण भण्णदि जो सो समयसारो।। १४२ ।।**

कर्म बद्धमबद्धं जीवे एवं तु जानीहि नयपक्षम्।
पक्षातिक्रान्तः पुनर्भण्यते यः स समयसारः।। १४२ ।।

---

**ગાથાર્થઃ-** [ जीवे ] જીવમાં [ कर्म ] કર્મ [ बद्धं ] (તેના પ્રદેશો સાથે) બંધાયેલું છે [ च ] તથા [ स्पृष्टं ] સ્પર્શાયેલું છે [ इति ] એવું [ व्यवहारनयभणितम् ] વ્યવહારનયનું કથન છે [ तु ] અને [ जीवे ] જીવમાં [ कर्म ] કર્મ [ अबद्धस्पृष्टं ] અણબંધાયેલું, અણસ્પર્શાયેલુ [ भवति ] છે એવું [ शुद्धनयस्य ] શુદ્ધનયનું કથન છે.

**ટીકાઃ-**જીવના અને પુદ્‌ગલકર્મના એકબંધપર્યાયપણાથી જોતાં તેમને તે કાળે ભિન્નતાનો અભાવ હોવાથી જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે એવો વ્યવહારનયનો પક્ષ છે. જીવના અને પુદ્‌ગલકર્મના અનેકદ્રવ્યપણાથી જોતાં તેમને અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે.

પણ તેથી શું? જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે, -એમ હવે ગાથામાં કહે છેઃ-

**છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;**
**પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.**

**ગાથાર્થઃ-** [ जीवे ] જીવમાં [ कर्म ] કર્મ [ बद्धम् ] બદ્ધ છે અથવા [ अबद्धं ] અબદ્ધ છે- [ एवं तु ] એ પ્રકારે તો [ नयपक्षम् ] નયપક્ષ [ जानीहि ] જાણ; [ पुनः ] પણ [ यः ] જે [ पक्षातिक्रान्तः ] પક્ષાતિક્રાંત (અર્થાત્ પક્ષને ઓળંગી ગયેલો) [ भण्यते ] કહેવાય છે [ सः ] તે [ समयसारः ] સમયસાર (અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ) છે.

**यः किल जीवे बद्धं कर्मेति यश्च जीवेऽबद्धं कर्मेति विकल्पः स द्वितयोऽपि हि नयपक्षः। य एवैनमतिक्रामति स एव सकलविकल्पातिक्रान्तः स्वयं निर्विकल्पैकविज्ञानघनस्वभावो भुत्वा साक्षात्समयसारः सम्भवति। तत्र यस्तावज्जीवे बद्धं कर्मेति विकल्पयति स जीवेऽबद्धं कर्मेति एकं पक्षमतिक्रामन्नपि न विकल्पमतिक्रामतिः यस्तु जीवेऽबद्धं कर्मेति विकल्पयति सोऽपि जीवे बद्धं कर्मेत्येकं पक्षमतिक्रामन्नपि न विकल्पमतिक्रामति; यः पुनर्जीवे बद्धमबद्धं च कर्मेति विकल्पयति स तु तं द्वितयमपि पक्षमनतिक्रामन् न विकल्पमतिक्रामति। ततो य एव समस्तनयपक्षमतिक्रामति स एव समस्तं विकल्पमतिक्रामति। य एव समस्तं विकल्पमतिक्रामति स एव समयसारं विन्दति।**

**यद्येवं तर्हि को हि नाम नयपक्षसन्न्यासभावनां न नाटयति ?**

---

**ટીકાઃ**–'જીવમાં કર્મ બદ્ધ છે' એવો જે વિકલ્પ તથા 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવો જે વિકલ્પ તે બન્ને નયપક્ષ છે. જે તે નયપક્ષને અતિક્રમે છે (–ઓળંગી જાય છે, છોડે છે), તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો પોતે નિર્વિકલ્પ, એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને સાક્ષાત્ સમયસાર થાય છે. ત્યાં (વિશેષ સમજાવવામાં આવે છે કે) –જે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી, અને જે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે પણ 'જીવમાં કર્મ બદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી; વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે' એમ વિકલ્પ કરે છે તે, તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો, વિકલ્પને અતિક્રમતો નથી. તેથી જે સમસ્ત નયપક્ષને અતિક્રમે છે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે; જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે –અનુભવે છે.

**ભાવાર્થઃ**–જીવ કર્મથી 'બંધાયો છે' તથા 'નથી બંધાયો'–એ બન્ને નયપક્ષ છે. તેમાંથી કોઈએ બંધપક્ષ પકડયો, તેણે વિકલ્પ જ ગ્રહણ કર્યો; કોઈએ અબંધ પક્ષ પકડયો, તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો; અને કોઈએ બન્ને પક્ષ પકડયા, તેણે પણ પક્ષરૂપ વિકલ્પનું જ ગ્રહણ કર્યું. પરંતુ એવા વિકલ્પોને છોડી જે કોઈ પણ પક્ષ ન પકડે તેજ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણી તે–રૂપ સમયસારને–શુદ્ધાત્માને–પામે છે. નયપક્ષ પકડવો તે રાગ છે, તેથી સમસ્ત નયપક્ષને છોડવાથી વીતરાગ સમયસાર થવાય છે.

હવે, 'જો આમ છે તો નયપક્ષના ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન

( उपेन्द्रवज्रा )

**य एव मुक्त्वा नयपक्षपातं**
**स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।**
**विकल्पजालच्युतशान्तचित्ता-**
**स्त एव साक्षादमृतं पिबन्ति।। ६९ ।।**

( उपजाति )

**एकस्य बद्धो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ७० ।।**

---

નચાવે? એમ કહીને શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાનાં ૨૩ કળશરૂપ કાવ્યો કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ ये एव ] જેઓ [ नयपक्षपातं मुक्त्वा ] નયપક્ષપાતને છોડી [ स्वरूपगुप्ताः ] ( પોતાના ) સ્વરૂપમાં ગુપ્ત થઈને [ नित्यम् ] સદા [ निवसन्ति ] રહે છે [ ते एव ] તેઓ જ, [ विकल्पजालच्युतशान्तचित्ताः ] જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા, [ साक्षात् अमृतं पिबन्ति ] સાક્ષાત્ અમૃતને પીએ છે.

**ભાવાર્થઃ-**જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય ત્યારે વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે. ૬૯.

હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે તે તત્ત્વવેદી ( તત્ત્વનો જાણનાર ) સ્વરૂપને પામે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ बद्धः ] જીવ કર્મથી બંધાયેલો છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ કર્મથી બંધાયેલો નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातो ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી ( વસ્તુસ્વરૂપનો જાણનાર ) પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ

( ઉપજાતિ )

**एकस्य मूढो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ७१ ।।**

( ઉપજાતિ )

**एकस्य रक्तो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ७२ ।।**

---

[ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે ( અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે ).

**ભાવાર્થઃ**-આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે અને જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે. એ રીતે જીવ-પદાર્થનેશુદ્ધ, નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે-આ શુદ્ધનયનો પણ પક્ષપાત ( વિકલ્પ ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે. અશુદ્ધનયની તો વાત જ શી? પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય. પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે. માટે શુદ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે. ૭૦.

**શ્લોકાર્થઃ**- [ मूढः ] જીવ મૂઢ ( મોહી ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ મૂઢ ( મોહી ) નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે, [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે ( અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે ). ૭૧.

**શ્લોકાર્થઃ**- [ रक्तः ] જીવ રાગી છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ રાગી નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ

( ઉપજાતિ )

**एकस्य दुष्टो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ७३ ।।**

( ઉપજાતિ )

**एकस्य कर्ता न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ७४ ।।**

---

[ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૨.

**શ્લોકાર્થઃ-** [ दुष्टः ] જીવ દ્વેષી છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ દ્વેષી નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૩.

**શ્લોકાર્થઃ-** [ कर्ता ] જીવ કર્તા છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ કર્તા નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्वनेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૪.

( ઉપજાતિ )

**एकस्य भोक्ता न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ७५ ।।**

( ઉપજાતિ )

**एकस्य जीवो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ७६ ।।**

( ઉપજાતિ )

**एकस्य सूक्ष्मो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ७७ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ भोक्ता ] જીવ ભોક્તા છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ ભોક્તા નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૫.

**શ્લોકાર્થઃ-** [ जीवः ] જીવ જીવ છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ જીવ નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૬.

**શ્લોકાર્થઃ-** [ सूक्ष्मः ] જીવ સૂક્ષ્મ છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ સૂક્ષ્મ નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૭.

( ઉપજાતિ )

**एकस्य हेतुर्न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ७८ ।।**

( ઉપજાતિ )

**एकस्य कार्यं न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ७९ ।।**

( ઉપજાતિ )

**एकस्य भावो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ८० ।।**

---

**શ્લોકાર્થઃ-** [ हेतुः ] જીવ હેતુ ( કારણ ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ હેતુ ( કારણ ) નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૮.

**શ્લોકાર્થઃ-** [ कार्य ] જીવ કાર્ય છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ કાર્ય નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૭૯.

**શ્લોકાર્થઃ-** [ भावः ] જીવ ભાવ છે ( અર્થાત્ ભાવરૂપ છે ) [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ ભાવ નથી ( અર્થાત્ અભાવરૂપ છે )

( उपजाति )

**एकस्य चेको न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ८१ ।।**

( उपजाति )

**एकस्य सान्तो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ८२ ।।**

---

[ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૦.

**શ્લોકાર્થઃ-** [ एकः ] જીવ એક છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે [ च ] અને [ न तथा ] જીવ એક નથી (–અનેક છે) [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૧.

**શ્લોકાર્થઃ-** [ सान्तः ] જીવ સાંત (–અંત સહિત) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ સાંત નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૨.

( ઉપજાતિ )

**एकस्य नित्यो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ८३ ।।**

( ઉપજાતિ )

**एकस्य वाच्यो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ८४ ।।**

( ઉપજાતિ )

**एकस्य नाना न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ८५ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ नित्यः ] જીવ નિત્ય છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ નિત્ય નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૩.

**શ્લોકાર્થઃ-** [ वाच्यः ] જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ વાચ્ય (-વચનગોચર) નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૪.

**શ્લોકાર્થઃ-** [ नाना ] જીવ નાનારૂપ છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ નાનારૂપ નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત

( उपजाति )

**एकस्य चेत्यो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ८६ ।।**

( उपजाति )

**एकस्य दृश्यो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ८७ ।।**

( उपजाति )

**एकस्य वेद्यो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ८८ ।।**

---

છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૫.

**શ્લોકાર્થઃ-** [ चेत्यः ] જીવ ચેત્ય (–ચેતાવાયોગ્ય) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ ચેત્ય નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૬.

**શ્લોકાર્થઃ-** [ दृश्यः ] જીવ દૃશ્ય (–દેખાવાયોગ્ય) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ દૃશ્ય નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૭.

**શ્લોકાર્થઃ-** [ वेद्यः ] જીવ વેદ્ય (–વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ વેદ્ય નથી [ परस्य ] એવો બીજા નયનો

( उपजाति )

**एकस्य भातो न तथा परस्य**
**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्त्ववेदी च्युतपक्षपात-**
**स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ८९ ।।**

( वसन्ततिलका )

**स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-**
**मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।**
**अन्तर्बहिः समरसैकरसस्वभावं**
**स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।। ९० ।।**

---

પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે. ૮૮.

**શ્લોકાર્થઃ-** [ भातः ] જીવ 'ભાત' (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે [ एकस्य ] એવો એક નયનો પક્ષ છે અને [ न तथा ] જીવ 'ભાત' નથી [ परस्य ] એવો બીજા નયનો પક્ષ છે; [ इति ] આમ [ चिति ] ચિત્સ્વરૂપ જીવ વિષે [ द्वयोः ] બે નયોના [ द्वौ पक्षपातौ ] બે પક્ષપાત છે. [ यः तत्त्ववेदी च्युतपक्षपातः ] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [ तस्य ] તેને [ नित्यं ] નિરંતર [ चित् ] ચિત્સ્વરૂપ જીવ [ खलु चित् एव अस्ति ] ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**ભાવાર્થઃ-**બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ, સૂક્ષ્મ સ્થૂલ, કારણ અકારણ, કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચેત્ય અચેત્ય, દૃશ્ય અદૃશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઇત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.

જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. ૮૯.

ઉપરના ૨૦ કળશના કથનને હવે સમેટે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ एवं ] એ પ્રમાણે [ स्वेच्छा-समुच्छलद्-अनल्प-विकल्प-जालाम् ] જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી [ महतीं ] મોટી [ नयपक्षकक्षाम् ]

( रथोद्धता )

**इन्द्रजालमिदमेवमुच्छलत्**
**पुष्कलोच्चलविकल्पवीचिभिः।**
**यस्य विस्फुरणमेव तत्क्षणं**
**कृत्स्नमस्यति तदस्मि चिन्महः।। ९१ ।।**

**पक्षातिक्रान्तस्य किं स्वरूपमिति चेत्-**

**दोण्ह वि णयाण भणिदं जाणदि णवरं तु समयपडिबद्धो।**
**ण दु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो।। १४३ ।।**

**द्वयोरपि नययोर्भणितं जानाति केवलं तु समयप्रतिबद्धः।**
**न तु नयपक्षं गृह्णाति किञ्चिदपि नयपक्षपरिहीनः।। १४३ ।।**

---

નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) [ व्यतीत्य ] ઓળંગી જઈ (तत्त्ववेदी) [ अन्तः बहिः ] અંદર અને બહાર [ समरसैकरसस्वभावं ] સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા [ अनुभूतिमात्रम् एकम् स्वं भावम् ] અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) [ उपयाति ] પામે છે. ૯૦.

હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ पुष्कल-उत्-चल-विकल्प-वीचिभिः उच्छलत् ] પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી [ इदम् एवम् कृत्स्नम् इन्द्रजालम् ] આ સમસ્ત ઇંદ્રજાળને [ यस्य विस्फुरणम् एव ] જેનું *સ્ફુરણ માત્ર જ [ तत्क्षणं ] તત્ક્ષણ [ अस्यति ] ભગાડી મૂકે છે [ तत् चिन्महः अस्मि ] તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું.

**ભાવાર્થઃ-**ચૈતન્યનો અનુભવ થતાં સમસ્ત નયોના વિકલ્પરૂપી ઇંદ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે; એવો ચિત્પ્રકાશ હું છું. ૯૧.

'પક્ષાતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે?'-એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છેઃ-

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

**ગાથાર્થઃ-** [ नयपक्षपरिहीनः ] નયપક્ષથી રહિત જીવ, [ समयप्रतिबद्धः ]

---

* સ્ફુરણ = ફરકવું તે; ધનુષ્ય-ટંકાર કરવો તે

यथा खलु भगवान्केवली श्रुतज्ञानावयवभूतयोर्व्यवहारनिश्चयनयपक्षयो: विश्वसाक्षितया केवलं स्वरूपमेव जानाति, न तु सततमुल्लसितसहजविमल-सकलकेवलज्ञानतया नित्यं स्वयमेव विज्ञानघनभूतत्वात् श्रुतज्ञानभूमिकाति-क्रान्ततया समस्तनयपक्षपरिग्रहदूरीभूतत्वात् कञ्चनापि नयपक्षं परिगृह्णाति, तथा किल य: श्रुतज्ञानावयवभूतयोर्व्यवहारनिश्चयनयपक्षयो: क्षयोपशम-विजृम्भितश्रुतज्ञानात्मकविकल्पप्रत्युद्गमनेऽपि परपरिग्रहप्रतिनिवृत्तौत्सुक्यतया स्वरूपमेव केवलं जानाति, न तु खरतरदृष्टिगृहीतसुनिस्तुषनित्योदित-चिन्मयसमयप्रतिबद्धतया तदात्वे स्वयमेव विज्ञानघनभूतत्वात् श्रुतज्ञानात्मक-समस्तान्तर्बहिर्जल्परूपविकल्पभूमिकातिक्रान्ततया समस्तनयपक्षपरिग्रहदूरी-भूतत्वात्कञ्चनापि नयपक्षं परिगृह्णाति, स खलु निखिलविकल्पेभ्य: परतर: परमात्मा ज्ञानात्मा प्रत्यग्ज्योतिरात्मख्यातिरूपोऽनुभूतिमात्र: समयसार:।

---

સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), [ द्वयो: अपि ] બન્ને [ नययो: ] નયોના [ भणितं ] કથનને [ केवलं तु ] કેવળ [ जानाति ] જાણે જ છે [ तु ] પરંતુ [ नयपक्षं ] નયપક્ષને [ किञ्चित् अपि ] જરા પણ [ न गृह्णाति ] ગ્રહણ કરતો નથી.

**ટીકા**:-જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતેજ વિજ્ઞાનઘન થયા હોઇને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઇ પણ નયપક્ષને ગ્રહતા નથી, તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત, ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવન વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઇને, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઇ પણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ અનુભૂતિમાત્ર સમયસાર છે.

**ભાવાર્થ**:-જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી (જ્ઞાતાદ્રષ્ટા) છે તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઇ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું

( स्वागता )

चित्स्वभावभरभावितभावा-
भावभावपरमार्थतयैकम्।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये समयसारमपारम्।। ९२ ।।

पक्षातिक्रान्त एव समयसार इत्यवतिष्ठते-

सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।
सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो।। १४४ ।।

सम्यग्दर्शनज्ञानमेष लभत इति केवलं व्यपदेशम्।
सर्वनयपक्षरहितो भणितो यः स समयसारः।। १४४ ।।

---

અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે. એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય; પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે; અને જ્યારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.

તે આત્મા આવો અનુભવ કરે છે એમ કળશમાં કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ चित्स्वभाव-भर-भावित-भाव-अभाव-भाव-परमार्थतया एकम् ] ચિત્સ્વભાવના પુંજ વડે જ પોતાનાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે (-કરાય છે) -એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે એવા [ अपारम् समयसारम् ] અપાર સમયસારને હું, [ समस्तां बन्धपद्धतिम् ] સમસ્ત બંધપદ્ધતિને [ अपास्य ] દૂર કરીને અર્થાત્ કર્મના ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને, [ चेतये ] અનુભવું છું.

**ભાવાર્થઃ-**નિર્વિકલ્પ અનુભવ થતાં, જેના કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી એવા સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે. ‘હું અનુભવ છું’ એવો પણ વિકલ્પ હોતો નથી-એમ જાણવું. ૯૨.

પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે-એમ હવે કહે છેઃ-

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે ‘સમયનો સાર’ છે. ૧૪૪.**

**ગાથાર્થઃ-** [ यः ] જે [ सर्वनयपक्षरहितः ] સર્વ નયપક્ષોથી રહિત [ भणितः ]

अयमेक एव केवलं सम्यग्दर्शनज्ञानव्यपदेशं किल लभते। यः खल्वखिलनयपक्षाक्षुण्णतया विश्रान्तसमस्तविकल्पव्यापारः स समयसारः। यतः प्रथमतः श्रुतज्ञानावष्टम्भेन ज्ञानस्वभावमात्मानं निश्चित्य, ततः खल्वात्मख्यातये, परख्यातिहेतूनखिलाएवेन्द्रियानिन्द्रियबुद्धीरवधार्य आत्मा-भिमुखीकृतमतिज्ञानतत्त्वः, तथा नानाविधनयपक्षालम्बनेनानेकविकल्पै-राकुलयन्तीः श्रुतज्ञानबुद्धीरप्यवधार्य श्रुतज्ञानतत्त्वमप्यात्माभिमुखीकुर्वन्नत्य-न्तमविकल्पो भूत्वा झगित्येव स्वरसत एव व्यक्तीभवन्तमादिमध्यान्तविमुक्तम-नाकुलमेकं केवलमखिलस्यापि विश्वस्योपरि तरन्तमिवाखण्डप्रतिभासमय-मनन्तं विज्ञानघनं परमात्मानं समयसारं विन्दन्नेवात्मा सम्यग्दृश्यते ज्ञायते च; ततः सम्यग्दर्शनं ज्ञानं च समयसार एव।

---

કહેવામાં આવ્યો છે [ सः ] તે [ समयसारः ] સમયસાર છે; [ एषः ] આને જ (–સમયસારને જ) [ केवलं ] કેવળ [ सम्यग्दर्शनज्ञानम् ] સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન [ इति ] એવી [ व्यपदेशम् ] સંજ્ઞા (નામ) [ लभते ] મળે છે. (નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે.)

**ટીકાઃ**–જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે; ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે.)

પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇંદ્રિયદ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન–તત્ત્વને (–મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસંમુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાન–તત્ત્વને પણ આત્મસંમુખ કરતો, અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા, આદિ–મધ્ય–અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

**ભાવાર્થઃ**–આત્માને પહેલાં આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને પછી ઇંદ્રિયબુદ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને, તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડી શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને, એક અખંડ પ્રતિભાસનો અનુભવ

( शार्दूलविक्रीडित )

**आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना**
**सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।**
**विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्**
**ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम्।। ९३ ।।**

( शार्दूलविक्रीडित )

**दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो**
**दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात्।**
**विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्**
**आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।। ९४ ।।**

---

કરવો તેજ 'સમ્યગ્દર્શન' અને 'સમ્યગ્જ્ઞાન' એવાં નામ પામે છે; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઇ અનુભવથી જાુદાં નથી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ नयानां पक्षैः विना ] નયોના પક્ષો રહિત, [ अचलं अविकल्पभावम् ] અચળ નિર્વિકલ્પભાવને [ आक्रामन् ] પામતો [ यः समयस्य सारः भाति ] જે સમયનો (આત્માનો) સાર પ્રકાશે છે [ सः एषः ] તે આ સમયસાર (શુદ્ધ આત્મા) - [ निभृतैः स्वयम् आस्वाद्यमानः ] કે જે નિભૃત (નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે (-આસ્વાદ લેવાય છે, અનુભવાય છે) તે- [ विज्ञान–एक–रसः भगवान् ] વિજ્ઞાન જ જેનો એક રસ છે એવો ભગવાન છે, [ पुण्यः पुराणः पुमान् ] પવિત્ર પુરાણ પુરુષ છે; [ ज्ञानं दर्शनम् अपि अयं ] જ્ઞાન કહો કે દર્શન કહો તે આ (સમયસાર) જ છે; [ अथवा किम् ] અથવા વધારે શું કહીએ? [ यत् किञ्चन अपि अयम् एकः ] જે કાંઈ છે તે આ એક જ છે (-માત્ર જાુદાં જાુદાં નામથી કહેવાય છે). ૯૩.

આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો તે જ્ઞાનમાં જ આવી મળે છે એમ હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ तोयवत् ] જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકું દૂર ગહન વનમાં ભમતું હોય તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના સમૂહ તરફ બળથી વાળવામાં આવે; પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને, પોતાના સમૂહમાં આવી મળે; તેવી રીતે [ अयं ] આ આત્મા [ निज–ओधात् च्युतः ] પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો [ भूरि–विकल्प–जाल–गहने दूरं भ्राम्यन् ] પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો તેને [ दूरात् एव ] દૂરથી

( अनुष्टुभ् )

**विकल्पक: परं कर्ता विकल्प: कर्म केवलम्।**
**न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।। ९५ ।।**

( रथोद्धता )

**य: करोति स करोति केवलं**
**यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।**
**य: करोति न हि वेत्ति स क्वचित्**
**यस्तु वेत्ति न करोति स क्वचित्।। ९६ ।।**

---

જ [ विवेक–निम्न–गमनात् ] વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા [ निज–ओधं बलात् नीत: ] પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો; [ तद्–एक–रसिनाम् ] કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને [ विज्ञान–एक–रस: आत्मा ] જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે એવો તે આત્મા, [ आत्मानम् आत्मनि एव आहरन् ] આત્માને આત્મામાં જ ખેંચતો થકો ( અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને ), [ सदा गतानुगतताम् आयाति ] સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.

**ભાવાર્થઃ**-જેમ જળ, જળના નિવાસમાંથી કોઇ માર્ગે બહાર નીકળી વનમાં અનેક જગ્યાએ ભમે; પછી કોઇ ઢાળવાળા માર્ગ દ્વારા, જેમ હતું તેમ પોતાના નિવાસસ્થાનમાં આવી મળે; તેવી રીતે આત્મા પણ મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળી વિકલ્પોના વનમાં ભ્રમણ કરતો થકો કોઇ ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા પોતે જ પોતાને ખેંચતો પોતાના વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે. ૯૪.

હવે કર્તાકર્મ અધિકારનો ઉપસંહાર કરતાં, કેટલાંક કળશરૂપ કાવ્યો કહે છે; તેમાં પ્રથમ કળશમાં કર્તા અને કર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ કહે છેઃ–

**શ્લોકાર્થઃ**- [ विकल्पक: परं कर्ता ] વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને [ विकल्प: केवलम् कर्म ] વિકલ્પ જ કેવળ કર્મ છે; ( બીજાં કોઈ કર્તા–કર્મ નથી; ) [ सविकल्पस्य ] જે જીવ વિકલ્પસહિત છે તેનું [ कर्तृकर्मत्वं ] કર્તાકર્મપણું [ जातु ] કદી [ नश्यति न ] નાશ પામતું નથી.

**ભાવાર્થઃ**-જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે; જ્યારે વિકલ્પનો અભાવ થાય ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે. ૯૫.

જે કરે છે તે કરે જ છે, જે જાણે છે તે જાણે જ છે–એમ હવે કહે છેઃ–

**શ્લોકાર્થઃ**- [ य: करोति स: केवलं करोति ] જે કરે છે તે કેવળ કરે જ છે

( इन्द्रवज्त्रा )

**ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः**
**ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।**
**ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने**
**ज्ञाता न कर्तेति ततः स्थितं च।। ९७ ।।**

---

[ तु ] અને [ यः वेत्ति सः तु केवलम् वेत्ति ] જે જાણે છે તે કેવળ જાણે જ છે; [ यः करोति सः क्वचित् न हि वेत्ति ] જે કરે છે તે કદી જાણતો નથી [ तु ] અને [ यः वेत्ति सः क्वचित् न करोति ] જે જાણે છે તે કદી કરતો નથી.

**ભાવાર્થઃ**-કર્તા છે તે જ્ઞાતા નથી અને જ્ઞાતા છે તે કર્તા નથી. ૯૬.

એવી જ રીતે કરવારૂપ ક્રિયા અને જાણવારૂપ ક્રિયા બન્ને ભિન્ન છે એમ હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ करोतौ अन्तः ज्ञप्तिः न हि भासते ] કરવારૂપ ક્રિયાની અંદરમાં જાણવારૂપ ક્રિયા ભાસતી નથી [ च ] અને [ ज्ञप्तौ अन्तः करोतिः न भासते ] જાણવારૂપ ક્રિયાની અંદરમાં કરવારૂપ ક્રિયા ભાસતી નથી; [ ततः ज्ञप्तिः करोतिः च विभिन्ने ] માટે જ્ઞપ્તિક્રિયા અને ' કરોતિ ' ક્રિયા બન્ને ભિન્ન છે; [ च ततः इति स्थितं ] અને તેથી એમ ઠર્યું કે [ ज्ञाता कर्ता न ] જે જ્ઞાતા છે તે કર્તા નથી.

**ભાવાર્થઃ**-'હું પરદ્રવ્યને કરું છું' એમ જ્યારે આત્મા પરિણમે છે ત્યારે તો કર્તાભાવરૂપ પરિણમનક્રિયા કરતો હોવાથી અર્થાત્ ' કરોતિ ' ક્રિયા કરતો હોવાથી કર્તા જ છે અને જ્યારે ' હું પરદ્રવ્યને જાણું છું ' એમ પરિણમે છે ત્યારે જ્ઞાતાભાવે પરિણમતો હોવાથી અર્થાત્ જ્ઞપ્તિક્રિયા કરતો હોવાથી જ્ઞાતા જ છે.

અહીં કોઈ પૂછે છે કે અવિરત-સમ્યગ્દ્રષ્ટિ આદિને જ્યાં સુધી ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તે કષાયરૂપે પરિણમે છે તો તેને કર્તા કહેવાય કે નહિ? તેનું સમાધાનઃ- અવિરત-સમ્યગ્દ્રષ્ટિ વગેરેને શ્રદ્ધા-જ્ઞાનમાં પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી; કષાયરૂપ પરિણમન છે તે ઉદયની બળજોરીથી છે; તેનો તે જ્ઞાતા છે; તેથી અજ્ઞાન સંબંધી કર્તાપણું તેને નથી. નિમિત્તની બળજોરીથી થતા પરિણમનનું ફળ કિંચિત્ હોય છે તે સંસારનું કારણ નથી. જેમ વૃક્ષની જડ કાપ્યા પછી તે વૃક્ષ કિંચિત્ કાળ રહે અથવા ન રહે-ક્ષણે ક્ષણે તેનો નાશ જ થતો જાય છે, તેમ અહીં સમજવું. ૯૭.

( शार्दूलविक्रीडित )

**कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि**
**द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।**
**ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-**
**र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।। ९८ ।।**

**अथवा नानट्यतां, तथापि-**

( मन्दाक्रान्ता )

**कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव**
**ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।**
**ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथोच्चै-**
**श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।। ९९ ।।**

---

ફરીને એ જ વાતને દ્રઢ કરે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ कर्ता कर्मणि नास्ति, कर्म तत् अपि नियतं कर्तरि नास्ति ] કર્તા નક્કી કર્મમાં નથી, અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી– [ यदि द्वन्द्वं विप्रतिषिध्यते ] એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે [ तदा कर्तृकर्मस्थितिः का ] તો કર્તાકર્મની સ્થિતિ શી? (અર્થાત્ જીવ–પુદ્ગલને કર્તાકર્મપણું ન જ હોય શકે.) [ ज्ञाता ज्ञातरि, कर्म सदा कर्मणि ] આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે [ इति वस्तुस्थितिः व्यक्ता ] એવી વસ્તુસ્થિતિ પ્રગટ છે [ तथापि बत ] તોપણ અરે! [ नेपथ्ये एषः मोहः किम् रभसा नानटीति ] નેપથ્યમાં આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે? (એમ આચાર્યને ખેદ અને આશ્ચર્ય થાય છે.)

**ભાવાર્થઃ-**કર્મ તો પુદ્ગલ છે, તેનો કર્તા જીવને કહેવામાં આવે તે અસત્ય છે. તે બન્નેને અત્યંત ભેદ છે, જીવ પુદ્ગલમાં નથી અને પુદ્ગલ જીવમાં નથી; તો પછી તેમને કર્તાકર્મભાવ કેમ હોઈ શકે? માટે જીવ તો જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે, પુદ્ગલકર્મનો કર્તા નથી; અને પુદ્ગલકર્મ છે તે પુદ્ગલ જ છે, જ્ઞાતાનું કર્મ નથી. આચાર્યે ખેદપૂર્વક કહ્યું છે કે–આમ પ્રગટ ભિન્ન દ્રવ્યો છે તોપણ 'હું કર્તા છું અને આ પુદ્ગલ મારું કર્મ છે' એવો અજ્ઞાનીનો આ મોહ (–અજ્ઞાન) કેમ નાચે છે? ૯૮.

અથવા જો મોહ નાચે છે તો ભલે નાચો; તથાપિ વસ્તુસ્વરૂપ તો જેવું છે તેવું જ છે–એમ હવે કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ अचलं ] અચળ, [ व्यक्तं ] વ્યક્ત અને [ चित्–शक्तीनां निकर–
भरतः

**इति जीवाजीवौ कर्तृकर्मवेषविमुक्तौ निष्क्रान्तौ।**

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ कर्तृकर्मप्ररूपकः द्वितीयोऽङ्कः।।**

---

अत्यन्त–गम्भीरम् ] ચિત્શક્તિઓના (-જ્ઞાનના અવિભાગપરિચ્છેદોના) સમૂહના ભારથી અત્યંત ગંભીર [ एतत् ज्ञानज्योतिः ] આ જ્ઞાનજ્યોતિ [ अन्तः ] અંતરંગમાં [ उच्चैः ] ઉગ્રપણે [ तथा ज्वलितम् ] એવી રીતે જાજ્વલ્યમાન થઈ કે- [ यथा कर्ता कर्ता न भवति ] આત્મા અજ્ઞાનમાં કર્તા થતો હતો તે હવે કર્તા થતો નથી અને [ कर्म कर्म अपि न एव ] અજ્ઞાનના નિમિત્તે પુદ્ગલ કર્મરૂપ થતું હતું તે કર્મરૂપ થતું નથી; [ यथा ज्ञानं ज्ञानं भवति च ] વળી જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે અને [ पुद्गलः पुद्गलः अपि ] પુદ્ગલ પુદ્ગલરૂપ જ રહે છે.

**ભાવાર્થઃ**-આત્મા જ્ઞાની થાય ત્યારે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ પરિણમે છે, પુદ્ગલકર્મનો કર્તા થતું નથી; વળી પુદ્ગલ પુદ્ગલ જ રહે છે, કર્મરૂપે પરિણમતું નથી. આમ યથાર્થ જ્ઞાન થયે બન્ને દ્રવ્યના પરિણામને નિમિત્તનૈમિત્તિકભાવ થતો નથી. આવું જ્ઞાન સમ્યગ્દષ્ટિને હોય છે. ૯૯.

**ટીકાઃ**-આ પ્રમાણે જીવ અને અજીવ કર્તાકર્મનો વેશ છોડીને બહાર નીકળી ગયા.

**ભાવાર્થઃ**-જીવ અને અજીવ બન્ને કર્તા-કર્મનો વેશ ધારણ કરી એક થઈને રંગભૂમિમાં દાખલ થયા હતા. સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ દેખનારું છે તેણે જ્યારે તેમનાં જુદાં જુદાં લક્ષણથી એમ જાણી લીધું કે તેઓ એક નથી પણ બે છે, ત્યારે તેઓ વેશ દૂર કરી રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા. બહુરૂપીનું એવું પ્રવર્તન હોય છે કે દેખનાર જ્યાં સુધી ઓળખે નહિ ત્યાં સુધી ચેષ્ટા કર્યા કરે, પરંતુ જ્યારે યથાર્થ ઓળખી લે ત્યારે નિજ રૂપ પ્રગટ કરી ચેષ્ટા કરવી છોડી દે. તેવી રીતે અહીંપણ જાણવું.

જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય બણૈ કરતા સો,
તાકરિ બંધન આન તણૂં ફલ લે સુખ દુઃખ ભવાશ્રમવાસો;
જ્ઞાન ભયે કરતા ન બને તબ બંધ ન હોય ખુલૈ પરપાસો,
આતમમાંહિ સદા સુવિલાસ કરૈ સિવ પાય રહૈ નિતિ થાસો.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં કર્તાકર્મનો પ્રરૂપક બીજો અંક સમાપ્ત થયો.

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

卐 –૩– 卐

卐 પુણ્ય–પાપ અધિકાર 卐

卐 卐

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

**अथैकमेव कर्म द्विपात्रीभूय पुण्यपापरूपेण प्रविशति-**

(द्रुतविलम्बित)

**तदथ कर्म शुभाशुभभेदतो**
**द्वितयतां गतमैक्यमुपानयन्।**
**ग्लपितनिर्भरमोहरजा अयं**
**स्वयमुदेत्यवबोधसुधाप्लवः।। १०० ।।**

---

પુણ્ય–પાપ બન્ને કરમ, બંધરૂપ દુર માની;
શુદ્ધાત્મા જેણે લહ્યો, નમું ચરણ હિત જાણી.

પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય–પાપરૂપે પ્રવેશ કરે છે.'

જેમ નૃત્યના અખાડામાં એક જ પુરુષ પોતાને બે રૂપે બતાવી નાચતો હોય તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે અને એક જ જાણે છે, તેવી રીતે જોકે કર્મ એક જ છે તોપણ પુણ્ય–પાપના ભેદે બે પ્રકારનાં રૂપ કરી નાચે છે તેને, સમ્યગ્દ્રષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે. તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની શરૂઆતમાં ટીકાકાર કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ अथ ] હવે (કર્તાકર્મ અધિકાર પછી), [ शुभ–अशुभ–भेदतः ] શુભ અને અશુભના ભેદને લીધે [ द्वितयतां गतम् तत् कर्म ] બે–પણાને પામેલા તે કર્મને [ ऐक्यम् उपानयन् ] એકરૂપ કરતો, [ ग्लपित–निर्भर–मोहरजा ] જેણે અત્યંત મોહરજને દૂર કરી છે એવો [ अयं अवबोध–सुधाप्लवः ] આ (પ્રત્યક્ષ–અનુભવગોચર) જ્ઞાન–સુધાંશુ (સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા) [ स्वयम् ] સ્વયં [ उदेति ] ઉદય પામે છે.

( मन्दाक्रान्ता )

**एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-**
**दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।**
**द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शुद्रिकायाः**
**शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।। १०१ ।।**

**कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं।**
**कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।। १४५ ।।**

---

**ભાવાર્થઃ**-અજ્ઞાનથી એક જ કર્મ બે પ્રકારનું દેખાતું હતું તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું. જ્ઞાનમાં મોહરૂપી રજ લાગી રહી હતી તે દૂર કરવામાં આવી ત્યારે યથાર્થ જ્ઞાન થયું; જેમ ચંદ્રને વાદળાં તથા ધુમ્મસનું પટલ આડું આવે ત્યારે યથાર્થ પ્રકાશ થતો નથી પરંતુ આવરણ દૂર થતાં ચંદ્ર યથાર્થ પ્રકાશે છે, તેવી રીતે અહીં પણ જાણવું. ૧૦૦.

હવે પુણ્ય-પાપના સ્વરૂપના દ્રષ્ટાંતરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** (શૂદ્રાણીના એકીસાથે જન્મેલા બે પુત્રોમાંથી એક બ્રાહ્મણને ત્યાં ઊછર્યો અને બીજો શૂદ્રના ઘેર જ રહ્યો.) [ एकः ] એક તો [ ब्राह्मणत्व-अभिमानात् ] ‘હું બ્રાહ્મણ છું’ એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે [ मदिरां ] મદિરાને [ दूरात् ] દૂરથી જ [ त्यजति ] છોડે છે અર્થાત્ સ્પર્શતો પણ નથી; [ अन्यः ] બીજો [ अहम् स्वयम् शूद्रः इति ] ‘હુ પોતે શૂદ્ર છું’ એમ માનીને [ तथा एव ] મદિરાથી જ [ नित्यं ] નિત્ય [ स्नाति ] સ્નાન કરે છે અર્થાત્ તેને પવિત્ર ગણે છે [ एतौ द्वौ अपि ] આ બન્ને પુત્રો [ शूद्रिकायाः उदरात् युगपत् निर्गतौ ] શૂદ્રાણીના ઉદયથી એકીસાથે જન્મ્યા છે તેથી [ साक्षात् शूद्रौ ] (પરમાર્થે) બન્ને સાક્ષાત્ શૂદ્ર છે, [ अपि च ] તોપણ [ जातिभेद-भ्रमेण ] જાતિભેદના ભ્રમ સહિત [ चरतः ] તેઓ પ્રવર્તે છે-આચરણ કરે છે. (આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું.)

**ભાવાર્થઃ**-પુણ્ય-પાપ અને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી બન્ને બંધરૂપ જ છે. વ્યવહારદ્રષ્ટિએ ભ્રમને લીધે તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી, સારું અને ખરાબ-એમ બે પ્રકારે તેઓ દેખાય છે. પરમાર્થદ્રષ્ટિ તો તેમને એકરૂપ જ, બંધરૂપ જ, ખરાબ જ જાણે છે. ૧૦૧.

હવે શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છેઃ-

**છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને !**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે ? ૧૪૫.**

कर्म अशुभं कुशीलं शुभकर्म चापि जानीथ सुशीलम्।
कथं तद्भवति सुशीलं यत्संसारं प्रवेशयति।। १४५ ।।

**शुभाशुभजीवपरिणामनिमित्तत्वे सति कारणभेदात्, शुभाशुभपुद्गलपरिणाममयत्वे सति स्वभावभेदात्, शुभाशुभफलपाकत्वे सत्यनुभवभेदात्, शुभाशुभमोक्षबन्धमार्गाश्रितत्वे सत्याश्रयभेदात् चैकमपि कर्म किञ्चिच्छुभं किञ्चिदशुभमिति केषाञ्चित्किल पक्षः। स तु सप्रतिपक्षः। तथाहि-शुभोऽशुभो वा जीवपरिणामः केवलाज्ञानमयत्वादेकः, तदेकत्वे सति कारणाभेदात् एकं कर्म। शुभोऽशुभो वा पुद्गलपरिणामः केवलपुद्गलमयत्वादेकः, तदेकत्वे सति स्वभावाभेदादेकं कर्म। शुभोऽशुभो वा फलपाकः केवलपुद्गलमयत्वादेकः, तदेकत्वे सत्यनुभवाभेदादेकं कर्म। शुभाशुभौ मोक्षबन्धमार्गौ**

---

**ગાથાર્થઃ-** [ अशुभं कर्म ] અશુભ કર્મ [ कुशीलं ] કુશીલ છે (-ખરાબ છે) [ अपि च ] અને [ शुभकर्म ] શુભ કર્મ [ सुशीलम् ] સુશીલ છે (-સારું છે) એમ [ जानीथ ] તમે જાણો છો! [ तत् ] તે [ सुशीलं ] સુશીલ [ कथं ] કેમ [ भवति ] હોય [ यत् ] કે જે [ संसारं ] (જીવને) સંસારમાં [ प्रवेशयति ] પ્રવેશ કરાવે છે?

**ટીકાઃ-**કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી અને કોઈ કર્મને અશુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી કર્મના કારણમાં ભેદ-તફાવત છે (અર્થાત્ કારણ જુદાં જુદાં છે); કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય અને કોઈ કર્મ અશુભ પુદ્‌ગલપરિણામમય હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ છે; કોઈ કર્મનો શુભ ફળરૂપે અને કોઈ કર્મનો અશુભફળરૂપે વિપાક થતો હોવાથી કર્મના અનુભવમાં (-સ્વાદમાં) ભેદ છે; કોઈ કર્મ શુભ (સારા) એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી અને કોઈ કર્મ અશુભ (ખરાબ) એવા બંધમાર્ગને આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ છે. માટે-જોકે (પરમાર્થે) કર્મ એક જ છે તોપણ-કેટલાકને એવો પક્ષ છે કે કોઈ કર્મ શુભ છે અને કોઈ કર્મ અશુભ છે. પરંતુ તે (પક્ષ) પ્રતિપક્ષ સહિત છે. તે પ્રતિપક્ષ (અર્થાત્ વ્યવહારપક્ષનો નિષેધ કરનાર નિશ્ચયપક્ષ) આ પ્રમાણે છેઃ-

શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ પુદગલપરિણામ કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના અનુભવમાં (-સ્વાદમાં) ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી અને અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ તો કેવળપુદગલમય હોવાથી તેઓ અનેક (-જુદાં

**तु प्रत्येकं केवलजीवपुद्गलमयत्वादनेकौ, तदनेकत्वे सत्यपि केवलपुद्गलमयबन्धमार्गाश्रितत्वेनाश्रयाभेदादेकं कर्म।**

---

જુદાં, બે ) છે; તેઓ અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્‌ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે.

**ભાવાર્થઃ**-કોઈ કર્મ તો અરહંતાદિમાં ભક્તિ-અનુરાગ, જીવો પ્રત્યે અનુકંપાના પરિણામ, મંદ કષાયથી ચિત્તની ઉજ્જ્વળતા ઇત્યાદિ શુભ પરિણામોના નિમિત્તે થાય છે અને કોઈ કર્મ તીવ્ર ક્રોધાદિક અશુભ લેશ્યા, નિર્દયપણું, વિષયાસક્તિ, દેવ-ગુરુ આદિ પુજ્ય પુરુષો પ્રત્યે વિનયભાવે ન પ્રવર્તવું ઇત્યાદિ અશુભ પરિણામોના નિમિત્તથી થાય છે; આમ હેતુનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. શાતાવેદનીય, શુભ-આયુ, શુભનામ અને શુભગોત્ર-એ કર્મોના પરિણામ ( -પ્રકૃતિ વગેરે- ) માં તથા ચાર ઘાતિકર્મો, અશાતાવેદનીય, અશુભ-આયુ, અશુભનામ, અશુભગોત્ર-એ કર્મોના પરિણામ ( -પ્રકૃતિ વગેરેમાં- ) માં ભેદ છે; -આમ સ્વભાવનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે અને કોઈ કર્મના ફળનો અનુભવ દુઃખરૂપ છે; આમ અનુભવનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. કોઈ કર્મ મોક્ષમાર્ગનેઆશ્રિત છે ( અર્થાત્ મોક્ષમાર્ગમાં બંધાય છે ) અને કોઈ કર્મ બંધમાર્ગના આશ્રયે છે; આમ આશ્રયનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. આ પ્રમાણે હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય-એ ચાર પ્રકારે કર્મમાં ભેદ હોવાથી કોઈ કર્મ શુભ છે અને કોઈ અશુભ છે એમ કેટલાકનો પક્ષ છે.

હવે એ ભેદપક્ષનો નિષેધ કરવામાં આવે છેઃ-જીવના શુભ અને અશુભ પરિણામ બન્ને અજ્ઞાનમય છે તેથી કર્મનો હેતુ એક અજ્ઞાન જ છે; માટે કર્મ એક જ છે. શુભ અને અશુભ પુદ્‌ગલપરિણામો બન્ને પુદ્‌ગલમય જ છે તેથી કર્મનો સ્વભાવ એક પુદ્‌ગલપરિણામરૂપ જ છે; માટે કર્મ એક જ છે. સુખરૂપ અને દુઃખરૂપ અનુભવ બન્ને પુદ્‌ગલમય જ છે તેથી કર્મનો અનુભવ એક પુદ્‌ગલમય જ છે; માટે કર્મ એક જ છે. મોક્ષમાર્ગ અને બંધમાર્ગમાં, મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય જ છે અને બંધમાર્ગ કેવળ પુદ્‌ગલના પરિણામમય જ છે તેથી કર્મનો આશ્રય કેવળ બંધમાર્ગ જ છે ( અર્થાત્ કર્મ એક બંધમાર્ગના આશ્રયે જ થાય છે-મોક્ષમાર્ગમાં થતા નથી ); માટે કર્મ એક જ છે.

આ પ્રમાણે કર્મના શુભાશુભ ભેદના પક્ષને ગૌણ કરી તેનો નિષેધ કર્યો; કારણ કે અહીં અભેદપક્ષ પ્રધાન છે, અને અભેદપક્ષથી જોવામાં આવેતો કર્મ એક જ છે-બે નથી.

( उपजाति )

**हेतुस्वभावानुभवाश्रयाणां**
**सदाप्यभेदान्न हि कर्मभेदः।**
**तद्बन्धमार्गाश्रितमेकमिष्टं**
**स्वयं समस्तं खलु बन्धहेतुः।। १०२ ।।**

**अथोभयं कर्माविशेषेण बन्धहेतुं साधयति-**

**सोवण्णियं पि णियलं बंधदि कालायसं पि जह पुरिसं।**
**बंधदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं।। १४६ ।।**

**सौवर्णिकमपि निगलं बध्नाति कालायसमपि यथा पुरुषम्।**
**बध्नात्येवं जीवं शुभमशुभं वा कृतं कर्म।। १४६ ।।**

**शुभमशुभं च कर्माविशेषेणैव पुरुषं बध्नाति, बन्धत्वाविशेषात्, काञ्चनकालायस-**

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ हेतु-स्वभाव-अनुभव-आश्रयाणां ] હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય-એ ચારનો (અર્થાત્ એ ચાર પ્રકારે) [ सदा अपि ] સદાય [ अभेदात् ] અભેદ હોવાથી [ न हि कर्मभेदः ] કર્મમાં નિશ્ચયથી ભેદ નથી; [ तद् समस्तं स्वयं ] માટે સમસ્ત કર્મ પોતે [ खलु ] નિશ્ચયથી [ बन्धमार्ग-आश्रितम् ] બંધમાર્ગને આશ્રિત હોવાથી અને [ बन्धहेतुः ] બંધનું કારણ હોવાથી, [ एकम् इष्टं ] કર્મ એક જ માનવામાં આવ્યું છે-એક જ માનવું યોગ્ય છે. ૧૦૨.

હવે, (શુભ-અશુભ) બન્ને કર્મો અવિશેષપણે (કાંઈ તફાવત વિના) બંધના કારણ છે એમ સિદ્ધ કરે છેઃ-

**જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,**
**એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ सौवर्णिकम् ] સુવર્ણની [ निगलं ] બેડી [ अपि ] પણ [ पुरुषम् ] પુરુષને [ बध्नाति ] બાંધે છે અને [ कालायसम् ] લોખંડની [ अपि ] પણ બાંધે છે, [ एवं ] તેવી રીતે [ शुभम् वा अशुभम् ] શુભ તેમ જ અશુભ [ कृतं कर्म ] કરેલું કર્મ [ जीवं ] જીવને [ बध्नाति ] (અવિશેષપણે) બાંધે છે.

**ટીકાઃ-**જેમ સુવર્ણની અને લોખંડની બેડી કાંઈ પણ તફાવત વિના પુરુષને બાંધે છે કારણ કે બંધનપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી, તેવી રીતે શુભ

निगलवत्।

अथोभयं कर्म प्रतिषेधयति-

**तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व संसग्गं।**
**साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण।। १४७ ।।**

तस्मात्तु कुशीलाभ्यां च रागं मा कुरुत मा वा संसर्गम्।
स्वाधीनो हि विनाशः कुशीलसंसर्गरागेण।। १४७ ।।

कुशीलशुभाशुभकर्मभ्यां सह रागसंसर्गौ प्रतिषिद्धौ, बन्धहेतुत्वात्, कुशीलमनोरमामनोरमकरेणुकुट्टनीरागसंसर्गवत्।

अथोभयं कर्म प्रतिषेध्यं स्वयं दृष्टान्तेन समर्थयते-

---

અને અશુભ કર્મ કાંઈ પણ તફાવત વિના પુરુષને (-જીવને) બાંધે છે કારણ કે બંધપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી.

હવે બન્ને કર્મોનો નિષેધ કરે છેઃ-

**તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,**
**છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.**

**ગાથાર્થઃ-** [ तस्मात् तु ] માટે [ कुशीलाभ्यां ] એ બન્ને કુશીલો સાથે [ रागं ] રાગ [ मा कुरुत ] ન કરો [ वा ] અથવા [ संसर्गम् च ] સંસર્ગ પણ [ मा ] ન કરો [ हि ] કારણ કે [ कुशीलसंसर्गरागेण ] કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી [ स्वाधीनः विनाशः ] સ્વાધીનતાનો નાશ થાય છે (અથવા તો પોતાનો ઘાત પોતાથી જ થાય છે).

**ટીકાઃ-**જેમ કુશીલ (ખરાબ) એવી મનોરમ અને અમનોરમ હાથણીરૂપ કૂટણી સાથે રાગ અને સંસર્ગ (હાથીને) બંધના કારણ થાય છે તેવી રીતે કુશીલ એવાં શુભ અને અશુભ કર્મ સાથે રાગ અને સંસર્ગ બંધનાં કારણ હોવાથી, શુભાશુભ કર્મો સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે.

હવે, બન્ને કર્મ નિષેધવાયોગ્ય છે એ વાતનું ભગવાન કુંદકુંદાચાર્ય પોતે જ દૃષ્ટાંતથી સમર્થન કરે છેઃ-

जह णाम को वि पुरिसो कुच्छियसीलं जणं वियाणित्ता।
वज्जेदि तेण समयं संसग्गं रागकरणं च।। १४८ ।।
एमेव कम्मपयडीसीलसहावं च कुच्छिदं णादुं।
वज्जंति परिहरंति य तस्संसग्गं सहावरदा।। १४९ ।।

यथा नाम कोऽपि पुरुषः कुत्सितशीलं जनं विज्ञाय।
वर्जयति तेन समकं संसर्गं रागकरणं च।। १४८ ।।
एवमेव कर्मप्रकृतिशीलस्वभावं च कुत्सितं ज्ञात्वा।
वर्जयन्ति परिहरन्ति च तत्संसर्गं स्वभावरताः।। १४९ ।।

यथा खलु कुशलः कश्चिद्वनहस्ती स्वस्य बन्धाय उपसर्प्पन्तीं चटुलमुखीं मनोरमाममनोरमां वा करेणुकुट्टनीं तत्त्वतः कुत्सितशीलां विज्ञाय तया सह रागसंसर्गौ प्रतिषेधयति, तथा किलात्माऽरागो ज्ञानी स्वस्य बन्धाय उपसर्प्पन्तीं मनोरमाममनोरमां

---

જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,
સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮.

એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,
નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯.

**ગાથાર્થઃ-** [ यथा नाम ] જેમ [ कोऽपि पुरुषः ] કોઈ પુરુષ [ कुत्सितशीलं ] કુત્સિત શીલવાળા અર્થાત્ ખરાબ સ્વભાવવાળા [ जनं ] પુરુષને [ विज्ञाय ] જાણીને [ तेन समकं ] તેની સાથે [ संसर्गं च रागकरणं ] સંસર્ગ અને રાગ કરવો [ वर्जयति ] છોડી દે છે, [ एवम् एव च ] તેવી જ રીતે [ स्वभावरताः ] સ્વભાવમાં રત પુરુષો [ कर्मप्रकृतिशीलस्वभावं ] કર્મપ્રકૃતિના શીલ-સ્વભાવને [ कुत्सितं ] કુત્સિત અર્થાત્ ખરાબ [ ज्ञात्वा ] જાણીને [ तत्संसर्गं ] તેની સાથે સંસર્ગ [ वर्जयन्ति ] છોડી દે છે [ परिहरन्ति च ] અને રાગ છોડી દે છે.

**ટીકાઃ-**જેમ કોઈ કુશળ વન-હસ્તી પોતાના બંધને માટે સમીપ આવતી સુંદર મુખવાળી મનોરમ કે અમનોરમ હાથણીરૂપી કૂટણીને પરમાર્થે બૂરી જાણીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી. તેવી રીતે આત્મા અરાગી જ્ઞાની થયો થકો પોતાના બંધને માટે સમીપ આવતી ( ઉદયમાં આવતી ) મનોરમ કે અમનોરમ

**वा सर्वामपि कर्मप्रकृतिं तत्त्वत: कुत्सितशीलां विज्ञाय तया सह रागसंसर्गौ प्रतिषेधयति।**

**अथोभयं कर्म बन्धहेतुं प्रतिषेध्यं चागमेन साधयति-**

**रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।**
**एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज।। १५० ।।**

**रक्तो बध्नाति कर्म मुच्यते जीवो विरागसम्प्राप्त:।**
**एषो जिनोपदेश: तस्मात् कर्मसु मा रज्यस्व।। १५० ।।**

**य: खलु रक्तोऽवश्यमेव कर्म बध्नीयात् विरक्त एव मुच्येतेत्ययमागम: स सामान्येन रक्तत्वनिमित्तत्वाच्छुभमशुभमुभयं कर्माविशेषेण बन्धहेतुं साधयति, तदुभय-**

---

(શુભ કે અશુભ) -બધીયે કર્મપ્રકૃતિને પરમાર્થે બૂરી જાણીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.

**ભાવાર્થઃ**-હાથીને પકડવા હાથણી રાખવામાં આવે છે; હાથી કામાંધ થયો થકો તે હાથણીરૂપી કૂટણી સાથે રાગ તથા સંસર્ગ કરે છે તેથી પકડાઇ જઇને પરાધીન થઇને દુઃખ ભોગવે છે, અને જો ચતુર હાથી હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી; તેવી રીતે અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને સારી સમજીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરે છે તેથી બંધમાં પડી પરાધીન થઇને સંસારનાં દુઃખ ભોગવે છે, અને જો જ્ઞાની હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.

હવે, બન્ને કર્મો બંધના કારણ છે અને નિષેધવાયોગ્ય છે એમ આગમથી સિદ્ધ કરે છેઃ-

**જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,**
**-એ જિન તણો ઉપદેશ તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.**

**ગાથાર્થઃ**- [ रक्त: जीव: ] રાગી જીવ [ कर्म ] કર્મ [ बध्नाति ] બાંધે છે અને [ विरागसम्प्राप्त: ] વૈરાગ્યને પામેલો જીવ [ मुच्यते ] કર્મથી છૂટે છે- [ एष: ] આ [ जिनोपदेश: ] જિનભગવાનનો ઉપદેશ છે; [ तस्मात् ] માટે (હે ભવ્ય જીવ!) તું [ कर्मसु ] કર્મોમાં [ मा रज्यस्व ] પ્રીતિ-રાગ ન કર.

**ટીકાઃ**-"રક્ત અર્થાત્ રાગી અવશ્ય કર્મ બાંધે અને વિરક્ત અર્થાત્ વિરાગી જ કર્મથી છૂટે" એવું જે આ આગમવચન છે તે, સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે બંધના કારણ તરીકે સિદ્ધ

मपि कर्म प्रतिषेधयति च।

( स्वागता )

कर्म सर्वमपि सर्वविदो यद्
बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं
ज्ञानमेव विहितं शिवहेतुः।। १०३ ।।

( शिखरिणी )

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।। १०४ ।।

---

કરે છે અને તેથી બન્ને કર્મને નિષેધે છે.

આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ यद् ] કારણ કે [ सर्वविदः ] સર્વજ્ઞદેવો [ सर्वम् अपि कर्म ] સમસ્ત ( શુભ તેમ જ અશુભ ) કર્મને [ अविशेषात् ] અવિશેષપણે [ बन्धसाधनम् ] બંધનું સાધન ( કારણ ) [ उशन्ति ] કહે છે [ तेन ] તેથી ( એમ સિદ્ધ થયું કે સર્વજ્ઞદેવોએ ) [ सर्वम् अपि तत् प्रतिषिद्धं ] સમસ્ત કર્મને નિષેધ્યું છે અને [ ज्ञानम् एव शिवहेतुः विहितं ] જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. ૧૦૩.

જો સમસ્ત કર્મ નિષેધવામાં આવ્યું છે તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું તે હવેના કળશમાં કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ सुकृतदुरिते सर्वस्मिन् कर्माणि किल निषिद्धे ] શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ-એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને [ नैष्कर्म्ये प्रवृत्ते ] એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, [ मुनयः खलु अशरणाः न सन्ति ] મુનિઓ કાંઈ અશરણ નથી; [ तदा ] ( કારણ કે ) જ્યારે નિષ્કર્મ અવસ્થા ( निवृत्तिઅવસ્થા ) પ્રવર્તે છે ત્યારે [ ज्ञाने प्रतिचरितम् ज्ञानं हि ] જ્ઞાનમાં આચરણ કરતું-રમણ કરતું-પરિણમતું જ્ઞાન જ [ एषां ] તે મુનિઓને [ शरणं ] શરણ છે; [ एते ] તેઓ [ तत्र निरताः ] તે જ્ઞાનમાં લીન થયા થકા [ परमम् अमृतं ] પરમ અમૃતને [ स्वयं ] પોતે [ विन्दन्ति ] અનુભવે છે-આસ્વાદે છે.

**ભાવાર્થઃ-**' સુકૃત કે દુષ્કૃત-બન્નેનો નિષેધ કરવામાં આવ્યો છે તો પછી

अथ ज्ञानं मोक्षहेतुं साधयति-

**परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी।**
**तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं।। १५१ ।।**
परमार्थः खलु समयः शुद्धो यः केवली मुनिर्ज्ञानी।
तस्मिन् स्थिताः स्वभावे मुनयः प्राप्नुवन्ति निर्वाणम्।। १५१ ।।

**ज्ञानं हि मोक्षहेतुः, ज्ञानस्य शुभाशुभकर्मणोरबन्धहेतुत्वे सति मोक्षहेतुत्वस्य तथोपपत्तेः। तत्तु सकलकर्मादिजात्यन्तरविविक्तचिज्जातिमात्रः परमार्थ आत्मेति यावत्। स तु युगपदेकीभावप्रवृत्तज्ञानगमनमयतया समयः, सकलनयपक्षासङ्कीर्णैकज्ञानतया शुद्धः,**

---

મુનિઓને કંઈ પણ કરવાનું નહિ રહેવાથી તેઓ મુનિપણું શાના આશ્રયે, શા આલંબન વડે પાળી શકે?'–એમ કોઈને શંકા થાય તો તેનું સમાધાન આચાર્યદેવે કર્યું છે કેઃ–સર્વ કર્મનો ત્યાગ થયે જ્ઞાનનું મહા શરણ છે. તે જ્ઞાનમાં લીન થતાં સર્વ આકુળતા રહિત પરમાનંદનો ભોગવટો હોય છે–જેનો સ્વાદ જ્ઞાની જ જાણે છે. અજ્ઞાની કષાયી જીવ કર્મને જ સર્વસ્વ જાણી તેમાં લીન થઈ રહ્યો છે, જ્ઞાનાનંદનો સ્વાદ નથી જાણતો. ૧૦૪.

હવે, જ્ઞાન મોક્ષનું કારણ છે એમ સિદ્ધ કરે છેઃ–

**પરમાર્થ છે નક્કી, સમય છે, શુદ્ધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.**

**ગાથાર્થઃ-** [ खलु ] નિશ્ચયથી [ यः ] જે [ परमार्थः ] પરમાર્થ (પરમ પદાર્થ) છે, [ समयः ] સમય છે, [ शुद्धः ] શુદ્ધ છે, [ केवली ] કેવળી છે, [ मुनिः ] મુનિ છે, [ ज्ञानी ] જ્ઞાની છે, [ तस्मिन् स्वभावे ] તે સ્વભાવમાં [ स्थिताः ] સ્થિત [ मुनयः ] મુનિઓ [ निर्वाणं ] નિર્વાણને [ प्राप्नुवन्ति ] પામે છે.

**ટીકાઃ-**જ્ઞાન મોક્ષનું કારણ છે, કેમ કે જ્ઞાન શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે. તે જ્ઞાન, સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર પરમાર્થ (–પરમ પદાર્થ) છે–આત્મા છે. તે (આત્મા) એકીસાથે (યુગપદ્) એકીભાવે (એકત્વપૂર્વક) પ્રવર્તતાં એવાં જે જ્ઞાન અને ગમન (પરિણમન) તે-સ્વરૂપ હોવાથી સમય છે, સકળ નયપક્ષોથી અમિલિત (અમિશ્રિત) એવા એક જ્ઞાનસ્વરૂપ હોવાથી શુદ્ધ છે, કેવળ ચિન્માત્ર વસ્તુસ્વરૂપ

**केवलचिन्मात्रवस्तुतया केवली, मननमात्रभावतया मुनिः, स्वयमेव ज्ञानतया ज्ञानी, स्वस्य भवनमात्रतया स्वभावः स्वतश्चितो भवनमात्रतया सद्भावो वेति शब्दभेदेऽपि न च वस्तुभेदः।**

**अथ ज्ञानं विधापयति-**

**परमट्ठम्हि दु अठिदो जो कुणदि तवं वदं च धारेदि।**
**तं सव्वं बालतवं बालवदं बेंति सव्वण्हू।। १५२ ।।**

परमार्थे त्वस्थितः यः करोति तपो व्रतं च धारयति।
तत्सर्वं बालतपो बालव्रतं ब्रुवन्ति सर्वज्ञाः।। १५२ ।।

**ज्ञानमेव मोक्षस्य कारणं विहितं, परमार्थभूतज्ञानशून्यस्याज्ञान-कुतयोर्व्रततपः-**

---

હોવાથી કેવળી છે, ફક્ત મનનમાત્ર (જ્ઞાનમાત્ર) ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે, પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે, 'સ્વ' ના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે અથવા સ્વતઃ (પોતાથી જ) ચૈતન્યના *ભવનમાત્રસ્વરૂપ હોવાથી સદ્ભાવ છે (કારણ કે જે સ્વતઃ હોય તે સત્–સ્વરૂપ જ હોય). આ પ્રમાણે શબ્દભેદ હોવા છતાં વસ્તુભેદ નથી (– નામ જુદાં જુદાં છે છતાં વસ્તુ એક જ છે).

**ભાવાર્થઃ**–મોક્ષનું ઉપાદાન તો આત્મા જ છે. વળી પરમાર્થે આત્માનો જ્ઞાનસ્વભાવ છે; જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. માટે જ્ઞાનને જ મોક્ષનું કારણ કહેવું યોગ્ય છે.

હવે, આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે એમ બતાવે છેઃ–

**પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.**

**ગાથાર્થઃ**– [ परमार्थ तु ] પરમાર્થમાં [ अस्थितः ] અસ્થિત [ यः ] એવો જે જીવ [ तपः करोति ] તપ કરે છે [ च ] તથા [ व्रतं धारयति ] વ્રત ધારણ કરે છે, [ तत्सर्वं ] તેનાં તે સર્વ તપ અને વ્રતને [ सर्वज्ञाः ] સર્વજ્ઞો [ बालतपः ] બાળતપ અને [ बालव्रतं ] બાળવ્રત [ ब्रुवन्ति ] કહે છે.

**ટીકાઃ**–આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે (એમ સિદ્ધ થાય છે); કારણ કે જે જીવ પરમાર્થભૂત જ્ઞાનથી રહિત છે તેનાં, અજ્ઞાનપૂર્વક

---

* ભવન= હોવું તે.

**कर्मणो: बन्धहेतुत्वाद्बालव्यपदेशेन प्रतिषिद्धत्वे सति तस्यैव मोक्षहेतुत्वात्।**

**अथ ज्ञानाज्ञाने मोक्षबन्धहेतू नियमयति-**

**वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता।**
**परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति।। १५३ ।।**

**व्रतनियमात् धारयन्त: शीलानि तथा तपश्च कुर्वन्त:।**
**परमार्थबाह्या ये निर्वाणं ते न विन्दन्ति।। १५३ ।।**

**ज्ञानमेव मोक्षहेतु:, तदभावे स्वयमज्ञानभूतानामज्ञानिनामन्तर्व्रतनियमशीलतप:प्रभृतिशुभकर्मसद्भावेऽपि मोक्षाभावात्। अज्ञानमेव बन्धहेतु:, तदभावे स्वयं ज्ञानभूतानां ज्ञानिनां बहिर्व्रतनियमशीलतप:प्रभृतिशुभकर्मासद्भावेऽपि मोक्षसद्भावात्।**

---

કરવામાં આવેલાં વ્રત, તપ આદિ કર્મો બંધનાં કારણ હોવાને લીધે તે કર્મોને 'બાળ' એવી સંજ્ઞા આપીને નિષેધ્યાં હોવાથી જ્ઞાન જ મોક્ષનું કારણ ઠરે છે.

**ભાવાર્થ:**-જ્ઞાન વિના કરાયેલાં તપ તથા વ્રતને સર્વજ્ઞદેવે બાળતપ તથા બાળવ્રત ( અર્થાત્ અજ્ઞાનતપ તથા અજ્ઞાનવ્રત ) કહ્યાં છે, માટે મોક્ષનું કારણ જ્ઞાન જ છે.

જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે એમ હવે કહે છે:-

**વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.**

**ગાથાર્થ:**- [ व्रतनियमान् ] વ્રત અને નિયમો [ धारयन्त: ] ધારણ કરતા હોવા છતાં [ तथा ] તેમ જ [ शीलानि च तप: ] શીલ અને તપ [ कुर्वन्त: ] કરતા હોવા છતાં [ ये ] જેઓ [ परमार्थबाह्या: ] પરમાર્થથી બાહ્ય છે ( અર્થાત્ પરમ પદાર્થરૂપ જ્ઞાનનું એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનું જેમને શ્રદ્ધાન નથી ) [ ते ] તેઓ [ निर्वाण ] નિર્વાણને [ न विन्दन्ति ] પામતા નથી.

**ટીકા:**-જ્ઞાન જ મોક્ષનો હેતુ છે; કારણ કે તેના ( -જ્ઞાનના ) અભાવમાં, પોતે જ અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો સદ્ભાવ ( હયાતી ) હોવા છતાં મોક્ષનો અભાવ છે. અજ્ઞાન જ બંધનો હેતુ છે; કારણ કે તેના અભાવમાં, પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો અસદ્ભાવ હોવા છતાં મોક્ષનો સદ્ભાવ છે.

( शिखरिणी )

**यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं**
**शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।**
**अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्**
**ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।। १०५ ।।**

**अथ पुनरपि पुण्यकर्मपक्षपातिनः प्रतिबोधनायोपक्षिपति-**

**परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति।**
**संसारगमणहेदुं पि मोक्खहेदुं अजाणंता।। १५४ ।।**

**परमार्थबाह्या ये ते अज्ञानेन पुण्यमिच्छन्ति।**
**संसारगमनहेतुमपि मोक्षहेतुमजानन्तः।। १५४ ।।**

---

**ભાવાર્થઃ**-જ્ઞાનરૂપ પરિણમન જ મોક્ષનું કારણ છે અને અજ્ઞાનરૂપ પરિણમન જ બંધનું કારણ છે; વ્રત, નિયમ, શીલ, તપ આદિ શુભ ભાવરૂપ શુભ કર્મો કાંઇ મોક્ષનાં કારણ નથી, જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીને તે શુભ કર્મો ન હોવા છતાં તે મોક્ષને પામે છે; અજ્ઞાનરૂપે પરિણમેલા અજ્ઞાનીને તે શુભકર્મો હોવા છતાં તે બંધને પામે છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ यद् एतद् ध्रुवम् अचलम् ज्ञानात्मा भवनम् आभाति ] જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો-પરિણમતો ભાસે છે [ अयं शिवस्य हेतुः ] તે જ મોક્ષનો હેતુ છે [ यतः ] કારણ કે [ तत् स्वयम् अपि शिवः इति ] તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે; [ अतः अन्यत् ] તેના સિવાય જે અન્ય કાંઈ છે [ बन्धस्य ] તે બંધનો હેતુ છે [ यतः ] કારણ કે [ तत् स्वयम् अपि बन्धः इति ] તે પોતે પણ બંધસ્વરૂપ છે. [ ततः ] માટે [ ज्ञानात्मत्वं भवनम् ] જ્ઞાનસ્વરૂપ થવાનું (-જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું ) એટલે કે [ अनुभूतिः हि ] અનુભૂતિ કરવાનું જ [ विहितम् ] આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે. ૧૦૫.

હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છેઃ-

**પરમાર્થબાહ્ય જીવો અરે ! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.**

**ગાથાર્થઃ**- [ ये ] જેઓ [ परमार्थबाह्यः ] પરમાર્થથી બાહ્ય છે [ ते ] તેઓ

**इह खलु केचिन्निखिलकर्मपक्षक्षयसम्भावितात्मलाभं मोक्षमभिलष-न्तोऽपि, तद्धेतुभूतं सम्यग्दर्शनज्ञानचारित्रस्वभावपरमार्थभूतज्ञानभवनमात्र-मैकाग्र्यलक्षणं समयसारभूतं सामायिकं प्रतिज्ञायापि, दुरन्तकर्मचक्रोत्तरण-क्लीबतया परमार्थभूतज्ञानभवनमात्रं सामायिकमात्मस्वभावमलभमानाः, प्रतिनिवृत्तस्थूलतमसंक्लेशपरिणामकर्मतया प्रवृत्तमानस्थूलतमविशुद्ध-परिणामकर्माणः, कर्मानु भवगुरुलाधवप्रतिपत्तिमात्रसन्तुष्टचेतसः, स्थूललक्ष्यतया सकलं कर्मकाण्डमनुन्मूलयन्तः, स्वयमज्ञानादशुभकर्म केवलं बन्धहेतुमध्यास्य च, व्रतनियमशीलतपः प्रभृतिशुभकर्म बन्धहेतुमप्यजानन्तो, मोक्षहेतुमभ्युपगच्छन्ति।**

---

[ मोक्षहेतुम् ] મોક્ષના હેતુને [ अजानन्तः ] નહિ જાણતા થકા– [ संसारगमनहेतुम् अपि ] જોકે પુણ્ય સંસારગમનનો હેતુ છે તોપણ– [ अज्ञानेन ] અજ્ઞાનથી [ पुण्यम् ] પુણ્યને ( મોક્ષનો હેતુ જાણીને ) [ इच्छन्ति ] ઇચ્છે છે.

**ટીકાઃ**-સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ ( -નિજ સ્વરૂપની પ્રાપ્તિ ) તે આત્મલાભસ્વરૂપ મોક્ષને આ જગતમાં કેટલાક જીવો ઇચ્છતા હોવા છતાં, મોક્ષના કારણભૂત સામાયિકની–કે જે સામાયિક સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના * ભવનમાત્ર છે, એકાગ્રતાલક્ષણવાળું છે અને સમયસારસ્વરૂપ છે તેની–પ્રતિજ્ઞા લઇને પણ, દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઇને લીધે ( અસમર્થતાને લીધે ) પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા, જેમને અત્યંત સ્થૂલ સંકલેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે અને અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે એવા તેઓ, કર્મના અનુભવના ગુરુપણા–લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા, ( પોતે ) સ્થૂલ લક્ષ્યવાળા હોઇને ( સંકલેશપરિણામોને છોડતા હોવા છતાં ) સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી. આ રીતે તેઓ, પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો પણ બંધનાં કારણ હોવા છતાં તેમને બંધનાં કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે–મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.

**ભાવાર્થઃ**-કેટલાક અજ્ઞાની લોકો દીક્ષા લેતી વખતે સામાયિકની પ્રતિજ્ઞા લે છે પરંતુ સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહિ કરી શકવાથી, સ્થૂલ લક્ષ્યવાળા તે જીવો સ્થૂલ સંકલેશપરિણામોને છોડીને એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામોમાં ( શુભ પરિણામોમાં ) રાચે છે, ( સંકલશપરિણામો તેમ જ વિશુદ્ધ–

---

* ભવન= થવું તે; પરિણમન.

**अथ परमार्थमोक्षहेतुं तेषां दर्शयति-**

**जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं।**
**रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो।। १५५ ।।**

**जीवादिश्रद्धानं सम्यक्त्वं तेषामधिगमो ज्ञानम्।**
**रागादिपरिहरणं चरणं एषस्तु मोक्षपथः।। १५५ ।।**

**मोक्षहेतुः किल सम्यग्दर्शनज्ञानचारित्राणि। तत्र सम्यग्दर्शनं तु जीवादिश्रद्धानस्वभावेन ज्ञानस्य भवनम्। जीवादिज्ञानस्वभावेन ज्ञानस्य भवनं ज्ञानम्। रागादिपरिहरणस्वभावेन ज्ञानस्य भवनं चारित्रम्। तदेवं सम्यग्दर्शनज्ञानचारित्राण्येकमेव ज्ञानस्य भवनमायातम्। ततो ज्ञानमेव परमार्थमोक्षहेतुः।**

---

પરિણામો બન્ને અત્યંત સ્થૂલ છે; આત્મસ્વભાવ જ સુક્ષ્મ છે.) આ રીતે તેઓ જોકે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે તોપણ–કર્માનુભવના બહુપણા–થોડાપણાને જ બંધ–મોક્ષનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.

હવે એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છેઃ–

**જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,**
**રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.**

**ગાથાર્થઃ**- [ जीवादिश्रद्धानं ] જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન [ सम्यक्त्वं ] સમ્યક્ત્વ છે, [ तेषाम् अधिगमः ] તે જીવાદિ પદાર્થોનો અધિગમ [ ज्ञानम् ] જ્ઞાન છે અને [ रागादिपरिहरणं ] રાગાદિનો ત્યાગ [ चरणं ] ચારિત્ર છે;– [ एषः तु ] આ જ [ मोक्षपथः ] મોક્ષનો માર્ગ છે.

**ટીકાઃ**-મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. તેમાં, સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું–પરિણમવું તે છે; જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું–પરિણમવું તે જ્ઞાન છે; રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું–પરિણમવું તે ચારિત્ર છે. તેથી એ રીતે એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (–પરિણમન) જ છે. માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.

**ભાવાર્થઃ**-આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન જ છે. વળી આ પ્રકરણમાં જ્ઞાનને જ પ્રધાન કરીને વ્યાખ્યાન છે. તેથી 'સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર–એ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે' એમ કહીને જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. જ્ઞાન

अथ परमार्थमोक्षहेतोरन्यत् कर्म प्रतिषेधयति-

मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति।
परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ।। १५६ ।।
मुक्त्वा निश्चयार्थं व्यवहारेण विद्वांसः प्रवर्तन्ते।
परमार्थमाश्रितानां तु यतीनां कर्मक्षयो विहितः।। १५६ ।।

यः खलु परमार्थमोक्षहेतोरतिरिक्तो व्रततपःप्रभृतिशुभकर्मात्मा केषाञ्चिन्मोक्षहेतुः स सर्वोऽपि प्रतिषिद्धः, तस्य द्रव्यान्तरस्वभावत्वात् तत्स्वभावेन ज्ञानभवनस्याभवनात्; परमार्थमोक्षहेतोरेवैकद्रव्यस्वभावत्वात् तत्स्वभावेन ज्ञानभवनस्य भवनात्।

---

છે તે અભેદ વિવક્ષામાં આત્મા જ છે-એમ કહેવામાં કાંઇ પણ વિરોધ નથી. માટે ટીકામાં કેટલેક સ્થળે આચાર્યદેવે જ્ઞાનસ્વરૂપ આત્માને ‘ જ્ઞાન ’ શબ્દથી કહ્યો છે.

હવે, પરમાર્થ મોક્ષકારણથી અન્ય જે કર્મ તેનો નિષેધ કરે છેઃ-

વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,
પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.

**ગાથાર્થઃ-** [ निश्चयार्थं ] નિશ્ચયનયના વિષયને [ मुक्त्वा ] છોડીને [ विद्वांसः ] વિદ્વાનો [ व्यवहारेण ] વ્યવહાર વડે [ प्रवर्तन्ते ] પ્રવર્તે છે; [ तु ] પરંતુ [ परमार्थम् आश्रितानां ] પરમાર્થને ( -આત્મસ્વરૂપને ) આશ્રિત [ यतीनां ] યતીશ્વરોને જ [ कर्मक्षयः ] કર્મનો નાશ [ विहितः ] આગમમાં કહ્યો છે. ( કેવળ વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મક્ષય થતો નથી. )

**ટીકાઃ-**પરમાર્થ મોક્ષહેતુથી જુદો, જે વ્રત, તપ વગેરે શુભકર્મસ્વરૂપ મોક્ષહેતુ કેટલાક લોકો માને છે, તે આખોય નિષેધવામાં આવ્યો છે; કારણ કે તે ( મોક્ષહેતુ ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો ( અર્થાત્ પુદ્ગલસ્વભાવી ) હોવાથી તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી, -માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ એક દ્રવ્યના સ્વભાવવાળો ( અર્થાત્ જીવસ્વભાવી ) હોવાથી તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થાય છે.

**ભાવાર્થઃ-**મોક્ષ આત્માનો થાય છે તો તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ. જે અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય ? શુભ કર્મ પુદ્ગલસ્વભાવી છે તેથી તેના ભવનથી પરમાર્થ આત્માનું ભવન ન થઇ શકે; માટે તે આત્માના મોક્ષનું કારણ થતું નથી. જ્ઞાન આત્મસ્વભાવી છે તેથી તેના

( अनुष्टुभ् )

**वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।**
**एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।। १०६ ।।**

( अनुष्टुभ् )

**वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।**
**द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।। १०७ ।।**

( अनुष्टुभ् )

**मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।**
**मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।। १०८ ।।**

**अथ कर्मणो मोक्षहेतुतिरोधानकरणं साधयति-**

---

ભવનથી આત્માનું ભવન થાય છે; માટે તે આત્માના મોક્ષનું કારણ થાય છે. આ રીતે જ્ઞાન જ વાસ્તવિક મોક્ષહેતુ છે.

હવે આ જ અર્થના કળશરૂપ બે શ્લોકો કહે છેઃ-

**શ્લોકાર્થઃ**-[ एकद्रव्यस्वभावत्वात् ] જ્ઞાન એકદ્રવ્યસ્વભાવી (-જીવસ્વભાવી-) હોવાથી [ ज्ञानस्वभावेन ] જ્ઞાનના સ્વભાવથી [ सदा ] હંમેશાં [ ज्ञानस्य भवनं वृत्तं ] જ્ઞાનનું ભવન થાય છે; [ तत् ] માટે [ तद् एव मोक्षहेतुः ] જ્ઞાન જ મોક્ષનું કારણ છે. ૧૦૬.

**શ્લોકાર્થઃ**- [ द्रव्यान्तरस्वभाववात् ] કર્મ અન્યદ્રવ્યસ્વભાવી (-પુદ્ગલ-સ્વભાવી-) હોવાથી [ कर्मस्वभावेन ] કર્મના સ્વભાવથી [ ज्ञानस्य भवनं न हि वृत्तं ] જ્ઞાનનું ભવન થતું નથી; [ तत् ] માટે [ कर्म मोक्षहेतुः न ] કર્મ મોક્ષનું કારણ નથી. ૧૦૭.

હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ मोक्षहेतुतिरोधानात् ] કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું હોવાથી, [ स्वयम् एव बन्धत्वात् ] તે પોતે જ બંધસ્વરૂપ હોવાથી [ च ] અને [ मोक्षहेतुतिरोधायिभावत्वात् ] તે મોક્ષના કારણના * તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી [ तत् निषिध्यते ] તેને નિષેધવામાં આવે છે. ૧૦૮.

હવે પ્રથમ, કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું છે એમ સિદ્ધ કરે છેઃ-

---

* તિરોધાયિ = તિરોધાન કરનાર

**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**मिच्छत्तमलोच्छण्णं तह सम्मत्तं खु णादव्वं।। १५७ ।।**
**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**अण्णाणमलोच्छण्णं तह णाणं होदि णादव्वं।। १५८ ।।**
**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**कसायमलोच्छण्णं तह चारित्तं पि णादव्वं।। १५९ ।।**

वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः।
मिथ्यात्वमलावच्छन्नं तथा सम्यक्त्वं खलु ज्ञानव्यम्।। १५७ ।।
वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः।
अज्ञानमलावच्छन्नं तथा ज्ञानं भवति ज्ञातव्यम्।। १५८ ।।
वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः।
कषायमलावच्छन्नं तथा चारित्रमपि ज्ञातव्यम्।। १५९ ।।

---

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.**

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.**

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.**

**ગાથાર્થઃ-** [यथा] જેમ [वस्त्रस्य] વસ્રનો [श्वेतभावः] શ્વેતભાવ [मलमेलनासक्तः] મેલના મળવાથી ખરડાયો થકો [नश्यति] નાશ પામે છે-તિરોભૂત થાય છે, [तथा] તેવી રીતે [मिथ्यात्वमलावच्छन्नं] મિથ્યાત્વરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું [सम्यक्त्वं खलु] સમ્યક્ત્વ ખરેખર તિરોભૂત થાય છે [ज्ञातव्यम्] એમ જાણવું. [यथा] જેમ [वस्त्रस्य] વસ્ત્રનો [श्वेतभावः] શ્વેતભાવ [मलमेलनासक्तः] મેલના મળવાથી ખરડાયો થકો [नश्यति] નાશ પામે છે-તિરોભૂત થાય છે, [तथा] તેવી રીતે [अज्ञानमलावच्छन्नं] અજ્ઞાનરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું [ज्ञानं

**ज्ञानस्य सम्यक्त्वं मोक्षहेतुः स्वभावः परभावेन मिथ्यात्वनाम्ना कर्ममलेनावच्छन्नत्वात्तिरोधीयते, परभावभूतमलावच्छन्नश्वेतवस्त्रस्वभावभूत-श्वेतस्वभाववत्। ज्ञानस्य ज्ञानं मोक्षहेतुः स्वभावः परभावेनाज्ञाननाम्ना कर्ममलेनावच्छन्नत्वात्तिरोधीयते, परभावभूतमलावच्छन्नश्वेतवस्त्रस्वभावभूत-श्वेतस्वभाववत्। ज्ञानस्य चारित्रं मोक्षहेतुः स्वभावः परभावेन कषायनाम्ना कर्ममलेनावच्छन्नत्वात्तिरोधीयते, परभावभूतमलावच्छन्नश्वेतवस्त्रस्वभावभूत-श्वेतस्वभाववत्। अतो मोक्षहेतुतिरोधानकरणात् कर्म प्रतिषिद्धम्।**

**अथ कर्मणः स्वयं बन्धत्वं साधयति-**

---

भवति ] જ્ઞાન તિરોભૂત થાય છે [ ज्ञातव्यम् ] એમ જાણવું. [ यथा ] જેમ [ वस्त्रस्य ] વ્રનો [ श्वेतभावः ] શ્વેતભાવ [ मलमेलनासक्तः ] મેલના મળવાથી ખરડાયો થકો [ निश्यति ] નાશ પામે છે-તિરોભૂત થાય છે, [ तथा ] તેવી રીતે [ कषायमलावच्छन्नं ] કષાયરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું [ चारित्रम् अपि ] ચારિત્ર પણ તિરોભૂત થાય છે [ ज्ञातव्यम् ] એમ જાણવું.

**ટીકા**:-જ્ઞાનનું સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે, પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ તેના વડે વ્યાપ્ત થવાથી, તિરોભૂત થાય છે-જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. જ્ઞાનનું જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે, પરભાવસ્વરૂપ અજ્ઞાન નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે-જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. જ્ઞાનનું ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે, પરભાવસ્વરૂપ કષાય નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે-જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. માટે મોક્ષના કારણનું (-સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું-) તિરોધાન કરતું હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

**ભાવાર્થ**:-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે. જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ પરિણમન મિથ્યાત્વકર્મથી તિરોભૂત થાય છે; જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમન અજ્ઞાનકર્મથી તિરોભૂત થાય છે; અને જ્ઞાનનું ચારિત્રરૂપ પરિણમન કષાયકર્મથી તિરોભૂત થાય છે. આ રીતે મોક્ષના કારણભાવોને કર્મ તિરોભૂત કરતું હોવાથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

હવે, કર્મ પોતે જ બંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરે છેઃ-

**सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो।**
**संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।। १६० ।।**

स सर्वज्ञानदर्शी कर्मरजसा निजेनावच्छन्नः।
संसारसमापन्नो न विजानाति सर्वतः सर्वम्।। १६० ।।

**यतः स्वयमेव ज्ञानतया विश्वसामान्यविशेषज्ञानशीलमपि ज्ञानमनादिस्वपुरुषापराधप्रवर्तमानकर्ममलावच्छन्नत्वादेव बन्धावस्थायां सर्वतः सर्वमप्यात्मानमविजानदज्ञानभावेनैवेदमेवमवतिष्ठते; ततो नियतं स्वयमेव कर्मैव बन्धः। अतः स्वयं बन्धत्वात् कर्म प्रतिषिद्धम्।**

---

**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,**
**સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.**

**ગાથાર્થઃ-** [ सः ] તે આત્મા [ सर्वज्ञानदर्शी ] ( સ્વભાવથી ) સર્વને જાણનારો તથા દેખનારો છે તોપણ [ निजेन कर्मरजसा ] પોતાના કર્મમળથી [ अवच्छन्नः ] ખરડાયો-વ્યાપ્ત થયો-થકો [ संसारसमापन्नः ] સંસારને વ્યાપ્ત થયેલો તે [ सर्वतः ] સર્વ પ્રકારે [ सर्वम् ] સર્વને [ न विजानाति ] જાણતો નથી.

**ટીકાઃ-**જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (-સર્વ પદાર્થોને) સામાન્યવિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું-વ્યાપ્ત થયું-હોવાથી જ, બંધ-અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (-અજ્ઞાનદશામાં) વર્તે છે; તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યુંછે.

**ભાવાર્થઃ-**અહીં પણ ‘ જ્ઞાન ’ શબ્દથી આત્મા સમજવો. જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય સ્વભાવથી તો સર્વને દેખનારું તથા જાણનારું છે પરંતુ અનાદિથી પોતે અપરાધી હોવાથી કર્મ વડે આચ્છાદિત છે, અને તેથી પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી; એ રીતે અજ્ઞાનદશામાં વર્તે છે. આ પ્રમાણે કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા કર્મ વડે લિપ્ત હોવાથી અજ્ઞાનરૂપ અથવા બદ્ધરૂપ વર્તે છે, માટે એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે તેથી કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે.

**अथ कर्मणो मोक्षहेतुतिरोधायिभावत्वं दर्शयति-**

**सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो मिच्छादिट्ठि त्ति णादव्वो।। १६१ ।।**
**णाणस्य पडिणिबद्धं अण्णाणं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो अण्णाणी होदि णादव्वो।। १६२ ।।**
**चारित्तपडिणिबद्धं कसायं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो अचरित्तो होदि णादव्वो।। १६३ ।।**

सम्यक्त्वप्रतिनिबद्धं मिथ्यात्वं जिनवरैः परिकथितम्।
तस्योदयेन जीवो मिथ्यादृष्टिरिति ज्ञातव्यः।। १६१ ।।
ज्ञानस्य प्रतिनिबद्धं अज्ञानं जिनवरैः परिकथितम्।
तस्योदयेन जीवोऽज्ञानी भवति ज्ञातव्यः।। १६२ ।।
चारित्रप्रतिनिबद्धः कषायो जिनवरैः परिकथितः।
तस्योदयेन जीवोऽचारित्रो भवति ज्ञातव्यः।। १६३ ।।

---

હવે, કર્મ મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ (અર્થાત્ મિથ્યાત્વાદિભાવસ્વરૂપ) છે એમ બતાવે છેઃ–

**સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.**

**એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.**

**ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું.૧૬૩.**

**ગાથાર્થઃ-** [ सम्यक्त्वप्रतिनिबद्धं ] સમ્યક્ત્વને રોકનારું [ मिथ्यात्वं ] મિથ્યાત્વ છે એમ [ जिनवरैः ] જિનવરોએ [ परिकथितम् ] કહ્યું છે; [ तस्य उदयेन ] તેના ઉદયથી [ जीवः ] જીવ [ मिथ्यादृष्टिः ] મિથ્યાદ્રષ્ટિ થાય છે [ इति ज्ञातव्यः ] એમ જાણવું.

**सम्यक्त्वस्य मोक्षहेतोः स्वभावस्य प्रतिबन्धकं किल मिथ्यात्वं, तत्तु स्वयं कर्मैव, तदुदयादेव ज्ञानस्य मिथ्यादृष्टित्वम्। ज्ञानस्य मोक्षहेतोः स्वभावस्य प्रतिबन्धकं किलाज्ञानं, तत्तु स्वयं कर्मैव, तदुदयादेव ज्ञानस्याज्ञानित्वम्। चारित्रस्य मोक्षहेतोः स्वभावस्य प्रतिबन्धकः किल कषायः, स तु स्वयं कर्मैव, तदुदयादेव ज्ञानस्याचारित्रत्वम्। अतः स्वयं मोक्षहेतुतिरोधायिभावत्वात्कर्म प्रतिषिद्धम्।**

---

[ ज्ञानस्य प्रतिनिबद्धं ] જ્ઞાનને રોકનારું [ अज्ञानं ] અજ્ઞાન છે એમ [ जिनवरैः ] જિનવરોએ [ परिकथितम् ] કહ્યું છે; [ तस्य उदयेन ] તેના ઉદયથી [ जीवः ] જીવ [ अज्ञानी ] અજ્ઞાની [ भवति ] થાય છે [ ज्ञातव्यः ] એમ જાણવું. [ चारित्रप्रतिनिबद्धः ] ચારિત્રને રોકનાર [ कषायः ] કષાય છે એમ [ जिनवरैः ] જિનવરોએ [ परिकथितः ] કહ્યું છે; [ तस्य उदयेन ] તેના ઉદયથી [ जीवः ] જીવ [ अचारित्रः ] અચારિત્રી [ भवति ] થાય છે [ ज्ञातव्यः ] એમ જાણવું.

**ટીકા:**-સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનારું મિથ્યાત્વ છે; તે ( મિથ્યાત્વ ) તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને મિથ્યાદૃષ્ટિપણુંથાય છે. જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનારું અજ્ઞાન છે; તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અજ્ઞાનીપણું થાય છે. ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનાર કષાય છે; તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અચારિત્રીપણું થાય છે. માટે, ( કર્મ ) પોતે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

**ભાવાર્થ:**-સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવો છે તેમનાથી વિપરીત મિથ્યાત્વાદિ ભાવો છે; કર્મ તે મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે. આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો-સ્વરૂપ છે.

પહેલાં ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું-સમ્યક્ત્વાદિનું-ઘાતક છે. પછીની એક ગાથામાં એમ કહ્યું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. આ છેલ્લી ત્રણ ગાથાઓમાં કહ્યું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે-મિથ્યાત્વાદિસ્વરૂપ છે. આ પ્રમાણે એમ બતાવ્યું કે કર્મ મોક્ષના કારણનું ઘાતક છે, બંધસ્વરૂપ છે અને બંધના કારણસ્વરૂપ છે, માટે નિષિદ્ધ છે.

અશુભ કર્મ તો મોક્ષનું કારણ છે જ નહિ, બાધક જ છે, તેથી નિષિદ્ધ જ છે; પરંતુ શુભ કર્મ પણ કર્મસામાન્યમાં આવી જતું હોવાથી તે પણ બાધક જ છે તેથી નિષિદ્ધ જ છે એમ જાણવું.

( शार्दूलविक्रीडित )

**संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना**
**संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।**
**सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्**
**नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।। १०९ ।।**

( शार्दूलविक्रीडित )

**यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा**
**कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।**
**किन्त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्-**
**मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।। ११० ।।**

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ मोक्षार्थिना इदं समस्तम् अपि तत् कर्म एव संन्यस्तव्यम् ] મોક્ષાર્થીએ આ સઘળુંય કર્મમાત્ર ત્યાગવા યોગ્ય છે. [ संन्यस्ते सति तत्र पुण्यस्य पापस्य वा किल का कथा ] જ્યાં સમસ્ત કર્મ છોડવામાં આવે છે ત્યાં પછી પુણ્ય કે પાપની શી વાત? (કર્મમાત્ર ત્યાજ્ય છે ત્યાં પુણ્ય સારું અને પાપ ખરાબ-એવી વાતને ક્યાં અવકાશ છે? કર્મસામાન્યમાં બન્ને આવી ગયાં.) [ सम्यक्त्वादिनिजस्वभावभवनात् मोक्षस्य हेतुः भवन् ] સમસ્ત કર્મનો ત્યાગ થતાં, સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી-પરિણમવાથી મોક્ષના કારણભૂત થતું, [ नैष्कर्म्यप्रतिबद्धम् उद्धतरसं ] નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ અર્થાત્ સંકળાયેલો છે એવું [ ज्ञानं ] જ્ઞાન [ स्वयं ] આપોઆપ [ धावति ] દોડયું આવે છે.

**ભાવાર્થઃ-**કર્મને દૂર કરીને, પોતાના સમ્યક્ત્વાદિસ્વભાવરૂપે પરિણમવાથી મોક્ષના કારણરૂપ થતું જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે, ત્યાં પછી તેને કોણ રોકી શકે? ૧૦૯

હવે આશંકા ઊપજે છે કે-અવિરત સમ્યગ્દ્રષ્ટિ વગેરેને જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે? વળી કર્મ અને જ્ઞાન બન્ને (કર્મના નિમિત્તે થતી શુભાશુભ પરિણતિ અને જ્ઞાનપરિણતિ બન્ને-) સાથે કેમ રહી શકે તે આશંકાના સમાધાનનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यावत् ] જ્યાં સુધી [ ज्ञानस्य कर्मविरतिः ] જ્ઞાનની કર્મવિરતિ [ सा सम्यक् पाकम् न उपैति ] બરાબર પરિપૂર્ણતા પામતી નથી [ तावत् ] ત્યાં સુધી [ कर्मज्ञानसमुच्चयः अपि विहितः, न काचित् क्षतिः ] કર્મ અને જ્ઞાનનું એકઠાપણું

( शार्दूलविक्रीडित )

**मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति यन्-**
**मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।**
**विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं**
**ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।। १११ ।।**

---

શાસ્ત્રમાં કહ્યું છે; તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી. [ किन्तु ] પરંતુ [ अत्र अपि ] અહીં એટલું વિશેષ જાણવું કે આત્મામાં [ अवशतः यत् कर्म समुल्लसति ] અવશપણે ( -જબરદસ્તીથી ) જે કર્મ પ્રગટ થાય છે અર્થાત્ ઉદય થાય છે [ तत् बन्धाय ] તે તો બંધનું કારણ થાય છે, અને [ मोक्षाय ] મોક્ષનું કારણ તો, [ एकम् एव परमं ज्ञानं स्थितम् ] જે એક પરમ જ્ઞાન છે તે એક જ થાય છે- [ स्वतः विमुक्तं ] કે જે જ્ઞાન સ્વતઃવિમુક્ત છે ( અર્થાત્ ત્રણે કાળે પરદ્રવ્ય-ભાવોથી ભિન્ન છે ).

**ભાવાર્થઃ**-જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી ત્યાં સુધી સમ્યગ્દ્રષ્ટિને બે ધારા રહે છે-શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બન્ને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી. ( જેમ મિથ્યાજ્ઞાનને અને સમ્યગ્જ્ઞાનને પરસ્પર વિરોધ છે તેમ કર્મસામાન્યને અને જ્ઞાનને વિરોધ નથી. ) તે સ્થિતિમાં કર્મ પોતાનું કાર્ય કરે છે અને જ્ઞાન પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મ ધારા છે તેટલા અંશે કર્મબંધ થાય છે અને જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય-કષાયના વિકલ્પો કે વ્રતનિયમના વિકલ્પો-શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં-કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે. ૧૧૦.

હવે કર્મ અને જ્ઞાનનો નયવિભાગ બતાવે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ कर्मनयावलम्बनपराः मग्नाः ] કર્મનયના આલંબનમાં તત્પર ( અર્થાત્ કર્મનયના પક્ષપાતી ) પુરુષો ડુબેલા છે [ यत् ] કારણ કે [ ज्ञानं न जानन्ति ] તેઓ જ્ઞાનને જાણતા નથી. [ ज्ञाननय-एषिणः अपि मग्नाः ] જ્ઞાનનયના ઇચ્છક ( અર્થાત્ પક્ષપાતી ) પુરુષો પણ ડુબેલા છે [ यत् ] કારણ કે [ अतिस्वच्छन्दमन्द-उद्यमाः ] તેઓ સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે ( સ્વરૂપ પ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી, પ્રમાદી છે અને વિષયકષાયમાં વર્તે છે ). [ ते विश्वस्य उपरि तरन्ति ] તે જીવો વિશ્વના ઉપર તરે છે કે [ ये स्वयं सततं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति ] જેઓ પોતે નિરંતર જ્ઞાનરૂપ થતાપરિણમતા થકા કર્મ કરતા નથી [ च ] અને [ जातु प्रमादस्य वशं न यान्ति ] ક્યારેય પ્રમાદને વશ પણ થતા નથી ( -સ્વરૂપમાં ઉદ્યમી રહે છે ).

**ભાવાર્થઃ**-અહીં સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કર્યો છે કારણ કે સર્વથા એકાંત અભિપ્રાય જ મિથ્યાત્વ છે.

( मन्दाक्रान्ता )

**भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं**
**मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।**
**हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि**
**ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।। ११२ ।।**

---

કેટલાક લોકો પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતા નથી અને વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરને મોક્ષનું કારણ જાણી તેમાં તત્પર રહે છે-તેનો પક્ષપાત કરે છે. આવા કર્મનયના પક્ષપાતી લોકો-જેઓ જ્ઞાનને તો જાણતા નથી અને કર્મનયમાં જ ખેદખિન્ન છે તેઓ-સંસારમાં ડૂબે છે.

વળી કેટલાક લોકો આત્મસ્વરૂપને યથાર્થ જાણતા નથી અને સર્વથા એકાંતવાદિ મિથ્યાદ્રષ્ટિઓના ઉપદેશથી અથવા પોતાની મેળે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે કલ્પી તેમાં પક્ષપાત કરે છે. પોતાની પરિણતિમાં જરાય ફેર પડયા વિના તેઓ પોતાને સર્વથા અબંધ માને છે અને વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રના ક્રિયાકાંડને નિરર્થક જાણી છોડી દે છે. આવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી અને શુભ પરિણામોને છોડી સ્વચ્છંદી થઈ વિષય-કષાયમાં વર્તે છે તેઓ પણ સંસારસમુદ્રમાં ડૂબે છે.

મોક્ષમાર્ગી જીવો જ્ઞાનરૂપે પરિણમતા થકા શુભાશુભ કર્મને હેય જાણે છે અને શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે. તેઓ માત્ર અશુભ કર્મ ને જ નહિ પરંતુ શુભ કર્મને પણ છોડી, સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે-સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી તેનો પુરુષાર્થ કર્યા જ કરે છે. જ્યાં સુધી, પુરુષાર્થની અધૂરાશને લીધે, શુભાશુભ પરિણામોથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી ત્યાં સુધી-જોકે સ્વરૂપસ્થિરતાનું અંતર્-આલંબન ( અંતઃસાધન ) તો શુદ્ધ પરિણતિ પોતે જ છે તોપણ-અંતર્-આલંબન લેનારને જેઓ બાહ્ય આલંબનરૂપ કહેવાય છે એવા ( શુદ્ધ સ્વરૂપના વિચાર આદિ ) શુભ પરિણામોમાં તે જીવો હેયબુદ્ધિએ પ્રવર્તે છે. પરંતુ શુભ કર્મોને નિરર્થક ગણી છોડી દઈને સ્વચ્છંદપણે અશુભ કર્મોમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી. આવા જીવો-જેઓ એકાંત અભિપ્રાય રહિત છે તેઓ-કર્મનો નાશ કરી, સંસારથી નિવૃત્ત થાય છે. ૧૧૧.

હવે પુણ્ય-પાપ અધિકારને પૂર્ણ કરતાં આચાર્યદેવ જ્ઞાનનો મહિમા કરે છેઃ-

**શ્લોકાર્થઃ-**[ पीतमोहं ] જેણે મોહરૂપી મદિરા પીધી હોવાથી [ भ्रम-रस-भरात् भेदोन्मादं नाटयत् ] જે ભ્રમના રસના ભારથી ( અતિશયપણાથી ) શુભાશુભ કર્મના ભેદરૂપી ઉન્માદને ( ગાંડપણાને ) નચાવે છે [ तत् सकलम् अपि कर्म ] એવા સમસ્ત

**इति पुण्यपापरूपेण द्विपात्रीभूतमेकपात्रीभूय कर्म निष्क्रान्तम्।**

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ पुण्यपापप्ररूपक: तृतीयोऽङ्क:।।**

---

કર્મને [ बलेन ] પોતાના બળ વડે [ मूलोन्मूलं कृत्वा ] મૂળથી ઉખેડી નાખીને [ ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे ] જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત પ્રગટ થઈ. કેવી છે તે જ્ઞાનજ્યોતિ ? [ कवलिततमः ] જે અજ્ઞાનરૂપી અંધકારને કોળિયો કરી ગઈ છે અર્થાત્ જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે, [ हेला–उन्मिलत् ] જે લીલામાત્રથી ( –સહજ પુરુષાર્થથી ) ઊઘડતી-વિકસતી જાય છે અને [ परमकलया सार्धम् आरब्धकेलि ] જેણે પરમ કળા અર્થાત્ કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે એવી તે જ્ઞાનજ્યોતિ છે. ( જ્યાં સુધી સમ્યગ્દ્રષ્ટિ છદ્મસ્થ છે ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે, કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ થાય છે. )

**ભાવાર્થઃ**-પોતાને ( જ્ઞાનજ્યોતિને ) પ્રતિબંધક કર્મ કે જે શુભ અને અશુભ-એવા ભેદરૂપ થઈને નાચતું હતું અને જ્ઞાનને ભુલાવી દેતું હતું તેને પોતાની શક્તિથી ઉખેડી નાખી જ્ઞાનજ્યોતિ સંપૂર્ણ સામર્થ્ય સહિત પ્રકાશિત થઈ. આ જ્ઞાન જ્યોતિ અથવા જ્ઞાનકળા કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે અને કેવળજ્ઞાનના સંપૂર્ણ સ્વરૂપને તે જાણે છે તેમ જ તે તરફ પ્રગતિ કરે છે, તેથી એમ કહ્યું છે કે "જ્ઞાનજ્યોતિએ કેવળજ્ઞાન સાથે ક્રિડા માંડી છે". જ્ઞાનકળા સહજપણે વિકાસ પામતી જાય છે અને છેવટે પરમકળા અર્થાત્ કેવળજ્ઞાન થઈ જાય છે. ૧૧૨.

**ટીકાઃ**-પુણ્ય-પાપરૂપે બે પાત્રરૂપ થયેલું કર્મ એક પાત્રરૂપ થઈને ( રંગભૂમિમાંથી ) બહાર નીકળી ગયું.

**ભાવાર્થઃ**-કર્મ સામાન્યપણે એક જ છે તોપણ તેણે પુણ્ય-પાપરૂપી બે પાત્રોનો સ્વાંગ ધારણ કરીને રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો. તેને જ્ઞાને યથાર્થપણે એક જાણી લીધું ત્યારે તે એક પાત્રરૂપ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયું, નૃત્ય કરતું અટકી ગયું.

આશ્રય, કારણ, રૂપ, સવાદસું ભેદ વિચારી ગિને દોઊ ન્યારે,
પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિ બંધ ભયે સુખદુઃખકરા રે;
જ્ઞાન ભયે દોઊ એક લખૈ બુધ આશ્રય આદિ સમાન વિચારે,
બંધકે કારણ હૈં દોઊ રૂપ, ઇન્હૈં તજિ જિનમુનિ મોક્ષ પધારે.

આમ શ્રી સમયસારની ( શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની ) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં પુણ્ય-પાપનો પ્રરૂપક ત્રીજો અંક સમાપ્ત થયો.

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐
卐 -૪- 卐
卐 આસ્રવ અધિકાર 卐
卐 卐
卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

**अथ प्रविशत्यास्त्रव:।**

(द्रुतविलम्बित)

**अथ महामदनिर्भरमन्थरं**
**समररङ्गपरागतमास्रवम्।**
**अयमुदारगभीरमहोदयो**
**जयति दुर्जयबोधधनुर्धर:।। ११३ ।।**

---

દ્રવ્યાસ્ત્રવથી ભિન્ન છે, ભાવાસ્ત્રવથી કરી નાશ;
થયા સિદ્ધ પરમાતમા, નમું તેહ, સુખ આશ.

પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે આસ્રવ પ્રવેશ કરે છે'.

જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર માણસ સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ અહીં આસ્રવનો સ્વાંગ છે. તે સ્વાંગને યથાર્થ જાણનારું સમ્યગ્જ્ઞાન છે; તેના મહિમારૂપ મંગળ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [अथ] હવે [समररङ्गपरागतम्] સમરાંગણમાં આવેલા, [महामदनिर्भरमन्थरं] મહા મદથી ભરેલા મદમાતા [आस्रवम्] આસ્રવને [अयम् दुर्जयबोधधनुर्धर:] આ દુર્જય જ્ઞાન-બાણાવળી [जयति] જીતે છે- [उदारगभीरमहोदय:] કે જે જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય ઉદાર છે (અર્થાત્ આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે) અને ગંભીર છે (અર્થાત્ જેનો પાર છદ્મસ્થ જીવો પામી શક્તા નથી એવો છે).

**ભાવાર્થઃ-**અહીં નૃત્યના અખાડામાં આસ્રવે પ્રવેશ કર્યો છે. નૃત્યમાં અનેક રસનું વર્ણન હોય છે તેથી અહીં રસવત્ અલંકાર વડે શાન્ત રસમાં વીર રસને પ્રધાન કરી વર્ણન કર્યું છે કે 'જ્ઞાનરૂપી બાણાવળી આસ્રવને જીતે છે'. આખા જગતને જીતીને મદોન્મત્ત થયેલો આસ્રવ સંગ્રામની ભૂમિમાં આવીને ખડો થયો; પરંતુ જ્ઞાન તો તેના કરતાં વધારે બળવાન યોદ્ધો છે તેથી તે આસ્રવને જીતી લે છે અર્થાત્ અંતર્મુહૂર્તમાં કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉપજાવે છે. એવું જ્ઞાનનું સામર્થ્ય છે. ૧૧૩.

**तत्रास्रवस्वरूपमभिदधाति-**

**मिच्छत्तं अविरमणं कसायजोगा य सण्णसण्णा दु।**
**बहुविहभेया जीवे तस्सेव अणण्णपरिणामा।। १६४ ।।**
**णाणावरणादीयस्स ते दु कम्मस्स कारणं होंति।**
**तेसिं पि होदि जीवो य रागदोसादिभावकरो।। १६५ ।।**

मिथ्यात्वमविरमणं कषाययोगौ च संज्ञासंज्ञास्तु।
बहुविधभेदा जीवे तस्यैवानन्यपरिणामाः।। १६४ ।।
ज्ञानावरणाद्यस्य ते तु कर्मणः कारणं भवन्ति।
तेषामपि भवति जीवश्च रागद्वेषादिभावकरः।। १६५ ।।

**रागद्वेषमोहा आस्रवाः इह हि जीवे स्वपरिणामनिमित्ताः अजडत्वे सति**

---

હવે આસ્રવનું સ્વરૂપ કહે છેઃ-

**મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ ૧સંજ્ઞ ૨અસંજ્ઞ છે,**
**[1]એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.**
**વળી ૨તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,**
**ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.**

**ગાથાર્થઃ-** [ मिथ्यात्वम् ] મિથ્યાત્વ, [ अविरमणं ] અવિરમણ, [ कषाययोगौ च ] કષાય અને યોગ-એ આસ્રવો [ संज्ञासंज्ञाः तु ] સંજ્ઞ (અર્થાત્ ચેતનના વિકાર) પણ છે અને અસંજ્ઞ (અર્થાત્ પુદ્ગલના વિકાર) પણ છે. [ बहुविधभेदाः ] વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો- [ जीवे ] કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ- [ तस्य एव ] જીવના જ [ अनन्यपरिणामाः ] અનન્ય પરિણામ છે. [ ते तु ] વળી અસંજ્ઞ આસ્રવો [ ज्ञानावरणाद्यस्य कर्मणः ] જ્ઞાનાવરણ આદિ કર્મનું [ कारणं ] કારણ (નિમિત્ત) [ भवन्ति ] થાય છે [ च ] અને [ तेषाम् अपि ] તેમને પણ (અર્થાત્ અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં) [ रागद्वेषादिभावकरः जीवः ] રાગદ્વેષાદિ ભાવ કરનારો જીવ [ भवति ] કારણ (નિમિત્ત) થાય છે.

**ટીકાઃ-**આ જીવમાં રાગ, દ્વેષ અને મોહ-એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છે માટે તેઓ જડ નહિ હોવાથી ચિદાભાસ છે (-જેમાં ચૈતન્યનો આભાસ છે એવા છે, ચિદ્વિકાર છે).

चिदाभासाः। मिथ्यात्वाविरतिकषाययोगाः पुद्गलपरिणामाः, ज्ञानावरणादिपुद्गलकर्मास्रवणनिमित्तत्वात्, किलास्रवाः। तेषां तु तदास्रवणनिमित्तत्वनिमित्तं अज्ञानमया आत्मपरिणामा रागद्वेषमोहाः। तत आस्रवणनिमित्तत्वनिमित्तत्वात् रागद्वेषमोहा एवास्रवाः। ते चाज्ञानिन एव भवन्तीति अर्थादेवापद्यते।

**अथ ज्ञानिनस्तदभावं दर्शयति-**

**णत्थि दु आसवबंधो सम्मादिट्ठिस्स आसवणिरोहो।**
**संते पुव्वणिबद्धे जाणदि सो ते अबंधंतो।। १६६ ।।**

**नास्ति त्वास्रवबन्धः सम्यग्दृष्टेरास्रवनिरोधः।**
**सन्ति पूर्वनिबद्धानि जानाति स तान्यबध्नन्।। १६६ ।।**

---

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ-એ પુદ્‌ગલપરિણામો, જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મના આસ્રવણનાં (-આવવાનાં) નિમિત્ત હોવાથી, ખરેખર આસ્રવો છે; અને તેમને (મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને) કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત રાગદ્વેષમોહ છે-કે જેઓ અજ્ઞાનમય આત્મપરિણામો છે. માટે (મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને) આસ્રવણના નિમિત્તપણાના નિમિત્તભૂત હોવાથી રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે. અને તે તો (-રાગદ્વેષમોહ તો) અજ્ઞાનીનેજ હોય છે એમ અર્થમાંથી જ નીકળે છે. (ગાથામાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું નથી તોપણ ગાથાના જ અર્થમાંથી એ આશય નીકળેછે.)

**ભાવાર્થઃ**-જ્ઞાનાવરણાદિ કર્મો ના આસ્રવણનું (-આગમનનું) કારણ તો મિથ્યાત્વાદિકર્મના ઉદયરૂપ પુદ્‌ગલના પરિણામ છે, માટે તે ખરેખર આસ્રવો છે. વળી તેમને કર્મ-આસ્રવણના નિમિત્તભૂત થવાનું નિમિત્ત જીવના રાગદ્વેષમોહરૂપ (અજ્ઞાનમય) પરિણામ છે માટે રાગદ્વેષમોહ જ આસ્રવો છે. તે રાગદ્વેષમોહને ચિદ્વિકાર પણ કહેવામાં આવે છે. તે રાગદ્વેષમોહ જીવને અજ્ઞાન-અવસ્થામાં જ હોય છે. મિથ્યાત્વ સહિત જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે. માટે મિથ્યાદ્રષ્ટિને અર્થાત્ અજ્ઞાનીને જ રાગદ્વેષમોહરૂપી આસ્રવો હોય છે.

હવે જ્ઞાનીને આસ્રવોનો (ભાવાસ્ત્રવોનો) અભાવ છે એમ બતાવે છેઃ-

**સુદ્રષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;**
**નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.**

**ગાથાર્થઃ**- [ सम्यग्दृष्टेः तु ] સમ્યગ્દ્રષ્ટિને [ आस्रवबन्धः ] આસ્રવ જેનું

**यतो हि ज्ञानिनो ज्ञानमयैर्भावैरज्ञानमया भावाः परस्परविरोधि-नोऽवश्यमेव निरुध्यन्ते; ततोऽज्ञानमयानां भावानां रागद्वेषमोहानां आस्रवभूतानां निरोधात् ज्ञानिनो भवत्येव आस्रवनिरोधः। अतो ज्ञानी नास्रवनिमित्तानि पुद्गलकर्माणि बध्नाति, नित्यमेवाकर्तृत्वात् तानि नवानि न बध्नन् सदवस्थानि पूर्वबद्धानि, ज्ञानस्वभावत्वात्, केवलमेव जानाति।**

---

નિમિત્ત છે એવો બંધ [ नास्ति ] નથી, [ आस्रवनिरोधः ] ( કારણ કે ) આસ્રવનો ( ભાવાસ્રવનો ) નિરોધ છે; [ तानि ] નવાં કર્મોને [ अबध्नन् ] નહિ બાંધતો [ सः ] તે, [ सन्ति ] સત્તામાં રહેલાં [ पूर्वनिबद्धानि ] પૂર્વે બંધાયેલાં કર્મોને [ जानाति ] જાણે જ છે.

**ટીકાઃ**-ખરેખર જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરોધાય છે-રોકાય છે-અભાવરૂપ થાય છે કારણ કે પરસ્પર વિરોધી ભાવો સાથે રહી શકે નહિ; તેથી અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ કે જેઓ આસ્રવભૂત ( આસ્રવસ્વરૂપ ) છે તેમનો નિરોધ હોવાથી, જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે. માટે જ્ઞાની, આસ્રવો જેમનું નિમિત્ત છે એવાં ( જ્ઞાનાવરણાદિ ) પુદ્‌ગલકર્મોને બાંધતો નથી, - સદાય અકર્તાપણું હોવાથી નવાં કર્મો નહિ બાંધતો થકો સત્તામાં રહેલાં પૂર્વબદ્ધ કર્મોને, પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે. ( જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે, કર્તાપણું સ્વભાવ નથી; કર્તાપણું હોય તો કર્મ બાંધે, જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી. )

**ભાવાર્થઃ**-જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી, અજ્ઞાનમય ભાવો નહિ હોવાથી ( અજ્ઞાનમય ) રાગદ્વેષમોહ અર્થાત્ આસ્રવો હોતા નથી અને આસ્રવો નહિ હોવાથી નવો બંધ થતો નથી. આ રીતે જ્ઞાની સદાય અકર્તા હોવાથી નવાં કર્મ બાંધતો નથી અને પૂર્વ બંધાયેલાં જે કર્મો સત્તામાં રહ્યાં છે તેમનો જ્ઞાતા જ રહે છે.

અવિરતસમ્યગ્દષ્ટિને પણ અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી. મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે, સમ્યક્‌ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી. સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે. તેને ચારિત્રમોહના ઉદયની બળજોરીથી જે રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી; તે રાગાદિકને રોગ સમાન જાણીને પ્રવર્તે છે અને પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે. માટે જ્ઞાનીને જે રાગાદિક હોય છે તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે; તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી, માત્ર અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ કરે છે. આવા અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.

આ રીતે જ્ઞાનીને આસ્રવ નહિ હોવાથી બંધ થતો નથી.

अथ रागद्वेषमोहानामास्रवत्वं नियमयति-

**भावो रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो।**
**रागादिविप्पमुक्को अबंधगो जाणगो णवरि।। १६७ ।।**

भावो रागादियुतो जीवेन कृतस्तु बन्धको भणितः।
रागादिविप्रमुक्तोऽबन्धको ज्ञायकः केवलम्।। १६७ ।।

इह खलु रागद्वेषमोहसम्पर्कजोऽज्ञानमय एव भावः, अयस्कान्तोपलसम्पर्कज इव कालायससूचीं, कर्म कर्तुमात्मानं चोदयति; तद्विवेकजस्तु ज्ञानमयः, अयस्कान्तोपलविवेकज इव कालायससूचीं, अकर्मकरणोत्सुकमात्मानं स्वभावेनैव स्थापयति। ततो रागादिसङ्कीर्णोऽज्ञानमय एव कर्तृत्वे चोदकत्वाद्बन्धकः। तदसङ्कीर्णस्तु स्वभावोद्भासकत्वात्केवलं ज्ञायक एव, न मनागपि बन्धकः।

---

હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે એવો નિયમ કરે છેઃ–

**રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;**
**રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.**

**ગાથાર્થઃ–** [ जीवेन कृतः ] જીવે કરેલો [ रागादियुतः ] રાગાદિયુક્ત [ भावः तु ] ભાવ [ बन्धकः भणितः ] બંધક (અર્થાત્ નવાં કર્મનો બંધ કરનાર) કહેવામાં આવ્યો છે. [ रागादिविप्रमुक्तः ] રાગાદિથી વિમુક્ત ભાવ [ अबन्धकः ] બંધક નથી, [ केवलम् ज्ञायकः ] કેવળ જ્ઞાયક જ છે.

**ટીકાઃ–**ખરેખર, જેમ લોહચુંબક-પાષાણ સાથે સંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ કરવાને) પ્રેરે છે તેમ રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ જ આત્માને કર્મ કરવાને પ્રેરે છે, અને જેમ લોહચુંબક-પાષાણ સાથે અસંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ નહિ કરવારૂપ) સ્વભાવમાં જ સ્થાપે છે તેમ રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ, જેને કર્મ કરવાની ઉત્સુકતા નથી (અર્થાત્ કર્મ કરવાનો જેનો સ્વભાવ નથી) એવા આત્માને સ્વભાવમાં જ સ્થાપે છે; માટે રાગાદિ સાથે મિશ્રિત (–મળેલો) અજ્ઞાનમય ભાવ જ કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી બંધક છે અને રાગાદિ સાથે અમિશ્રિત ભાવ સ્વભાવનો પ્રકાશક (–પ્રગટ કરનાર) હોવાથી કેવળ જ્ઞાયક જ છે, જરા પણ બંધક નથી.

अथ रागाद्यसङ्कीर्णभावसम्भवं दर्शयति-

पक्के फलम्हि पडिए जह ण फलं बज्झए पुणो विंटे।
जीवस्स कम्मभावे पडिए ण पुणोदयमुवेदि।। १६८ ।।

पक्वे फले पतिते यथा न फलं बध्यते पुनर्वृन्तैः।
जीवस्य कर्मभावे पतिते न पुनरुदयमुपैति।। १६८ ।।

यथा खलु पक्वं फलं वृन्तात्सकृद्विश्लिष्टः सत् न पुनर्वृन्तसम्बन्धमुपैति, तथा कर्मोदयजो भावो जीवभावात्सकृद्विश्लिष्टःसन् न पुनर्जीवभावमुपैति। एवं ज्ञानमयो रागाद्यसङ्कीर्णो भावः सम्भवति।

---

**ભાવાર્થઃ**-રાગાદિક સાથે મળેલો અજ્ઞાનમય ભાવ જ બંધનો કરનાર છે, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ બંધનો કરનાર નથી-એ નિયમ છે.

હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છેઃ-

**ફળ પકવ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.**

**ગાથાર્થઃ**-[ यथा ] જેમ [ पक्वे फले ] પાકું ફળ [ पतिते ] ખરી પડતાં [ पुनः ] ફરીને [ फलं ] ફળ [ वृन्तैः ] ડીંટા સાથે [ न बध्यते ] જોડાતું નથી, તેમ [ जीवस्य ] જીવને [ कर्मभावे ] કર્મભાવ [ पतिते ] ખરી જતાં ( અર્થાત્ છૂટો થતાં ) [ पुनः ] ફરીને [ उदयम् न उपैति ] ઉત્પન્ન થતો નથી ( અર્થાત્ જીવ સાથે જોડાતો નથી ).

**ટીકાઃ**-જેમ પાકું ફળ ડીંટાથી એકવાર છૂટું પડયું થકું ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી, તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડયો થકો ફરીને જીવભાવને પામતો નથી. આ રીતે જ્ઞાનમય એવો, રાગાદિક સાથે નહિ મળેલો ભાવ ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થઃ**-જો જ્ઞાન એકવાર ( અપ્રતિપાતી ભાવે ) રાગાદિકથી જુદું પરિણમે તો ફરીને તે કદી રાગાદિક સાથે ભેળસેળ થઈ જતું નથી. આ રીતે ઉત્પન્ન થયેલો, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ સદાકાળ રહે છે. પછી જીવ અસ્થિરતારૂપે રાગાદિકમાં જોડાય તે નિશ્ચયદ્રષ્ટિમાં જોડાણ છે જ નહિ અને તેને જે અલ્પ બંધ થાય તે પણ નિશ્ચયદ્રષ્ટિમાં બંધ છે જ નહિ, કારણ કે અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે. વળી તેને મિથ્યાત્વની સાથે રહેનારી પ્રકૃતિઓનો બંધ થતો નથી અને અન્ય પ્રકૃતિઓ સામાન્ય સંસારનું કારણ નથી; મૂળથી કપાયેલા વૃક્ષનાં લીલાં પાંદડાં જેવી તે પ્રકૃતિઓ શીઘ્ર સુકાવાયોગ્ય છે.

( शालिनी )

**भावो रागद्वेषमोहैर्विना यो**
**जीवस्य स्याद् ज्ञाननिर्वृत्त एव।**
**रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रवौधान्**
**एषोऽभाव: सर्वभावास्रवाणाम्।। ११४ ।।**

**अथ ज्ञानिनो द्रव्यास्रवाभावं दर्शयति-**

**पुढवीपिंडसमाणा पुव्वणिबद्धा दु पच्चया तस्स।**
**कम्मसरीरेण दु ते बद्धा सव्वे वि णाणिस्स।। १६९ ।।**

**पृथ्वीपिण्डसमाना: पूर्वनिबद्धास्तु प्रत्ययास्तस्य।**
**कर्मशरीरेण तु ते बद्धा: सर्वेऽपि ज्ञानिन:।। १६९ ।।**

---

હવે, ‘જે જ્ઞાનમય ભાવ છે તે જ ભાવાસ્ત્રવનો અભાવ છે’ એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ जीवस्य ] જીવને [ य: ] જે [ रागद्वेषमोहै: विना ] રાગદ્વેષમોહ વગરનો, [ ज्ञाननिर्वृत्त: एव भाव: ] જ્ઞાનથી જ રચાયેલો ભાવ [ स्यात् ] છે અને [ सर्वान् द्रव्यकर्मास्रव–ओधान् रुन्धन् ] જે સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોકને (અર્થાત્ જથ્થાબંધ દ્રવ્યકર્મના પ્રવાહને) રોકનારો છે, [ एष: सर्व–भावास्रवाणाम् अभाव: ] તે (જ્ઞાનમય) ભાવ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.

**ભાવાર્થઃ-**મિથ્યાત્વ રહિત ભાવ જ્ઞાનમય છે. તે જ્ઞાનમય ભાવ રાગદ્વેષમોહ વગરનો છે અને દ્રવ્યકર્મના પ્રવાહને રોધનારો છે; તેથી તે ભાવ જ ભાવ–આસ્રવના અભાવસ્વરૂપ છે.

સંસારનું કારણ મિથ્યાત્વ જ છે; તેથી મિથ્યાત્વ સંબંધી રાગાદિકનો અભાવ થતાં, સર્વ ભાવાસ્ત્રવનો અભાવ થયો એમ અહીં કહ્યું. ૧૧૪.

હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્ત્રવનો અભાવ છે એમ બતાવે છેઃ–

**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,**
**છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.**

**ગાથાર્થઃ-** [ तस्य ज्ञानिन: ] તે જ્ઞાનીને [ पूर्वनिबद्धा: तु ] પૂર્વે બંધાયેલા [ सर्वे अपि ] સમસ્ત [ प्रत्यया: ] પ્રત્યયો [ पृथ्वीपिण्डसमाना: ] માટીનાં ઢેફાં સમાન

**ये खलु पूर्वमज्ञानेन बद्धा मिथ्यात्वाविरतिकषाययोगा द्रव्यास्रवभूताः प्रत्ययाः, ते ज्ञानिनो द्रव्यान्तरभूता अचेतनपुद्गलपरिणामत्वात् पृथ्वीपिण्डसमानाः। ते तु सर्वेऽपि स्वभावत एव कार्माणशरीरेणैव सम्बद्धाः, न तु जीवेन। अतः स्वभावसिद्ध एव द्रव्यास्रवाभावो ज्ञानिनः।**

( उपजाति )

**भावास्त्रवाभावमयं प्रपन्नो**
**द्रव्यास्त्रवेभ्यः स्वत एव भिन्नः।**
**ज्ञानी सदा ज्ञानमयैकभावो**
**निरास्रवो ज्ञायक एक एव।। ११५ ।।**

---

છે [ तु ] અને [ ते ] તે [ कर्मशरीरेण ] ( માત્ર ) કાર્મણ શરીર સાથે [ बद्धाः ] બંધાયેલ છે.

**ટીકાઃ**-જે પૂર્વે અજ્ઞાન વડે બંધાયેલા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ દ્રવ્યાસ્ત્રવભૂત પ્રત્યયો છે, તે અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો અચેતન પુદ્ગલપરિણામવાળા હોવાથી જ્ઞાનીને માટીનાં ઢેફાં સમાન છે ( -જેવા માટી વગેરે પુદ્ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો છે ); તે તો બધાય, સ્વભાવથી જ માત્ર કાર્મણ શરીર સાથે બંધાયેલા છે- સંબંધવાળા છે, જીવ સાથે નહિ; માટે જ્ઞાનીને દ્રવ્યાસ્ત્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.

**ભાવાર્થઃ**-જ્ઞાનીને જે પૂર્વે અજ્ઞાનદશામાં બંધાયેલા મિથ્યાત્વાદિ દ્રવ્યાસ્ત્રવભૂત પ્રત્યયો છે તે તો માટીનાં ઢેફાંની માફક પુદ્ગલમય છે તેથી તેઓ સ્વભાવથી જ અમૂર્તિક ચૈતન્યસ્વરૂપ જીવથી ભિન્ન છે. તેમનો બંધ અથવા સંબંધ પુદ્ગલમય કાર્મણ શરીર સાથે જ છે, ચિન્મય જીવ સાથે નથી. માટે જ્ઞાનીને દ્રવ્યાસ્ત્રવનો અભાવ તો સ્વભાવથી જ છે. ( વળી જ્ઞાનીને ભાવાસ્ત્રવનો અભાવ હોવાથી, દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્ત્રવણનું કારણ થતાં નથી તેથી તે દષ્ટિએ પણ જ્ઞાનીને દ્રવ્ય આસ્ત્રવનો અભાવ છે. )

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ भावास्रव-अभावम् प्रपन्नः ] ભાવાસ્રવોના અભાવને પામેલો અને [ द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः ] દ્રવ્યાસ્રવોથી તો સ્વભાવથી જ ભિન્ન એવો [ अयं ज्ञानी ] આ જ્ઞાની- [ सदा ज्ञानमय-एक-भावः ] કે જે સદા એક જ્ઞાનમય ભાવવાળો છે તે- [ निरास्रवः ] નિરાસ્રવ જ છે, [ एकः ज्ञायकः एव ] માત્ર એક જ્ઞાયક જ છે.

**कथं ज्ञानी निरास्रव इति चेत्-**

**चउविह अणेयभेयं बंधंते णाणदंसणगुणेहिं।**
**समए समए जम्हा तेण अबंधो त्ति णाणी दु।। १७० ।।**

**चतुर्विधा अनेकभेदं बध्नन्ति ज्ञानदर्शनगुणाभ्याम्।**
**समये समये यस्मात् तेनाबन्ध इति ज्ञानी तु।। १७० ।।**

**ज्ञानी हि तावदास्रवभावभावनाभिप्रायाभावान्निरास्रव एव। यत्तु तस्यापि द्रव्यप्रत्यया: प्रतिसमयमनेकप्रकारं पुद्गलकर्म बध्नन्ति, तत्र ज्ञानगुणपरिणाम एव हेतु:।**

**कथं ज्ञानगुणपरिणामो बन्धहेतुरिति चेत्-**

---

**ભાવાર્થઃ**-રાગદ્વેષમોહસ્વરૂપ ભાવાસ્ત્રવનો જ્ઞાનીને અભાવ થયો છે અને દ્રવ્યાસ્ત્રવથી તો તે સદાય સ્વયમેવ ભિન્ન જ છે કારણ કે દ્રવ્યાસ્ત્રવ પુદ્ગલપરિણામસ્વરૂપ છે અને જ્ઞાની ચૈતન્યસ્વરૂપ છે. આ રીતે જ્ઞાનીને ભાવાસ્ત્રવ તેમ જ દ્રવ્યાસ્ત્રવનો અભાવ હોવાથી તે નિરાસ્ત્રવ છે. ૧૧૫.

હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્ત્રવ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છેઃ-

**ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી**
**બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.**

**ગાથાર્થઃ**- [ यस्मात् ] કારણ કે [ चतुर्विधा: ] ચાર પ્રકારના દ્રવ્યાસ્રવો [ ज्ञानदर्शनगुणाभ्याम् ] જ્ઞાનદર્શનગુણો વડે [ समये समये ] સમયે સમયે [ अनेकभेदं ] અનેક પ્રકારનું કર્મ [ बध्नन्ति ] બાંધે છે [ तेन ] તેથી [ ज्ञानी तु ] જ્ઞાની તો [ अबन्ध: इति ] અબંધ છે.

**ટીકાઃ**-પ્રથમ, જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે નિરાસ્ત્રવ જ છે; પરંતુ જે તેને પણ દ્રવ્યપ્રત્યયો સમય સમય પ્રતિ અનેક પ્રકારનું પુદ્ગલકર્મ બાંધે છે, ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.

હવે વળી પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છેઃ-

**जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि।**
**अण्णत्तं णाणगुणो तेण दु सो बंधगो भणिदो।। १७१ ।।**

यस्मात्तु जघन्यात् ज्ञानगुणात् पुनरपि परिणमते।
अन्यत्वं ज्ञानगुणः तेन तु स बन्धको भणितः।। १७१ ।।

ज्ञानगुणस्य हि यावज्जघन्यो भावः तावत् तस्यान्तर्मुहूर्त-विपरिणामित्वात् पुनः पुनरन्यतयास्ति परिणामः। स तु, यथाख्यात-चारित्रावस्थाया अधस्तादवश्यम्भाविरागसद्भावात्, बन्धहेतुरेव स्यात्।

एवं सति कथं ज्ञानी निरास्रव इति चेत्-

---

**જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,**
**ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.**

**ગાથાર્થઃ-** [ यस्मात् तु ] કારણ કે [ ज्ञानगुणः ] જ્ઞાનગુણ, [ जघन्यात् ज्ञानगुणात् ] જઘન્ય જ્ઞાનગુણને લીધે [ पुनरपि ] ફરીને પણ [ अन्यत्वं ] અન્યપણે [ परिणमते ] પરિણમે છે, [ तेन तु ] તેથી [ सः ] તે ( જ્ઞાનગુણ ) [ बन्धकः ] કર્મનો બંધક [ भणितः ] કહેવામાં આવ્યો છે.

**ટીકાઃ-**જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્ય ભાવ છે ( -ક્ષાયોપશમિકભાવ છે ) ત્યાં સુધી તે ( જ્ઞાનગુણ ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી ફરીફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે. તે ( જ્ઞાનગુણનું જઘન્ય ભાવે પરિણમન ), યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે અવશ્યંભાવી રાગનો સદ્ભાવ હોવાથી, બંધનું કારણ જ છે.

**ભાવાર્થઃ-**ક્ષાયોપશમિક જ્ઞાન એક જ્ઞેય પર અંતર્મુહૂત જ થંભે છે, પછી અવશ્ય અન્ય જ્ઞેયને અવલંબે છે; સ્વરૂપમાં પણ તે અંતર્મુહૂર્ત જ ટકી શકે છે, પછી વિપરિણામ પામે છે. માટે એમ અનુમાન પણ થઈ શકે છે કે સમ્યગ્દષ્ટિ આત્મા સવિકલ્પ દશામાં હો કે નિર્વિકલ્પ અનુભવદશામાં હો, -યથાખ્યાતચારિત્ર-અવસ્થા થયા પહેલાં તેને અવશ્ય રાગભાવનો સદ્ભાવ હોય છે; અને રાગ હોવાથી બંધ પણ થાય છે. માટે જ્ઞાનગુણના જઘન્ય ભાવને બંધનો હેતુ કહેવામાં આવ્યો છે.

હવે વળી ફરી પૂછે છે કે-જો આમ છે ( અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્ય ભાવ બંધનું કારણ છે ) તો પછી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે:-

**दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण।**
**णाणी तेण दु बज्झदि पोग्गलकम्मेण विविहेण।। १७२ ।।**

दर्शनज्ञानचारित्रं यत्परिणमते जघन्यभावेन।
ज्ञानी तेन तु बध्यते पुद्गलकर्मणा विविधेन।। १७२ ।।

यो हि ज्ञानी स बुद्धिपूर्वकरागद्वेषमोहरूपास्रवभावाभावात् निरास्रव एव। किन्तु सोऽपि यावज्ज्ञानं सर्वोत्कृष्टभावेन द्रष्टुं ज्ञातुमनुचरितुं वाऽशक्तः सन् जघन्यभावेनैव ज्ञानं पश्यति जानात्यनुचरति च तावत्तस्यापि, जघन्यभावान्यथानुपपत्त्याऽनुमीयमानाबुद्धिपूर्वककलङ्कविपाकसद्भावात्, पुद्गलकर्मबन्धः स्यात्। अतस्तावज्ज्ञानं द्रष्टव्यं ज्ञातव्यमनुचरितव्यं च यावज्ज्ञानस्य यावान् पूर्णो भावस्तावान् दृष्टो ज्ञातोऽनुचरितश्च सम्यग्भवति। ततः साक्षात् ज्ञानीभूतः सर्वथा निरास्रव एव स्यात्।

---

**ચારિત્ર દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,**
**તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.**

**ગાથાર્થઃ-** [ यत् ] કારણ કે [ दर्शनज्ञानचारित्रं ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ जघन्यभावेन ] જઘન્ય ભાવે [ परिणमते ] પરિણમે છે [ तेन तु ] તેથી [ ज्ञानी ] જ્ઞાની [ विविधेन ] અનેક પ્રકારના [ पुद्गलकर्मणा ] પુદ્‌ગલકર્મથી [ बध्यते ] બંધાય છે.

**ટીકાઃ-**જે ખરેખર જ્ઞાની છે તે, બુદ્ધિપૂર્વક (ઇચ્છાપૂર્વક) રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી, નિરાસ્રવ જ છે. પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે – તે જ્ઞાની જ્યાં સુધી જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો જઘન્ય ભાવે જ જ્ઞાનને દેખે છે, જાણે છે અને આચરે છે ત્યાં સુધી તેને પણ, જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિ વડે (અર્થાત્ જઘન્ય ભાવ અન્ય રીતે નહિ બનતો હોવાને લીધે) જેનું અનુમાન થઇ શકે છે એવા અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્‌ભાવ હોવાથી, પુદ્‌ગલકર્મનો બંધ થાય છે. માટે ત્યાં સુધી જ્ઞાનને દેખવું, જાણવું અને આચરવું કે જ્યાં સુધીમાં જ્ઞાનનો જેવડો પૂર્ણ ભાવ છે તેવડો દેખવામાં, જાણવામાં અને આચરવામાં બરાબર આવી જાય. ત્યારથી સાક્ષાત્ જ્ઞાની થયો થકો (આત્મા) સર્વથા નિરાસ્રવ જ હોય છે.

**ભાવાર્થઃ-**જ્ઞાનીને બુદ્ધિપૂર્વક (અજ્ઞાનમય) રાગદ્વેષમોહનો અભાવ હોવાથી જ્ઞાની નિરાસ્રવ જ છે. પરંતુ જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે ત્યાં સુધી તે જ્ઞાની જ્ઞાનને સવોત્કૃષ્ટ ભાવે દેખી, જાણી અને આચરી શકતો નથી-જઘન્ય ભાવે દેખી,

( शार्दूलविक्रीडित )

**संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं**
**वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।**
**उच्छिन्दन्परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भव-**
**न्नात्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।। ११६ ।।**

---

જાણી અને આચરી શકે છે; તેથી એમ જણાય છે કે તે જ્ઞાનીને હજુ અબુદ્ધિપૂર્વક કર્મકલંકનો વિપાક ( અર્થાત્ ચારિત્રમોહસંબંધી રાગદ્વેષ ) વિદ્યમાન છે અને તેથી તેને બંધ પણ થાય છે. માટે તેને એમ ઉપદેશ છે કે-જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી જ્ઞાનનું જ નિરંતર ધ્યાન કરવું, જ્ઞાનને જ દેખવું, જ્ઞાનને જ જાણવું અને જ્ઞાનને જ આચરવું. આ જ માર્ગે દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે અને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે. કેવળજ્ઞાન પ્રગટે ત્યારથી આત્મા સાક્ષાત્ જ્ઞાની છે અને સર્વ પ્રકારે નિરાસ્ત્રવ છે.

જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક ( અર્થાત્ચારિત્રમોહનો ) રાગ હોવા છતાં, બુદ્ધિપૂર્વક રાગના અભાવની અપેક્ષાએ જ્ઞાનીને નિરાસ્ત્રવપણું કહ્યું અને અબુદ્ધિપૂર્વક રાગનો અભાવ થતાં અને કેવળજ્ઞાન પ્રગટતાં સર્વથા નિરાસ્ત્રવપણું કહ્યું. આ, વિવક્ષાનું વિચિત્રપણું છે. અપેક્ષાથી સમજતાં એ સર્વ કથન યથાર્થ છે.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ आत्मा यदा ज्ञानी स्यात् तदा ] આત્મા જ્યારે જ્ઞાની થાય ત્યારે, [ स्वयं ] પોતે [ निजबुद्धिपूर्वम् समग्रं रागं ] પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને [ अनिशं ] નિરંતર [ संन्यस्यन् ] છોડતો થકો અર્થાત્ નહિ કરતો થકો, [ अबुद्धिपूर्वम् ] વળી જે અબુદ્ધિપૂર્વક રાગ છે [ तं अपि ] તેને પણ [ जेतुं ] જીતવાને [ वारंवारम् ] વારંવાર [ स्वशक्तिं स्पृशन् ] ( જ્ઞાનાનુભવનરૂપ ) સ્વશક્તિને સ્પર્શતો થકો અને ( એ રીતે ) [ सकलां परवृत्तिम् एव उच्छिन्दन् ] સમસ્ત પરવૃત્તિને-પરપરિણતિને-ઉખેડતો [ ज्ञानस्य पूर्णः भवन् ] જ્ઞાનના પૂર્ણભાવરૂપ થતો થકો, [ हि ] ખરેખર [ नित्यनिरास्रवः भवति ] સદા નિરાસ્રવ છે.

**ભાવાર્થઃ-**જ્ઞાનીએ સમસ્ત રાગને હેય જાણ્યો છે. તે રાગને મટાડવાને ઉદ્યમ કર્યા કરે છે; તેને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી; તેથી તે સદા નિરાસ્ત્રવ જ કહેવાય છે.

પરવૃતિ ( પરપરિણતિ ) બે પ્રકારની છે-અશ્રદ્ધારૂપ અને અસ્થિરતારૂપ. જ્ઞાનીએ અશ્રદ્ધારૂપ પરવૃત્તિ છોડી છે અને અસ્થિરતારૂપ પરવૃત્તિ જીતવા માટે તે નિજ

( अनुष्टुभ् )

**सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।**
**कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः।। ११७ ।।**

**सव्वे पुव्वणिबद्धा दु पच्चया अत्थि सम्मदिट्ठिस्स।**
**उवओगप्पाओगं बंधंते कम्मभावेण।। १७३ ।।**

---

શક્તિને વારંવાર સ્પર્શે છે અર્થાત્ પરિણતિને સ્વરૂપ પ્રતિ વારંવાર વાળ્યા કરે છે. એ રીતે સકળ પરવૃત્તિને ઉખેડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે.

‘બુદ્ધિપૂર્વક’ અને ‘અબુદ્ધિપૂર્વક’નો અર્થ આ પ્રમાણે છેઃ–જે રાગાદિપરિણામ ઇચ્છા સહિત થાય તે બુદ્ધિપૂર્વક છે અને જે રાગાદિપરિણામ ઇચ્છા વિના પરનિમિત્તની બળજોરીથી થાય તે અબુદ્ધિપૂર્વક છે. જ્ઞાનીને જે રાગાદિપરિણામ થાય છે તે બધાય અબુદ્ધિપૂર્વક જ છે; સવિકલ્પ દશામાં થતા રાગાદિપરિણામો જ્ઞાનીની જાણમાં છે તોપણ અબુદ્ધિપૂર્વક છે કારણ કે ઇચ્છા વિના થાય છે.

( રાજમલ્લજીએ આ કળશની ટીકા કરતાં ‘બુદ્ધિપૂર્વક’ અને અબુદ્ધિપૂર્વક’નો આ પ્રમાણે અર્થ લીધો છેઃ–જે રાગાદિપરિણામ મન દ્વારા, બાહ્ય વિષયોને અવલંબીને, પ્રવર્તે છે અને જેઓ પ્રવર્તતા થકા જીવને પોતાને જણાય છે તેમ જ બીજાને પણ અનુમાનથી જણાય છે તે પરિણામો બુદ્ધિપૂર્વક છે; અને જે રાગાદિપરિણામ ઇંદ્રિયમનના વ્યાપાર સિવાય કેવળ મોહના ઉદયના નિમિત્તે થાય છે અને જીવને જણાતા નથી તે અબુદ્ધિપૂર્વક છે. આ અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે અને તેમના અવિનાભાવી ચિહ્ન વડે તેઓ અનુમાનથી પણ જણાય છે. ) ૧૧૬.

હવે શિષ્યની આશંકાનો શ્લોક કહે છેઃ–

**શ્લોકાર્થઃ**–‘[ सर्वस्याम् एव द्रव्यप्रत्ययसंततौ जीवन्त्यां ] જ્ઞાનીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ વિદ્યમાન હોવા છતાં [ ज्ञानी ] જ્ઞાની [ नित्यम् एव ] સદાય [ निरास्रवः ] નિરાસ્રવ છે [ कुतः ] એમ શા કારણે કહ્યું ? ’– [ इति चेत् मतिः ] એમ જો તારી બુદ્ધિ છે ( અર્થાત્ જો તને એવી આશંકા થાય છે ) તો હવે તેનો ઉત્તર કહેવામાં આવે છે. ૧૧૭.

હવે પૂર્વોક્ત આશંકાના ઉત્તરની ગાથા કહે છેઃ–

**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદ્રષ્ટિને,**
**ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.**

**होदूण णिरुवभोज्जा तह बंधदि जह हवंति उवभोज्जा।**
**सत्तट्ठविहा भूदा णाणावरणादिभावेहिं।। १७४ ।।**
**संता दु णिरुवभोज्जा बाला इत्थी जहेह पुरिसस्स।**
**बंधदि ते उवभोज्जे तरुणी इत्थी जह णरस्स।। १७५ ।।**
**एदेण कारणेण दु सम्मादिट्ठी अबंधगो भणिद्रो।**
**आसवभावाभावे ण पच्चया बंधगा भणिदा।। १७६ ।।**

सर्वे पूर्वनिबद्धास्तु प्रत्ययाः सन्ति सम्यग्दृष्टेः।
उपयोगप्रायोग्यं बध्नन्ति कर्मभावेन।। १७३ ।।
भूत्वा निरुपभोग्यानि तथा बध्नाति यथा भवन्त्युपभोग्यानि।
सप्ताष्टविधानि भूतानि ज्ञानावरणादिभावैः।। १७४ ।।
सन्ति तु निरुपभोग्यानि बाला स्त्री यथेह पुरुषस्य।
बध्नाति तानिं उपभोग्यानि तरुणी स्त्री यथा नरस्य।। १७५ ।।
एतेन कारणेन तु सम्यग्दृष्टिरबन्धको भणितः।
आस्रवभावाभावे न प्रत्यया बन्धका भणिताः।। १७६ ।।

---

**અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,**
**જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.**

**સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;**
**ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.**

**આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,**
**આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.**

**ગાથાર્થઃ-** [ सम्यग्दृष्टेः ] સમ્યગ્દ્રષ્ટિને [ सर्वे ] બધા [ पूर्वनिबद्धाः तु ] પૂર્વે બંધાયેલા [ प्रत्ययाः ] પ્રત્યયો (દ્રવ્ય આસ્રવો) [ सन्ति ] સત્તારૂપે મોજૂદ છે તેઓ [ उपयोगप्रायोग्यं ] ઉપયોગના પ્રયોગ અનુસાર, [ कर्मभावेन ] કર્મભાવ વડે (-રાગાદિક વડે) [ बध्नन्ति ] નવો બંધ કરે છે. તે પ્રત્યયો, [ निरुपभोग्यानि ] નિરુપભોગ્ય [ भूत्वा ] રહીને પછી [ यथा ] જે રીતે [ उपभोग्यानि ] ઉપભોગ્ય [ भवन्ति ] થાય છે

**यतः सदवस्थायां तदात्वपरिणीतबालस्त्रीवत् पूर्वमनुपभोग्यत्वेऽपि विपाकावस्थायां प्राप्तयौवनपूर्वपरिणीतस्त्रीवत् उपभोग्यत्वात् उपयोगप्रायोग्यं पुद्गलकर्मद्रव्यप्रत्ययाः सन्तोऽपि कर्मोदयकार्यजीवभावसद्भावादेव बध्नन्ति। ततो ज्ञानिनो यदि द्रव्यप्रत्ययाः पूर्वबद्धाः सन्ति, सन्तु; तथापि स तु निरास्रव एव, कर्मोदयकार्यस्य रागद्वेषमोहरूपस्यास्रवभावस्याभावे द्रव्यप्रत्ययानाम-बन्धहेतुत्वात्।**

---

[ तथा ] તે રીતે, [ ज्ञानावरणादिभावैः ] જ્ઞાનાવરણાદિ ભાવે [ सप्ताष्टविधानि भूतानि ] સાત-આઠ પ્રકારનાં થયેલાં એવાં કર્મોને [ बध्नाति ] બાંધે છે. [ सन्ति तु ] સત્તા-અવસ્થામાં તેઓ [ निरुपभोग्यानि ] નિરુપભોગ્ય છે અર્થાત્ ભોગવવાયોગ્ય નથી- [ यथा ] જેમ [ इह ] જગતમાં [ बाला स्त्री ] બાળ સ્ત્રી [ पुरुषस्य ] પુરુષને નિરુપભોગ્ય છે તેમ; [ तानि ] તેઓ [ उपभोग्यानि ] ઉપભોગ્ય અર્થાત્ ભોગવવાયોગ્ય થતાં [ बध्नाति ] બંધન કરે છે- [ यथा ] જેમ [ तरुणी स्त्री ] તરુણ સ્ત્રી [ नरस्य ] પુરુષને બાંધે છે તેમ. [ एतेन तु कारणेन ] આ કારણથી [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિને [ अबन्धकः ] અબંધક [ भणितिः ] કહ્યો છે, કારણ કે [ आस्रवभावाभावे ] આસ્રવભાવના અભાવમાં [ प्रत्ययाः ] પ્રત્યયોને [ बन्धकाः ] ( કર્મના ) બંધક [ न भणिताः ] કહ્યા નથી.

**ટીકાઃ**-જેમ પ્રથમ તો તત્કાળની પરણેલી બાળ સ્ત્રી અનુપભોગ્ય છે પરંતુ યૌવનને પામેલી એવી તે પહેલાંની પરણેલી સ્ત્રી યૌવન-અવસ્થામાં ઉપભોગ્ય થાય છે અને જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે, પુરુષના રાગભાવને લીધે જ, પુરુષને બંધન કરે છે-વશ કરે છે, તેવી રીતે જેઓ પ્રથમ તો સત્તા-અવસ્થામાં અનુપભોગ્ય છે પરંતુ વિપાક-અવસ્થામાં ઉપભોગયોગ્ય થાય છે એવા પુદ્ગલકર્મરૂપ દ્રવ્યપ્રત્યયો હોવા છતાં તેઓ જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે ( અર્થાત્ ઉપયોગના પ્રયોગ અનુસારે ), કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્ભાવને લીધે જ, બંધન કરે છે. માટે જ્ઞાનીને જો પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો વિદ્યમાન છે, તો ભલે હો; તથાપિ તે ( જ્ઞાની ) તો નિરાસ્રવ જ છે, કારણ કે કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધના કારણ નથી. ( જેમ પુરુષને રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે તેમ જીવને આસ્રવભાવ હોય તો જ ઉદયપ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે. )

**ભાવાર્થઃ**-દ્રવ્યાસ્રવોના ઉદયને અને જીવના રાગદ્વેષમોહભાવોને નિમિત્તનૈમિત્તિકભાવ છે. દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને આસ્રવભાવ થઇ શકે નહિ અને તેથી બંધ પણ થઈ શકે નહિ. દ્રવ્યાસ્રવોનો ઉદય થતાં જીવ જે પ્રકારે તેમાં જોડાય અર્થાત્ જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધનાં કારણ થાય છે. જીવ ભાવાસ્રવ ન કરે તો તેને નવો બંધ થતો નથી.

( मालिनी )

**विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः**
**समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।**
**तदपि सकलरागद्वेषमोहव्युदासा-**
**दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।। ११८ ।।**

---

સમ્યગ્દ્રષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી તેને તે પ્રકારના ભાવાસ્ત્રવો તો થતા જ નથી અને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી. (ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિ અને યોગભાવનો પણ ક્ષય થઇ ગયો હોય છે તેથી તેને તે પ્રકારનો બંધ થતો નથી; ઔપશમિક સમ્યગ્દ્રષ્ટિને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાયો માત્ર ઉપશમમાં-સત્તામાં-જ હોવાથી સત્તામાં રહેલું દ્રવ્ય ઉદયમાં આવ્યા વિના તે પ્રકારના બંધનું કારણ થતું નથી; અને ક્ષાયોપશમિક સમ્યગ્દ્રષ્ટિને પણ સમ્યક્ત્વમોહનીય સિવાયની છ પ્રકૃતિઓ વિપાક-ઉદયમાં આવતી નથી તેથી તે પ્રકારનો બંધ થતો નથી.)

અવિરતસમ્યગ્દ્રષ્ટિ વગેરેને જે ચારિત્રમોહનો ઉદય વર્તે છે તેમાં જે પ્રકારે જીવ જોડાય છે તે પ્રકારે તેને નવો બંધ થાય છે; તેથી ગુણસ્થાનોના વર્ણનમાં અવિરતસમ્યગ્દ્રષ્ટિ આદિ ગુણસ્થાનોએ અમુક અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે, પરંતુ આ બંધ અલ્પ હોવાથી તેને સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી. સમ્યગ્દ્રષ્ટિ ચારિત્રમોહના ઉદયમાં સ્વામિત્વભાવે તો જોડાતો જ નથી, માત્ર અસ્થિરતારૂપે જોડાય છે; અને અસ્થિરતારૂપ જોડાણ તે નિશ્ચયદ્રષ્ટિમાં જોડાણ જ નથી. માટે સમ્યગ્દ્રષ્ટિને રાગદ્વેષમોહનો અભાવ કહેવામાં આવ્યો છે. જ્યાં સુધી કર્મનું સ્વામીપણું રાખીને કર્મના ઉદયમાં જીવ પરિણમે છે ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે; ઉદયનો જ્ઞાતાદ્રષ્ટા થઇને પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે ત્યારે કર્તા નથી, જ્ઞાતા જ છે. આ અપેક્ષાએ, સમ્યગ્દ્રષ્ટિ થયા પછી ચારિત્રમોહના ઉદયરૂપ પરિણમવા છતાં તેને જ્ઞાની અને અબંધક કહેવામાં આવ્યો છે. જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે અને તેમાં જોડાઇને જીવ રાગદ્વેષમોહભાવે પરિણમે છે ત્યાં સુધી જ તેને અજ્ઞાની અને બંધક કહેવામાં આવે છે. જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધ-અબંધનો આ વિશેષ જાણવો. વળી શુદ્ધ સ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા કેવળજ્ઞાન પ્રગટવાથી જ્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણજ્ઞાની થાય છે ત્યારે તો તે સર્વથા નિરાસ્ત્રવ થઇ જાય છે એમ પહેલાં કહેવાઇ ગયું છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यद्यपि ] જોકે [ समयम् अनुसरन्तः ] પોતપોતાના સમયને

( अनुष्टुभ् )

**रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।**
**तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।। ११९ ।।**

**रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स।**
**तम्हा आसवभावेण विणा हेदू ण पच्चया होंति।। १७७ ।।**
**हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं।**
**तेसिं पि य रागादी तेसिमभावे ण बज्झंति।। १७८ ।।**

---

અનુસરતા (અર્થાત્ પોતપોતાના સમયે ઉદયમાં આવતા) એવા [ पूर्वबद्धाः ] પૂર્વબદ્ધ (પૂર્વે અજ્ઞાન-અવસ્થામાં બંધાયેલા) [ द्रव्यरूपाः प्रत्ययाः ] દ્રવ્યરૂપ પ્રત્યયો [ सत्तां ] પોતાની સત્તા [ न हि विजहति ] છોડતા નથી (અર્થાત્ સત્તામાં છે-હયાત છે), [ तदपि ] તોપણ [ सकलरागद्वेषमोहव्युदासात् ] સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી [ ज्ञानिनः ] જ્ઞાનીને [ कर्मबन्धः ] કર્મબંધ [ जातु ] કદાપિ [ अवतरति न ] અવતાર ધરતો નથી-થતો નથી.

**ભાવાર્થઃ-**જ્ઞાનીને પણ પૂર્વે અજ્ઞાન-અવસ્થામાં બંધાયેલા દ્રવ્યાસ્રવો સત્તા-અવસ્થામાં હયાત છે અને તેમના ઉદયકાળે ઉદયમાં આવતા જાય છે. પરંતુ તે દ્રવ્યાસ્રવો જ્ઞાનીને કર્મબંધનું કારણ થતા નથી, કેમ કે જ્ઞાનીને સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે. અહીં સકળ રાગદ્વેષમોહનો અભાવ બુદ્ધિપૂર્વક રાગદ્વષમોહની અપેક્ષાએ સમજવો. ૧૧૮.

હવે આ જ અર્થ દૃઢ કરનારી બે ગાથાઓ આવે છે તેની સૂચનિકારૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यत् ] કારણ કે [ ज्ञानिनः रागद्वेषविमोहानां असम्भवः ] જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે [ ततः एव ] તેથી [ अस्य बन्धः न ] તેને બંધ નથી; [ हि ] કેમ કે [ ते बन्धस्य कारणम् ] તે (રાગદ્વેષમોહ) જ બંધનું કારણ છે. ૧૧૯.

હવે આ અર્થ ના સમર્થનની બે ગાથાઓ કહે છેઃ-

**નહિ રાગદ્વેષ, ન મોહ-એ આસ્રવ નથી સુદૃષ્ટિને,**
**તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.**

**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યાં,**
**તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.**

रागो द्वेषो मोहश्च आस्रवा न सन्ति सम्यग्दृष्टेः।
तस्मादास्रवभावेन विना हेतवो न प्रत्यया भवन्ति।। १७७ ।।
हेतुश्चतुर्विकल्पः अष्टविकल्पस्य कारणं भणितम्।
तेषामपि च रागादयस्तेषामभावे न बध्यन्ते।। १७८ ।।

**रागद्वेषमोहा न सन्ति सम्यग्दृष्टेः, सम्यग्दृष्टित्वान्यथानुपपत्तेः। तदभावे न तस्य द्रव्यप्रत्ययाः पुद्गलकर्महेतुत्वं बिभ्रति, द्रव्यप्रत्ययानां पुद्गलकर्महेतुत्वस्य रागादिहेतुत्वात्। ततो हेतुहेत्वभावे हेतुमदभावस्य प्रसिद्धत्वात् ज्ञानिनो नास्ति बन्धः।**

---

**ગાથાર્થઃ**- [ रागः ] રાગ, [ द्वेषः ] દ્વેષ [ च मोहः ] અને મોહ- [ आस्रवाः ] એ આસ્રવો [ सम्यग्दृष्टेः ] સમ્યગ્દ્રષ્ટિને [ न सन्ति ] નથી [ तस्मात् ] તેથી [ आस्रवभावेन विना ] આસ્રવભાવ વિના [ प्रत्ययाः ] દ્રવ્યપ્રત્યયો [ हेतवः ] કર્મબંધનાં કારણ [ न भवन्ति ] થતા નથી.

[ चतुर्विकल्प हेतुः ] (મિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ [ अष्टविकल्पस्य ] આઠ પ્રકારનાં કર્મોનાં [ कारणं ] કારણ [ भणितम् ] કહેવામાં આવ્યા છે, [ च ] અને [ तेषाम् अपि ] તેમને પણ [ रागादयः ] (જીવના) રાગાદિ ભાવો કારણ છે; [ तेषाम् अभावे ] તેથી રાગાદિ ભાવોના અભાવમાં [ न बध्यन्ते ] કર્મ બંધાતાં નથી. (માટે સમ્યગ્દ્રષ્ટિને બંધ નથી.)

**ટીકાઃ**-સમ્યગ્દ્રષ્ટિને રાગદ્વેષમોહ નથી કારણ કે સમ્યગ્દ્રષ્ટિપણાની અન્યથા અનુપપત્તિ છે (અર્થાત્ રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દ્રષ્ટિપણુંબની શકતું નથી); રાગદ્વેષમોહના અભાવમાં તેને (સમ્યગ્દ્રષ્ટિને) દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મનું (અર્થાત્ પુદ્ગલકર્મના બંધનનું) હેતુપણું ધારતા નથી કારણ કે દ્રવ્યપ્રત્યયોને પુદ્ગલકર્મના હેતુપણાના હેતુઓ રાગાદિક છે; માટે હેતુના હેતુના અભાવમાં હેતુમાનનો (અર્થાત્ કારણનું જે કારણ તેના અભાવમાં કાર્યનો) અભાવ પ્રસિદ્ધ હોવાથી જ્ઞાનીને બંધ નથી.

**ભાવાર્થઃ**-અહીં, રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દ્રષ્ટિપણું હોઈ શકે નહિ એવો અવિનાભાવી નિયમ કહ્યો ત્યાં મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ સમજવો. મિથ્યાત્વસંબંધી રાગાદિકને જ અહીં રાગાદિક ગણવામાં આવ્યા છે. સમ્યગ્દ્રષ્ટિ થયા પછી કાંઈક ચારિત્રમોહસંબંધી રાગ રહે છે તેને અહીં ગણ્યો નથી; તે ગૌણ છે. આ રીતે સમ્યગ્દ્રષ્ટિને ભાવાસ્રવનો અર્થાત્ રાગદ્વેષમોહનો અભાવ છે. દ્રવ્યાસ્રવોને બંધના હેતુ થવામાં હેતુભૂત એવા રાગદ્વેષમોહનો સમ્યગ્દ્રષ્ટિને અભાવ હોવાથી દ્રવ્યાસ્રવો બંધના હેતુ થતા નથી, અને દ્રવ્યાસ્રવો બંધના હેતુ નહિ થતા હોવાથી સમ્યગ્દ્રષ્ટિને-જ્ઞાનીને -બંધ થતો નથી.

( वसन्ततिलका )

**अध्यास्य शुद्धनयमुद्धतबोधतिह्न-**
**मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।**
**रागादिमुक्तमनसः सततं भवन्तः**
**पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।। १२० ।।**

---

સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે યોગ્ય જ છે. 'જ્ઞાની' શબ્દ મુખ્યપણે ત્રણ અપેક્ષાએ વપરાય છેઃ- (૧) પ્રથમ તો, જેને જ્ઞાન હોય તે જ્ઞાની કહેવાય; આમ સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ તો સર્વ જીવો જ્ઞાની છે. (૨) સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાનની અપેક્ષા લેવામાં આવેતો સમ્યગ્દષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી તે અપેક્ષાએ તે જ્ઞાની છે અને મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. (૩) સંપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણ જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે તો કેવળી ભગવાન જ્ઞાની છે અને છદ્મસ્થ અજ્ઞાની છે કારણ કે સિદ્ધાંતમાં પાંચ ભાવોનું કથન કરતાં બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે. આ પ્રમાણે અનેકાંતથી અપેક્ષા વડે વિધિનિષેધ નિર્બાધપણે સિદ્ધ થાય છે; સર્વથા એકાંતથી કાંઈ પણ સિદ્ધ થતું નથી.

હવે, જ્ઞાનીને બંધ થતો નથી એ શુદ્ધનયનું માહાત્મય છે માટે શુદ્ધનયના મહિમાનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ उद्धतबोधचिह्नम् शुद्धनयम् अध्यास्य ] ઉદ્ધત જ્ઞાન (-કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન) જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને [ ये ] જેઓ [ सदा एव ] સદાય [ ऐकाग्र्यम् एव ] એકાગ્રપણાનો જ [ कलयन्ति ] અભ્યાસ કરે છે [ ते ] તેઓ, [ सततं ] નિરંતર [ रागादिमुक्तमनसः भवन्तः ] રાગાદિથી રહિત ચિતવાળા વર્તતા થકા, [ बन्धविधुरं समयस्य सारम् ] બંધરહિત એવા સમયના સારને (અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને) [ पश्यन्ति ] દેખે છે-અનુભવે છે.

**ભાવાર્થઃ-**અહીં શુદ્ધનય વડે એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું છે. 'હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું'-એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય. આવા પરિણમનને લીધે વૃત્તિ જ્ઞાનમાં વળ્યા કરે અને સ્થિરતા વધતી જાય તે એકાગ્રતાનો અભ્યાસ.

શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે તેથી તે અપેક્ષાએ શુદ્ધનય દ્વારા થતો શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ પરોક્ષ છે. વળી તે અનુભવ એકદેશ શુદ્ધ છે તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે. ૧૨૦.

( वसंततिलका )

**प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु**
**रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।**
**ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-**
**द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।। १२१ ।।**

---

હવે કહે છે કે જેઓ શુદ્ધનયથી ચ્યુત થાય તેઓ કર્મ બાંધે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इह ] જગતમાં [ ये ] જેઓ [ शुद्धनयतः प्रच्युत्य ] શુદ્ધનયથી ચ્યુત થઈને [ पुनः एव तु ] ફરીને [ रागादियोगम् ] રાગાદિના સંબંધને [ उपयान्ति ] પામે છે [ ते ] એવા જીવો, [ विमुक्तबोधाः ] જેમણે જ્ઞાનને છોડયું છે એવા થયા થકા, [ पूर्वबद्धद्रव्यास्रवैः ] પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો વડે [ कर्मबन्धम् ] કર્મબંધને [ बिभ्रति ] ધારણ કરે છે (-કર્મોને બાંધે છે) - [ कृत–विचित्र–विकल्प–जालम् ] કે જે કર્મબંધ વિચિત્ર ભેદોના સમૂહવાળો હોય છે (અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે).

**ભાવાર્થઃ-**શુદ્ધનયથી ચ્યુત થવું એટલે 'હું શુદ્ધ છું' એવા પરિણમનથી છુટીને અશુદ્ધરૂપે પરિણમવું તે અર્થાત્ મિથ્યાદ્રષ્ટિ બની જવું તે. એમ થતાં, જીવને મિથ્યાત્વ સંબંધી રાગાદિક ઉત્પન્ન થાય છે, તેથી દ્રવ્યાસ્રવો કર્મબંધનાં કારણ થાય છે અને તેથી અનેક પ્રકારનાં કર્મ બંધાય છે. આ રીતે અહીં શુદ્ધનયથી ચ્યુત થવાનો અર્થ શુદ્ધતાના ભાનથી (સમ્યક્ત્વથી) ચ્યુત થવું એમ કરવો. ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે, અર્થાત્ શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી; કારણ કે શુદ્ધોપયોગરૂપ રહેવાનો કાળ અલ્પ હોવાથી માત્ર અલ્પ કાળ શુદ્ધોપયોગરૂપ રહીને પછી તેનાથી છૂટી જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય તોપણ મિથ્યાત્વ વિના જે રાગનો અંશ છે તે અભિપ્રાયપૂર્વક નહિ હોવાથી જ્ઞાનીને માત્ર અલ્પ બંધ થાય છે અને અલ્પ બંધ સંસારનું કારણ નથી. માટે અહીં ઉપયોગની અપેક્ષા મુખ્ય નથી.

હવે જો ઉપયોગની અપેક્ષા લઈએ તો આ પ્રમાણે અર્થ ઘટેઃ-જીવ શુદ્ધસ્વરૂપના નિર્વિકલ્પ અનુભવથી છૂટે પરંતુ સમ્યક્ત્વથી ન છૂટે તો તેને ચારિત્રમોહના રાગથી કાંઈક બંધ થાય છે. તે બંધ જોકે અજ્ઞાનના પક્ષમાં નથી તોપણ તે બંધ તો છે જ. માટે તેને મટાડવાને સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીને શુદ્ધનયથી ન છૂટવાનો અર્થાત્ શુદ્ધોપયોગમાં લીન રહેવાનો ઉપદેશ છે. કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે. ૧૨૧.

**जह पुरिसेणाहारो गहिदो परिणमदि सो अणेयविहं।**
**मंसवसारुहिरादी भावे उदरग्गिसंजुत्तो।। १७९ ।।**
**तह णाणिस्स दु पुव्वं जे बद्धा पच्चया बहुवियप्पं।**
**बज्झंते कम्मं ते णयपरिहीणा दु ते जीवा।। १८० ।।**

यथा पुरुषेणाहारो गृहीतः परिणमति सोऽनेकविधम्।
मांसवसारुधिरादीन् भावान् उदराग्निसंयुक्तः।। १७९ ।।
तथा ज्ञानिनस्तु पूर्वं ये बद्धाः प्रत्यया बहुविकल्पम्।
बध्नन्ति कर्म ते नयपरिहीनास्तु ते जीवाः।। १८० ।।

**यदा तु शुद्धनयात् परिहीणो भवति ज्ञानी तदा तस्य रागादिसद्भावात्, पूर्वबद्धाः द्रव्यप्रत्ययाः, स्वस्य हेतुत्वहेतुसद्भावे हेतुमद्भावस्यानिवार्यत्वात्, ज्ञानावरणादिभावैः पुद्गलकर्म बन्धं परिणमयन्ति। न चैतदप्रसिद्धं, पुरुषगृहीताहारस्योदराग्निना**

---

હવે આ જ અર્થને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છેઃ–

**પુરુષે ગ્રહેલ અહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે**
**બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.**

**ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે**
**બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.**

**ગાથાર્થઃ**–[ यथा ] જેમ [ पुरुषेण ] પુરુષ વડે [ गृहीतः ] ગ્રહાયેલો [ आहारः ] જે આહાર [ सः ] તે [ उदराग्निसंयुक्तः ] ઉદરાગ્નિથી સંયુક્ત થયો થકો [ अनेकविधम् ] અનેક પ્રકારે [ मांसवसारुधिरादीन् ] માંસ, વસા, રુધિર આદિ [ भावान् ] ભાવોરૂપે [ परिणमति ] પરિણમે છે, [ तथा तु ] તેમ [ ज्ञानिनः ] જ્ઞાનીને [ पूर्वं बद्धाः ] પૂર્વે બંધાયેલા [ ये प्रत्ययाः ] જે દ્રવ્યાસ્રવો છે [ ते ] તે [ बहुविकल्पम् ] બહુ પ્રકારનાં [ कर्म ] કર્મ [ बध्नन्ति ] બાંધે છે;– [ ते जीवाः ] એવા જીવો [ नयपरिहीनाः तु ] શુદ્ધનયથી ચ્યુત થયેલા છે. ( જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય તો તેને કર્મ બંધાય છે. )

**ટીકાઃ**–જ્યારે જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય ત્યારે તેને રાગાદિભાવોનો સદ્‌ભાવ થવાથી, પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો, પોતાને (–દ્રવ્યપ્રત્યયોને) કર્મબંધના હેતુપણાના હેતુનો સદ્‌ભાવ થતાં હેતુમાન ભાવનું (–કાર્યભાવનું) અનિવાર્યપણું હોવાથી, જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે. અને આ અપ્રસિદ્ધ પણ નથી (અર્થાત્

**रसरुधिरमांसादिभावैः परिणामकरणस्य दर्शनात्।**

( अनुष्टुभ् )

**इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।**
**नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि।। १२२ ।।**

( शार्दूलविक्रीडित )

**धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिं**
**त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वङ्कषः कर्मणाम्।**
**तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः**
**पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यन्ति शान्तं महः।। १२३ ।।**

---

આનું દૃષ્ટાંત જગતમાં પ્રસિદ્ધ-જાણીતું છે ); કારણ કે ઉદરાગ્નિ, પુરુષે ગ્રહેલા આહારને રસ, રુધિર, માંસ આદિ ભાવે પરિણમાવે છે એમ જોવામાં આવે છે.

**ભાવાર્થઃ**-જ્ઞાની શુદ્ધનયથી છૂટે ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે, રાગાદિભાવોના નિમિત્તે દ્રવ્યાસ્રવો અવશ્ય કર્મબંધના કારણ થાય છે અને તેથી કાર્મણવર્ગણા બંધરૂપે પરિણમે છે. ટીકામાં જે એમ કહ્યું છે કે "દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે", તે નિમિત્તથી કહ્યું છે. ત્યાં એમ સમજવું કે "દ્રવ્યપ્રત્યયો નિમિત્તભૂત થતાં કાર્મણવર્ગણા સ્વયં બંધરૂપે પરિણમે છે".

હવેઆ સર્વ કથનના તાત્પર્યરૂપ શ્લોક કહેછેઃ-

**શ્લોકાર્થઃ**- [ अत्र ] અહીં [ इदम् एव तात्पर्य ] આ જ તાત્પર્ય છે કે [ शुद्धनयः न हि हेयः ] શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી; [ हि ] કારણ કે [ तत्–अत्यागात् बन्धः नास्ति ] તેના અત્યાગથી ( કર્મનો ) બંધ થતો નથી અને [ तत्–त्यागात् बन्धः एव ] તેના ત્યાગથી બંધ જ થાય છે. ૧૨૨.

ફરી, 'શુદ્ધનય છોડવાયોગ્ય નથી' એવા અર્થને દૃઢ કરનારું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ धीर–उदार–महिम्नि अनादिनिधने बोधे धृतिं निबध्नन् शुद्धनयः ] ધીર ( ચળાચળતા રહિત ) અને ઉદાર ( સર્વ પદાર્થોમાં વિસ્તારયુક્ત ) જેનો મહિમા છે એવા અનાદિનિધન જ્ઞાનમાં સ્થિરતા બાંધતો ( અર્થાત્ જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો ) શુદ્ધનય- [ कर्मणाम् सर्वकषः ] કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે તે- [ कृतिभिः ] પવિત્ર ધર્મી ( સમ્યગ્દૃષ્ટિ ) પુરુષોએ [ जातु ] કદી પણ [ न त्याज्यः ] છોડવાયોગ્ય નથી. [ तत्रस्थाः ] શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો, [ बहिः निर्यत् स्वमरीचि–चक्रम् अचिरात् संहृत्य ] બહાર નીકળતા એવા પોતાનાં જ્ઞાનકિરણોના

( मन्दाक्रान्ता )

**रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां**
**नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।**
**स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-**
**नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्।। १२४ ।।**

---

સમુહને ( અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યકિતઓને ) અલ્પકાળમાં સમેટીને, [ पूर्ण ज्ञान–धन–ओधम् एकम् अचलं शान्तं महः ] પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ, એક, અચળ, શાંત તેજને–તેજઃપુંજને– [ पश्यन्ति ] દેખે છે અર્થાત્ અનુભવે છે.

**ભાવાર્થઃ-**શુદ્ધનય, જ્ઞાનના સમસ્ત વિશેષોને ગૌણ કરી તથા પરનિમિત્તથી થતા સમસ્ત ભાવોને ગૌણ કરી, આત્માને શુદ્ધ, નિત્ય, અભેદરૂપ, એક ચૈતન્યમાત્ર ગ્રહણ કરે છે અને તેથી પરિણતિ શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એકાગ્ર–સ્થિર–થતી જાય છે. એ પ્રમાણે શુદ્ધનયનો આશ્રય કરનારા જીવો અલ્પ કાળમાં બહાર નીકળતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને સંકેલીને, શુદ્ધનયમાં (આત્માની શુદ્ધતાના અનુભવમાં) નિર્વિકલ્પપણે ઠરતાં સર્વ કર્મોથી ભિન્ન કેવળ જ્ઞાનસ્વરૂપ, અમૂર્તિક પુરુષાકાર, વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ પોતાના આત્માને દેખે છે અને શુકલધ્યાનમાં પ્રવૃત્તિ કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે. શુદ્ધનયનું આવું માહાત્મ્ય છે. માટે શુદ્ધનયના આલંબન વડે જ્યાં સુધી કેવળજ્ઞાન ઊપજે નહિ ત્યાં સુધી સમ્યગ્દ્રષ્ટિ જીવોએ શુદ્ધનય છોડવાયોગ્ય નથી એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે. ૧૨૩.

હવે, આસ્રવોનો સર્વથા નાશ કરવાથી જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ नित्य–उद्योतं ] જેનો ઉદ્યોત (પ્રકાશ) નિત્ય છે એવી [ किम् अपि परमं वस्तु ] કોઈ પરમ વસ્તુને [ अन्तः सम्पश्यतः ] અંતરંગમાં દેખનારા પુરુષને, [ रागादीनां आस्रवाणां ] રાગાદિક આસ્રવોનો [ झगिति ] શીઘ્ર [ सर्वतः अपि ] સર્વ પ્રકારે [ विगमात् ] નાશ થવાથી, [ एतत् ज्ञानम् ] આ જ્ઞાન [ उन्मग्नम् ] પ્રગટ થયું– [ स्फारस्फारैः ] કે જે જ્ઞાન અત્યંત અત્યંત (–અનંત અનંત) વિસ્તાર પામતા [ स्वरसविसरैः ] નિજરસના ફેલાવથી [ आ–लोक–अन्तात् ] લોકના અંત સુધીના [ सर्वभावान् ] સર્વ ભાવોને [ प्लावयत् ] તરબોળ કરી દે છે અર્થાત્ સર્વ પદાર્થોને જાણે છે, [ अचलम् ] જે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે અર્થાત્ પ્રગટયા પછી સદા એવું ને એવું જ રહે છે–ચળતું નથી, અને [ अतुलं ] જે જ્ઞાન અતુલ છે અર્થાત્ જેના તુલ્ય બીજાું કોઈ નથી.

**ભાવાર્થઃ-**જે પુરુષ અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે છે અને

**इति आस्रवो निष्क्रान्तः।**

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ आस्रवप्ररूपकः चतुर्थोऽङ्कः।।**

---

શુદ્ધનયના આલંબન વડે તેમાં એકાગ્ર થતો જાય છે તે પુરુષને, તત્કાળ સર્વ રાગાદિક આસ્રવભાવોનો સર્વથા અભાવ થઇને, સર્વ અતીત, અનાગત ને વર્તમાન પદાર્થોને જાણનારું નિશ્ચળ, અતુલ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાન સર્વથી મહાન છે, તેના સમાન અન્ય કોઈ નથી. ૧૨૪.

**ટીકાઃ**-આ રીતે આસ્રવ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

**ભાવાર્થઃ**-આસ્રવનો સ્વાંગ રંગભૂમિમાં આવ્યો હતો તેને જ્ઞાને તેના યથાર્થ સ્વરૂપે જાણી લીધો તેથી તે બહાર નીકળી ગયો.

યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ દ્રવ્યત આગમ ગાયે,
રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;
જે મુનિરાજ કરૈ ઇનિ પાલ સુરિદ્ધિ સમાજ લયે સિવ થાયે,
કાય નવાય નમૂં ચિત લાય કહૂં જય પાલ લહૂં મન ભાયે.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રીસમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો.

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐
卐 -५- 卐
卐 સંવર અધિકાર 卐
卐 卐
卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

**अथ प्रविशति संवरः।**

(शार्दूलविक्रीडित)

**आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-**
**न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।**
**व्यावृत्तं पररूपतो नियमितं सम्यक्स्वरूपे स्फुर-**
**ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते।। १२५ ।।**

---

મોહરાગરુષ દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;
સંવરમય આત્મા કર્યો, નમું તેહ, મન ધારી.

પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે "હવે સંવર પ્રવેશ કરે છે" આસ્ત્રવ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા પછી હવે સંવર રંગભૂમિમાં પ્રવેશે છે.

ત્યાં પ્રથમ તો ટીકાકાર આચાર્યદેવ સર્વ સ્વાંગને જાણનારા સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [आसंसार-विरोधि-संवर-जय-एकान्त-अवलिप्त-आस्रव-न्यक्कारात्] અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી સંવરને જીતવાથી જે એકાંત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી [प्रतिलब्ध-नित्य-विजयं संवरम्] જેણે સદા વિજય મેળવ્યો છે એવા સંવરને [सम्पादयत्] ઉત્પન્ન કરતી, [पररूपतः व्यावृत्तं] પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી), [सम्यक्-स्वरूपे नियमितं स्फुरत्] પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી, [चिन्मयम्] ચિન્મય, [उज्ज्वलं] ઉજ્જ્વળ (-નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન) અને [निज-रस-प्राग्भारम्] નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી-અતિશયપણાવાળી [ज्योतिः] જ્યોતિ [उज्जृम्भते] પ્રગટ થાય છે, ફેલાય છે.

तत्रादावेव सकलकर्मसंवरणस्य परमोपायं भेदविज्ञानमभिनन्दति-

उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो।
कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो।। १८१ ।।
अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो।
उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि।। १८२ ।।
एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।
तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।। १८३ ।।

उपयोगे उपयोगः क्रोधादिषु नास्ति कोऽप्युपयोगः।
क्रोधः क्रोधे चैव हि उपयोगे नास्ति खलु क्रोधः।। १८१ ।।

---

**ભાવાર્થઃ**-અનાદિ કાળથી જે આસ્રવનો વિરોધી છે એવા સંવરને જીતીને આસ્રવ મદથી ગર્વિત થયો છે. તે આસ્રવનો તિરસ્કાર કરીને તેના પર જેણે હંમેશને માટે જય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતો, સમસ્ત પરરૂપથી જુદો અને પોતાના સ્વરૂપમાં નિશ્ચળ એવો આ ચૈતન્યપ્રકાશ નિજરસની અતિશયતાપૂર્વક નિર્મળપણે ઉદય પામે છે. ૧૨૫.

ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છેઃ-

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીંજ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.

ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.

આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્‌ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.

**ગાથાર્થઃ**- [ उपयोगः ] ઉપયોગ [ उपयोगे ] ઉપયોગમાં છે, [ क्रोधादिषु ] ક્રોધાદિકમાં [ कोऽपि उपयोगः ] કોઈ ઉપયોગ [ नास्ति ] નથી; [ च ] વળી [ क्रोधः ] ક્રોધ [ क्रोधे एव हि ] ક્રોધમાં જ છે, [ उपयोगे ] ઉપયોગમાં [ खलु ] નિશ્ચયથી

अष्टविकल्पे कर्मणि नोकर्मणि चापि नास्त्युपयोगः।
उपयोगे च कर्म नोकर्म चापि नो अस्ति।। १८२ ।।
एतत्त्वविपरीतं ज्ञानं यदा तु भवति जीवस्य।
तदा न किञ्चित्करोति भावमुपयोगशुद्धात्मा।। १८३ ।।

**न खल्वेकस्य द्वितीयमस्ति, द्वयोर्भिन्नप्रदेशत्वेनैकसत्तानुपपत्तेः। तदसत्त्वे च तेन सहाधाराधेयसम्बन्धोऽपि नास्त्येव। ततः स्वरूपप्रतिष्ठत्वलक्षण एवाधाराधेयसम्बन्धोऽवतिष्ठते। तेन ज्ञानं जानत्तायां स्वरूपे प्रतिष्ठितं, जानत्ताया ज्ञानादपृथग्भूतत्वात्, ज्ञाने एव स्यात्। क्रोधादीनि क्रुध्यत्तादौ स्वरूपे प्रतिष्ठितानि, क्रुध्यत्तादेः क्रोधादिभ्योऽपृथग्भूतत्वात्, क्रोधादिष्वेव स्युः। न पुनः क्रोधादिषु कर्मणि नोकर्मणि वा ज्ञानमस्ति, न च ज्ञाने क्रोधादयः कर्म नोकर्म वा सन्ति,**

---

[ क्रोधः ] ક્રોધ [ नास्ति ] નથી. [ अष्टविकल्पे कर्मणि ] આઠ પ્રકારનાં કર્મ [ च अपि ] તેમ જ [ नोकर्मणि ] નોકર્મમાં [ उपयोगः ] ઉપયોગ [ नास्ति ] નથી [ च ] અને [ उपयोगे ] ઉપયોગમાં [ कर्म ] કર્મ [ च अपि ] તેમ જ [ नोकर्म ] નોકર્મ [ नो अस्ति ] નથી.– [ एतत् तु ] આવું [ अविपरीतं ] અવિપરીત [ ज्ञानं ] જ્ઞાન [ यदा तु ] જ્યારે [ जीवस्य ] જીવને [ भवति ] થાય છે, [ तदा ] ત્યારે [ उपयोगशुद्धात्मा ] તે ઉપયોગ સ્વરૂપ શુદ્ધાત્મા [ किञ्चित् भावम् ] ઉપયોગ સિવાય અન્ય કોઈ પણ ભાવને [ न करोति ] કરતો નથી.

**ટીકા:**–ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી) કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે); અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ. તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દ્રઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે. માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (–રહેલું) છે તે, જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે; ક્રોધાધિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે તે, ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે. (જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે, માટે જ્ઞાન આધેય અને જાણનક્રિયા આધાર છે. જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે, કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી. આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે. એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે.) વળી ક્રોધાદિકમાં, કર્મમાં કે નોકર્મમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં ક્રોધાદિક, કર્મ કે નોકર્મ

**परस्परमत्यन्तं स्वरूपवैपरीत्येन परमार्थाधाराधेयसम्बन्धशून्यत्वात्। न च यथा ज्ञानस्य जानत्ता स्वरूपं तथा क्रुध्यत्तादिरपि, क्रोधादीनां च यथा क्रुध्यत्तादि स्वरूपं तथा जानत्तापि कथञ्चनापि व्यवस्थापयितुं शक्येत, जानत्तायाः क्रुध्यत्तादेश्च स्वभावभेदेनोद्भासमानत्वात् स्वभावभेदाच्च वस्तुभेद एवेति नास्ति ज्ञानाज्ञानयोराधाराधेयत्वम्।**

**किञ्च यदा किलैकमेवाकाशं स्वबुद्धिमधिरोप्याधाराधेयभावो विभाव्यते तदा शेषद्रव्यान्तराधिरोपनिरोधादेव बुद्धेर्न भिन्नाधिकरणापेक्षा प्रभवति। तदप्रभवे चैकमाकाशमेवैकस्मिन्नाकाश एव प्रतिष्ठितं विभावयतो न पराधाराधेयत्वं प्रतिभाति। एवं यदैकमेव ज्ञानं स्वबुद्धिमधिरोप्याधाराधेयभावो विभाव्यते तदा शेषद्रव्यान्तराधिरोपनिरोधादेव बुद्धेर्न भिन्नाधिकरणापेक्षा प्रभवति। तदप्रभवे चैकं ज्ञानमेवैकस्मिन् ज्ञान एव प्रतिष्ठितं विभावयतो न पराधाराधेयत्वं प्रतिभाति। ततो ज्ञानमेव ज्ञाने एव, क्रोधादय एव क्रोधादिष्वेवेति साधु सिद्धं भेदविज्ञानम्।**

---

નથી કારણ કે તેમને પરસ્પર અત્યંત સ્વરૂપ-વિપરીતતા હોવાથી (અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી) તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી. વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ, અને ક્રોધાદિકનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે તેમ (ક્રોધાદિકનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી; કારણ કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે અને એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે. આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાકિને) આધારાધેયપણું નથી.

વળી વિશેષ સમજાવવામાં આવે છેઃ-જ્યારે એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (આકાશનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ હોવાથી) બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી (-ફાવી શકતી નથી. ઠરી જાય છે, ઉદ્‌ભવતી નથી); અને તે નહિ પ્રભવતાં, એક આકાશ જ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજી જવાય છે અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી. એવી રીતે જ્યારે એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી; અને તે નહિ પ્રભવતાં, 'એક જ્ઞાન જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજી જવાય છેઅને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી. માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે, ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.

( शार्दूलविक्रीडित )

**चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो-**
**रन्तर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च।**
**भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः**
**शुद्धज्ञानघनौघमेकमधुना सन्तो द्वितीयच्युताः।। १२६ ।।**

---

આ પ્રમાણે ( જ્ઞાનનું અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું ) ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.

**ભાવાર્થઃ**-ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ-એ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે; તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે. માટે ઉપયોગમાં ક્રોધાદિક, કર્મ તથા નોકર્મ નથી અને ક્રોધાદિકમાં, કર્મમાં તથા નોકર્મમાં ઉપયોગ નથી. આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી; દરેક વસ્તુને પોતપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે. માટે ઉપયોગ ઉપયોગમાં જ છે, ક્રોધ ક્રોધમાં જ છે. આ રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થયું ( ભાવકર્મ વગેરેનો અને ઉપયોગનો ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે. )

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ चैद्रूप्यं जडरूपतां च दधतोः ज्ञानस्य रागस्य च ] ચિદ્રૂપતા ( ચૈતન્યરૂપતા ) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ- [ द्वयोः ] એ બન્નેનો, [ अन्तः ] અંતરંગમાં [ दारुण-दारणेन ] દારુણ વિદારણ વડે ( અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે ), [ परितः विभागं कृत्वा ] ચોતરફથી વિભાગ કરીને ( -સમસ્ત પ્રકારે બન્નેને જુદાં કરીને- ), [ इदं निर्मलम् भेदज्ञानम् उदेति ] આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે; [ अधुना ] માટે હવે [ एकम् शुद्ध-ज्ञानघन-ओधम् अध्यासिताः ] એક શુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં સ્થિત અને [ द्वितीय-च्युताः ] બીજાથી એટલે રાગથી રહિત એવા [ सन्तः ] હે સત્પુરુષો ! [ मोदध्वम् ] તમે મુદિત થાઓ.

**ભાવાર્થઃ**-જ્ઞાન તો ચેતનાસ્વરૂપ છે અને રાગાદિક પુદ્‌ગલવિકાર હોવાથી જડ છે; પરંતુ અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિરૂપ થઇ ગયું હોય એમ ભાસે છે અર્થાત્ જ્ઞાન અને રાગાદિક બન્ને એકરૂપ-જડરૂપ-ભાસે છે. જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે એમ જણાય છે કે જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે, જ્ઞાનમાં જે રાગાદિકની કલુષતા-આકુળતારૂપ સંકલ્પવિકલ્પ-ભાસે છે તે સર્વ પુદ્‌ગલવિકાર છે, જડ છે. આમ જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે અર્થાત્ અનુભવ થાય છે. જ્યારે

एवमिदं भेदविज्ञानं यदा ज्ञानस्य वैपरीत्यकणिकामप्यनासादयदविचलितमवतिष्ठते, तदा शुद्धोपयोगमयात्मत्वेन ज्ञानं ज्ञानमेव केवलं सन्न किञ्चनापि रागद्वेषमोहरूपं भावमारचयति। ततो भेदविज्ञानाच्छुद्धात्मोपलम्भः प्रभवति। शुद्धात्मोपलम्भात् रागद्वेषमोहाभावलक्षणः संवरः प्रभवति।

कथं भेदविज्ञानादेव शुद्धात्मोपलम्भ इति चेत्-

**जह कणयमग्गितवियं पि कणयभावं ण तं परिच्चयदि।**
**तह कम्मोदयतविदो ण जहदि णाणी दु णाणित्तं।। १८४ ।।**
**एवं जाणदि णाणी अण्णाणी मुणदि रागमेवादं।**
**अण्णाणतमोच्छण्णो आदसहावं अयाणंतो।। १८५ ।।**

यथा कनकमग्नितप्तमपि कनकभावं न तं परित्यजति।
तथा कर्मोदयतप्तो न जहाति ज्ञानी तु ज्ञानित्वम्।। १८४ ।।

---

આવું ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા આનંદિત થાય છે કારણ કે તેને જણાય છે કે "પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે, રાગાદિરૂપ કદી થયો નથી". માટે આચાર્યમહારાજે કહ્યું છે કે "હે સત્પુરુષો! હવે તમે મુદિત થાઓ". ૧૨૬.

**ટીકાઃ**-આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ (રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું થકું અવિચળપણે રહે છે, ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે જ્ઞાન કેવળ જ્ઞાનરૂપે જ રહેતું થકું જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી; તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે અને શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી રાગદ્વેષમોહનો (અર્થાત્ આસ્રવભાવનો) અભાવ જેનું લક્ષણ છે એવો સંવર થાય છે.

હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) કઈ રીતે થાય છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ-

**જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,**
**ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.**

**જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,**
**આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.**

एवं जानाति ज्ञानी अज्ञानी मनुते रागमेवात्मानम्।
अज्ञानतमोऽवच्छन्नः आत्मस्वभावमजानन्।। १८५ ।।

**यतो यस्यैव यथोदितं भेदविज्ञानमस्ति स एव तत्सद्भावात् ज्ञानी सन्नेवं जानाति-यथा प्रचण्डपावकप्रतप्तमपि सुवर्णं न सुवर्णत्वमपोहति तथा प्रचण्डकर्मविपाकोपष्टब्धमपि ज्ञानं न ज्ञानत्वमपोहति, कारणसहस्रेणापि स्वभावस्यापोढुमशक्यत्वात्; तदपोहे तन्मात्रस्य वस्तुन एवोच्छेदात्; न चास्ति वस्तूच्छेदः, सतो नाशासम्भवात्। एवं जानंश्च कर्माक्रान्तोऽपि न रज्यते, न द्वेष्टि, न मुह्यति, किन्तु शुद्धमात्मानमेवोपलभते। यस्य तु यथोदितं भेदविज्ञानं नास्ति स तदभावादज्ञानी सन्नज्ञानतमसाच्छन्नतया चैतन्यचमत्कारमात्रमात्मस्वभावमजानन् रागमेवात्मानं मन्यमानो रज्यते द्वेष्टि मुह्यति च, न जातु शुद्धमात्मानमुपलभते। ततो भेदविज्ञानादेव शुद्धात्मोपलम्भः।**

---

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ कनकम् ] સુવર્ણ [ अग्नितप्तम् अपि ] અગ્નિથી તપ્ત થયું થકું પણ [ तं ] તેના [ कनकभावं ] સુવર્ણપણાને [ न परित्यजति ] છોડતું નથી [ तथा ] તેમ [ ज्ञानी ] જ્ઞાની [ कर्मोदयतप्तः तु ] કર્મના ઉદયથી તપ્ત થયો થકો પણ [ ज्ञानित्वम् ] જ્ઞાનીપણાને [ न जहाति ] છોડતો નથી.- [ एवं ] આવું [ ज्ञानी ] જ્ઞાની [ जानाति ] જાણે છે, અને [ अज्ञानी ] અજ્ઞાની [ अज्ञानतमोऽवच्छन्नः ] અજ્ઞાનઅંધકારથી આચ્છાદિત હોવાથી [ आत्मस्वभावम् ] આત્માના સ્વભાવને [ अजानन् ] નહિ જાણતો થકો [ रागम् एव ] રાગને જ [ आत्मानम् ] આત્મા [ मनुते ] માને છે.

**ટીકાઃ**-જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી જ્ઞાની થયો થકો આ પ્રમાણે જાણે છેઃ-જેમ પ્રચંડ અગ્નિ વડે તપ્ત થયું થકું પણ સુવર્ણ સુવર્ણત્વ છોડતું નથી તેમ પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું થકું પણ (અર્થાત્ વિઘ્ન કરવામાં આવતાં છતાં પણ) જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી, કેમ કે હજાર કારણો ભેગાં થવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે; કારણ કે તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય, અને વસ્તુનો ઉચ્છેદ તો થતો નથી કારણ કે સત્‌ના નાશનો અસંભવ છે. આવું જાણતો થકો જ્ઞાની કર્મથી આક્રાંત (ઘેરાયેલો, આક્રમણ પામેલો) હોવા છતાં પણ રાગી થતો નથી, દ્વેષી થતો નથી, મોહી થતો નથી, પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે. અને જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન નથી તે તેના અભાવથી અજ્ઞાની થયો થકો, અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માનતો થકો, રાગી થાય છે, દ્વેષી થાય છે, મોહી થાય છે, પરંતુ શુદ્ધ આત્માને બિલકુલ અનુભવતો નથી. માટે એમ સિદ્ધ થયું કે ભેદવિજ્ઞાન થી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે.

**कथं शुद्धात्मोपलम्भादेव संवर इति चेत्-**

**सुद्धं तु बियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो।**
**जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि।। १८६ ।।**

शुद्धं तु विजानन् शुद्धं चैवात्मानं लभते जीवः।
जानंस्त्वशुद्धमशुद्धमेवात्मानं लभते।। १८६ ।।

**यो हि नित्यमेवाच्छिन्नधारावाहिना ज्ञानेन शुद्धमात्मानमुपलभमा-नोऽवतिष्ठते स ज्ञानमयात् भावात् ज्ञानमय एव भावो भवतीति कृत्वा प्रत्यग्रकर्मास्रवणनिमित्तस्य रागद्वेषमोहसन्तानस्य निरोधाच्छुद्धमेवात्मानं प्राप्नोतिः, यस्तु नित्यमेवा-**

---

**ભાવાર્થઃ**-જેને ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે 'આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી'. આવું જાણતો હોવાથી તે, કર્મના ઉદય વડે તપ્ત થયો થકો પણ, રાગી, દ્વેષી, મોહી થતો નથી પરંતુ નિરંતર શુદ્ધ આત્માને અનુભવે છે. જેને ભેદવિજ્ઞાન નથી તે આત્મા, આત્માના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માને છે તેથી તે રાગી, દ્વેષી, મોહી થાય છે પરંતુ કદી શુદ્ધ આત્માને અનુભવતો નથી. માટે એ નક્કી થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે.

હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર કઈ રીતે થાય છે? તેનો ઉત્તર કહે છેઃ-

**જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;**
**અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.**

**ગાથાર્થઃ**- [ शुद्धं तु ] શુદ્ધ આત્માને [ विजानन् ] જાણતો-અનુભવતો [ जीवः ] જીવ [ शुद्धं च एव आत्मानं ] શુદ્ધ આત્માને જ [ लभते ] પામે છે [ तु ] અને [ अशुद्धम् ] અશુદ્ધ [ आत्मानं ] આત્માને [ जानन् ] જાણતો-અનુભવતો જીવ [ अशुद्धम् एव ] અશુદ્ધ આત્માને જ [ लभते ] પામે છે.

**ટીકાઃ**-જે સદાય અચ્છિન્નધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, 'જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે' એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ (પરંપરા) તેનો નિરોધ થવાથી, શુદ્ધ આત્માને જ પામે છે; અને જે સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે

**ज्ञानेनाशुद्धमात्मानमुपलभमानोऽवतिष्ठते सोऽज्ञानमयाद्भावादज्ञानमय एव भावो भवतीति कृत्वा प्रत्यग्रकर्मास्रवणनिमित्तस्य रागद्वेषमोहसन्तानस्या-निरोधादशुद्धमेवात्मानं प्राप्नोति। अतः शुद्धात्मोपलम्भादेव संवरः।**

( मालिनी )

**यदि कथमपि धारावाहिना बोधनेन**
**ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।**
**तदयमुदयदात्माराममात्मानमात्मा**
**परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति।। १२७ ।।**

---

તે, 'અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે' એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ નહિ થવાથી, અશુદ્ધ આત્માને જ પામે છે. માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી ( અનુભવથી ) જ સંવર થાય છે.

**ભાવાર્થઃ**-જે જીવ અખંડધારાવાહી જ્ઞાનથી આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે તેથી તે શુદ્ધ આત્માને પામેછે; અને જે જીવ અજ્ઞાનથી આત્માને અશુદ્ધ અનુભવે છે તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાતા નથી તેથી તે અશુદ્ધ આત્માને જ પામે છે. આ રીતે સિદ્ધ થયું કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી ( અનુભવથી ) જ સંવર થાય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ यदि ] જો [ कथम् अपि ] કોઈ પણ રીતે ( તીવ્ર પુરુષાર્થ કરીને ) [ धारावाहिना बोधनेन ] ધારાવાહી જ્ઞાનથી [ शुद्धम् आत्मानम् ] શુદ્ધ આત્માને [ ध्रुवम् उपलभमानः आस्ते ] નિશ્ચળપણે અનુભવ્યા કરે [ तत् ] તો [ अयम् आत्मा ] આ આત્મા, [ उदयत्–आत्म–आरामम् आत्मानम् ] જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે ( અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે) એવા આત્માને [ पर–परिणति–रोधात् ] પરપરિણતિના નિરોધથી [ शुद्धम् एव अभ्युपैति ] શુદ્ધ જ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થઃ**-ધારાવાહી જ્ઞાન વડે શુદ્ધ આત્માને અનુભવવાથી રાગદ્વેષમોહરૂપ પરપરિણતિનો ( ભાવાસ્રવોનો ) નિરોધ થાય છે અને તેથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.

ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન–અતૂટક જ્ઞાન. તે બે રીતે કહેવાય છેઃ– એક તો, જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે. બીજું, એક જ જ્ઞેયમાં ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું

**केन प्रकारेण संवरो भवतीति चेत्-**

**अप्पाणमप्पणा रुंधिऊण दोपुण्णपावजोगेसु।**
**दंसणणाणम्हि ठिदो इच्छाविरदो य अण्णम्हि।। १८७ ।।**
**जो सव्वसंगमुक्को झायदि अप्पाणमप्पणो अप्पा।**
**ण वि कम्मं णोकम्मं चेदा चिंतेदि एयत्तं।। १८८ ।।**
**अप्पाणं झायंतो दंसणणाणमओ अणण्णमओ।**
**लहदि अचिरेण अप्पाणमेव सो कम्मपविमुक्कं।। १८९ ।।**

आत्मानमात्मना रुन्ध्वा द्विपुण्यपापयोगयोः।
दर्शनज्ञाने स्थितः इच्छाविरतश्चान्यस्मिन्।। १८७ ।।

---

કહેવામાં આવે છે, અર્થાત્ જ્યાં સુધી ઉપયોગ એક જ્ઞેયમાં જ્ઞેયયુક્ત રહે છે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે; આની સ્થિતિ (છદ્મસ્થને) અંતર્મુહૂર્ત જ છે, પછી તે ખંડીત થાય છે. આ બે અર્થમાંથી જ્યાં જેવી વિવક્ષા હોય તેવો અર્થ સમજવો. અવિરતસમ્યગ્દ્રષ્ટિ વગેરે નીચેનાં ગુણસ્થાનવાળા જીવોને મુખ્યત્વે પહેલી અપેક્ષા લાગુ પડે. શ્રેણી ચડનાર જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા લાગુ પડે કારણ કે તેનો ઉપયોગ શુદ્ધ આત્મામાં જ ઉપયુક્ત છે. ૧૨૭.

હવે પૂછે છે કે સંવર કયા પ્રકારે થાય છે? તેનો ઉત્તર કહે છેઃ-

**પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,**
**દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઇચ્છા પરિહરી, ૧૮૭.**

**જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે, -**
**-નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને, ૧૮૮.**

**તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,**
**બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.**

**ગાથાર્થઃ-** [आत्मानम्] આત્માને [आत्मना] આત્મા વડે [द्विपुण्यपापयोगयोः] બે પુણ્ય-પાપરૂપ શુભાશુભયોગોથી [रुन्ध्वा] રોકીને [दर्शनज्ञाने] દર્શનજ્ઞાનમાં [स्थितः] સ્થિત થયો થકો [च] અને [अन्यस्मिन्] અન્ય (વસ્તુ) ની [इच्छाविरतः]

य: सर्वसङ्गमुक्तो ध्यायत्यात्मानमात्मनात्मा।
नापि कर्म नोकर्म चेतयिता चिन्तयत्येकत्वम्।। १८८ ।।
आत्मानं ध्यायन् दर्शनज्ञानमयोऽनन्यमय:।
लभतेऽचिरेणात्मानमेव स कर्मप्रविमुक्तम्।। १८९ ।।

**यो हि नाम रागद्वेषमोहमूले शुभाशुभयोगे वर्तमानं दृढतरभेद-विज्ञानावष्टम्भेन आत्मानं आत्मनैवात्यन्तं रुन्ध्वा शुद्धदर्शनज्ञानात्मन्यात्मद्रव्ये सुष्ठु प्रतिष्ठितं कृत्वा समस्तपरद्रव्येच्छापरिहारेण समस्तसङ्गविमुक्तो भूत्वा नित्यमेवातिनिष्प्रकम्प: सन् मनागपि कर्मनोकर्मणोरसंस्पर्शेन आत्मीयमात्मा-नमेवात्मना ध्यायन् स्वयं सहजचेतयितृत्वादेकत्वमेव चेतयते, स खल्वे-कत्वचेतनेनात्यन्तविविक्तं चैतन्यचमत्कारमात्रमात्मानं ध्यायन्, शुद्धदर्शन-ज्ञानमयमात्मद्रव्यमवाप्त:, शुद्धात्मोपलम्भे सति समस्तपरद्रव्यमयत्व-**

---

ઇચ્છાથી વિરમ્યો થકો, [ य: आत्मा ] જે આત્મા, [ सर्वसङ्गमुक्त: ] (ઈચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થયો થકો, [ आत्मानम् ] (પોતાના) આત્માને [ आत्मना ] આત્મા વડે [ ध्यायति ] ધ્યાવે છે– [ कर्म नोकर्म ] કર્મ અને નોકર્મને [ न अपि ] ધ્યાતો નથી, [ चेतयिता ] (પોતે) [1]ચેતયિતા (હોવાથી) [ एकत्वम् ] એકત્વને જ [ चिन्तयति ] ચિંતવે છે–ચેતે છે–અનુભવે છે, [ स: ] તે (આત્મા), [ आत्मानं ध्यायन् ] આત્માને ધ્યાતો, [ दर्शनज्ञानमय: ] દર્શનજ્ઞાનમય અને [ अनन्यमय: ] [2]અનન્યમય થયો થકો [ अचिरेण एव ] અલ્પ કાળમાં જ [ कर्मप्रविमुक्तम् ] કર્મથી રહિત [ आत्मानम् ] આત્માને [ लभते ] પામે છે.

**ટીકા**:–જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભ યોગમાં વર્તતા આત્માને દૃઢતર (અતિ દૃઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ અત્યંત રોકીને, શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં સારી રીતે પ્રતિષ્ઠિત (સ્થિર) કરીને, સમસ્ત પરદ્રવ્યની ઇચ્છાના ત્યાગ વડે સર્વ સંગથી રહિત થઈને, નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો, કર્મ–નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના પોતાના આત્માને જ આત્મા વડે ધ્યાતો થકો, પોતાને સહજ ચેતયિતાપણું હોવાથી એકત્વનેજ [3]ચેતે છે (–જ્ઞાનચેતનારૂપ રહે છે), તે જીવ ખરેખર, એકત્વ–ચેતન વડે અર્થાત્ એકત્વના અનુભવન વડે (પરદ્રવ્યથી) અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો, શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો, શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થતાં સમસ્ત

---

૧. ચેતયિતા = ચેતનાર; દેખનાર–જાણનાર.
૨. અનન્યમય = અન્યમય નહિ એવો
૩. ચેતવું = અનુભવવું; દેખવું–જાણવું.

**मतिक्रान्तः सन्, अचिरेणैव सकलकर्मविमुक्तमात्मानमवाप्नोति। एष संवरप्रकारः।**

( मालिनी )

**निजमहिमरतानां भेदविज्ञानशक्तया**
**भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।**
**अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां**
**भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।। १२८ ।।**

**केन क्रमेण संवरो भवतीति चेत्-**

**तेसिं हेदू भणिदा अज्झवसाणाणि सव्वदरिसीहिं।**
**मिच्छत्तं अण्णाणं अविरयभावो य जोगो य।। १९०।।**

---

પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો, અલ્પ કાળમાં જ સર્વ કર્મથી રહિત આત્માને પામેછે. આ સંવરનો પ્રકાર ( રીત ) છે.

**ભાવાર્થઃ**-જે જીવ પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભ યોગોથી પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે ચળવા ન દે, પછી તેને શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે અને સમસ્ત બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઇને કર્મ-નોકર્મથી ભિન્ન પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઇ તેને જ અનુભવ્યા કરે અર્થાત્ તેના જ ધ્યાનમાં રહે, તે જીવ આત્માને ધ્યાવાથી દર્શનજ્ઞાનમય થયો થકો અને પરદ્રવ્યમયપણાને ઓળંગી ગયો થકો અલ્પ કાળમાં સમસ્ત કર્મથી મુક્ત થાય છે. આ સંવર થવાની રીત છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ मेदविज्ञानशक्तया निजमहिमरतानां एषां ] જેઓ ભેદવિજ્ઞાનની શક્તિ વડે નિજ ( સ્વરૂપના ) મહિમામાં લીન રહે છે તેમને [ नियतम् ] નિયમથી ( ચોક્કસ ) [ शुद्धतत्त्वोपलम्भः ] શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ [ भवीत ] થાય છે; [ तस्मिन् सति च ] શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થતાં, [ अचलितम् अखिल-अन्यद्रव्य-दूरे-स्थितानां ] અચલિતપણે સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર વર્તતા એવા તેમને, [ अक्षयः कर्ममोक्षः भवति ] અક્ષય કર્મમોક્ષ થાય છે ( અર્થાત્ ફરીને કદી કર્મબંધ ન થાય એવો કર્મથી છુટકારો થાય છે ). ૧૨૮.

હવે પૂછે છે કે સંવર કયા ક્રમે થાય છે? તેનો ઉત્તર કહે છેઃ-

**રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,**
**-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦.**

**हेदुअभावे णियमा जायदि णाणिस्स आसवणिरोहो।**
**आसवभावेण विणा जायदि कम्मस्स वि णिरोहो।। १९१ ।।**
**कम्मस्साभावेण य णोकम्माणं पि जायदि णिरोहो।**
**णोकम्मणिरोहेण य संसारणिरोहणं होदि।। १९२ ।।**

तेषां हेतवो भणिता अध्यवसानानि सर्वदर्शिभिः।
मिथ्यात्वमज्ञानमविरतभावश्च योगश्च।। १९० ।।
हेत्वभावे नियमाज्जायते ज्ञानिन आस्रवनिरोधः।
आस्रवभावेन विना जायते कर्मणोऽपि निरोधः।। १९१ ।।
कर्मणोऽभावेन च नोकर्मणामपि जायते निरोधः।
नोकर्मनिरोधेन च संसारनिरोधनं भवति।। १९२ ।।

---

**હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,**
**આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મતણો બને; ૧૯૧.**

**કર્મોતણા ય અભાવથી નોકર્મનું રોધન અને**
**નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.**

**ગાથાર્થઃ-** [ तेषां ] તેમના (પૂર્વે કહેલા રાગદ્વેષમોહરૂપ આસ્રવોના) [ हेतवः ] હેતુઓ [ सर्वदर्शिभिः ] સર્વદર્શીઓએ [ मिथ्यात्वम् ] મિથ્યાત્વ, [ अज्ञानम् ] અજ્ઞાન, [ अविरतभावः च ] અવિરતભાવ [ योगः च ] અને યોગ- [ अध्यवसानानि ] એ (ચાર) અધ્યવસાન [ भणिताः ] કહ્યા છે. [ ज्ञानिनः ] જ્ઞાનીને [ हेत्वभावे ] હેતુઓના અભાવે [ नियमात् ] નિયમથી [ आस्रवनिरोधः ] આસ્રવનો નિરોધ [ जायते ] થાય છે, [ आस्रवभावेन विना ] આસ્રવભાવ વિના [ कर्मणः अपि ] કર્મનો પણ [ निरोधः ] નિરોધ [ जायते ] થાય છે, [ च ] વળી [ कर्मणः अभावेन ] કર્મના અભાવથી [ नोकर्मणाम् अपि ] નોકર્મોનો પણ [ निरोधः ] નિરોધ [ जायते ] થાય છે, [ च ] અને [ नोकर्मनिरोधेन ] નોકર્મના નિરોધથી [ संसारनिरोधनं ] સંસારનો નિરોધ [ भवति ] થાય છે.

सन्ति तावज्जीवस्य आत्मकर्मैकत्वाध्यासमूलानि मिथ्यात्वाज्ञानाविरतियोगलक्षणानि अध्यवसानानि। तानि रागद्वेषमोहलक्षणस्यास्रवभावस्य हेतवः। आस्रवभावः कर्महेतुः। कर्म नोकर्महेतुः। नोकर्म संसारहेतुः इति। ततो नित्यमेवायमात्मा आत्मकर्मणोरेकत्वाध्यासेन मिथ्यात्वाज्ञानाविरतियोगमयमात्मानमध्यवस्यति। ततो रागद्वेषमोहरूपमास्रवभावं भावयति। ततः कर्म आस्रवति। ततो नोकर्म भवति। ततः संसारः प्रभवति। यदा तु आत्मकर्मणोर्भेदविज्ञानेन शुद्धचैतन्यचमत्कारमात्रमात्मानं उपलभते तदा मिथ्यात्वाज्ञानाविरतियोगलक्षणानां अध्यवसानानां आस्रवभावहेतूनां भवत्यभावः। तदभावे रागद्वेषमोहरूपास्रवभावस्य भवत्यभावः। तदभावे भवति कर्माभावः। तदभावेऽपि भवति नोकर्माभावः। तदभावेऽपि भवति संसाराभावः। इत्येष संवरक्रमः।

---

**ટીકાઃ**-પ્રથમ તો જીવને, આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ (અભિપ્રાય) જેમનું મૂળ છે એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે, તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે; આસ્રવભાવ કર્મનું કારણ છે; કર્મ નોકર્મનું કારણ છે; અને નોકર્મ સંસારનું કારણ છે. માટે-સદાય આ આત્મા, આત્માને કર્મના એકપણાના અધ્યાસથી મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે (અર્થાત્ મિથ્યાત્વાદિ અધ્યવસાન કરે છે); તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે, તેથી કર્મ આસ્રવે છે; તેથી નોકર્મ થાય છે; અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે. પરંતુ જ્યારે (તે આત્મા), આત્માને કર્મના ભેદવિજ્ઞાન વડે શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે છે-અનુભવે છે ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે તેમનો અભાવ થાય છે; અધ્યવસાનોનો અભાવ થતાં રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો અભાવ થાય છે; આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે; કર્મનો અભાવ થતાં નોકર્મનો અભાવ થાય છે; અને નોકર્મનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે. આ પ્રમાણે આ સંવરનો ક્રમ છે.

**ભાવાર્થઃ**-જીવને જ્યાં સુધી આત્મા ને કર્મના એકપણાનો આશય છે-ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો વર્તે છે, અધ્યવસાનથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ થાય છે, આસ્રવભાવથી કર્મ બંધાય છે, કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય છે અને નોકર્મથી સંસાર છે. પરંતુ જ્યારે તેને આત્મા ને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે ત્યારે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થવાથી મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે, અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહરૂપ આસ્રવનો અભાવ થાય છે, આસ્રવના અભાવથી કર્મ બંધાતાં નથી,

( उपजाति )

**सम्पद्यते संवर एष साक्षा-**
**च्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।**
**स भेदविज्ञानत एव तस्मात्**
**तद्भेदविज्ञानमतीव भाव्यम्।। १२९ ।।**

( अनुष्टुभ् )

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।**
**तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।। १३० ।।**

---

કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી અને નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે.–આ પ્રમાણે સંવરનો અનુક્રમ જાણવો.

સંવર થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે તેની ભાવનાના ઉપદેશનું કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ एषः साक्षात् संवरः ] આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર [ किल ] ખરેખર [ शुद्ध–आत्म–तत्त्वस्य उपलम्भात् ] શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી [ सम्पद्यते ] થાય છે; અને [ सः ] તે શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ [ भेदविज्ञानतः एव ] ભેદવિજ્ઞાનથી જ થાય છે. [ तस्मात् ] માટે [ तत् भेदविज्ञानम् ] તે ભેદવિજ્ઞાન [ अतीव ] અત્યંત [ भाव्यम् ] ભાવવાયોગ્ય છે.

**ભાવાર્થઃ-**જીવને જ્યારે ભેદવિજ્ઞાન થાય છે અર્થાત્ જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે, શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે અને અનુક્રમે સર્વ પ્રકારે સંવર થાય છે. માટે ભેદવિજ્ઞાનને અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે. ૧૨૯.

હવે ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું તે કાવ્ય દ્વારા કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ इदम् भेदविज्ञानम् ] આ ભેદવિજ્ઞાન [ अच्छिन्न–धारया ] અચ્છિન્નધારાથી (અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે) [ तावत् ] ત્યાં સુધી [ भावयेत् ] ભાવવું [ यावत् ] કે જ્યાં સુધી [ परात् च्युत्वा ] પરભાવોથી છૂટી [ ज्ञानं ] જ્ઞાન [ ज्ञाने ] જ્ઞાનમાં જ (પોતાના સ્વરૂપમાં જ) [ प्रतिष्ठते ] ઠરી જાય.

**ભાવાર્થઃ-**અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું. એક તો મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય; બીજું, જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઇ જાય અને ફરી અન્યવિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય. જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું. ૧૩૦.

(अनुष्टुभ्)
**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।। १३१ ।।**

(मन्दाक्रान्ता)
**भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-**
**द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।**
**बिभ्रत्तोषं परमममलालोकमम्लानमेकं**
**ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।। १३२ ।।**

---

ફરીને ભેદવિજ્ઞાનનો મહિમા કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ ये केचन किल सिद्धाः ] જે કોઈ સિદ્ધ થયા છે [ भेदविज्ञानतः सिद्धाः ] તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે; [ ये केचन किल बद्धाः ] જે કોઈ બંધાયા છે [ अस्य एव अभावतः बद्धाः ] તે તેના જ ( -ભેદવિજ્ઞાનના જ ) અભાવથી બંધાયા છે.

**ભાવાર્થઃ-**અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી તે કર્મથી બંધાયા જ કરે છે-સંસારમાં રઝળ્યા જ કરે છે; જે જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે-મોક્ષ પામે જ છે. માટે કર્મબંધનું-સંસારનું-મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને મોક્ષનું પ્રથમ કારણ ભેદવિજ્ઞાન જ છે. ભેદવિજ્ઞાન વિના કોઈ સિદ્ધિ પામી શકતું નથી.

અહીં આમ પણ જાણવું કે-વિજ્ઞાનાદ્વૈતવાદી બોદ્ધો અને વેદાન્તીઓ કે જેઓ વસ્તુને અદ્વૈત કહે છે અને અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે તેમનો, ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ કહેવાથી, નિષેધ થયો; કારણ કે સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં જેઓ સર્વથા અદ્વૈત માને છે તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી; જ્યાં દ્વૈત જ-બે વસ્તુઓજ -માનતા નથી ત્યાં ભેદવિજ્ઞાન શાનું? જો જીવ અને અજીવ-બે વસ્તુઓ માનવામાં આવે અને તેમનો સંયોગ માનવામાં આવે તો જ ભેદવિજ્ઞાન બની શકે અને સિદ્ધિ થઈ શકે. માટે સ્યાદ્વાદીઓને જ બધુંય નિર્બાધપણે સિદ્ધ થાય છે. ૧૩૧.

હવે, સંવર અધિકાર પૂર્ણ કરતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ भेदज्ञान-उच्छलन-कलनात् ] ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી [ शुद्धतत्त्व-उपलम्भात् ] શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ, શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિથી [ राग-

**इति संवरो निष्क्रान्तः।**

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ संवरप्ररूपकः पञ्चमोऽङ्कः।।**

---

ग्रामप्रलयकरणात् ] રાગના સમૂહનો વિલય થયો, રાગના સમૂહનો વિલય કરવાથી [ कर्मणां संवरेण ] કર્મનો સંવર થયો અને કર્મનો સંવર થવાથી, [ ज्ञाने नियतम् एतत् ज्ञानं उदितं ] જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન ઉદય પામ્યું– [ बिभ्रत् परमम् तोषं ] કે જે જ્ઞાન પરમ સંતોષને (અર્થાત્ પરમ અતીંદ્રિય આનંદને) ધારણ કરે છે, [ अमल–आलोकम् ] જેનો પ્રકાશ નિર્મળ છે (અર્થાત્ રાગાદિકને લીધે મલિનતા હતી તે હવે નથી), [ अम्लानम् ] જે અમ્લાન છે (અર્થાત્ ક્ષાયોપશમિક જ્ઞાનની માફક કરમાયેલું–નિર્બળ નથી, સર્વ લોકાલોકને જાણનારું છે), [ एकं ] જે એક છે (અર્થાત્ ક્ષયોપશમથી ભેદ હતા તે હવે નથી) અને [ शाश्वत–उद्योतम् ] જેનો ઉદ્યોત શાશ્વત છે (અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર છે). ૧૩૨.

**ટીકાઃ**-આ રીતે સંવર (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

**ભાવાર્થઃ**-રંગ ભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો તેને જ્ઞાને જાણી લીધો તેથી તે નૃત્ય કરી બહાર નીકળી ગયો.

ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,
રાગ–દ્વેષ–વિમોહ સબહી ગલિ જાય ઇમૈ દુઠ કર્મ રુકાહી;
ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરે પરમાતમમાહી,
યોં મુનિરાજ ભલી વિધિ ધારત કેવલ પાય સુખી શિવ જાહીં.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સંવરનો પ્રરૂપક પાંચમો અંક સમાપ્ત થયો.

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

卐 –६– 卐

# निर्जरा अधिकार

卐 卐

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

**अथ प्रविशति निर्जरा।**

(शार्दूलविक्रीडित)

**रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः**
**कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुन्धन् स्थितः।**
**प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा**
**ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्छति।। १३३ ।।**

---

રાગાદિકના રોધથી, નવો બંધ હણી સંત;
પૂર્વ ઉદયમાં સમ રહે, નમું નિર્જરાવંત.

પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે "હવે નિર્જરા પ્રવેશ કરે છે". અહીં તત્ત્વોનું નૃત્ય છે; તેથી જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ અહીં રંગભૂમિમાં નિર્જરાનો સ્વાંગ પ્રવેશ કરે છે.

હવે, સર્વ સ્વાંગને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તેને મંગળરૂપ જાણીને આચાર્યદેવ મંગળ અર્થે પ્રથમ તેનેજ–નિર્મળ જ્ઞાનજ્યોતિને જ–પ્રગટ કરે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ परः संवरः ] પરમ સંવર, [ रागादि–आस्रव–रोधतः ] રાગાદિ આસ્રવોને રોકવાથી [ निज–धुरां धृत्वा ] પોતાની કાર્ય-ધુરાને ધારણ કરીને (–પોતાના કાર્યને બરાબર સંભાળીને), [ समस्तम् आगामि कर्म ] સમસ્ત આગામી કર્મને [ भरतः दूरात् एव ] અત્યંતપણે દૂરથી જ [ निरुन्धन् स्थितः ] રોક્તો ઊભો છે; [ तु ] અને [ प्राग्बद्धं ] જે પૂર્વે (સંવર થયા પહેલાં) બંધાયેલું કર્મ છે [ तत् एव दग्धुम् ] તેને બાળવાને [ अधुना ] હવે [ निर्जरा व्याजृम्भते ] નિર્જરા (–નિર્જરારૂપી અગ્નિ–) ફેલાય છે [ यतः ] કે જેથી [ ज्ञानज्योतिः ] જ્ઞાનજ્યોતિ [ अपावृतं ] નિરાવરણ થઈ થકી (ફરીને) [ रागादिभिः न हि मूर्छति ] રાગાદિભાવો વડે મૂર્છિત થતી નથી–સદા અમૂર્છિત રહે છે.

**उवभोगमिंदियेहिं दव्वाणमचेदणाणमिदराणं।**
**जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरणिमित्तं।। १९३ ।।**
उपभोगमिन्द्रियैः द्रव्याणामचेतनानामितरेषाम्।
यत्करोति सम्यग्दृष्टिः तत्सर्वं निर्जरानिमित्तम्।। १९३ ।।

**विरागस्योपभोगो निर्जरायै एव। रागादिभावानां सद्भावेन मिथ्यादृष्टेरचेतनान्यद्रव्योपभोगो बन्धनिमित्तमेव स्यात्। स एव रागादिभावानामभावेन सम्यग्दृष्टेर्निर्जरानिमित्तमेव स्यात्। एतेन द्रव्यनिर्जरास्वरूपमावेदितम्।**

---

**ભાવાર્થઃ**-સંવર થયા પછી નવાં કર્મતો બંધાતા નથી. જે પૂર્વે બંધાયા હતાં તે કર્મો જ્યારે નિર્જરે છે ત્યારે જ્ઞાનનું આવરણ દૂર થવાથી જ્ઞાન એવું થાય છે કે ફરીને રાગાદિરૂપે પરિણમતું નથી-સદા પ્રકાશરૂપ જ રહે છે. ૧૩૩.

હવે દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહે છેઃ-

**ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇંદ્રિયો વડે**
**જે જે કરે સુદ્રષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.**

**ગાથાર્થઃ**- [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિ જીવ [ यत् ] જે [ इन्द्रियैः ] ઇંદ્રિયો વડે [ अचेतनानाम् ] અચેતન તથા [ इतरेषाम् ] ચેતન [ द्रव्याणाम् ] દ્રવ્યોનો [ उपभोगम् ] ઉપભોગ [ करोति ] કરે છે [ तत् सर्वं ] તે સર્વ [ निर्जरानिमित्तम् ] નિર્જરાનું નિમિત્ત છે.

**ટીકાઃ**-વિરાગીનો ઉપભોગ નિર્જરા માટે જ છે (અર્થાત્ નિર્જરાનું કારણ થાય છે). રાગાદિભાવોના સદ્‌ભાવથી મિથ્યાદ્રષ્ટિને અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું નિમિત્ત જ થાય છે; તે જ (ઉપભોગ), રાગાદિભાવોના અભાવથી સમ્યગ્દ્રષ્ટિને નિર્જરાનું નિમિત્ત જ થાય છે; આથી (આ કથનથી) દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહ્યું.

**ભાવાર્થઃ**-સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાની કહ્યો છે અને જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે; માટે સમ્યગ્દ્રષ્ટિ વિરાગી છે. તેને ઇંદ્રિયો વડે ભોગ હોય તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી. તે જાણે છે કે "આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે, મારે અને તેને કાંઇ નાતો નથી; કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે". જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય આવીને પીડા કરે છે અને પોતે બળહીન હોવાથી પીડા સહી શકતો નથી ત્યાં સુધી-જેમ રોગી રોગની પીડા સહી શકે નહિ

अथ भावनिर्जरास्वरूपमावेदयति-

दव्वे उवभुंजंते णियमा जायदि सुहं व दुक्खं वा।
तं सुहदुक्खमुदिण्णं वेददि अध णिज्जरं जादि।। १९४ ।।
द्रव्ये उपभुज्यमाने नियमाज्जायते सुखं वा दुःखं वा।
तत्सुखदुःखमुदीर्णं वेदयते अथ निर्जरां याति।। १९४ ।।

उपभुज्यमाने सति हि परद्रव्ये, तन्निमित्तः सातासात-विकल्पानतिक्रमणेन वेदनायाः सुखरूपो वा दुःखरूपो वा नियमादेव जीवस्य भाव उदेति। स तु

---

ત્યારે તેનો ઔષધિ આદિ વડે ઇલાજ કરે છે તેમ-ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઇલાજ કરે છે; પરંતુ જેમ રોગી રોગને કે ઔષધિને ભલી જાણતો નથી તેમ સમ્યગ્દ્રષ્ટિ ચારિત્રમોહના ઉદયને કે ભોગોપભોગસામગ્રીને ભલી જાણતો નથી. વળી નિશ્ચયથી તો, જ્ઞાતાપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે, તેના પ્રત્યે તેને રાગદ્વેષમોહ નથી. આ રીતે રાગદ્વેષમોહ વિના જ તેના ફળને ભોગવતો હોવાથી તેને કર્મ આસ્રવતું નથી, આસ્રવ વિના આગામી બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ તો પોતાનો રસ દઇને ખરી જ જાય છે કારણ કે ઉદયમાં આવ્યા પછી કર્મની સત્તા રહી શકે જ નહિ. આ રીતે તેને નવો બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ નિર્જરી ગયું તેથી તેને કેવળ નિર્જરા જ થઇ. માટે સમ્યગ્દ્રષ્ટિ વિરાગીના ભોગોપભોગને નિર્જરાનું જ નિમિત્ત કહેવામાં આવ્યો છે. પૂર્વ કર્મ ઉદયમાં આવીને તેનું દ્રવ્ય ખરી ગયું તે દ્રવ્યનિર્જરા છે.

હવે ભાવનિર્જરાનું સ્વરૂપ કહે છેઃ-

વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,
એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઇ જાય છે. ૧૯૪.

**ગાથાર્થઃ-** [ द्रव्ये उपभुज्यमाने ] વસ્તુ ભોગવવામાં આવતાં, [ सुखं वा दुःखं वा ] સુખ અથવા દુઃખ [ नियमात् ] નિયમથી [ जायते ] ઉત્પન્ન થાય છે; [ उदीर्णं ] ઉદય થયેલા અર્થાત્ ઉત્પન્ન થયેલા [ तत् सुखदुःखम् ] તે સુખદુઃખને [ वेदयते ] વેદે છે-અનુભવે છે, [ अथ ] પછી [ निर्जरां याति ] તે ( સુખદુઃખરૂપ ભાવ ) નિર્જરી જાય છે.

**ટીકાઃ-**પરદ્રવ્ય ભોગવવામાં આવતાં, તેના નિમિત્તે સુખરૂપ અથવા દુઃખરૂપ જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે અર્થાત્ ઉત્પન્ન થાય છે, કારણ કે વેદન શાતા અને અશાતા-એ બે પ્રકારોને અતિક્રમતું નથી ( અર્થાત્ વેદન બે પ્રકારનું જ છે-

**यदा वेद्यते तदा मिथ्यादृष्टेः रागादिभावानां सद्भावेन बन्धनिमित्तं भूत्वा निर्जीर्यमाणोऽप्यनिर्जीर्णः सन् बन्ध एव स्यात्; सम्यग्दृष्टेस्तु रागादिभावानामभावेन बन्धनिमित्तमभूत्वा केवलमेव निर्जीर्यमाणो निर्जीर्णः सन्निर्जरैव स्यात्।**

( अनुष्टुभ् )

**तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल।**
**यत्कोऽपि कर्मभिः कर्म भुञ्जानोऽपि न बध्यते।। १३४ ।।**

**अथ ज्ञानसामर्थ्यं दर्शयति-**

---

શાતારૂપ અને અશાતારૂપ). જ્યારે તે (સુખરૂપ અથવા દુઃખરૂપ) ભાવ વેદાય છે ત્યારે મિથ્યાદ્રષ્ટિને, રાગાદિભાવોના સદ્ભાવથી બંધનું નિમિત્ત થઇને (તે ભાવ) નિર્જરતાં છતાં (ખરેખર) નહિ નિર્જર્યો થકો, બંધ જ થાય છે; પરંતુ સમ્યગ્દ્રષ્ટિને, રાગાદિભાવોના અભાવથી બંધનું નિમિત્ત થયા વિના કેવળ જ નિર્જરતો હોવાથી (ખરેખર) નિર્જર્યો થકો, નિર્જરા જ થાય છે.

**ભાવાર્થઃ**-પરદ્રવ્ય ભોગવતાં, કર્મના ઉદયના નિમિત્તે જીવને સુખરૂપ અથવા દુઃખરૂપ ભાવ નિયમથી ઉત્પન્ન થાય છે. મિથ્યાદ્રષ્ટિને રાગાદિકને લીધે તે ભાવ આગામી બંધ કરીને નિર્જરે છે તેથી તેને નિર્જર્યો કહી શકાતો નથી; માટે મિથ્યાદ્રષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં બંધ જ થાય છે. સમ્યગ્દ્રષ્ટિને રાગાદિક નહિ હોવાથી આગામી બંધ કર્યા વિના જ તે ભાવ નિર્જરી જાય છે તેથી તેને નિર્જર્યો કહી શકાય છે; માટે સમ્યગ્દ્રષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં નિર્જરા જ થાય છે. આ રીતે સમ્યગ્દ્રષ્ટિને ભાવનિર્જરા થાય છે.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ किल ] ખરેખર [ तत् सामर्थ्यं ] તે (આશ્ચર્યકારક) સામર્થ્ય [ ज्ञानस्य एव ] જ્ઞાનનું જ છે [ वा ] અથવા [ विरागस्य एव ] વિરાગનું જ છે [ यत् ] કે [ कः अपि ] કોઈ (સમ્યગ્દ્રષ્ટિ જીવ) [ कर्म भुञ्जानः अपि ] કર્મને ભોગવતો છતો [ कर्मभिः न बध्यते ] કર્મોથી બંધાતો નથી! (અજ્ઞાનીને તે આશ્ચર્ય ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે.) ૧૩૪.

હવે જ્ઞાનનું સામર્થ્ય બતાવે છેઃ-

**जह विसमुवभुंजंतो वेज्जो पुरिसो ण मरणमुवय दि।**
**पोग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झदे णाणी।। १९५ ।।**

यथा बिषमुपभुञ्जानो वैद्यः पुरुषो न मरणमुपयाति।
पुद्गलकर्मण उदयं तथा भुङ्क्ते नैव बध्यते ज्ञानी।। १९५ ।।

**यथा कश्चिद्विषवैद्यः परेषां मरणकारणं विषमुपभुञ्जानोऽपि अमोधविद्यासामर्थ्येन निरुद्धतच्छक्तित्वान्न म्रियते, तथा अज्ञानिनां रागादिभावसद्भावेन बन्धकारणं पुद्गलकर्मोदयमुपभुञ्जानोऽपि अमोधज्ञान-सामर्थ्यात् रागादिभावानामभावे सति निरुद्धतच्छक्तित्वान्न बध्यते ज्ञानी।**

**अथ वैराग्यसामर्थ्य दर्शयति-**

---

**જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,**
**ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ वैद्यः पुरुषः ] વૈદ્ય પુરુષ [ विषम् उपभुञ्जानः ] વિષને ભોગવતો અર્થાત્ ખાતો છતો [ मरणम् न उपयाति ] મરણ પામતો નથી, [ तथा ] તેમ [ ज्ञानी ] જ્ઞાની [ पुद्गलकर्मणः ] પુદ્ગલકર્મના [ उदयं ] ઉદયને [ भुङ्क्ते ] ભોગવે છે તોપણ [ न एव बध्यते ] બંધાતો નથી.

**ટીકાઃ-**જેમ કોઇ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ જે વિષ તેને ભોગવતો છતો પણ, અમોઘ ( રામબાણ ) વિદ્યાના સામર્થ્ય વડે વિષની શક્તિ રોકાઇ ગઈ હોવાથી, મરતો નથી, તેમ અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્ભાવથી બંધનું કારણ જે પુદ્ગલકર્મનો ઉદય તેને જ્ઞાની ભોગવતો છતો પણ, અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા રાગાદિભાવોનો અભાવ હોતાં ( -હોઇને ) કર્મોદયની શક્તિ રોકાઇ ગઇ હોવાથી, બંધાતો નથી.

**ભાવાર્થઃ-**જેમ વૈદ્ય મંત્ર, તંત્ર, ઔષધ આદિ પોતાની વિદ્યાના સામર્થ્યથી વિષના મરણ કરવાની શક્તિનો અભાવ કરે છે તેથી વિષ ખાવા છતાં તેનું મરણ થતું નથી, તેમ જ્ઞાનીને જ્ઞાનનું સામર્થ્ય એવું છેકે કર્મોદયની બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે અને તેથી કર્મના ઉદયને ભોગવવા છતાં જ્ઞાનીને આગામી કર્મબંધ થતો નથી. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય કહ્યું.

હવે વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છેઃ-

**जह मज्जं पिबमाणो अरदीभावेण मज्जदि ण पुरिसो।**
**दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव।। १९६ ।।**

यथा मद्यं पिबन् अरतिभावेन माद्यति न पुरुषः।
द्रव्योपभोगेऽरतो ज्ञान्यपि न बध्यते तथैव।। १९६ ।।

**यथा कश्चित्पुरुषो मैरेयं प्रति प्रवृत्ततीव्रारतिभावः सन् मैरेयं पिबन्नपि तीव्रारतिभावसामर्थ्यान्न माद्यति, तथा रागादिभावानामभावेन सर्वद्रव्योपभोगं प्रति प्रवृत्ततीव्रविरागभावः सन् विषयानुपभुञ्जानोऽपि तीव्रविरागभावसामर्थ्यान्न बध्यते ज्ञानी।**

( रथोद्धता )

**नाश्नुते विषयसेवनेऽपि यत्**
**स्वं फलं विषयसेवनस्य ना।**
**ज्ञानवैभवविरागताबलात्**
**सेवकोऽपि तदसावसेवकः।। १३५ ।।**

---

**જ્યમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,**
**દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ पुरुषः ] કોઈ પુરુષ [ मद्यं ] મદિરાને [ अरतिभावेन ] અરતિભાવે ( અપ્રીતિથી ) [ पिबन् ] પીતો થકો [ न माद्यति ] મત્ત થતો નથી, [ तथा एव ] તેવી જ રીતે [ ज्ञानी अपि ] જ્ઞાની પણ [ द्रव्योपभोगे ] દ્રવ્ય ના ઉપભોગ પ્રત્યે [ अरतः ] અરત ( અર્થાત્ વૈરાગ્યભાવે ) વર્તતો થકો [ न बध्यते ] ( કર્મોથી ) બંધાતો નથી.

**ટીકાઃ-**જેમ કોઇ પુરુષ, મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, મદિરાને પીતાં છતાં પણ, તીવ્ર અરતિભાવના સામર્થ્યને લીધે મત્ત થતો નથી, તેમ જ્ઞાની પણ, રાગાદિભાવોના અભાવથી સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, વિષયોને ભોગવતાં છતાં પણ, તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે ( કર્મોથી ) બંધાતો નથી.

**ભાવાર્થઃ-**એ વૈરાગ્યનું સામર્થ્ય છે કે જ્ઞાની વિષયોને સેવતો છતો પણ કર્મોથી બંધાતો નથી.

હવે આ અર્થનું અને આગળની ગાથાના અર્થની સૂચનાનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-**[ यत् ] કારણ કે [ ना ] આ ( જ્ઞાની ) પુરુષ [ विषयसेवने अपि ]

**अथैतदेव दर्शयति-**

**सेवंतो वि ण सेवदि असेवमाणो वि सेवगो कोई।**
**पगरणचेट्ठा कस्स वि ण य पायरणो त्ति सो होदि।। १९७ ।।**

**सेवमानोऽपि न सेवते असेवमानोऽपि सेवकः कश्चित्।**
**प्रकरणचेष्टा कस्यापि न च प्राकरण इति स भवति।। १९७ ।।**

**यथा कश्चित् प्रकरणे व्याप्रियमाणोऽपि प्रकरणस्वामित्वाभावात् न प्राकरणिकः, अपरस्तु तत्राव्याप्रियमाणोऽपि तत्स्वामित्वात्प्राकरणिकः, तथा सम्यग्दृष्टिः पूर्वसञ्चित-**

---

વિષયોને સેવતો છતો પણ [ ज्ञानवैभव–विरागता–बलात् ] જ્ઞાનવૈભવના અને વિરાગતાના બળથી [ विषयसेवनस्य स्वं फलं ] વિષયસેવનના નિજફળને (–રંજિત પરિણામને) [ न अश्नुते ] ભોગવતો નથી–પામતો નથી, [ तत् ] તેથી [ असौ ] આ (પુરુષ) [ सेवकः अपि असेवकः ] સેવક છતાં અસેવક છે (અર્થાત્ વિષયોને સેવતાં છતાં નથી સેવતો).

**ભાવાર્થઃ**-જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે કે જ્ઞાની ઇંદ્રિયોના વિષયોને સેવતો હોવા છતાં તેને સેવનારો કહી શકાતો નથી, કારણ કે વિષયસેવનનું ફળ જે રંજિત પરિણામ તેને જ્ઞાની ભોગવતો નથી–પામતો નથી. ૧૩૫.

હવે આ જ વાતને પ્રગટ દૃષ્ટાંતથી બતાવે છેઃ–

**સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,**
**પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જ્યમ નહિ ઠરે. ૧૯૭.**

**ગાથાર્થઃ**- [ कश्चित् ] કોઈ તો [ सेवमानः अपि ] વિષયોને સેવતો છતાં [ न सेवते ] નથી સેવતો અને [ असेवमानः अपि ] કોઈ નહિ સેવતો છતાં [ सेवकः ] સેવનારો છે– [ कस्य अपि ] જેમ કોઈ પુરુષને [ प्रकरणचेष्टा ] [1]પ્રકરણની ચેષ્ટા (કોઈ કાર્ય સંબંધી ક્રિયા) વર્તે છે [ न च सः प्राकरणः इति भवति ] તોપણ તે [2]પ્રાકરણિક નથી.

**ટીકાઃ**-જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ હોવાથી પ્રાકરણિક નથી અને બીજો પુરુષ પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું હોવાથી પ્રાકરણિક છે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ

---

૧. પ્રકરણ = કાર્ય, ૨. પ્રાકરણિક = કાર્ય કરનારો

**कर्मोदयसम्पन्नान् विषयान् सेवमानोऽपि रागादिभावानामभावेन विषयसेवनफलस्वामित्वाभावादसेवक एव, मिथ्यादृष्टिस्तु विषयानसेवमानोऽपि रागादिभावानां सद्भावेन विषयसेवनफलस्वामित्वात्सेवक एव।**

( मन्दाक्रान्ता )

**सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः**
**स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्तया।**
**यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च**
**स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।। १३६ ।।**

---

પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને સેવતો હોવા છતાં રાગાદિભાવોના અભાવને લીધે વિષયસેવનના ફળનું સ્વામીપણું નહિ હોવાથી અસેવક જ છે ( અર્થાત્ સેવનારો નથી ) અને મિથ્યાદૃષ્ટિ વિષયોને નહિ સેવતો હોવા છતાં રાગાદિભાવોના સદ્ભાવને લીધે વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી સેવક જ છે.

**ભાવાર્થઃ-**કોઈ શેઠે પોતાની દુકાન પર કોઈને નોકર રાખ્યો. દુકાનનો બધો વેપારવણજ-ખરીદવું, વેચવું વગેરે સર્વ કામકાજ-નોકર કરે છે તોપણ તે વેપારી નથી કારણ કે તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો સ્વામી નથી; તે તો માત્ર નોકર છે, શેઠનો કરાવ્યો બધું કામકાજ કરે છે. જે શેઠ છે તે વેપાર સંબંધી કાંઈ કામકાજ કરતો નથી, ઘેર બેસી રહે છે તોપણ તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો ધણી હોવાથી તેજ વેપારી છે. આ દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પર ઘટાવી લેવું. જેમ નોકર વેપાર કરનારો નથી તેમ સમ્યગ્ષ્ટિ વિષય સેવનારો નથી, અને જેમ શેઠ વેપાર કરનારો છે તેમ મિથ્યાદૃષ્ટિ વિષય સેવનારો છે.

હવે આગળની ગાથાઓની સૂચનાનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ सम्यग्दृष्टेः नियतं ज्ञान-वैराग्य-शक्तिः भवति ] સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે; [ यस्मात् ] કારણ કે [ अयं ] તે ( સમ્યગ્દૃષ્ટિ જીવ ) [ स्व-अन्य-रूप-आप्ति-मुक्तया ] સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે [ स्वं वस्तुत्वं कलयितुम् ] પોતાના વસ્તુત્વનો ( યથાર્થ સ્વરૂપનો ) અભ્યાસ કરવા માટે, [ इदं स्वं च परं ] 'આ સ્વ છે ( અર્થાત્ આત્મસ્વરૂપ છે ) અને આ પર છે' [ व्यतिकरम् ] એવો ભેદ [ तत्त्वतः ] પરમાર્થે [ ज्ञात्वा ] જાણીને [ स्वस्मिन् आस्ते ] સ્વમાં રહે છે ( -ટકે છે ) અને [ परात् रागयोगात् ] પરથી-રાગના યોગથી- [ सर्वतः ] સર્વ પ્રકારે [ विरमति ] વિરમે છે. ( આ રીત જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ. ) ૧૩૬.

सम्यग्दृष्टि: सामान्येन स्वपरावेवं तावज्जानाति-

उदयविवागो विविहो कम्माणं वण्णिदो जिणवरेहिं।
ण दु ते मज्झ सहावा जाणगभावो दु अहमेक्को।। १९८ ।।

उदयविपाको विविध: कर्मणां वर्णितो जिनवरै:।
न तु ते मम स्वभावा: ज्ञायकभावस्त्वहमेक:।। १९८ ।।

ये कर्मोदयविपाकप्रभवा विविधा भावा न ते मम स्वभावा:। एष टङ्कोत्कीर्णैकज्ञायकभावोऽहम्।

सम्यग्दृष्टिर्विशेषेण तु स्वपरावेवं जानाति-

---

હવે પ્રથમ, સમ્યગ્દ્રષ્ટિ સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે-એમ ગાથામાં કહે છે:-

કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,
તે મુજ સ્વભાવો છે નહિ, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.

**ગાથાર્થ:-** [ कर्मणां ] કર્મોના [ उदयविपाक: ] ઉદયનો વિપાક (ફળ) [ जिनवरै: ] જિનવરોએ [ विविध: ] અનેક પ્રકારનો [ वर्णित: ] વર્ણવ્યો છે [ ते ] તે [ मम स्वभावा: ] મારા સ્વભાવો [ न तु ] નથી; [ अहम् तु ] હું તો [ एक: ] એક [ ज्ञायकभाव: ] જ્ઞાયકભાવ છું.

**ટીકા:-**જે કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના ભાવો છે તે મારો સ્વભાવો નથી; હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.

**ભાવાર્થ:-**આ પ્રમાણે સામાન્યપણે સમસ્ત કર્મજન્ય ભાવોને સમ્યગ્દ્રષ્ટિ પર જાણે છે અને પોતાને એક જ્ઞાયકસ્વભાવ જ જાણે છે.

હવે સમ્યગ્દ્રષ્ટિ વિશેષપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે-એમ કહે છે:-

**पोग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो।**
**ण दु एस मज्झ भावो जागगभावो हु अहमेक्को।। १९९ ।।**

पुद्गलकर्म रागस्तस्य विपाकोदयो भवति एषः।
न त्वेष मम भावो ज्ञायकभावः खल्वहमेकः।। १९९ ।।

अस्ति किल रागो नाम पुद्गलकर्म, तदुदयविपाकप्रभवोऽयं रागरूपो भावः, न पुनर्मम स्वभावः। एष टङ्कोत्कीर्णैकज्ञायकभावोऽहम्।

एवमेव च रागपदपरिवर्तनेन द्वेषमोहक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि, अनया दिशा अन्यान्यप्यूह्यानि।

एवं च सम्यग्दृष्टिः स्वं जानन् रागं मुञ्चंश्च नियमाज्ज्ञानवैराग्यसम्पन्नो भवति-

---

**પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,**
**આ છે નહિ મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.**

**ગાથાર્થઃ-** [ रागः ] રાગ [ पुद्‌गलकर्म ] પુદ્‌ગલકર્મ છે, [ तस्य ] તેનો [ विपाकोदयः ] વિપાકરૂપ ઉદય [ एषः भवति ] આ છે, [ एषः ] આ [ मम भावः ] મારો ભાવ [ न तु ] નથી; [ अहम् ] હું તો [ खलु ] નિશ્ચયથી [ एकः ] એક [ ज्ञायकभावः ] જ્ઞાયકભાવ છું.

**ટીકાઃ-**ખરેખર રાગ નામનું પુદ્‌ગલકર્મ છે તેના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ ભાવ છે, મારો સ્વભાવ નથી; હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું. (આ રીતે સમ્યગ્દ્રષ્ટિ વિશેષપણે સ્વને અને પરને જાણે છે).

વળી આ જ પ્રમાણે 'રાગ' પદ બદલીને તેની જગ્યાએ દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાયા, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શન-એ શબ્દો મૂકી સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં (-કહેવાં) અને આ ઉપદેશથી બીજા પણ વિચારવાં.

આ રીતે સમ્યગ્દ્રષ્ટિ પોતાને જાણતો અને રાગને છોડતો થકો નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે-એમ હવેની ગાથામાં કહે છે:-

**एवं सम्मद्दिट्ठी अप्पाणं मुणदि जाणगसहावं।**
**उदयं कम्मविवागं च मुयदि तच्चं वियाणंतो।। २०० ।।**

एवं सम्यग्दृष्टिः आत्मानं जानाति ज्ञायकस्वभावम्।
उदयं कर्मविपाकं च मुञ्चति तत्त्वं विजानन्।। २०० ।।

**एवं सम्यग्दृष्टिः सामान्येन विशेषेण च परस्वभावेभ्यो भावेभ्यो सर्वेभ्योऽपि विविच्य टङ्कोत्कीर्णैकज्ञायकभावस्वभावमात्मनस्तत्त्वं विजानाति। तथा तत्त्वं विजानंश्च स्वपरभावोपादानापोहननिष्पाद्यं स्वस्य वस्तुत्वं प्रथयन् कर्मोदयविपाकप्रभवान् भावान् सर्वानपि मुञ्चति। ततोऽयं नियमात् ज्ञानवैराग्यसम्पन्नो भवति।**

---

**સુદ્રષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,**
**ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.**

**ગાથાર્થઃ-** [ एवं ] આ રીતે [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિ [ आत्मानं ] આત્માને ( પોતાને ) [ ज्ञायकस्वभावम् ] જ્ઞાયકસ્વભાવ [ जानाति ] જાણે છે [ च ] અને [ तत्त्वं ] તત્ત્વને અર્થાત્ યથાર્થ સ્વરૂપને [ विजानन् ] જાણતો થકો [ कर्मविपाकं ] કર્મના વિપાકરૂપ [ उदयं ] ઉદયને [ मुञ्चति ] છોડે છે.

**ટીકાઃ-**આ રીતે સમ્યગ્દ્રષ્ટિ સામાન્યપણે અને વિશેષપણે પરભાવસ્વરૂપ સર્વ ભાવોથી વિવેક ( ભેદજ્ઞાન, ભિન્નતા ) કરીને, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવું જે આત્માનું તત્ત્વ તેને ( સારી રીતે ) જાણે છે; અને એ રીતે તત્ત્વને જાણતો, સ્વભાવના ગ્રહણ અને પરભાવના ત્યાગથી નીપજવાયોગ્ય પોતાના વસ્તુત્વને વિસ્તારતો ( –પ્રસિદ્ધ કરતો ), કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા સમસ્ત ભાવોને છોડે છે. તેથી તે ( સમ્યગ્દ્રષ્ટિ ) નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે ( એમ સિદ્ધ થયું ).

**ભાવાર્થઃ-**જ્યારે પોતાને તો જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે અને કર્મના ઉદયથી થયેલા ભાવોને આકુળતારૂપ દુઃખમય જાણે ત્યારે જ્ઞાનરૂપ રહેવું અને પરભાવોથી વિરાગતા–એ બન્ને અવશ્ય હોય જ છે. આ વાત પ્રગટ અનુભવગોચર છે. એ ( જ્ઞાનવૈરાગ્ય ) જ સમ્યગ્દ્રષ્ટિનું ચિહ્ન છે.

( मन्दाक्रान्ता )

**सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-**
**दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।**

---

"જે જીવ પરદ્રવ્યમાં આસક્ત-રાગી છે અને સમ્યગ્દષ્ટિપણાનું અભિમાન કરે છે તે સમ્યગ્દષ્ટિ છે જ નહિ, વૃથા અભિમાન કરે છે" એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-**'' [ अयम् अहं स्वयम् सम्यग्दृष्टिः, मे जातु बन्धः न स्यात् ] આ હું પોતે સમ્યગ્દષ્ટિ છું, મને કદી બંધ થતો નથી ( કારણ કે શાસ્ત્રમાં સમ્યગ્દષ્ટિને બંધ કહ્યો નથી ) " [ इति ] એમ માનીને [ उत्तान–उत्पुलक–वदनाः ] જેમનું મુખ ગર્વથી ઊંચું તથા પુલક્તિ ( રોમાંચિત ) થયું છે એવા [ रागिणः ] રાગી જીવો ( -પરદ્રવ્ય પ્રત્યે રાગદ્વેષમોહભાવવાળા જીવો- ) [ अपि ] ભલે [ आचरन्तु ] મહાવ્રતાદિનું આચરણ કરો તથા [ समितिपरतां आलम्बन्तां ] *સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરો [ अद्य अपि ] તોપણ [ ते पापाः ] તેઓ પાણી ( મિથ્યાદષ્ટિ ) જ છે, [ यतः ] કારણ કે [ आत्म–अनात्म–अवगम–विरहात् ] આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી [ सम्यक्त्व–रिक्ताः सन्ति ] તેઓ સમ્યક્ત્વથી રહિત છે.

**ભાવાર્થઃ-**પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં જે જીવ 'હું સમ્યગ્દષ્ટિ છું, મને બંધ થતો નથી' એમ માને છે તેને સમ્યક્ત્વ કેવું? તે વ્રત-સમિતિ પાળે તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી તે પાપી જ છે. પોતાને બંધ નથી થતો એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે તે વળી સમ્યગ્દષ્ટિ કેવો? કારણ કે જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી ચારિત્રમોહના રાગથી બંધ તો થાય જ છે અને જ્યાં સુધી રાગ રહે ત્યાં સુધી સમ્યગ્દષ્ટિ તો પોતાની નિંદા-ગર્હા કરતો જ રહે છે. જ્ઞાન થવામાત્રથી બંધથી છુટાતું નથી, જ્ઞાન થયા પછી તેમાં જ લીનતારૂપ-શુદ્ધોપયોગરૂપ-ચારિત્રથી બંધ કપાય છે. માટે રાગ હોવા છતાં, 'બંધ થતો નથી' એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તનાર જીવ મિથ્યાદષ્ટિ જ છે.

અહીં કોઈ પૂછે કે "વ્રત-સમિતિ તો શુભ કાર્ય છે, તો પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો?" તેનું સમાધાનઃ-સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે; જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે. વળી વ્યવહારનયની પ્રધાનતામાં, વ્યવહારી જીવોને અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભ ક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે. આમ કહેવાથી સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.

---

* સમિતિ = વિહાર, વચન, આહાર વગેરેની ક્રિયામાં જતનાથી પ્રવર્તવું તે

**आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा**
**आत्मानात्मावगमविरहात्सन्ति सम्यक्त्वरिक्ताः।। १३७ ।।**

---

વળી કોઈ પૂછે છે કે-"પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદ્રષ્ટિ કહ્યો તે વાતમાં અમે સમજ્યા નહિ. અવિરતસમ્યગ્દ્રષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદયથી રાગાદિભાવ તો હોય છે, તેમને સમ્યક્ત્વ કેમ છે?" તેનું સમાધાનઃ-અહીં મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી રાગ પ્રધાનપણે કહ્યો છે. જેને એવો રાગ હોય છે અર્થાત્ જેને પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા ભાવોમાં આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે, તેને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી-ભેદજ્ઞાન નથી એમ સમજવું. જીવ મુનિપદ લઈ વ્રત-સમિતિ પાળે તોપણ જ્યાં સુધી (વ્રત-સમિતિ પાળતાં) પર જીવોની રક્ષા, શરીર સંબંધી જતનાથી પ્રવર્તવું ઇત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના શુભ ભાવોથી પોતાનો મોક્ષ માને છે અને પર જીવોનો ઘાત થવો, અયત્નાચારરૂપે પ્રવર્તવું ઇત્યાદિ પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાના અશુભ ભાવોથી જ પોતાને બંધ થતો માને છે ત્યાં સુધી તેને સ્વપરનું જ્ઞાન થયું નથી એમ જાણવું; કારણ કે બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ તથા શુદ્ધ ભાવોથી જ થતા હતા, શુભાશુભ ભાવો તો બંધનાં જ કારણ હતા અને પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું, તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું. આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી જ ભલુંબૂરું માની રાગદ્વેષ કરે છે ત્યાં સુધી તે સમ્યગ્દ્રષ્ટિ નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવ તો જ્યાં સુધી પોતાને ચારિત્રમોહસંબંધી રાગાદિક રહે છે ત્યાં સુધી તે રાગાદિક વિષે તથા રાગાદિકની પ્રેરણાથી જે પરદ્રવ્યસંબંધી શુભાશુભ ક્રિયામાં તે પ્રવર્તે છે તે પ્રવૃત્તિઓ વિષે એમ માને છે કે-આ કર્મનું જોર છે; તેનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે. તે તેમને રોગવત્ જાણે છે. પીડા સહી શકાતી નથી તેથી તેમનો ઇલાજ કરવારૂપે પ્રવર્તે છે તોપણ તેને તેમના પ્રત્યે રાગ કહી શકાતો નથી; કારણ કે જેને રોગ માને તેના પ્રત્યે રાગ કેવો? તે તેને મટાડવાનો જ ઉપાય કરે છે અને તે મટવું પણ પોતાના જ જ્ઞાનપરિણામરૂપ પરિણમનથી માને છે. આ રીતે સમ્યગ્દ્રષ્ટિને રાગ નથી. આ પ્રમાણે પરમાર્થ અધ્યાત્મદ્રષ્ટિથી અહીં વ્યાખ્યાન જાણવું. અહીં મિથ્યાત્વ સહિત રાગને જ રાગ કહ્યો છે, મિથ્યાત્વ વિના ચારિત્રમોહસંબંધી ઉદયના પરિણામને રાગ કહ્યો નથી; માટે સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે. મિથ્યાત્વ સહિત રાગ સમ્યગ્દ્રષ્ટિને હોતો નથી અને મિથ્યાત્વ સહિત રાગ હોય તે સમ્યગ્દ્રષ્ટિ નથી. આવા (મિથ્યાદ્રષ્ટિના અને સમ્યગ્દ્રષ્ટિના ભાવોના) તફાવતને સમ્યગ્દ્રષ્ટિ જ જાણે છે. મિથ્યાદ્રષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી અને જો પ્રવેશ કરે તો વિપરીત સમજે છે-વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે અથવા તો નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના વ્યવહારથી જ મોક્ષ માને છે, પરમાર્થ

**कथं रागी न भवति सम्यग्दृष्टिरिति चेत्-**

**परमाणुमित्तयं पि हु रागादीणं तु विज्जदे जस्स।**
**ण वि सो जाणदि अप्पाणयं तु सव्वागमधरो वि।। २०१ ।।**
**अप्पाणमयाणंतो अणप्पयं चावि सो अयाणंतो।**
**कह होदि सम्मदिट्ठी जीवाजीवे अयाणंतो।। २०२ ।।**

परमाणुमात्रमपि खलु रागादीनां तु विद्यते यस्य।
नापि स जानात्यात्मानं तु सर्वागमधरोऽपि।। २०१ ।।
आत्मानमजानन् अनात्मानं चापि सोऽजानन्।
कथं भवति सम्यग्दृष्टिर्जीवाजीवावजानन्।। २०२ ।।

**यस्य रागादीनामज्ञानमयानां भावानां लेशस्यापि सद्भावोऽस्ति स श्रुतकेवलि-**

---

તત્ત્વમાં મૂઢ રહે છે. જો કોઈ વિરલ જીવ યથાર્થ સ્યાદ્વાદન્યાયથી સત્યાર્થ સમજી જાય તો તેને અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય જ છે-તે અવશ્ય સમ્યગ્દૃષ્ટિ બની જાય છે. ૧૩૭.

હવે પૂછે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દૃષ્ટિ ન હોય? તેનો ઉત્તર કહે છેઃ-

**અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ વર્તે જેહને,**
**તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.**

**નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,**
**તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨.**

**ગાથાર્થઃ-** [ खलु ] ખરેખર [ यस्य ] જે જીવને [ रागादीनां तु परमाणुमात्रम् अपि ] પરમાણુમાત્ર-લેશમાત્ર-પણ રાગાદિક [ विद्यते ] વર્તે છે [ सः ] તે જીવ [ सर्वागमधरः अपि ] ભલે સર્વ આગમ ભણેલો હોય તોપણ [ आत्मानं तु ] આત્માને [ न अपि जानाति ] નથી જાણતો; [ च ] અને [ आत्मानम् ] આત્માને [ अजानन् ] નહિ જાણતો થકો [ सः ] તે [ अनात्मानं अपि ] અનાત્માને (પરને) પણ [ अजानन् ] નથી જાણતો; [ जीवाजीवौ ] એ રીતે જે જીવ અને અજીવને [ अजानन् ] નથી જાણતો તે [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ कथं भवति ] કેમ હોઈ શકે?

**ટીકાઃ-**જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ છે તે

**कल्पोऽपि ज्ञानमयस्य भावस्याभावादात्मानं न जानाति। यस्त्वात्मानं न जानाति सोऽनात्मानमपि न जानाति, स्वरूपपररूपसत्तासत्ताभ्यामेकस्य वस्तुनो निश्चीयमानत्वात्। ततो य आत्मानात्मानौ न जानाति स जीवाजीवौ न जानाति। यस्तु जीवाजीवौ न जानाति स सम्यग्दृष्टिरेव न भवति। ततो रागी ज्ञानाभावान्न भवति सम्यग्दृष्टिः।**

---

ભલે શ્રુતકેવળી જેવો હો તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે આત્માને નથી જાણતો; અને જે આત્માને નથી જાણતો તે અનાત્માને પણ નથી જાણતો કારણ કે સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા-એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે; (જેને અનાત્માનો-રાગનો-નિશ્ચય થયો હોય તેને અનાત્મા અને આત્મા-બન્નેનો નિશ્ચય હોવો જોઈએ.) એ રીતે જે આત્મા અને અનાત્માને નથી જાણતો તે જીવ અને અજીવને નથી જાણતો; અને જે જીવ-અજીવને નથી જાણતો તે સમ્યગ્દ્રષ્ટિ જ નથી. માટે રાગી (જીવ) જ્ઞાનના અભાવને લીધે સમ્યગ્દ્રષ્ટિ હોતો નથી.

**ભાવાર્થઃ-**અહીં 'રાગ' શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે. ત્યાં 'અજ્ઞાનમય' કહેવાથી મિથ્યાત્વ-અનંતાનુબંધીથી થયેલા રાગાદિક સમજવા, મિથ્યાત્વ વિના ચારિત્રમોહના ઉદયનો રાગ ન લેવો; કારણ કે અવિરતસમ્યગ્દ્રષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદય સંબંધી રાગ છે તે જ્ઞાનસહિત છે; તે રાગને સમ્યગ્દ્રષ્ટિ કર્મોદયથી થયેલો રોગ જાણે છે અને તેને મટાડવા જ ઇચ્છે છે; તે રાગ પ્રત્યે તેને રાગ નથી. વળી સમ્યગ્દ્રષ્ટિને રાગનો લેશમાત્ર સદ્ભાવ નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છેઃ- સમ્યગ્દ્રષ્ટિને અશુભ રાગ તો અત્યંત ગૌણ છે અને જે શુભ રાગ થાય છે તેને તે જરાય ભલો (સારો) સમજતો નથી-તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરતો નથી. વળી નિશ્ચયથી તો તેને રાગનું સ્વામિત્વ જ નથી. માટે તેને લેશમાત્ર રાગ નથી.

જો કોઈ જીવ રાગને ભલો જાણી તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરે તો-ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય, મુનિ હોય, વ્યવહારચારિત્ર પણ પાળતો હોય તોપણ-એમ સમજવું કે તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું, કર્મોદયજનિત રાગને જ સારો માન્યો છે અને તેનાથી જ પોતાનો મોક્ષ માન્યો છે. આ રીતે પોતાના અને પરના પરમાર્થ સ્વરૂપને નહિ જાણતો હોવાથી જીવ-અજીવના પરમાર્થ સ્વરૂપને જાણતો નથી. અને જ્યાં જીવ અને અજીવ-બે પદાર્થોને જ જાણતો નથી ત્યાં સમ્યગ્દ્રષ્ટિ કેવો? માટે રાગી જીવ સમ્યગ્દ્રષ્ટિ હોઈ શકે નહિ.

( मन्दाक्रान्ता )

**आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः**
**सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः।**
**एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः**
**शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।। १३८ ।।**

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જે કાવ્ય દ્વારા આચાર્યદેવ અનાદિથી રાગાદિકને પોતાનું પદ જાણી સૂતેલાં રાગી પ્રાણીઓને ઉપદેશ કરે છેઃ–

**શ્લોકાર્થઃ-** ( શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કેઃ ) [ अन्धाः ] હે અંધ પ્રાણીઓ ! [ आसंसारात् ] અનાદિ સંસારથી માંડીને [ प्रतिपदम् ] પર્યાયે પર્યાયે [ अमी रागिणः ] આ રાગી જીવો [ नित्यमत्ताः ] સદાય મત્ત વર્તતા થકા [ यस्मिन् सुप्ताः ] જે પદમાં સૂતા છે–ઊંઘે છે [ तत् ] તે પદ અર્થાત્ સ્થાન [ अपदम् अपदं ] અપદ છે–અપદ છે, ( તમારું સ્થાન નથી, ) [ विबुध्यध्वम् ] એમ તમે સમજો. ( બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે. ) [ इतः एत एत ] આ તરફ આવો–આ તરફ આવો, ( અહીં નિવાસ કરો, ) [ पदम् इदम् इदं ] તમારું પદ આ છે–આ છે [ यत्र ] જ્યાં [ शुद्धः शुद्धः चैतन्यधातुः ] શુદ્ધ–શુદ્ધ ચૈતન્યધાતુ [ स्व–रस–भरतः ] નિજ રસની અતિશયતાને લીધે [ स्थायिभावत्वम् एति ] સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે–અવિનાશી છે. ( અહીં ‘ શુદ્ધ ’ શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે. સર્વ અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે ભાવે શુદ્ધ છે. )

**ભાવાર્થઃ-**જેમ કોઈ મહાન પુરુષ મદ્ય પીને મલિન જગ્યામાં સૂતો હોય તેને કોઈ આવીને જગાડે–સંબોધન કરે કે “ તારી સૂવાની જગ્યા આ નથી; તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણમય ધાતુની બનેલી છે, અન્ય કુધાતુના ભેળથી રહિત શુદ્ધ છે અને અતિ મજબૂત છે; માટે હું તને બતાવું છું ત્યાં આવ, ત્યાં શયન આદિ કરી આનંદિત થા ”; તેવી રીતે આ પ્રાણીઓ અનાદિ સંસારથી માંડીને રાગાદિકને ભલા જાણી, તેમને જ પોતાનો સ્વભાવ જાણી, તેમાં જ નિશ્ચિંત સૂતાં છે–સ્થિત છે, તેમને શ્રી ગુરુ કરુણાપૂર્વક સંબોધે છે–જગાડે છે–સાવધાન કરે છે કે “ હે અંધ પ્રાણીઓ ! તમે જે પદમાં સૂતાં છો તે તમારું પદ નથી; તમારું પદ તો શુદ્ધ ચૈતન્યધાતુમય છે, બહારમાં અન્ય દ્રવ્યોના ભેળ વિનાનું તેમ જ અંતરંગમાં વિકાર વિનાનું શુદ્ધ છે અને સ્થાયી છે; તે પદને પ્રાપ્ત થાઓ– શુદ્ધ ચૈતન્યરૂપ પોતાના ભાવનો આશ્રય કરો ”. ૧૩૮.

किं नाम तत्पदमित्याह-

आदम्हि दव्वभावे अपदे मोत्तूण गिण्ह तह णियदं।
थिरमेगमिमं भावं उवलब्भंतं सहावेण।। २०३ ।।
आत्मनि द्रव्यभावानपदानि मुक्त्वा गृहाण तथा नियतम्।
स्थिरमेकमिमं भावमुपलभ्यमानं स्वभावेन ।। २०३ ।।

इह खलु भगवत्यात्मनि बहूनां द्रव्यभावानां मध्ये ये किल अतत्स्वभावेनोपलभ्यमानाः, अनियतत्वावस्थाः, अनेके, क्षणिकाः, व्यभिचारिणो भावाः, ते सर्वेऽपि स्वयमस्थायित्वेन स्थातुः स्थानं भवितुमशक्यत्वात् अपदभूताः। यस्तु तत्स्वभावेनोपलभ्यमानः, नियतत्वावस्थः, एकः, नित्यः, अव्यभिचारी भावः, स एक एव स्वयं स्थायित्वेन स्थातुः स्थानं भवितुं शक्यत्वात् पदभूतः। ततः सर्वानेवास्थायिभावान्

---

હવે પૂછે છે કે (હે ગુરુદેવ!) તે પદ કયું છે? (તે તમે બતાવો). તે પ્રશ્નનો ઉત્તર કહે છેઃ-

જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,
સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.

**ગાથાર્થઃ-** [आत्मनि] આત્મામાં [अपदानि] અપદભૂત [द्रव्यभावान्] દ્રવ્ય-ભાવોને [मुक्त्वा] છોડીને [नियतम्] નિશ્ચિત, [स्थिरम्] સ્થિર, [एकम्] એક [इमं] આ (પ્રત્યક્ષ અનુભવગોચર) [भावम्] ભાવને- [स्वभावेन उपलभ्यमानं] કે જે (આત્માના) સ્વભાવરૂપે અનુભવાય છે તેને- [तथा] (હે ભવ્ય!) જેવો છે તેવો [गृहाण] ગ્રહણ કર. (તે તારું પદ છે.)

**ટીકાઃ-**ખરેખર આ ભગવાન આત્મામાં બહુ દ્રવ્ય-ભાવો મધ્યે (-દ્રવ્યભાવરૂપ ઘણા ભાવો મધ્યે), જે અતત્સ્વભાવે અનુભવાતા (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે નહિ પરંતુ પરસ્વભાવરૂપે અનુભવાતા), અનિયત અવસ્થાવાળા, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે, તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવા યોગ્ય હોવાથી અપદભૂત છે; અને જે તત્સ્વભાવે (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે) અનુભવાતો, નિયત અવસ્થાવાળો, એક, નિત્ય, અવ્યભિચારી ભાવ (ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ) છે, તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ થઈ શકવા યોગ્ય હોવાથી પદભૂત છે. તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી, જે સ્થાયીભાવરૂપ છે એવું

**मुक्त्वा स्थायिभावभूतं परमार्थरसतया स्वदमानं ज्ञानमेकमेवेदं स्वाद्यम्।**

( अनुष्टुभ् )

**एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।**
**अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।। १३९ ।।**

( शार्दूलविक्रीडित )

**एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्**
**स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन्।**
**आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं**
**सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम्।। १४० ।।**

---

પરમાર્થરસપણે સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે.

**ભાવાર્થઃ-**પૂર્વે વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો કહ્યા હતા તે બધાય, આત્મામાં અનિયત, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે. આત્મા સ્થાયી છે ( -સદા વિદ્યમાન છે ) અને તે બધા ભાવો અસ્થાયી છે ( -નિત્ય ટકતા નથી ), તેથી તેઓ આત્માનું સ્થાન-રહેઠાણ-થઈ શકતા નથી અર્થાત્ તેઓ આત્માનું પદ નથી. જે આ સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે નિયત છે, એક છે, નિત્ય છે, અવ્યભિચારી છે. આત્મા સ્થાયી છે અને આ જ્ઞાન પણ સ્થાયી ભાવ છે તેથી તે આત્માનું પદ છે. તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવા યોગ્ય છે.

હવે આ અર્થનો કળશરૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ तत् एकम् एव हि पदम् स्वाद्यं ] તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે [ विपदाम् अपदं ] કે જે વિપત્તિઓનું અપદ છે ( અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શક્તી નથી ) અને [ यत्पुरः ] જેની આગળ [ अन्यानि पदानि ] અન્ય ( સર્વ ) પદો [ अपदानि एव भासन्ते ] અપદ જ ભાસે છે.

**ભાવાર્થઃ-**એક જ્ઞાન જ આત્માનું પદ છે. તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી અને તેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે ( કારણ કે તેઓ આકુળતામય છે-આપત્તિરૂપ છે ). ૧૩૯.

વળી કહે છે કે આત્મા જ્ઞાનનો અનુભવ કરે છે ત્યારે આમ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ एक-ज्ञायकभाव-निर्भर-महास्वादं समासादयन् ] એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો, [ એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી માટે ) [ द्वन्द्वमयं स्वादं विधातुम् असहः ] દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ ( અર્થાત્

तथाहि-

**आभिणिसुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं।**
**सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि।। २०४ ।।**
**आभिनिबोधिकश्रुतावधिमन:पर्ययकेवलं च तद्भवत्येकमेक पदम्।**
**स एष परमार्थो यं लब्ध्वा निर्वृतिं याति।। २०४ ।।**

---

વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ). [ आत्म–अनुभव–अनुभाव–विवश: स्वां वस्तुवृत्तिं विदन् ] આત્માના અનુભવના–સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધપરિણતિને) જાણતો–આસ્વાદતો (અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવનમાંથી બહાર નહિ આવતો) [ एष: आत्मा ] આ આત્મા [ विशेष–उदयं भ्रश्यत् ] જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો, [ सामान्यं कलयन् किल ] સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો, [ सकलं ज्ञानं ] સકળ જ્ઞાનને [ एकताम् नयति ] એકપણામાં લાવે છે–એકરૂપે પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ:**-આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ અન્ય રસ ફિક્કા છે. વળી સ્વરૂપજ્ઞાનને અનુભવતાં સર્વ ભેદભાવો મટી જાય છે. જ્ઞાનના વિશેષો જ્ઞેયના નિમિત્તે થાય છે. જ્યારે જ્ઞાનસામાન્યનો સ્વાદ લેવામાં આવે ત્યારે જ્ઞાનના સર્વ ભેદો પણ ગૌણ થઈ જાય છે, એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે છદ્મસ્થને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કઈ રીતે આવે? આ પ્રશ્નનો ઉત્તર પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે કે શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે. ૧૪૦.

હવે, 'કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે અને તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે' એવા અર્થની ગાથા કહે છે:–

**મતિ, શ્રુત, અવધિ, મન:, કેવલ તેહ પદ એક જ ખરે,**
**આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.**

**ગાથાર્થ:**- [ आभिनिबोधिकश्रुतावधिमन:पर्ययकेवलं च ] મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન– [ तत् ] તે [ एकम् एव ] એક જ [ पदम् भवति ] પદ છે (કારણ કે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે); [ स: एष: परमार्थ: ]

**आत्मा किल परमार्थः, तत्तु ज्ञानम्; आत्मा च एक एव पदार्थः, ततौ ज्ञानमप्येकमेव पदं; यदेतत्तु ज्ञानं नामैकं पदं स एष परमार्थः साक्षान्मोक्षोपायः। न चाभिनिबोधिकादयो भेदा इदमेकं पदमिह भिन्दन्ति, किन्तु तेऽपीदमेवैकं पदमभिनन्दन्ति। तथाहि-यथात्र सवितुर्घनपटला-वगुण्ठितस्य तद्विघटनानुसारेण प्राकट्यमासादयतः प्रकाशनातिशयभेदा न तस्य प्रकाशस्वभावं भिन्दन्ति, तथा आत्मनः कर्मपटलोदयावगुण्ठितस्य तद्विघटनानुसारेण प्राकट्यमासादयतो ज्ञानातिशयभेदा न तस्य ज्ञानस्वभावं भिन्द्युः, किन्तु प्रत्युत तमभिनन्देयुः। ततो निरस्त समस्तभेदमात्मस्वभावभूतं ज्ञानमेवैकमालम्ब्यम्। तदालम्बनादेव भवति पदप्राप्तिः, नश्यति भ्रान्तिः, भवत्यात्मलाभः, सिध्यत्यनात्मपरिहारः, न कर्म मूर्छति, न रागद्वेषमोहा उत्प्लवन्ते, न पुनः कर्म आस्रवति, न पुनः कर्म बध्यते, प्राग्बद्धं कर्म**

---

તે આ પરમાર્થ છે (–શુદ્ધનયના વિષયભૂત જ્ઞાનસામાન્ય જ આ પરમાર્થ છે–) [ यं लब्ध्वा ] કે જેને પામીને [ निर्वृतिं याति ] આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે.

**ટીકાઃ**–આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે અને તે (આત્મા) જ્ઞાન છે; વળી આત્મા એક જ પદાર્થ છે; તેથી જ્ઞાન પણ એક જ પદ છે. જે આ જ્ઞાન નામનું એક પદ છે તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ–ઉપાય છે. અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો આ એક પદને ભેદતા નથી પરંતુ તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે (–ટેકો આપે છે). તે દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છેઃ–જેવી રીતે આ જગતમાં વાદળનાં પટલથી ઢંકાયેલો સૂર્ય કે જે વાદળાંના *વિઘટન અનુસારે પ્રગટપણું પામે છે. તેના (અર્થાત્ સૂર્યના) પ્રકાશનની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) પ્રકાશસ્વભાવને ભેદતા નથી, તેવી રીતે કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા કે જે કર્મના વિઘટન (ક્ષયોપશમ) અનુસારે પ્રગટપણું પામે છે, તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) પ્રકાશસ્વભાવને ભેદતા નથી, તેવી રીતે કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા કે જે કર્મના વિઘટન (ક્ષયોપશમ) અનુસારે પ્રગટપણું પામે છે, તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી પરંતુ ઊલટા તેને અભિનંદે છે. માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું. તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો નાશ થાય છે, આત્માનો લાભ થાય છે, અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે, (એમ થવાથી) કર્મ જોરાવર થઈ શકતું નથી, રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી, (રાગદ્વેષમોહ વિના) ફરી કર્મ આસ્રવતું નથી, (આસ્રવ વિના) ફરી કર્મ બંધાતું નથી, બંધાયેલું કર્મ ભોગવાયું થકું

---

* વિઘટન = છૂટું પડવું તે; વિખરાઈ જવું તે; નાશ.

**उपभुक्तं निर्जीर्यते, कृत्स्नकर्माभावात् साक्षान्मोक्षो भवति।**

( शार्दूलविक्रीडित )

**अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो**
**निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।**
**यस्माभिन्नरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्**
**वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।। १४१ ।।**

**किञ्च-**

---

નિર્જરી જાય છે, સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે. (આવું જ્ઞાનના આલંબનનું માહાત્મ્ય છે.)

**ભાવાર્થઃ**-કર્મના ક્ષયોપશમ અનુસાર જ્ઞાનમાં જે ભેદો થયા છે તે કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતા, ઊલટા જ્ઞાનને પ્રગટ કરે છે; માટે ભેદોને ગૌણ કરી, એક જ્ઞાનસામાન્યનું આલંબન લઈ આત્માનું ધ્યાન ધરવું; તેનાથી સર્વ સિદ્ધિ થાય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ निष्पीत–अखिल–भाव–मण्डल–रस–प्राग्भार–मत्ताः इव ] પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ તેની અતિશયતાથી જાણે કે મત્ત થઈ ગઈ હોય એવી [ यस्य इमाः अच्छ–अच्छाः संवेदनव्यक्तयः ] જેની આ નિર્મળથી પણ નિર્મળ સંવેદનવ્યક્તિઓ (-જ્ઞાનપર્યાયો, અનુભવમાં આવતા જ્ઞાનના ભેદો) [ यद् स्वयम् अच्छलन्ति ] આપોઆપ ઊછળે છે, [ सः एषः भगवान् अद्‌भुतनिधिः चैतन्यरत्नाकरः ] તે આ ભગવાન અદ્‌ભુત નિધિવાળો ચૈતન્યરત્નાકર, [ अभिन्नरसः ] જ્ઞાનપર્યાયોરૂપી તરંગો સાથે જેનો રસ અભિન્ન છે એવો, [ एकः अपि अनेकीभवन् ] એક હોવા છતાં અનેક થતો, [ उत्कलिकामिः ] જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે [ वल्गति ] દોલાયમાન થાય છે-ઊછળે છે.

**ભાવાર્થઃ**-જેમ ઘણાં રત્નોવાળો સમુદ્ર એક જળથી જ ભરેલો છે અને તેમાં નાના મોટા અનેક તરંગો ઊછળે છે તે એક જળરૂપ જ છે, તેમ ઘણા ગુણોનો ભંડાર આ જ્ઞાનસમુદ્ર આત્મા એક જ્ઞાનજળથી જ ભરેલો છે અને કર્મના નિમિત્તથી જ્ઞાનના અનેક ભેદો-વ્યક્તિઓ આપોઆપ પ્રગટ થાય છે તે વ્યક્તિઓ એક જ્ઞાનરૂપ જ જાણવી, ખંડખંડરૂપે ન અનુભવવી. ૧૪૧.

હવે વળી વિશેષ કહે છેઃ-

( शार्दूलविक्रीडित )

**क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः**
**क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।**
**साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं**
**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।। १४२ ।।**

**णाणगुणेण विहीणा एदं तु पदं बहू वि ण लहंते।**
**तं गिण्ह णियदमेदं जदि इच्छसि कम्मपरिमोक्खं।। २०५ ।।**

ज्ञानगुणेन विहीना एतत्तु पदं बहवोऽपि न लभन्ते।
तद् गृहाण नियतमेतद् यदीच्छसि कर्मपरिमोक्षम्।। २०५ ।।

---

**શ્લોકાર્થઃ-** [ दुष्करतरैः ] કોઈ જીવો તો અતિ દુષ્કર ( મહા દુઃખે કરી શકાય એવાં ) અને [ मोक्ष–उन्मुखैः ] મોક્ષથી પરાઙ્મુખ એવાં [ कर्मभिः ] કર્મો વડે [ स्वयमेव ] સ્વયમેવ ( અર્થાત્ જિનાજ્ઞા વિના ) [ क्लिश्यन्तां ] ક્લેશ પામે તો પામો [ च ] અને [ परे ] બીજા કોઈ જીવો [ महाव्रत–तपः–भारेण ] ( મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં ) મહાવ્રત અને તપના ભારથી [ चिरम् ] ઘણા વખત સુધી [ भग्नाः ] ભગ્ન થયા થકા ( –તૂટી મરતા થકા ) [ क्लिश्यन्तां ] ક્લેશ પામે તો પામો; ( પરંતુ ) [ साक्षात् मोक्षः ] જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, [ निरामयपदं ] નિરામય ( રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું ) પદ છે અને [ स्वयं संवेद्यमानं ] સ્વયં સંવેદ્યમાન છે ( અર્થાત્ પોતાની મેળે પોતે વેદવામાં આવે છે ) એવું [ इदं ज्ञानं ] આ જ્ઞાન તો [ ज्ञानगुणं विना ] જ્ઞાનગુણ વિના [ कथम् अपि ] કોઈ પણ રીતે [ प्राप्तुं न हि क्षमन्ते ] તેઓ પ્રાપ્ત કરી શક્તા જ નથી.

**ભાવાર્થઃ-**જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મળે છે, અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી. ૧૪૨.

હવે આ જ ઉપદેશ ગાથામાં કરે છેઃ–

**બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;**
**રે ! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.**

**ગાથાર્થઃ-** [ ज्ञानगुणेन विहीनाः ] જ્ઞાનગુણથી રહિત [ बहवः अपि ] ઘણાય લોકો ( ઘણા પ્રકારનાં કર્મ કરવા છતાં ) [ एतत् पदं तु ] આ જ્ઞાનસ્વરૂપ પદને

**यतो हि सकलेनापि कर्मणा, कर्मणि ज्ञानस्याप्रकाशनात्, ज्ञानस्यानुपलम्भः। केवलेन ज्ञानेनैव, ज्ञान एव ज्ञानस्य प्रकाशनात्, ज्ञानस्योपलम्भः। ततो बहवोऽपि बहुनापि कर्मणा ज्ञानशून्या नेदमुपलभन्ते, इदमनुपलभमानाश्च कर्मभिर्न मुच्यन्ते। ततः कर्ममोक्षार्थिना केवलज्ञानावष्टम्भेन नियतमेवेदमेकं पदमुपलम्भनीयम्।**

( द्रुतविलम्बित )

**पदमिदं ननु कर्मदुरासदं**
**सहजबोधकलासुलभं किल।**
**तत इदं निजबोधकलाबलात्**
**कलयितुं यततां सततं जगत्।। १४३ ।।**

---

[ न लभन्ते ] પામતા નથી; [ तद् ] માટે હે ભવ્ય! [ यदि ] જો તું [ कर्मपरिमोक्षम् ] કર્મથી સર્વથા મુક્ત થવા [ इच्छसि ] ઇચ્છતો હો તો [ नियतम् एतत् ] નિયત એવા આને ( જ્ઞાનને ) [ गृहाण ] ગ્રહણ કર.

**ટીકાઃ**-કર્મમાં ( કર્મકાંડમાં ) જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી; જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ ( એક ) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે જ્ઞાનશૂન્ય ઘણાય જીવો, પુષ્કળ ( ઘણા પ્રકારનાં ) કર્મ કરવાથી પણ આ જ્ઞાનપદને પામતા નથી અને આ પદને નહિ પામતા થકા તેઓ કર્મોથી મુક્ત થતા નથી; માટે કર્મથી મુક્ત થવા ઇચ્છનારે કેવળ ( એક ) જ્ઞાનના આલંબનથી, નિયત જ એવું આ એક પદ પ્રાપ્ત કરવાયોગ્ય છે.

**ભાવાર્થઃ**-જ્ઞાનથી જ મોક્ષ થાય છે, કર્મથી નહિ; માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું એમ ઉપદેશ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ इदं पदम् ] આ ( જ્ઞાનસ્વરૂપ ) પદ [ ननु कर्मदुरासदं ] કર્મથી ખરેખર [1]દુરાસદ છે અને [ सहज–बोध–कला–सुलभ किल ] સહજ જ્ઞાનની કળા વડે ખરેખર સુલભ છે; [ ततः ] માટે [ निज–बोध–कला–बलात् ] નિજજ્ઞાનની કળાના બળથી [ इदं कलयितुं ] આ પદને [2]અભ્યાસવાને [ जगत् सततं यततां ] જગત સતત પ્રયત્ન કરો.

**ભાવાર્થઃ**-સર્વ કર્મને છોડાવીને જ્ઞાનકળાના બળ વડે જ જ્ઞાનનો અભ્યાસ

---

૧. દુરાસદ = દુષ્પ્રાપ્ય; અપ્રાપ્ય; ન જીતી શકાય એવું.
૨. અહીં 'અભ્યાસવાને' એવા અર્થને બદલે 'અનુભવવાને', 'પ્રાપ્ત કરવાને' એમ અર્થ પણ થાય છે.

किञ्च-

**एदम्हि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदम्हि।**
**एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं।। २०६ ।।**
एतस्मिन् रतो नित्यं सन्तुष्टो भव नित्यमेतस्मिन्।
एतेन भव तृप्तो भविष्यति तवोत्तमं सौख्यम्।। २०६ ।।

**एतावानेव सत्य आत्मा यावदेतज्ज्ञानमिति निश्चित्य ज्ञानमात्र एव नित्यमेव रतिमुपैहि। एतावत्येव सत्याशी: यावदेतज्ज्ञानमिति निश्चित्य ज्ञानमात्रेणैव नित्यमेव सन्तोषमुपैहि। एतावदेव सत्यमनुभवनीयं यावदेतज्ज्ञानमिति निश्चित्य ज्ञानमात्रेणैव नित्यमेव तृप्तिमुपैहि। अथैवं तव नित्यमेवात्मरतस्य, आत्मसन्तुष्टस्य, आत्मतृप्तस्य च**

---

કરવાનો આચાર્યદેવે ઉપદેશ કર્યો છે. જ્ઞાનની ‘ કળા ’ કહેવાથી એમ સૂચન થાય છે કેઃ– જ્યાં સુધી પૂર્ણ કળા ( કેવળજ્ઞાન ) પ્રગટ ન થાય ત્યાં સુધી જ્ઞાન હીનકળાસ્વરૂપ – મતિજ્ઞાનાદિરૂપ છે; જ્ઞાનની તે કળાના આલંબન વડે જ્ઞાનનો અભ્યાસ કરવાથી કેવળજ્ઞાન અર્થાત્ પૂર્ણ કળા પ્રગટે છે. ૧૪૩.

હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કરે છેઃ–

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે. ૨૦૬.**

**ગાથાર્થઃ-** ( હે ભવ્ય પ્રાણી ! ) તું [ एतस्मिन् ] આમાં ( –જ્ઞાનમાં ) [ नित्यं ] નિત્ય [ रतः ] રત અર્થાત્ પ્રીતિવાળો થા, [ एतस्मिन् ] આમાં [ नित्यं ] નિત્ય [ सन्तुष्टः भव ] સંતુષ્ટ થા અને [ एतेन ] આનાથી [ तृप्तः भव ] તૃપ્ત થા; ( આમ કરવાથી ) [ तव ] તને [ उत्तमं सौख्यम् ] ઉત્તમ સુખ [ भविष्यति ] થશે.

**ટીકાઃ-** ( હે ભવ્ય ! ) એટલો જ સત્ય ( –પરમાર્થસ્વરૂપ ) આત્મા છે જેટલું આ જ્ઞાન છે–એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ ( –પ્રીતિ, રુચિ ) પામ; એટલું જ સત્ય કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે–એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ; એટલું જ સત્ય અનુભવનીય ( અનુભવ કરવાયોગ્ય ) છે જેટલું આ જ્ઞાન છે–એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ. એમ સદાય આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ અને આત્માથી તૃપ્ત એવા તને વચનથી અગોચર

**वाचामगोचरं सौख्यं भविष्यति। तत्तु तत्क्षण एव त्वमेव स्वयमेव द्रक्ष्यसि, *मा अन्यान् प्राक्षीः।**

( उपजाति )

**अचिन्त्यशक्तिः स्वयमेव देव-**
**श्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।**
**सर्वार्थसिद्धात्मतया विधत्ते**
**ज्ञानी किमन्यस्य परिग्रहेण।। १४४ ।।**

**कुतो ज्ञानी परं न परिगृह्णातीति चेत्-**

---

એવું સુખ થશે; અને તે સુખ તે ક્ષણે જ તું જ સ્વયમેવ દેખશે, *બીજાઓને ન પૂછ. (તે સુખ પોતાને જ અનુભવગોચર છે, બીજાને શા માટે પૂછવું પડે?)

**ભાવાર્થઃ-**જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું, તેનાથી જ સંતુષ્ટ થવું અને તેનાથી જ તૃપ્ત થવું-એ પરમ ધ્યાન છે. તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે અને થોડા જ કાળમાં જ્ઞાનાનંદસ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આવું કરનાર પુરુષ જ તે સુખને જાણે છે, બીજાનો એમાં પ્રવેશ નથી.

હવે જ્ઞાનાનુભવના મહિમાનું અને આગળની ગાથાની સૂચનાનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यस्मात् ] કારણ કે [ एषः ] આ (જ્ઞાની) [ स्वयम् एव ] પોતે જ [ अचिन्त्यशक्तिः देवः ] અચિંત્ય શક્તિવાળો દેવ છે અને [ चिन्मात्र–चिन्तामणिः ] ચિન્માત્ર ચિંતામણિ છે (અર્થાત્ ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન છે), માટે [ सर्व–अर्थ–सिद्ध–आत्मतया ] જેના સર્વ અર્થ (પ્રયોજન) સિદ્ધ છે એવા સ્વરૂપે હોવાથી [ ज्ञानी ] જ્ઞાની [ अन्यस्य परिग्रहेण ] અન્યના પરિગ્રહથી [ किम् विधत्ते ] શું કરે? (કાંઈ જ કરવાનું નથી.)

**ભાવાર્થઃ-**આ જ્ઞાનમૂર્તિ આત્મા પોતે જ અનંત શક્તિનો ધારક દેવ છે અને પોતે જ ચૈતન્યરૂપી ચિંતામણિ હોવાથી વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે; માટે જ્ઞાનીને સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી તેને અન્ય પરિગ્રહનું સેવન કરવાથી શું સાધ્ય છે? અર્થાત્ કાંઈ જ સાધ્ય નથી. આમ નિશ્ચયનયનો ઉપદેશ છે. ૧૪૪.

હવે પૂછે છે કે જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી? તેનો ઉત્તર કહે છેઃ-

---

* मा अन्यान् प्राक्षीः (બીજાઓને ન પૂછ) નો પાઠાન્તર-माऽतिप्राक्षीः (અતિપ્રશ્નો ન કર)

को णाम भणिज्ज बुहो परदव्वं मम इमं हवदि दव्वं।
अप्पाणमप्पणो परिगहं तु णियदं वियाणंतो।। २०७ ।।
को नाम भणेद्बुधः परद्रव्यं ममेदं भवति द्रव्यम्।
आत्मानमात्मनः परिग्रहं तु नियतं विजानन्।। २०७ ।।

यतो हि ज्ञानी, यो हि यस्य स्वो भावः स तस्य स्वः स तस्य स्वामी इति खरतरतत्त्वदृष्ट्यवष्टम्भात्, आत्मानमात्मनः परिग्रहं तु नियमेन विजानाति, ततो न ममेदं स्वं, नाहमस्य स्वामी इति परद्रव्यं न परिगृह्णाति।

अतोऽहमपि न तत् परिगृह्णामि-

---

'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!
નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.

**ગાથાર્થઃ-** [ आत्मानम् तु ] પોતાના આત્માને જ [ नियतं ] નિયમથી [ आत्मनः परिग्रहं ] પોતાનો પરિગ્રહ [ विजानन् ] જાણતો થકો [ कः नाम बुधः ] ક્યો જ્ઞાની [ भणेत् ] એમ કહે કે [ इदं परद्रव्यं ] આ પરદ્રવ્ય [ मम द्रव्यम् ] મારું દ્રવ્ય [ भवति ] છે?

**ટીકાઃ-**જે જેનો સ્વભાવ છે તે તેનું '[1]સ્વ' છે અને તે તેનો (સ્વ ભાવનો) સ્વામી છે-એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદ્રષ્ટિના આલંબનથી જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી "આ મારું 'સ્વ' નથી, હુ આનો સ્વામી નથી" એમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી (અર્થાત્ પરદ્રવ્યને પોતાનો પરિગ્રહ કરતો નથી).

**ભાવાર્થઃ-**લોકમાં એવી રીત છે કે સમજદાર ડાહ્યો માણસ પરની વસ્તુને પોતાની જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી. તેવી જ રીતે પરમાર્થજ્ઞાની પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે, પરના ભાવને પોતાનો જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી. આ રીતે જ્ઞાની પરનું ગ્રહણ-સેવન કરતો નથી.

"માટે હું પણ પરદ્રવ્યને નહિ પરિગ્રહું" એમ હવે (મોક્ષાભિલાષી જીવ) કહે છેઃ-

---

૧. સ્વ = ધન; મિલકત; માલિકીની ચીજ.

मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।
णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।। २०८ ।।

मम परिग्रहो यदि ततोऽहमजीवतां तु गच्छेयम्।
ज्ञातैवाहं यस्मात्तस्मान्न परिग्रहो मम।। २०८ ।।

यदि परद्रव्यमजीवमहं परिगृह्णीयां तदावश्यमेवाजीवो ममासौ स्वः स्यात्, अहमप्यवश्यमेवाजीवस्यामुष्य स्वामी स्याम्। अजीवस्य तु यः स्वामी, स किलाजीव एव। एवमवशेनापि ममाजीवत्वमापद्येत। मम तु एको ज्ञायक एव भावः यः स्वः, अस्यैवाहं स्वामी; ततो मा भून्ममाजीवत्वं, ज्ञातैवाहं भविष्यामि, न परद्रव्यं परिगृह्णामि।

अयं च मे निश्चयः-

---

પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,
હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.

**ગાથાર્થઃ**- [ यदि ] જો [ परिग्रहः ] પરદ્રવ્ય-પરિગ્રહ [ मम ] મારો હોય [ ततः ] તો [ अहम् ] હું [ अजीवतां तु ] અજીવપણાને [ गच्छेयम् ] પામું. [ यस्मात् ] કારણ કે [ अहं ] હું તો [ ज्ञाता एव ] જ્ઞાતા જ છું [ तस्मात् ] તેથી [ परिग्रहः ] ( પરદ્રવ્યરૂપ ) પરિગ્રહ [ मम न ] મારો નથી.

**ટીકાઃ**-જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું તો અવશ્યમેવ તે અજીવ મારું ‘ સ્વ ’ થાય, હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં; અને અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય. એ રીતે અવશે ( લાચારીથી ) પણ મને અજીવપણું આવી પડે. મારું તો એક જ્ઞાયક ભાવ જ જે ‘ સ્વ ’ છે, તેનો જ હું સ્વામી છું; માટે મને અજીવપણું ન હો, હું તો જ્ઞાતા જ રહીશ, પરદ્રવ્યને નહિ પરિગ્રહું.

**ભાવાર્થઃ**-નિશ્ચયનયથી એ સિદ્ધાંત છે કે જીવનો ભાવ જીવ જ છે, તેની સાથે જીવને સ્વ-સ્વામી સંબંધ છે; અને અજીવનો ભાવ અજીવ જ છે, તેની સાથે અજીવને સ્વ-સ્વામી સંબંધ છે. જો જીવને અજીવનો પરિગ્રહ માનવામાં આવે તો જીવ અજીવપણાને પામે; માટે જીવને અજીવનો પરિગ્રહ પરમાર્થે માનવો તે મિથ્યાબુદ્ધિ છે. જ્ઞાનીને એવી મિથ્યાબુદ્ધિ હોય નહિ. જ્ઞાની તો એમ માને છે કે પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી, હું તો જ્ઞાતા જ છું.

‘ વળી આ ( નીચે પ્રમાણે ) મારો નિશ્ચય છે ’ એમ હવે કહે છેઃ-

**छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जादु विप्पलयं।
जम्हा तम्हा गच्छदु तह वि हु ण परिग्गहो मज्झ।। २०९ ।।**

**छिद्यतां वा भिद्यतां वा नीयतां वाथवा यातु विप्रलयम्।
यस्मात्तस्मात् गच्छतु तथापि खलु न परिग्रहो मम।। २०९ ।।**

**छिद्यतां वा, भिद्यतां वा, नीयतां वा, विप्रलयं यातु वा, यतस्ततो गच्छतु वा, तथापि न परद्रव्यं परिगृह्णामि; यतो न परद्रव्यं मम स्वं, नाहं परद्रव्यस्य स्वामी, परद्रव्यमेव परद्रव्यस्य स्वं, परद्रव्यमेव परद्रव्यस्य स्वामी, अहमेव मम स्वं, अहमेव मम स्वामी इति जानामि।**

( वसन्ततिलका )

**इत्थं परिग्रहमपास्य समस्तमेव
सामान्यत: स्वपरयोरविवेकहेतुम्।
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्
भूयस्तमेव परिहर्तुमयं प्रवृत्त:।। १४५ ।।**

---

**છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.**

**ગાથાર્થઃ-** [ छिद्यतां वा ] છેદાઈ જાઓ, [ भिद्यतां वा ] અથવા ભેદાઈ જાઓ, [ नीयतां वा ] અથવા કોઈ લઈ જાઓ, [ अथवा विप्रलयम् यातु ] અથવા નષ્ટ થઈ જાઓ, [ यस्मात् तस्मात् गच्छतु ] અથવા તો ગમે તે રીતે જાઓ, [ तथापि ] તોપણ [ खलु ] ખરેખર [ परिग्रह: ] પરિગ્રહ [ मम न ] મારો નથી.

**ટીકાઃ-**પરદ્રવ્ય છેદાઓ, અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ, અથવા નષ્ટ થઈ જાઓ, અથવા ગમે તે રીતે જાઓ, તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું; કારણ કે 'પરદ્રવ્ય મારું સ્વ નથી, -હું પરદ્રવ્યનો સ્વામી નથી, પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે, -પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે, હું જ મારું સ્વ છું, -હું જ મારો સ્વામી છું'-એમ હું જાણું છું.

**ભાવાર્થઃ-**જ્ઞાનીને પરદ્રવ્યના બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી.

હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનારૂપે કાવ્ય કહે છેઃ-

* **શ્લોકાર્થઃ-** [ इत्थं ] આ રીતે [ समस्तम् एव परिग्रहम् ] સમસ્ત પરિગ્રહને

---

* આ કળશનો અર્થ આ પ્રમાણે પણ થાય છેઃ- इत्थं ] આ રીતે [ स्वपरयो: अविवेकहेतुम्

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे धम्मं।**
**अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होदि।। २१० ।।**

**अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छति धर्मम्।**
**अपरिग्रहस्तु धर्मस्य ज्ञायकस्तेन स भवति।। २१० ।।**

**इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति।**

---

[ सामान्यतः ] સામાન્યતઃ [ अपास्य ] છોડીને [ अधुना ] હવે [ स्वपरयोः अविवेकहेतुम् अज्ञानम् उज्झितुमनाः अयं ] સ્વ-પરના અવિવેકના કારણરૂપ અજ્ઞાનને છોડવાનું જેનું મન છે એવો આ [ भूयः ] ફરીને [ तम् एव ] તેને જ (-પરિગ્રહને જ-) [ विशेषात् ] વિશેષતઃ [ परिहर्तुम् ] છોડવાને [ प्रवृत्तः ] પ્રવૃત્ત થયો છે.

**ભાવાર્થઃ**-સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે. તે અજ્ઞાનને સમસ્તપણે છોડવા ઇચ્છતા જીવે પ્રથમ તો પરિગ્રહનો સામાન્યતઃ ત્યાગ કર્યો અને હવે (હવેની ગાથાઓમાં) તે પરિગ્રહને વિશેષતઃ (જુદાં જુદાં નામ લઈને) છોડે છે. ૧૪૫.

જ્ઞાનીને ધર્મનો (પુણ્યનો) પરિગ્રહ નથી એમ પ્રથમ કહે છેઃ-

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,**
**તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.**

**ગાથાર્થઃ**- [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ धर्मम् ] ધર્મને (પુણ્યને) [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ धर्मस्य ] ધર્મનો [ अपरिग्रहः तु ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] (ધર્મનો) જ્ઞાયક જ [ भवति ] છે.

**ટીકાઃ**-ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ

---

समस्तम् एव परिग्रहम् ] સ્વ-પરના અવિવેકના કારણરૂપ સમસ્ત પરિગ્રહને [ सामान्यतः ] સામાન્યતઃ [ अपास्य ] છોડીને [ अधुना ] હવે, [ अज्ञानम् उज्झितुमनाः अयं ] અજ્ઞાનને છોડવાનું જેનું મન છે એવો આ, [ भूयः ] ફરીને [ तम् एव ] તેને જ [ विशेषात् ] વિશેષતઃ [ परिहर्तुम् ] છોડવાને [ प्रवृत्तः ] પ્રવૃત્ત થયો છે

ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावाद्धर्मं नेच्छति। तेन ज्ञानिनो धर्मपरिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावाद्धर्मस्य केवलं ज्ञायक एवायं स्यात्।

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदि अधम्मं।**
**अपरिग्गहो अधम्मस्स जाणगो तेण सो होदि।। २११ ।।**

**अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छत्यधर्मम्।**
**अपरिग्रहोऽधर्मस्य ज्ञायकस्तेन स भवति।। २११ ।।**

इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावादधर्मं नेच्छति। तेन ज्ञानिनोऽधर्मपरिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावादधर्मस्य केवलं ज्ञायक एवायं स्यात्।

---

ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની ધર્મને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે આ (જ્ઞાની) ધર્મનો કેવળ જ્ઞાયક જ છે.

હવે, જ્ઞાનીને અધર્મનો (પાપનો) પરિગ્રહ નથી એમ કહે છેઃ–

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,**
**તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.**

**ગાથાર્થઃ-** [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ अधर्मम् ] અધર્મને (પાપને) [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ अधर्मस्य ] અધર્મનો [ अपरिग्रहः ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] (અધર્મનો) જ્ઞાયક જ [ भवति ] છે.

**ટીકાઃ-**ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અધર્મને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે આ (જ્ઞાની) અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.

एवमेव चाधर्मपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशाऽन्यान्यप्यूह्यानि।

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे असणं।**
**अपरिग्गहो दु असणस्स जाणगो तेण सो होदि।। २१२ ।।**

**अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छत्यशनम्।**
**अपरिग्रहस्त्वशनस्य ज्ञायकस्तेन स भवति।। २१२ ।।**

इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावादशनं नेच्छति। तेन ज्ञानिनोऽशन परिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावादशनस्य केवलं ज्ञायक एवायं स्यात्।

---

એજ પ્રમાણે ગાથામાં 'અધર્મ' શબ્દ પલટીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શન-એ સોળ શબ્દો મૂકી, સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

હવે, જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી એમ કહે છેઃ-

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,**
**તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.**

**ગાથાર્થઃ-** [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ अशनम् ] અશનને ( ભોજનને ) [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ अशनस्य ] અશનનો [ अपरिग्रहः तु ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] ( અશનનો ) જ્ઞાયક જ [ भवति ] છે.

**ટીકાઃ-**ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અશનને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને અશનનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે આ ( જ્ઞાની ) અશનનો કેવળ જ્ઞાયક જ છે.

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे पाणं।**
**अपरिग्गहो दु पाणस्स जाणगो तेण सो होदि।। २१३ ।।**

**अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छति पानम्।**
**अपरिग्रहस्तु पानस्य ज्ञायकस्तेन स भवति।। २१३ ।।**

**इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावात् पानं नेच्छति। तेन ज्ञानिनः**

---

**ભાવાર્થઃ**-જ્ઞાનીને આહારની પણ ઇચ્છા નથી તેથી જ્ઞાનીને આહાર કરવો તે પણ પરિગ્રહ નથી. અહીં પ્રશ્ન થાય છે કે-આહાર તો મુનિ પણ કરે છે, તેમને ઇચ્છા છે કે નહિ? ઇચ્છા વિના આહાર કેમ કરે? તેનું સમાધાનઃ-અશાતાવેદનીય કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે, વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી અને ચારિત્રમોહના ઉદયથી આહારગ્રહણની ઇચ્છા ઉત્પન્ન થાય છે. તે ઇચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે. રોગ સમાન જાણી તેને મટાડવા ચાહે છે. ઇચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઇચ્છા જ્ઞાનીને નથી અર્થાત્ તેને એમ ઇચ્છા નથી કે મારી આ ઇચ્છા સદા રહો. માટે તેને અજ્ઞાનમય ઇચ્છાનો અભાવ છે. પરજન્ય ઇચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી માટે જ્ઞાની ઇચ્છાનો પણ જ્ઞાયક જ છે. આ પ્રમાણે શુદ્ધનયની પ્રધાનતાથી કથન જાણવું.

હવે, જ્ઞાનીને પાનનો (પાણી વગેરે પીવાનો) પણ પરિગ્રહ નથી એમ કહે છેઃ-

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,**
**તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.**

**ગાથાર્થઃ**- [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ पानम् ] પાનને [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ पानस्य ] પાનનો [ अपरिग्रहः तु ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] (પાનનો) જ્ઞાયક જ [ भवति ] છે.

**ટીકાઃ**-ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની પાનને

**पानपरिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावात् केवलं पानकस्य ज्ञायक एवायं स्यात्।**

**एमादिए दु विविहे सव्वे भावे य णेच्छदे णाणी।**
**जाणगभावो णियदो णीरालंबो दु सव्वत्थ।। २१४ ।।**

**एवमादिकांस्तु विविधान् सर्वान् भावांश्च नेच्छति ज्ञानी।**
**ज्ञायकभावो नियतो निरालम्बस्तु सर्वत्र।।२१४ ।।**

**एवमादयोऽन्येऽपि बहुप्रकाराः परद्रव्यस्य ये स्वभावास्तान् सर्वानेव नेच्छति ज्ञानी, तेन ज्ञानिनः सर्वेषामपि परद्रव्यभावानां परिग्रहो नास्ति। इति सिद्धं ज्ञानिनोऽत्यन्तनिष्परिग्रहत्वम्। अथैवमयमशेषभावान्तरपरिग्रह-शून्यत्वादुद्वान्तसमस्ताज्ञानः सर्वत्राप्यत्यन्तनिरालम्बो भूत्वा प्रतिनियतटङ्कोत्कीर्णैकज्ञायकभावः सन्**

---

ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને પાનનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે આ ( જ્ઞાની ) પાનનો કેવળ જ્ઞાયક જ છે.

**ભાવાર્થઃ**–આહારની ગાથાના ભાવાર્થ પ્રમાણે અહીં પણ સમજવું.

એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી એમ હવે કહે છેઃ–

**એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઇચ્છે સર્વને;**
**સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.**

**ગાથાર્થઃ**- [ एवमादिकान् तु ] ઇત્યાદિક [ विविधान् ] અનેક પ્રકારના [ सर्वान् भावान् च ] સર્વ ભાવોને [ ज्ञानी ] જ્ઞાની [ न इच्छति ] ઇચ્છતો નથી; [ सर्वत्र निरालम्बः तु ] સર્વત્ર ( બધામાં ) નિરાલંબ એવો તે [ नियतः ज्ञायकभावः ] નિશ્ચિત જ્ઞાયકભાવ જ છે.

**ટીકાઃ**–ઇત્યાદિક બીજા પણ ઘણા પ્રકારના જે પરદ્રવ્યના સ્વભાવો છે તે બધાયને જ્ઞાની ઇચ્છતો નથી તેથી જ્ઞાનીને સમસ્ત પરદ્રવ્યના ભાવોનો પરિગ્રહ નથી. એ રીતે જ્ઞાનીને અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.

હવે એ પ્રમાણે આ, સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્યપણાને લીધે જેણે સમસ્ત અજ્ઞાન વમી નાખ્યું છે એવો, સર્વત્ર અત્યંત નિરાલંબ થઈને, નિયત

**साक्षाद्विज्ञानघनमात्मानमनुभवति।**

( स्वागता )

**पूर्वबद्धनिजकर्मविपाकात्**
**ज्ञानिनो यदि भवत्युपभोगः।**
**तद्भवत्वथ च रागवियोगात्**
**नूनमेति न परिग्रहभावम्।। १४६ ।।**

**उप्पण्णोदयभोगो वियोगबुद्धीए तस्स सो णिच्चं।**
**कंखामणागदस्स य उदयस्स ण कुव्वदे णाणी।। २१५ ।।**

---

ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ રહેતો, સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે.

**ભાવાર્થઃ**-પુણ્ય, પાપ, અશન, પાન વગેરે સર્વ અન્યભાવોનો જ્ઞાનીને પરિગ્રહ નથી કારણ કે સર્વ પરભાવોને હેય જાણે ત્યારે તેની પ્રાપ્તિની ઇચ્છા થતી નથી.*

હવે આગળની ગાથાની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ पूर्वबद्ध–निज–कर्म–विपाकात् ] પૂર્વે બંધાયેલા પોતાના કર્મના વિપાકને લીધે [ ज्ञानिनः यदि उपभोगः भवति तत् भवतु ] જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો, [ अथ च ] પરંતુ [ रागवियोगात् ] રાગના વિયોગને લીધે ( -અભાવને લીધે ) [ नूनम् ] ખરેખર [ परिग्रहभावम् न एति ] તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.

**ભાવાર્થઃ**-પૂર્વે બંધાયેલા કર્મનો ઉદય આવતાં ઉપભોગસામગ્રી પ્રાપ્ત થાય તેને જો અજ્ઞાનમય રાગભાવે ભોગવવામાં આવે તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે. પરંતુ જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી. તે જાણે છે કે જે પૂર્વે બાંધ્યું હતું તે ઉદયમાં આવી ગયું અને છૂટી ગયું; હવે હું તેને ભવિષ્યમાં વાંછતો નથી. આ રીતે જ્ઞાનીને રાગરૂપ ઇચ્છા નથી તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી. ૧૪૬.

હવે, જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી એમ કહે છેઃ-

**ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,**
**ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.**

---

* પ્રથમ, મોક્ષાભિલાષી સર્વ પરિગ્રહને છોડવા પ્રવૃત્ત થયો હતો; તેણે આ ગાથા સુધીમાં સમસ્ત પરિગ્રહભાવને છોડયો, એ રીતે સમસ્ત અજ્ઞાનને દૂર કર્યું અને જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવ્યો.

उत्पन्नोदयभोगो वियोगबुद्ध्या तस्य स नित्यम्।
कांक्षामनागतस्य च उदयस्य न करोति ज्ञानी।। २१५ ।।

कर्मोदयोपभोगस्तावत् अतीतः प्रत्युत्पन्नोऽनागतो वा स्यात्। तत्रातीतस्तावत् अतीतत्वादेव स न परिग्रहभावं बिभर्ति। अनागतस्तु आकांक्ष्यमाण एव परिग्रहभावं बिभृयात्। प्रत्युत्पन्नस्तु स किल रागबुद्ध्या प्रवर्तमान एव तथा स्यात्। न च प्रत्युत्पन्नः कर्मोदयोपभोगो ज्ञानिनो रागबुद्ध्या प्रवर्तमानो दृष्टः, ज्ञानिनोऽज्ञानमयभावस्य रागबुद्धेरभावात्। वियोगबुद्ध्यैव केवलं प्रवर्तमानस्तु स किल न परिग्रहः स्यात्। ततः प्रत्युत्पन्नः कर्मोदयोपभोगो ज्ञानिनः परिग्रहो न भवेत्। अनागतस्तु स किल ज्ञानिनो नाकांक्षित एव, ज्ञानिनोऽज्ञानमयभावस्याकांक्षाया अभावात्। ततोऽनागतोऽपि कर्मोदयोपभोगो ज्ञानिनः परिग्रहो न भवेत्।

---

**ગાથાર્થઃ-** [ उत्पन्नोदयभोगः ] જે ઉત્પન્ન (અર્થાત્ વર્તમાન કાળના) ઉદયનો ભોગ [ सः ] તે, [ तस्य ] જ્ઞાનીને [ नित्यम् ] સદા [ वियोगबुद्ध्या ] વિયોગબુદ્ધિએ હોય છે [ च ] અને [ अनागतस्य उदयस्य ] આગામી (અર્થાત્ ભવિષ્ય કાળના) ઉદયની [ ज्ञानी ] જ્ઞાની [ कांक्षाम् ] વાંછા [ न करोति ] કરતો નથી.

**ટીકાઃ-**કર્મના ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય-અતીત (ગયા કાળનો), પ્રત્યુત્પન્ન (વર્તમાન કાળનો) અને અનાગત (ભવિષ્ય કાળનો). તેમાં પ્રથમ, જે અતીત ઉપભોગ તે અતીતપણાને લીધે જ (અર્થાત્ વીતી ગયો હોવાને લીધે જ) પરિગ્રહભાવને ધારતો નથી. અનાગત ઉપભોગ જો વાંછવામાં આવતો હોય તો જ પરિગ્રહભાવને (પરિગ્રહપણાને) ધારે; અને જે પ્રત્યુત્પન્ન ઉપભોગ તે રાગબુદ્ધિએ પ્રવર્તતો હોય તો જ પરિગ્રહભાવને ધારે.

પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ તેનો અભાવ છે; અને કેવળ વિયોગબુદ્ધિએ જ (હેયબુદ્ધિએ જ) પ્રવર્તતો તે ખરેખર પરિગ્રહ નથી. માટે પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (-પરિગ્રહરૂપ નથી).

જે અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી (અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી) કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે વાંછા તેનો અભાવ છે. માટે અનાગત કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (-પરિગ્રહરૂપ નથી).

**ભાવાર્થઃ**અતીત કર્મોદય-ઉપભોગ તો વીતી જ ગયો છે. અનાગત ઉપભોગની વાંછા નથી; કારણ કે જે કર્મને જ્ઞાની અહિતરૂપ જાણે છે તેના આગામી ઉદયના

कुतोऽनागतमुदयं ज्ञानी नाकांक्षतीति चेत्-

**जो वेददि वेदिज्जदि समए समए विणस्सदे उभयं।**
**तं जाणगो दु णाणी उभयं पि ण कंखदि कयावि।। २१६ ।।**

यो वेदयते वेद्यते समये समये विनश्यत्युभयम्।
तदज्ञायकस्तु ज्ञानी उभयमपि न कांक्षति कदापि।। २१६ ।।

**ज्ञानी हि तावद् ध्रुवत्वात् स्वभावभावस्य टङ्कोत्कीर्णैकज्ञायकभावो नित्यो भवति, यौ तु वेद्यवेदकभावौ तौ तूत्पन्नप्रध्वंसित्वाद्विभावभावानां क्षणिकौ भवतः। तत्र यो भावः कांक्षमाणं वेद्यभावं वेदयते स यावद्भवति तावत्कांक्षमाणो वेद्यो भावो**

---

ભોગની વાંછા તે કેમ કરે? વર્તમાન ઉપભોગ પ્રત્યે રાગ નથી; કારણ કે જેને હેય જાણે છે તેના પ્રત્યે રાગ કેમ હોય? આ રીતે જ્ઞાનીને જે ત્રણ કાળ સંબંધી કર્મોદયનો ઉપભોગ તે પરિગ્રહ નથી. જ્ઞાની જે વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે તે તો પીડા સહી શકાતી નથી તેનો ઇલાજ કરે છે-રોગી જેમ રોગનો ઇલાજ કરે તેમ. આ, નબળાઈનો દોષ છે.

હવે પૂછે છે કે અનાગત કર્મોદય-ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી? તેનો ઉત્તર કહે છેઃ-

**રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,**
**-એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.**

**ગાથાર્થઃ-** [ यः वेदयते ] જે ભાવ વેદે છે (અર્થાત્ વેદકભાવ) અને [ वेद्यते ] જે ભાવ વેદાય છે (અર્થાત્ વેદ્યભાવ) [ उभयम् ] તે બન્ને ભાવો [ समये समये ] સમયે સમયે [ विनश्यति ] વિનાશ પામે છે- [ तद्ज्ञायकः तु ] એવું જાણનાર [ ज्ञानी ] જ્ઞાની [ उभयम् अपि ] તે બન્ને ભાવોને [ कदापि ] કદાપિ [ न कांक्षति ] વાંછતો નથી.

**ટીકાઃ-**જ્ઞાની તો, સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે; અને જે *વેદ્ય-વેદક (બે) ભાવો છે તેઓ, વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું હોવાથી, ક્ષણિક છે. ત્યાં, જે ભાવ કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારા) એવા વેદ્યભાવને વેદે છે અર્થાત્ વેદ્યભાવને અનુભવનાર છે તે (વેદકભાવ) જ્યાં સુધીમાં ઉત્પન્ન થાય ત્યાં સુધીમાં કાંક્ષમાણ (અર્થાત્ વાંછા

---

* વેદ્ય = વેદાવાયોગ્ય. વેદક = વેદનાર, અનુભવનાર.

**विनश्यति; तस्मिन् विनष्टे वेदको भाव: किं वेदयते? यदि कांक्षमाणवेद्यभावपृष्ठभाविनमन्यं भावं वेदयते, तदा तद्भवनात्पूर्वं स विनश्यति; कस्तं वेदयते? यदि वेदकभावपृष्ठभावी भावोऽन्यस्तं वेदयते, तदा तद्भवनात्पूर्वं स विनश्यति; किं स वेदयते? इति कांक्षमाणभाववेदनानवस्था। तां च विजानन् ज्ञानी न किञ्चिदेव कांक्षति।**

( स्वागता )

**वेद्यवेदकविभावचलत्वाद्**
**वेद्यते न खलु कांक्षितमेव।**
**तेन कांक्षति न किञ्चन विद्वान्**
**सर्वतोऽप्यतिविरक्तिमुपैति।। १४७ ।।**

---

કરનારો ) વેદ્યભાવ વિનાશ પામી જાય છે; તે વિનાશ પામી જતાં, વેદકભાવ શું વેદે? જો એમ કહેવામાં આવે કે કાંક્ષમાણ વેદ્યભાવની પછી ઉત્પન્ન થતા બીજા વેદ્યભાવને વેદે છે, તો ( ત્યાં એમ છે કે ) તે બીજો વેદ્યભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદકભાવ નાશ પામી જાય છે; પછી તે બીજા વેદ્યભાવને કોણ વેદે? જો એમ કહેવામાં આવે કે વેદકભાવની પછી ઉત્પન્ન થતો બીજો વેદકભાવ તેને વેદે છે, તો (ત્યાં એમ છે કે) તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે; પછી તે બીજો વેદકભાવ શું વેદે? આ રીતે કાંક્ષમાણ ભાવના વેદનની અનવસ્થા છે. તે અનવસ્થાને જાણતો જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી.

**ભાવાર્થઃ**-વેદકભાવ અને વેદ્યભાવને કાળભેદ છે. જ્યારે વેદકભાવ હોય છે ત્યારે વેદ્યભાવ હોતો નથી અને જ્યારે વેદ્યભાવ હોય છે ત્યારે વેદકભાવ હોતો નથી. જ્યારે વેદકભાવ આવે છે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે; પછી વેદકભાવ કોને વેદે? અને જ્યારે વેદ્યભાવ આવે છે ત્યારે વેદકભાવ વિણસી ગયો હોય છે; પછી વેદકભાવ વિના વેદ્યને કોણ વેદે? આવી અવ્યવસ્થા જાણીને જ્ઞાની પોતે જાણનાર જ રહે છે, વાંછા કરતો નથી. અહીં પ્રશ્ન થાય છે કે-આત્મા તો નિત્ય છે તેથી તે બન્ને ભાવોને વેદી શકે છે; તો પછી જ્ઞાની વાંછા કેમ ન કરે? તેનું સમાધાનઃ-વેદ્ય-વેદક ભાવો વિભાવભાવો છે, સ્વભાવભાવ નથી, તેથી તેઓ વિનાશિક છે; માટે વાંછા કરનારો એવો વેદ્યભાવ જ્યાં આવે ત્યાં સુધીમાં વેદકભાવ ( ભોગવનારો ભાવ ) નાશ પામી જાય છે, અને બીજો વેદકભાવ આવે ત્યાં સુધીમાં વેદ્યભાવ નાશ પામી જાય છે; એ રીતે વાંછિત ભોગ તો થતો નથી. તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે? જ્યાં મનોવાંછિત વેદાતું નથી ત્યાં વાંછા કરવી તે અજ્ઞાન છે.

હવે આ અર્થનુ કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**[ वेद्य–वेदक–विभाव–चलत्वात् ]વેદ્ય-વેદકરૂપ વિભાવભાવોનું ચળ-

तथाहि-

**बंधुवभोगणिमित्ते अज्झवसाणोदएसु णाणिस्स।**
**संसारदेहविसएसु णेव उप्पज्जदे रागो।। २१७ ।।**

**बन्धोपभोगनिमित्तेषु अध्यवसानादयेषु ज्ञानिनः।**
**संसारदेहविषयेषु नैवोत्पद्यते रागः।। २१७ ।।**

**इह खल्वध्यवसानोदयाः कतरेऽपि संसारविषयाः, कतरेऽपि शरीरविषयाः। तत्र यतरे संसारविषयाः ततरे बन्धनिमित्ताः, यतरे शरीरविषयास्ततरे तूपभोगनिमित्ताः। यतरे बन्धनिमित्तास्ततरे रागद्वेषमोहाद्याः, यतरे तूपभोगनिमित्तास्ततरे सुखदुःखाद्याः। अथामीषु सर्वेष्वपि ज्ञानिनो नास्ति रागः, नानाद्रव्यस्वभावत्वेन**

---

પણું (અસ્થિરપણું) હોવાથી [ खलु ] ખરેખર [ कांक्षितम् एव वेद्यते न ] વાંછિત વેદાતું નથી; [ तेन ] માટે [ विद्वान् किञ्चन कांक्षति न ] જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી; [ सर्वतः अपि अतिविरक्तिम् उपैति ] સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને (વૈરાગ્યભાવને) પામે છે.

**ભાવાર્થઃ**–અનુભવગોચર જે વેદ્ય-વેદક વિભાવો તેમને કાળભેદ છે, તેમનો મેળાપ નથી (કારણ કે તેઓ કર્મના નિમિત્તે થતા હોવાથી અસ્થિર છે); માટે જ્ઞાની આગામી કાળ સંબંધી વાંછા શા માટે કરે? ૧૪૭.

એ રીતે જ્ઞાનીને સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે એમ હવે કહે છેઃ–

**સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,**
**તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.**

**ગાથાર્થઃ**- [ बन्धोपभोगनिमित्तेषु ] બંધ અને ઉપભોગનાં નિમિત્ત એવા [ संसारदेहविषयेषु ] સંસારસંબંધી અને દેહસંબંધી [ अध्यवसानोदयेषु ] અધ્યવસાનના ઉદયોમાં [ ज्ञानिनः ] જ્ઞાનીને [ रागः ] રાગ [ न एव उत्पद्यते ] ઊપજતો જ નથી.

**ટીકાઃ**–આ લોકમાં જે અધ્યવસાનના ઉદયો છે તેઓ કેટલાક તો સંસારસંબંધી છે અને કેટલાક શરીરસંબંધી છે. તેમાં, જેટલા સંસારસંબંધી છે તેટલા બંધનનાં નિમિત્ત છે અને જેટલા શરીરસંબંધી છે તેટલા ઉપભોગનાં નિમિત્ત છે. જેટલા બંધનનાં નિમિત્ત છે તેટલા તો રાગદ્વેષમોહાદિક છે અને જેટલા ઉપભોગનાં નિમિત્ત છે તેટલા સુખદુઃખાદિક છે. આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી; કારણ કે તેઓ

**टङ्कोत्कीर्णैकज्ञायकभावस्वभावस्य तस्य तत्प्रतिषेधात्।**

(स्वागता)

**ज्ञानिनो न हि परिग्रहभावं**
**कर्म रागरसरिक्ततयैति।**
**रङ्गयुक्तिरकषायितवस्त्रे-**
**स्वीकृतैव हि बहिर्लुठतीह।। १४८ ।।**

(स्वागता)

**ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्**
**सर्वरागरसवर्जनशीलः।**
**लिप्यते सकलकर्मभिरेषः**
**कर्ममध्यपतितोऽपि ततो न।। १४९ ।।**

---

બધાય નાના દ્રવ્યોના સ્વભાવ હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.

**ભાવાર્થઃ-**જે અધ્યવસાનના ઉદયો સંસાર સંબંધી છે અને બંધનનાં નિમિત્ત છે તેઓ તો રાગ, દ્વેષ, મોહ ઇત્યાદિ છે તથા જે અધ્યવસાનના ઉદયો દેહ સંબંધી છે અને ઉપભોગનાં નિમિત્ત છે તેઓ સુખ, દુઃખ ઇત્યાદિ છે. તે બધાય (અધ્યવસાનના ઉદયો), નાના દ્રવ્યોના (અર્થાત્ પુદ્‌ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય કે જેઓ સંયોગરૂપે છે તેમના) સ્વભાવ છે; જ્ઞાનીનો તો એક જ્ઞાયકસ્વભાવ છે. માટે જ્ઞાનીને તેમનો નિષેધ છે; તેથી જ્ઞાનીને તેમના પ્રત્યે રાગ-પ્રીતિ નથી. પરદ્રવ્ય, પરભાવ સંસારમાં ભ્રમણનાં કારણ છે; તેમના પ્રત્યે પ્રીતિ કરે તો જ્ઞાની શાનો?

હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનારૂપે શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [इह अकषायितवस्त्रे] જેમ લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું હોય એવા વસ્ત્રમાં [रङ्गयुक्तिः] રંગનો સંયોગ, [अस्वीकृता] વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો, [बहिः एव हि लुठति] બહાર જ લોટે છે-અંદર પ્રવેશ કરતો નથી, [ज्ञानिनः रागरसरिक्ततया कर्म परिग्रहभावं न हि एति] તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી.

**ભાવાર્થઃ-**જેમ લોધર, ફટકડી વગેરે લગાડયા વિના વસ્ત્ર પર રંગ ચડતો નથી તેમ રાગભાવ વિના જ્ઞાનીને કર્મના ઉદયનો ભોગ પરિગ્રહપણાને પામતો નથી. ૧૪૮.

ફરી કહે છે કેઃ-

**શ્લોકાર્થઃ-** [यतः] કારણ કે [ज्ञानवान्] જ્ઞાની [स्वरसतः अपि] નિજ

**णाणी रागप्पजहो सव्वदव्वेसु कम्ममज्झगदो।**
**णो लिप्पदि रजएण दु कद्दममज्झे जहा कणयं।। २१८ ।।**
**अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो।**
**लिप्पदि कम्मरएण दु कद्दममज्झे जहा लोहं।। २१९ ।।**

ज्ञानी रागप्रहायकः सर्वद्रव्येषु कर्ममध्यगतः।
नो लिप्यते रजसा तु कर्दममध्ये यथा कनकम्।। २१८ ।।
अज्ञानी पुना रक्तः सर्वद्रव्येषु कर्ममध्यगतः।
लिप्यते कर्मरजसा तु कर्दममध्ये यथा लोहम्।। २१९ ।।

**यथा खलु कनकं कर्दममध्यगतमपि कर्दमेन न लिप्यते, तदलेपस्वभावत्वात्;**

---

રસથી જ [ सर्वरागरसवर्जनशीलः ] સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો [ स्यात् ] છે [ ततः ] તેથી [ एषः ] તે [ कर्ममध्यपतितः अपि ] કર્મ મધ્યે પડયો હોવા છતાં પણ [ सकलकर्मभिः ] સર્વ કર્મોથી [ न लिप्यते ] લેપાતો નથી. ૧૪૯.

હવે આ જ અર્થનું વ્યાખ્યાન ગાથામાં કરે છેઃ–

**છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,**
**પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.**

**પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,**
**તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ सर्वद्रव्येषु ] કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે [ रागप्रहायकः ] રાગ છોડનારો છે તે [ कर्ममध्यगतः ] કર્મ મધ્યે રહેલો હોય [ तु ] તોપણ [ रजसा ] કર્મરૂપી રજથી [ नो लिप्यते ] લેપાતો નથી– [ यथा ] જેમ [ कनकम् ] સોનું [ कर्दममध्ये ] કાદવ મધ્યે રહેલું હોય તોપણ લેપાતું નથી તેમ. [ पुनः ] અને [ अज्ञानी ] અજ્ઞાની [ सर्वद्रव्येषु ] કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે [ रक्तः ] રાગી છે તે [ कर्ममध्यगतः ] કર્મ મધ્યે રહ્યો થકો [ कर्मरजसा ] કર્મરજથી [ लिप्यते तु ] લેપાય છે– [ यथा ] જેમ [ लोहम् ] લોખંડ [ कर्दममध्ये ] કાદવ મધ્યે રહ્યું થકું લેપાય છે ( અર્થાત્ તેને કાટ લાગે છે ) તેમ.

**ટીકાઃ**–જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે પડયું હોય તોપણ કાદવથી લેપાતું નથી ( અર્થાત્ તેને કાટ લાગતો નથી ) કારણ કે તે કાદવથી અલિપ્ત રહેવાના

**तथा किल ज्ञानी कर्ममध्यगतोऽपि कर्मणा न लिप्यते, सर्वपरद्रव्यकृतरागत्यागशीलत्वे सति तदलेपस्वभावत्वात्। यथा लोहं कर्दममध्यगतं सत्कर्दमेन लिप्यते, तल्लेपस्वभावत्वात्; तथा किलाज्ञानी कर्ममध्यगतः सन् कर्मणा लिप्यते, सर्वपरद्रव्यकृतरागोपादानशीलत्वे सति तल्लेपस्वभावत्वात्।**

( शार्दूलविक्रीडित )

**यादृक् तादृगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः**
**कर्तुं नैष कथञ्चनापि हि परैरन्यादृशः शक्यते।**
**अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततं**
**ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव।। १५० ।।**

---

સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર જ્ઞાની કર્મ મધ્યે રહ્યો હોય તોપણ કર્મથી લેપાતો નથી કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી જ્ઞાની કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે. જેમ લોખંડ કાદવ મધ્યે પડયું થકું કાદવથી લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) કારણ કે તે કાદવથી લેપાવાના સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો કર્મથી લેપાય છે કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવપણું હોવાથી અજ્ઞાની કર્મથી લેપાવાના સ્વભાવવાળો છે.

**ભાવાર્થઃ**-જેમ કાદવમાં પડેલા સુવર્ણને કાટ લાગતો નથી અને લોખંડને કાટ લાગે છે, તેમ કર્મ મધ્યે રહેલો જ્ઞાની કર્મથી બંધાતો નથી અને અજ્ઞાની કર્મથી બંધાય છે. આ જ્ઞાન-અજ્ઞાનનો મહિમા છે.

હવે આ અર્થનું અને આગળના કથનની સૂચનાનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ इह ] આ લોકમાં [ यस्य यादृक् यः हि स्वभावः तादृक् तस्य वशतः अस्ति ] જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે તેનો તેવો સ્વભાવ તે વસ્તુના પોતાના વશથી જ (અર્થાત્ પોતાને આધીન જ) હોય છે. [ एषः ] એવો વસ્તુનો જે સ્વભાવ તે, [ परैः ] પરવસ્તુઓ વડે [ कथञ्चन अपि हि ] કોઈ પણ રીતે [ अन्यादृशः ] બીજા જેવો [ कर्तुं न शक्यते ] કરી શકાતો નથી. [ हि ] માટે [ सन्ततं ज्ञानं भवत् ] જે નિરંતર જ્ઞાનપણે પરિણમે છે તે [ कदाचन अपि अज्ञानं न भवेत् ] કદી પણ અજ્ઞાન થતું નથી; [ ज्ञानिन् ] તેથી હે જ્ઞાની! [ भुंक्ष्व ] તું (કર્મોદયજનિત) ઉપભોગને ભોગવ, [ इह ] આ જગતમાં [ पर-अपराध-जनितः बन्धः तव नास्ति ] પરના અપરાધથી ઊપજતો બંધ તને નથી (અર્થાત્ પરના અપરાધથી તને બંધ થતો નથી.)

**ભાવાર્થઃ**-વસ્તુનો સ્વભાવ વસ્તુને પોતાને આધીન જ છે. માટે જે આત્મા

**भुंजंतस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।**
**संखस्स सेदभावो ण वि सक्कदि किण्हगो कादुं।। २२० ।।**
**तह णाणिस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।**
**भुंजंतस्स वि णाणं ण सक्कमण्णाणदं णेदुं।। २२१ ।।**
**जइया स एव संखो सेदसहावं तयं पजहिदृण।**
**गच्छेज्ज किण्हभावं तइया सुक्कत्तणं पजहे।। २२२ ।।**
**तह णाणी वि हु जइया णाणसहावं तयं पजहिदूण।**
**अण्णाणेण परिणदो तइया अण्णाणदं गच्छे।। २२३ ।।**

---

પોતે જ્ઞાનરૂપે પરિણમે છે તેને પરદ્રવ્ય અજ્ઞાનરૂપે કદી પરિણમાવી શકે નહિ. આમ હોવાથી અહીં જ્ઞાનીને કહ્યું છે કે–તને પરના અપરાધથી બંધ થતો નથી તેથી તું ઉપભોગને ભોગવ. ઉપભોગ ભોગવવાથી મને બંધ થશે એવી શંકા ન કર. જો એવી શંકા કરીશ તો 'પરદ્રવ્ય વડે આત્માનું બૂરું થાય છે' એવું માનવાનો પ્રસંગ આવે છે. આ રીતે અહીં જીવને પરદ્રવ્યથી પોતાનું બૂરું થતું માનવાની શંકા મટાડી છે; ભોગ ભોગવવાની પ્રેરણા કરી સ્વચ્છંદી કર્યો છે એમ ન સમજવું. સ્વેચ્છાચારી થવું તે તો અજ્ઞાનભાવ છે એમ આગળ કહેશે. ૧૫૦.

હવે આ જ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છેઃ–

**જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ શંખના શુકલત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.**

**ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.**

**જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને,**
**પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુકલત્વને; ૨૨૨.**

**ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને,**
**અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.**

भुञ्जानस्यापि विविधानि सचित्ताचित्तमिश्रितानि द्रव्याणि।
शंखस्य श्वेतभावो नापि शक्यते कृष्णकः कर्तुम्।। २२० ।।
तथा ज्ञानिनोऽपि विविधानि सचित्ताचित्तमिश्रितानि द्रव्याणि।
भुञ्जानस्यापि ज्ञानं न शक्यमज्ञानतां नेतुम्।। २२१ ।।
यदा स एव शंखः श्वेतस्वभावं तकं प्रहाय।
गच्छेत् कृष्णभावं तदा शुक्लत्वं प्रजह्यात्।। २२२ ।।
तथा ज्ञान्यपि खलु यदा ज्ञानस्वभावं तकं प्रहाय।
अज्ञानेन परिणतस्तदा अज्ञानतां गच्छेत्।। २२३ ।।

**यथा खलु शंखस्य परद्रव्यमुपभुञ्जानस्यापि न परेण श्वेतभावः कृष्णः कर्तुं शक्येत, परस्य परभावत्वनिमित्तत्वानुपपत्तेः, तथा किल ज्ञानिनः परद्रव्यमुपभुञ्जानस्यापि न परेण ज्ञानमज्ञानं कर्तुं शक्येत, परस्य परभावत्वनिमित्तत्वानुपपत्तेः। ततो**

---

**ગાથાર્થઃ-** [ शंखस्य ] જેમ શંખ [ विविधानि ] અનેક પ્રકારનાં [ सचित्ताचित्त-मिश्रितानि ] સચિત્ત, અચિત્ત અને મિશ્ર [ द्रव्याणि ] દ્રવ્યોને [ भुञ्जानस्य अपि ] ભોગવે છે-ખાય છે તોપણ [ श्वेतभावः ] તેનું શ્વેતપણું [ कृष्णकः कर्तुं न अपि शक्यते ] (કોઈથી) કૃષ્ણ કરી શકાતું નથી, [ तथा ] તેમ [ ज्ञानिनः अपि ] જ્ઞાની પણ [ विविधानि ] અનેક પ્રકારનાં [ सचित्ताचित्तमिश्रितानि ] સચિત્ત અચિત્ત અને મિશ્ર [ द्रव्याणि ] દ્રવ્યોને [ भुञ्जानस्य अपि ] ભોગવે તોપણ [ ज्ञानं ] તેનું જ્ઞાન [ अज्ञानतां नेतुम् न शक्यम् ] (કોઈથી) અજ્ઞાન કરી શકાતું નથી.

[ यदा ] જ્યારે [ सः एव शंखः ] તે જ શંખ (પોતે) [ तकं श्वेतस्वभावं ] તે શ્વેત સ્વભાવને [ प्रहाय ] છોડીને [ कृष्णभावं गच्छेत् ] કૃષ્ણભાવને પામે (અર્થાત્ કૃષ્ણભાવે પરિણમે) [ तदा ] ત્યારે [ शुक्लत्वं प्रजह्यात् ] શ્વેતપણાને છોડે (અર્થાત્ કાળો બને), [ तथा ] તેવી રીતે [ खलु ] ખરેખર [ ज्ञानी अपि ] જ્ઞાની પણ (પોતે) [ यदा ] જ્યારે [ तकं ज्ञानस्वभावं ] તે જ્ઞાનસ્વભાવને [ प्रहाय ] છોડીને [ अज्ञानेन ] અજ્ઞાનરૂપે [ परिणतः ] પરિણમે [ तदा ] ત્યારે [ अज्ञानतां ] અજ્ઞાનપણાને [ गच्छेत् ] પામે.

**ટીકાઃ-**જેમ શંખ પરદ્રવ્યને ભોગવે-ખાય તોપણ તેનું શ્વેતપણું પર વડે કૃષ્ણ કરી શકાતું નથી કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત (અર્થાત્ કારણ) બની શકતું નથી, તેવી રીતે જ્ઞાની પરદ્રવ્યને ભોગવે તોપણ તેનું જ્ઞાન પર વડે અજ્ઞાન કરી શકાતું નથી કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત બની શકતું નથી. માટે જ્ઞાનીને પરના

**ज्ञानिनः परापराधनिमित्तो नास्ति बन्धः। यथा च यदा स एव शंखः परद्रव्यमुपभुञ्जानोऽनुपभुञ्जानो वा श्वेतभावं प्रहाय स्वयमेव कृष्णभावेन परिणमते तदास्य श्वेतभावः स्वयंकृतः कृष्णभावः स्यात्, तथा यदा स एव ज्ञानी परद्रव्यमुपभुञ्जानोऽनुपभुञ्जानो वा ज्ञानं प्रहाय स्वयमेवाज्ञानेन परिणमते तदास्य ज्ञानं स्वयंकृतमज्ञानं स्यात्। ततो ज्ञानिनो यदि ( बन्धः ) स्वापराधनिमित्तो बन्धः।**

( शार्दूलविक्रीडित )

**ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते**
**भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।**
**बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते**
**ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्।। १५१ ।।**

---

અપરાધના નિમિત્તે બંધ થતો નથી.

વળી જ્યારે તે જ શંખ, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો, શ્વેતભાવને છોડીને સ્વયમેવ કૃષ્ણભાવે પરિણમે ત્યારે તેનો શ્વેતભાવ સ્વયંકૃત કૃષ્ણભાવ થાય ( અર્થાત્ પોતાથી જ કરવામાં આવેલા કૃષ્ણભાવરૂપ થાય ), તેવી રીતે જ્યારે તે જ જ્ઞાની, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો, જ્ઞાનને છોડીને સ્વયમેવ અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે તેનું જ્ઞાન સ્વયંકૃત અજ્ઞાન થાય. માટે જ્ઞાનીને જો ( બંધ ) થાય તો પોતાના જ અપરાધના નિમિત્તે ( અર્થાત્ પોતે જ અજ્ઞાનપણે પરિણમે ત્યારે ) બંધ થાય છે.

**ભાવાર્થઃ**-જેમ શંખ કે જે શ્વેત છે તે પરના ભક્ષણથી કાળો થતો નથી પરંતુ જ્યારે પોતે જ કાલિમારૂપે પરિણમે ત્યારે કાળો થાય છે, તેવી રીતે જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી પરંતુ જ્યારે પોતે જ અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે અજ્ઞાની થાય છે અને ત્યારે બંધ કરે છે.

હવે આનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ ज्ञानिन् ] હે જ્ઞાની, [ जातु किञ्चित् कर्म कर्तुम् उचितं न ] તારે કદી કાંઈ પણ કર્મ કરવું યોગ્ય નથી [ तथापि ] તોપણ [ यदि उच्यते ] જો તું એમ કહે છે કે ‘[ परं मे जातु न, भुंक्षे ] પરદ્રવ્ય મારું તો કદી નથી અને હું તેને ભોગવું છું’, [ भोः दुर्भुक्तः एव असि ] તો તને કહેવામાં આવે છે ( અર્થાત્ અમે કહીએ છીએ ) કે હે ભાઈ, તું ખોટી ( -ખરાબ ) રીતે જ ભોગવનાર છે; [ हन्त ] જે તારું નથી તેને તું ભોગવે છે એ મહા ખેદ છે! [ यदि उपभोगतः बन्धः न स्यात् ] જો તું કહે કે ‘પરદ્રવ્યના ઉપભોગથી બંધ થતો નથી એમ સિદ્ધાંતમાં કહ્યું છે માટે

( शार्दूलविक्रीडित )

**कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्**
**कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।**
**ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा**
**कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः।। १५२ ।।**

---

ભોગવું છું', [ तत् किं ते कामचारः अस्ति ] તો શું તને ભોગવવાની ઇચ્છા છે? [ ज्ञानं सन् वस ] જ્ઞાનરૂપ થઈને વસ (-શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કર), [ अपरथा ] નહિ તો (અર્થાત્ જો ભોગવવાની ઇચ્છા કરીશ-અજ્ઞાનરૂપે પરિણમીશ તો) [ ध्रुवम् स्वस्य अपराधात् बन्धम् एषि ] તું ચોક્કસ પોતાના અપરાધથી બંધને પામીશ.

**ભાવાર્થઃ-**જ્ઞાનીને કર્મ તો કરવું જ ઉચિત નથી. જો પરદ્રવ્ય જાણીને પણ તેને ભોગવે તો એ યોગ્ય નથી. પરદ્રવ્યના ભોગવનારને તો જગતમાં ચોર કહેવામાં આવે છે, અન્યાયી કહેવામાં આવે છે. વળી ઉપભોગથી બંધ કહ્યો નથી તે તો, જ્ઞાની ઇચ્છા વિના પરની બળજોરીથી ઉદયમાં આવેલાને ભોગવે ત્યાં તેને બંધ કહ્યો નથી. જો પોતે ઇચ્છાથી ભોગવે તો તો પોતે અપરાધી થયો, ત્યાં બંધ કેમ ન થાય? ૧૫૧.

હવે આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यत् किल कर्म एव कर्तारं स्वफलेन बलात् नो योजयेत् ] કર્મ જ તેના કર્તાને પોતાના ફળ સાથે બળજોરીથી જોડતું નથી (કે તું મારા ફળને ભોગવ), [ फललिप्सुः एव हि कुर्वाणः कर्मणः यत् फलं प्राप्नोति ] *ફળની ઇચ્છાવાળો જ કર્મ કરતો થકો કર્મના ફળને પામે છે; [ ज्ञानं सन् ] માટે જ્ઞાનરૂપે રહેતો અને [ तद्अपास्त–रागरचनः ] જેણે કર્મ પ્રત્યે રાગની રચના દૂર કરી છે એવો [ मुनिः ] મુનિ, [ तत्–फल–परित्याग–एक–शीलः ] કર્મના ફળના પરિત્યાગરૂપ જ જેનો એક સ્વભાવ છે એવો હોવાથી, [ कर्म कुर्वाणः अपि हि ] કર્મ કરતો છતો પણ [ कर्मणा नो बध्यते ] કર્મથી બંધાતો નથી.

**ભાવાર્થઃ-**કર્મ તો કર્તાને જબરદસ્તીથી પોતાના ફળ સાથે જોડતું નથી પરંતુ જે કર્મને કરતો થકો તેના ફળની ઇચ્છા કરે તે જ તેનું ફળ પામે છે. માટે જે જ્ઞાનરૂપે વર્તે છે અને રાગ વિના કર્મ કરે છે એવો મુનિ કર્મથી બંધાતો નથી કારણ કે તેને કર્મના ફળની ઇચ્છા નથી. ૧૫૨.

---

* કર્મનું ફળ એટલે (૧) રંજિત પરિણામ, અથવા તો (૨) સુખ (-રંજિત પરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગો

**पुरिसो जह को वि इहं वित्तिणिमित्तं तु सेवदे रायं।**
**तो सो वि देदि राया विविहे भोगे सुहुप्पाए।। २२४ ।।**
**एमेव जीवपुरिसो कम्मरयं सेवदे सुहणिमित्तं।**
**तो सो वि देदि कम्मो विविहे भोगे सुहुप्पाए।। २२५ ।।**
**जह पुण सो च्चिय पुरिसो वित्तिणिमित्तं ण सेवदे रायं।**
**तो सो ण देदि राया विविहे भोगे सुहुप्पाए।। २२६ ।।**
**एमेव सम्मदिट्ठी विसयत्थं सेवदे ण कम्मरयं।**
**तो सो ण देदि कम्मो विविहे भोगे सुहुप्पाए।। २२७ ।।**

पुरुषो यथा कोऽपीह वृत्तिनिमित्तं तु सेवते राजानम्।
तत्सोऽपि ददाति राजा विविधान् भोगान् सुखोत्पादकान्।। २२४ ।।
एवमेव जीवपुरुषः कर्मरजः सेवते सुखनिमित्तम्।
तत्तदपि ददाति कर्म विविधान् भोगान सुखोत्पादकान्।। २२५ ।।

---

હવે આ અર્થને દ્રષ્ટાંતથી દ્રઢ કરે છેઃ–

**જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.**

**ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.**

**વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.**

**સુદ્રષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી. ૨૨૭.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ इह ] આ જગતમાં [ कः अपि पुरुषः ] કોઈ પુરુષ [ वृत्तिनिमित्तं तु ] આજીવિકા અર્થે [ राजानम् ] રાજાને [ सेवते ] સેવે છે [ तद् ] તો [ सः राजा अपि ] તે રાજા પણ તેને [ सुखोत्पादकान् ] સુખ ઉત્પન્ન કરનારા [ विविधान् ] અનેક પ્રકારના [ भोगान् ] ભોગો [ ददाति ] આપે છે, [ एवम् एव ]

यथा पुन: स एव पुरुषो वृत्तिनिमित्तं न सेवते राजानम्।
तत्सोऽपि न ददाति राजा विविधान् भोगान् सुखोत्पादकान्।। २२६ ।।
एवमेव सम्यग्दृष्टि: विषयार्थं सेवते न कर्मरज:।
तत्तन्न ददाति कर्म विविधान् भोगान् सुखोत्पादकान्।। २२७ ।।

**यथा कश्चित्पुरुषो फलार्थं राजानं सेवते तत: स राजा तस्य फलं ददाति, तथा जीव: फलार्थं कर्म सेवते ततस्तत्कर्म तस्य फलं ददाति। यथा च स एव पुरुष: फलार्थं राजानं न सेवते तत: स राजा तस्य फलं न ददाति, तथा सम्यग्दृष्टि: फलार्थं कर्म न सेवते ततस्तत्कर्म तस्य फलं न ददातीति तात्पर्यम्।**

---

તેવી જ રીતે [ जीवपुरुष: ] જીવપુરુષ [ सुखनिमित्तम् ] સુખ અર્થે [ कर्मरज: ] કર્મરજને [ सेवते ] સેવે છે [ तद् ] તો [ तत् कर्म अपि ] તે કર્મ પણ તેને [ सुखोत्पादकान् ] સુખ ઉત્પન્ન કરનારા[ विविधान् ] અનેક પ્રકારના [ भोगान् ] ભોગો [ ददाति ] આપે છે.

[ पुन: ] વળી [ यथा ] જેમ [ स: एव पुरुष: ] તે જ પુરુષ [ वृत्तिनिमित्तं ] આજીવિકા અર્થે [ राजानम् ] રાજાને [ न सेवते ] નથી સેવતો [ तद् ] તો [ स: राजा अपि ] તે રાજા પણ તેને [ सुखोत्पादकान् ] સુખ ઉત્પન્ન કરનારા [ विविधान् ] અનેક પ્રકારના [ भोगान् ] ભોગો [ न ददाति ] નથી આપતો, [ एवम् एव ] તેવી જ રીતે [ सम्यग्दृष्टि: ] સમ્યગ્દૃષ્ટિ [ विषयार्थं ] વિષય અર્થે [ कर्मरज: ] કર્મરજને [ न सेवते ] નથી સેવતો [ तद् ] તો (અર્થાત્ તેથી) [ तत् कर्म ] તે કર્મ પણ તેને [ सुखोत्पादकान् ] સુખ ઉત્પન્ન કરનારા [ विविधान् ] અનેક પ્રકારના [ भोगान् ] ભોગો [ न ददाति ] નથી આપતું.

**ટીકા:**–જેમ કોઈ પુરુષ ફળ અર્થે રાજાને સેવે છે તો તે રાજા તેને ફળ આપે છે, તેમ જીવ ફળ અર્થે કર્મને સેવે છે તો તે કર્મ તેને ફળ આપે છે. વળી જેમ તે જ પુરુષ ફળ અર્થે રાજાને નથી સેવતો તો તે રાજા તેને ફળ નથી આપતો, તેમ સમ્યગ્દૃષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો તો (અર્થાત્ તેથી) તે કર્મ તેને ફળ નથી આપતું. એમ તાત્પર્ય (અર્થાત્ કહેવાનો આશય) છે.

**ભાવાર્થ:**–અહીં એક આશય તો આ પ્રમાણે છે:–અજ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્ રંજિત પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવે છે તેથી તે કર્મ તેને (વર્તમાનમાં) રંજિત પરિણામ આપે છે. જ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્ રંજિત પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવતો નથી તેથી તે કર્મ તેને રંજિત પરિણામ ઉત્પન્ન કરતું નથી.

બીજો આશય આ પ્રમાણે છે:–અજ્ઞાની સુખ (–રાગાદિપરિણામ) ઉત્પન્ન

( शार्दूलविक्रीडित )

**त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं**
**किंत्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत्।**
**तस्मिन्नापतिते त्वकम्पपरमज्ञानस्वभावे स्थितो**
**ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः।। १५३ ।।**

---

કરનારા આગામી ભોગોની અભિલાષાથી વ્રત, તપ વગેરે શુભ કર્મ કરે છે તેથી તે કર્મ તેને રાગાદિપરિણામ ઉત્પન્ન કરનારા આગામી ભોગો આપે છે. જ્ઞાનીની બાબતમાં આથી વિપરીત સમજવું.

આ રીતે અજ્ઞાની ફળની વાંછાથી કર્મ કરે છે તેથી તે ફળને પામે છે અને જ્ઞાની ફળની વાંછા વિના કર્મ કરે છે તેથી તે ફળને પામતો નથી.

હવે, "જેને ફળની વાંછા નથી તે કર્મ શા માટે કરે?" એવી આશંકા દૂર કરવાને કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ येन फलं त्यक्तं सः कर्म कुरुते इति वयं न प्रतीमः ] જેણે કર્મનું ફળ છોડયું છે તે કર્મ કરે એમ તો અમે પ્રતીતિ કરી શક્તા નથી. [ किन्तु ] પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે– [ अस्य अपि कुतः अपि किंचित् अपि तत् कर्म अवशेन आपतेत् ] તેને ( જ્ઞાનીને ) પણ કોઈ કારણે કાંઈક એવું કર્મ અવશપણે ( –તેના વશ વિના ) આવી પડે છે. [ तस्मिन् आपतिते तु ] તે આવી પડતાં પણ, [ अकम्प–परम–ज्ञानस्वभावे स्थितः ज्ञानी ] જે અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે એવો જ્ઞાની [ कर्म ] કર્મ [ किं कुरुते अथ किं न कुरुते ] કરે છે કે નથી કરતો [ इति कः जानाति ] તે કોણ જાણે?

**ભાવાર્થઃ-**જ્ઞાનીને પરવશે કર્મ આવી પડે છે તોપણ જ્ઞાની જ્ઞાનથી ચલાયમાન થતો નથી. માટે જ્ઞાનથી અચલાયમાન તે જ્ઞાની કર્મ કરે છે કે નથી કરતો તે કોણ જાણે? જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે. જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી.

અવિરત સમ્યગ્દ્રષ્ટિથી માંડીને ઉપરના બધાય જ્ઞાની જ સમજવા. તેમાં, અવિરત સમ્યગ્દ્રષ્ટિ, દેશવિરત સમ્યગ્દ્રષ્ટિ અને આહારવિહાર કરતા મુનિઓને બાહ્યક્રિયાકર્મ પ્રવર્તે છે, તોપણ જ્ઞાનસ્વભાવથી અચલિત હોવાને લીધે નિશ્ચયથી તેઓ બાહ્યક્રિયાકર્મના કર્તા નથી, જ્ઞાનના જ કર્તા છે. અંતરંગ મિથ્યાત્વના અભાવથી તથા યથાસંભવ કષાયના અભાવથી તેમના પરિણામ ઉજ્જ્વળ છે. તે ઉજ્જ્વળતાને તેઓ જ ( –જ્ઞાનીઓ જ– ) જાણે છે, મિથ્યાદ્રષ્ટિઓ તે ઉજ્જ્વળતાને

( शार्दूलविक्रीडित )

**सम्यग्दृष्टय एव साहसमिदं कर्तु क्षमन्ते परं**
**यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि।**
**सर्वामेव निसर्गनिर्भयतया शङ्कां विहाय स्वयं**
**जानन्तः स्वमवध्यबोधवपुषं बोधाच्च्यवन्ते न हि।। १५४ ।।**

**सम्माद्दिट्ठी जीवा णिस्संका होंति णिब्भया तेण।**
**सत्तभयविप्पमुक्का जम्हा तम्हा दु णिस्संका।। २२८ ।।**

---

જાણતા નથી. મિથ્યાદ્રષ્ટિ તો બહિરાત્મા છે, બહારથી જ ભલું બૂરું માને છે; અંતરાત્માની ગતિ બહિરાત્મા શું જાણે? ૧૫૩.

હવે, આ જ અર્થના સમર્થનરૂપે અને આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ**- [ यत् भय–चलत्–त्रैलोक्य–मुक्त–अध्वनि वज्रे पतति अपि ] જેના ભયથી ચલાયમાન થતા–ખળભળી જતા–ત્રણે લોક પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં, [ अमी ] આ સમ્યગ્દ્રષ્ટિ જીવો, [ निसर्ग–निर्भयतया ] સ્વભાવથી જ નિર્ભય હોવાને લીધે, [ सर्वाम् एव शङ्कां विहाय ] સમસ્ત શંકા છોડીને, [ स्वयं स्वम् अवध्य–बोध–वपुषं जानन्तः ] પોતે પોતાને (અર્થાત્ આત્માને) જેનું જ્ઞાનરૂપી શરીર અવધ્ય (અર્થાત્ કોઈથી હણી શકાય નહિ એવું) છે એવો જાણતા થકા, [ बोधात् च्यवन्ते न हि ] જ્ઞાનથી ચ્યુત થતા નથી. [ इदं परं साहसम् सम्यग्दृष्टयः एव कर्तुं क्षमन्ते ] આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દ્રષ્ટિઓ જ સમર્થ છે.

**ભાવાર્થઃ**-સમ્યગ્દ્રષ્ટિ નિઃશંકિતગુણ સહિત હોય છે તેથી ગમે તેવા શુભાશુભ કર્મના ઉદય વખતે પણ તેઓ જ્ઞાનરૂપે જ પરિણમે છે. જેના ભયથી ત્રણ લોકના જીવો કંપી ઊઠે છે–ખળભળી જાય છે અને પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જ્ઞાનશરીરવાળું માનતો થકો જ્ઞાનથી ચલાયમાન થતો નથી. તેને એમ શંકા નથી થતી કે આ વજ્રપાતથી મારો નાશ થઈ જશે; પર્યાયનો વિનાશ થાય તો ઠીક જ છે કારણ કે તેનો તો વિનાશિક સ્વભાવ જ છે. ૧૫૪.

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છેઃ–

**સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને**
**છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮.**

सम्यग्दृष्टयो जीवा निरशङ्का भवन्ति निर्भयास्तेन।
सप्तभयविप्रमुक्ता यस्मात्तस्मात्तु निरशङ्काः।। २२८ ।।

**येन नित्यमेव सम्यग्दृष्टयः सकलकर्मफलनिरभिलाषाः सन्तोऽत्यन्तकर्मनिरपेक्षतया वर्तन्ते, तेन नूनमेते अत्यन्तनिरशङ्कदारुणाध्यवसायाः सन्तोऽत्यन्तनिर्भयाः सम्भाव्यन्ते।**

( शार्दूलविक्रीडित )

**लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मन-**
**श्चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकयत्येककः।**
**लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भीः कुतो**
**निरशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। १५५ ।।**

---

**ગાથાર્થઃ-** [ सम्यग्दृष्टयः जीवाः ] સમ્યગ્દૃષ્ટિ જીવો [ निरशङ्काः भवन्ति ] નિઃશંક હોય છે [ तेन ] તેથી [ निर्भयाः ] નિર્ભય હોય છે; [ तु ] અને [ यस्मात् ] કારણ કે [ सप्तभयविप्रमुक्ताः ] સપ્ત ભયથી રહિત હોય છે [ तस्मात् ] તેથી [ निरशङ्काः ] નિઃશંક હોય છે (-અડોલ હોય છે).

**ટીકાઃ-**કારણ કે સમ્યગ્દૃષ્ટિઓ સદાય સર્વ કર્મોનાં ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે, તેથી ખરેખર તેઓ અત્યંત નિઃશંક દારુણ (દૃઢ) નિશ્ચયવાળા હોવાથી અત્યંત નિર્ભય છે એમ સંભાવના કરવામાં આવે છે (અર્થાત્ એમ યોગ્યપણે ગણવામાં આવે છે).

હવે સાત ભયનાં કળશરૂપ કાવ્યો કહેવામાં આવે છે, તેમાં પ્રથમ આ લોકના તથા પરલોકના એમ બે ભયનું એક કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ एषः ] આ ચિત્સ્વરૂપ લોક જ [ विविक्तात्मनः ] ભિન્ન આત્માનો (અર્થાત્ પરથી ભિન્નપણે પરિણમતા આત્માનો) [ शाश्वतः एकः सकल-व्यक्तः लोकः ] શાશ્વત, એક અને સકલવ્યક્ત (-સર્વ કાળે પ્રગટ એવો) લોક છે; [ यत् ] કારણ કે [ केवलम् चित्-लोकं ] માત્ર ચિત્સ્વરૂપ લોકને [ अयं स्वयमेव एककः लोकयति ] આ જ્ઞાની આત્મા સ્વયમેવ એકલો અવલોકે છે-અનુભવે છે. આ ચિત્સ્વરૂપ લોક જ તારો છે, [ तद्-अपरः ] તેનાથી બીજો કોઈ લોક- [ अयं लोकः अपरः ] આ લોક કે પરલોક- [ तव न ] તારો નથી એમ જ્ઞાની વિચારે છે, જાણે છે, [ तस्य तद्-भीः कुतः अस्ति ] તેથી જ્ઞાનીને આ લોકનો તથા પરલોકનો ભય ક્યાંથી હોય?

( शार्दूलविक्रीडित )

**एषैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते**
**निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदानाकुलैः।**
**नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निरशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। १५६ ।।**

---

[ सः स्वयं सततं शिरशङ्कः सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને ( પોતાના જ્ઞાનસ્વભાવને ) સદા અનુભવે છે.

**ભાવાર્થઃ-**'આ ભવમાં જીવન પર્યંત અનુકૂળ સામગ્રી રહેશે કે નહિ?' એવી ચિંતા રહે તે આ લોકનો ભય છે. 'પરભવમાં મારું શું થશે?' એવી ચિંતા રહે તે પરલોકનો ભય છે. જ્ઞાની જાણે છે કે-આ ચૈતન્ય જ મારો એક, નિત્ય લોક છે કે જે સર્વ કાળે પ્રગટ છે. આ સિવાયનો બીજો કોઈ લોક મારો નથી. આ મારો ચૈતન્યસ્વરૂપ લોક તો કોઈથી બગાડયો બગડતો નથી. આવું જાણતા જ્ઞાનીને આ લોકનો કે પરલોકનો ભય ક્યાંથી હોય? કદી ન હોય. તે તો પોતને સ્વાભાવિક જ્ઞાનરૂપ જ અનુભવે છે. ૧૫૫.

હવે વેદનાભયનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ निर्भेद–उदित–वेद्य–वेदक–बलात् ] અભેદસ્વરૂપ વર્તતા વેદ્ય-વેદકના બળથી ( અર્થાત્ વેદ્ય અને વેદક અભેદ જ હોય છે એવી વસ્તુસ્થિતિના બળથી ) [ यद् एकं अचलं ज्ञानं स्वयं अनाकुलैः सदा वेद्यते ] એક અચળ જ્ઞાન જ સ્વયં નિરાકુળ પુરુષો વડે ( -જ્ઞાનીઓ વડે ) સદા વેદાય છે, [ एषा एका एव हि वेदना ] તે આ એક જ વેદના ( જ્ઞાનવેદન ) જ્ઞાનીઓને છે. ( આત્મા વેદનાર છે અને જ્ઞાન વેદાવાયોગ્ય છે. [ ज्ञानिनः अन्या आगत–वेदना एव हि न एव भवेत् ] જ્ઞાનીને બીજી કોઈ આવેલી ( -પુદ્‌ગલથી થયેલી ) વેદના હોતી જ નથી, [ तद्–भीः कुतः ] તેથી તેને વેદનાનો ભય ક્યાંથી હોય? [ सः स्वयं सततं निरशंकः सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

**ભાવાર્થઃ-**સુખદુઃખને ભોગવવું તે વેદના છે. જ્ઞાનીને પોતાના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે. તે પુદ્‌ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતો નથી. માટે જ્ઞાનીને વેદનાભય નથી. તે તો સદા નિર્ભય વર્તતો થકો જ્ઞાનને અનુભવે છે. ૧૫૬.

( शार्दूलविक्रीडित )

**यत्सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थिति-**
**र्ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः।**
**अस्यात्राणमतो न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निरशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। १५७ ।।**

( शार्दूलविक्रीडित )

**स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न य-**
**च्छक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः।**
**अस्थागुप्तिरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निरशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। १५८ ।।**

---

હવે અરક્ષાભયનું કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ यत् सत् तत् नाशं न उपैति इति वस्तुस्थितिः नियतं व्यक्ता ] જે સત્ છે તે નાશ પામતું નથી એવી વસ્તુસ્થિતિ નિયતપણે પ્રગટ છે. [ तत् ज्ञानं किल स्वयमेव सत् ] આ જ્ઞાન પણ સ્વયમેવ સત્ (અર્થાત્ સત્સ્વરૂપ વસ્તુ) છે (માટે નાશ પામતું નથી), [ ततः अपरैः अस्य त्रातं किं ] તેથી વળી પર વડે તેનું રક્ષણ શું? [ अतः अस्य किञ्चन अत्राणं न भवेत् ] આ રીતે (જ્ઞાન પોતાથી જ રક્ષિત હોવાથી) તેનું જરા પણ અરક્ષણ થઈ શક્તું નથી [ ज्ञानिनः तद्–भी कुतः ] માટે (આવું જાણતા) જ્ઞાનીને અરક્ષાનો ભય ક્યાંથી હોય? [ सः स्वयं सततं निरशंकः सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

**ભાવાર્થઃ-**સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી. જ્ઞાન પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે; તેથી તે એવું નથી કે જેની બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે, નહિ તો નષ્ટ થઈ જાય. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને અરક્ષાનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતે પોતાના સ્વાભાવિક જ્ઞાનને સદા અનુભવે છે. ૧૫૭.

હવે અગુપ્તિભયનું કાવ્ય કહેઃ–

**શ્લોકાર્થઃ-** [ किल स्वं रूपं वस्तुनः परमा गुप्तिः अस्ति ] ખરેખર વસ્તુનું સ્વ–રૂપ જ (અર્થાત્ નિજ રૂપ જ) વસ્તુની પરમ ‘ગુપ્તિ’ છે [ यत् स्वरूपे कः अपि परः प्रवेष्टुम् न शक्तः ] કારણ કે સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શક્તું નથી; [ च ] અને [ अकृतं ज्ञानं नुः स्वरूपं ] અકૃત જ્ઞાન (–જે કોઈથી કરવામાં આવ્યું નથી એવું સ્વાભાવિક જ્ઞાન–) પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ છે; (તેથી જ્ઞાન

( शार्दूलविक्रीडित )

**प्राणोच्छेदमुदाहरन्ति मरणं प्राणा: किलास्यात्मनो**
**ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित्।**
**तस्यातो मरणं न किञ्चन भवेत्तद्भी: कुतो ज्ञानिनो**
**निरशङ्क: सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। १५९ ।।**

---

આત્માની પરમ ગુપ્તિ છે.) [ अत: अस्य न काचन अगुप्ति: भवेत् ] માટે આત્માનું જરા પણ અગુપ્તપણું નહિ હોવાથી [ ज्ञानिन: तद्–भी: कुत: ] જ્ઞાનીને અગુપ્તિનો ભય ક્યાંથી હોય? [ स: स्वयं सततं निरशंक: सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

**ભાવાર્થઃ**-'ગુપ્તિ' એટલે જેમાં કોઈ ચોર વગેરે પ્રવેશ ન કરી શકે એવો કિલ્લો, ભોંયરું વગેરે; તેમાં પ્રાણી નિર્ભયપણે વસી શકે છે. એવો ગુપ્ત પ્રદેશ ન હોય પણ ખુલ્લો પ્રદેશ હોય તો તેમાં રહેનાર પ્રાણીને અગુપ્તપણાને લીધે ભય રહે છે. જ્ઞાની જાણે છે કે- વસ્તુના નિજ સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી માટે વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિ અર્થાત્ અભેદ્ય કિલ્લો છે. પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ જ્ઞાન છે; તે જ્ઞાનસ્વરૂપમાં રહેલો આત્મા ગુપ્ત છે કારણ કે જ્ઞાનસ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશી શકતું નથી. આવું જાણતા જ્ઞાનીને અગુપ્તપણાનો ભય ક્યાંથી હોય? તે તો નિઃશંક વર્તતો થકો પોતાના સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે. ૧૫૮.

હવે મરણભયનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ प्राणोच्छेदम् मरणं उदाहरन्ति ] પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે. [ अस्य आत्मन: प्राणा: किल ज्ञानं ] આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે. [ तत् स्वयमेव शाश्वततया जातुचित् न उच्छिद्यते ] તે (જ્ઞાન) સ્વયમેવ શાશ્વત હોવાથી તેનો કદાપિ નાશ થતો નથી; [ अत: तस्य मरणं किञ्चन न भवेत् ] માટે આત્માનું મરણ બિલકુલ થતું નથી. [ ज्ञानिन: तद्–भी: कुत: ] તેથી (આવું જાણતા) જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય? [ स: स्वयं सततं निरशङ्क: सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

**ભાવાર્થઃ**-ઇંદ્રિયાદિ પ્રાણો નાશ પામે તેને લોકો મરણ કહે છે. પરંતુ આત્માને પરમાર્થે ઇંદ્રિયાદિ પ્રાણ નથી, તેને તો જ્ઞાન પ્રાણ છે. જ્ઞાન અવિનાશી છે-તેનો નાશ થતો નથી; તેથી આત્માને મરણ નથી. જ્ઞાની આમ જાણતો હોવાથી

( शार्दूलविक्रीडित )

**एकं ज्ञानमनाद्यनन्तमचलं सिद्धं किलैतत्स्वतो**
**यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः।**
**तन्नाकस्मिकमत्र किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो**
**निरशङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।। १६० ।।**

---

તેને મરણનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે. ૧૫૯.

હવે આકસ્મિકભયનું કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ एतत् स्वतः सिद्धं ज्ञानम् किल एकं ] આ સ્વતઃસિદ્ધ જ્ઞાન એક છે, [ अनादि ] અનાદિ છે, [ अनन्तम् ] અનંત છે, [ अचलं ] અચળ છે. [ इदं यावत् तावत् सदा एव हि भवेत् ] તે જ્યાં સુધી છે ત્યાં સુધી સદાય તે જ છે, [ अत्र द्वितीयोदयः न ] તેમાં બીજાનો ઉદય નથી. [ तत् ] માટે [ अत्र आकस्मिकम् किञ्चन न भवेत् ] આ જ્ઞાનમાં આકસ્મિક (અણધાર્યું, એકાએક) કાંઈ પણ થતું નથી. [ ज्ञानिनः तद्–भीः कुतः ] આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય ક્યાંથી હોય? [ सः स्वयं सततं निरशङ्कः सहजं ज्ञानं सदा विन्दति ] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

**ભાવાર્થઃ-**‘ કાંઈ અણધાર્યું અનિષ્ટ એકાએક ઉત્પન્ન થશે તો?’ એવો ભય રહે તે આકસ્મિકભય છે. જ્ઞાની જાણે છે કે–આત્માનું જ્ઞાન પોતાથી જ સિદ્ધ, અનાદિ, અનંત, અચળ, એક છે. તેમાં બીજું કાંઈ ઉત્પન્ન થઈ શકતું નથી; માટે તેમાં અણધાર્યું કાંઈ પણ ક્યાંથી થાય અર્થાત્ અકસ્માત ક્યાંથી બને? આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય હોતો નથી, તે તો નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાનભાવને નિરંતર અનુભવે છે.

આ રીતે જ્ઞાનીને સાત ભય હોતા નથી.

**પ્રશ્નઃ**–અવિરતસમ્યગ્દ્રષ્ટિ આદિને પણ જ્ઞાની કહ્યા છે અને તેમને તો ભયપ્રકૃતિનો ઉદય હોય છે તથા તેના નિમિત્તે તેમને ભય થતો પણ જોવામાં આવે છે, તો પછી જ્ઞાની નિર્ભય કઈ રીતે છે?

**સમાધાનઃ**–ભયપ્રકૃતિના ઉદયના નિમિત્તથી જ્ઞાનીને ભય ઊપજે છે. વળી અંતરાયના પ્રબળ ઉદયથી નિર્બળ હોવાને લીધે તે ભયની પીડા નહિ સહી શકવાથી જ્ઞાની તે ભયનો ઇલાજ પણ કરે છે. પરંતુ તેને એવો ભય હોતો નથી કે જેથી જીવ સ્વરૂપનાં જ્ઞાનશ્રદ્ધાનથી ચ્યુત થાય. વળી જે ભય ઊપજે છે તે મોહકર્મની ભય

( मन्दाक्रान्ता )

**टङ्कोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः**
**सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नन्ति लक्ष्माणि कर्म।**
**तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्मणो नास्ति बन्धः**
**पूर्वोपात्तं तदनुभवतो निश्चितं निर्जरैव।। १६१ ।।**

**जो चत्तारि वि पाए छिंददि ते कम्मबंधमोहकरे।**
**सो णिस्संको चेदा सम्मादिट्ठी मुणेदव्वो।। २२९ ।।**

---

નામની પ્રકૃતિનો દોષ છે; તેનો પોતે સ્વામી થઈને કર્તા થતો નથી, જ્ઞાતા જ રહે છે. માટે જ્ઞાનીને ભય નથી. ૧૬૦.

હવે આગળની (સમ્યગ્દ્રષ્ટિના નિઃશંકિત આદિ ચિહ્નો વિષેની) ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ टङ्कोत्कीर्ण-स्वरस-निचित-ज्ञान-सर्वस्व-भाजः सम्यग्दृष्टेः ] ટંકોત્કીર્ણ એવું જે નિજ રસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દ્રષ્ટિને [ यद् इह लक्ष्माणि ] જે નિઃશંક્તિ આદિ ચિહ્નો છે તે [ सकलं कर्म ] સમસ્ત કર્મને [ घ्नन्ति ] હણે છે; [ तत् ] માટે, [ अस्मिन् ] કર્મનો ઉદય વર્તતાં છતાં, [ तस्य ] સમ્યગ્દ્રષ્ટિને [ पुनः ] ફરીને [ कर्मणः बन्धः ] કર્મનો બંધ [ मनाक् अपि ] જરા પણ [ नास्ति ] થતો નથી, [ पूर्वोपात्तं ] પરંતુ જે કર્મ પૂર્વે બંધાયું હતું [ तद्-अनुभवतः ] તેના ઉદયને ભોગવતાં તેને [ निश्चितं ] નિયમથી [ निर्जरा एव ] તે કર્મની નિર્જરા જ થાય છે.

**ભાવાર્થઃ-**સમ્યગ્દ્રષ્ટિ પૂર્વે બંધાયેલી ભય આદિ પ્રકૃતિઓના ઉદયને ભોગવે છે તોપણ [૧]નિઃશંકિત આદિ ગુણો વર્તતા હોવાથી તેને [૨]શંકાદિકૃત (શંકાદિના નિમિત્તે થતો) બંધ થતો નથી પરંતુ પૂર્વકર્મની નિર્જરા જ થાય છે. ૧૬૧.

હવે આ કથનને ગાથાઓ દ્વારા કહે છે, તેમાં પ્રથમ નિઃશંકિત અંગની (અથવા નિઃશંકિત ગુણની-ચિહ્નની) ગાથા કહે છેઃ-

**જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,**
**ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૨૯.**

---

૧. નિઃશંકિત = સંદેહ અથવા ભય રહિત.
૨. શંકા = સંદેહ; કલ્પિત ભય.

यश्चतुरोऽपि पादान् छिनत्ति तान् कर्मबन्धमोहकरान्।
स निरशङ्कश्चेतयिता सम्यग्दृष्टिर्ज्ञातव्य:।। २२९ ।।

**यतो हि सम्यग्दृष्टि: टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन कर्मबन्धशङ्काकरमिथ्यात्वादिभावाभावान्निरशङ्क:, ततोऽस्य शङ्काकृतो नास्ति बन्ध:, किन्तु निर्जरैव।**

**जो दु ण करेदि कंखं कम्मफलेसु तह सव्वधम्मेसु।**
**सो णिक्कंखो चेदा सम्मादिट्ठी मुणेदव्वो।। २३० ।।**

यस्तु न करोति कांक्षां कर्मफलेषु तथा सर्वधर्मेषु।
स निष्कांक्षश्चेतयिता सम्यग्दृष्टिर्ज्ञातव्य:।। २३० ।।

---

**ગાથાર્થઃ-** [ य: चेतयिता ] જે *ચેતયિતા, [ कर्मबन्धमोहकरान् ] કર્મબંધ સંબંધી મોહ કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો ભ્રમ કરનારા) [ तान् चतुर: अपि पादान् ] મિથ્યાત્વાદિ ભાવોરૂપ ચારે પાયાને [ छिनत्ति ] છેદે છે, [ स: ] તે [ निरशङ्क: ] નિઃશંક [ सम्यग्दृष्टि: ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्य: ] જાણવો.

**ટીકાઃ-**કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે કર્મબંધ સંબંધી શંકા કરનાર (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા) મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી, નિઃશંક છે તેથી તેને શંકાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

**ભાવાર્થઃ-**સમ્યગ્દૃષ્ટિને જે કર્મનો ઉદય આવે છે તેનો તે, સ્વામિત્વના અભાવને લીધે, કર્તા થતો નથી. માટે ભયપ્રકૃતિનો ઉદય આવતાં છતાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ નિઃશંક રહે છે, સ્વરૂપથી ચ્યુત થતો નથી. આમ હોવાથી તેને શંકાકૃત બંધ થતો નથી, કર્મ રસ આપીને ખરી જાય છે.

હવે નિઃકાંક્ષિત ગુણની ગાથા કહે છેઃ-

**જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,**
**ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૦.**

**ગાથાર્થઃ-** [ य: चेतयिता ] જે ચેતયિતા [ कर्मफलेषु ] કર્મોનાં ફળો પ્રત્યે [ तथा ] તથા [ सर्वधर्मेषु ] સર્વ ધર્મો પ્રત્યે [ कांक्षां ] કાંક્ષા [ न तु करोति ] કરતો નથી [ स: ] તે [ निष्कांक्ष: सम्यग्दृष्टि: ] નિષ્કાંક્ષ સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्य: ] જાણવો.

---

* ચેતયિતા = ચેતનાર; જાણનાર-દેખનાર; આત્મા.

यतो हि सम्यग्दष्टि: टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सर्वेष्वपि कर्मफलेषु सर्वेषु वस्तुधर्मेषु च कांक्षाभावान्निष्कांक्ष:, ततोऽस्य कांक्षाकृतो नास्ति बन्ध:, किन्तु निर्जरैव।

जो ण करेदि दुगुंछं चेदा सव्वेसिमेव धम्माणं।
सो खलु णिव्विदिगिच्छो सम्मादिट्ठी मुणेदव्वो।। २३१ ।।

यो न करोति जुगुप्सां चेतयिता सर्वेषाभेव धर्माणाम्।
स खलु निर्विचिकित्स: सम्यग्दष्टिर्ज्ञातव्य:।। २३१ ।।

यतो हि सम्यग्दष्टि: टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सर्वेष्वपि वस्तुधर्मेषु जुगुप्सा-

---

**ટીકા**:-કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાંય કર્મફળો પ્રત્યે તથા બધા વસ્તુધર્મો પ્રત્યે કાંક્ષાનો (તેને) અભાવ હોવાથી, નિષ્કાંક્ષ (નિર્વાંછક) છે, તેથી તેને કાંક્ષાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

**ભાવાર્થ**:-સમ્યગ્દષ્ટિને સમસ્ત કર્મનાં ફળોની વાંછા નથી; વળી તેને સર્વ ધર્મોની વાંછા નથી, એટલે કે કનકપણું, પાષાણપણું વગેરે તેમ જ નિંદા, પ્રશંસા આદિનાં વચન વગેરે વસ્તુધર્મોની અર્થાત્ પુદ્ગલસ્વભાવોની તેને વાંછા નથી-તેમના પ્રત્યે સમભાવ છે, અથવા તો અન્યમતીઓએ માનેલા અનેક પ્રકારના સર્વથા એકાંતપક્ષી વ્યવહારધર્મોની તેને વાંછા નથી-તે ધર્મોનો આદર નથી. આ રીતે સમ્યગ્દષ્ટિ વાંછારહિત હોવાથી તેને વાંછાથી થતો બંધ નથી. વર્તમાન પીડા સહી શકાતી નથી તેથી તેને મટાડવાના ઇલાજની વાંછા સમ્યગ્દષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે, પરંતુ તે વાંછાનો કર્તા પોતે થતો નથી, કર્મનો ઉદય જાણી તેનો જ્ઞાતા જ રહે છે; માટે વાંછાકૃત બંધ તેને નથી.

હવે નિર્વિચિકિત્સા ગુણની ગાથા કહે છેઃ-

**સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો;**
**ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.**

**ગાથાર્થ**:- [ य: चेतयिता ] જે ચેતયિતા [ सर्वेषाम् एव ] બધાય [ धर्माणाम् ] ધર્મો (વસ્તુના સ્વભાવો) પ્રત્યે [ जुगुप्सां ] જુગુપ્સા (ગ્લાનિ) [ न करोति ] કરતો નથી [ स: ] તે [ खलु ] નિશ્ચયથી [ निर्विचिकित्स: ] નિર્વિચિકિત્સ (-વિચિકિત્સાદોષ રહિત) [ सम्यग्दष्टि: ] સમ્યગ્દષ્ટિ [ ज्ञातव्य: ] જાણવો.

**ટીકા**:-કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાય વસ્તુધર્મો પ્રત્યે જુગુપ્સાનો (તેને) અભાવ હોવાથી, નિર્વિચિકિત્સ (-જુગુપ્સા રહિત

**भावान्निर्विचिकित्सः, ततोऽस्य विचिकित्साकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।**

**जो हवदि असम्मूढो चेदा सद्दिट्ठि सव्वभावेसु।**
**सो खलु अमूढदिट्ठी सम्मादिट्ठी मुणेदव्वो।। २३२ ।।**

**यो भवति असम्मूढः चेतयिता सद्दृष्टिः सर्वभावेषु।**
**स खलु अमूढदृष्टिः सम्यग्दृष्टिर्ज्ञातव्यः।। २३२ ।।**

**यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सर्वेष्वपि भावेषु मोहाभावादमूढदृष्टिः, ततोऽस्य मूढदृष्टिकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।**

---

છે, તેથી તેને વિચિકિત્સાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

**ભાવાર્થઃ**-સમ્યગ્દષ્ટિ વસ્તુના ધર્મો પ્રત્યે (અર્થાત્ ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ આદિ ભાવો પ્રત્યે તથા વિષ્ટા આદિ મલિન દ્રવ્યો પ્રત્યે) જુગુપ્સા કરતો નથી. જુગુપ્સા નામની કર્મપ્રકૃતિનો ઉદય આવે છે તોપણ પોતે તેનો કર્તા થતો નથી તેથી જુગુપ્સાકૃત બંધ તેને થતો નથી, પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જાય છે તેથી નિર્જરા જ થાય છે.

હવે અમૂઢદષ્ટિ અંગની ગાથા કહે છેઃ–

**સંમૂઢ નહિ જે સર્વ ભાવે, -સત્ય દષ્ટિ ધારતો,**
**તે મૂઢદષ્ટિરહિત સમકિતદષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.**

**ગાથાર્થઃ**- [ यः चेतयिता ] જે ચેતયિતા [ सर्वभावेषु ] સર્વ ભાવોમાં [ असम्मूढः ] અમૂઢ છે– [ सद्दृष्टिः ] યથાર્થ દષ્ટિવાળો [ भवति ] છે, [ सः ] તે [ खलु ] ખરેખર [ अमूढदृष्टिः ] અમૂઢદષ્ટિ [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**ટીકાઃ**-કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાય ભાવોમાં મોહનો (તેને) અભાવ હોવાથી, અમૂઢદષ્ટિ છે, તેથી તેને મૂઢદષ્ટિકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

**ભાવાર્થઃ**-સમ્યગ્દષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે; તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી તેની કોઈ પદાર્થ પર અયથાર્થ દષ્ટિ પડતી નથી. ચારિત્રમોહના ઉદયથી ઇષ્ટાનિષ્ટ ભાવો ઊપજે તોપણ તેને ઉદયનું બળવાનપણું જાણીને તે ભાવોનો પોતે કર્તા થતો નથી તેથી તેને મૂઢદષ્ટિકૃત બંધ થતો નથી પરંતુ

**जो सिद्धभत्तिजुत्तो उवगूहणगो दु सव्वधम्माणं।**
**सो उवगूहणकारी सम्मादिट्ठी मुणेदव्वो।। २३३ ।।**

यः सिद्धभक्तियुक्तः उपगूहनकस्तु सर्वधर्माणाम्।
स उपगूहनकारी सम्यग्दृष्टिर्ज्ञातव्यः।। २३३ ।।

**यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन समस्तात्मशक्तीनामुपबृंहणादुपबृंहकः, ततोऽस्य जीवशक्तिदौर्बल्यकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।**

---

પ્રકૃતિ રસ દઈને ખરી જતી હોવાથી નિર્જરા જ થાય છે.

હવે ઉપગૂહન ગુણની ગાથા કહે છેઃ–

**જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,**
**ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૩.**

**ગાથાર્થઃ**- [ यः ] જે ( ચેતયિતા ) [ सिद्धभक्तियुक्तः ] સિદ્ધની ( શુદ્ધાત્માની ) ભક્તિ સહિત છે [ तु ] અને [ सर्वधर्माणाम् उपगूहनकः ] પર વસ્તુના સર્વ ધર્મોને ગોપવનાર છે ( અર્થાત્ રાગાદિ પરભાવોમાં જોડાતો નથી ) [ सः ] તે [ उपगूहनकारी ] ઉપગૂહનકારી [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**ટીકાઃ**-કારણ કે સમ્યગ્દ્રષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી, ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે, તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી ( અર્થાત્ મંદતાથી ) થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

**ભાવાર્થઃ**-સમ્યગ્દ્રષ્ટિ ઉપગૂહનગુણ સહિત છે. ઉપગૂહન એટલે ગોપવવું તે. અહીં નિશ્ચયનયને પ્રધાન કરીને કહ્યું છે કે સમ્યગ્દ્રષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડેલો છે, અને જ્યાં ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડયો ત્યાં અન્ય ધર્મો પર દ્રષ્ટિ જ ન રહી તેથી તે સર્વ અન્ય ધર્મોનો ગોપવનાર છે અને આત્મશક્તિનો વધારનાર છે.

આ ગુણનું બીજું નામ ‘ઉપબૃંહણ’ પણ છે. ઉપબૃંહણ એટલે વધારવું તે. સમ્યગ્દ્રષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધના સ્વરૂપમાં જોડેલો હોવાથી તેના આત્માની સર્વ શક્તિઓ વધે છે-આત્મા પુષ્ટ થાય છે માટે તે ઉપબૃંહણગુણવાળો છે.

આ રીતે સમ્યગ્દ્રષ્ટિને આત્મશક્તિની વૃદ્ધિ થતી હોવાથી તેને દુર્બળતાથી જે બંધ થતો હતો તે થતો નથી, નિર્જરા જ થાય છે. જોકે જ્યાં સુધી અંતરાયનો

उम्मग्गं गच्छंतं सगं पि मग्गे ठवेदि जो चेदा।
सो ठिदिकरणाजुत्तो सम्मादिट्ठी मुणेदव्वो।। २३४ ।।

उन्मार्गं गच्छन्तं स्वकमपि मार्गे स्थापयति यश्चेतयिता।
स स्थितिकरणयुक्तः सम्यग्दृष्टिर्ज्ञातव्यः।। २३४ ।।

**यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन मार्गात्प्रच्युतस्यात्मनो मार्गे एव स्थितिकरणात् स्थितिकारी, ततोऽस्य मार्गच्यवनकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।**

---

ઉદય છે ત્યાં સુધી નિર્બળતા છે તોપણ તેના અભિપ્રાયમાં નિર્બળતા નથી, પોતાની શક્તિ અનુસાર કર્મના ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે.

હવે સ્થિતિકરણ ગુણની ગાથા કહે છેઃ-

ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૪.

**ગાથાર્થઃ-** [ यः चेतयिता ] જે ચેતયિતા [ उन्मार्गं गच्छन्तं ] ઉન્માર્ગે જતા [ स्वकम् अपि ] પોતાના આત્માને પણ [ मार्गे ] માર્ગમાં [ स्थापयति ] સ્થાપે છે, [ सः ] તે [ स्थितिकरणयुक्तः ] સ્થિતિકરણયુક્ત (સ્થિતિકરણગુણ સહિત) [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**ટીકાઃ-**કારણ કે સમ્યગ્દ્રષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે, જો પોતાનો આત્મા માર્ગથી (અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી) ચ્યુત થાય તો તેને માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી, સ્થિતિકારી છે, તેથી તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

**ભાવાર્થઃ-**જે, પોતાના સ્વરૂપરૂપી મોક્ષમાર્ગથી ચ્યુત થતા પોતાના આત્માને માર્ગમાં (મોક્ષમાર્ગમાં) સ્થિત કરે તે સ્થિતિકરણગુણયુક્ત છે. તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી પરંતુ ઉદય આવેલાં કર્મ રસ દઈને ખરી જતાં હોવાથી નિર્જરા જ છે.

**जो कुणदि वच्छलत्तं तिण्हं साहूण मोक्खमग्गम्हि।**
**सो वच्छलभावजुदो सम्मादिट्ठी मुणेदव्वो।। २३५ ।।**

यः करोति वत्सलत्वं त्रयाणां साधूनां मोक्षमार्गे।
स वत्सलभावयुतः सम्यग्दृष्टिर्ज्ञातव्यः।। २३५ ।।

**यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सम्यग्दर्शनज्ञानचारित्राणां स्वस्मादभेदबुद्ध्या सम्यग्दर्शनान्मार्गवत्सलः, ततोऽस्य मार्गानुपलम्भकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।**

---

હવે વાત્સલ્ય ગુણની ગાથા કહે છેઃ–

**જે મોક્ષમાર્ગે ' સાધુ 'ત્રયનું વત્સલત્વ કરે અહો!**
**ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫.**

**ગાથાર્થઃ-** [ यः ] જે ( ચેતયિતા ) [ मोक्षमार्गे ] મોક્ષમાર્ગમાં રહેલા [ त्रयाणां साधूनां ] સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણ સાધકો-સાધનો પ્રત્યે ( અથવા વ્યવહારે આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ-એ ત્રણ સાધુઓ પ્રત્યે ) [ वत्सलत्वं करोति ] વાત્સલ્ય કરે છે, [ सः ] તે [ वत्सलभावयुतः ] વત્સલભાવયુક્ત ( વત્સલભાવ સહિત ) [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**ટીકાઃ-**કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખતો ( -અનુભવતો ) હોવાથી, માર્ગવત્સલ અર્થાત્ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે, તેથી તેને માર્ગની *અનુપલબ્ધિથી થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

**ભાવાર્થઃ-**વત્સલપણું એટલે પ્રીતિભાવ. જે જીવ મોક્ષમાર્ગરૂપી પોતાના સ્વરૂપ પ્રત્યે પ્રીતિવાળો-અનુરાગવાળો હોય તેને માર્ગની અપ્રાપ્તિથી થતો બંધ નથી, કર્મ રસ દઈને ખરી જતાં હોવાથી નિર્જરા જ છે.

---

* અનુપલબ્ધિ = પ્રત્યક્ષ ન હોવું તે; અજ્ઞાન; અપ્રાપ્તિ.

**विज्जारहमारूढो मणोरहपहेसु भमइ जो चेदा।**
**सो जिणणाणपहावी सम्मादिट्ठी मुणेदव्वो।। २३६ ।।**

**विद्यारथमारूढः मनोरथपथेषु भ्रमति यश्चेतयिता।**
**स जिनज्ञानप्रभावी सम्यग्दृष्टिर्ज्ञातव्यः।। २३६ ।।**

**यतो हि सम्यग्दृष्टिः, टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन ज्ञानस्य समस्तशक्तिप्रबोधेन प्रभावजननात्प्रभावनाकरः, ततोऽस्य ज्ञानप्रभावनाऽप्रकर्षकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।**

---

હવે પ્રભાવના ગુણની ગાથા કહે છેઃ–

**ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિધારથારૂઢ ઘૂમતો,**
**તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૬.**

**ગાથાર્થઃ–** [ यः चेतयिता ] જે ચેતયિતા [ विद्यारथम् आरूढः ] વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો (–ચડયો થકો) [ मनोरथपथेषु ] મનરૂપી રથ-પંથમાં (અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં) [ भ्रमति ] ભ્રમણ કરે છે, [ सः ] તે [ जिनज्ञानप्रभावी ] જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**ટીકાઃ–**કારણ કે સમ્યગ્દ્રષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે જ્ઞાનની સમસ્ત શક્તિને પ્રગટ કરવા–વિકસાવવા–ફેલાવવા વડે પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી, પ્રભાવના કરનાર છે, તેથી તેને જ્ઞાનની પ્રભાવનાના અપ્રકર્ષથી (અર્થાત્ જ્ઞાનની પ્રભાવના નહિ વધારવાથી) થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

**ભાવાર્થઃ–**પ્રભાવના એટલે પ્રગટ કરવું, ઉદ્યોત કરવો વગેરે; માટે જે પોતાના જ્ઞાનને નિરંતર અભ્યાસથી પ્રગટ કરે છે–વધારે છે, તેને પ્રભાવના અંગ હોય છે. તેને અપ્રભાવનાકૃત કર્મબંધ નથી, કર્મ રસ દઈને ખરી જાય છે તેથી નિર્જરા જ છે.

આ ગાથામાં નિશ્ચયપ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે. જેમ જિનબિંબને રથમાં સ્થાપીને નગર, વન વગેરેમાં ફેરવી વ્યવહારપ્રભાવના કરવામાં આવે છે, તેમ જે વિદ્યારૂપી (જ્ઞાનરૂપી) રથમાં આત્માને સ્થાપી મનરૂપી (જ્ઞાનરૂપી) માર્ગમાં ભ્રમણ કરે તે જ્ઞાનની પ્રભાવનાયુક્ત સમ્યગ્દ્રષ્ટિ છે, તે નિશ્ચયપ્રભાવના કરનાર છે.

આ પ્રમાણે ઉપરની ગાથાઓમાં સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીને નિઃશંકિત આદિ આઠ

( मन्दाक्रान्ता )

**रुन्धन् बन्धं नवमिति निजैः सङ्गतोऽष्टाभिरङ्गैः**
**प्राग्बद्धं तु क्षयमुपनयन् निर्जरोज्जृम्भणेन।**

---

ગુણો નિર્જરાનાં કારણ કહ્યા. એવી જ રીતે અન્ય પણ સમ્યક્ત્વના ગુણો નિર્જરાનાં કારણ જાણવા.

આ ગ્રંથમાં નિશ્ચયનયપ્રધાન કથન હોવાથી નિઃશંકિત આદિ ગુણોનું નિશ્ચય સ્વરૂપ ( સ્વ-આશ્રિત સ્વરૂપ ) અહીં બતાવવામાં આવ્યું છે. તેનો સંક્ષેપ ( સારાંશ ) આ પ્રમાણે છે-જે સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાનાં જ્ઞાન-શ્રદ્ધાનમાં નિઃશંક હોય, ભયના નિમિત્તે સ્વરૂપથી ડગે નહિ અથવા સંદેહયુક્ત ન થાય, તેને નિઃશંકિત ગુણ હોય છે. ૧. જે કર્મના ફળની વાંછા ન કરે તથા અન્ય વસ્તુના ધર્મોની વાંછા ન કરે, તેને નિઃકાંક્ષિત ગુણ હોય છે. ૨. જે વસ્તુના ધર્મો પ્રત્યે ગ્લાનિ ન કરે, તેને નિર્વિચિકિત્સા ગુણ હોય છે. ૩. જે સ્વરૂપમાં મૂઢ ન હોય, સ્વરૂપને યથાર્થ જાણે, તેને અમૂઢદૃષ્ટિ ગુણ હોય છે. ૪. જે આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે, આત્માની શક્તિ વધારે, અન્ય ધર્મોને ગૌણ કરે, તેને ઉપગૂહન ગુણ હોય છે. ૫. જે સ્વરૂપથી ચ્યુત થતા આત્માને સ્વરૂપમાં સ્થાપે, તેને સ્થિતિકરણ ગુણ હોય છે. ૬. જે પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ અનુરાગ રાખે, તેને વાત્સલ્ય ગુણ હોય છે. ૭. જે આત્માના જ્ઞાનગુણને પ્રકાશિત કરે-પ્રગટ કરે, તેને પ્રભાવના ગુણ હોય છે. ૮. આ બધાય ગુણો તેમના પ્રતિપક્ષી દોષો વડે જે કર્મબંધ થતો હતો તેને થવા દેતા નથી. વળી આ ગુણોના સદ્ભાવમાં, ચારિત્રમોહના ઉદયરૂપ શંકાદિ પ્રવર્તે તોપણ તેમની ( -શંકાદિની ) નિર્જરા જ થઈ જાય છે, નવો બંધ થતો નથી; કારણ કે બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.

સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં ચારિત્રમોહના ઉદયનિમિત્તે સમ્યગ્દૃષ્ટિને જે બંધ કહ્યો છે તે પણ નિર્જરારૂપ જ ( -નિર્જરા સમાન જ ) જાણવો કારણ કે સમ્યગ્દૃષ્ટિને જેમ પૂર્વે મિથ્યાત્વના ઉદય વખતે બંધાયેલું કર્મ ખરી જાય છે તેમ નવીન બંધાયેલું કર્મ પણ ખરી જાય છે; તેને તે કર્મના સ્વામીપણાનો અભાવ હોવાથી તે આગામી બંધરૂપ નથી, નિર્જરારૂપ જ છે. જેવી રીતે-કોઈ પુરુષ પરાયું દ્રવ્ય ઉધાર લાવે તેમાં તેને મમત્વબુદ્ધિ નથી, વર્તમાનમાં તે દ્રવ્યથી કાંઈ કાર્ય કરી લેવું હોય તે કરીને કરાર પ્રમાણે નિયત સમયે ધણીને આપી દે છે; નિયત સમય આવતાં સુધી તે દ્રવ્ય પોતાના ઘરમાં પડયું રહે તોપણ તે પ્રત્યે મમત્વ નહિ હોવાથી તે પુરુષને તે દ્રવ્યનું બંધન નથી, ધણીને દઈ દીધા બરાબર જ છે; તેવી જ રીતે-જ્ઞાની કર્મદ્રવ્યને પરાયું જાણતો હોવાથી તેને તે પ્રત્યે મમત્વ નથી માટે તે મોજૂદ હોવા છતાં નિર્જરી ગયા સમાન જ છે એમ જાણવું.

**सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं**
**ज्ञानं भूत्वा नटति गगनाभोगरङ्गं विगाह्य।।१६२ ।।**

---

આ નિઃશંકિત આદિ આઠ ગુણો વ્યવહારનયે વ્યવહારમોક્ષમાર્ગ પર નીચે પ્રમાણે લગાવવાઃ-જિનવચનમાં સંદેહ ન કરવો, ભય આવ્યે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રથી ડગવું નહિ, તે નિઃશંકિતપણું છે. ૧. સંસાર -દેહ-ભોગની વાંછાથી તથા પરમતની વાંછાથી વ્યવહારમોક્ષમાર્ગથી ડગવું નહિ તે નિષ્કાંક્ષિતપણું છે. ૨. અપવિત્ર, દુર્ગંધવાળી- એવી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરવી તે નિર્વિચિકિત્સા છે. ૩. દેવ, ગુરુ, શાસ્ત્ર, લોકની પ્રવૃત્તિ, અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ-ઇત્યાદિમાં મૂઢતા ન રાખવી, યથાર્થ જાણી પ્રવર્તવું તે અમૂઢદ્રષ્ટિ છે. ૪. ધર્માત્મામાં કર્મના ઉદયથી દોષ આવી જાય તો તેને ગૌણ કરવો અને વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિને વધારવી તે ઉપગૂહન અથવા ઉપબૃંહણ છે. ૫. વ્યવહારમોક્ષમાર્ગથી ચ્યુત થતા આત્માને સ્થિત કરવો તે સ્થિતિકરણ છે. ૬. વ્યવહારમોક્ષમાર્ગમાં પ્રવર્તનાર પર વિશેષ અનુરાગ હોવો તે વાત્સલ્ય છે. ૭. વ્યવહારમોક્ષમાર્ગનો અનેક ઉપાયો વડે ઉદ્યોત કરવો તે પ્રભાવના છે. ૮. આ પ્રમાણે આઠે ગુણોનું સ્વરૂપ વ્યવહારનયને પ્રધાન કરીને કહ્યું. અહીં નિશ્ચયપ્રધાન કથનમાં તે વ્યવહારસ્વરૂપની ગૌણતા છે. સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણદ્રષ્ટિમાં બન્ને પ્રધાન છે. સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.

હવે, નિર્જરાનું યથાર્થ સ્વરૂપ જાણનાર અને કર્મના નવીન બંધને રોકી નિર્જરા કરનાર જે સમ્યગ્દ્રષ્ટિ તેનો મહિમા કરી નિર્જરા અધિકાર પૂર્ણ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इति नवम् बन्धं रुन्धन् ] એ પ્રમાણે નવીન બંધને રોક્તો અને [ निजैः अष्टाभिः अङ्गैः सङ्गतः निर्जरा-उज्जृम्भणेन प्राग्बद्धं तु क्षयम् उपनयन् ] ( પોતે ) પોતાનાં આઠ અંગો સહિત હોવાના કારણે નિર્જરા પ્રગટવાથી પૂર્વબદ્ધ કર્મોને નાશ કરી નાખતો [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિ જીવ [ स्वयम् ] પોતે [ अतिरसात् ] અતિ રસથી ( અર્થાત્ નિજરસમાં મસ્ત થયો થકો ) [ आदि-मध्य-अन्तमुक्तं ज्ञानं भूत्वा ] આદિ-મધ્ય-અંત રહિત ( સર્વવ્યાપક, એકપ્રવાહરૂપ ધારાવાહી ) જ્ઞાનરૂપ થઈને [ गगन-आभोग-रङ्गं विगाह्य ] આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને ( અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને ) [ नटति ] નૃત્ય કરે છે.

**ભાવાર્થઃ-**સમ્યગ્દ્રષ્ટિને શંકાદિકૃત નવીન બંધ તો થતો નથી અને પોતે આઠ અંગો સહિત હોવાને લીધે નિર્જરાનો ઉદય હોવાથી તેને પૂર્વ બંધનો નાશ થાય છે. તેથી તે ધારાવાહી જ્ઞાનરૂપી રસનું પાન કરીને, જેમ કોઈ પુરુષ મદ્ય પીને મગ્ન થયો થકો નૃત્યના અખાડામાં નૃત્ય કરે તેમ, નિર્મળ આકાશરૂપી રંગભૂમિમાં નૃત્ય કરે છે.

**इति निर्जरा निष्क्रान्ता।**

---

**પ્રશ્નઃ-** સમ્યગ્દષ્ટિને નિર્જરા થાય છે, બંધ થતો નથી એમ તમે કહેતા આવ્યા છો. પરંતુ સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં અવિરત સમ્યગ્દષ્ટિ વગેરેને બંધ કહેવામાં આવ્યો છે. વળી ઘાતીકર્મોનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવાનું છે તેથી દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય-એ ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે. ચારિત્રમોહનો ઉદય નવીન બંધ પણ કરે છે. જો મોહના ઉદયમાં પણ બંધ ન માનવામાં આવે તો તો મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય હોવા છતાં બંધ નથી એમ પણ કેમ ન મનાય ?

**સમાધાનઃ-** બંધ થવામાં મુખ્ય કારણ મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય જ છે; અને સમ્યગ્દષ્ટિને તો તેમના ઉદયનો અભાવ છે. ચારિત્રમોહના ઉદયથી જોકે સુખગુણનો ઘાત છે તથા મિથ્યાત્વ-અનંતાનુબંધી સિવાય અને તેમની સાથે રહેનારી અન્ય પ્રકૃતિઓ સિવાય બાકીની ઘાતિકર્મોની પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ તેમ જ બાકીની અઘાતિકર્મોની પ્રકૃતિઓનો બંધ થાય છે, તોપણ જેવો મિથ્યાત્વ-અનંતાનુબંધી સહિત થાય છે તેવો નથી થતો. અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ-અનંતાનુબંધી જ છે; તેમનો અભાવ થયા પછી તેમનો બંધ થતો નથી; અને જ્યાં આત્મા જ્ઞાની થયો ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે ? વૃક્ષની જડ કપાયા પછી લીલાં પાંદડા રહેવાની અવધિ કેટલી ? માટે આ અધ્યાત્મશાસ્ત્રમાં સામાન્યપણે જ્ઞાની-અજ્ઞાની હોવા વિષે જ પ્રધાન કથન છે. જ્ઞાની થયા પછી જે કાંઈ કર્મ રહ્યાં હોય તે સહજ જ મટતાં જવાનાં. નીચેના દૃષ્ટાંત પ્રમાણે જ્ઞાનીનું સમજવું. કોઈ પુરુષ દરિદ્ર હોવાથી ઝૂંપડીમાં રહેતો હતો. તેને ભાગ્યના ઉદયથી ધન સહિત મોટા મહેલની પ્રાપ્તિ થઈ તેથી તે મહેલમાં રહેવા ગયો. જોકે તે મહેલમાં ઘણા દિવસનો કચરો ભર્યો હતો તોપણ જે દિવસે તેણે આવીને મહેલમાં પ્રવેશ કર્યો તે દિવસથી જ તે મહેલનો ધણી બની ગયો, સંપદાવાન થઈ ગયો. હવે કચરો ઝાડવાનો છે તે અનુક્રમે પોતાના બળ અનુસાર ઝાડે છે. જ્યારે બધો કચરો ઝડાઈ જશે અને મહેલ ઉજ્જ્વળ બની જશે ત્યારે તે પરમાનંદ ભોગવશે. આવી જ રીતે જ્ઞાનીનું જાણવું. ૧૬૨.

**ટીકાઃ-**આ પ્રમાણે નિર્જરા ( રંગભૂમિમાંથી ) બહાર નીકળી ગઈ.

**ભાવાર્થઃ-**એ રીતે, નિર્જરા કે જેણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો તે પોતાનું સ્વરૂપ પ્રગટ બતાવીને બહાર નીકળી ગઈ.

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ निर्जराप्ररूपक: षष्ठोऽङ्क:।।**

---

સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,
કર્મ નવીન બંધૈ ન તવૈ અર પૂરવ બંધ ઝડૈ વિન ભાયે;
પૂરણ અંગ સુદર્શનરૂપ ધરૈ નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,
યોં શિવમારગ સાધિ નિરંતર આનંદરૂપ નિજાતમ થાયે.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં નિર્જરાનો પ્રરૂપક છઠ્ઠો અંક સમાપ્ત થયો.

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

卐 –૭– 卐

# બંધ અધિકાર

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

**अथ प्रविशति बन्धः।**

( शार्दूलविक्रीडित )

**रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्**
**क्रीडन्तं रसभावनिर्भरमहानाट्येन बन्धं धुनत्।**
**आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाटयद्**
**धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं समुन्मज्जति।। १६३ ।।**

---

રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય,
તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય.

પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે બંધ પ્રવેશ કરે છે'. જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂર કરતું પ્રગટ થાય છે એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ राग–उद्गार–महारसेन सकलं जगत् प्रमत्तं कृत्वा ] જે (બંધ) રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત્ત (–મતવાલું, ગાફેલ) કરીને, [ रस–भाव–निर्भर–महा–नाट्येन क्रीडन्तं बन्धं ] રસના ભાવથી (અર્થાત્ રાગરૂપી ઘેલછાથી) ભરેલા મોટા નૃત્ય વડે ખેલી (નાચી) રહ્યો છે એવા બંધને [ धुनत् ] ઉડાડી દેતું–દૂર કરતું, [ ज्ञानं ] જ્ઞાન [ समुन्मज्जति ] ઉદય પામે છે. કેવું છે જ્ઞાન ? [ आनन्द–अमृत–नित्य–भोजि ] આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે, [ सहज–अवस्थां स्फुटं नाटयत् ] પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે, [ धीर–उदारम् ] ધીર છે, ઉદાર (અર્થાત્ મોટા વિસ્તારવાળું, નિશ્ચળ) છે, [ अनाकुलं ] અનાકુળ (અર્થાત્ જેમાં કાંઈ આકુળતાનું કારણ નથી એવું) છે, [ निरुपधि ] નિરુપધિ (અર્થાત્ પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણત્યાગ નથી એવું) છે.

जह णाम को वि पुरिसो णेहब्भत्तो दु रेणुबहुलम्मि।
ठाणम्मि ठाइदूण य करेदि सत्थेहिं वायामं।। २३७ ।।
छिंददि भिंददि य तदा तालीतलकयलिवंसपिंडीओ।
सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।। २३८ ।।
उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो दु रयबंधो।। २३९ ।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।। २४० ।।
एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु।
रागादी उवओगे कुव्वंतो लिप्पदि रएण।। २४१ ।।

---

**ભાવાર્થઃ**-બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે, તેને ઉડાવી દઈને જે જ્ઞાન પોતે પ્રગટ થઈ નૃત્ય કરશે તે જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે. એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા તે સદા પ્રગટ રહો. ૧૬૩.

હવે બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ, બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છેઃ–

જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.

વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો; રજબંધ થાય શું કારણે ? ૨૩૯.

એમ જાણવું નિશ્ચય થકી-ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.

ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદૃષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.

यथा नाम कोऽपि पुरुषः स्नेहाभ्यक्तस्तु रेणुबहुले।
स्थाने स्थित्वा च करोति शस्त्रैर्व्यायामम्।। २३७ ।।
छिनत्ति भिनत्ति च तथा तालीतलकदलीवंशपिण्डीः।
सचित्ताचित्तानां करोति द्रव्याणामुपघातम्।। २३८ ।।
उपघातं कुर्वतस्तस्य नानाविधैः करणैः।
निश्चयतश्चिन्त्यतां खलु किम्प्रत्ययिकस्तु रजोबन्धः।। २३९ ।।
यः स तु स्नेहभावस्तस्मिन्नरे तेन तस्य रजोबन्धः।
निश्चयतो विज्ञेयं न कायचेष्टाभिः शेषाभिः।। २४० ।।
एवं मिथ्यादृष्टिर्वर्तमानो बहुविधासु चेष्टासु।
रागादीनुपयोगे कुर्वाणो लिप्यते रजसा।। २४१ ।।

**इह खलु यथा कश्चित् पुरुषः स्नेहाभ्यक्तः, स्वभावत एव रजोबहुलायां भूमौ**

---

**ગાથાર્થઃ-** [ यथा नाम ] જેવી રીતે- [ कः अपि पुरुषः ] કોઈ પુરુષ [ स्नेहाभ्यक्तः तु ] (પોતાના પર અર્થાત્ પોતાના શરીર પર) તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ લગાવીને [ च ] અને [ रेणुबहुले ] બહુ રજવાળી (ધૂળવાળી) [ स्थाने ] જગ્યામાં [ स्थित्वा ] રહીને [ शस्त्रैः ] શસ્ત્રો વડે [ व्यायामम् करोति ] વ્યાયામ કરે છે, [ तथा ] અને [ तालीतलकदलीवंशपिण्डीः ] તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને [ छिनत्ति ] છેદે છે, [ भिनत्ति च ] ભેદે છે, [ सचित्ताचित्तानां ] સચિત્ત તથા અચિત્ત [ द्रव्याणाम् ] દ્રવ્યોનો [ उपघातम् ] ઉપઘાત (નાશ) [ करोति ] કરે છે; [ नानाविधैः करणैः ] એ રીતે નાના પ્રકારનાં કરણો વડે [ उपघातं कुर्वतः ] ઉપઘાત કરતા [ तस्य ] તે પુરુષને [ रजोबन्धः तु ] રજનો બંધ (ધૂળનું ચોંટવું) [ खलु ] ખરેખર [ किम्प्रत्ययिकः ] કયા કારણે થાય છે [ निश्चयतः ] તે નિશ્ચયથી [ चिन्त्यताम् ] વિચારો. [ तस्मिन् नरे ] તે પુરુષમાં [ यः सः स्नेहभावः तु ] જે તેલ આદિનો ચીકાશભાવ છે [ तेन ] તેનાથી [ तस्य ] તેને [ रजोबन्धः ] રજનો બંધ થાય છે [ निश्चयतः विज्ञेयं ] એમ નિશ્ચયથી જાણવું, [ शेषाभिः कायचेष्टाभिः ] શેષ કાયાની ચેષ્ટાઓથી [ न ] નથી થતો. [ एवं ] એવી રીતે- [ बहुविधासु चेष्टासु ] બહુ પ્રકારની ચેષ્ટાઓમાં [ वर्तमानः ] વર્તતો [ मिथ्यादृष्टिः ] મિથ્યાદૃષ્ટિ [ उपयोगे ] (પોતાના) ઉપયોગમાં [ रागादीन् कुर्वाणः ] રાગાદિ ભાવોને કરતો થકો [ रजसा ] કર્મરૂપી રજથી [ लिप्यते ] લેપાય છે-બંધાય છે.

**ટીકાઃ-**જેવી રીતે-આ જગતમાં ખરેખર કોઈ પુરુષ સ્નેહના (અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના) મર્દનયુક્ત થયેલો, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી

**स्थितः, शस्त्रव्यायामकर्म कुर्वाणः, अनेकप्रकारकरणैः सचित्ताचित्तवस्तूनि निघ्नन्, रजसा बध्यते। तस्य कतमो बन्धहेतुः? न तावत्स्वभावत एव रजोबहुला भूमिः, स्नेहानभ्यक्तानामपि तत्रस्थानां तत्प्रसङ्गात्। न शस्त्रव्यायामकर्म, स्नेहानभ्यक्तानामपि तस्मात् तत्प्रसङ्गात्। नानेकप्रकारकरणानि, स्नेहानभ्यक्तानामपि तैस्तत्प्रसङ्गात्। न सचित्ताचित्तवस्तूपघातः, स्नेहानभ्यक्तानामपि तस्मिंस्तत्प्रङ्गात्। ततो न्यायबलेनैवैतदायातं, यत्तस्मिन् पुरुषे स्नेहाभ्यङ्गकरणं स बन्धहेतुः। एवं मिथ्यादृष्टिः आत्मनि रागादीन् कुर्वाणः, स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुले लोके कायवाङ्मनःकर्म कुर्वाणः, अनेकप्रकारकरणैः सचित्ताचित्तवस्तूनि, निघ्नन्, कर्मरजसा बध्यते। तस्य कतमो बन्धहेतुः? न तावत्स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुलो लोकः, सिद्धानामपि तत्रस्थानां**

---

છે (અર્થાત્ બહુ રજવાળી છે) એવી ભૂમિમાં રહેલો, શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ (અર્થાત્ શસ્ત્રોના અભ્યાસરૂપી ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, (તે ભૂમિની) રજથી બંધાય છે-લેપાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે? પ્રથમ, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે એવી ભૂમિ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા પુરુષો કે જેઓ તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે. શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ શસ્ત્રવ્યાયામરૂપી ક્રિયા કરવાથી રજબંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ અનેક પ્રકારનાં કરણોથી રજબંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે. માટે ન્યાયના બળથી જ આ ફલિત થયું (-સિદ્ધ થયું) કે, જે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ (અર્થાત્ તે પુરુષમાં જે તેલ આદિના મર્દનનું કરવું), તે બંધનું કારણ છે. તેવી રીતે-મિથ્યાદ્રષ્ટિ પોતામાં રાગાદિક (-રાગાદિભાવો-) કરતો, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો છે એવા લોકમાં કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ કયું છે? પ્રથમ, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો છે એવો લોક બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે તેમને પણ

**तत्प्रसङ्गात्। न कायवाङ्मनःकर्म, यथाख्यातसंयतानामपि तत्प्रसङ्गात्। नानेकप्रकारकरणानि, केवलज्ञानिनामपि तत्प्रसङ्गात्। न सचित्ताचित्तवस्तूपघातः, समितितत्पराणामपि तत्प्रसङ्गात्। ततो न्यायबलेनैवैतदायातं, यदुपयोगे रागादिकरणं स बन्धहेतुः।**

---

બંધનો પ્રસંગ આવે. કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયાસ્વરૂપ યોગ) પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો યથાખ્યાત-સંયમીઓને પણ (કાય-વચન-મનની ક્રિયા હોવાથી) બંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીઓને પણ (તે કરણોથી) બંધનો પ્રસંગ આવે. સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેઓ સમિતિમાં તત્પર છે તેમને (અર્થાત્ જેઓ યત્નપૂર્વક પ્રવર્તે છે એવા સાધુઓને) પણ (સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી) બંધનો પ્રસંગ આવે. માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે, જે ઉપયોગમાં રાગાદિકરણ (અર્થાત્ ઉપયોગમાં જે રાગાદિકનું કરવું), તે બંધનું કારણ છે.

**ભાવાર્થઃ**-અહીં નિશ્ચયનય પ્રધાન કરીને કથન છે. જ્યાં નિર્બાધ હેતુથી સિદ્ધિ થાય તે જ નિશ્ચય છે. બંધનું કારણ વિચારતાં નિર્બાધપણે એ જ સિદ્ધ થયું કે-મિથ્યાદ્રષ્ટિ પુરુષ જે રાગદ્વેષમોહભાવોને પોતાના ઉપયોગમાં કરે છે તે રાગાદિક જ બંધનું કારણ છે. તે સિવાય બીજાં-બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, મન-વચન-કાયના યોગ, અનેક કરણો તથા ચેતન-અચેતનનો ઘાત-બંધનાં કારણ નથી; જો તેમનાથી બંધ થતો હોય તો સિદ્ધોને, યથાખ્યાત ચારિત્રવાળાઓને, કેવળજ્ઞાનીઓને અને સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓને બંધનો પ્રસંગ આવે છે. પરંતુ તેમને તો બંધ થતો નથી. તેથી આ હેતુઓમાં (-કારણોમાં) વ્યભિચાર આવ્યો. માટે બંધનું કારણ રાગાદિક જ છે એ નિશ્ચય છે.

અહીં સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું અને અવિરત, દેશવિરતનું નામ ન લીધું તેનું કારણ એ છે કે-અવિરત તથા દેશવિરતને બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ નથી તેથી ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે; માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું. બાકી અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.

( पृथ्वी )

**न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा**
**न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृत्।**
**यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः**
**स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्।। १६४ ।।**

**जह पुण सो चेव णरो णेहे सव्वम्हि अवणिदे संते**
**रेणुबहुलम्मि ठाणे करेदि सत्थेहिं वायामं।। २४२ ।।**
**छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।**
**सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।। २४३ ।।**

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ बन्धकृत् ] કર્મબંધ કરનારું કારણ, [ न कर्मबहुलं जगत् ] નથી બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, [ न चलनात्मकं कर्म वा ] નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), [ न नैककरणानि ] નથી અનેક પ્રકારનાં કરણો [ वा न चिद्–अचिद्–वधः ] કે નથી ચેતન-અચેતનનો ઘાત. [ उपयोगभूः रागादिभिः यद्–ऐक्यम् समुपयाति ] 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐકય પામે છે [ सः एव केवलं ] તે જ એક (–માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ–) [ किल ] ખરેખર [ नृणाम् बन्धहेतुः भवति ] પુરુષોને બંધનું કારણ છે.

**ભાવાર્થઃ-**અહીં નિશ્ચયનયથી એક રાગાદિકને જ બંધનું કારણ કહ્યું છે. ૧૬૪.

સમ્યગ્દ્રષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી, ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી–એમ હવે કહે છેઃ–

**જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂર કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.**

**વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.**

उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।
णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो ण रयबंधो।। २४४ ।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।। २४५ ।।
एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु।
अकरंतो उवओगे रागादी ण लिप्पदि रएण।। २४६ ।।

यथा पुनः स चैव नरः स्नेहे सर्वस्मिन्नपनीते सति।
रेणुबहुले स्थाने करोति शस्त्रैर्व्यायामम्।। २४२ ।।
छिनत्ति भिनत्ति च तथा तालीतलकदलीवंशपिण्डीः।
सचित्ताचित्तानां करोति द्रव्याणामुपघातम्।। २४३ ।।
उपघातं कुर्वतस्तस्य नानाविधैः करणैः।
निश्चयतश्चिन्त्यतां खलु किम्प्रत्ययिको न रजोबन्धः।। २४४ ।।
यः स तु स्नेहभावस्तस्मिन्नरे तेन तस्य रजोबन्धः।
निश्चयतो विज्ञेयं न कायचेष्टाभिः शेषाभिः।। २४५ ।।
एवं सम्यग्दृष्टिर्वर्तमानो बहुविधेषु योगेषु।
अकुर्वन्नुपयोगे रागादीन् न लिप्यते रजसा।। २४६ ।।

---

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે? ૨૪૪.

એમ જાણવું નિશ્ચય થકી–ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.

યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દૃષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

**ગાથાર્થઃ**– [ यथा पुनः ] વળી જેવી રીતે– [ सः च एव नरः ] તે જ પુરુષ, [ सर्वस्मिन् स्नेहे ] સમસ્ત તેલ આદિ સ્નિગ્ધ પદાર્થને [ अपनीते सति ] દૂર કરવામાં આવતાં, [ रेणबहुले ] બહુ રજવાળી [ स्थाने ] જગ્યામાં [ शस्त्रैः ] શસ્ત્રો વડે

**यथा स एव पुरुषः, स्नेहे सर्वस्मिन्नपनीते सति, तस्यामेव स्वभावत एव रजोबहुलायां भूमौ तदेव शस्त्रव्यायामकर्म कुर्वाणः, तैरेवानेकप्रकारकरणैस्तान्येव सचित्ताचित्तवस्तूनि निघ्नन्, रजसा न बध्यते, स्नेहाभ्यङ्गस्य बन्धहेतोरभावात्; तथा सम्यग्दृष्टिः, आत्मनि रागादीनकुर्वाणः सन्, तस्मिन्नेव स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुले लोके तदेव कायवाङ्मनःकर्म कुर्वाणः, तैरेवानेकप्रकारकरणैस्तान्येव सचित्ताचित्तवस्तूनि निघ्नन्, कर्मरजसा न बध्यते, रागयोगस्य बन्धहेतोरभावात्।**

---

[ व्यायामम् करोति ] વ્યાયામ કરે છે, [ तथा ] અને [ तालीतलकदलीवंशपिण्डीः ] તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને [ छिनत्ति ] છેદે છે, [ भिनत्ति च ] ભેદે છે, [ सचित्ताचित्तानां ] સચિત્ત તથા અચિત્ત [ द्रव्याणाम् ] દ્રવ્યોનો [ उपघातम् ] ઉપઘાત [ करोति ] કરે છે; [ नानाविधैः करणैः ] એ રીતે નાના પ્રકારનાં કરણો વડે [ उपघातं कुर्वतः ] ઉપઘાત કરતા [ तस्य ] તે પુરુષને [ रजोबन्धः ] રજનો બંધ [ खलु ] ખરેખર [ किम्प्रत्ययिकः ] કયા કારણે [ न ] નથી થતો [ निश्चयतः ] તે નિશ્ચયથી [ चिन्त्यताम् ] વિચારો. [ तस्मिन् नरे ] તે પુરુષમાં [ यः सः स्नेहभावः तु ] જે તેલ આદિનો ચીકાશભાવ હોય [ तेन ] તેનાથી [ तस्य ] તેને [ रजोबन्धः ] રજનો બંધ થાય છે [ निश्चयतः विज्ञेयं ] એમ નિશ્ચયથી જાણવું, [ शेषाभिः कायचेष्टाभिः ] શેષ કાયાની ચેષ્ટાઓથી [ न ] નથી થતો. (માટે તે પુરુષમાં ચીકાશના અભાવના કારણે જ તેને રજ ચોંટતી નથી.) [ एवं ] એવી રીતે- [ बहुविधेषु योगेषु ] બહુ પ્રકારના યોગોમાં [ वर्तमानः ] વર્તતો [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિ [ उपयोगे ] ઉપયોગમાં [ रागादीन् अकुर्वन् ] રાગાદિકને નહિ કરતો થકો [ रजसा ] કર્મરજથી [ न लिप्यते ] લેપાતો નથી.

**ટીકાઃ**-જેવી રીતે તે જ પુરુષ, સમસ્ત સ્નેહને (અર્થાત્ સર્વ ચીકાશને-તેલ આદિને) દૂર કરવામાં આવતાં, તે જ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી ભૂમિમાં (અર્થાત્ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી તે જ ભૂમિમાં) તે જ શસ્ત્રવ્યાયામરૂપી કર્મ (ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, રજથી બંધાતો-લેપાતો નથી, કારણ કે તેને રજબંધનું કારણ જે તેલ આદિનું મર્દન તેનો અભાવ છે; તેવી રીતે સમ્યગ્દ્રષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો, તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલા લોકમાં તે જ કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો, તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે તેને બંધનું કારણ જે રાગનો યોગ (-રાગમાં જોડાણ) તેનો અભાવ છે.

**ભાવાર્થઃ**-સમ્યગ્દ્રષ્ટિને પૂર્વોકત સર્વ સંબંધો હોવા છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાઈ ગયું છે.

( शार्दूलविक्रीडित )

**लोक: कर्मततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्**
**तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।**
**रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन्केवलं**
**बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दगात्मा ध्रुवम्।। १६५ ।।**

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ कर्मततः लोकः सः अस्तु ] માટે તે ( પૂર્વોક્ત ) બહુ કર્મથી ( કર્મયોગ્ય પુદ્ગલોથી ) ભરેલો લોક છે તે ભલે હો, [ परिस्पन्दात्मकं कर्म तत् च अस्तु ] તે મન-વચન-કાયાના ચલનસ્વરૂપ કર્મ ( અર્થાત્ યોગ ) છે તે પણ ભલે હો, [ तानि करणानि अस्मिन् सन्तु ] તે ( પૂર્વોક્ત ) કરણો પણ તેને ભલે હો [ च ] અને [ तत् चिद्–अचिद्–व्यापादनं अस्तु ] તે ચેતન-અચેતનનો ઘાત પણ ભલે હો, પરંતુ [ अहो ] અહો! [ अयम् सम्यग्दग्–आत्मा ] આ સમ્યગ્દૃષ્ટિ આત્મા, [ रागादीन् उपयोगभूमिम् अनयन् ] રાગાદિકને ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો, [ केवलं ज्ञानं भवन् ] કેવળ ( એક ) જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો, [ कुतः अपि बन्धम् ध्रुवम् न एव उपैति ] કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો. ( અહો! દેખો! આ સમ્યગ્દર્શનનો અદ્ભુત મહિમા છે. )

**ભાવાર્થઃ-**અહીં સમ્યગ્દૃષ્ટિનું અદ્ભુત માહાત્મ્ય કહ્યું છે અને લોક, યોગ, કરણ, ચૈતન્ય-અચૈતન્યનો ઘાત-એ બંધના કારણ નથી એમ કહ્યું છે. આથી એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈ હિંસા કરવી. અહીં તો એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત પણ થઈ જાય તો તેનાથી બંધ થતો નથી. પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્ભાવ આવશે અને તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ. જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય? હોય જ. માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું. સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે. ૧૬૫.

( पृथ्वी )

**तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां**
**तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः।**
**अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां**
**द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च।। १६६ ।।**

( वसन्ततिलका )

**जानाति यः स न करोति करोति यस्तु**
**जानात्ययं न खलु तत्किल कर्मरागः।**
**रागं त्वबोधमयमध्यवसायमाहु-**
**र्मिथ्यादृशः स नियतं स च बन्धहेतुः।। १६७ ।।**

---

હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને, કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ तथापि ] તથાપિ (અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે તોપણ) [ ज्ञानिनां निरर्गलं चरितुम् न इष्यते ] જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું, [ सा निरर्गला व्यापृतिः किल तद्-आयतनम् एव ] કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે. [ ज्ञानिनां अकाम-कृत-कर्म तत् अकारणम् मतम् ] જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે તે બંધનું કારણ કહ્યું નથી, કેમ કે [ जानाति च करोति ] જાણે પણ છે અને (કર્મને) કરે પણ છે- [ द्वयं किमु न हि विरुध्यते ] એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી? (કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે.)

**ભાવાર્થઃ-**પહેલા કાવ્યમાં લોક આદિને બંધનાં કારણ ન કહ્યાં ત્યાં એમ ન સમજવું કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિને બંધના કારણોમાં સર્વથા જ નિષેધી છે; બાહ્યવ્યવહારપ્રવૃત્તિ રાગાદિ પરિણામને-બંધના કારણને-નિમિત્તભૂત છે, તે નિમિત્તપણાનો અહીં નિષેધ ન સમજવો. જ્ઞાનીઓને અબુદ્ધિપૂર્વક-વાંછા વિના-પ્રવૃત્તિ થાય છે તેથી બંધ કહ્યો નથી, તેમને કાંઈ સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી; કારણ કે મર્યાદા રહિત (અંકુશ વિના) પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે. જાણવામાં અને કરવામાં તો પરસ્પર વિરોધ છે; જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય, કર્તા થશે તો અવશ્ય બંધ થશે. ૧૬૬.

“જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી; કરવું તે તો કર્મનો રાગ છે, રાગ છે તે અજ્ઞાન છે અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે”. આવા અર્થનું કાવ્ય હવે કહે છેઃ-

**जो मण्णदि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।। २४७ ।।**

**यो मन्यते हिनस्मि च हिंस्ये च परैः सत्त्वैः।**
**स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः।। २४७ ।।**

**परजीवानहं हिनस्मि, परजीवैर्हिंस्ये चाहमित्यध्यवसायो ध्रुवमज्ञानम्। स तु यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादृष्टिः, यस्य तु नास्ति स ज्ञानित्वात्सम्यग्दृष्टिः।**

---

**શ્લોકાર્થઃ–** [ यः जानाति सः न करोति ] જે જાણે છે તે કરતો નથી [ तु ] અને [ यः करोति अयं खलु जानाति न ] જે કરે છે તે જાણતો નથી. [ तत् किल कर्मरागः ] જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે [ तु ] અને [ रागं अबोधमयम् अध्यवसायम् आहुः ] રાગને (મુનિઓએ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે; [ सः नियतं मिथ्यादृशः ] તે (અજ્ઞાનમય અધ્યવસાય) નિયમથી મિથ્યાદ્રષ્ટિને હોય છે [ च ] અને [ स बन्धहेतुः ] તે બંધનું કારણ છે. ૧૬૭.

હવે મિથ્યાદ્રષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છેઃ–

**જે માનતો–હું મારું ને પર જીવ મારે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.**

**ગાથાર્થઃ–** [ यः ] જે [ मन्यते ] એમ માને છે કે [ हिनस्मि च ] 'હું પર જીવોને મારું છું (–હણું છું) [ परैः सत्त्वैः हिंस्ये च ] અને પર જીવો મને મારે છે', [ सः ] તે [ मूढः ] મૂઢ (–મોહી) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત (અર્થાત્ આવું નથી માનતો) તે [ ज्ञानी ] જ્ઞાની છે.

**ટીકાઃ–**'પર જીવો ને હું હણું છું અને પર જીવો મને હણે છે'–એવો અધ્યવસાય ધ્રુવપણે (–નિશ્ચિતપણે, નિયમથી) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદ્રષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ છે.

**ભાવાર્થઃ–**'પર જીવોને હું મારું છું અને પર મને મારે છે' એવો આશય અજ્ઞાન છે તેથી જેને એવો આશય છે તે અજ્ઞાની છે–મિથ્યાદ્રષ્ટિ છે અને જેને એવો આશય નથી તે જ્ઞાની છે–સમ્યગ્દ્રષ્ટિ છે.

નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે કે–પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે

**कथमयमध्यवसायोऽज्ञानमिति चेत्-**

**आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।**
**आउं ण हरेसि तुमं कह ते मरणं कदं तेसिं।। २४८ ।।**
**आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।**
**आउं ण हरंति तुहं कह ते मरणं कदं तेहिं।। २४९ ।।**

आयुःक्षयेण मरणं जीवानां जिनवरैः प्रज्ञप्तम्।
आयुर्न हरसि त्वं कथं त्वया मरणं कृतं तेषाम्।। २४८ ।।
आयुःक्षयेण मरणं जीवानां जिनवरैः प्रज्ञप्तम्।
आयुर्न हरन्ति तव कथं ते मरणं कृतं तैः।। २४९ ।।

---

તે ભાવનો પોતે કર્તા કહેવાય છે. માટે પરમાર્થે કોઈ કોઈનું મરણ કરતું નથી. જે પરથી પરનું મરણ માને છે, તે અજ્ઞાની છે. નિમિત્તનૈમિત્તિકભાવથી કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન છે; તેને યથાર્થ રીતે (અપેક્ષા સમજીને) માનવું તે સમ્યગ્જ્ઞાન છે.

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેના ઉત્તરરૂપે ગાથા કહે છેઃ–

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તું આયુ તો હરતો નથી, તેં મરણ કયમ તેનું કર્યું? ૨૪૮.**

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તે આયુ તુજ હરતા નથી, તો મરણ કયમ તારું કર્યું? ૨૪૯.**

**ગાથાર્થઃ-** (હે ભાઈ! ‘હું પર જીવોને મારું છું’ એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) [ जीवानां ] જીવોનું [ मरणं ] મરણ [ आयुःक्षयेण ] આયુકર્મના ક્ષયથી થાય છે એમ [ जिनवरैः ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહ્યું છે; [ त्वं ] તું [ आयुः ] પર જીવોનું આયુકર્મ તો [ न हरसि ] હરતો નથી, [ त्वया ] તો તે [ तेषाम् मरणं ] તેમનું મરણ [ कथं ] કઈ રીતે [ कृतं ] કર્યું?

(હે ભાઈ! ‘પર જીવો મને મારે છે’ એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે.) [ जीवानां ] જીવોનું [ मरणं ] મરણ [ आयुःक्षयेण ] આયુકર્મના ક્ષયથી થાય છે

**मरणं हि तावज्जीवानां स्वायुःकर्मक्षयेणैव, तदभावे तस्य भावयितुमशक्यत्वात्; स्वायुःकर्म च नान्येनान्यस्य हर्तुं शक्यं, तस्य स्वोपभोगेनैव क्षयिमाणत्वात्; ततो न कथञ्चनापि अन्योऽन्यस्य मरणं कुर्यात्। ततो हिनस्मि, हिंस्ये चेत्यध्यवसायो ध्रुवमज्ञानम्।**

**जीवनाध्यवसायस्य तद्विपक्षस्य का वार्तेति चेत्-**

---

એમ [ जिनवरैः ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહ્યું છે; પર જીવો [ तव आयुः ] તારું આયુકર્મ તો [ न हरन्ति ] હરતા નથી, [ तैः ] તો તેમણે [ ते मरणं ] તારું મરણ [ कथं ] કઈ રીતે [ कृतं ] કર્યું ?

**ટીકાઃ**-પ્રથમ તો, જીવોને મરણ ખરેખર સ્વ-આયુકર્મના ( પોતાના આયુકર્મના ) ક્ષયથી જ થાય છે, કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં ( અર્થાત્ પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો ) મરણ કરાવું ( -થવું ) અશક્ય છે; વળી સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું હરી શકાતું નથી, કારણ કે તે ( પોતાનું આયુકર્મ ) પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે ( -નિશ્ચિતપણે ) અજ્ઞાન છે.

**ભાવાર્થઃ**-જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તો તે માન્યતા અજ્ઞાન છે. પોતાથી પરનું મરણ કરી શકાતું નથી અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી, છતાં આ પ્રાણી વૃથા એવું માને છે તે અજ્ઞાન છે. આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે.

વ્યવહાર આ પ્રમાણે છેઃ-પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય તેને જન્મ-મરણ કહેવામાં આવે છે; ત્યાં જેના નિમિત્તથી મરણ ( -પર્યાયનો વ્યય ) થાય તેના વિષે એમ કહેવામાં આવે છે કે 'આણે આને માર્યો', તે વ્યવહાર છે.

અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે. જેઓ નિશ્ચયને નથી જાણતા, તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે. તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય નયો માનવા.

ફરી પૂછે છે કે " ( મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે ) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે ? " તેનો ઉત્તર કહે છેઃ-

**जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।। २५० ।।**

यो मन्यते जीवयामि च जीव्ये च परैः सत्त्वैः।
स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः।। २५० ।।

परजीवानहं जीवयामि, परजीवैर्जीव्ये चाहमित्यध्यवसायो ध्रुवमज्ञानम्। स तु यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादृष्टिः, यस्य तु नास्ति स ज्ञानित्वात् सम्यग्दृष्टिः।

कथमयमध्यवसायोऽज्ञानमिति चेत्-

**आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू।**
**आउं च ण देसि तुमं कहं तए जीविदं कदं तेसिं।। २५१ ।।**

---

**જે માનતો-હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.**

**ગાથાર્થઃ-** [ यः ] જે જીવ [ मन्यते ] એમ માને છે કે [ जीवयामि ] હું પર જીવોને જિવાડું છું [ च ] અને [ परैः सत्त्वैः ] પર જીવો [ जीव्ये च ] મને જિવાડે છે, [ सः ] તે [ मूढः ] મૂઢ (-મોહી) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત (અર્થાત્ જે આવું નથી માનતો, આનાથી ઊલટું માને છે) તે [ ज्ञानी ] જ્ઞાની છે.

**ટીકાઃ-**'પર જીવો ને હું જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

**ભાવાર્થઃ-**'પર મને જીવાડે છે અને હું પરને જીવાડું છું' એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે સમ્યગ્દૃષ્ટિ છે.

હવે પૂછે છે કે આ (જીવનનો) અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છેઃ-

**છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તું આયુ તો દેતો નથી, તેં જીવન કયમ તેનું કર્યું? ૨૫૧.**

**आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू।**
**आउं च ण दिंति तुहं कहं णु ते जीविदं कदं तेहिं।। २५२ ।।**

आयुरुदयेन जीवति जीव एवं भणन्ति सर्वज्ञाः।
आयुश्च न ददासि त्वं कथं त्वया जीवितं कृतं तेषाम्।। २५१ ।।
आयुरुदयेन जीवति जीव एवं भणन्ति सर्वज्ञाः।
आयुश्च न ददति तव कथं नु ते जीवितं कृतं तैः।। २५२ ।।

**जीवितं हि तावज्जीवानां स्वायुःकर्मोदयेनैव, तदभावे तस्य भावयितुमशक्यत्वात्; स्वायुःकर्म च नान्येनान्यस्य दातुं शक्यं, तस्य स्वपरिणामेनैव उपार्ज्यमाणत्वात्; ततो न कथञ्चनापि अन्योऽन्यस्य जीवितं कुर्यात्। अतो जीवयामि, जीव्ये चेत्यध्यवसायो ध्रुवमज्ञानम्।**

---

**છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તે આયુ તુજ દેતા નથી, તો જીવન કયમ તારું કર્યું ? ૨૫૨.**

**ગાથાર્થઃ-** [ जीवः ] જીવ [ आयुरुदयेन ] આયુકર્મના ઉદયથી [ जीवति ] જીવે છે [ एवं ] એમ [ सर्वज्ञाः ] સર્વજ્ઞદેવો [ भणन्ति ] કહે છે; [ त्वं ] તું [ आयुः च ] પર જીવોને આયુકર્મ તો [ न ददासि ] દેતો નથી [ त्वया ] તો (હે ભાઈ!) તેં [ तेषाम् जीवितं ] તેમનું જીવિત (જીવતર) [ कथं कृतं ] કઈ રીતે કર્યું ?

[ जीवः ] જીવ [ आयुरुदयेन ] આયુકર્મના ઉદયથી [ जीवति ] જીવે છે [ एवं ] એમ [ सर्वज्ञाः ] સર્વજ્ઞદેવો [ भणन्ति ] કહે છે; પર જીવો [ तव ] તને [ आयुः च ] આયુકર્મ તો [ न ददति ] દેતા નથી [ तैः ] તો (હે ભાઈ!) તેમણે [ ते जीवितं ] તારું જીવિત [ कथं नु कृतं ] કઈ રીતે કર્યું ?

**ટીકાઃ-**પ્રથમ તો, જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે, કારણ કે પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં જીવિત કરાવું (-થવું) અશક્ય છે; વળી પોતાનું આયુકર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું આયુકર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે (-મેળવાય છે); માટે કોઈ પણ રીતે બીજો બીજાનું જીવિત કરી શકે નહિ. તેથી 'હું પરને જિવાડું છું અને પર મને જિવાડે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિયતપણે) અજ્ઞાન છે.

**ભાવાર્થઃ-**પૂર્વે મરણના અધ્યવસાય વિષે કહ્યું હતું તે પ્રમાણે અહીં પણ જાણવું.

दु:खसुखकरणाध्यवसायस्यापि एषैव गति:-

**जो अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।। २५३ ।।**

य आत्मना तु मन्यते दु:खितसुखितान् करोमि सत्त्वानिति।
स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीत:।। २५३ ।।

परजीवानहं दु:खितान् सुखितांश्च करोमि, परजीवैर्दु:खित: सुखितश्च क्रियेऽहमित्यध्यवसायो ध्रुवमज्ञानम्। स तु यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादृष्टि:, यस्य तु नास्ति स ज्ञानित्वात् सम्यग्दृष्टि:।

कथमयमध्यवसायोऽज्ञानमिति चेत्-

---

દુ:ખ–સુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છે:–

**જે માનતો–મુજથી દુખીસુખી હું કરું પર જીવને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.**

**ગાથાર્થ:-** [ य: ] જે [ इति मन्यते ] એમ માને છે કે [ आत्मना तु ] મારા પોતાથી [ सत्त्वान् ] હું (પર) જીવોને [ दु:खितसुखितान् ] દુ:ખી–સુખી [ करोमि ] કરું છું, [ स: ] તે [ मूढ: ] મૂઢ (–મોહી) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अत: विपरीत: ] આનાથી વિપરીત તે [ ज्ञानी ] જ્ઞાની છે.

**ટીકા:-**‘ પર જીવોને હું દુ:ખી તથા સુખી કરું છું અને પર જીવો મને દુ:ખી તથા સુખી કરે છે ’ એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદ્રષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ છે.

**ભાવાર્થ:-**‘ હું પર જીવોને સુખી–દુ:ખી કરું છું અને પર જીવો મને સુખી–દુ:ખી કરે છે ’ એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદ્રષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે જ્ઞાની છે–સમ્યગ્દ્રષ્ટિ છે.

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે:–

कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण देसि तुमं दुक्खिदसुहिदा कह कया ते।। २५४ ।।
कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण दिंति तुहं कदोसि कहं दुक्खिदो तेहिं।। २५५ ।।
कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।
कम्मं च ण दिंति तुहं कह तं सुहिदो कदो तेहिं।। २५६ ।।

कर्मोदयेन जीवा दुःखेतसुखिता भवन्ति यदि सर्वे।
कर्म च न ददासि त्वं दुःखितसुखिताः कथं कृतास्ते।। २५४ ।।
कर्मोदयेन जीवा दुःखितसुखिता भवन्ति यदि सर्वे।
कर्म च न ददति तव कृतोऽसि कथं दुःखितस्तैः।। २५५ ।।
कर्मोदयेन जीवा दुःखितसुखिता भवन्ति यदि सर्वे।
कर्म च न ददति तव कथं त्वं सुखितः कृतस्तैः।। २५६ ।।

---

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,
તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યા ? ૨૫૪.

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને ? ૨૫૫.

જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને ? ૨૫૬.

**ગાથાર્થઃ-** [ यदि ] જો [ सर्वे जीवाः ] સર્વ જીવો [ कर्मोदयेन ] કર્મના ઉદયથી [ दुःखितसुखिताः ] દુઃખી-સુખી [ भवन्ति ] થાય છે, [ च ] અને [ त्वं ] તું [ कर्म ] તેમને કર્મ તો [ न ददासि ] દેતો નથી, તો (હે ભાઈ!) તેં [ ते ] તેમને [ दुःखितसुखिताः ] દુઃખી-સુખી [ कथं कृताः ] કઈ રીતે કર્યા ?

[ यदि ] જો [ सर्वे जीवाः ] સર્વ જીવો [ कर्मोदयेन ] કર્મના ઉદયથી [ दुःखितसुखिताः ] દુઃખી-સુખી [ भवन्ति ] થાય છે, [ च ] અને તેઓ [ तव ] તને [ कर्म ] કર્મ તો [ न ददति ] દેતા નથી, તો (હે ભાઈ!) [ तैः ] તેમણે [ दुःखितः ] તને દુઃખી [ कथं कृतः असि ] કઈ રીતે કર્યો ?

**सुखदु:खे हि तावज्जीवानां स्वकर्मोदयेनैव, तदभावे तयोर्भवितुमशक्यत्वात्; स्वकर्म च नान्येनान्यस्य दातुं शक्यं, तस्य स्वपरिणामेनैवोपार्ज्यमाणत्वात्; ततो न कथञ्चनापि अन्योऽन्यस्य सुखदु:खे कुर्यात्। अतः सुखितदु:खितान् करोमि, सुखितदु:खितः क्रिये चेत्यध्यवसायो ध्रुवमज्ञानम्।**

( वसन्ततिलका )

**सर्वं सदैव नियतं भवति स्वकीय-**
**कर्मोदयान्मरणजीवित दु:खसौख्यम्।**
**अज्ञानमेतदिह यत्तु परः परस्य**
**कुर्यात्पुमान्मरणजीवितदु:खसौख्यम्।। १६८ ।।**

---

[ यदि ] જો [ सर्वे जीवाः ] સર્વ જીવો [ कर्मोदयेन ] કર્મના ઉદયથી [ दु:खितसुखिताः ] દુઃખી–સુખી [ भवन्ति ] થાય છે, [ च ] અને તેઓ [ तव ] તને [ कर्म ] કર્મ તો [ न ददति ] દેતા નથી, તો (હે ભાઈ!) [ तैः ] તેમણે [ त्वं ] તને [ सुखितः ] સુખી [ कथं कृतः ] કઈ રીતે કર્યો ?

**ટીકાઃ**-પ્રથમ તો, જીવોને સુખ–દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ–દુઃખ થવાં અશક્ય છે; વળી પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાને સુખ–દુઃખ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને સુખી–દુઃખી કરું છું અને પર જીવો મને સુખી–દુઃખી કરે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.

**ભાવાર્થઃ**-જીવનો જેવો આશય હોય તે આશય પ્રમાણે જગતમાં કાર્યો બનતાં ન હોય તો તે આશય અજ્ઞાન છે. માટે, સર્વ જીવો પોતપોતાના કર્મના ઉદયથી સુખી–દુઃખી થાય છે ત્યાં એમ માનવું કે 'હું પરને સુખી–દુઃખી કરું છું અને પર મને સુખી–દુઃખી કરે છે', તે અજ્ઞાન છે. નિમિત્તનૈમિત્તિકભાવના આશ્રયે (કોઈને કોઈનાં) સુખદુઃખનો કરનાર કહેવો તે વ્યવહાર છે; તે નિશ્ચયની દ્રષ્ટિમાં ગૌણ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ**- [ इह ] આ જગતમાં [ मरण–जीवित–दु:ख–सौख्यम् ] જીવોને મરણ, જીવિત, દુઃખ, સુખ–[ सर्वं सदैव नियतं स्वकीय–कर्मोदयात् भवति ] બધુંય સદૈવ નિયમથી (–ચોક્કસ) પોતાના કર્મના ઉદયથી થાય છે; [ परः पुमान् परस्य मरण–जीवित–दु:ख–सौख्यम् कुर्यात् ] 'બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ

( वसन्ततिलका )

**अज्ञानमेतदधिगम्य परात्परस्य**
**पश्यन्ति ये मरणजीवितदु:खसौख्यम्।**
**कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते**
**मिथ्यादृशो नियतमात्महनो भवन्ति।। १६९ ।।**

**जो मरदि जो य दुहिदो जायदि कम्मोदएण सो सव्वो।**
**तम्हा दु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा।। २५७ ।।**
**जो ण मरदि ण य दुहिदो सो वि य कम्मोदएण चेव खलु।**
**तम्हा ण मारिदो णो दुहाविदो चेदि ण हु मिच्छा।। २५८ ।।**

---

કરે છે' [ यत् तु ] આમ જે માનવું [ एतत् अज्ञानम् ] તે તો અજ્ઞાન છે. ૧૬૮.

ફરી આ જ અર્થને દ્રઢ કરતું અને આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ एतत् अज्ञानम् अधिगम्य ] આ (પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને પામીને [ ये परात् परस्य मरण–जीवित–दु:ख–सौख्यम् पश्यन्ति ] જે પુરુષો પરથી પરનાં મરણ, જીવન, દુઃખ, સુખ દેખે છે અર્થાત્ માને છે, [ ते ] તે પુરુષો– [ अहंकृतिरसेन कर्माणि चिकीर्षव: ] કે જેઓ એ રીતે અહંકાર–રસથી કર્મો કરવાના ઇચ્છક છે (અર્થાત્ 'હું આ કર્મોને કરું છું' એવા અહંકારરૂપી રસથી જેઓ કર્મ કરવાની–મારવા–જિવાડવાની, સુખી–દુઃખી કરવાની–વાંછા કરનારા છે) તેઓ– [ नियतम् ] નિયમથી [ मिथ्यादृश: आत्महन: भवन्ति ] મિથ્યાદ્રષ્ટિ છે, પોતાના આત્માનો ઘાત કરનારા છે.

**ભાવાર્થઃ-**જેઓ પરને મારવા–જિવાડવાનો તથા સુખ–દુઃખ કરવાનો અભિપ્રાય કરે છે તેઓ મિથ્યાદ્રષ્ટિ છે. તેઓ પોતાના સ્વરૂપથી ચ્યુત થયા થકા રાગી, દ્વેષી, મોહી થઈને પોતાથી જ પોતાનો ઘાત કરે છે, તેથી હિંસક છે. ૧૬૯.

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છેઃ–

**મરતો અને જે દુખી થતો-સૌ કર્મના ઉદયે બને,**
**તેથી 'હણ્યો મેં, દુખી કર્યો'-તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૭.**

**વળી નવ મરે, નવ દુખી બને, તે કર્મના ઉદયે ખરે,**
**'મેં નવ હણ્યો, નવ દુખી કર્યો'-તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૮.**

यो म्रियते यश्च दु:खितो जायते कर्मोदयेन स सर्व:।
तस्मात्तु मारितस्ते दु:खितश्चेति न खलु मिथ्या।। २५७ ।।
यो न म्रियते न च दु:खित: सोऽपि च कर्मोदयेन चैव खलु।
तस्मान्न मारितो नो दु:खितश्चेति न खलु मिथ्या।। २५८ ।।

यो हि म्रियते जीवति वा, दु:खितो भवति सुखितो भवति वा, स खलु स्वकर्मोदयेनैव, तदभावे तस्य तथा भवितुमशक्यत्वात्। तत: मयायं मारित:, अयं जीवित:, अयं दु:खित: कृत:, अयं सुखित: कृत: इति पश्यन् मिथ्यादृष्टि:।

( अनुष्टुभ् )

मिथ्यादृष्टे: स एवास्य बन्धहेतुर्विपर्ययात्।
य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते।। १७० ।।

---

**ગાથાર્થઃ-** [ य: म्रियते ] જે મરે છે [ च ] અને [ य: दु:खित: जायते ] જે દુઃખી થાય છે [ स: सर्व: ] તે સૌ [ कर्मोदयेन ] કર્મના ઉદયથી થાય છે; [ तस्मात् तु ] તેથી [ मारित: च दु:खित: ] 'મેં માર્યો, મેં દુઃખી કર્યો' [ इति ] એવો [ ते ] તારો અભિપ્રાય [ न खलु मिथ्या ] શું ખરેખર મિથ્યા નથી?

[ च ] વળી [ य: न म्रियते ] જે નથી મરતો [ च ] અને [ न दु:खित: ] નથી દુઃખી થતો [ स: अपि ] તે પણ [ खलु ] ખરેખર [ कर्मोदयेन च एव ] કર્મના ઉદયથી જ થાય છે; [ तस्मात् ] તેથી [ न मारित: च न दु:खित: ] 'મેં ન માર્યો, મેં ન દુઃખી કર્યો' [ इति ] એવો તારો અભિપ્રાય [ न खलु मिथ्या ] શું ખરેખર મિથ્યા નથી?

**ટીકાઃ-**જે મરે છે અથવા જીવે છે, દુઃખી થાય છે અથવા સુખી થાય છે, તે ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં તેનું તે પ્રમાણ થવું (અર્થાત્ મરવું, જીવવું, દુઃખી થવું કે સુખી થવું) અશક્ય છે. માટે 'મેં આને માર્યો, આને જિવાડયો, આને દુઃખી કર્યો, આને સુખી કર્યો' એવું દેખનાર અર્થાત્ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે.

**ભાવાર્થઃ-**કોઈ કોઈનું માર્યું મરતું નથી, જિવાડયું જીવતું નથી, સુખી-દુઃખી કર્યું સુખી-દુઃખી થતું નથી; તેથી જે મારવા, જિવાડવા આદિનો અભિપ્રાય કરે તે તો મિથ્યાદ્રષ્ટિ જ હોય-એમ નિશ્ચયનું વચન છે. અહીં વ્યવહારનય ગૌણ છે.

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अस्य मिथ्यादृष्टे: ] મિથ્યાદ્રષ્ટિને [ य: एव अयम् अज्ञानात्मा

**एसा दु जा मदी दे दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।**
**एसा दे मूढमदी सुहासुहं बंधदे कम्मं।। २५९ ।।**

**एषा तु या मतिस्ते दुःखितसुखितान् करोमि सत्त्वानिति।**
**एषा ते मूढमतिः शुभाशुभं बध्नाति कर्म।। २५९ ।।**

**परजीवानहं हिनस्मि, न हिनस्मि, दुःखयामि, सुखयामि इति य एवायमज्ञानमयोऽध्यवसायो मिथ्यादृष्टेः, स एव स्वयं रागादिरूपत्वात्तस्य शुभाशुभबन्धहेतुः।**

**अथाध्यवसायं बन्धहेतुत्वेनावधारयति-**

---

अध्यवसायः दृश्यते ] જે આ અજ્ઞાનસ્વરૂપ *અધ્યવસાય જોવામાં આવે છે [ सः एव ] તે અધ્યવસાય જ, [ विपर्ययात् ] વિપર્યયસ્વરૂપ (-વિપરીત, મિથ્યા) હોવાથી, [ अस्य बन्धहेतुः ] તે મિથ્યાદ્રષ્ટિને બંધનું કારણ છે.

**ભાવાર્થઃ**-જૂઠો અભિપ્રાય તે જ મિથ્યાત્વ, તે જ બંધનું કારણ-એમ જાણવું. ૧૭૦.

હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છેઃ-

**આ બુદ્ધિ જે તુજ-'દુખિત તેમ સુખી કરુ છું જીવને',**
**તે મૂઢ મતિ તારી અરે! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.**

**ગાથાર્થઃ**- [ ते ] તારી [ या एषा मतिः तु ] જે આ બુદ્ધિ છે કે હું [ सत्त्वान् ] જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી-સુખી [ करोमि इति ] કરું છું, [ एषा ते मूढमतिः ] તે આ તારી મૂઢ બુદ્ધિ જ (મોહસ્વરૂપ બુદ્ધિ જ) [ शुभाशुभं कर्म ] શુભાશુભ કર્મને [ बध्नाति ] બાંધે છે.

**ટીકાઃ**-'પર જીવોને હું હણું છું, નથી હણતો, દુઃખી કરું છું, સુખી કરું છું' એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદ્રષ્ટિને છે, તે જ (અર્થાત્ તે અધ્યવસાય જ) પોતે રાગાદિરૂપ હોવાથી તેને (-મિથ્યાદ્રષ્ટિને) શુભાશુભ બંધનું કારણ છે.

**ભાવાર્થઃ**-મિથ્યા અધ્યવસાય બંધનું કારણ છે.

હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે-ઠરાવે છે

---

* જે પરિણામ મિથ્યા અભિપ્રાય સહિત હોય (-સ્વપરના એકત્વના અભિપ્રાય સહિત હોય) અથવા વૈભાવિક હોય તે પરિણામ માટે અધ્યવસાય શબ્દ વપરાય છે. (મિથ્યા) નિશ્ચય, (મિથ્યા) અભિપ્રાય-એવા અર્થમાં પણ તે શબ્દ વપરાય છે.

दुक्खिदसुहिदे सत्ते करेमि जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।। २६० ।।
मारिमि जीवावेमि य सत्ते जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।। २६१ ।।

दुःखितसुखितान् सत्त्वान् करोमि यदेवमध्यवसितं ते।
तत्पापबन्धकं वा पुण्यस्य वा बन्धकं भवति।। २६० ।।
मारयामि जीवयामि वा सत्त्वान् यदेवमध्यवसितं ते।
तत्पापबन्धकं वा पुण्यस्य वा बन्धकं भवति।। २६१ ।।

य एवायं मिथ्यादृष्टेरज्ञानजन्मा रागमयोऽध्यवसायः स एव बन्धहेतुः इत्यव-

(અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે) :–

કરતો તું અધ્યવસાન-‘દુખિત-સુખી કરું છું જીવને’,
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.

કરતો તું અધ્યવસાન-‘મારું જિવાડું છું પર જીવને’,
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.

**ગાથાર્થઃ**–‘[सत्त्वान्] હું જીવોને [दुःखितसुखितान्] દુઃખી–સુખી [करोमि] કરું છું’ [एवम्] આવું [यत् ते अध्यवसितं] જે તારું *અધ્યવસાન, [तत्] તે જ [पापबन्धकं वा] પાપનું બંધક [पुण्यस्य बन्धकं वा] અથવા પુણ્યનું બંધક [भवति] થાય છે.

‘[सत्त्वान्] હું જીવોને [मारयामि वा जीवयामि] મારું છું અને જિવાડું છું’ [एवम्] આવું [यत् ते अध्यवसितं] જે તારું અધ્યવસાન, [तत्] તે જ [पापबन्धकं वा] પાપનું બંધક [पुण्यस्य बन्धकं वा] અથવા પુણ્યનું બંધક [भवति] થાય છે.

**ટીકાઃ**–મિથ્યાદ્રષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય છે તે જ

* જે પરિણમન મિથ્યા અભિપ્રાય સહિત હોય (–સ્વપરના એકત્વના અભિપ્રાય સહિત હોય) અથવા વૈભાવિક હોય તે પરિણમન માટે અધ્યવસાન શબ્દ વપરાય છે. (મિથ્યા) નિશ્ચય કરવો, (મિથ્યા) અભિપ્રાય કરવો–એવા અર્થમાં પણ તે શબ્દ વપરાય છે.

**धारणीयम्। न च पुण्यपापत्वेन द्वित्वाद्बन्धस्य तद्धेत्वन्तरमन्वेष्टव्यं; एकेनैवानेनाध्यवसायेन दुःखयामि मारयामि इति, सुखयामि जीवयामीति च द्विधा शुभाशुभाहङ्काररसनिर्भरतया द्वयोरपि पुण्यपापयोर्बन्धहेतुत्वस्याविरोधात्।**

**एवं हि हिंसाध्यवसाय एव हिंसेत्यायातम्।**

**अज्झवसिदेण बंधो सत्ते मारेउ मा व मारेउ।**
**एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स।। २६२ ।।**
**अध्यवसितेन बन्धः सत्त्वान् मारयतु मा वा मारयतु।**
**एष बन्धसमासो जीवानां निश्चयनयस्य।। २६२ ।।**

---

બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું. અને પુણ્ય-પાપપણે (પુણ્ય-પાપરૂપે) બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો (અર્થાત્ એમ ન માનવું કે પુણ્યબંધનું કારણ બીજું છે અને પાપબંધનું કારણ કોઈ બીજું છે); કારણ કે એક જ આ અધ્યવસાય 'દુઃખી કરું છું' મારું છું' એમ અને 'સુખી કરું છું, જિવાડું છું' એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ-બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે (અર્થાત્ એક જ અધ્યવસાયથી પુણ્ય અને પાપ-બન્નેનો બંધ થવામાં કોઈ વિરોધ નથી).

**ભાવાર્થઃ**-આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે. તેમાં, 'જિવાડું છું, સુખી કરું છું' એવા શુભ અહંકારથી ભરેલો તે શુભ અધ્યવસાય છે અને 'મારું છું, દુઃખી કરું છું' એવા અશુભ અહંકારથી ભરેલો તે અશુભ અધ્યવસાય છે. અહંકારરૂપ મિથ્યાભાવ તો બન્નેમાં છે; તેથી અજ્ઞાનમયપણે બન્ને અધ્યવસાય એક જ છે. માટે એમ ન માનવું કે પુણ્યનું કારણ બીજું છે અને પાપનું કારણ બીજું છે. અજ્ઞાનમય અધ્યવસાય જ બન્નેનું કારણ છે.

'આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું'-એમ હવે કહે છેઃ-

**મારો-ન મારો જીવને, છે બંધ અધ્યવસાન થી,**
**-આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.**

**ગાથાર્થઃ**- [ सत्त्वान् ] જીવોને [ मारयतु ] મારો [ वा मा मारयतु ] અથવા ન મારો- [ बन्धः ] કર્મબંધ [ अध्यवसितेन ] અધ્યવસાનથી જ થાય છે. [ एषः ] આ, [ निश्चयनयस्य ] નિશ્ચયનયે, [ जीवानां ] જીવોના [ बन्धसमासः ] બંધનો સંક્ષેપ છે.

परजीवानां स्वकर्मोदयवैचित्र्यवशेन प्राणव्यपरोपः कदाचिद्भवतु, कदाचिन्मा भवतु, य एव हिनस्मीत्यहङ्काररसनिर्भरो हिंसायामध्यवसायः स एव निश्चयतस्तस्य बन्धहेतुः, निश्चयेन परभावस्य प्राणव्यपरोपस्य परेण कर्तुमशक्यत्वात्।

अथाध्यवसायं पापपुण्ययोर्बन्धहेतुत्वेन दर्शयति-

एवमलिए अदत्ते अबंभचेरे परिग्गहे चेव।
कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पावं।। २६३ ।।
तह वि य सच्चे दत्ते बंभे अपरिग्गहत्तणे चेव।
कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पुण्णं।। २६४ ।।

---

**ટીકાઃ**-પર જીવોને પોતાના કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રાણોનો વ્યપરોપ (-ઉચ્છેદ, વિયોગ) કદાચિત્ થાઓ, કદાચિત્ ન થાઓ, -'હું હણું છું' એવો જે અહંકારરસથી ભરેલો હિંસામાં અધ્યવસાય (અર્થાત્ હિંસાનો અધ્યવસાય) તે જ નિશ્ચયથી તેને (હિંસાનો અધ્યવસાય કરનારા જીવને) બંધનું કારણ છે, કેમ કે નિશ્ચયથી પરનો ભાવ એવો જે પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરાવો અશક્ય છે (અર્થાત્ તે પરથી કરી શકાતો નથી).

**ભાવાર્થઃ**-નિશ્ચયનયે બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી કરી શકાતો નથી; તેના પોતાના કર્મના ઉદયની વિચિત્રતાવશ કદાચિત્ થાય છે, કદાચિત્ નથી થતો. માટે જે એમ માને છે-અહંકાર કરે છે કે 'હું પર જીવને મારું છું', તેનો તે અહંકારરૂપ અધ્યવસાય અજ્ઞાનમય છે. તે અધ્યવસાય જ હિંસા છે-પોતાના વિશુદ્ધ ચૈતન્યપ્રાણનો ઘાત છે, અને તે જ બંધનું કારણ છે. આ નિશ્ચયનયનો મત છે.

અહીં વ્યવહારનયને ગૌણ કરીને કહ્યું છે એમ જાણવું. માટે તે કથન કથંચિત્ (અર્થાત્ અપેક્ષાપૂર્વક) છે એમ સમજવું; સર્વથા એકાંતપક્ષ તો મિથ્યાત્વ છે.

હવે, (હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છેઃ-

**એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે**
**જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.**

**એ રીત સત્યે, દત્તમાં, વળી બ્રહ્મ ને અપરિગ્રહે**
**જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.**

एवमलीकेऽदत्तेऽब्रह्मचर्ये परिग्रहे चैव।
क्रियतेऽध्यवसानं यत्तेन तु बध्यते पापम्।। २६३ ।।
तथापि च सत्ये दत्ते ब्रह्मणि अपरिग्रहत्वे चैव।
क्रियतेऽध्यवसानं यत्तेन तु बध्यते पुण्यम्।। २६४ ।।

**एवमयमज्ञानात् यो यथा हिंसायां विधीयतेऽध्यवसायः, तथा असत्यादत्ताब्रह्मपरिग्रहेषु यश्च विधीयते स सर्वोऽपि केवल एव पापबन्धहेतुः। यस्तु अहिंसायां यथा विधीयते अध्यवसायः, तथा यश्च सत्यदत्तब्रह्मापरिग्रहेषु विधीयते स सर्वोऽपि केवल एव पुण्यबन्धहेतुः।**

---

**ગાથાર્થઃ-** [ एवम् ] એ રીતે (અર્થાત્ પૂર્વે હિંસાના અધ્યવસાય વિષે કહ્યું તેમ) [ अलीके ] અસત્યમાં, [ अदत्ते ] અદત્તમાં, [ अब्रह्मचर्ये ] અબ્રહ્મચર્યમાં [ च एव ] અને [ परिग्रहे ] પરિગ્રહમાં [ यत् ] જે [ अध्यवसानं ] અધ્યવસાન [ क्रियते ] કરવામાં આવે [ तेन तु ] તેનાથી [ पापं बध्यते ] પાપનો બંધ થાય છે; [ तथापि च ] અને તેવી જ રીતે [ सत्ये ] સત્યમાં, [ दत्ते ] દત્તમાં, [ ब्रह्मणि ] બ્રહ્મચર્યમાં [ च एव ] અને [ अपरिग्रहत्वे ] અપરિગ્રહમાં [ यत् ] જે [ अध्यवसानं ] અધ્યવસાન [ क्रियते ] કરવામાં આવે [ तेन तु ] તેનાથી [ पुण्यं बध्यते ] પુણ્યનો બંધ થાય છે.

**ટીકાઃ-**એ રીતે (-પૂર્વોક્ત રીતે) અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તેમ અસત્ય, અદત્ત, અબ્રહ્મચર્ય અને પરિગ્રહમાં પણ જે (અધ્યવસાય) કરવામાં આવે, તે બધોય પાપના બંધનું એકમાત્ર (-એકનું એક) કારણ છે; અને જે અહિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તેમ જે સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહમાં પણ (અધ્યવસાય) કરવામાં આવે, તે બધોય પુણ્યના બંધનું એકમાત્ર કારણ છે.

**ભાવાર્થઃ-**જેમ હિંસામાં અધ્યવસાય તે પાપબંધનું કારણ કહ્યું છે તેમ અસત્ય, અદત્ત (-વગર દીધેલું લેવું તે, ચોરી), અબ્રહ્મચર્ય અને પરિગ્રહ-તેમનામાં અધ્યવસાય તે પણ પાપબંધનું કારણ છે. વળી જેમ અહિંસામાં અધ્યવસાય તે પુણ્યબંધનું કારણ છે તેમ સત્ય, દત્ત (-દીધેલું લેવું તે), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-તેમનામાં અધ્યવસાય તે પણ પુણ્યબંધનું કારણ છે. આ રીતે, પાંચ પાપોમાં (અવ્રતોમાં) અધ્યવસાય કરવામાં આવે તે પાપબંધનું કારણ છે અને પાંચ (એકદેશ કે સર્વદેશ) વ્રતોમાં અધ્યવસાય કરવામાં આવે તે પુણ્યબંધનું કારણ છે. પાપ અને પુણ્ય બન્નેના બંધનમાં, અધ્યવસાય જ એક માત્ર બંધ-કારણ છે.

न च बाह्यवस्तु द्वितीयोऽपि बन्धहेतुरिति शङ्क्यम्-

वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं तु होदि जीवाणं।
ण य वत्थुदो दु बंधो अज्झवसाणेण बंधोत्थि।। २६५ ।।

वस्तु प्रतीत्य यत्पुनरध्यवसानं तु भवति जीवानाम्।
न च वस्तुतस्तु बन्धोऽध्यवसानेन बन्धोऽस्ति।। २६५ ।।

अध्यवसानमेव बन्धहेतुः, न तु बाह्यवस्तु, तस्य बन्धहेतोरध्यवसानस्य हेतुत्वेनैव चरितार्थत्वात्। तर्हि किमर्थो बाह्यवस्तुप्रतिषेधः? अध्यवसानप्रतिषेधार्थः। अध्यवसानस्य हि बाह्यवस्तु आश्रयभूतं; न हि बाह्यवस्त्वनाश्रित्य अध्यवसानमात्मानं लभते। यदि बाह्यवस्त्वनाश्रित्यापि अध्यवसानं जायेत तदा, यथा वीरसूसुतस्याश्रयभूतस्य

---

વળી 'બાહ્યવસ્તુ તે બીજું પણ બંધનું કારણ હશે' એવી શંકા ન કરવી. ('અધ્યવસાય તે બંધનું એક કારણ હશે અને બાહ્યવસ્તુ તે બંધનું બીજું કારણ હશે' એવી પણ શંકા કરવી યોગ્ય નથી; અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.) આવા અર્થની ગાથા હવે કહે છેઃ–

જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,
પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ થાય છે. ૨૬૫.

**ગાથાર્થઃ-** [ पुनः ] વળી, [ जीवानाम् ] જીવોને [ यत् ] જે [ अध्यवसानं तु ] અધ્યવસાન [ भवति ] થાય છે તે [ वस्तु ] વસ્તુને [ प्रतीत्य ] અવલંબીને થાય છે [ च तु ] તોપણ [ वस्तुतः ] વસ્તુથી [ न बन्धः ] બંધ નથી, [ अध्यवसानेन ] અધ્યવસાનથી જ [ बन्धः अस्ति ] બંધ છે.

**ટીકાઃ**-અધ્યવસાન જ બંધનું કારણ છે; બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, કેમ કે બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે (અર્થાત્ બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ થવામાં જ બાહ્યવસ્તુનું કાર્ય ક્ષેત્ર પૂરું થાય છે, તે કાંઈ બંધનું કારણ થતી નથી). અહીં પ્રશ્ન થાય છે કે–જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો ('બાહ્યવસ્તુનો પ્રસંગ ન કરો, ત્યાગ કરો' એમ) બાહ્યવસ્તુનો પ્રતિષેધ (નિષેધ) શા માટે કરવામાં આવે છે? તેનું સમાધાનઃ–અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે. અધ્યવસાનને બાહ્યવસ્તુ આશ્રયભૂત છે; બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી અર્થાત્ ઊપજતું નથી. જો બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના પણ અધ્ય–

**सद्भावे वीरसूसुतं हिनस्मीत्यध्यवसायो जायते, तथा वन्ध्यासुतस्याश्रयभूतस्यासद्भावेऽपि वन्ध्यासुतं हिनस्मीत्यध्यवसायो जायेत। न च जायते। ततो निराश्रयं नास्त्यध्यवसानमिति नियमः। तत एव चाध्यवसानाश्रयभूतस्य बाह्यवस्तुनोऽत्यन्तप्रतिषेधः, हेतुप्रतिषेधेनैव हेतुमत्प्रतिषेधात्। न च बन्धहेतुहेतुत्वे सत्यपि बाह्यवस्तु बन्धहेतुः स्यात्, ईर्यासमितिपरिणतयतीन्द्रपदव्यापाद्यमानवेगापतत्कालचोदितकुलिङ्गवत्, बाह्यवस्तुनो बन्धहेतुहेतोरबन्धहेतुत्वेन बन्धहेतुत्वस्यानैकान्तिकत्वात्। अतो न बाह्यवस्तु जीवस्यातद्भावो बन्धहेतुः, अध्यवसानमेव तस्य तद्भावो बन्धहेतुः।**

---

વસાન ઊપજતું હોય તો, જેમ આશ્રયભૂત એવા *વીરજનનીના પુત્રના સદ્‌ભાવમાં (કોઈને) એવો અધ્યવસાય ઊપજે છે કે ‘હું વીરજનનીના પુત્રને હણું છું’ તેમ આશ્રયભૂત એવા વંધ્યાપુત્રના અસદ્‌ભાવમાં પણ (કોઈને) એવો અધ્યવસાય ઊપજે (– ઊપજવો જોઈએ) કે ‘હું વંધ્યાપુત્રને (વાંઝણીના પુત્રને) હણું છું’. પરંતુ એવો અધ્યવસાય તો (કોઈને) ઊપજતો નથી. (જ્યાં વંધ્યાનો પુત્ર જ નથી ત્યાં મારવાનો અધ્યવસાય ક્યાંથી ઊપજે?) માટે એવો નિયમ છે કે (બાહ્યવસ્તુરૂપ) આશ્રય વિના અધ્યવસાન હોતું નથી. અને તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત એવી જે બાહ્યવસ્તુ તેનો અત્યંત પ્રતિષેધ છે, કેમ કે કારણના પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે. (બાહ્યવસ્તુ અધ્યવસાનનું કારણ છે તેથી તેના પ્રતિષેધથી અધ્યવસાનનો પ્રતિષેધ થાય છે). પરંતુ, જોકે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું) કારણ છે તોપણ તે (બાહ્યવસ્તુ) બંધનું કારણ નથી; કેમ કે ઈર્યાસમિતિમાં પરિણમેલા મુનીંદ્રના પગ વડે હણાઈ જતા એવા કોઈ ઝડપથી આવી પડતા કાળપ્રેરિત ઊડતા જીવડાની માફક, બાહ્યવસ્તુ–કે જે બંધના કારણનું કારણ છે તે–બંધનું કારણ નહિ થતી હોવાથી, બાહ્યવસ્તુને બંધનું કારણપણું માનવામાં અનૈકાંતિક હેત્વાભાસપણું છે–વ્યભિચાર આવે છે. (આમ નિશ્ચયથી બાહ્યવસ્તુને બંધનું કારણપણું નિર્બાધ રીતે સિદ્ધ થતું નથી.) માટે બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્‌ભાવરૂપ છે તે બંધનું કારણ નથી; અધ્યવસાન કે જે જીવને તદ્‌ભાવરૂપ છે તે જ બંધનું કારણ છે.

**ભાવાર્થઃ**–બંધનું કારણ નિશ્ચયથી અધ્યવસાન જ છે; અને જે બાહ્યવસ્તુઓ છે તે અધ્યવસાનનું આલંબન છે–તેમને આલંબીને અધ્યવસાન ઊપજે છે, તેથી તેમને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે. બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઊપજતાં નથી તેથી બાહ્યવસ્તુઓનો ત્યાગ કરાવવામાં આવે છે. જો બંધનું કારણ બાહ્યવસ્તુ કહેવામાં આવે તો તેમાં વ્યભિચાર આવે છે. (કારણ હોવા છતાં કોઈ સ્થળે કાર્ય દેખાય અને કોઈ સ્થળે કાર્ય ન દેખાય તેને વ્યભિચાર કહે છે અને

---

* વીરજનની = શૂરવીરને જન્મ આપનારી; શૂરવીરની માતા.

एवं बन्धहेतुत्वेन निर्धारितस्याध्यवसानस्य स्वार्थक्रियाकारित्वाभावेन मिथ्यात्वं दर्शयति-

**दुक्खिदसुहिदे जीवे करेमि बंधेमि तह विमोचेमि।**
**जा एसा मूढमदी णिरत्थया सा हु दे मिच्छा।। २६६ ।।**

दुःखितसुखितान् जीवान् करोमि बन्धयामि तथा विमोचयामि।
या एषा मूढमतिः निरर्थिका सा खलु ते मिथ्या।। २६६ ।।

परान् जीवान् दुःखयामि सुखयामीत्यादि, बन्धयामि मोचयामीत्यादि वा, यदेतदध्यवसानं तत्सर्वमपि, परभावस्य परस्मिन्नव्याप्रियमाणत्वेन स्वार्थक्रियाकारित्वा-

---

એવા કારણને વ્યભિચારી-અનૈકાંતિક-કારણાભાસ કહે છે.) કોઈ મુનિ ઈર્યાસમિતિપૂર્વક યત્નથી ગમન કરતા હોય તેમના પગ તળે કોઈ ઊડતું જીવડું વેગથી આવી પડીને મરી ગયું તો તેની હિંસા મુનિને લાગતી નથી. અહીં બાહ્ય દ્રષ્ટિથી જોવામાં આવે તો હિંસા થઈ, પરંતુ મુનિને હિંસાનો અધ્યવસાય નહિ હોવાથી તેમને બંધ થતો નથી. જેમ તે પગ નીચે મરી જતું જીવડું મુનિને બંધનું કારણ નથી તેમ અન્ય બાહ્યવસ્તુઓ વિષે પણ સમજવું. આ રીતે બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં વ્યભિચાર આવતો હોવાથી બાહ્યવસ્તુ બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. વળી બાહ્યવસ્તુ વિના નિરાશ્રયે અધ્યવસાન થતાં નથી તેથી બાહ્યવસ્તુનો નિષેધ પણ છે જ.

આ રીતે બંધના કારણપણે (-કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે-એમ હવે દર્શાવે છેઃ-

**કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે!**
**આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.**

**ગાથાર્થઃ-**હે ભાઈ! '[जीवान्] હું જીવોને [दुःखितसुखितान्] દુઃખી-સુખી [करोमि] કરું છું, [बन्धयामि] બંધાવું છું [तथा विमोचयामि] તથા મુકાવું છું, [या एषा ते मूढमतिः] એવી જે આ તારી મૂઢ મતિ (-મોહિત બુદ્ધિ) છે [सा] તે [निरर्थिका] નિરર્થક હોવાથી [खलु] ખરેખર [मिथ्या] મિથ્યા (-ખોટી) છે.

**ટીકાઃ-**હું પર જીવોને દુઃખી કરું છું, સુખી કરું છું ઇત્યાદિ તથા બંધાવું છું, મુકાવું છું ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર

**भावात्, खकुसुमं लुनामीत्यध्यवसानवन्मिथ्यारूपं, केवलमात्मनोऽनर्थायैव।**

**कुतो नाध्यवसानं स्वार्थक्रियाकारीति चेत्-**

**अज्झवसाणणिमित्तं जीवा बज्झंति कम्मणा जदि हि।**
**मुच्चंति मोक्खमग्गे ठिदा य ता किं करेसि तुमं।। २६७ ।।**

**अध्यवसाननिमित्तं जीवा बध्यन्ते कर्मणा यदि हि।**
**मुच्यन्ते मोक्षमार्गे स्थिताश्च तत् किं करोषि त्वम्।। २६७ ।।**

**यत्किल बन्धयामि मोचयामीत्यध्यवसानं तस्य हि स्वार्थक्रिया यद्बन्धनं मोचनं जीवानाम्। जीवस्त्वस्याध्यवसायस्य सद्भावेऽपि सरागवीतरागयोः स्वपरिणामयोः अभावान्न बध्यते, न मुच्यते; सरागवीतरागयोः स्वपरिणामयोः सद्भावात्तस्याध्य-**

---

નહિ હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી, 'હું આકાશના ફૂલને ચૂંટું છું' એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે, કેવળ પોતાના અનર્થને માટે જ છે (અર્થાત્ માત્ર પોતાને જ નુકસાનનું કારણ થાય છે, પરને તો કાંઈ કરી શકતું નથી).

**ભાવાર્થઃ**-જે પોતાની અર્થક્રિયા (-પ્રયોજનભૂત ક્રિયા) કરી શકતું નથી તે નિરર્થક છે, અથવા જેનો વિષય નથી તે નિરર્થક છે. જીવ પર જીવોને દુઃખી-સુખી આદિ કરવાની બુદ્ધિ કરે છે, પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતા નથી; તેથી તે બુદ્ધિ નિરર્થક છે અને નિરર્થક હોવાથી મિથ્યા છે-ખોટી છે.

હવે પૂછે છે કે અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી? તેનો ઉત્તર કહે છેઃ-

**સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં**
**ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા? ૨૬૭.**

**ગાથાર્થઃ**-હે ભાઈ! [यदि हि] જો ખરેખર [अध्यवसाननिमित्तं] અધ્યવસાનના નિમિત્તે [जीवाः] જીવો [कर्मणा बध्यन्ते] કર્મથી બંધાય છે [च] અને [मोक्षमार्गे स्थिताः] મોક્ષમાર્ગમાં સ્થિત [मुच्यन्ते] મુકાય છે, [तद्] તો [त्वम् किं करोषि] તું શું કરે છે? (તારો તો બાંધવા-છોડવાનો અભિપ્રાય વિફળ ગયો.)

**ટીકાઃ**-'હું બંધાવું છું, મુકાવું છું' એવું જે અધ્યવસાન છે તેની પોતાની અર્થક્રિયા જીવોને બાંધવા, મૂકવા (-મૂકત કરવા, છોડવા) તે છે. પરંતુ જીવ તો, આ અધ્યવસાયનો સદ્ભાવ હોવા છતાં પણ, પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો, નથી મુકાતો; અને પોતાના સરાગ-વીતરાગ પરિણામના

**वसायस्याभावेऽपि बध्यते, मुच्यते च। ततः परत्राकिञ्चित्करत्वान्नेदमध्यवसानं स्वार्थक्रियाकारि; ततश्च मिथ्यैवेति भावः।**

( अनुष्टुभ् )

**अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः।**
**तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत्।। १७१ ।।**

**सव्वे करेदि जीवो अज्झवसाणेण तिरियणेरइए।**
**देवमणुए य सव्वे पुण्णं पावं च णेयविहं।। २६८ ।।**

---

સદ્‌ભાવથી, તે અધ્યવસાયનો અભાવ હોવા છતાં પણ, બંધાય છે, મુકાય છે. માટે પરમાં અકિંચિત્કર હોવાથી ( અર્થાત્ કાંઈ નહિ કરી શકતું હોવાથી ) આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી; અને તેથી મિથ્યા જ છે.—આવો ભાવ ( આશય ) છે.

**ભાવાર્થઃ**—જે હેતુ કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે. આ બાંધવા-છોડવાનું અધ્યવસાન પણ પરમાં કાંઈ કરતું નથી; કારણ કે તે અધ્યવસાન ન હોય તોપણ જીવ પોતાના સરાગ-વીતરાગ પરિણામથી બંધ-મોક્ષને પામે છે, અને તે અધ્યવસાન હોય તોપણ પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી બંધ-મોક્ષને નથી પામતો. આ રીતે અધ્યવસાન પરમાં અકિંચિત્કર હોવાથી સ્વ-અર્થક્રિયા કરનારું નથી અને તેથી મિથ્યા છે.

હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનિકારૂપે શ્લોક કહે છેઃ—

**શ્લોકાર્થઃ**— [ अनेन निष्फलेन अध्यवसायेन मोहितः ] આ નિષ્ફળ ( નિરર્થક ) અધ્યવસાયથી મોહિત થયો થકો [ आत्मा ] આત્મા [ तत् किञ्चन अपि न एव अस्ति यत् आत्मानं न करोति ] પોતાને સર્વરૂપ કરે છે, —એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને ન કરતો હોય.

**ભાવાર્થઃ**—આ આત્મા મિથ્યા અભિપ્રાયથી ભૂલ્યો થકો ચતુર્ગતિ-સંસારમાં જેટલી અવસ્થાઓ છે, જેટલા પદાર્થો છે તે સર્વરૂપ પોતાને થયેલો માને છે; પોતાના શુદ્ધ સ્વરૂપને નથી ઓળખતો. ૧૭૧.

હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છેઃ—

**તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય પાપ વિવિધ જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.**

**धम्माधम्मं च तहा जीवाजीवे अलोगलोगं च।**
**सव्वे करेदि जीवो अज्झवसाणेण अप्पाणं।। २६९ ।।**

सर्वान् करोति जीवोऽध्यवसानेन तिर्यङ्नैरयिकान्।
देवमनुजांश्च सर्वान् पुण्यं पापं च नैकविधम्।। २६८ ।।
धर्माधर्मं च तथा जीवाजीवौ अलोकलोकं च।
सर्वान् करोति जीवः अध्यवसानेन आत्मानम्।। २६९ ।।

**यथायमेवं क्रियागर्भहिंसाध्यवसानेन हिंसकं, इतराध्यवसानैरितरं च आत्मात्मानं कुर्यात्, तथा विपच्यमाननारकाध्यवसानेन नारकं, विपच्यमानतिर्यगध्यवसानेन तिर्यञ्चं, विपच्यमानमनुष्याध्यवसानेन मनुष्यं, विपच्यमानदेवाध्यवसानेन देवं, विपच्यमानसुखादिपुण्याध्यवसानेन पुण्यं, विपच्यमानदुःखादिपापाध्यवसानेन पापमात्मानं कुर्यात्।**

---

**વળી એમ ધર્મ અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.**

**ગાથાર્થઃ-** [ जीवः ] જીવ [ अध्यवसानेन ] અધ્યવસાનથી [ तिर्यङ्नैरयिकान् ] તિર્યંચ, નારક, [ देवमनुजान् च ] દેવ અને મનુષ્ય [ सर्वान् ] એ સર્વ પર્યાયો, [ च ] તથા [ नैकविधम् ] અનેક પ્રકારનાં [ पुण्यं पापं ] પુણ્ય અને પાપ- [ सर्वान् ] એ બધારૂપ [ करोति ] પોતાને કરે છે. [ तथा च ] વળી તેવી રીતે [ जीवः ] જીવ [ अध्यवसानेन ] અધ્યવસાનથી [ धर्माधर्मं ] ધર્મ-અધર્મ, [ जीवाजीवौ ] જીવ-અજીવ [ च ] અને [ अलोकलोकं ] લોક-અલોક- [ सर्वान् ] એ બધારૂપ [ आत्मानम् करोति ] પોતાને કરે છે.

**ટીકાઃ-**જેવી રીતે આ આત્મા પૂર્વોક્ત પ્રકારે *ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે, (અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે) અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે, તેવી જ રીતે ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક (-નારકી) કરે છે, ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી પોતાને તિર્યંચ કરે છે, ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે, ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે, ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે

---

* હિંસા આદિનાં અધ્યવસાનો રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલાં છે, અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.

**तथैव च ज्ञायमानधर्माध्यवसानेन धर्मं, ज्ञायमानाधर्माध्यवसानेनाधर्मं, ज्ञायमानजीवान्तराध्यवसानेन जीवान्तरं, ज्ञायमानपुद्गलाध्यवसानेन पुद्गलं, ज्ञायमानलोकाकाशाध्यवसानेन लोकाकाशं, ज्ञायमानालोकाकाशाध्यवसाने-नालोकाकाशमात्मानं कुर्यात्।**

( इन्द्रवज्रा )

**विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा-**
**दात्मानमात्मा विदधाति विश्वम्।**
**मोहैककन्दोऽध्यवसाय एष**
**नास्तीह येषां यतयस्त एव।। १७२ ।।**

---

અને ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે; વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા અધર્મના (અર્થાત્ અધર્માસ્તિકાયના) અધ્યવસાનથી પોતાને અધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્યજીવરૂપ કરે છે, જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ કરે છે, જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી પોતાને લોકાકાશરૂપ કરે છે અને જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી પોતાને અલોકાકાશરૂપ કરે છે. (આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.)

**ભાવાર્થઃ**-આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું. તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.

હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ विश्वात् विभक्तः अपि हि ] વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં [ आत्मा ] આત્મા [ यत्–प्रभावात् आत्मानम् विश्वम् विदधाति ] જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે [ एषः अध्यवसायः ] એવો આ અધ્યવસાય- [ मोह–एक–कन्दः ] કે જેનું મોહ જ એક મૂળ છે તે- [ येषां इह नास्ति ] જેમને નથી [ ते एव यतयः ] તે જ મુનિઓ છે. ૧૭૨.

આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી-એમ હવે ગાથામાં કહે છેઃ-

**एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि।**
**ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।। २७० ।।**

एतानि न सन्ति येषामध्यवसानान्येवमादीनि।
ते अशुभेन शुभेन वा कर्मणा मुनयो न लिप्यन्ते।। २७० ।।

**एतानि किल यानि त्रिविधान्यध्यवसानानि तानि समस्तान्यपि शुभाशुभकर्मबन्धनिमित्तानि, स्वयमज्ञानादिरूपत्वात्। तथाहि-यदिदं हिनस्मीत्याद्यध्यवसानं तत्, ज्ञानमयत्वेनात्मनः सदहेतुकज्ञप्त्येकक्रियस्य रागद्वेषविपाकमयीनां हननादिक्रियाणां च विशेषाज्ञानेन विविक्तात्माज्ञानात्, अस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च**

---

**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

**ગાથાર્થઃ-** [ एतानि ] આ (પૂર્વે કહેલાં) [ एवमादीनि ] તથા આવા બીજા પણ [ अध्यवसानानि ] અધ્યવસાન [ येषाम् ] જેમને [ न सन्ति ] નથી, [ ते मुनयः ] તે મુનિઓ [ अशुभेन ] અશુભ [ वा शुभेन ] કે શુભ [ कर्मणा ] કર્મથી [ न लिप्यन्ते ] લેપાતા નથી.

**ટીકાઃ-**આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધનાં નિમિત્ત છે. તે વિશેષ સમજાવવામાં આવે છેઃ-'હું (પર જીવોને) હણું છું', ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને, જ્ઞાનમયપણાને લીધે [1]સત્‌રૂપ [2]અહેતુક [3]જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી [4]હનન આદિ ક્રિયાઓનો [5]વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન)

---

૧. સત્‌રૂપ = સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ. (આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે.)

૨. અહેતુક = જેનું કોઈ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિદ્ધ; સહજ.

૩. જ્ઞપ્તિ = જાણવું તે; જાણનક્રિયા. (જ્ઞપ્તિક્રિયા સત્‌રૂપ છે, અને સત્‌રૂપ હોવાથી અહેતુક છે.)

૪. હનન = હણવું તે; હણવારૂપ ક્રિયા (હણવું વગેરે ક્રિયાઓ રાગદ્વેષના ઉદયમય છે.)

૫. વિશેષ= તફાવત; ભિન્ન લક્ષણ.

**मिथ्यादर्शनं, विविक्तात्मानाचरणादस्ति चाचारित्रम्। [ यत्पुन: नारकोऽह-मित्याद्यध्यवसानं तदपि, ज्ञानमयत्वेनात्मन: सदहेतुकज्ञायकैकभावस्य कर्मोदयजनितानां नारकादिभावानां च विशेषाज्ञानेन विविक्तात्माज्ञानादस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्मानाचरणा-दस्ति चाचारित्रम्।] यत्पुनरेष धर्मो ज्ञायत इत्याद्यध्यवसानं तदपि, ज्ञानमयत्वेनात्मन: सदहेतुकज्ञानैकरूपस्य ज्ञेयमयानां धर्मादिरूपाणां च विशेषाज्ञानेन विविक्तात्माज्ञानात्, अस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्मानाचरणादस्ति चाचारित्रम्। ततो बन्धनिमित्तान्येवैतानि समस्तान्यध्यवसानानि। येषामेवैतानि न विद्यन्ते त एव मुनिकुञ्जरा: केचन, सदहेतुकज्ञप्त्येकक्रियं, सदहेतुकज्ञायकैकभावं, सदहेतुकज्ञानैकरूपं च विविक्तमात्मानं जानन्त:, सम्यक्पश्यन्तोऽनुचरन्तश्च, स्वच्छस्वच्छन्दोद्यदमन्दान्त-**

---

હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. [વળી 'હું નારક છું' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.] વળી 'આ ધર્મદ્રવ્ય જણાય છે' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, *જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો અને જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.

માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો), સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે, સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા ભિન્ન આત્માને (–સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને) જાણતા થકા, સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા અને અનુચરતા થકા, સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન) એવી અમંદ અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો

---

* આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ તેનું એક રૂપ છે.

ज्योतिषोऽत्यन्तमज्ञानादिरूपत्वाभावात्, शुभेनाशुभेन वा कर्मणा न खलु लिप्येरन्।

किमेतदध्यवसानं नामेति चेत्-

बुद्धी ववसाओ वि य अज्झवसाणं मदी य विण्णाणं।
एक्कट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो।। २७१ ।।

बुद्धिर्व्यवसायोऽपि च अध्यवसानं मतिश्च विज्ञानम्।
एकार्थमेव सर्वं चित्तं भावश्च परिणामः।। २७१ ।।

---

અત્યંત અભાવ હોવાથી (અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી) શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.

**ભાવાર્થઃ**-આ જે અધ્યવસાનો છે તે 'હું પરને હણું છું' એ પ્રકારનાં છે, 'હું નારક છું' એ પ્રકારનાં છે તથા 'હું પરદ્રવ્યને જાણું છું' એ પ્રકારનાં છે. તેઓ, જ્યાં સુધી આત્માનો ને રાગાદિકનો, આત્માનો ને નારકાદિ કર્મોદયજનિત ભાવોનો તથા આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે. તેઓ ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યાજ્ઞાનરૂપ છે, મિથ્યાદર્શનરૂપ છે અને મિથ્યાચારિત્રરૂપ છે; એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે. તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે. તેઓ આત્માને સમ્યક્ જાણે છે, સમ્યક્ શ્રદ્ધે છે અને સમ્યક્ આચરે છે, તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.

"અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો, તે અધ્યવસાન શું છે? તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું." આમ પૂછવામાં આવતાં, હવે અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છેઃ-

**બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને**
**પરિણામ, ચિત્ત ને ભાવ-શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.**

**ગાથાર્થઃ**- [बुद्धिः] બુદ્ધિ, [व्यवसायः अपि च] વ્યવસાય, [अध्यवसानं] અધ્યવસાન, [मतिः च] મતિ, [विज्ञानम्] વિજ્ઞાન, [चित्तं] ચિત્ત, [भावः] ભાવ [च] અને [परिणामः] પરિણામ- [सर्वं] એ બધા [एकार्थम् एव] એકાર્થ જ છે (-નામ, જુદાં છે, અર્થ જુદા નથી).

**स्वपरयोरविवेके सति जीवस्याध्यवसितिमात्रमध्यवसानं; तदेव च बोधनमात्रत्वाद्बुद्धिः, व्यवसानमात्रत्वाद्व्यवसायः, मननमात्रत्वान्मतिः, विज्ञप्तिमात्रत्वाद्विज्ञानं, चेतनामात्रत्वाच्चित्तं, चितो भवनमात्रत्वाद्भावः, चितः परिणमनमात्रत्वात्परिणामः।**

( शार्दूलविक्रीडित )

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।**
**सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं**
**शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति सन्तो धृतिम्।। १७३ ।।**

---

**ટીકા**:-સ્વ-પરનો અવિવેક હોય (અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય) ત્યારે જીવની [૧]અધ્યવસિતિમાત્ર તે અધ્યવસાન છે; અને તે જ (અર્થાત્ જેને અધ્યવસાન કહ્યું તે જ) બોધનમાત્રપણાથી બુદ્ધિ છે, [૨]વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે, [૩]મનનમાત્રપણાથી મતિ છે, વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન છે, ચેતનામાત્રપણાથી ચિત્ત છે, ચેતનના ભવનમાત્રપણાથી ભાવ છે, ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ છે. (આ રીતે આ બધાય શબ્દો એકાર્થ છે.)

**ભાવાર્થ**:-આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યા તે બધાય ચેતન આત્માના પરિણામ છે. જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે તેને બુદ્ધિ આદિ આઠ નામોથી કહેવામાં આવે છે.

'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે'-એવા અર્થનું, આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છેઃ-

**શ્લોકાર્થ**:-આચાર્યદેવ કહે છે કેઃ- [ सर्वत्र यद् अध्यवसानम् ] સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે [ अखिलं ] તે બધાય (અધ્યવસાન) [ जिनैः ] જિન ભગવાનોએ [ एवम् ] પૂર્વોક્ત રીતે [ त्याज्यं उक्तं ] ત્યાગવાયોગ્ય કહ્યાં છે [ तत् ] તેથી [ मन्ये ] અમે એમ માનીએ છીએ કે [ अन्य–आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः ] 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.' [ तत् ]

---

૧. અધ્યવસિતિ = (એકમાં બીજાની માન્યતાપૂર્વક) પરિણતિ; (મિથ્યા) નિશ્ચિતિ; (ખોટો) નિશ્ચય હોવો તે.

૨. વ્યવસાન = કામમાં લાગ્યા રહેવું તે; ઉદ્યમી હોવું તે; નિશ્ચય હોવો તે.

૩. મનન = માનવું તે; જાણવું તે.

**एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।**
**णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं।। २७२ ।।**

एवं व्यवहारनयः प्रतिषिद्धो जानीहि निश्चयनयेन।
निश्चयनयाश्रिताः पुनर्मुनयः प्राप्नुवन्ति निर्वाणम्।। २७२ ।।

**आत्माश्रितो निश्चयनयः, पराश्रितो व्यवहारनयः। तत्रैवं निश्चयनयेन पराश्रितं समस्तमध्यवसानं बन्धहेतुत्वेन मुमुक्षोः प्रतिषेधयता व्यवहारनय एव किल**

---

તો પછી, [ अमी सन्तः ] આ સત્પુરુષો [ एकम् सम्यक् निश्चयम् एव निष्कम्पम् आक्रम्य ] એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને [ शुद्धज्ञानघने निजे महिम्नि ] શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં ( -આત્મસ્વરૂપમાં ) [ धृतिम् किं न बध्नन्ति ] સ્થિરતા કેમ ધરતા નથી ?

**ભાવાર્થઃ**-જિનેશ્વરદેવે અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે એમ જાણવું. માટે 'શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરતા રાખો' એવો શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. વળી, "જો ભગવાને અધ્યવસાન છોડાવ્યાં છે તો હવે સત્પુરુષો નિશ્ચયને નિષ્કંપપણે અંગીકાર કરી સ્વરૂપમાં કેમ નથી ઠરતા-એ અમને અચરજ છે" એમ કહીને આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે. ૧૭૩.

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ-

**વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.**

**ગાથાર્થઃ**- [ एवं ] એ રીતે ( પૂર્વોક્ત રીતે ) [ व्यवहारनयः ] ( પરાશ્રિત એવો ) વ્યવહારનય [ निश्चयनयेन ] નિશ્ચયનય વડે [ प्रतिषिद्धः जानीहि ] નિષિદ્ધ જાણ; [ पुनः निश्चयनयाश्रिताः ] નિશ્ચયનયને આશ્રિત [ मुनयः ] મુનિઓ [ निर्वाणम् ] નિર્વાણને [ प्राप्नुवन्ति ] પામે છે.

**ટીકાઃ**-આત્માશ્રિત ( અર્થાત્ સ્વ-આશ્રિત ) નિશ્ચયનય છે, પરાશ્રિત ( અર્થાત્ પરને આશ્રિત ) વ્યવહારનય છે. ત્યાં, પૂર્વોક્ત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન ( અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન ) બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો ( -અધ્યવસાનનો ) નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે, કારણ કે વ્યવહારનયને પણ

प्रतिषिद्धः, तस्यापि पराश्रितत्वाविशेषात्। प्रतिषेध्य एव चायं, आत्माश्रितनिश्चय-नयाश्रितानामेव मुच्यमानत्वात्, पराश्रितव्यवहारनयस्यैकान्तेनामुच्यमानेनाभव्येनाप्याश्रीयमाणत्वाच्च।

कथमभव्येनाप्याश्रीयते व्यवहारनयः इति चेत्-

वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।
कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु।। २७३ ।।
व्रतसमितिगुप्तयः शीलतपो जिन रैः प्रज्ञप्तम्।
कुर्वन्नप्यभव्याऽज्ञानी मिथ्यादृष्टिस्तु ।। २७३ ।।

---

પરાશ્રિતપણું સમાન જ છે (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી). અને આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે; કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ (કર્મથી) મુક્ત થાય છે અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો એવો અભવ્ય પણ કરે છે.

**ભાવાર્થઃ**-આત્માને પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે તે બધા વ્યવહારનયના વિષય હોવાથી વ્યવહારનય તો પરાશ્રિત છે, અને જે એક પોતાનો સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે. અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે, અને પહેલાંની ગાથાઓમાં અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે તે વ્યવહારનયના જ ત્યાગનો ઉપદેશ છે. આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે તેનું કારણ એ છે કે-જેઓ નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે અને જેઓ એકાંતે વ્યવહારનયના જ આશ્રયે પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી.

હવે પૂછે છે કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે? તેનો ઉત્તર કહે છેઃ-

**જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને**
**કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. ૨૭૩.**

**ગાથાર્થઃ**- [ जिनवरैः ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહેલાં [ व्रतसमितिगुप्तयः ] વ્રત, સમિતિ, ગુપ્તિ, [ शीलतपः ] શીલ, તપ [ कुर्वन् अपि ] કરતાં છતાં પણ [ अभव्यः ]

शीलतप:परिपूर्णं त्रिगुप्तिपंचसमितिपरिकलितमहिंसादिपञ्चमहाव्रतरूपं व्यवहार-
चारित्रं अभव्योऽपि कुर्यात्, तथापि स निश्चारित्रोऽज्ञानी मिथ्यादृष्टिरेव, निश्चय-
चारित्रहेतुभूतज्ञानश्रद्धानशून्यत्वात्।

तस्यैकादशाङ्गज्ञानमस्ति इति चेत्-

**मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज।**
**पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु।। २७४ ।।**

मोक्षमश्रद्दधानोऽभव्यसत्त्वस्तु योऽधीयीत।
पाठो न करोति गुणमश्रद्दधानस्य ज्ञानं तु।। २७४ ।।

मोक्षं हि न तावदभव्य: श्रद्धत्ते, शुद्धज्ञानमयात्मज्ञानशून्यत्वात्। ततो

---

અભવ્ય જીવ [ अज्ञानी ] અજ્ઞાની [ मिथ्यादृष्टि: तु ] અને મિથ્યાદ્રષ્ટિ છે.

**ટીકા:**-શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાનીભરેલું, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે ( અભવ્ય ) નિશ્ચારિત્ર ( –ચારિત્રરહિત ), અજ્ઞાની અને મિથ્યાદ્રષ્ટિ જ છે કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન–શ્રદ્ધાનથી શૂન્ય છે.

**ભાવાર્થ:**-અભવ્ય જીવ મહાવ્રત–સમિતિ–ગુપ્તિરૂપ વ્યવહાર ચારિત્ર પાળે તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના તે ચારિત્ર ‘સમ્યક્ચારિત્ર’ નામ પામતું નથી; માટે તે અજ્ઞાની, મિથ્યાદ્રષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે.

હવે શિષ્ય પૂછે છે કે–તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો? તેનો ઉત્તર કહે છે:–

**મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,**
**પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.**

**ગાથાર્થ:**- [ मोक्षम् अश्रद्दधान: ] મોક્ષને નહિ શ્રદ્ધતો એવો [ य: अभव्यसत्त्व: ] જે અભવ્યજીવ છે તે [ तु अधीयीत ] શાસ્ત્રો તો ભણે છે, [ तु ] પરંતુ [ ज्ञानं अश्रद्दधानस्य ] જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા તેને [ पाठ: ] શાસ્ત્રપઠન [ गुणम् न करोति ] ગુણ કરતું નથી.

**ટીકા:**-પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ, ( પોતે ) શુદ્ધજ્ઞાનમય આત્માના

ज्ञानमपि नासौ श्रद्धत्ते। ज्ञानमश्रद्दधानश्चाचाराद्येकादशाङ्गं श्रुतमधीयानोऽपि श्रुताध्ययन- गुणाभावान्न ज्ञानी स्यात्। स किल गुणः श्रुताध्ययनस्य यद्विविक्तवस्तुभूतज्ञानमयात्मज्ञानं; तच्च विविक्तवस्तुभूतं ज्ञानमश्रद्दधानस्याभव्यस्य श्रुताध्ययनेन न विधातुं शक्येत। ततस्तस्य तद्गुणाभावः। ततश्च ज्ञानश्रद्धानाभावत् सोऽज्ञानीति प्रतिनियतः।

तस्य धर्मश्रद्धानमस्तीति चेत्-

**सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो य फासेदि।**
**धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं।। २७५ ।।**

श्रद्दधाति च प्रत्येति च रोचयति च तथा पुनश्च स्पृशति।
धर्म भोगनिमित्तं न तु स कर्मक्षयनिमित्तम्।। २७५ ।।

---

જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, નથી શ્રદ્ધતો. તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો. અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી. જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે; અને તે તો (અર્થાત્ એવું શુદ્ધાત્મજ્ઞાન તો), ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી (અર્થાત્ શાસ્ત્ર-ભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શક્તું નથી); માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે; અને તેથી જ્ઞાનશ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો-નક્કી થયો.

**ભાવાર્થઃ**-અભવ્ય જીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી; તેથી તેને શાસ્ત્રના ભણતરે ગુણ ન કર્યો; અને તેથી તે અજ્ઞાની જ છે.

ફરી શિષ્ય પૂછે છે કે-અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં 'તેને શ્રદ્ધાન નથી' એમ કેમ કહ્યું? તેનો ઉત્તર હવે કહે છેઃ-

**તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,**
**તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને ૨૭૫.**

**ગાથાર્થઃ**- [ सः ] તે (અભવ્ય જીવ) [ भोगनिमित्तं धर्म ] ભોગના નિમિત્તરૂપ ધર્મને જ [ श्रद्दधाति च ] શ્રદ્ધે છે, [ प्रत्येति च ] તેની જ પ્રતીત કરે છે, [ रोचयति च ] તેની જ રુચિ કરે છે [ तथा पुनः स्पृशति च ] અને તેને જ સ્પર્શે

**अभव्यो हि नित्यकर्मफलचेतनारूपं वस्तु श्रद्धत्ते, नित्यज्ञानचेतनामात्रं न तु श्रद्धत्ते, नित्यमेव भेदविज्ञानानर्हत्वात्। ततः स कर्ममोक्षनिमित्तं ज्ञानमात्रं भूतार्थं धर्मं न श्रद्धत्ते, भोगनिमित्तं शुभकर्ममात्रमभूतार्थमेव श्रद्धत्ते। तत एवासौ अभूतार्थ-धर्मश्रद्धानप्रत्ययनरोचनस्पर्शनैरुपरितनग्रैवेयकभोगमात्रमास्कन्देत्, न पुनः कदाचनापि विमुच्येत। ततोऽस्य भूतार्थधर्मश्रद्धानाभावात् श्रद्धानमपि नास्ति। एवं सति तु निश्चयनयस्य व्यवहारनयप्रतिषेधो युज्यत एव।**

---

છે, [ न तु कर्मक्षयनिमित्तम् ] પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ. (કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નથી શ્રદ્ધતો, નથી તેની પ્રતીતિ કરતો, નથી તેની રુચિ કરતો અને નથી તેને સ્પર્શતો.)

**ટીકા:**-અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે (અભવ્ય) સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે. માટે તે (અભવ્ય જીવ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે; તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી. તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન પણ નથી.

આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.

**ભાવાર્થ:**-અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની યોગ્યતા નહિ હોવાથી તે કર્મફળચેતનાને જાણે છે પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી; તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી. તે શુભ કર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે તેથી તેના ફળ તરીકે ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે પરંતુ કર્મનો ક્ષય થતો નથી. આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી.

આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.

અહીં એટલું વિશેષ જાણવું કે-આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે. હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો-અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય રહી જાય છે કે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો, માત્ર સર્વજ્ઞદેવ જાણે છે; એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે. અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.

कीद्रशौ प्रतिषेध्यप्रतिषेधकौ व्यवहारनिश्चयनयाविति चेत्-

**आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं।**
**छज्जीवणिकं च तहा भणदि चरित्तं तु ववहारो।। २७६ ।।**
**आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च।**
**आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो।। २७७ ।।**

आचारादि ज्ञानं जीवादि दर्शनं च विज्ञेयम्।
षड्जीवनिकायं च तथा भणति चरित्रं तु व्यवहारः।। २७६ ।।
आत्मा खलु मम ज्ञानमात्मा मे दर्शनं चरित्रं च।
आत्मा प्रत्याख्यानमात्मा मे संवरो योगः।। २७७ ।।

**आचारादिशब्दश्रुतं ज्ञानस्याश्रयत्वाज्ज्ञानं, जीवादयो नवपदार्था दर्शनस्याश्रय-**

---

હવે પૂછે છે કે "નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધાવાયોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય-તે બન્ને નયો કેવા છે?" એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છેઃ-

**'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,**
**ષટ્જીવનિકાય ચરિત છે, -એ કથન નય વ્યવહારનું. ૨૭૬.**
**મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન-ચરિત છે,**
**મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.**

**ગાથાર્થઃ-** [ आचारादि ] આચારાંગ આદિ શાસ્ત્રો તે [ ज्ञानं ] જ્ઞાન છે, [ जीवादि ] જીવ આદિ તત્ત્વો તે [ दर्शनं विज्ञेयम् च ] દર્શન જાણવું [ च ] અને [ षड्जीवनिकायं ] છ જીવ-નિકાય તે [ चरित्रं ] ચારિત્ર છે- [ तथा तु ] એમ તો [ व्यवहारः भणति ] વ્યવહારનય કહે છે.

[ खलु ] નિશ્ચયથી [ मम आत्मा ] મારો આત્મા જ [ ज्ञानम् ] જ્ઞાન છે, [ मे आत्मा ] મારો આત્મા જ [ दर्शनं चरित्रं च ] દર્શન અને ચારિત્ર છે, [ आत्मा ] મારો આત્મા જ [ प्रत्याख्यानम् ] પ્રત્યાખ્યાન છે, [ मे आत्मा ] મારો આત્મા જ [ संवरः योगः ] સંવર અને યોગ (-સમાધિ, ધ્યાન) છે.

**ટીકાઃ-**આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે, જીવ આદિ નવ પદાર્થો દર્શન છે કારણ કે તે (નવ પદાર્થો)

त्वाद्दर्शनं, षड्जीवनिकायश्चारित्रस्याश्रयत्वाच्चारित्रमिति व्यवहारः। शुद्ध आत्मा ज्ञानाश्रयत्वाज्ज्ञानं, शुद्ध आत्मा दर्शनाश्रयत्वाद्दर्शनं, शुद्ध आत्मा चारित्राश्रयत्वाच्चारित्रमिति निश्चयः। तत्राचारादीनां ज्ञानाद्याश्रयत्वस्यानैकान्तिकत्वाद्व्यवहारनयः प्रतिषेध्यः। निश्चयनयस्तु शुद्धस्यात्मनो ज्ञानाद्याश्रयत्वस्यैकान्तिकत्वात्तत्प्रतिषेधकः। तथाहि-

नाचारादिशब्दश्रुतमेकान्तेन ज्ञानस्याश्रयः, तत्सद्भावेऽप्यभव्यानां शुद्धात्माभावेन ज्ञानस्याभावात्; न च जीवादयः पदार्था दर्शनस्याश्रयः, तत्सद्भावेऽप्यभव्यानां शुद्धात्माभावेन दर्शनस्याभावात्; न च षड्जीवनिकायः चारित्रस्याश्रयः, तत्सद्भावेऽप्यभव्यानां शुद्धात्माभावेन चारित्रस्याभावात्। शुद्ध आत्मैव ज्ञानस्याश्रयः, आचारादिशब्दश्रुतसद्भावेऽसद्भावे वा तत्सद्भावेनैव ज्ञानस्य सद्भावात्; शुद्ध आत्मैव दर्शन-

---

દર્શનનો આશ્રય છે, અને છ જીવ-નિકાય ચારિત્ર છે કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે વ્યવહાર છે. શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે, શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે, અને શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે નિશ્ચય છે. તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે-વ્યભિચારયુક્ત છે; (શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે કેમ કે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં, માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;) અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે. (શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.) આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છેઃ-

આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે; જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે; છ જીવ નિકાય ચારિત્રનો આશ્રય નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે; શુદ્ધ આત્મા જ

**स्याश्रयः, जीवादिपदार्थसद्भावेऽसद्भावे वा तत्सद्भावेनैव दर्शनस्य सद्भावात्; शुद्ध आत्मैव चारित्रस्याश्रयः, षड्जीवनिकायसद्भावेऽसद्भावे वा तत्सद्भावेनैव चारित्रस्य सद्भावात्।**

( उपजाति )

**रागादयो बन्धनिदानमुक्ता-**
**स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।**
**आत्मा परो वा किमु तन्निमित्त-**
**मिति प्रणुन्नाः पुनरेवमाहुः।। १७४ ।।**

**जह फलिहमणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।**
**रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं।। २७८ ।।**

---

દર્શનનો આશ્રય છે, કારણ કે જીવ આદિ નવ પદાર્થોનાં સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે; શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે, કારણ કે છ જીવ-નિકાયના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે.

**ભાવાર્થઃ**-આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું, જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન કરવું તથા છ કાયના જીવોની રક્ષા-એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં, તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે; અને શુદ્ધાત્મા હોય ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય જ છે, તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે.

હવે આગળના કથનની સૂચનાનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ रागादयः बन्धनिदानम् उक्ताः ] "રાગાદિકને બંધનાં કારણ કહ્યા અને વળી [ ते शुद्ध-चिन्मात्र-महः-अतिरिक्ताः ] તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા; [ तद्-निमित्तम् ] ત્યારે તે રાગાદિકનું નિમિત્ત [ किमु आत्मा वा परः ] આત્મા છે કે બીજું કોઈ?" [ इति प्रणुन्नाः पुनः एवम् आहुः ] એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્યભગવાન ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે. ૧૭૪.

ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્યભગવાન ગાથા કહે છેઃ-

**જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.**

एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।। २७९ ।।

यथा स्फटिकमणिः शुद्धो न स्वयं परिणमते रागाद्यैः।
रज्यतेऽन्यैस्तु स रक्तादिभिर्द्रव्यैः।। २७८ ।।
एवं ज्ञानी शुद्धो न स्वयं परिणमते रागाद्यैः।
रज्यतेऽन्यैस्तु स रागादिभिर्दोषैः।। २७९ ।।

यथा खलु केवलः स्फटिकोपलः, परिणामस्वभावत्वे सत्यपि, स्वस्य शुद्धस्वभावत्वेन रागादिनिमित्तत्वाभावात् रागादिभिः स्वयं न परिणमते, परद्रव्येणैव स्वयं रागादिभावापन्नतया स्वस्य रागादिनिमित्तभूतेन, शुद्धस्वभावात्प्रच्यवमान एव, रागादिभिः परिणम्यते; तथा केवलः किलात्मा, परिणामस्वभावत्वे सत्यपि, स्वस्य शुद्धस्वभावत्वेन रागादिनिमित्तत्वाभावात् रागादिभिः स्वयं न परिणमते, परद्रव्येणैव

---

ત્યમ ‘ જ્ઞાની ’ પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ स्फटिकमणिः ] સ્ફટિકમણિ [ शुद्धः ] શુદ્ધ હોવાથી [ रागाद्यैः ] રાગાદિરૂપે ( રતાશ-આદિરૂપે ) [ स्वयं ] પોતાની મેળે [ न परिणमते ] પરિણમતો નથી [ तु ] પરંતુ [ अन्यैः रक्तादिभिः द्रव्यैः ] અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે [ सः ] તે [ रज्यते ] રક્ત ( -રાતો ) આદિ કરાય છે, [ एवं ] તેમ [ ज्ञानी ] જ્ઞાની અર્થાત્ આત્મા [ शुद्धः ] શુદ્ધ હોવાથી [ रागाद्यैः ] રાગાદિરૂપે [ स्वयं ] પોતાની મેળે [ न परिणमते ] પરિણમતો નથી [ तु ] પરંતુ [ अन्यैः रागादिभिः दोषैः ] અન્ય રાગાદિ દોષો વડે [ सः ] તે [ रज्यते ] રાગી આદિ કરાય છે.

**ટીકાઃ-**જેવી રીતે ખરેખર કેવળ ( -એકલો ) સ્ફટિકમણિ, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી ( અર્થાત્ પોતે પોતાને લાલાશ-આદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી ) પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે; તેવી રીતે ખરેખર કેવળ ( -એકલો ) આત્મા, પોતે પરિણમન-સ્વભાવવાળો હોવા છતાં, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી ( અર્થાત્ પોતે પોતાને રાગાદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી ) પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો

**स्वयं रागादिभावापन्नतया स्वस्य रागादिनिमित्तभूतेन, शुद्धस्वभावात्प्रच्यवमान एव, रागादिभिः परिणम्यते। इति तावद्वस्तुस्वभावः।**

( ઉપજાતિ )

**न जातु रागादिनिमित्तभाव-**
**मात्मात्मनो याति यथार्ककान्तः।**
**तस्मिन्निमित्तं परसङ्ग एव**
**वस्तुस्वभावोऽयमुदेति तावत्।। १७५ ।।**

---

નથી, પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે.–આવો વસ્તુનો સ્વભાવ છે.

**ભાવાર્થઃ**–સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે લાલાશ–આદિરૂપે પરિણમતો નથી પરંતુ લાલ આદિ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં લાલાશ–આદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) લાલાશ–આદિરૂપે પરિણમે છે. તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે) રાગાદિરૂપે પરિણમે છે. આવો વસ્તુનો જ સ્વભાવ છે. તેમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ–** [ यथा अर्ककान्तः ] સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ) [ आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति ] આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી, [ तस्मिन् निमित्तं परसङ्गः एव ] તેમાં નિમિત્ત પરસંગ જ (–પરદ્રવ્યનો સંગ જ) છે.– [ अयम् वस्तुस्वभावः उदेति तावत् ] આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.) ૧૭૫.

'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છેઃ–

( अनुष्टुभ् )

**इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।**
**रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः।। १७६ ।।**

**ण य रागदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा।**
**सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं।। २८० ।।**

**न च रागद्वेषमोहं करोति ज्ञानी कषायभावं वा।**
**स्वयमात्मनो न स तेन कारकस्तेषां भावानाम्।। २८० ।।**

**यथोक्तं वस्तुस्वभावं जानन् ज्ञानी शुद्धस्वभावादेव न प्रच्यवते, ततो रागद्वेषमोहादिभावैः स्वयं न परिणमते, न परेणापि परिणम्यते, ततष्टङ्कोत्कीर्णैकज्ञायकभावो ज्ञानी रागद्वेषमोहादिभावानामकर्तैवेति प्रतिनियमः।**

---

**શ્લોકાર્થઃ-** [ इति स्वं वस्तुस्वभावं ज्ञानी जानाति ] એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે [ तेन सः रागादीन् आत्मनः न कुर्यात् ] તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી, [ अतः कारकः न भवति ] તેથી તે ( રાગાદિકનો ) કર્તા નથી. ૧૭૬.

હવે, એ પ્રમાણે જ ગાથામાં કહે છેઃ-

**કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે,**
**જ્ઞાની સ્વયં કરતો નથી, તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ रागद्वेषमोहं ] રાગદ્વેષમોહને [ वा कषायभावं ] કે કષાયભાવને [ स्वयम् ] પોતાની મેળે [ आत्मनः ] પોતામાં [ न च करोति ] કરતો નથી [ तेन ] તેથી [ सः ] તે, [ तेषां भावानाम् ] તે ભાવોનો [ कारकः न ] કારક અર્થાત્ કર્તા નથી.

**ટીકાઃ-**યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવા) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી, માટે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે-એવો નિયમ છે.

**ભાવાર્થઃ-**આત્મા જ્ઞાની થયો ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો કે 'આત્મા પોતે તો શુદ્ધ જ છે-દ્રવ્યદ્રષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદ્રષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે'; માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા

( अनुष्टुभ् )

**इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेत्ति तेन सः।**
**रागादीनात्मनः कुर्यादतो भवति कारकः।। १७७ ।।**

**रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।**
**तेहिं दु परिणमंतो रागादी बंधदि पुणो वि।। २८१ ।।**

**रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः।**
**तैस्तु परिणममानो रागादीन् बध्नाति पुनरपि।। २८१ ।।**

**यथोक्तं वस्तुस्वभावमजानंस्त्वज्ञानी शुद्धस्वभावादासंसारं प्रच्युत एव, ततः कर्मविपाकप्रभवै रागद्वेषमोहादिभावैः परिणममानोऽज्ञानी रागद्वेषमोहादिभावानां कर्ता भवन् बध्यत एवेति प्रतिनियमः।**

---

થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.

'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ इति स्वं वस्तुस्वभावं अज्ञानी न वेत्ति ] એવા પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી [ तेन सः रागादीन् आत्मनः कुर्यात् ] તેથી તે રાગાદિકને (–રાગાદિભાવોને) પોતાના કરે છે, [ अतः कारकः भवति ] તેથી (તેમનો) કર્તા થાય છે. ૧૭૭.

હવે આ અર્થની ગાથા કહે છેઃ–

**પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,**
**તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.**

**ગાથાર્થઃ-** [ रागे च द्वेषे च कषायकर्मसु च एव ] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) [ ये भावाः ] જે ભાવો થાય છે [ तैः तु ] તે-રૂપે [ परिणममानः ] પરિણમતો અજ્ઞાની [ रागादीन् ] રાગાદિકને [ पुनः अपि ] ફરીને પણ [ बध्नाति ] બાંધે છે.

**ટીકાઃ**–યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન થતા રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે પરિણમતો અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો (કર્મોથી) બંધાય જ છે–એવો નિયમ છે.

ततः स्थितमेतत्-

**रागम्हि य दासम्हि य कसायकम्मेसु चेव जे भावा।**
**तेहिं दु परिणमंतो रागादी बंधदे चेदा।। २८२ ।।**

**रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः।**
**तैस्तु परिणममानो रागादीन् बध्नाति चेतयिता।। २८२ ।।**

**य इमे किलाज्ञानिनः पुद्गलकर्मनिमित्ता रागद्वेषमोहादिपरिणामास्त एव भूयो रागद्वेषमोहादिपरिणामनिमित्तस्य पुद्गलकर्मणो बन्धहेतुरिति।**

**कथमात्मा रागादीनामकारक एवेति चेत्-**

---

**ભાવાર્થઃ-**અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી અને કર્મના ઉદયથી જે ભાવો થાય છે તેમને પોતાના સમજીને પરિણમે છે, માટે તેમનો કર્તા થયો થકો ફરી ફરી આગામી કર્મ બાંધે છે-એવો નિયમ છે.

"તેથી આમ ઠર્યું (અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું)" એમ હવે કહે છેઃ-

**એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,**
**તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.**

**ગાથાર્થઃ-** [ रागे च द्वेषे च कषायकर्मसु च एव ] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં (અર્થાત્ તેમનો ઉદય થતાં) [ ये भावाः ] જે ભાવો થાય છે [ तैः तु ] તે-રૂપે [ परिणममानः ] પરિણમતો થકો [ चेतयिता ] આત્મા [ रागादीन् ] રાગાદિકને [ बध्नाति ] બાંધે છે.

**ટીકાઃ-**ખરેખર અજ્ઞાનીને, પુદ્ગલકર્મ જેમનું નિમિત્ત છે એવા જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે, તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્ગલકર્મ તેના બંધનું કારણ છે.

**ભાવાર્થઃ-**અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે તેઓ જ ફરીને આગામી કર્મબંધનાં કારણ થાય છે.

હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે? તેનું સમાધાન (આગમનું પ્રમાણ આપીને) કરે છેઃ-

अप्पडिकमणं दुविहं अपच्चखाणं तहेव विण्णेयं।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।। २८३ ।।
अप्पडिकमणं दुविहं दव्वे भावे अपच्चखाणं पि।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।। २८४ ।।
जावं अप्पडिकमणं अपच्चखाणं च दव्वभावाणं।
कुव्वदि आदा तावं कत्ता सो होदि णादव्वो।। २८५ ।।

अप्रतिक्रमणं द्विविधमप्रत्याख्यानं तथैव विज्ञेयम्।
एतेनोपदेशेन चाकारको वर्णितश्चेतयिता।। २८३ ।।
अप्रतिक्रमणं द्विविधं द्रव्ये भावे तथाऽप्रत्याख्यानम्।
एतेनोपदेशेन चाकारको वर्णितश्चेतयिता।। २८४ ।।
यावदप्रतिक्रमणमप्रत्याख्यानं च द्रव्यभावयोः।
करोत्यात्मा तावत्कर्ता स भवति ज्ञातव्यः।। २८५ ।।

---

અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,
-આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.

અણપ્રતિક્રમણ બે-દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,
-આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.

અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,
આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.

**ગાથાર્થઃ**- [ अप्रतिक्रमणं ] અપ્રતિક્રમણ [ द्विविधम् ] બે પ્રકારનું [ तथा एव ] તેમ જ [ अप्रत्याख्यानं ] અપ્રત્યાખ્યાન બે પ્રકારનું [ विज्ञेयम् ] જાણવું;- [ एतेन उपदेशेन च ] આ ઉપદેશથી [ चेतयिता ] આત્મા [ अकारकः वर्णितः ] અકારક વર્ણવવામાં આવ્યો છે.

[ अप्रतिक्रमणं ] અપ્રતિક્રમણ [ द्विविधं ] બે પ્રકારનું છે- [ द्रव्ये भावे ] દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી; [ तथा अप्रत्याख्यानम् ] તેવી રીતે અપ્રત્યાખ્યાન પણ બે પ્રકારનું છે-દ્રવ્ય સંબંધી અને ભાવ સંબંધી;- [ एतेन उपदेशेन च ] આ ઉપદેશથી [ चेतयिता ] આત્મા [ अकारकः वर्णितः ] અકારક વર્ણવવામાં આવ્યો છે.

**आत्मात्मना रागादीनामकारक एव, अप्रतिक्रमणाप्रत्याख्यानयोर्द्वैविध्योपदेशान्यथानुपपत्तेः। यः खलु अप्रतिक्रमणाप्रत्याख्यानयोर्द्रव्यभावभेदेन द्विविधोपदेशः स, द्रव्यभावयोर्निमित्तनैमित्तिकभावं प्रथयन्, अकर्तृत्वमात्मनो ज्ञापयति। तत एतत् स्थितं-परद्रव्यं निमित्तं, नैमित्तिका आत्मनो रागादिभावाः। यद्येवं नेष्येत तदा द्रव्याप्रतिक्रमणाप्रत्याख्यानयोः कर्तृत्वनिमित्तत्वोपदेशोऽनर्थक एव स्यात्, तदनर्थकत्वे त्वेकस्यैवात्मनो रागादिभावनिमित्तत्वापत्तौ नित्यकर्तृत्वानुषङ्गान्मोक्षाभावः प्रसजेच्च। ततः परद्रव्यमेवात्मनो रागादिभावनिमित्तमस्तु। तथा सति तु रागादीनामकारक एवात्मा। तथापि यावन्निमित्तभूतं द्रव्यं न प्रतिक्रामति न प्रत्याचष्टे च तावन्नैमित्तिकभूतं भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे च, यावत्तु भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे च तावत्कर्तैव स्यात्। यदैव निमित्तभूतं द्रव्यं प्रतिक्रामति प्रत्याचष्टे च तदैव नैमित्तिक-**

---

[ यावत् ] જ્યાં સુધી [ आत्मा ] આત્મા [ द्रव्यभावयोः ] દ્રવ્યનું અને ભાવનું [ अप्रतिक्रमणम् च अप्रत्याख्यानं ] અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન [ करोति ] કરે છે [ तावत् ] ત્યાં સુધી [ सः ] તે [ कर्ता भवति ] કર્તા થાય છે [ ज्ञातव्यः ] એમ જાણવું.

**ટીકા:**-આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે; કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો) અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે. માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે. જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય, અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિકભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે. માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો. અને એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે એમ સિદ્ધ થયું. (આ રીતે જોકે આત્મા રાગાદિકનો અકારક જ છે) તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને (-પરદ્રવ્યને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી (અર્થાત્ જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી) ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને (-રાગાદિભાવને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી, અને જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી ત્યાં સુધી કર્તા જ છે; જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને

**भूतं भावं प्रतिक्रामति प्रत्याचष्टे च, यदा तु भावं प्रतिक्रामति प्रत्याचष्टे च तदा साक्षादकर्तैव स्यात्।**

**द्रव्यभावयोर्निमित्तनैमित्तिकभावोदाहरणं चैतत्-**

**आधाकम्मादीया पोग्गलदव्वस्स जे इमे दोसा।**
**कह ते कुव्वदि णाणी परदव्वगुणा दु जे णिच्चं।। २८६ ।।**

---

પ્રતિક્રમે છે તથા પચખે છે, અને જ્યારે પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે.

**ભાવાર્થઃ**-અતીત કાળમાં જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું તેમને વર્તમાનમાં સારાં જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે જે રાગાદિભાવો થયા હતા તેમને વર્તમાનમાં ભલા જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે ભાવ-અપ્રતિક્રમણ છે. તેવી રીતે આગામી કાળ સંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે દ્રવ્યઅપ્રત્યાખ્યાન છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે આગામી કાળમાં થનારા જે રાગાદિભાવો તેમની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે ભાવ-અપ્રત્યાખ્યાન છે. આમ દ્રવ્યઅપ્રતિક્રમણ ને ભાવ-અપ્રતિક્રમણ તથા દ્રવ્ય-અપ્રત્યાખ્યાન ને ભાવ-અપ્રત્યાખ્યાન-એવો જે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો ઉપદેશ છે તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકભાવને જણાવે છે. માટે એમ ઠર્યું કે પરદ્રવ્ય તો નિમિત્ત છે અને રાગાદિભાવો નૈમિત્તિક છે. આ રીતે આત્મા રાગાદિભાવોને સ્વયમેવ નહિ કરતો હોવાથી તે રાગાદિભાવોનો અકર્તા જ છે એમ સિદ્ધ થયું. આ પ્રમાણે જોકે આ આત્મા રાગાદિભાવોનો અકર્તા જ છે તોપણ જ્યાં સુધી તેને નિમિત્તભૂત પરદ્રવ્યનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તેને રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે, અને જ્યાં સુધી રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તે રાગાદિભાવોનો કર્તા જ છે; જ્યારે તે નિમિત્તભૂત પરદ્રવ્યનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરે ત્યારે તેને નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે, અને જ્યારે રાગાદિભાવોનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે ત્યારે તે સાક્ષાત્ અકર્તા જ છે.

હવે દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું ઉદાહરણ કહે છેઃ-

**આધાકરમ ઇત્યાદિ પુદ્‌ગલદ્રવ્યના આ દોષ જે,**
**તે કેમ ‘ જ્ઞાની ’ કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે ? ૨૮૬.**

आधाकम्मं उद्देसियं च पोग्गलमयं इमं दव्वं।
कह तं मम होदि कयं जं णिच्चमचेदणं वुत्तं।। २८७ ।।

अध:कर्माद्या: पुद्गलद्रव्यस्य य इमे दोषा:।
कथं तान् करोति ज्ञानी परद्रव्यगुणास्तु ये नित्यम्।। २८६ ।।
अध:कर्मोद्देशिकं च पुद्गलमयमिदं द्रव्यं।
कथं तन्मम भवति कृतं यन्नित्यमचेतनमुक्तम्।। २८७ ।।

**यथाध:कर्मनिष्पन्नमुद्देशनिष्पन्नं च पुद्गलद्रव्यं निमित्तभूतमप्रत्याचक्षाणो नैमित्तिकभूतं बन्धसाधकं भावं न प्रत्याचष्टे, तथा समस्तमपि परद्रव्यमप्रत्याचक्षाणस्तन्निमित्तकं भावं न प्रत्याचष्टे। यथा चाध:कर्मादीन् पुद्गलद्रव्यदोषान्न नाम करोत्यात्मा परद्रव्यपरिणामत्वे सति आत्मकार्यत्वाभावात्, ततोऽध:कर्मोद्देशिकं**

---

**ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્‌ગલિક આ દ્રવ્ય જે,**
**તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને ? ૨૮૭.**

**ગાથાર્થઃ-** [ अध:कर्माद्या: ये इमे ] અધઃકર્મ આદિ જે આ [ पुद्गलद्रव्यस्य दोषा: ] પુદ્‌ગલદ્રવ્યના દોષો છે (તેમને જ્ઞાની અર્થાત્ આત્મા કરતો નથી;) [ तान् ] તેમને [ ज्ञानी ] જ્ઞાની અર્થાત્ આત્મા [ कथं करोति ] કેમ કરે [ ये तु ] કે જે [ नित्यम् ] સદા [ परद्रव्यगुणा: ] પરદ્રવ્યના ગુણો છે ?

માટે [ अध:कर्म उद्देशिक च ] અધઃકર્મ અને ઉદ્દેશિક [ इदं ] એવું આ [ पुद्गलमयम् द्रव्यं ] પુદ્‌ગલમય દ્રવ્ય છે (તે મારું કર્યું થતું નથી;) [ तत् ] તે [ मम कृतं ] મારું કર્યું [ कथं भवति ] કેમ થાય [ यत् ] કે જે [ नित्यम् ] સદા [ अचेतनम् उक्तम् ] અચેતન કહેવામાં આવ્યું છે ?

**ટીકાઃ**-જેમ અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત (આહાર આદિ) પુદ્‌ગલદ્રવ્ય તેને નહિ પચખતો આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખતો (ત્યાગતો) નથી, તેમ સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો (-નહિ ત્યાગતો) આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખતો (ત્યાગતો) નથી. વળી, “અધઃકર્મ આદિ જે પુદ્‌ગલદ્રવ્યના દોષો તેમને આત્મા ખરેખર કરતો નથી કારણ કે તેઓ પરદ્રવ્યના પરિણામ હોવાથી તેમને આત્માના કાર્યપણાનો

**च पुद्गलद्रव्यं न मम कार्यं नित्यमचेतनत्वे सति मत्कार्यत्वाभावात्, -इति तत्त्वज्ञानपूर्वकं पुद्गलद्रव्यं निमित्तभूतं प्रत्याचक्षाणो नैमित्तिकभूतं बन्धसाधकं भावं प्रत्याचष्टे, तथा समस्तमपि परद्रव्यं प्रत्याचक्षाणस्तन्निमित्तं भावं प्रत्याचष्टे। एवं द्रव्यभावयोरस्ति निमित्तनैमित्तिकभावः।**

( शार्दूलविक्रीडित )

**इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बलात्**
**तन्मूलां बहुभावसन्ततिमिमामुद्धर्तुकामः समम्।**
**आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं**
**येनोन्मूलितबन्ध एष भगवानात्मात्मनि स्फूर्जति।। १७८ ।।**

---

અભાવ છે, માટે અધઃકર્મ અને ઉદ્દેશિક એવું જે પુદ્ગલદ્રવ્ય તે મારું કાર્ય નથી કારણ કે તે નિત્ય અચેતન હોવાથી તેને મારા કાર્યપણાનો અભાવ છે, "-એમ તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્ગલદ્રવ્યને પચખતો આત્મા (-મુનિ) જેમ નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખે છે, તેમ સમસ્ત પરદ્રવ્યને પચખતો (ત્યાગતો) આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખે છે. આ પ્રમાણે દ્રવ્ય અને ભાવને નિમિત્તનૈમિત્તિકપણું છે.

**ભાવાર્થઃ**-અહીં અધઃકર્મ અને ઉદ્દેશિક આહારનાં દ્દષ્ટાંતથી દ્રવ્ય અને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દ્દઢ કર્યું છે.

જે પાપકર્મથી આહાર નીપજે તે પાપકર્મને અધઃકર્મ કહેવામાં આવે છે, તેમ જ તે આહારને પણ અધઃકર્મ કહેવામાં આવે છે. જે આહાર, ગ્રહણ કરનારના નિમિત્તે જ બનાવવામાં આવ્યો હોય તેને ઉદ્દેશિક કહેવામાં આવે છે. આવા (અધઃકર્મ અને ઉદ્દેશિક) આહારને જેણે પચખ્યો નથી તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો નથી અને જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક તે આહારને પચખ્યો છે તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો છે. આ રીતે સમસ્ત દ્રવ્યને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકભાવ જાણવો. જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તેને રાગાદિભાવો પણ થાય છે, તે તેમનો કર્તા પણ થાય છે અને તેથી કર્મનો બંધ પણ કરે છે; જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે તેને કાંઈ ગ્રહણ કરવાનો રાગ નથી, તેથી રાગાદિરૂપ પરિણમન પણ નથી અને તેથી આગામી બંધ પણ નથી. (એ રીતે જ્ઞાની પરદ્રવ્યનો કર્તા નથી.)

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જેમાં પરદ્રવ્યને ત્યાગવાનો ઉપદેશ કરે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ इति ] આમ (પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિક-

( मन्दाक्रान्ता )

**रागादीनामुदयमदयं दारयत्कारणानां**
**कार्य बन्धं विविधमधुना सद्य एव प्रणुद्य।**
**ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्**
**तद्वद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति।। १७९ ।।**

---

પણું ) [ आलोच्य ] વિચારીને, [ तद्–मूलां इमाम् बहुभावसन्ततिम् समम् उद्धर्तुकामः ] પરદ્રવ્ય જેનું મૂળ છે એવી આ બહુ ભાવોની સંતતિને એકીસાથે ઉખેડી નાખવાને ઈચ્છતો, પુરુષ, [ तत् किल समग्रं परद्रव्यं बलात् विवेच्य ] તે સમસ્ત પરદ્રવ્યને બળથી (–ઉદ્યમથી, પરાક્રમથી ) ભિન્ન કરીને ( ત્યાગીને ), [ निर्भरवहत्–पूर्ण–एफ–संविद्–युतं आत्मानं ] અતિશયપણે વહેતું (–ધારાવાહી ) જે પૂર્ણ એક સંવેદન તેનાથી યુક્ત એવા પોતાના આત્માને [ समुपैति ] પામે છે, [ येन ] કે જેથી [ उन्मूलितबन्धः एषः भगवान् आत्मा ] જેણે કર્મબંધનને મૂળથી ઉખેડી નાખ્યું છે એવો આ ભગવાન આત્મા [ आत्मनि ] પોતામાં જ (–આત્મામાં જ ) [ स्फूर्जति ] સ્ફુરાયમાન થાય છે.

**ભાવાર્થઃ**–પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત–નૈમિત્તિકપણું જાણી સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં–ત્યાગવામાં આવે ત્યારે સમસ્ત રાગાદિભાવોની સંતતિ કપાઈ જાય છે અને ત્યારે આત્મા પોતાનો જ અનુભવ કરતો થકો કર્મના બંધનને કાપી પોતામાં જ પ્રકાશે છે. માટે જે પોતાનું હિત ચાહે છે તે એવું કરો. ૧૭૮.

હવે બંધ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે જ્ઞાનના મહિમાના અર્થનું કળશકાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ**– [ कारणानां रागादीनाम् उदयं ] બંધનાં કારણરૂપ જે રાગાદિક ( રાગાદિકભાવો ) તેમના ઉદયને [ अदयम् ] નિર્દય રીતે ( અર્થાત્ ઉગ્ર પુરુષાર્થથી ) [ दारयत् ] વિદારતી થકી, [ कार्य विविधम् बन्धं ] તે રાગાદિકના કાર્યરૂપ ( જ્ઞાનાવરણાદિ ) અનેક પ્રકારના બંધને [ अधुना ] હમણાં [ सद्यः एव ] તત્કાળ જ [ प्रणुद्य ] દૂર કરીને, [ एतत् ज्ञानज्योतिः ] આ જ્ઞાનજ્યોતિ– [ क्षपिततिमिरं ] કે જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે તે– [ साधु ] સારી રીતે [ सन्नद्धम् ] સજ્જ થઈ, – [ तद्–वत् यद्–वत् ] એવી રીતે સજ્જ થઈ કે [ अस्य प्रसरम् अपरः कः अपि न आवृणोति ] તેના ફેલાવને બીજું કોઈ આવરી શકે નહિ.

**ભાવાર્થઃ**–જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે, રાગાદિક રહેતા નથી, તેમનું કાર્ય જે બંધ તે પણ રહેતો નથી, ત્યારે પછી તેને (–જ્ઞાનને ) આવરણ કરનારું કોઈ રહેતું નથી, તે સદાય પ્રકાશમાન જ રહે છે. ૧૭૯.

**इति बन्धो निष्क्रान्तः।**

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ बन्धप्ररूपकः सप्तमोऽङ्कः।।**

---

**ટીકાઃ**-આ પ્રમાણે બંધ ( રંગભૂમિમાંથી ) બહાર નીકળી ગયો.

**ભાવાર્થઃ**-રંગભૂમિમાં બંધના સ્વાંગે પ્રવેશ કર્યો હતો. હવે જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં તે બંધ સ્વાંગને દૂર કરીને બહાર નીકળી ગયો.

જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,
ત્યોં મતિહીન જુ રાગવિરોધ લિયે વિચરે તબ બંધન બાઢૈ;
પાય સમૈ ઉપદેશ યથારથ રાગવિરોધ તજૈ નિજ ચાટૈ,
નાહિં બંધૈ તબ કર્મસમૂહ જુ આપ ગહૈ પરભાવનિ કાટૈ.

આમ શ્રી સમયસારની ( શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની ) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં બંધનો પ્રરૂપક સાતમો અંક સમાપ્ત થયો.

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

卐 –૮– 卐

卐 મોક્ષ અધિકાર 卐

卐 卐

卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐卐

**अथ प्रविशति मोक्षः।**

(शिखरिणी)

**द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद्बन्धपुरुषौ**
**नयन्मोक्षं साक्षात्पुरुषमुपलम्भैकनियतम्।**
**इदानीमुन्मज्जत्सहजपरमानन्दसरसं**
**परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते।। १८० ।।**

---

કર્મબંધ સૌ કાપીને, પહોંચ્યા મોક્ષ સુથાન;
નમું સિદ્ધ પરમાતમા, કરું ધ્યાન અમલાન.

પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે 'હવે મોક્ષ પ્રવેશ કરે છે'.

જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે છે તેમ અહીં મોક્ષતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે. ત્યાં જ્ઞાન સર્વ સ્વાંગને જાણનારું છે, તેથી અધિકારના આદિમાં આચાર્યદેવ સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ इदानीम् ] હવે (બંધ પદાર્થ પછી), [ प्रज्ञा–क्रकच–दलनात् बन्ध–पुरुषौ द्विधाकृत्य ] પ્રજ્ઞારૂપી કરવત વડે વિદારણ દ્વારા બંધ અને પુરુષને દ્વિધા (જુદા જુદા-બે) કરીને, [ पुरुषम् उपलम्भ–एक–नियतम् ] પુરુષને-કે જે પુરુષ માત્ર *અનુભૂતિ વડે જ નિશ્ચિત છે તેને- [ साक्षात् मोक्षं नयत् ] સાક્ષાત્ મોક્ષ પમાડતું થકું, [ पूर्णं ज्ञानं विजयते ] પૂર્ણ જ્ઞાન જયવંત પ્રવર્તે છે. કેવું છે તે જ્ઞાન? [ उन्मज्जत्–सहज–परम–आनन्द–सरसं ] પ્રગટ થતા સહજ પરમ આનંદ વડે સરસ

---

* જેટલું સ્વરૂપ-અનુભવન છે તેટલો જ આત્મા છે.

**जह णाम को वि पुरिसो बंधणयम्हि चिरकालपडिबद्धो।**
**तिव्वं मंदसहावं कालं च वियाणदे तस्स।। २८८ ।।**
**जइ ण वि कुणदि च्छेदं ण मुच्चदे तेण बंधणवसो सं।**
**कालेण उ बहुगेण वि ण सो णरो पावदि विमोक्खं।। २८९ ।।**
**इय कम्मबंधणाणं एदेसठिइपयडिमेवमणुभागं।**
**जाणंतो वि ण मुच्चदि मुच्चदि सो चेव जदि सुद्धो।। २९० ।।**

यथा नाम कश्चित्पुरुषो बन्धनके चिरकालप्रतिबद्धः।
तीव्रमन्दस्वभावं कालं च विजानाति तस्य।। २८८ ।।
यदि नापि करोति छेदं न मुच्यते तेन बन्धनवशः सन्।
कालेन तु बहुकेनापि न स नरः प्राप्नोति विमोक्षम्।। २८९ ।।
इति कर्मबन्धनानां प्रदेशस्थितिप्रकृतिमेवमनुभागम्।
जानन्नपि न मुच्यते मुच्यते स चैव यदि शुद्धः।। २९० ।।

---

અર્થાત્ રસયુક્ત છે, [ परं ] ઉત્કૃષ્ટ છે, અને [ कृत–सकल–कृत्यं ] કરવાયોગ્ય સમસ્ત કાર્યો જેણે કરી લીધાં છે ( –જેને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી ) એવું છે.

**ભાવાર્થઃ**–જ્ઞાન બંધ–પુરુષને જુદા કરીને, પુરુષને મોક્ષ પમાડતું થકું, પોતાનું સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ કરીને જયવંત પ્રવર્તે છે. આમ જ્ઞાનનું સર્વોત્કૃષ્ટપણું કહેવું તે જ મંગળવચન છે. ૧૮૦.

હવે, મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી–એમ કહે છેઃ–

**જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,**
**તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો, ૨૮૮.**

**પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,**
**ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.**

**ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને**
**જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.**

आत्मबन्धयोर्द्विधाकरणं मोक्षः। बन्धस्वरूपज्ञानमात्रं तद्धेतुरित्येके, तदसत्; न कर्मबद्धस्य बन्धस्वरूपज्ञानमात्रं मोक्षहेतुः, अहेतुत्वात्, निगडादिबद्धस्य बन्धस्वरूपज्ञानमात्रवत्। एतेन कर्मबन्धप्रपञ्चरचनापरिज्ञानमात्रसन्तुष्टा उत्थाप्यन्ते।

जह बंधे चिंतंतो बंधणबद्धो ण पावदि विमोक्खं।
तह बंधे चिंतंतो जीवो वि ण पावदि विमोक्खं।। २९१ ।।

---

**ગાથાર્થઃ-** [ यथा नाम ] જેવી રીતે [ बन्धनके ] બંધનમાં [ चिरकालप्रतिबद्धः ] ઘણા કાળથી બંધાયેલો [ कश्चित् पुरुषः ] કોઈ પુરુષ [ तस्य ] તે બંધનના [ तीव्रमन्दस्वभावं ] તીવ્ર-મંદ (આકરા-ઢીલા) સ્વભાવને [ कालं च ] અને કાળને (અર્થાત્ આ બંધન આટલા કાળથી છે એમ) [ विजानाति ] જાણે છે, [ यदि ] પરંતુ જો [ न अपि छेदं करोति ] તે બંધનને પોતે કાપતો નથી [ तेन न मुच्यते ] તો તેનાથી છૂટતો નથી [ तु ] અને [ बन्धनवशः सन् ] બંધનવશ રહેતો થકો [ बहुकेन अपि कालेन ] ઘણા કાળે પણ [ सः नरः ] તે પુરુષ [ विमोक्षम् न प्राप्नोति ] બંધનથી છૂટવારૂપ મોક્ષને પામતો નથી; [ इति ] તેવી રીતે જીવ [ कर्मबन्धनानां ] કર્મ-બંધનોનાં [ प्रदेशस्थितिप्रकृतिम् एवम् अनुभागम् ] પ્રદેશ, સ્થિતિ, પ્રકૃતિ તેમ જ અનુભાગને [ जानन् अपि ] જાણતાં છતાં પણ [ न मुच्यते ] (કર્મબંધથી) છૂટતો નથી, [ च यदि सः एव शुद्धः ] પરંતુ જો પોતે (રાગાદિને દૂર કરી) શુદ્ધ થાય [ मुच्यते ] તો જ છૂટે છે.

**ટીકાઃ-**આત્મા અને બંધનું દ્વિધાકરણ (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા) તે મોક્ષ છે. 'બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ છે (અર્થાત્ બંધના સ્વરૂપને જાણવામાત્રથી જ મોક્ષ થાય છે)' એમ કેટલાક કહે છે, તે અસત્ છે; કર્મથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી, કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર બંધથી છૂટવાનું કારણ નથી તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર કર્મબંધથી છૂટવાનું કારણ નથી. આથી (-આ કથનથી), જેઓ કર્મબંધના પ્રપંચની (-વિસ્તારની) રચનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને ઉત્થાપવામાં આવે છે.

**ભાવાર્થઃ-**બંધનું સ્વરૂપ જાણવાથી જ મોક્ષ છે એમ કોઈ અન્યમતી માને છે. તેમની એ માન્યતાનું આ કથનથી નિરાકરણ જાણવું. જાણવામાત્રથી જ બંધ નથી કપાતો, બંધ તો કાપવાથી જ કપાય છે.

બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી એમ હવે કહે છેઃ-

**બંધન મહીં જે બદ્ધ તે નહિ બંધચિંતાથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧.**

यथा बन्धांश्चिन्तयन् बन्धनबद्धो न प्राप्नोति विमोक्षम्।
तथा बन्धांश्चिन्तयन् जीवोऽपि न प्राप्नोति विमोक्षम्।। २९१ ।।

**बन्धचिन्ताप्रबन्धो मोक्षहेतुरित्यन्ये, तदप्यसत्; न कर्मबद्धस्य बन्धचिन्ताप्रबन्धो मोक्षहेतुः, अहेतुत्वात्, निगडादिबद्धस्य बन्धचिन्ताप्रबन्धवत्। एतेन कर्मबन्धविषयचिन्ताप्रबन्धात्मकविशुद्धधर्मध्यानान्धबुद्धयो बोध्यन्ते।**

**कस्तर्हि मोक्षहेतुरिति चेत्-**

**जह बंधे छेत्तूण य बंधणबद्धो दु पावदि विमोक्खं।
तह बंधे छेत्तूण य जीवो संपावदि विमोक्खं।। २९२ ।।**

---

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ बन्धनबद्धः ] બંધનથી બંધાયેલો પુરુષ [ बन्धान् चिन्तयन् ] બંધોના વિચાર કરવાથી [ विमोक्षम् न प्राप्नोति ] મોક્ષ પામતો નથી ( અર્થાત્ બંધથી છૂટતો નથી ), [ तथा ] તેમ [ जीवः अपि ] જીવ પણ [ बन्धान् चिन्तयन् ] બંધોના વિચાર કરવાથી [ विमोक्षम् न प्राप्नोति ] મોક્ષ પામતો નથી.

**ટીકાઃ-**' બંધ સંબંધી વિચારશૃંખલા મોક્ષનું કારણ છે ' એમ બીજા કેટલાક કહે છે, તે પણ અસત્ છે; કર્મથી બંધાયેલાને બંધ સંબંધી વિચારની શૃંખલા મોક્ષનું કારણ નથી, કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને તે બંધ સંબંધી વિચારશૃંખલા ( -વિચારની પરંપરા ) બંધથી છૂટવાનું કારણ નથી તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધ સંબંધી વિચારશૃંખલા કર્મબંધથી છૂટવાનું કારણ નથી. આથી ( -આ કથનથી ), કર્મબંધ સંબંધી વિચારશૃંખલાત્મક વિશુદ્ધ ( -શુભ ) ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે તેમને સમજાવવામાં આવે છે.

**ભાવાર્થઃ-**કર્મબંધની ચિંતામાં મન લાગ્યું રહે તોપણ મોક્ષ થતો નથી. એ તો ધર્મધ્યાનરૂપ શુભ પરિણામ છે. જેઓ કેવળ શુભ પરિણામથી જ મોક્ષ માને છે તેમને અહીં ઉપદેશ છે કે-શુભ પરિણામથી મોક્ષ થતો નથી.

" ( જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી ) તો મોક્ષનું કારણ શું છે ? " એમ પૂછવામાં આવતાં હવે મોક્ષનો ઉપાય કહે છેઃ-

**બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,
ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.**

यथा बन्धांश्छित्वा च बन्धनबद्धस्तु प्राप्नोति विमोक्षम्।
तथा बन्धांश्छित्वा च जीवः सम्प्राप्नोति विमोक्षम्।। २९२ ।।

कर्मबद्धस्य बन्धच्छेदो मोक्षहेतुः, हेतुत्वात्, निगडादिबद्धस्य बन्धच्छेदवत्। एतेन उभयेऽपि पूर्वे आत्मबन्धयोर्द्विधाकरणे व्यापार्येते।

किमयमेव मोक्षहेतुरिति चेत्-

बंधाणं च सहावं वियाणिदुं अप्पणो सहावं च।
बंधेसु जो विरज्जदि सो कम्मविमोक्खणं कुणदि।। २९३ ।।

बन्धानां च स्वभावं विज्ञायात्मनः स्वभावं च।
बन्धेषु यो विरज्यते स कर्मविमोक्षणं करोति।। २९३ ।।

---

**ગાથાર્થઃ**- [ यथा च ] જેમ [ बन्धनबद्धः तु ] બંધનથી બંધાયેલો પુરુષ [ बन्धान् छित्वा ] બંધોને છેદીને [ विमोक्षम् प्राप्नोति ] મોક્ષ પામે છે, [ तथा च ] તેમ [ जीवः ] જીવ [ बन्धान् छित्वा ] બંધોને છેદીને [ विमोक्षम् सम्प्राप्नोति ] મોક્ષ પામે છે.

**ટીકાઃ**-કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે, કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધનો છેદ કર્મબંધથી છૂટવાનું કારણ છે. આથી (-આ કથનથી), પૂર્વે કહેલા બન્નેને (-જેઓ બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને અને જેઓ બંધના વિચાર કર્યા કરે છે તેમને-) આત્મા અને બંધના દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા પ્રત્યે લગાડવામાં-જોડવામાં-ઉદ્યમ કરાવવામાં આવે છે).

'માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છેઃ-

બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,
જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! ૨૯૩.

**ગાથાર્થઃ**- [ बन्धानां स्वभावं च ] બંધોના સ્વભાવને [ आत्मनः स्वभावं च ] અને આત્માના સ્વભાવને [ विज्ञाय ] જાણીને [ बन्धेषु ] બંધો પ્રત્યે [ यः ] જે [ विरज्यते ] વિરક્ત થાય છે, [ सः ] તે [ कर्मविमोक्षणं करोति ] કર્મોથી મુકાય છે.

**य एव निर्विकारचैतन्यचमत्कारमात्रमात्मस्वभावं तद्विकारकारकं बन्धानां च स्वभावं विज्ञाय, बन्धेभ्यो विरमति, स एव सकलकर्ममोक्षं कुर्यात्। एतेनात्मबन्धयोर्द्विधाकरणस्य मोक्षहेतुत्वं नियम्यते।**

**केनात्मबन्धौ द्विधा क्रियेते इति चेत्-**

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**पण्णाछेदणएण दु छिण्णा णाणत्तमावण्णा।। २९४ ।।**
**जीवो बन्धश्च तथा छिद्येते स्वलक्षणाभ्यां नियताभ्याम्।**
**प्रज्ञाछेदनकेन तु छिन्नौ नानात्वमापन्नौ।। २९४ ।।**

**आत्मबन्धयोर्द्विधाकरणे कार्ये कर्तुरात्मनः करणमीमांसायां, निश्चयतः स्वतो**

---

**ટીકાઃ**–જે, નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને (આત્માના સ્વભાવને) અને તેને (અર્થાત્ આત્માને) વિકાર કરનારા એવા બંધોના સ્વભાવને જાણીને, બંધોથી વિરમે છે, તે જ સર્વ કર્મોથી મુકાય છે. આથી (–આ કથનથી), આત્મા અને બંધનું દ્વિધાકરણ જ મોક્ષનું કારણ છે એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા તે જ મોક્ષનું કારણ છે એમ નક્કી કરવામાં આવે છે).

'આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે (અર્થાત્ કયા સાધન વડે જુદા કરી શકાય છે)?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છેઃ–

**જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.**

**ગાથાર્થઃ**– [ जीवः च तथा बन्धः ] જીવ તથા બંધ [ नियताभ्याम् स्वलक्षणाभ्या ] નિયત સ્વલક્ષણોથી (પોતપોતાનાં નિશ્ચિત લક્ષણોથી) [ छिद्येते ] છેદાય છે; [ प्रज्ञाछेदनकेन ] પ્રજ્ઞારૂપી છીણી વડે [ छिन्नौ तु ] છેદવામાં આવતાં [ नानात्वम् आपन्नौ ] તેઓ નાનાપણાને પામે છે અર્થાત્ જુદા પડી જાય છે.

**ટીકાઃ**–આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં કર્તા જે આત્મા તેના [1]કરણ સંબંધી [2]મીમાંસા કરવામાં આવતાં, નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન

---

૧. કરણ = સાધન; કરણ નામનું કારક.
૨. મીમાંસા = ઊંડી વિચારણા; તપાસ; સમાલોચના.

**भिन्नकरणासम्भवात्, भगवती प्रज्ञैव छेदनात्मकं करणम्। तया हि तौ छिन्नौ नानात्वमवश्यमेवापद्येते; ततः प्रज्ञयैवात्मबन्धयोर्द्विधाकरणम्। ननु कथमात्मबन्धौ चेत्यचेतकभावेनात्यन्तप्रत्यासत्तेरेकीभूतौ भेदविज्ञानाभावादेकचेतकवद्व्यवह्रियमाणौ प्रज्ञया छेत्तुं शक्येते? नियतस्वलक्षणसूक्ष्मान्तःसन्धिसावधाननिपातनादिति बुध्येमहि। आत्मनो हि समस्तशेषद्रव्यासाधारणत्वाच्चैतन्यं स्वलक्षणम्। तत्तु प्रवर्तमानं यद्यदभिव्याप्य प्रवर्तते निवर्तमानं च यद्यदुपादाय निवर्तते तत्तत्समस्तमपि सहप्रवृत्तं क्रमप्रवृत्तं वा पर्यायजातमात्मेति लक्षणीयः, तदेकलक्षणलक्ष्यत्वात्; समस्तसहक्रमप्रवृत्ता- नन्तपर्यायाविनाभावित्वाच्चैतन्यस्य चिन्मात्र एवात्मा निश्चेतव्यः, इति यावत्।**

---

કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ (-જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ) છેદનાત્મક (-છેદનના સ્વભાવવાળું) કરણ છે. તે પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં તેઓ નાનાપણાને અવશ્ય પામે છે; માટે પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધનું દ્વિધા કરવું છે (અર્થાત્ પ્રજ્ઞારૂપી કરણ વડે જ આત્મા ને બંધ જુદા કરાય છે).

(અહીં પ્રશ્ન થાય છે કે-) આત્મા અને બંધ કે જેઓ *ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક (-એક જેવા-) થઈ રહ્યા છે, અને ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જાણે તેઓ એક ચેતક જ હોય એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે (અર્થાત્ જેમને એક આત્મા તરીકે જ વ્યવહારમાં ગણવામાં આવે છે) તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?

(તેનું સમાધાન આચાર્યદેવ કરે છેઃ-) આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં (અંતરંગની સંધિમાં) પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી (-નાખવાથી, મારવાથી) તેમને છેદી શકાય છે અર્થાત્ જુદા કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.

આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી). તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે અને નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે એમ લક્ષિત કરવું-લક્ષણથી ઓળખવું (અર્થાત્ જે જે ગુણપર્યાયોમાં ચૈતન્યલક્ષણ વ્યાપે છે તે તે સમસ્ત ગુણપર્યાયો આત્મા છે એમ જાણવું) કારણ કે આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે (અર્થાત્ ચૈતન્યલક્ષણથી જ ઓળખાય છે). વળી સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી ચિન્માત્ર જ આત્મા છે એમ નિશ્ચય કરવો. આટલું આત્માના સ્વલક્ષણ વિષે.

---

* આત્મા ચેતક છે અને બંધ ચેત્ય છે; અજ્ઞાનદશામાં તેઓ એકરૂપ અનુભવાય છે.

**बन्धस्य तु आत्मद्रव्यासाधारणा रागादयः स्वलक्षणम्। न च रागादय आत्मद्रव्यसाधारणतां बिभ्राणाः प्रतिभासन्ते, नित्यमेव चैतन्यचमत्कारादतिरिक्तत्वेन प्रतिभासमानत्वात्। न च यावदेव समस्तस्वपर्यायव्यापि चैतन्यं प्रतिभासित तावन्त एव रागादयः प्रतिभान्ति, रागादीनन्तरेणापि चैतन्यस्यात्मलाभसम्भावनात्। यत्तु रागादीनां चैतन्येन सहैवोत्प्लवनं तच्चेत्यचेतकभावप्रत्यासत्तेरेव, नैकद्रव्यत्वात्; चेत्यमानस्तु रागादिरात्मनः, प्रदीप्यमानो घटादिः प्रदीपस्य प्रदीपकतामिव, चेतकतामेव प्रथयेत्, न पुना रागादिताम्। एवमपि तयोरत्यन्तप्रत्यासत्त्या भेदसम्भावनाभावादनादिरस्त्येकत्वव्यामोहः, स तु प्रज्ञयैव छिद्यत एव।**

---

(હવે બંધના સ્વલક્ષણ વિષે કહેવામાં આવે છેઃ–) બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે. એ રાગાદિક આત્મદ્રવ્ય સાથે સાધારણપણું ધરતા (–ધારણ કરતા–) પ્રતિભાસતા નથી, કારણ કે તેઓ સદાય ચૈતન્યચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે. વળી જેટલું, ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયોમાં વ્યાપતું પ્રતિભાસે છે, તેટલા જ, રાગાદિક પ્રતિભાસતા નથી, કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે (અર્થાત્ રાગાદિક ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે). વળી જે, રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની (–જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ; જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે–ઘટાદિપણાને નહિ, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે–રાગાદિપણાને નહિ.

આમ હોવા છતાં તે બન્નેની (–આત્માની અને બંધની) અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો અભાવ હોવાથી અર્થાત્ ભેદ નહિ દેખાતો હોવાથી (અજ્ઞાનીને) અનાદિ કાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે; તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.

**ભાવાર્થઃ**–આત્મા અને બંધ બન્નેને લક્ષણભેદથી ઓળખી બુદ્ધિરૂપી છીણીથી છેદી જુદા જુદા કરવા.

આત્મા તો અમૂર્તિક છે અને બંધ સૂક્ષ્મ પુદ્‌ગલપરમાણુઓનો સ્કંધ છે તેથી બન્ને જુદા છદ્મસ્થના જ્ઞાનમાં આવતા નથી, માત્ર એક સ્કંધ દેખાય છે (અર્થાત્ બન્ને એકપિંડરૂપ દેખાય છે); તેથી અનાદિ અજ્ઞાન છે. શ્રી ગુરુઓનો ઉપદેશ પામી તેમનાં લક્ષણ જુદાં જુદાં અનુભવીને જાણવું કે ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે અને રાગાદિક બંધનું લક્ષણ છે તોપણ માત્ર જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ

( स्रग्धरा )

**प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः**
**सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।**
**आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे**
**बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।। १८१ ।।**

---

એક જેવા થઈ રહ્યા દેખાય છે. તેથી તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને-કે જે તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે તેને-તેમની સૂક્ષ્મ સંધિ શોધીને તે સંધિમાં સાવધાન (નિષ્પ્રમાદ) થઈને પટકવી. તે પડતાં જ બન્ને જાુદા જાુદા દેખાવા લાગે છે. એમ બન્ને જુદા જુદા દેખાતાં, આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો. એ રીતે બન્નેને ભિન્ન કરવા.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इयं शिता प्रज्ञाछेत्री ] આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી [ निपुणैः ] પ્રવીણ પુરુષો વડે [ कथम् अपि ] કોઈ પણ પ્રકારે (-યત્નપૂર્વક) [ सावधानैः ] સાવધાનપણે (નિષ્પ્રમાદપણે) [ पातिता ] પટકવામાં આવી થકી, [ आत्म-कर्म-उभयस्य सूक्ष्मे अन्तःसन्धिबन्धे ] આત્મા અને કર્મ-બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં (-અંદરની સાંધના જોડાણમાં) [ रभसात् ] શીઘ્ર [ निपतति ] પડે છે. કેવી રીતે પડે છે? [ आत्मानम् अन्तः-स्थिर-विशद-लसद्-धाम्नि चैतन्यपूरे मग्नम् ] આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં (ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરતી [ च ] અને [ बन्धम् अज्ञानभावे नियमितम् ] બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી- [ अभितः भिन्नभिन्नौ कुर्वती ] એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.

**ભાવાર્થઃ-**અહીં આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરવારૂપ કાર્ય છે. તેનો કર્તા આત્મા છે. ત્યાં કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે? તેથી કરણ પણ જોઈએ. નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી; માટે આત્માથી અભિન્ન એવી આ બુદ્ધિ જ આ કાર્યમાં કરણ છે. આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેમનું કાર્ય ભાવબંધ તો રાગાદિક છે અને નોકર્મ શરીરાદિક છે. માટે બુદ્ધિ વડે આત્માને શરીરથી, જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મથી તથા રાગાદિક ભાવકર્મથી ભિન્ન એક ચૈતન્યભાવમાત્ર અનુભવી જ્ઞાનમાં જ લીન રાખવો તે જ (આત્મા ને બંધનું) ભિન્ન કરવું છે. તેનાથી જ સર્વ કર્મનો નાશ થાય છે, સિદ્ધપદને પમાય છે, એમ જાણવું. ૧૮૧.

आत्मबन्धौ द्विधा कृत्वा किं कर्तव्यमिति चेत्-

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**बंधो छेदेदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो।। २९५ ।।**

जीवो बन्धश्च तथा छिद्येते स्वलक्षणाभ्यां नियताभ्याम्।
बन्धरछेत्तव्यः शुद्ध आत्मा च गृहीतव्यः।। २९५ ।।

आत्मबन्धौ हि तावन्नियतस्वलक्षणविज्ञानेन सर्वथैव छेत्तव्यौ; ततो रागादिलक्षणः समस्त एव बन्धो निर्मोक्तव्यः, उपयोगलक्षणः शुद्ध आत्मैव गृहीतव्यः। एतदेव किलात्मबन्धयोर्द्विधाकरणस्य प्रयोजनं यद्बन्धत्यागेन शुद्धात्मोपादानम्।

---

'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છેઃ–

**જીવ-બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,**
**ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.**

**ગાથાર્થઃ-** [ तथा ] એ રીતે [ जीवः बन्धः च ] જીવ અને બંધ [ नियताभ्याम् स्वलक्षणाभ्यां ] તેમનાં નિશ્ચિત સ્વલક્ષણોથી [ छिद्येते ] છેદાય છે. [ बन्धः ] ત્યાં, બંધને [ छेत्तव्यः ] છેદવો અર્થાત્ છોડવો [ च ] અને [ शुद्धः आत्मा ] શુદ્ધ આત્માને [ गृहीतव्यः ] ગ્રહણ કરવો.

**ટીકાઃ-**આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા અર્થાત્ ભિન્ન કરવા; પછી, રાગાદિક જેનું લક્ષણ છે એવા સમસ્ત બંધને તો છોડવો અને ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો. આ જ ખરેખર આત્મા અને બંને દ્વિધા કરવાનું પ્રયોજન છે કે બંધના ત્યાગથી (અર્થાત્ બંધનો ત્યાગ કરી) શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.

**ભાવાર્થઃ-**શિષ્યે પૂછ્યું હતું કે આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું? તેનો આ ઉત્તર આપ્યો કે બંધનો તો ત્યાગ કરવો અને શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.

('આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય?'–એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા કહે છેઃ–

**कह सो घिप्पदि अप्पा पण्णाए सो दु घिप्पदे अप्पा।**
**जह पण्णाइ विभत्तो तह पण्णाएव घेत्तव्वो।। २९६ ।।**

कथं स गृह्यते आत्मा प्रज्ञया स तु गृह्यते आत्मा।
यथा प्रज्ञया विभक्तस्तथा प्रज्ञयैव गृहीतव्यः।। २९६ ।।

ननु केन शुद्धोऽयमात्मा गृहीतव्यः? प्रज्ञयैव शुद्धोऽयमात्मा गृहीतव्यः, शुद्धस्यात्मनः स्वयमात्मानं गृह्णतो, विभजत इव, प्रज्ञैककरणत्वात्। अतो यथा प्रज्ञया विभक्तस्तथा प्रज्ञयैव गृहीतव्यः।

कथमयमात्मा प्रज्ञया गृहीतव्य इति चेत्-

**पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छयदो।**
**अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।। २९७ ।।**

---

**એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;**
**પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.**

**ગાથાર્થઃ-** (શિષ્ય પૂછે છે કે-) [ सः आत्मा ] તે (શુદ્ધ) આત્મા [ कथं ] કઈ રીતે [ गृह्यते ] ગ્રહણ કરાય? (આચાર્યભગવાન ઉત્તર આપે છે કે-) [ प्रज्ञया तु ] પ્રજ્ઞા વડે [ सः आत्मा ] તે (શુદ્ધ) આત્મા [ गृह्यते ] ગ્રહણ કરાય છે. [ यथा ] જેમ [ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ विभक्तः ] ભિન્ન કર્યો, [ तथा ] તેમ [ प्रज्ञया एव ] પ્રજ્ઞા વડે જ [ गृहीतव्यः ] ગ્રહણ કરવો.

**ટીકાઃ-**શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો? પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો; કારણ કે શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે-જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ. માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.

**ભાવાર્થઃ-**ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં કરણો જુદાં નથી; માટે પ્રજ્ઞા વડે જ આત્માને ભિન્ન કર્યો અને પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.

હવે પુછે છે કે-આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો? તેનો ઉત્તર કહે છેઃ-

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.**

प्रज्ञया गृहीतव्यो यश्चेतयिता सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।। २९७ ।।

यो हि नियतस्वलक्षणावलम्बिन्या प्रज्ञया प्रविभक्तश्चेतयिता, सोऽयमहं; ये त्वमी अवशिष्टा अन्यस्वलक्षणलक्ष्या व्यवह्रियमाणा भावाः, ते सर्वेऽपि चेतयितृत्वस्य व्यापकस्य व्याप्यत्वमनायान्तोऽत्यन्तं मत्तो भिन्नाः। ततोऽहमेव मयैव मह्यमेव मत्त एव मय्येव मामेव गृह्णामि। यत्किल गृह्णामि तच्चेतनैकक्रियत्वादात्मनश्चेतय एव; चेतयमान एव चेतये, चेतयमानेनैव चेतये, चेतयमानायैव चेतये, चेतयमानादेव चेतये, चेतयमाने एव चेतये, चेतयमानमेव चेतये। अथवा- न चेतये; न चेतयमानश्चेतये, न चेतयमानेन चेतये, न चेतयमानाय चेतये, न चेतयमानाच्चेतये, न चेतयमाने चेतये, न चेतयमानं चेतये; किन्तु सर्वविशुद्धचिन्मात्रो भावोऽस्मि।

---

**ગાથાર્થઃ**- [ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ गृहीतव्यः ] (આત્માને) એમ ગ્રહણ કરવો કે- [ यः चेतयिता ] જે ચેતનારો છે [ सः तु ] તે [ निश्चयतः ] નિશ્ચયથી [ अहं ] હું છું, [ अवशेषाः ] બાકીના [ ये भावाः ] જે ભાવો છે [ ते ] તે [ मम पराः ] મારાથી પર છે [ इति ज्ञातव्यः ] એમ જાણવું.

**ટીકાઃ**-નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (-ચેતનારો), તે આ હું છું; અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજાં લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે. માટે હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું. આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી, 'હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું જ છું'; ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું, ચેતતા વડે જ ચેતું છું, ચેતતા માટે જ ચેતું છું, ચેતતામાંથી જ ચેતું છું, ચેતતામાં જ ચેતું છું, ચેતતાને જ ચેતું છું. અથવા-નથી ચેતતો; નથી ચેતતો થકો ચેતતો, નથી ચેતતા વડે ચેતતો, નથી ચેતતા માટે ચેતતો, નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાં ચેતતો, નથી ચેતતાને ચેતતો; પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર (-ચૈતન્યમાત્ર) ભાવ છું.

**ભાવાર્થઃ**-પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક તે આ હું છું અને બાકીના ભાવો મારાથી પર છે; માટે (અભિન્ન છ કારકોથી) હું જ, મારા વડે જ,

( શાર્દૂલવિક્રીડિત )

**भित्त्वा सर्वमपि स्वलक्षणबताद्भेत्तुं हि यच्छक्यते**
**चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।**
**भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि**
**भिद्यन्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।। १८२ ।।**

---

મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'ચેતું છું', કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે. માટે હું ચેતું જ છું; ચેતનારો જ, ચેતનાર વડે જ, ચેતનાર માટે જ, ચેતનારમાંથી જ, ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું. અથવા દ્રવ્યદ્રષ્ટિએ તો-છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.-આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यत् भेत्तुं हि शक्यते सर्वम् अपि स्वलक्षणबलात् भित्त्वा ] જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને, [ चिन्मुद्रा–अङ्कित–निर्विभाग–महिमा शुद्धः चिद् एव अहम् अस्ति ] જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે (અર્થાત્ ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગરહિત જેનો મહિમા છે) એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું. [ यदि कारकाणि वा यदि धर्माः वा यदि गुणाः भिद्यन्ते, भिद्यन्ताम् ] જો કારકોના, અથવા ધર્મોના, અથવા ગુણોના ભેદો પડે, તો ભલે પડો; [ विभौ विशुद्धे चिति भावे काचन भिदा न अस्ति ] પરંતુ *વિભુ એવા શુદ્ધ (-સમસ્ત વિભાવોથી રહિત-) ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી. (આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)

**ભાવાર્થઃ-**જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો તો મારાથી ભિન્ન છે, માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું. કર્તા, કર્મ, કારણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકભેદો, સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો અને જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો જો કથંચિત્ હોય તો ભલે હો; પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી.-આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો. ૧૮૨.

(આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો; હવે સામાન્ય ચેતના દર્શન-જ્ઞાનસામાન્યમય હોવાથી અનુભવમાં દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો-એમ કહે છેઃ-)

---

* વિભુ = દૃઢ; અચળ; નિત્ય; સમર્થ; સર્વ ગુણપર્યાયોમાં વ્યાપક.

पण्णाए घित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।। २९८ ।।
पण्णाए घित्तव्वो जो णादा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।। २९९ ।।

प्रज्ञया गृहीतव्यो यो द्रष्टा सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।। २९८ ।।
प्रज्ञया गृहीतव्यो यो ज्ञाता सोऽहं तु निश्चयतः।
अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः।। २९९ ।।

चेतनाया दर्शनज्ञानविकल्पानतिक्रमणाच्चेतयितृत्वमिव द्रष्टृत्वं ज्ञातृत्वं चात्मनः स्वलक्षणमेव। ततोऽहं द्रष्टारमात्मानं गृह्णामि। यत्किल गृह्णामि तत्पश्याम्येव;

---

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૮.**
**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૯.**

**ગાથાર્થઃ-** [ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ गृहीतव्यः ] એમ ગ્રહણ કરવો કે– [ यः द्रष्टा ] જે દેખનારો છે [ सः तु ] તે [ निश्चयतः ] નિશ્ચયથી [ अहम् ] હું છું, [ अवशेषाः ] બાકીના [ ये भावाः ] જે ભાવો છે [ ते ] તે [ मम पराः ] મારાથી પર છે [ इति ज्ञातव्याः ] એમ જાણવું.

[ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ गृहीतव्यः ] એમ ગ્રહણ કરવો કે– [ यः ज्ञाता ] જે જાણનારો છે [ सः तु ] તે [ निश्चयतः ] નિશ્ચયથી [ अहम् ] હું છું, [ अवशेषाः ] બાકીના [ ये भावाः ] જે ભાવો છે [ ते ] તે [ मम पराः ] મારાથી પર છે [ इति ज्ञातव्याः ] એમ જાણવું.

**ટીકાઃ-**ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી, ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે. માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું. ‘ગ્રહણ કરું છું’ એટલે ‘દેખું જ છું’; દેખતો જ (અર્થાત્

**पश्यन्नेव पश्यामि, पश्यतैव पश्यामि, पश्यते एव पश्यामि, पश्यत एव पश्यामि, पश्यत्येव पश्यामि, पश्यन्तमेव पश्यामि। अथवा-न पश्यामि; न पश्यन् पश्यामि, न पश्यता पश्यामि, न पश्यते पश्यामि, न पश्यतः पश्यामि, न पश्यति पश्यामि, न पश्यन्तं पश्यामि; किन्तु सर्वविशुद्धो दृङ्मात्रो भावोऽस्मि। अपि च-ज्ञातारमात्मानं गृह्णामि। यत्किल गृह्णामि तज्जानाम्येव; जानन्नेव जानामि, जानतैव जानामि, जानते एव जानामि, जानत एव जानामि, जानत्येव जानामि, जानन्तमेव जानामि। अथवा-न जानामि; न जानन् जानामि, न जानता जानामि, न जानते जानामि, न जानतो जानामि, न जानति जानामि, न जानन्तं जानामि; किन्तु सर्वविशुद्धो ज्ञप्तिमात्रो भावोऽस्मि।**

---

દેખતો થકો જ) દેખું છું, દેખતા વડે જ દેખું છું, દેખતા માટે જ દેખું છું, દેખતામાંથી જ દેખું છું, દેખતામાં જ દેખું છું, દેખતાને જ દેખું છું. અથવા-નથી દેખતો; નથી દેખતો થકો દેખતો, નથી દેખતા વડે દેખતો, નથી દેખતા માટે દેખતો, નથી દેખતામાંથી દેખતો, નથી દેખતામાં દેખતો, નથી દેખતાને દેખતો; પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું. વળી એવી જ રીતે-હું જાણનારા આત્માને ગ્રહણ કરું છું, 'ગ્રહણ કરું છું' એટલે 'જાણું જ છું'; જાણતો જ (અર્થાત્ જાણતો થકો જ) જાણું છું, જાણતા વડે જ જાણું છું, જાણતા માટે જ જાણું છું, જાણતામાંથી જ જાણું છું, જાણતામાં જ જાણું છું, જાણતાને જ જાણું છું. અથવા-નથી જાણતો; નથી જાણતો થકો જાણતો, નથી જાણતા વડે જાણતો, નથી જાણતા માટે જાણતો, નથી જાણતામાંથી જાણતો, નથી જાણતામાં જાણતો, નથી જાણતાને જાણતો; પરંતુ સર્વવિશુદ્ધ જ્ઞપ્તિમાત્ર (જાણનક્રિયામાત્ર) ભાવ છું. (આમ દેખનારા આત્માને તેમ જ જાણનારા આત્માને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકોના ભેદપૂર્વક ગ્રહણ કરીને, પછી કારકભેદોનો નિષેધ કરી આત્માને અર્થાત્ પોતાને દર્શનમાત્ર ભાવરૂપે તેમ જ જ્ઞાનમાત્ર ભાવરૂપે અનુભવવો અર્થાત્ અભેદરૂપે અનુભવવો.)

(**ભાવાર્થઃ**-આ ત્રણ ગાથાઓમાં, પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. 'ગ્રહણ કરવું' એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની-લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો, તે જ, આત્માનું 'ગ્રહણ કરવું' છે.

પ્રથમની ગાથામાં સામાન્ય ચેતનાનો અનુભવ કરાવ્યો હતો. ત્યાં, અનુભવ કરનાર, જેનો અનુભવ કરવામાં આવે તે, જેના વડે અનુભવ કરવામાં આવે તે-ઇત્યાદિ કારકભેદરૂપે આત્માને કહીને, અભેદવિવક્ષામાં કારકભેદનો નિષેધ કરી, આત્માને એક શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો હતો.

ननु कथं चेतना दर्शनज्ञानविकल्पौ नातिक्रामति येन चेतयिता द्रष्टा ज्ञाता च स्यात्? उच्यते-चेतना तावत्प्रतिभासरूपा; सा तु, सर्वेषामेव वस्तूनां सामान्यविशेषात्मकत्वात्, द्वैरूप्यं नातिक्रामति। ये तु तस्या द्वे रूपे ते दर्शनज्ञाने। ततः सा ते नातिक्रामति। यद्यतिक्रामति, सामान्यविशेषातिक्रान्तत्वाच्चेतनैव न भवति। तदभावे द्वौ दोषौ-स्वगुणोच्छेदाच्चेतनस्याचेतनतापत्तिः, व्यापकाभावे व्याप्यस्य चेतनस्याभावो वा। ततस्तद्दोषभयाद्दर्शनज्ञानात्मिकैव चेतनाभ्युपगन्तव्या।

( शार्दूलविक्रीडित )

अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजेत्
तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत्।
तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो विना व्यापका-
दात्मा चान्तमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपाऽस्तु चित्।। १८३ ।।

---

હવે આ બે ગાથાઓમાં દ્રષ્ટા અને જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે, કારણ કે ચેતનાસામાન્ય દર્શનજ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી. અહીં પણ, છ કારકરૂપ ભેદ–અનુભવન કરાવી, પછી અભેદ–અનુભવનની અપેક્ષાએ કારકભેદ દૂર કરાવી, દ્રષ્ટાજ્ઞાતામાત્રનો અનુભવ કરાવ્યો છે.)

( **ટીકાઃ-** ) અહીં પ્રશ્ન થાય છે કે–ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી ચેતનારો દ્રષ્ટા તથા જ્ઞાતા હોય છે? તેનો ઉત્તર કહેવામાં આવે છેઃ–પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે. તે ચેતના દ્વિરૂપતાને અર્થાત્ બે–રૂપપણાને ઉલ્લંઘતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. (બધીયે વસ્તુઓ સામાન્ય–વિશેષસ્વરૂપ છે, તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ બે–રૂપપણાને ઉલ્લંઘતી નથી.) તેનાં જે બે રૂપો છે તે દર્શન અને જ્ઞાન છે. માટે તે તેમને (–દર્શનજ્ઞાનને) ઉલ્લંઘતી નથી. જો ચેતના દર્શન જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય (અર્થાત્ ચેતનાનો અભાવ થાય). તેના અભાવમાં બે દોષ આવે– (૧) પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે, અથવા (૨) વ્યાપકના (–ચેતનાના–) અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો (આત્માનો) અભાવ થાય. માટે તે દોષોના ભયથી ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ જ અંગીકાર કરવી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ जगति हि चेतना अद्वैता ] જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે [ अपि चेत् सा दृग्ज्ञप्तिरूपं त्यजेत् ] તોપણ જો તે દર્શનજ્ઞાનરૂપને છોડે [ तत्सामान्यविशेषरूपविरहात् ] તો સામાન્યવિશેષરૂપના અભાવથી [ अस्तित्वम् एव त्यजेत् ]

( इन्द्रवज्रा )

**एकश्चितश्चिन्मय एव भावो**
**भावाः परे ये किल ते परेषाम्।**
**ग्राह्यस्ततश्चिन्मय एव भावो**
**भावाः परे सर्वत एव हेयाः।। १८४ ।।**

---

(તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે; [ तत्–त्यागे ] એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં, (૧) [ चितः अपि जडता भवति ] ચેતનને જડપણું આવે અર્થાત્ આત્મા જડ થઈ જાય. [ च ] અને (૨) [ व्यापकात् विना व्याप्यः आत्मा अन्तम् उपैति ] વ્યાપક વિના (-ચેતના વિના-) વ્યાપ્ય જે આત્મા તે નાશ પામે (-આમ બે દોષ આવે છે). [ तेन चित् नियतं द्रग्ज्ञप्तिरूपा अस्तु ] માટે ચેતના નિયમથી દર્શનજ્ઞાનરૂપ જ હો.

**ભાવાર્થઃ**-સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્યપ્રતિભાસરૂપ (-દર્શનરૂપ) અને વિશેષપ્રતિભાસરૂપ (-જ્ઞાનરૂપ) હોવી જોઈએ. જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે તો ચેતનાનો જ અભાવ થતાં, કાં તો ચેતન આત્માને (પોતાના ચેતનાગુણનો અભાવ થવાથી) જડપણું આવે, અથવા તો વ્યાપકના અભાવથી વ્યાપ્ય એવા આત્માનો અભાવ થાય. (ચેતના આત્માની સર્વ અવસ્થાઓમાં વ્યાપતી હોવાથી વ્યાપક છે અને આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે. તેથી ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય.) માટે ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી.

અહીં તાત્પર્ય એવું છે કે-સાંખ્યમતી આદિ કેટલાક લોકો સામાન્ય ચેતનાને જ માની એકાંત કહે છે, તેમનો નિષેધ કરવા માટે 'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષરૂપ છે તેથી ચેતનાને સામાન્યવિશેષરૂપ અંગીકાર કરવી' એમ અહીં જણાવ્યું છે. ૧૮૩.

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ चितः ] ચૈતન્યનો (આત્માનો) તો [ एकः चिन्मयः एव भावः ] એક ચિન્મય જ ભાવ છે, [ ये परे भावाः ] જે બીજા ભાવો છે [ ते किल परेषाम् ] તે ખરેખર પરના ભાવો છે; [ ततः ] માટે [ चिन्मयः भावः एव ग्राह्यः ] (એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે, [ परे भावाः सर्वतः एव हेयाः ] બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે. ૧૮૪.

હવે આ ઉપદેશની ગાથા કહે છેઃ-

**को णाम भणिज्ज बुहो णादुं सव्वे पराइए भावे।**
**मज्झमिणं ति य वयणं जाणंतो अप्पयं सुद्धं।। ३०० ।।**

**को नाम भणेद्बुधः ज्ञात्वा सर्वान् परकीयान् भावान्।**
**ममेदमिति च वचनं जानन्नात्मानं शुद्धम्।। ३०० ।।**

**यो हि परात्मनोर्नियतस्वलक्षणविभागपातिन्या प्रज्ञया ज्ञानी स्यात्, स खल्वेकं चिन्मात्रं भावमात्मीयं जानाति, शेषांश्च सर्वानेव भावान् परकीयान् जानाति। एवं च जानन् कथं परभावान्ममामी इति ब्रूयात्? परात्मनोर्निश्चयेन स्वस्वामिसम्बन्धस्यासम्भवात्। अतः सर्वथा चिद्भाव एव गृहीतव्यः, शेषाः सर्वे एव भावाः प्रहातव्या इति सिद्धान्तः।**

---

**સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,**
**તે કોણ જ્ઞાની ‘મારું આ’ એવું વચન બોલે ખરે? ૩૦૦.**

**ગાથાર્થઃ-** [ सर्वान् भावान् ] સર્વ ભાવોને [ परकीयान् ] પારકા [ ज्ञात्वा ] જાણીને [ कः नाम बुधः ] કોણ જ્ઞાની, [ आत्मानम् ] પોતાને [ शुद्धम् ] શુદ્ધ [ जानम् ] જાણતો થકો, [ इदम् मम ] ‘આ મારું છે’ (-‘આ ભાવો મારા છે’) [ इति च वचनम् ] એવું વચન [ भणेत् ] બોલે?

**ટીકાઃ-**જે (પુરુષ) પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય, તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે અને બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે. આવું જાણતો થકો (તે પુરુષ) પરભાવોને ‘આ મારા છે’ એમ કેમ કહે? (ન જ કહે;) કારણ કે પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે. માટે, સર્વથા ચિદ્ભાવ જ (એક) ગ્રહણ કરવાયોગ્ય છે, બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે-એવો સિદ્ધાંત છે.

**ભાવાર્થઃ-**લોકમાં પણ એ ન્યાય છે કે-જે સુબુદ્ધિ હોય, ન્યાયવાન હોય, તે પરનાં ધનાદિકને પોતાનાં ન કહે. તેવી જ રીતે જે સમ્યગ્જ્ઞાની છે, તે સમસ્ત પરદ્રવ્યોને પોતાનાં કરતો નથી, પોતાના નિજભાવને જ પોતાનો જાણી ગ્રહણ કરે છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે:-

(शार्दूलविक्रीडित)

**सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभि: सेव्यतां**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योति: सदैवास्म्यहम्।**
**एते ये तु समुल्लसन्ति विविधा भावा: पृथग्लक्षणा-**
**एतेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।। १८५ ।।**

(अनुष्टुभ्)

**परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान्।**
**बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यति:।। १८६ ।।**

**थेपादी अवराहे जो कुव्वदि सो उ संकिदो भमदि।**
**मा बज्झेज्जं केण वि चोरो त्ति जणम्हि वियरंतो।। ३०१ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः ] જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે એવા મોક્ષાર્થીઓ [ अयम् सिद्धान्तः ] આ સિદ્ધાંતને [ सेव्यताम् ] સેવન કરો કે- '[ अहम् शुद्धं चिन्मयम् एकम् परमं ज्योतिः एव सदा एव अस्मि ] હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; [ तु ] અને [ एते ये पृथग्लक्षणाः विविधाः भावाः समुल्लसन्ति ते अहं न अस्मि ] આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, [ यतः अत्र ते समग्राः अपि मम परद्रव्यम् ] કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે'. ૧૮૫.

હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ परद्रव्यग्रहं कुर्वन् ] જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે [ अपराधवान् ] તે અપરાધી છે [ बध्यते एव ] તેથી બંધમાં પડે છે, અને [ स्वद्रव्ये संवृतः यतिः ] જે સ્વદ્રવ્યમાં જ સંવૃત છે (અર્થાત્ જે પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે-મગ્ન છે-સંતુષ્ટ છે, પરદ્રવ્યને ગ્રહતો નથી) એવો યતિ [ अनपराधः ] નિરપરાધી છે [ न बध्येत ] તેથી બંધાતો નથી. ૧૮૬.

હવે આ કથનને દૃષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છેઃ-

**અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,**
**કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.**

**जो ण कुणदि अवराहे सो णिस्संको दु जणवदे भमदि।**
**ण वि तस्स बज्झिदुं जे चिंता उप्पज्जदि कयाइ।। ३०२ ।।**
**एवम्हि सावराहो बज्झामि अहं तु संकिदो चेदा।**
**जइ पुण णिरावराहो णिस्संकोहं ण बज्झामि।। ३०३ ।।**

स्तेयादीनपराधान् यः करोति स तु शङ्कितो भ्रमति।
मा बध्ये केनापि चौर इति जने विचरन्।। ३०१ ।।
यो न करोत्यपराधान् स निरशङ्कस्तु जनपदे भ्रमति।
नापि तस्य बद्धुं यच्चिन्तोत्पद्यते कदाचित्।। ३०२ ।।
एवमस्मि सापराधो बध्येऽहं तु शङ्कितश्चेतयिता।
यदि पुनर्निरपराधो निरशङ्कोऽहं न बध्ये।। ३०३ ।।

**यथात्र लोके य एव परद्रव्यग्रहणलक्षणमपराधं करोति तस्यै बन्धशङ्का**

---

**અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,**
**'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.**

**ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે,**
**ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિઃશંક છે. ૩૦૩.**

**ગાથાર્થઃ-** [ यः ] જે પુરુષ [ स्तेयादीन् अपराधान् ] ચોરી આદિ અપરાધો [ करोति ] કરે છે [ सः तु ] તે '[ जने विचरन् ] લોકમાં ફરતાં [ मा ] રખે [ केन अपि ] મને કોઈ [ चौरः इति ] ચોર જાણીને [ बध्ये ] બાંધશે-પકડશે' એમ [ शङ्कितः भ्रमति ] શંકિત ફરે છે; [ यः ] જે પુરુષ [ अपराधान् ] અપરાધ [ न करोति ] કરતો નથી [ सः तु ] તે [ जनपदे ] લોકમાં [ निरशङ्कः भ्रमति ] નિઃશંક ફરે છે, [ यद् ] કારણ કે [ तस्य ] તેને [ बद्धुं चिन्ता ] બંધાવાની ચિંતા [ कदाचित् अपि ] કદાપિ [ न उत्पद्यते ] ઊપજતી નથી. [ एवम् ] એવી રીતે [ चेतयिता ] અપરાધી આત્મા '[ सापराधः अस्मि ] હું અપરાધી છું [ बध्ये तु अहम् ] તેથી હું બંધાઈશ' એમ [ शङ्कितः ] શંકિત હોય છે, [ यदि पुनः ] અને જો [ निरपराधः ] નિરપરાધી (આત્મા) હોય તો '[ अहं न बध्ये ] હું નહિ બંધાઉં' એમ [ निरशङ्कः ] નિઃશંક હોય છે.

**ટીકાઃ-**જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ કરતો નથી તેને

सम्भवति, यस्तु तं न करोति तस्य सा न सम्भवति; तथात्मापि य एवाशुद्धः सन् परद्रव्यग्रहणलक्षणमपराधं करोति तस्यैव बन्धशङ्का सम्भवति, यस्तु शुद्धः संस्तं न करोति तस्य सा न सम्भवतीति नियमः। अतः सर्वथा सर्वपरकीयभावपरिहारेण शुद्ध आत्मा गृहीतव्यः, तथा सत्येव निरपराधत्वात्।

को हि नामायमपराधः ?-

**संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।**
**अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो।। ३०४ ।।**
**जो पुण णिरावराधो चेदा णिस्संकिओ उ सो होइ।**
**आराहणाइ णिच्चं वट्टेइ अहं ति जाणंतो।। ३०५ ।।**

---

બંધની શંકા થતી નથી, તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી-એવો નિયમ છે. માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને) શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.

**ભાવાર્થઃ**-જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય; નિરપરાધને શંકા શા માટે થાય? તેવી જ રીતે જો આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે તો તેને બંધની શંકા થાય જ; જો પોતાને શુદ્ધ અનુભવે, પરને ન ગ્રહે, તો બંધની શંકા શા માટે થાય? માટે પરદ્રવ્યને છોડી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું. ત્યારે જ નિરપરાધ થવાય છે.

હવે પૂછે છે કે આ 'અપરાધ' એટલે શું? તેના ઉત્તરમાં અપરાધનું સ્વરૂપ કહે છેઃ-

**સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત-એક છે,**
**એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪.**

**વળી આતમા જે નિરપરાધી તે નિઃશંક્તિ હોય છે,**
**વર્તે સદા આરાધનાથી, જાણતો 'હું' આત્મને. ૩૦૫.**

संसिद्धिराधसिद्धं साधितमाराधितं चैकार्थम्।
अपगतराधो यः खलु चेतयिता स भवत्यपराधः।। ३०४ ।।
यः पुनर्निरपराधश्चेतयिता निरशङ्कितस्तु स भवति।
आराधनया नित्यं वर्तते अहमिति जानन्।। ३०५ ।।

परद्रव्यपरिहारेण शुद्धस्यात्मनः सिद्धिः साधनं वा राधः। अपगतो राधो यस्य चेतयितुः सोऽपराधः। अथवा अपगतो राधो यस्य भावस्य सोऽपराधः, तेन सह यश्चेतयिता वर्तते स सापराधः। स तु परद्रव्यग्रहणसद्भावेन शुद्धात्मसिद्ध्यभावाद्बन्धशङ्कासम्भवे सति स्वयमशुद्धत्वादनाराधक एव स्यात्। यस्तु निरपराधः स समग्रपरद्रव्यपरिहारेण शुद्धात्मसिद्धिसद्भावाद्बन्धशङ्काया असम्भवे सति उपयोगैकलक्षणशुद्ध आत्मैक एवाहमिति निश्चिन्वन् नित्यमेव शुद्धात्मसिद्धिलक्षणयाराधनया

---

**ગાથાર્થઃ**- [ संसिद्धिराधसिद्धम् ] સંસિદ્ધિ, *રાધ, સિદ્ધ, [ साधितम् आराधितं च ] સાધિત અને આરાધિત- [ एकार्थम् ] એ શબ્દો એકાર્થ છે; [ यः खलु चेतयिता ] જે આત્મા [ अपगतराधः ] 'અપગતરાધ' અર્થાત્ રાધથી રહિત છે [ सः ] તે આત્મા [ अपराधः ] અપરાધ [ भवति ] છે.

[ पुनः ] વળી [ यः चेतयिता ] જે આત્મા [ निरपराधः ] નિરપરાધ છે [ सः तु ] તે [ निरशङ्कितः भवति ] નિઃશંક હોય છે; [ अहम् इति जानन् ] 'શુદ્ધ આત્મા તે જ હું છું' એમ જાણતો થકો [ आराधनया ] આરાધનાથી [ नित्यं वर्तते ] સદા વર્તે છે.

**ટીકાઃ**-પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ. જે આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે. અથવા (બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છેઃ) જે ભાવ રાધ રહિત હોય તે ભાવ અપરાધ છે; તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા સાપરાધ છે. તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે બંધની શંકા થતી હોઈને સ્વયં અશુદ્ધ હોવાથી, અનારાધક જ છે. અને જે આત્મા નિરપરાધ છે તે, સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્ભાવને લીધે બંધની શંકા નહિ થતી હોવાથી 'ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા જ હું છું' એમ નિશ્ચય કરતો થકો શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ

---

* રાધ = આરાધના; પ્રસન્નતા; કૃપા; સિદ્ધિ; પૂર્ણતા; સિદ્ધ કરવું તે; પૂર્ણ કરવું તે.

**वर्तमानत्वादाराधक एव स्यात्।**

( मालिनी )

**अनवरतमनन्तबध्यते सापराधः**
**स्पृशति निरपराधो बन्धनं नैव जातु।**
**नियतमयमशुद्धं स्वं भजन्सापराधो**
**भवति निरपराधः साधु शुद्धात्मसेवी।। १८७ ।।**

**ननु किमनेन शुद्धात्मोपासनप्रयासेन? यतः प्रतिक्रमणादिनैव निरपराधो भवत्यात्मा; सापराधस्याप्रतिक्रमणादेस्तदनपोहकत्वेन विषकुम्भत्वे सति प्रतिक्रमणा-**

---

છે એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી, આરાધક જ છે.

**ભાવાર્થઃ**-સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત-એ શબ્દોનો અર્થ એક જ છે. અહીં શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધનનું નામ 'રાધ' છે. જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે અને જેને તે રાધ છે તે આત્મા નિરપરાધ છે. જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક છે; અને જે નિરપરાધ છે તે નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે તેથી તેને બંધની શંકા નથી, માટે 'શુદ્ધ આત્મા તે જ હું છું' એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ सापराधः ] સાપરાધ આત્મા [ अनवरतम् ] નિરંતર [ अनन्तैः ] અનંત પુદ્‌ગલપરમાણુરૂપ કર્મોથી [ बध्यते ] બંધાય છે; [ निरपराधः ] નિરપરાધ આત્મા [ बन्धनम् ] બંધનને [ जातु ] કદાપિ [ स्पृशति न एव ] સ્પર્શતો નથી જ. [ अयम् ] જે સાપરાધ આત્મા છે તે તો [ नियतम् ] નિયમથી [ स्वम् अशुद्धं भजन् ] પોતાને અશુદ્ધ સેવતો થકો [ सापराधः ] સાપરાધ છે; [ निरपराधः ] નિરપરાધ આત્મા તો [ साधु ] ભલી રીતે [ शुद्धात्मसेवी भवति ] શુદ્ધ આત્માનો સેવનાર હોય છે. ૧૮૭.

( હવે વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કેઃ- ) " એવો શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ ( મહેનત ) કરવાનું શું કામ છે? કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે; કેમ કે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે,

**देस्तदपोहकत्वेनामृतकुम्भत्वात्। उक्तं च व्यवहाराचारसूत्रे-अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव। अणियत्ती य अणिंदागरहासोही य विसकुंभो।। १ ।। परिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य। णिंदा गरहा सोही अट्ठविहो अमयकुंभो दु।। २ ।।**

**अत्रोच्यते-**

---

માટે જે પ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી, અમૃતકુંભ છે. વ્યવહારાચારસૂત્રમાં (–વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં–) પણ કહ્યું છે કે–

अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव।
अणियत्ती य अणिंदागरहासोही य विसकुम्भो।। १ ।।

पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती च।
णिंदा गरहा सोही अट्ठविहो अमयकुम्भो दु।। २ ।।

[ અર્થઃ–અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ–એ (આઠ પ્રકારનો) વિષકુંભ અર્થાત્ ઝેરનો ઘડો છે. ૧.

[૧]પ્રતિક્રમણ, [૨]પ્રતિસરણ, [૩]પરિહાર, [૪]ધારણા, [૫]નિવૃત્તિ, [૬]નિંદા, [૭]ગર્હા અને [૮]શુદ્ધિ–એ આઠ પ્રકારનો અમૃતકુંભ છે. ૨. ] ”

ઉપરના તર્કનું સમાધાન આચાર્યભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છેઃ–

---

૧. પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકરણ કરવું તે
૨. પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા
૩. પરિહાર = મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ
૪. ધારણા = પંચનમસ્કારાદિ મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે
૫. નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે
૬. નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે
૭. ગર્હા = ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે
૮. શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી તે

पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।
णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो।। ३०६ ।।
अप्पडिकमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव।
अणियत्ती य अणिंदागरहासोही अमयकुंभो।। ३०७ ।।

प्रतिक्रमणं प्रतिसरणं परिहारो धारणा निवृत्तिश्च।
निन्दा गर्हा शुद्धिः अष्टविधो भवति विषकुम्भः।। ३०६ ।।
अप्रतिक्रमणमप्रतिसरणमपरिहारोऽधारणा चैव।
अनिवृत्तिश्चानिन्दाऽगर्हाऽशुद्धिरमृतकुम्भः।। ३०७ ।।

यस्तावदज्ञानिजनसाधारणोऽप्रतिक्रमणादिः स शुद्धात्मसिद्धयभावस्वभावत्वेन स्वयमेवापराधत्वाद्विषकुम्भ एव; किं तस्य विचारेण ? यस्तु द्रव्यरूपः प्रतिक्रमणादिः

---

પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,
વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.

અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,
અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. ૩૦૭.

**ગાથાર્થઃ**- [ प्रतिक्रमणम् ] પ્રતિક્રમણ, [ प्रतिसरणम् ] પ્રતિસરણ, [ परिहारः ] પરિહાર, [ धारणा ] ધારણા, [ निवृत्तिः ] નિવૃત્તિ, [ निन्दा ] નિંદા, [ गर्हा ] ગર્હા [ च शुद्धिः ] અને શુદ્ધિ- [ अष्टविधः ] એ આઠ પ્રકારનો [ विषकुम्भः ] વિષકુંભ [ भवति ] છે (કારણ કે એમાં કર્તાપણાની બુદ્ધિ સંભવે છે).

[ अप्रतिक्रमणम् ] અપ્રતિક્રમણ, [ अप्रतिसरणम् ] અપ્રતિસરણ, [ अपरिहारः ] અપરિહાર, [ अधारणा ] અધારણા, [ अनिवृत्तिः च ] અનિવૃત્તિ, [ अनिन्दा ] અનિંદા, [ अगर्हा ] અગર્હા [ च एव ] અને [ अशुद्धिः ] અશુદ્ધિ- [ अमृतकुम्भः ] એ અમૃતકુંભ છે (કારણ કે એમાં કર્તાપણાનો નિષેધ છે-કાંઈ કરવાનું જ નથી, માટે બંધ થતો નથી).

**ટીકાઃ**-પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે; તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે? (તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.) અને જે દ્રવ્યરૂપ

**स सर्वापराधविषदोषापकर्षणसमर्थत्वेनामृतकुम्भोऽपि प्रतिक्रमणाप्रतिक्रमणादिविलक्षणा- प्रतिक्रमणादिरूपां तार्तीयीकीं भूमिमपश्यतः स्वकार्यकरणासमर्थत्वेन विपक्षकार्य- कारित्वाद्विषकुम्भ एव स्यात्। अप्रतिक्रमणादिरूपा तृतीया भूमिस्तु स्वयं शुद्धात्मसिद्धिरूपत्वेन सर्वापराधविषदोषाणां सर्वङ्कषत्वात् साक्षात्स्वयममृतकुम्भो भवतीति व्यवहारेण द्रव्यप्रतिक्रमणादेरपि अमृतकुम्भत्वं साधयति। तयैव च निरपराधो भवति चेतयिता। तदभावे द्रव्यप्रतिक्रमणादिरप्यपराध एव। अतस्तृतीयभूमिकयैव निरपराध- त्वमित्यवतिष्ठते। तत्प्राप्त्यर्थ एवायं द्रव्यप्रतिक्रमणादिः। ततो मेति मंस्था यत्प्रति- क्रमणादीन् श्रुतिस्त्याजयति, किन्तु द्रव्यप्रतिक्रमणादिना न मुञ्चति, अन्यदपि प्रतिक्रमणाप्रतिक्रमणाद्यगोचराप्रतिक्रमणादिरूपं शुद्धात्मसिद्धिलक्षणमतिदुष्करं किमपि कारयति। वक्ष्यते चात्रैव-कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।। इत्यादि।**

---

પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (–ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે) તોપણ પ્રતિક્રમણ–અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે. જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે અને એ રીતે (તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે. તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે. તેના (અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં દ્રવ્યપ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે. માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે. તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે. આમ હોવાથી એમ ન માનો કે (નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને છોડાવે છે. ત્યારે શું કરે છે? દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી (–અટકાવી દેતું નથી, સંતોષ મનાવી દેતું નથી); તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ–અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે. આ શાસ્ત્રમાં જ આગળ કહેશે કે–

*कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।

(અર્થઃ–અનેક પ્રકારના વિસ્તારવાળાં જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે.) વગેરે.

---

* જુઓ ગાથા ૩૮૩–૩૮૫; ત્યાં નિશ્ચયપ્રતિક્રમણ વગેરેનું સ્વરૂપ કહ્યું છે.

**अतो हताः प्रमादिनो गताः सुखासीनतां**
**प्रलीनं चापलमुन्मूलितमालम्बनम्।**
**आत्मन्येवालानितं च चित्त-**
**मासम्पूर्णविज्ञानघनोपलब्धेः।। १८८ ।।**

---

**ભાવાર્થઃ**-વ્યવહારનયાવલંબીએ કહ્યું હતું કે-"લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે, તો પછી પ્રથમથી જ શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે? શુદ્ધ થયા પછી તેનું આલંબન થશે; પહેલેથી જ આલંબનનો ખેદ નિષ્ફળ છે." તેને આચાર્ય સમજાવે છે કેઃ-જે દ્રવ્યપ્રતિક્રમણાદિક છે તે દોષનાં મટાડનારાં છે, તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે, દોષ મટાડવાને સમર્થ નથી; કારણ કે નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે, કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી, બંધનો જ માર્ગ છે. માટે એમ કહ્યું છે કે-અજ્ઞાનીને જ અપ્રતિક્રમણાદિક છે તે તો વિષકુંભ છે જ; તેમની તો વાત જ શી? પરંતુ વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક કહ્યાં છે તે પણ નિશ્ચયનયે વિષકુંભ જ છે, કારણ કે આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત, શુદ્ધ, અપ્રતિક્રમણાદિસ્વરૂપ જ છે.

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अतः ] આ કથનથી, [ सुख–आसीनतां गताः ] સુખે બેઠેલા (અર્થાત્ એશઆરામ કરતા) [ प्रमादिनः ] પ્રમાદી જીવોને [ हताः ] હત કહ્યા છે (અર્થાત્ મોક્ષના તદ્દન અનધિકારી કહ્યા છે), [ चापलम् प्रलीनम् ] ચાપલ્યનો (-વિચાર વિનાના કાર્યનો) પ્રલય કર્યો છે (અર્થાત્ આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી), [ आलम्बनम् उन्मूलितम् ] આલબંનને ઉખેડી નાખ્યું છે (અર્થાત્ સમ્યગ્દષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે), [ आसम्पूर्ण–विज्ञान–घन–उपलब्धेः ] જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી [ आत्मनि एव चितम् आलानितं च ] (શુદ્ધ) આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે (-વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં જ લગાડવાનું કહ્યું છે કારણ કે તે જ મોક્ષનું કારણ છે). ૧૮૮.

( वसन्ततिलका )

**यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**
**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।**
**तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः**
**किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।। १८९ ।।**

---

અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાંદિકને વિષકુંભ કહ્યાં અને અપ્રતિક્રમણાદિકને અમૃતકુંભ કહ્યાં તેથી કોઈ ઊલટું સમજી પ્રતિક્રમણાદિકને છોડી પ્રમાદી થાય તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ यत्र प्रतिक्रमणम् एव विषं प्रणीतं ] (અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, [ तत्र अप्रतिक्रमणम् एव सुधा कुतः स्यात् ] ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય? (અર્થાત્ ન જ હોય.) [ तत् ] તો પછી [ जनः अधः अधः प्रपतन् किं प्रमाद्यति ] માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે? [ निष्प्रमादः ] નિષ્પ્રમાદી થયા થકા [ ऊर्ध्वम् ऊर्ध्वम् किं न अधिरोहति ] ઊંચે ઊંચે કાં ચડતા નથી?

**ભાવાર્થઃ-**અજ્ઞાનાવસ્થામાં જે અપ્રતિક્રમણાદિક હોય છે તેમની તો વાત જ શી? અહીં તો, શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવવા માટે તેમને (દ્રવ્યપ્રતિક્રમણાદિને) તો નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યાં છે કારણ કે તેઓ કર્મબંધનાં જ કારણ છે, અને પ્રતિક્રમણ–અપ્રતિક્રમણાદિથી રહિત એવી ત્રીજી ભૂમિ, કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે, તેને અમૃતકુંભ કહી છે અર્થાત્ ત્યાંનાં અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે. ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે આ ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યાં સાંભળીને જેઓ ઊલટા પ્રમાદી થાય છે તેમના વિષે આચાર્યદેવ કહે છે કે–'આ માણસો નીચા નીચા કેમ પડે છે? ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી?' જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ હોઈ શકે, અજ્ઞાનીનું નહિ. માટે જે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ કહ્યાં છે તે અજ્ઞાનીનાં અપ્રતિક્રમણાદિ ન જાણવાં, ત્રીજી ભૂમિનાં શુદ્ધ આત્મામય જાણવાં. ૧૮૯.

હવે આ અર્થને દૃઢ કરતું કાવ્ય કહે છેઃ–

( पृथ्वी )

**प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः**
**कषायभरगौरवादलसता प्रमादो यतः।**
**अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्**
**मुनिः परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात्।। १९० ।।**

( शार्दूलविक्रीडित )

**त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं**
**स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः।**
**बन्धध्वंसमुपेत्य नित्यमुदितः स्वज्योतिरच्छोच्छल-**
**चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते।। १९१ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ कषाय–भर–गौरवात् अलसता प्रमादः ] કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે; [ यतः प्रमादकलितः अलसः शुद्धभावः कथं भवति ] તેથી એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે? [ अतः स्वरसनिर्भरे स्वभावे नियमितः भवन् मुनिः ] માટે નિજ રસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ [ परमशुद्धतां व्रजति ] પરમ શુદ્ધતાને પામે છે [ वा ] અથવા [ अचिरात् मुच्यते ] શીઘ્ર–અલ્પ કાળમાં ( કર્મબંધથી ) છૂટે છે.

**ભાવાર્થઃ-**પ્રમાદ તો કષાયના ગૌરવથી થાય છે માટે પ્રમાદીને શુદ્ધ ભાવ હોય નહિ. જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે તે શુદ્ધ થઈને મોક્ષને પામે છે. ૧૯૦.

હવે, મુક્ત થવાનો અનુક્રમ દર્શાવતું કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ यः किल अशुद्धिविधायि परद्रव्यं तत् समग्रं त्यक्त्वा ] જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય તે સર્વને છોડીને [ स्वयं स्वद्रव्ये रतिम् एति ] પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે, [ सः ] તે પુરુષ [ नियतम् ] નિયમથી [ सर्व–अपराध–च्युतः ] સર્વ અપરાધોથી રહિત થયો થકો, [ बन्ध–ध्वंसम् उपेत्य नित्यम् उदितः ] બંધના નાશને પામીને નિત્ય-ઉદિત ( સદા પ્રકાશમાન ) થયો થકો, [ स्व–ज्योतिः–अच्छ–उच्छलत्–चैतन्य–अमृत–पूर–पूर्ण–महिमा ] સ્વજ્યોતિથી ( પોતાના સ્વરૂપના પ્રકાશથી ) નિર્મળપણે ઊછળતો જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા છે એવો [ शुद्धः भवन् ] શુદ્ધ થતો થકો, [ मुच्यते ] કર્મોથી છૂટે છે–મુક્ત થાય છે.

( मन्दाक्रान्ता )

**बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-**
**न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।**
**एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं**
**पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।। १९२ ।।**

**इति मोक्षो निष्क्रान्तः।**

---

**ભાવાર્થઃ**-જે પુરુષ, પહેલાં સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરી નિજ દ્રવ્યમાં (આત્મસ્વરૂપમાં) લીન થાય છે, તે પુરુષ સર્વ રાગાદિક અપરાધોથી રહિત થઈ આગામી બંધનો નાશ કરે છે અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી, શુદ્ધ થઈ, સર્વ કર્મનો નાશ કરી, મોક્ષને પામે છે. આ, મોક્ષ થવાનો અનુક્રમ છે. ૧૯૧.

હવે મોક્ષ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે પૂર્ણ જ્ઞાનના મહિમાનું (સર્વથા શુદ્ધ થયેલા આત્મદ્રવ્યના મહિમાનું) કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ बन्धच्छेदात् अतुलम् अक्षय्यम् मोक्षम् कलयत् ] કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું, [ नित्य–उद्योत–स्फुटित–सहज–अवस्थम् ] નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું, [ एकान्त–शुद्धम् ] એકાંતશુદ્ધ (-કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને [ एकाकार–स्व–रस–भरतः अत्यन्त–गम्भीर–धीरम् ] એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું [ एतत् पूर्णं ज्ञानम् ] આ પૂર્ણ જ્ઞાન [ ज्वलितम् ] જળહળી ઊઠ્યું (સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું); [ स्वस्य अचले महिम्नि लीनम् ] પોતાના અચળ મહિમામાં લીન થયું.

**ભાવાર્થઃ**-કર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું, પોતાની સ્વાભાવિક અવસ્થારૂપ, અત્યંત શુદ્ધ, સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું, અત્યંત ગંભીર (જેનો પાર નથી એવું) અને ધીર (આકુળતા વિનાનું) -એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું. ૧૯૨.

**ટીકાઃ**-આ રીતે મોક્ષ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

**ભાવાર્થઃ**-રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો. જ્યાં જ્ઞાન પ્રગટ થયું ત્યાં તે મોક્ષનો સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.

**इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ मोक्षप्ररूपकः अष्टमोऽङ्कः।।**

---

જ્યોં નર કોય પર્યો દ્રઢબંધન બંધસ્વરૂપ લખૈ દુખકારી,
ચિંત કરૈ નિતિ કૈમ કટૈ યહ તૌઊ છિદૈ નહિ નૈક ટિકારી;
છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,
યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.

-૯-

# સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

**अथ प्रविशति: सर्वविशुद्धज्ञानम्।**

( मन्दाक्रान्ता )

**नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्**
**दूरीभूत: प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्ते:।**
**शुद्ध: शुद्ध: स्वरसविसरापूर्णपूण्याचलार्चि-**
**ष्टङ्कोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्ज:।। १९३ ।।**

---

સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ;
પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.

પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે 'હવે સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે'.

મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં જીવ-અજીવ, કર્તાકર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ આઠ સ્વાંગ આવ્યા, તેમનું નૃત્ય થયું અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अखिलान् कर्तृ-भोक्तृ-आदि-भावान् सम्यक् प्रलयम् नीत्वा ] સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને [ प्रतिपदम् ] પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં) [ बन्ध-मोक्ष-प्रक्लृप्ते: दूरीभूत: ] બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો, [ शुद्ध: शुद्ध: ] શુદ્ધ-શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમ જ આવરણ-બન્નેથી રહિત છે એવો), [ स्वरस-विसर-आपूर्ण-पुण्य-अचल-अर्चि: ] જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે એવો, અને [ टङ्कोत्कीर्ण-प्रकट-महिमा ] જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે એવો [ अयं ज्ञानपुञ्ज: स्फूर्जति ] આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.

( अनुष्टुभ् )

**कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।**
**अज्ञानादेव कर्तायं तदभावादकारक:।। १९४ ।।**

**अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरस्सरमाख्याति-**

**दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।**
**जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह।। ३०८ ।।**
**जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते।**
**तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि।। ३०९ ।।**

---

**ભાવાર્થઃ**-શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે, બંધમોક્ષની રચનાથી રહિત છે, પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે, પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે. એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે. ૧૯૩.

હવે સર્વવિશુદ્ધ જ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, 'આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ कर्तृत्वं अस्य चित: स्वभाव: न ] કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી, [ वेदयितृत्ववत् ] જેમ ભોક્તાપણું સ્વભાવ નથી. [ अज्ञानात् एव अयं कर्ता ] અજ્ઞાનથી જ તે કર્તા છે, [ तद्-अभावात् अकारक: ] અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે. ૧૯૪.

હવે આત્માનું અકર્તાપણું દ્રષ્ટાંતપૂર્વક કહે છેઃ-

**જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,**
**જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.**

**જીવ અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,**
**તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.**

**ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा।**
**उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि।। ३१० ।।**
**कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।**
**उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा।। ३११ ।।**

द्रव्यं यदुत्पद्यते गुणैस्तत्तैर्जानीह्यनन्यत्।
यथा कटकादिभिस्तु पर्यायैः कनकमनन्यदिह।। ३०८ ।।
जीवस्याजीवस्य तु ये परिणामास्तु दर्शिताः सूत्रे।
तं जीवमजीवं वा तैरनन्यं विजानीहि।। ३०९ ।।
न कुतश्चिदप्युत्पन्नो यस्मात्कार्यं न तेन स आत्मा।
उत्पादयति न किञ्चिदपि कारणमपि तेन न स भवति।। ३१० ।।
कर्म प्रतीत्य कर्ता कर्तारं तथा प्रतीत्य कर्माणि।
उत्पद्यन्ते च नियमात्सिद्धिस्तु न दृश्यतेऽन्या।। ३११ ।।

---

**ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.**

**રે ! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.**

**ગાથાર્થઃ-** [ यत् द्रव्यं ] જે દ્રવ્ય [ गुणैः ] જે ગુણોથી [ उत्पद्यते ] ઊપજે છે [ तैः ] તે ગુણોથી [ तत् ] તેને [ अनन्यत् जानीहि ] અનન્ય જાણ; [ यथा ] જેમ [ इह ] જગતમાં [ कटकादिभिः पर्यायैः तु ] કડાં આદિ પર્યાયોથી [ कनकम् ] સુવર્ણ [ अनन्यत् ] અનન્ય છે તેમ.

[ जीवस्य अजीवस्य तु ] જીવ અને અજીવના [ ये परिणामाः तु ] જે પરિણામો [ सूत्रे दर्शिताः ] સૂત્રમાં દર્શાવ્યા છે, [ तैः ] તે પરિણામોથી [ तं जीवम् अजीवम् वा ] તે જીવ અથવા અજીવને [ अनन्यं विजानीहि ] અનન્ય જાણ.

[ यस्मात् ] કારણ કે [ कुतश्चित् अपि ] કોઈથી [ न उत्पन्नः ] ઉત્પન્ન થયો નથી [ तेन ] તેથી [ सः आत्मा ] તે આત્મા [ कार्यं न ] (કોઈનું) કાર્ય નથી, [ किञ्चित् अपि ] અને કોઈને [ न उत्पादयति ] ઉપજાવતો નથી [ तेन ] તેથી [ सः ] તે [ कारणम् अपि ] (કોઈનું) કારણ પણ [ न भवति ] નથી.

जीवो हि तावत्क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो जीव एव, नाजीवः, एवमजीवोऽपि क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानोऽजीव एव, न जीवः, सर्वद्रव्याणां स्वपरिणामैः सह तादात्म्यात् कङ्कणादिपरिणामैः काञ्चनवत्। एवं हि जीवस्य स्वपरिणामैरुत्पद्यमानस्याप्यजीवेन सह कार्यकारणभावो न सिध्यति, सर्वद्रव्याणां द्रव्यान्तरेण सहोत्पाद्योत्पादकभावाभावात्; तदसिद्धौ चाजीवस्य जीवकर्मत्वं न सिध्यति; तदसिद्धौ च कर्तृकर्मणोरनन्यापेक्षसिद्धत्वात् जीवस्याजीवकर्तृत्वं न सिध्यति। अतो जीवोऽकर्ता अवतिष्ठते।

---

[ नियमात् ] નિયમથી [ कर्म प्रतीत्य ] કર્મના આશ્રયે (-કર્મને અવલંબીને) [ कर्ता ] કર્તા હોય છે; [ तथा च ] તેમ જ [ कर्तारं प्रतीत्य ] કર્તાના આશ્રયે [ कर्माणि उत्पद्यन्ते ] કર્મો ઉત્પન્ન થાય છે; [ अन्या तु ] બીજી કોઈ રીતે [ सिद्धिः ] કર્તાકર્મની સિદ્ધિ [ न दृश्यते ] જોવામાં આવતી નથી.

**ટીકાઃ**-પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી; કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે; તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી; અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. માટે જીવ અકર્તા ઠરે છે.

**ભાવાર્થઃ**-સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે. પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી. માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે.

'આ રીતે જીવ અકર્તા છે તોપણ તેને બંધ થાય છે એ કોઈ અજ્ઞાનનો મહિમા છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છેઃ-

( शिखरिणी )

**अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः**
**स्फुरच्चिज्ज्योतिर्भिश्छुरितभुवनाभोगभवनः।**
**तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः**
**स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः।। १९५ ।।**

**चेदा दु पयडीअट्ठं उप्पज्जइ विणस्सइ।**
**पयडी वि चेययट्ठं उप्पज्जइ विणस्सइ।। ३१२ ।।**
**एवं बंधो उ दोण्हं पि अण्णोण्णप्पच्चया हवे।**
**अप्पणो पयडीए य संसारो तेण जायदे।। ३१३ ।।**

चेतयिता तु प्रकृत्यर्थमुत्पद्यते विनश्यति।
प्रकृतिरपि चेतकार्थमुत्पद्यते विनश्यति।। ३१२ ।।

---

**શ્લોકાર્થઃ-** [ स्वरसतः विशुद्धः ] જે નિજરસથી વિશુદ્ધ છે, અને [ स्फुरत्–चित्–ज्योतिर्भिः छुरित–भुवन–आभोग–भवनः ] સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે એવો જેનો સ્વભાવ છે, [ अयं जीवः ] એવો આ જીવ [ इति ] પૂર્વોક્ત રીતે ( પરદ્રવ્યનો અને પરભાવોનો ) [ अकर्ता स्थितः ] અકર્તા ઠર્યો, [ तथापि ] તોપણ [ अस्य ] તેને [ इह ] આ જગતમાં [ प्रकृतिभिः ] કર્મપ્રકૃતિઓ સાથે [ यद् असौ बन्धः किल स्यात् ] જે આ ( પ્રગટ ) બંધ થાય છે [ सः खलु अज्ञानस्य कः अपि गहनः महिमा स्फूरति ] તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફૂરાયમાન છે.

**ભાવાર્થઃ-**જેનું જ્ઞાન સર્વ જ્ઞેયોમાં વ્યાપનારું છે એવો આ જીવ શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી, તોપણ તેને કર્મનો બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે–જેનો પાર પમાતો નથી. ૧૯૫.

( હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છેઃ– )

**પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે !**
**ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨.**

**અન્યોન્યના નિમિત્ત એ રીત બંધ બેઉ તણો બને**
**-આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.**

एवं बन्धस्तु द्वयोरपि अन्योन्यप्रत्ययाद्भवेत्।
आत्मनः प्रकृतेश्च संसारस्तेन जायते।। ३१३ ।।

**अयं हि आसंसारत एव प्रतिनियतस्वलक्षणानिर्ज्ञानेन परात्मनोरेकत्वाध्यासस्य करणात्कर्ता सन् चेतयिता प्रकृतिनिमित्तमुत्पत्तिविनाशावासादयति; प्रकृतिरपि चेतयितृनिमित्तमुत्पत्तिविनाशावासादयति। एवमनयोरात्मप्रकृत्योः कर्तृकर्मभावाभावेऽप्य-न्योन्यनिमित्तनैमित्तिकभावेन द्वयोरपि बन्धो दृष्टः, ततः संसारः, तत एव च तयोः कर्तृकर्मव्यवहारः।**

---

**ગાથાર્થઃ-** [ चेतयिता तु ] ચેતક અર્થાત્ આત્મા [ प्रकृत्यर्थम् ] પ્રકૃતિના નિમિત્તે [ उत्पद्यते ] ઊપજે છે [ विनश्यति ] તથા વિણસે છે, [ प्रकृतिः अपि ] અને પ્રકૃતિ પણ [ चेतकार्थम् ] ચેતકના અર્થાત્ આત્માના નિમિત્તે [ उत्पद्यते ] ઊપજે છે [ विनश्यति ] તથા વિણસે છે. [ एवं ] એ રીતે [ अन्योन्यप्रत्ययात् ] પરસ્પર નિમિત્તથી [ द्वयोः अपि ] બન્નેનો- [ आत्मनः प्रकृतेः च ] આત્માનો ને પ્રકૃતિનો- [ बन्धः तु भवेत् ] બંધ થાય છે, [ तेन ] અને તેથી [ संसारः ] સંસાર [ जायते ] ઉત્પન્ન થાય છે.

**ટીકાઃ-**આ આત્મા, (તેને) અનાદિ સંસારથી જ (પરનાં અને પોતાનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો, પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે; પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પત્તિ વિનાશ પામે છે (અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે). એ રીતે-જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ-પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે, તેથી સંસાર છે અને તેથી જ તેમને (આત્માને ને પ્રકૃતિને) કર્તાકર્મનો વ્યવહાર છે.

**ભાવાર્થઃ-**આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તાકર્મપણાનો અભાવ છે તોપણ પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવને લીધે બંધ થાય છે, તેથી સંસાર છે અને તેથી જ કર્તાકર્મપણાનો વ્યવહાર છે.

('જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ, અસંયત છે' એમ હવે કહે છેઃ-)

जा एस पयडीअट्ठं चेदा णेव विमुंचए।
अयाणओ हवे ताव मिच्छादिट्ठी असंजओ।। ३१४ ।।
जदा विमुंचए चेदा कम्मफलमणंतयं।
तदा विमुत्तो हवदि जाणओ पासओ मुणी।। ३१५ ।।

यावदेष प्रकृत्यर्थं चेतयिता नैव विमुञ्चति।
अज्ञायको भवेत्तावन्मिथ्यादृष्टिरसंयतः।। ३१४ ।।
यदा विमुञ्चति चेतयिता कर्मफलमनन्तकम्।
तदा विमुक्तो भवति ज्ञायको दर्शको मुनिः।। ३१५ ।।

यावदयं चेतयिता प्रतिनियतस्वलक्षणानिर्ज्ञानात् प्रकृतिस्वभावमात्मनो बन्धनिमित्तं न मुञ्चति, तावत्स्वपरयोरेकत्वज्ञानेनाज्ञायको भवति, स्वपरयोरेकत्वदर्शनेन मिथ्यादृष्टिर्भवति, स्वपरयोरेकत्वपरिणत्या चासंयतो भवति; तावदेव च परात्मनोरेक-

---

ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,
અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪.

આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,
જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.

**ગાથાર્થઃ-** [ यावत् ] જ્યાં સુધી [ एषः चेतयिता ] આ આત્મા [ प्रकृत्यर्थं ] પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું [ न एव विमुञ्चति ] છોડતો નથી, [ तावत् ] ત્યાં સુધી તે [ अज्ञायकः ] અજ્ઞાયક છે, [ मिथ्यादृष्टिः ] મિથ્યાદ્રષ્ટિ છે, [ असंयतः भवेत् ] અસંયત છે.

[ यदा ] જ્યારે [ चेतयिता ] આત્મા [ अनन्तकम् कर्मफलम् ] અનંત કર્મફળને [ विमुञ्चति ] છોડે છે, [ तदा ] ત્યારે તે [ ज्ञायकः ] જ્ઞાયક છે, [ दर्शकः ] દર્શક છે, [ मुनिः ] મુનિ છે, [ विमुक्तः भवति ] વિમુક્ત ( અર્થાત્ બંધથી રહિત ) છે.

**ટીકાઃ**-જ્યાં સુધી આ આત્મા, ( પોતાનાં અને પરનાં જુદાં જુદાં ) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન ( ભેદજ્ઞાન ) નહિ હોવાને લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડતો નથી, ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે, સ્વપરના એકત્વદર્શનથી ( એકત્વરૂપ શ્રદ્ધાનથી ) મિથ્યાદ્રષ્ટિ છે અને સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે; અને ત્યાં સુધી જ પરના અને પોતાના

त्वाध्यासस्य करणात्कर्ता भवति। यदा त्वयमेव प्रतिनियतस्वलक्षणनिर्ज्ञानात् प्रकृतिस्वभावमात्मनो बन्धनिमित्तं मुञ्चति, तदा स्वपरयोर्विभागज्ञानेन ज्ञायको भवति, स्वपरयोर्विभागदर्शनेन दर्शको भवति, स्वपरयोर्विभागपरिणत्या च संयतो भवति; तदैव च परात्मनोरेकत्वाध्यासस्याकरणादकर्ता भवति।

(अनुष्टुभ्)

**भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृतः कर्तृत्ववच्चितः।**
**अज्ञानादेव भोक्तायं तदभावादवेदकः।। १९६ ।।**

**अण्णाणी कम्मफलं पयडिसहावट्ठिदो दु वेदेदि।**
**णाणी पुण कम्मफलं जाणदि उदिदं ण वेदेदि।। ३१६ ।।**

---

એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે. અને જ્યારે આ જ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડે છે, ત્યારે સ્વપરના વિભાગજ્ઞાનથી (ભેદજ્ઞાનથી) જ્ઞાયક છે, સ્વપરના વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે અને સ્વપરની વિભાગપરિણતિથી (ભેદપરિણતિથી) સંયત છે; અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી અકર્તા છે.

**ભાવાર્થઃ-**જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે; એ રીતે મિથ્યાદ્રષ્ટિ, અજ્ઞાની, અસંયમી થઈને, કર્તા થઈને, કર્મનો બંધ કરે છે. અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી, તેથી કર્મનો બંધ કરતો નથી, જ્ઞાતાદ્રષ્ટાપણે પરિણમે છે.

'એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [कर्तृत्ववत्] કર્તાપણાની જેમ [भोक्तृत्वं अस्य चितः स्वभावः स्मृतः न] ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી. [अज्ञानात् एव अयं भोक्ता] અજ્ઞાનથી જ તે ભોક્તા છે, [तद्–अभावात् अवेदकः] અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે. ૧૯૬.

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ-

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.**

अज्ञानी कर्मफलं प्रकृतिस्वभावस्थितस्तु वेदयते।
ज्ञानी पुनः कर्मफलं जानाति उदितं न वेदयते।। ३१६ ।।

**अज्ञानी हि शुद्धात्मज्ञानाभावात् स्वपरयोरेकत्वज्ञानेन, स्वपरयोरेकत्वदर्शनेन, स्वपरयोरेकत्वपरिणत्या च प्रकृतिस्वभावे स्थितत्वात् प्रकृतिस्वभावमप्यहंतया अनुभवन् कर्मफलं वेदयते। ज्ञानी तु शुद्धात्मज्ञानसद्भावात् स्वपरयोर्विभागज्ञानेन, स्वपरयोर्विभागदर्शनेन, स्वपरयोर्विभागपरिणत्या च प्रकृतिस्वभावादपसृतत्वात् शुद्धात्मस्वभावमेकमेवाहंतया अनुभवन् कर्मफलमुदितं ज्ञेयमात्रत्वात् जानात्येव, न पुनः तस्याहंतयाऽनुभवितुमशक्यत्वाद्वेदयते।**

---

**ગાથાર્થઃ-** [ अज्ञानी ] અજ્ઞાની [ प्रकृतिस्वभावस्थितः तु ] પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહ્યો થકો [ कर्मफलं ] કર્મફળને [ वेदयते ] વેદે ( ભોગવે ) છે [ पुनः ज्ञानी ] અને જ્ઞાની તો [ उदितं कर्मफलं ] ઉદિત ( ઉદયમાં આવેલા ) કર્મફળને [ जानाति ] જાણે છે, [ न वेदयते ] વેદતો નથી.

**ટીકાઃ-**અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે સ્વપરના એકત્વજ્ઞાનથી, સ્વપરના એકત્વદર્શનથી અને સ્વપરની એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી પ્રકૃતિના સ્વભાવને પણ ‘હું’ પણે અનુભવતો થકો ( અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ ‘આ હું છું’ એમ અનુભવતો થકો ) કર્મફળને વેદે છે-ભોગવે છે; અને જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે સ્વપરના વિભાગજ્ઞાનથી, સ્વપરના વિભાગદર્શનથી અને સ્વપરની વિભાગપરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો (-ખસી ગયેલો, છૂટી ગયેલો ) હોવાથી શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ ‘હું’પણે અનુભવતો થકો ઉદિત કર્મફળને, તેના જ્ઞેયમાત્રપણાને લીધે, જાણે જ છે, પરંતુ તેનું ‘હું’પણે અનુભવાવું અશક્ય હોવાથી, ( તેને ) વેદતો નથી.

**ભાવાર્થઃ-**અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી તેથી જે કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને ભોગવે છે; અને જ્ઞાનીને શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના ઉદયને પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે, ભોક્તા થતો નથી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

( शार्दूलविक्रीडित )

**अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको**
**ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदक:।**
**इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां**
**शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानिता।। १९७ ।।**

**अज्ञानी वेदक एवेति नियम्यते-**

**ण मुयदि पयडिमभव्वो सुट्ठु वि अज्झाइदूण सत्थाणि।**
**गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।। ३१७ ।।**

**न मुञ्चति प्रकृतिमभव्य: सुष्ठ्वपि अधीत्य शास्त्राणि।**
**गुडदुग्धमपि पिबन्तो न पन्नगा निर्विषा भवन्ति।। ३१७ ।।**

**यथात्र विषधरो विषभावं स्वयमेव न मुञ्चति , विषभावमोचनसमर्थसशर्कर-**

---

**શ્લોકાર્થઃ-** [ अज्ञानी प्रकृति–स्वभाव–निरत: नित्यं वेदक: भवेत् ] અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-) સદા વેદક છે, [ तु ] અને [ ज्ञानी प्रकृति–स्वभाव–विरत: जातुचित् वेदक: नो ] જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો-વિરક્ત હોવાથી (-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી-) કદાપિ વેદક નથી. [ इति एवं नियमं निरूप्य ] આવો નિયમ બરાબર વિચારીને-નક્કી કરીને [ निपुणै: अज्ञानिता त्यज्यताम् ] નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો અને [ शुद्ध–एक–आत्ममये महसि ] શુદ્ધ-એક-આત્મામય તેજમાં [ अचलितै: ] નિશ્ચળ થઈને [ ज्ञानिता आसेव्यताम् ] જ્ઞાનીપણાને સેવો. ૧૯૭.

હવે, 'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ 'અજ્ઞાની ભોક્તા જ છે' એવો નિયમ છે-એમ કહે છે) :-

**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.**

**ગાથાર્થઃ-** [ सुष्ठु ] સારી રીતે [ शास्त्राणि ] શાસ્ત્રો [ अधीत्य अपि ] ભણીને પણ [ अभव्य: ] અભવ્ય [ प्रकृतिम् ] પ્રકૃતિને (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને) [ न मुञ्चति ] છોડતો નથી, [ गुडदुग्धम् ] જેમ સાકરવાળું દૂધ [ पिबन्त: अपि ] પીતાં છતાં [ पन्नगा: ] સર્પો [ निर्विषा: ] નિર્વિષ [ न भवन्ति ] થતા નથી.

**ટીકાઃ-**જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી અને

**क्षीरपानाच्च न मुञ्चति; तथा किलाभव्यः प्रकृतिस्वभावं स्वयमेव न मुञ्चति, प्रकृतिस्वभावमोचनसमर्थद्रव्यश्रुतज्ञानाच्च न मुञ्चति, नित्यमेव भावश्रुतज्ञानलक्षण-शुद्धात्मज्ञानाभावेनाज्ञानित्वात्। अतो नियम्यतेऽज्ञानी प्रकृतिस्वभावे स्थितत्वाद्वेदक एव।**

**ज्ञानी त्ववेदक एवेति नियम्यते-**

**णिव्वेयसमावण्णो णाणी कम्मप्फलं वियाणेदि।**
**महुरं कडुयं बहुविहमवेयओ तेण सो होइ।। ३१८ ।।**
**निर्वेदसमापन्नो ज्ञानी कर्मफलं विजानाति।**
**मधुरं कटुकं बहुविधमवेदकस्तेन स भवति।। ३१८ ।।**

**ज्ञानी तु निरस्तभेदभावश्रुतज्ञानलक्षणशुद्धात्मज्ञानसद्भावेन परतोऽत्यन्तविरक्त-**

---

વિષભાવ છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી, તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી; કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે, અજ્ઞાનીપણું છે. આથી એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ એવો નિયમ ઠરે છે) કે અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે (-કર્મનો ભોક્તા જ છે).

**ભાવાર્થઃ**-આ ગાથામાં, અજ્ઞાની કર્મના ફળનો ભોક્તા જ છે-એવો નિયમ કહ્યો. અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે. અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો મળવા છતાં અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે, કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી; માટે આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી અર્થાત્ અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે.

હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે-એવો નિયમ કરવામાં આવે છેઃ-

**નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,**
**-કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! ૩૧૮.**

**ગાથાર્થઃ**- [ निर्वेदसमापन्नः ] નિર્વેદપ્રાપ્ત (વૈરાગ્યને પામેલો) [ ज्ञानी ] જ્ઞાની [ मधुरम् कटुकम् ] મીઠા-કડવા [ बहुविधम् ] બહુવિધ [ कर्मफलम् ] કર્મફળને [ विजानाति ] જાણે છે [ तेन ] તેથી [ सः ] તે [ अवेदकः भवति ] અવેદક છે.

**ટીકાઃ**-જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના-) સદ્ભાવને લીધે, પરથી અત્યંત

**त्वात् प्रकृतिस्वभावं स्वयमेव मुञ्चति, ततोऽमधुरं मधुरं वा कर्मफलमुदितं ज्ञातृत्वात् केवलमेव जानाति, न पुनर्ज्ञाने सति परद्रव्यस्याहंतयाऽनुभवितुमयोग्यत्वाद्वेदयते। अतो ज्ञानी प्रकृतिस्वभावविरक्तत्वादवेदक एव।**

( वसन्ततिलका )

**ज्ञानी करोति न न वेदयते च कर्म**
**जानाति केवलमयं किल तत्स्वभावम्।**
**जानन्परं करणवेदनयोरभावा-**
**च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव।। १९८ ।।**

---

વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને ( -કર્મના ઉદયના સ્વભાવને ) સ્વયમેવ છોડે છે તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે, પરંતુ જ્ઞાન હોતાં ( -જ્ઞાન હોય ત્યારે- ) પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી ( તે કર્મફળને ) વેદતો નથી. માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે.

**ભાવાર્થઃ**-જે જેનાથી વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ, અને પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ. આ ન્યાયે જ્ઞાની-કે જે પ્રકૃતિસ્વભાવને ( -કર્મના ઉદયને ) પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે તે- સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને ભોગવતો નથી, અને ઉદયની બળજોરીથી પરવશ થયો થકો પોતાની નિર્બળતાથી ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ, વ્યવહારથી ભોક્તા કહેવાય. પરંતુ વ્યવહારનો તો અહીં શુદ્ધનયના કથનમાં અધિકાર નથી; માટે જ્ઞાની અભોક્તા જ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ ज्ञानी कर्म न करोति च न वेदयते ] જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, [ तत्स्वभावम् अयं किल केवलम् जानाति ] કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. [ परं जानन् ] એમ કેવળ જાણતો થકો [ करण–वेदनयोः अभावात् ] કરણના અને વેદનના ( -કરવાના અને ભોગવવાના- ) અભાવને લીધે [ शुद्ध–स्वभावनियतः सः हि मुक्तः एव ] શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે.

**ભાવાર્થઃ**-જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી, કેવળ જ્ઞાતા જ છે; માટે તે કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો મુક્ત જ છે. કર્મ ઉદયમાં આવે પણ છે, તોપણ જ્ઞાનીને તે શું કરી શકે? જ્યાં સુધી નિર્બળતા રહે ત્યાં સુધી કર્મ જોર

**ण वि कुव्वइ ण वि वेयइ णाणी कम्माइं बहुपयाराइं।**
**जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च।। ३१९ ।।**

नापि करोति नापि वेदयते ज्ञानी कर्माणि बहुप्रकाराणि।
जानाति पुनः कर्मफलं बन्धं पुण्यं च पापं च।। ३१९ ।।

ज्ञानी हि कर्मचेतनाशून्यत्वेन कर्मफलचेतनाशून्यत्वेन च स्वयमकर्तृत्वादवेदयितृत्वाच्च न कर्म करोति न वेदयते च; किन्तु ज्ञानचेतनामयत्वेन केवलं ज्ञातृत्वात्कर्मबन्धं कर्मफलं च शुभमशुभं वा केवलमेव जानाति।

कुत एतत् ?-

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं पिज्जरं चेव।। ३२० ।।**

---

ચલાવી લે; ક્રમે ક્રમે સબળતા વધારીને છેવટે તે જ્ઞાની કર્મનો નિર્મૂળ નાશ કરશે જ. ૧૯૮.

હવે આ જ અર્થને ફરી દ્રઢ કરે છેઃ-

**કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,**
**બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ बहुप्रकाराणि ] બહુ પ્રકારનાં [ कर्माणि ] કર્મોને [ न अपि करोति ] કરતો પણ નથી, [ न अपि वेदयते ] વેદતો (ભોગવતો) પણ નથી; [ पुनः ] પરંતુ [ पुण्यं च पापं च ] પુણ્ય અને પાપરૂપ [ बन्धं ] કર્મબંધને [ कर्मफलं ] તથા કર્મફળને [ जानाति ] જાણે છે.

**ટીકાઃ-**કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી, અને કર્મફળ-ચેતના રહિત હોવાને લીધે પોતે અવેદક (-અભોક્તા) હોવાથી, જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો (-ભોગવતો) નથી; પરંતુ જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ જ્ઞાતા જ હોવાથી, શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે.

હવે પૂછે છે કે- (જ્ઞાની કરતો-ભોગવતો નથી, જાણે જ છે) એ કઈ રીતે? તેનો ઉત્તર દ્રષ્ટાંતપૂર્વક કહે છેઃ-

**જ્યમ નેત્ર. તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

दृष्टि: यथैव ज्ञानमकारकं तथाऽवेदकं चैव।
जानाति च बन्धमोक्षं कर्मोदयं निर्जरां चैव।। ३२० ।।

**यथात्र लोके दृष्टिर्दृश्यादत्यन्तविभक्तत्वेन तत्करणवेदनयोरसमर्थत्वात् दृश्यं न करोति न वेदयते च, अन्यथाग्निदर्शनात्सन्धुक्षणवत् स्वयं ज्वलनकरणस्य, लोहपिण्डवत्स्वयमौष्ण्यानुभवनस्य च दुर्निवारत्वात्, किन्तु केवलं दर्शनमात्रस्वभावत्वात् तत्सर्वं केवलमेव पश्यति; तथा ज्ञानमपि स्वयं द्रष्टृत्वात् कर्मणोऽत्यन्तविभक्तत्वेन निश्चयतस्तत्करणवेदनयोरसमर्थत्वात्कर्म न करोति न वेदयते च, किन्तु केवलं ज्ञानमात्रस्वभावत्वात्कर्मबन्धं मोक्षं वा कर्मोदयं निर्जरां वा केवलमेव जानाति।**

---

**ગાથાર્થઃ-** [ यथा एव दृष्टि: ] જેમ નેત્ર ( દૃશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી, દેખે જ છે ), [ तथा ] તેમ [ ज्ञानम् ] જ્ઞાન [ अकारकं ] અકારક [ अवेदकं च एव ] તથા અવેદક છે, [ च ] અને [ बन्धमोक्षं ] બંધ, મોક્ષ, [ कर्मोदयं ] કર્મોદય [ निर्जरां च एव ] તથા નિર્જરાને [ जानाति ] જાણે જ છે.

**ટીકાઃ-**જેવી રીતે આ જગતમાં નેત્ર દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, દૃશ્ય પદાર્થને કરતું નથી અને વેદતું નથી-જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, *સંધુક્ષણની માફક, પોતાને ( નેત્રને ) અગ્નિનું કરવાપણું ( સળગાવવાપણું ), અને લોખંડના ગોળાની માફક પોતાને ( નેત્રને ) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય ( અર્થાત્ જો નેત્ર દૃશ્ય પદાર્થને કરતું વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું નથી ) -પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે; તેવી રીતે જ્ઞાન પણ, પોતે ( નેત્રની માફક ) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી અને વેદતું નથી, પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું ( જાણવાના સ્વભાવવાળું હોવાથી કર્મના બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.

**ભાવાર્થઃ-**જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે; માટે કરવું-ભોગવવું જ્ઞાનને નથી. કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે. અહીં કોઈ પૂછે કે-" એવું તો કેવળજ્ઞાન છે. બાકી જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે ત્યાં સુધી તો સુખદુઃખરાગાદિરૂપે પરિણમન થાય જ છે, તેમ જ જ્યાં સુધી દર્શનાવરણ, જ્ઞાનાવરણ

---

* સંધુક્ષણ = સંધૂકણ; અગ્નિ સળગાવનાર પદાર્થ; અગ્નિ ચેતાવનારી વસ્તુ.

( अनुष्टुभ् )

**ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः।**
**सामान्यजनवत्तेषां न मोक्षोऽपि मुमुक्षताम्।। १९९ ।।**

---

તથા વીર્યાંતરાયનો ઉદય છે ત્યાં સુધી અદર્શન, અજ્ઞાન તથા અસમર્થપણું હોય જ છે; તો પછી કેવળજ્ઞાન થયા પહેલાં જ્ઞાતાદ્રષ્ટાપણું કેમ કહેવાય ?" તેનું સમાધાનઃ-પહેલેથી કહેતા જ આવીએ છીએ કે જે સ્વતંત્રપણે કરે-ભોગવે, તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે. માટે જ્યાં મિથ્યાદૃષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો અને ત્યારે જીવ જ્ઞાની થયો થકો સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા થતો નથી, તથા પોતાની નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી જે કાર્ય થાય છે તેનો કર્તા-ભોક્તા પરમાર્થદૃષ્ટિએ તેને કહેવાતો નથી. વળી તે કાર્યના નિમિત્તે કાંઈક નવીન કર્મરજ લાગે પણ છે તોપણ તેને અહીં બંધમાં ગણવામાં આવતી નથી. મિથ્યાત્વ છે તે જ સંસાર છે. મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે. સમુદ્રમાં બિંદુની શી ગણતરી ?

વળી એટલું વિશેષ જાણવું કે-કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે અને શ્રુતજ્ઞાની પણ શુદ્ધનયના અવલંબનથી આત્માને એવો જ અનુભવે છે; પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે. માટે શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાનની અપેક્ષાએ તો જ્ઞાતાદ્રષ્ટાપણું જ છે અને ચારિત્રની અપેક્ષાએ પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે તેટલો ઘાત છે તથા તેને નાશ કરવાનો ઉદ્યમ પણ છે. જ્યારે તે કર્મનો અભાવ થશે ત્યારે સાક્ષાત્ યથાખ્યાત ચારિત્ર થશે અને ત્યારે કેવળજ્ઞાન થશે. અહીં સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે. જ્ઞાનસામાન્યની અપેક્ષા લઈએ તો તો સર્વ જીવ જ્ઞાની છે અને વિશેષ અપેક્ષા લઈએ તો જ્યાં સુધી કિંચિત્માત્ર પણ અજ્ઞાન રહે ત્યાં સુધી જ્ઞાની કહી શકાય નહિ-જેમ સિદ્ધાંતમાં ભાવોનું વર્ણન કરતાં, જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે. માટે અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.

હવે, જેઓ-જૈનના સાધુઓ પણ-સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને છે તેમને નિષેધતો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ ये तु तमसा तताः आत्मानं कर्तारम् पश्यन्ति ] જેઓ અજ્ઞાનઅંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે, [ मुमुक्षताम् अपि ] તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય તોપણ [ सामान्यजनवत् ] સામાન્ય (લૌકિક) જનોની માફક [ तेषां मोक्षः न ] તેમનો પણ મોક્ષ થતો નથી. ૧૯૯.

**लोयस्स कुणदि विण्हू सुरणारयतिरियमाणुसे सत्ते।**
**समणाणं पि य अप्पा जदि कुव्वदि छव्विहे काऐ।। ३२१ ।।**
**लोयसमणाणमेयं सिद्धंतं जइ ण दीसदि विसेसो।**
**लोयस्स कुणइ विण्हू समणाण वि अप्पओ कुणदि।। ३२२ ।।**
**एवं ण को वि मोक्खो दीसदि लोयसमणाण दोण्हं पि।**
**णिच्चं कुव्वंताणं सदेवमणुयासुरे लोए।। ३२३ ।।**

लोकस्य करोति विष्णुः सुरनारकतिर्यङ्मानुषान् सत्त्वान्।
श्रमणानामपि चात्मा यदि करोति षड्विधान् कायान्।। ३२१ ।।
लोकश्रमणानामेकः सिद्धान्तो यदि न द्रश्यते विशेषः।
लोकस्य करोति विष्णुः श्रमणानामप्यात्मा करोति।। ३२२ ।।
एवं न कोऽपि मोक्षो द्रश्यते लोकश्रमणानां द्वयेपामपि।
नित्यं कुर्वतां सदेवमनुजासुरान् लोकान्।। ३२३ ।।

---

હવે આ જ અર્થને ગાથા દ્વારા કહે છેઃ-

**જ્યમ લોક માને ‘દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે, ’**
**ત્યમ શ્રમણ પણ માને કદી ‘ આત્મા કરે ષટ્ કાયને, ’ ૩૨૧.**

**તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,**
**વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.**

**એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,**
**-જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.**

**ગાથાર્થઃ-** [ लोकस्य ] લોકના (લૌકિક જનોના) મતમાં [ सुरनारकतिर्यङ्मानुषान् सत्त्वान् ] દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય-પ્રાણીઓને [ विष्णुः ] વિષ્ણુ [ करोति ] કરે છે; [ च ] અને [ यदि ] જો [ श्रमणानाम् अपि ] શ્રમણોના (મુનિઓના) મન્તવ્યમાં પણ [ षड्विधान् कायाम् ] છ કાયના જીવોને [ आत्मा ] આત્મા [ करोति ] કરતો હોય [ यदि लोकश्रमणानाम् ] તો લોક અને શ્રમણોનો [ एकः सिद्धान्तः ] એક સિદ્ધાંત થાય છે, [ विशेषः ] કાંઈ ફેર [ न द्रश्यते ] દેખાતો નથી; (કારણ કે) [ लोकस्य ] લોકના મતમાં [ विष्णुः ] વિષ્ણુ [ करोति ] કરે છે અને [ श्रमणानाम्

**ये त्वात्मानं कर्तारमेव पश्यन्ति ते लोकोत्तरिका अपि न लौकिकतामतिवर्तन्ते; लौकिकानां परमात्मा विष्णुः सुरनारकादिकार्याणि करोति, तेषां तु स्वात्मा तानि करोतीत्यपसिद्धान्तस्य समत्वात्। ततस्तेषामात्मनो नित्यकर्तृत्वाभ्युपगमात् लौकिकानामिव लोकोत्तरिकाणामपि नास्ति मोक्षः।**

( अनुष्टुभ् )

**नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः।**
**कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः।। २०० ।।**

---

अपि ] શ્રમણોના મતમાં પણ [ आत्मा ] આત્મા [ करोति ] કરે છે (તેથી કર્તાપણાની માન્યતામાં બન્ને સમાન થયા). [ एवं ] એ રીતે, [ सदेवमनुजासुरान् लोकान् ] દેવ, મનુષ્ય અને અસુરવાળા ત્રણે લોકને [ नित्यं कुर्वतां ] સદાય કરતા (અર્થાત્ ત્રણે લોકના કર્તાભાવે નિરંતર પ્રવર્તતા) એવા [ लोकश्रमणानां द्वयेषाम् अपि ] તે લોક તેમ જ શ્રમણ–બન્નેનો [ कः अपि मोक्षः ] કોઈ મોક્ષ [ न दृश्यते ] દેખાતો નથી.

**ટીકાઃ**-જેઓ આત્માને કર્તા જ દેખે છે–માને છે, તેઓ લોકોત્તર હોય તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી; કારણ કે, લૌકિક જનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે, અને તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે–એમ *અપસિદ્ધાંતની (બન્નેને) સમાનતા છે. માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે, લૌકિક જનોની માફક, લોકોત્તર પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.

**ભાવાર્થઃ**-જેઓ આત્માને કર્તા માને છે, તેઓ ભલે મુનિ થયા હોય તોપણ લૌકિક જન જેવા જ છે; કારણ કે, લોક ઈશ્વરને કર્તા માને છે અને તે મુનિઓએ આત્માને કર્તા માન્યો–એમ બન્નેની માન્યતા સમાન થઈ. માટે જેમ લૌકિક જનોને મોક્ષ નથી, તેમ તે મુનિઓને પણ મોક્ષ નથી. જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ, અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો?

હવે, 'પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, માટે કર્તાકર્મસંબંધ પણ નથી'–એમ શ્લોકમાં કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ परद्रव्य–आत्मतत्त्वयोः सर्वः अपि सम्बन्धः नास्ति ] પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી; [ कर्तृ–कर्मत्व–सम्बन्ध–अभावे ] એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, [ तत्कर्तृता कुतः ] આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?

---

* અપસિદ્ધાંત = ખોટો અથવા ભૂલભરેલો સિદ્ધાંત

ववहारमासिदेण दु परदव्वं मम भणंति अविदिदत्था।
जाणंति णिच्छएण दु ण य मह परमाणुमित्तमवि किंचि।। ३२४ ।।
जह को वि णरो जंपदि अम्हं गामविसयणयररट्ठं।
ण य होंति तस्स ताणि दु भणदि य मोहेण सो अप्पा।। ३२५ ।।
एमेव मिच्छदिट्ठी णाणी णीसंसयं हवदि एसो।
जो परदव्वं मम इदि जाणंतो अप्पयं कुणदि।। ३२६ ।।
तम्हा ण मे त्ति णच्चा दोण्ह वि एदाण कत्तविवसायं।
परदव्वे जाणंतो जाणेज्जो दिट्ठिरहिदाणं।। ३२७ ।।

व्यवहारभाषितेन तु परद्रव्यं मम भणन्त्यविदितार्थाः।
जानन्ति निश्चयेन तु न च मम परमाणुमात्रमपि किञ्चित्।। ३२४ ।।

---

**ભાવાર્થઃ**-પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, તો પછી તેમને કર્તાકર્મસંબંધ કઈ રીતે હોય? એ રીતે જ્યાં કર્તાકર્મસંબંધ નથી, ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે? ૨૦૦.

હવે, "જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને 'પરદ્રવ્ય મારું છે' એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માની આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદ્રષ્ટિ છે" ઈત્યાદિ અર્થની ગાથાઓ દ્રષ્ટાંત સહિત કહે છેઃ-

વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,
'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.

જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે,'
પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારાં' કહે; ૩૨૫.

એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,
નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.

તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની
કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદ્રષ્ટિરહિતની. ૩૨૭.

**ગાથાર્થઃ**- [ अविदितार्थाः ] જેમણે પદાર્થનું સ્વરૂપ જાણ્યું નથી એવા

यथा कोऽपि नरो जल्पति अस्माकं ग्रामविषयनगरराष्ट्रम्।
न च भवन्ति तस्य तानि तु भणति च मोहेन स आत्मा।। ३२५ ।।
एवमेव मिथ्यादृष्टिर्ज्ञानी नि:संशयं भवत्येष:।
य: परद्रव्यं ममेति जानन्नात्मानं करोति।। ३२६ ।।
तस्मान्न मे इति ज्ञात्वा द्वयेषामप्येतेषां कर्तृव्यवसायम्।
परद्रव्ये जानन् जानीयात् दृष्टिरहितानाम्।। ३२७ ।।

**अज्ञानिन एव व्यवहारविमूढा: परद्रव्यं ममेदमिति पश्यन्ति। ज्ञानिनस्तु निश्चयप्रतिबुद्धा: परद्रव्यकणिकामात्रमपि न ममेदमिति पश्यन्ति। ततो यथात्र लोके कश्चिद् व्यवहारविमूढ: परकीयग्रामवासी ममांय ग्राम इति पश्यन् मिथ्यादृष्टि:**

---

પુરુષો [ व्यवहारभाषितेन तु ] વ્યવહારનાં વચનોને ગ્રહીને [ परद्रव्यं मम ] ‘પરદ્રવ્ય મારું છે’ [ भणन्ति ] એમ કહે છે, [ तु ] પરંતુ જ્ઞાનીઓ [ निश्चयेन जानन्ति ] નિશ્ચય વડે જાણે છે કે ‘[ किञ्चित् ] કોઈ [ परमाणुमात्रम् अपि ] પરમાણુમાત્ર પણ [ न च मम ] મારું નથી’.

[ यथा ] જેવી રીતે [ क: अपि नर: ] કોઈ પુરુષ [ अस्माकं ग्रामविषयनगरराष्ट्रम् ] ‘અમારું ગામ, અમારો દેશ, અમારું નગર, અમારું રાષ્ટ્ર’ [ जल्पति ] એમ કહે છે, [ तु ] પરંતુ [ तानि ] તે [ तस्य ] તેનાં [ न च भवन्ति ] નથી, [ मोहेन च ] મોહથી [ स: आत्मा ] તે આત્મા [ भणति ] ‘મારાં’ કહે છે; [ एवम् एव ] તેવી જ રીતે [ य: ज्ञानी ] જે જ્ઞાની પણ [ परद्रव्यं मम ] ‘પરદ્રવ્ય મારું છે’ [ इति जानन् ] એમ જાણતો થકો [ आत्मानं करोति ] પરદ્રવ્યને પોતારૂપ કરે છે, [ एष: ] તે [ नि:संशयं ] નિઃસંદેહ અર્થાત્ ચોક્કસ [ मिथ्यादृष्टि: ] મિથ્યાદૃષ્ટિ [ भवति ] થાય છે.

[ तस्मात् ] માટે તત્ત્વજ્ઞો [ न मे इति ज्ञात्वा ] ‘પરદ્રવ્ય મારું નથી’ એમ જાણીને, [ एतेषां द्वयेषाम् अपि ] આ બન્નેનો (-લોકનો અને શ્રમણનો-) [ परद्रव्ये ] પરદ્રવ્યમાં [ कर्तृव्यवसायं जानन् ] કર્તાપણાનો વ્યવસાય જાણતા થકા, [ जानीयात् ] એમ જાણે છે કે [ दृष्टिरहितानाम् ] આ વ્યવસાય સમ્યગ્દર્શન રહિત પુરુષોનો છે.

**ટીકા:**-અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને ‘આ મારું છે’ એમ દેખે છે-માને છે; જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી પરદ્રવ્યની કણિકામાત્રને પણ ‘આ મારું છે’ એમ દેખતા નથી. તેથી, જેમ આ જગતમાં કોઈ વ્યવહારવિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો માણસ ‘આ ગામ મારું છે’ એમ દેખતો-માનતો થકો મિથ્યાદૃષ્ટિ

**तथा यदि ज्ञान्यपि कथञ्चिद् व्यवहारविमूढो भूत्वा परद्रव्यं ममेदमिति पश्येत् तदा सोऽपि निस्संशयं परद्रव्यमात्मानं कुर्वाणो मिथ्यादृष्टिरेव स्यात्। अतस्तत्त्वं जानन् पुरुषः सर्वमेव परद्रव्यं न ममेति ज्ञात्वा लोकश्रमणानां द्वयेषामपि योऽयं परद्रव्ये कर्तृव्यवसायः स तेषां सम्यग्दर्शनरहितत्वादेव भवति इति सुनिश्चितं जानीयात्।**

( वसन्ततिलका )

**एकस्य वस्तुन इहान्यतरेण सार्धं**
**सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः।**
**तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे**
**पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम्।। २०१ ।।**

---

( -ખોટી દૃષ્ટિવાળો ) છે. તેમ જો જ્ઞાની પણ કોઈ પણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને પરદ્રવ્યને ' આ મારું છે ' એમ દેખે તો તે વખતે તે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદૃષ્ટિ જ થાય છે. માટે તત્ત્વને જાણનારો પુરુષ ' સઘળુંય પરદ્રવ્ય મારું નથી ' એમ જાણીને, ' લોક અને શ્રમણ-બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે ' એમ સુનિશ્ચિતપણે જાણે છે.

**ભાવાર્થઃ-**જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે-લૌકિક જન હો કે મુનિજન હો-મિથ્યાદૃષ્ટિ જ છે. જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને પરદ્રવ્યને ' મારું ' માને તો મિથ્યાદૃષ્ટિ જ થાય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यतः ] કારણ કે [ इह ] આ લોકમાં [ एकस्य वस्तुनः अन्यतरेण सार्धं सकलः अपि सम्बन्धः एव निषिद्धः ] એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, [ तत् ] તેથી [ वस्तुभेदे ] જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં [ कर्तृकर्मघटना अस्ति न ] કર્તાકર્મઘટના હોતી નથી- [ मुनयः च जनाः च ] એમ મુનિજનો અને લૌકિક જનો [ तत्त्वम् अकर्तृ पश्यन्तु ] તત્ત્વને ( વસ્તુના યથાર્થ સ્વરૂપને ) અકર્તા દેખો ( -કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે- એમ શ્રદ્ધામાં લાવો ). ૨૦૧.

" જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે; એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે. "-આવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છેઃ-

( वसन्ततिलका )

**ये तु स्वभावनियमं कलयन्ति नेम-**
**मज्ञानमग्नमहसो बत ते वराका:।**
**कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-**
**कर्ता स्वयं भवति चेतन एव नान्य:।। २०२ ।।**

**मिच्छत्तं जदि पयडी मिच्छादिट्ठी करेदि अप्पाणं।**
**तम्हा अचेदणा ते पयडी णणु कारगो पत्तो।। ३२८ ।।**
**अहवा एसो जीवो पोग्गलदव्वस्स कुणदि मिच्छत्तं।**
**तम्हा पोग्गलदव्वं मिच्छादिट्ठी ण पुण जीवो।। ३२९ ।।**

---

**શ્લોકાર્થઃ-** (આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કેઃ) [ बत ] અરેરે! [ ये तु इमम् स्वभावनियमं न कलयन्ति ] જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી [ ते वराका: ] તેઓ બિચારા, [ अज्ञानमग्नमहस: ] જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા, [ कर्म कुर्वन्ति ] કર્મને કરે છે; [ तत: एव हि ] તેથી [ भावकर्मकर्ता चेतन: एव स्वयं भवति ] ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે, [ अन्य: न ] અન્ય કોઈ નહિ.

**ભાવાર્થઃ-**વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની (-મિથ્યાદૃષ્ટિ) જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે; એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે, અન્ય નથી. ૨૦૨.

હવે, '(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે તેના કર્તા કોણ છે?'-એ વાતને બરાબર ચર્ચીને, 'ભાવકર્મનો કર્તા (અજ્ઞાની) જીવ જ છે' એમ યુક્તિથી સિદ્ધ કરે છેઃ-

**જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,**
**તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.**

**અથવા કરે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વને,**
**તો તો ઠરે મિથ્યાત્વી પુદ્‌ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯.**

**अह जीवो पयडी तह पोग्गलदव्वं कुणंति मिच्छत्तं।**
**तम्हा दोहिं कदं तं दोण्णि वि भुंजंति तस्स फलं।। ३३० ।।**
**अह ण पयडी ण जीवो पोग्गलदव्वं करेदि मिच्छत्तं।**
**तम्हा पोग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा।। ३३१ ।।**

मिथ्यात्वं यद प्रकृतिर्मिथ्यादृष्टिं करोत्यात्मानम्।
तस्मादचेतना ते प्रकृतिर्ननु कारका प्राप्ता।। ३२८ ।।
अथवैष जीवः पुद्गलद्रव्यस्य करोति मिथ्यात्वम्।
तस्मात्पुद्गलद्रव्यं मिथ्यादृष्टिर्न पुनर्जीवः।। ३२९ ।।
अथ जीवः प्रकृतिस्तथा पुद्गलद्रव्यं कुरुतः मिथ्यात्वम्।
तस्मात् द्वाभ्यां कुतं तत् द्वावपि मुञ्जाते तस्य फलम्।। ३३० ।।
अथ न प्रकृतिर्न जीवः पुद्गलद्रव्यं करोति मिथ्यात्वम्।
तस्मात्पुद्गलद्रव्यं मिथ्यात्वं तत्तु न खलु मिथ्या।। ३३१ ।।

---

**જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,**
**તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.**

**જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,**
**પુદ્‌ગલદરવ મિથ્યાત્વ વણકૃત!-એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.**

**ગાથાર્થઃ-** [ यदि ] જો [ मिथ्यात्वं प्रकृतिः ] મિથ્યાત્વ નામની (મોહનીય કર્મની) પ્રકૃતિ [ आत्मानम् ] આત્માને [ मिथ्यादृष्टिं ] મિથ્યાદ્રષ્ટિ [ करोति ] કરે છે એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ ते ] તારા મતમાં [ अचेतना प्रकृतिः ] અચેતન પ્રકૃતિ [ ननु कारका प्राप्ता ] (મિથ્યાત્વભાવની) કર્તા બની! (તેથી મિથ્યાત્વભાવ અચેતન ઠર્યો!)

[ अथवा ] અથવા, [ एषः जीवः ] આ જીવ [ पुद्गलद्रव्यस्य ] પુદ્‌ગલદ્રવ્યના [ मिथ्यात्वम् ] મિથ્યાત્વને [ करोति ] કરે છે એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ पुद्गलद्रव्यं मिथ्यादृष्टिः ] પુદ્‌ગલદ્રવ્ય મિથ્યાદ્રષ્ટિ ઠરે!- [ न पुनः जीवः ] જીવ નહિ!

[ अथ ] અથવા જો [ जीवः तथा प्रकृतिः ] જીવ તેમ જ પ્રકૃતિ બન્ને [ पुद्गलद्रव्यं ] પુદ્‌ગલદ્રવ્યને [ मिथ्यात्वम् ] મિથ્યાત્વભાવરૂપ [ कुरुतः ] કરે છે એમ માનવામાં

**जीव एव मिथ्यात्वादिभावकर्मण: कर्ता, तस्याचेतनप्रकृतिकार्यत्वेऽचेतनत्वानुषङ्गात्। स्वस्यैव जीवो मिथ्यात्वादिभावकर्मण: कर्ता, जीवेन पुद्गलद्रव्यस्य मिथ्यात्वादिभावकर्मणि क्रियमाणे पुद्गलद्रव्यस्य चेतनानुषङ्गात्। न च जीव: प्रकृतिश्च मिथ्यात्वादिभावकर्मणो द्वौ कर्तारौ, जीववदचेतनाया: प्रकृतेरपि तत्फलभोगानुषङ्गात्। न च जीव: प्रकृतिश्च मिथ्यात्वादिभावकर्मणो द्वावप्यकर्तारौ, स्वभावत एव पुद्गलद्रव्यस्य मिथ्यात्वादिभावानुषङ्गात्। ततो जीव: कर्ता, स्वस्य कर्म कार्यमिति सिद्धम्।**

---

આવે, [ तस्मात् ] તો [ द्वाभ्यां कृतं तत् ] જે બન્ને વડે કરવામાં આવ્યું [ तस्य फलम् ] તેનું ફળ [ द्वौ अपि मुञ्जाते ] બન્ને ભોગવે!

[ अथ ] અથવા જો [ पुद्गलद्रव्यं ] પુદ્‌ગલદ્રવ્યને [ मिथ्यात्वम् ] મિથ્યાત્વભાવરૂપ [ न प्रकृति: करोति ] નથી પ્રકૃતિ કરતી [ न जीव: ] કે નથી જીવ કરતો (–બેમાંથી કોઈ કરતું નથી) એમ માનવામાં આવે, [ तस्मात् ] તો [ पुद्गलद्रव्यं मिथ्यात्वम् ] પુદ્‌ગલદ્રવ્ય સ્વભાવે જ મિથ્યાત્વભાવરૂપ ઠરે! [ तत् तु न खलु मिथ्या ] તે શું ખરેખર મિથ્યા નથી?

(આથી એમ સિદ્ધ થાય છે કે પોતાના મિથ્યાત્વભાવનો–ભાવકર્મનો–કર્તા જીવ જ છે.)

**ટીકા:**–જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય તો તેને (–ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે; કારણ કે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્‌ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (–ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે એમ પણ નથી; કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે. માટે એમ સિદ્ધ થયું કે–જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે (અર્થાત્ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે).

**ભાવાર્થ:**–ભાવકર્મનો કર્તા જીવ જ છે એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે–પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યનાં ભાવનું કર્તા હોય નહિ તેથી જે ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ હોય. આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે, જડ નથી; અશુદ્ધનિશ્ચયનયથી

( शार्दूलविक्रीडित )

**कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-**
**रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषङ्गात्कृतिः।**
**नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो**
**जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः।। २०३ ।।**

---

તેમને ચિદાભાસ પણ કહેવામાં આવે છે એ રીતે તે પરિણામો ચેતન હોવાથી, તેમનો કર્તા પણ ચેતન જ છે; કારણ કે ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય-એ પરમાર્થ છે. અભેદદષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે, પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે. અભેદદષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી, શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે. આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ कर्म कार्यत्वात् अकृतं न ] કર્મ ( અર્થાત્ ભાવકર્મ ) છે તે કાર્ય છે, માટે તે અકૃત હોય નહિ અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ. [ च ] વળી [ तत् जीव–प्रकृत्योः द्वयोः कृतिः न ] તે ( ભાવકર્મ ) જીવ અને પ્રકૃતિ બન્નેની કૃતિ હોય એમ નથી, [ अज्ञायाः प्रकृतेः स्व–कार्य–फल–भुग्–अनुषङ्गात् ] કારણ કે જો તે બન્નેનું કાર્ય હોય તો જ્ઞાનરહિત ( જડ ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે. [ एकस्याः प्रकृतेः न ] વળી તે ( ભાવકર્મ ) એક પ્રકૃતિની કૃતિ ( -એકલી પ્રકૃતિનું કાર્ય- ) પણ નથી, [ अचित्त्वलसनात् ] કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે ( અર્થાત્ પ્રકૃતિ તો અચેતન છે અને ભાવકર્મ ચેતન છે ). [ ततः ] માટે [ अस्य कर्ता जीवः ] તે ભાવકર્મનો કર્તા જીવ જ છે [ च ] અને [ चिद्–अनुगं ] ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ ( -ચેતનના પરિણામરૂપ- ) એવું [ तत् ] તે ભાવકર્મ [ जीवस्य एव कर्म ] જીવનું જ કર્મ છે, [ यत् ] કારણ કે [ पुद्गलः ज्ञाता न ] પુદ્ગલ તો જ્ઞાતા નથી ( તેથી તે ભાવકર્મ પુદ્ગલનું કર્મ હોઈ શકે નહિ ).

**ભાવાર્થઃ-**ચેતનકર્મ ચેતનને જ હોય; પુદ્ગલ જડ છે, તેને ચેતનકર્મ કેમ હોય ? ૨૦૩.

હવેની ગાથાઓમાં જેઓ ભાવકર્મનો કર્તા પણ કર્મને જ માને છે તેમને સમજાવવાને સ્યાદ્વાદ અનુસાર વસ્તુસ્થિતિ કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છેઃ-

( शार्दूलविक्रीडित )

**कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां**
**कर्तात्मैष कथञ्चिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता ।**
**तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये**
**स्याद्वादप्रतिबन्धलब्धविजया वस्तुस्थितिः स्तूयते।। २०४ ।।**

**कम्मेहि दु अण्णाणी किज्जदि णाणी तहेव कम्मेहिं।**
**कम्मेहि सुवाविज्जदि जग्गाविज्जदि तहेव कम्मेहिं।। ३३२ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ कैश्चित् हतकैः ] કોઈ આત્માના ઘાતક (સર્વથા એકાંતવાદીઓ) [ कर्म एव कर्तृ प्रवितर्क्य ] કર્મને જ કર્તા વિચારીને [ आत्मनः कर्तृतां क्षिप्त्वा ] આત્માના કર્તાપણાને ઉડાડીને, ‘[ एषः आत्मा कथञ्चित् कर्ता ] આ આત્મા કથંચિત્ કર્તા છે’ [ इति अचलिता श्रुतिः कोपिता ] એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે (-નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે); [ उद्धत–मोह–मुद्रित–धियां तेषाम् बोधस्य संशुद्धये ] તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે [ वस्तुस्थितिः स्तूयते ] (નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે– [ स्याद्वाद–प्रतिबन्ध–लब्ध–विजया ] કે જે વસ્તુસ્થિતિએ સ્યાદ્વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે (અર્થાત્ જે વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે).

**ભાવાર્થઃ-**કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે અને આત્માને અકર્તા જ કહે છે; તેઓ આત્માના ઘાતક છે. તેમના પર જિનવાણીનો કોપ છે, કારણ કે સ્યાદ્વાદથી વસ્તુસ્થિતિને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી તો આત્માને કથંચિત્ કર્તા કહે છે. આત્માને અકર્તા જ કહેનારા એકાન્તવાદીઓની બુદ્ધિ ઉત્કટ મિથ્યાત્વથી બિડાઈ ગયેલી છે; તેમના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્ય-ભગવાન સ્યાદ્વાદ અનુસાર જેવી વસ્તુસ્થિતિ છે તેવી, નીચેની ગાથાઓમાં કહે છે. ૨૦૪.

‘આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે’ એવા અર્થની ગાથાઓ હવે કહે છેઃ–

**“ કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,**
**કર્મો સુવાડે તેમ વળી, કર્મો જગાડે જીવને; ૩૩૨.**

कम्मेहि सुहाविज्जदि दुक्खाविज्जदि तहेव कम्मेहिं।
कम्मेहि य मिच्छत्तं णिज्जदि णिज्जदि असंजमं चेव।। ३३३ ।।
कम्मेहि भमाडिज्जदि उड्ढमहो चावि तिरियलोयं च।
कम्मेहि चेव किज्जदि सुहासुहं जेत्तियं किंचि।। ३३४ ।।
जम्हा कम्मं कुव्वदि कम्मं देदि हरदि त्ति जं किंचि।
तम्हा उ सव्वजीवा अकारगा होंति आवण्णा।। ३३५ ।।
पुरिसित्थियाहिलासी इत्थीकम्मं च पुरिसमहिलसदि।
एसा आयरियपरंपरागदा एरिसी दु सुदी।। ३३६ ।।
तम्हा ण को वि जीवो अबंभचारी दु अम्ह उवदेसे।
जम्हा कम्मं चेव हि कम्मं अहिलसदि इदि भणिदं।। ३३७ ।।
जम्हा धादेदि परं परेण घादिज्जदे य सा पयडी।
एदेणत्थेणं किर भण्णदि परघादणामेत्ति।। ३३८ ।।

---

કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુખી જીવને કરે,
કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.

કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,
જે કાંઈ પણ શુભ કે અશુભ તે સર્વને કર્મ જ કરે. ૩૩૪.

કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે, -સઘળું કરે,
તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.

વળી ' પુરુષકર્મ સ્ત્રીને અને સ્ત્રીકર્મ ઈચ્છે પુરુષને '
-એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.

એ રીત ' કર્મ જ કર્મને ઈચ્છે '-કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.

વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,
-એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.

तम्हा ण को वि जीवो वधादओ अत्थि अम्ह उवदेसे।
जम्हा कम्मं चेव हि कम्मं घादेदि इदि भणिदं।। ३३९ ।।
एवं संखुवएसं जे दु परूवेंति एरिसं समणा।
तेसिं पयडी कुव्वदि अप्पा य अकारगा सव्वे।। ३४० ।।
अहवा मण्णसि मज्झं अप्पा अप्पाणमप्पणो कुणदि।
एसो मिच्छसहावो तुम्हं एयं मुणंतस्स।। ३४१ ।।
अप्पा णिच्चोऽसंखेज्जपदेसो देसिदो दु समयम्हि।
ण वि सो सक्कदि तत्तो हीणो अहिओ य कादुं जे।। ३४२ ।।
जीवस्स जीवरूवं वित्थरदो जाण लोगमेत्तं खु।
तत्तो सो किं हीणो अहिओ य कहं कुणदि दव्वं।। ३४३ ।।
अह जाणगो दु भावो णाणसहावेण अच्छदे त्ति मदं।
तम्हा ण वि अप्पा अप्पयं तु सयमप्पणो कुणदि।। ३४४ ।।

---

એ રીત ‘ કર્મ જ કર્મને હણતું ’-કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં. ” ૩૩૯.

એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે ! ૩૪૦.

અથવા તું માને ‘ આતમા મારો કરે નિજ આત્મને ’,
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.

જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.

વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી તે હીન-અધિક બનતો ? કેમ કરતો દ્રવ્યને ? ૩૪૩.

માને તું-‘ જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિર રહે ’,
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.

कर्मभिस्तु अज्ञानी क्रियते ज्ञानी तथैव कर्मभिः।
कर्मभिः स्वाप्यते जागर्यते तथैव कर्मभिः।। ३३२ ।।
कर्मभिः सुखी क्रियते दुःखी क्रियते तथैव कर्मभिः।
कर्मभिश्च मिथ्यात्वं नीयते नीयतेऽसंयमं चैव।। ३३३ ।।
कर्मभिर्भ्राम्यते ऊर्ध्वमधश्चापि तिर्यग्लोकं च।
कर्मभिश्चैव क्रियते शुभाशुभं यावद्यत्किञ्चित्।। ३३४ ।।
यस्मात्कर्म करोति कर्म ददाति हरतीति यत्किञ्चित्।
तस्मात्तु सर्वजीवा अकारका भवन्त्यापन्नाः।। ३३५ ।।
पुरुषः स्त्र्यभिलाषी स्त्रीकर्म च पुरुषमभिलषति।
एषाचार्यपरम्परागतेदृशी तु श्रुतिः।। ३३६ ।।
तस्मान्न कोऽपि जीवोऽब्रह्मचारी त्वस्माकमुपदेशे।
यस्मात्कर्म चैव हि कर्माभिलषतीति भणितम्।। ३३७ ।।

---

**ગાથાર્થઃ**-“ [ कर्मभिः तु ] કર્મો [ अज्ञानी क्रियते ] ( જીવને ) અજ્ઞાની કરે છે [ तथा एव ] તેમ જ [ कर्मभिः ज्ञानी ] કર્મો ( જીવને ) જ્ઞાની કરે છે, [ कर्मभिः स्वाप्यते ] કર્મો સુવાડે છે [ तथा एव ] તેમ જ [ कर्मभिः जागर्यते ] કર્મો જગાડે છે, [ कर्मभिः सुखी क्रियते ] કર્મો સુખી કરે છે [ तथा एव ] તેમ જ [ कर्मभिः दुःखी क्रियते ] કર્મો દુઃખી કરે છે, [ कर्मभिः च मिथ्यात्वं नीयते ] કર્મો મિથ્યાત્વ પમાડે છે [ च एव ] તેમ જ [ असंयमं नीयते ] કર્મો અસંયમ પમાડે છે, [ कर्मभिः ] કર્મો [ उर्ध्वम् अधः च अपि तिर्यग्लोकं च ] ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાં [ भ्राम्यते ] ભમાવે છે, [ यत्किञ्चित् यावत् शुभाशुभं ] જે કાંઈ પણ જેટલું શુભ અશુભ છે તે બધું [ कर्मभिः च एव क्रियते ] કર્મો જ કરે છે. [ यस्मात् ] જેથી [ कर्म करोति ] કર્મ કરે છે, [ कर्म ददाति ] કર્મ આપે છે, [ हरति ] કર્મ હરી લે છે– [ इति यत्किञ्चित् ] એમ જે કાંઈ પણ કરે છે તે કર્મ જ કરે છે, [ तस्मात् तु ] તેથી [ सर्वजीवाः ] સર્વ જીવો [ अकारकाः आपन्नाः भवन्ति ] અકારક ( અકર્તા ) ઠરે છે.

વળી, [ पुरुषः ] પુરુષવેદકર્મ [ स्त्र्यभिलाषी ] સ્ત્રીનું અભિલાષી છે [ च ] અને [ स्त्रीकर्म ] સ્ત્રીવેદકર્મ [ पुरुषम् अभिलषति ] પુરુષની અભિલાષા કરે છે– [ एषा आचार्यपरम्परागता ईदृशी तु श्रुतिः ] એવી આ આચાર્યની પરંપરાથી ઊતરી આવેલી શ્રુતિ છે; [ तस्मात् ] માટે [ अस्माकम् उपदेशे तु ] અમારા ઉપદેશમાં [ कः अपि जीवः ] કોઈ પણ જીવ [ अब्रह्मचारी न ] અબ્રહ્મચારી નથી, [ यस्मात् ] કારણ કે [ कर्म च एव

यस्माद्धन्ति परं परेण हन्यते च सा प्रकृतिः।
एतेनार्थेन किल भण्यते परघातनामेति।। ३३८ ।।
तस्मान्न कोऽपि जीव उपघातकोऽस्त्यस्माकमुपदेशे।
यस्मात्कर्म चैव हि कर्म हन्तीति भणितम्।। ३३९ ।।
एवं साङ्ख्योपदेशं ये तु प्ररूपयन्तीदृशं श्रमणाः।
तेषां प्रकृतिः करोत्यात्मानश्चाकारकाः सर्वे।। ३४० ।।
अथवा मन्यसे ममात्मात्मानमात्मनः करोति।
एष मिथ्यास्वभावः तवैतज्जानतः।। ३४१ ।।
आत्मा नित्योऽसङ्ख्येयप्रदेशो दर्शितस्तु समये।
नापि स शक्यते ततो हीनोऽधिकश्च कर्तु यत्।। ३४२ ।।

---

हि ] કર્મ જ [ कर्म अभिलषति ] કર્મની અભિલાષા કરે છે [ इति भणितम् ] એમ કહ્યું છે.

વળી, [ यस्मात् परं हन्ति ] જે પરને હણે છે [ च ] અને [ परेण हन्यते ] જે પરથી હણાય છે [ सा प्रकृतिः ] તે પ્રકૃતિ છે– [ एतेन अर्थेन किल ] એ અર્થમાં [ परघातनाम इति भण्यते ] પરઘાતનામકર્મ કહેવામાં આવે છે, [ तस्मात् ] તેથી [ अस्माकम् उपदेशे ] અમારા ઉપદેશમાં [ कः अपि जीवः ] કોઈ પણ જીવ [ उपघातकः न अस्ति ] ઉપઘાતક (હણનાર) નથી [ यस्मात् ] કારણ કે [ कर्म च एव हि ] કર્મ જ [ कर्म हन्ति ] કર્મને હણે છે [ इति भणितम् ] એમ કહ્યું છે.”

(આચાર્યભગવાન કહે છે કેઃ–) [ एवं तु ] આ પ્રમાણે [ ईदृशं साङ्ख्योपदेशं ] આવો સાંખ્યમતનો ઉપદેશ [ ये श्रमणाः ] જે શ્રમણો (જૈન મુનિઓ) [ प्ररूपयन्ति ] પ્રરૂપે છે [ तेषां ] તેમના મતમાં [ प्रकृतिः करोति ] પ્રકૃતિ જ કરે છે [ आत्मानः च सर्वे ] અને આત્માઓ તો સર્વે [ अकारकाः ] અકારક છે એમ ઠરે છે!

[ अथवा ] અથવા (કર્તાપણાનો પક્ષ સાધવાને) [ मन्यसे ] જો તું એમ માને કે ‘[ मम आत्मा ] મારો આત્મા [ आत्मनः ] પોતાના [ आत्मानम् ] (દ્રવ્યરૂપ) આત્માને [ करोति ] કરે છે’, [ एतत जानतः तव ] તો એવું જાણનારનો તારો [ एषः मिथ्यास्वभावः ] એ મિથ્યાસ્વભાવ છે (અર્થાત્ એમ જાણવું તે તારો મિથ્યાસ્વભાવ છે); [ यद् ] કારણ કે– [ समये ] સિદ્ધાંતમાં [ आत्मा ] આત્માને [ नित्यः ] નિત્ય, [ असङ्ख्येय–प्रदेशः ] અસંખ્યાત–પ્રદેશી [ दर्शितः तु ] બતાવ્યો છે, [ ततः ] તેનાથી [ सः ] તેને [ हीनः अधिकः च ] હીન–અધિક [ कर्तु न अपि शक्यते ] કરી શકાતો નથી; [ विस्तरतः ]

जीवस्य जीवरूपं विस्तरतो जानीहि लोकमात्रं खलु।
ततः स किं हीनोऽधिको वा कथं करोति द्रव्यम्।। ३४३ ।।
अथ ज्ञायकस्तु भावो ज्ञानस्वभावेन तिष्ठतीति मतम्।
तस्मान्नाप्यात्मात्मानं तु स्वयमात्मनः करोति।। ३४४ ।।

**कर्मैवात्मानमज्ञानिनं करोति, ज्ञानावरणाख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव ज्ञानिनं करोति, ज्ञानावरणाख्यकर्मक्षयोपशममन्तरेण तदनुपपत्तेः। कर्मैव स्वापयति, निद्राख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव जागरयति, निद्राख्यकर्मक्षयोपशममन्तरेण तदनुपपत्तेः। कर्मैव सुखयति, सद्वेद्याख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव दुःखयति, असद्वेद्याख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव मिथ्यादृष्टिं करोति,**

---

વળી વિસ્તારથી પણ [ जीवस्य जीवरूपं ] જીવનું જીવરૂપ [ खलु ] નિશ્ચયથી [ लोकमात्रं जानीहि ] લોકમાત્ર જાણ; [ ततः ] તેનાથી [ किं सः हीनः अधिकः वा ] શું તે હીન અથવા અધિક થાય છે? [ द्रव्यम् कथं करोति ] તો પછી ( આત્મા ) દ્રવ્યને ( અર્થાત્ દ્રવ્યરૂપ આત્માને ) કઈ રીતે કરે છે?

[ अथ ] અથવા જો '[ ज्ञायकः भावः तु ] જ્ઞાયક ભાવ તો [ ज्ञानस्वभावेन तिष्ठति ] જ્ઞાનસ્વભાવે સ્થિત રહે છે' [ इति मतम् ] એમ માનવામાં આવે, [ तस्मात् अपि ] તો એમ પણ [ आत्मा स्वयं ] આત્મા પોતે [ आत्मनः आत्मानं तु ] પોતાના આત્માને [ न करोति ] કરતો નથી એમ ઠરે છે!

( આ રીતે કર્તાપણું સાધવા માટે વિવક્ષા પલટીને જે પક્ષ કહ્યો તે ઘટતો નથી. )

( આ પ્રમાણે, કર્મનો કર્તા કર્મ જ માનવામાં આવે તો સ્યાદ્વાદ સાથે વિરોધ આવે છે; માટે આત્માને અજ્ઞાન-અવસ્થામાં કથંચિત્ પોતાના અજ્ઞાનભાવરૂપ કર્મનો કર્તા માનવો, જેથી સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી. )

**ટીકાઃ-** ( અહીં પૂર્વપક્ષ આ પ્રમાણે છેઃ ) "કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની ( -અજ્ઞાનની ) અનુપપત્તિ છે; કર્મ જ ( આત્માને ) જ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ સુવાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ જગાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ સુખી કરે છે, કારણ કે શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ દુઃખી કરે છે, કારણ કે અશાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ મિથ્યાદ્રષ્ટિ કરે છે,

**मिथ्यात्वकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैवासंयतं करोति, चारित्रमोहाख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैवोर्ध्वाधस्तिर्यग्लोकं भ्रमयति, आनुपूर्व्याख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। अपरमपि यद्यावत्किञ्चिच्छुभाशुभं तत्तावत्सकलमपि कर्मैव करोति, प्रशस्ताप्रशस्तरागाख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। यत एवं समस्तमपि स्वतन्त्र कर्म करोति, कर्म ददाति, कर्म हरति च, ततः सर्व एव जीवाः नित्यमेवैकान्तेनाकर्तार एवेति निश्चिनुमः। किञ्च-श्रुतिरप्येनमर्थमाह; पुंवेदाख्यं कर्म स्त्रियमभिलषति, स्त्रीवेदाख्यं कर्म पुमांसमभिलषति इति वाक्येन कर्मण एव कर्माभिलाषकर्तृत्वसमर्थनेन जीवस्याब्रह्मकर्तृत्वप्रतिषेधात्, तथा यत्परं हन्ति, येन च परेण हन्यते तत्परघातकर्मेति वाक्येन कर्मण एव कर्मघातकर्तृत्वसमर्थनेन जीवस्य घातकर्तृत्वप्रतिषेधाच्च सर्वथैवाकर्तृत्वज्ञापनात्। एवमीदृशं सांख्यसमय स्वप्रज्ञापराधेन सूत्रार्थमबुध्यमानाः केचिच्छ्रमणाभासाः प्ररूपयन्ति; तेषां प्रकृतेरेकान्तेन कर्तृत्वाभ्युपगमेन सर्वेषामेव**

---

કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ અસંયમી કરે છે, કારણ કે ચારિત્રમોહ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્યગ્લોકમાં ભમાવે છે, કારણ કે આનુપૂર્વી નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; બીજું પણ જે કાંઈ પણ જેટલું શુભ-અશુભ છે તે બધુંય કર્મ જ કરે છે, કારણ કે પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે. એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે, કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે, તેથી અમે એમ નિશ્ચય કરીએ છીએ કે-સર્વે જીવો સદાય એકાંતે અકર્તા જ છે. વળી શ્રુતિ (ભગવાનની વાણી, શાસ્ત્ર) પણ એ જ અર્થને કહે છે; કારણ કે, (તે શ્રુતિ) 'પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે અને સ્ત્રીવેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે' એ વાક્યથી કર્મને જ કર્મની અભિલાષાના કર્તાપણાના સમર્થન વડે જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે, તથા 'જે પરને હણે છે અને જે પરથી હણાય છે તે પરઘાતકર્મ છે' એ વાક્યથી કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું હોવાના સમર્થન વડે જીવને ઘાતના કર્તાપણાનો નિષેધ કરે છે, અને એ રીતે (અબ્રહ્મચર્યના તથા ઘાતના કર્તાપણાના નિષેધ દ્વારા) જીવનું સર્વથા જ અકર્તાપણું જણાવે છે."

(આચાર્યદેવ કહે છે કેઃ-) આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના (બુદ્ધિના) અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા કેટલાક *શ્રમણાભાસો પ્રરૂપે છે; તેમની, એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું

---

* શ્રમણાભાસ = મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેવરાવનાર.

**जीवानामेकान्तेनाकर्तृत्वापत्तेः जीवः कर्तेति श्रुतेः कोपो दुःशक्यः परिहर्तुम्। यस्तु कर्म आत्मनोऽज्ञानादिसर्वभावान् पर्यायरूपान् करोति, आत्मा त्वात्मानमेवैकं द्रव्यरूपं करोति, ततो जीवः कर्तेति श्रुतिकोपो न भवतीत्यभिप्रायः स मिथ्यैव। जीवो हि द्रव्यरूपेण तावन्नित्योऽसंख्येयप्रदेशो लोकपरिमाणश्च। तत्र न तावन्नित्यस्य कार्यत्वमुपपन्नं, कृतकत्वनित्यत्वयोरेकत्वविरोधात्। न चावस्थितासंख्येयप्रदेशस्यैकस्य पुद्गलस्कन्धस्येव प्रदेशप्रक्षेपणाकर्षणद्वारेणापि तस्य कार्यत्वं, प्रदेशप्रक्षेपणाकर्षणे सति तस्यैकत्वव्याघातात्। न चापि सकललोकवास्तुविस्तारपरिमितनियतनिजाभोगसंग्रहस्य प्रदेशसङ्कोचनविकाशनद्वारेण तस्य कार्यत्वं, प्रदेशसङ्कोचनविकाशनयोरपि शुष्कार्द्रचर्मवत्प्रतिनियतनिजविस्ताराद्धीनाधिकस्य तस्य कर्तुमशक्यत्वात्। यस्तु वस्तुस्वभावस्य**

---

આવી પડે છે તેથી ‘જીવ કર્તા છે’ એવી જે શ્રુતિ તેનો કોપ ટાળવો અશક્ય થાય છે (અર્થાત્ ભગવાનની વાણીની વિરાધના થાય છે). વળી, ‘કર્મ આત્માના અજ્ઞાનાદિ સર્વ ભાવોને-કે જેઓ પર્યાયરૂપ છે તેમને-કરે છે, અને આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે માટે જીવ કર્તા છે; એ રીતે શ્રુતિનો કોપ થતો નથી’-એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે. (તે સમજાવવામાં આવે છેઃ) જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે, અસંખ્યાત-પ્રદેશી છે અને લોકપરિમાણ છે. તેમાં પ્રથમ, નિત્યનું કાર્યપણું બની શક્તું નથી, કારણ કે કૃતકપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે. (આત્મા નિત્ય છે તેથી તે કૃતક અર્થાત્ કોઈએ કરેલો હોઈ શકે નહિ.) વળી અવસ્થિત અસંખ્ય-પ્રદેશી એક એવા તેને (-આત્માને), પુદ્‌ગલસ્કંધની માફક, પ્રદેશોનાં પ્રક્ષેપણ-આકર્ષણ દ્વારા પણ કાર્યપણું બની શક્તું નથી, કારણ કે પ્રદેશોનું પ્રક્ષેપણ તથા આકર્ષણ થાય તો તેના એકપણાનો વ્યાઘાત થાય. (સ્કંધ અનેક પરમાણુઓનો બનેલો છે, માટે તેમાંથી પરમાણુઓ નીકળી જાય તેમ જ તેમાં પરમાણુઓ આવે; પરંતુ આત્મા નિશ્ચિત અસંખ્ય-પ્રદેશવાળું એક જ દ્રવ્ય હોવાથી તે પોતાના પ્રદેશોને કાઢી નાખી શકે નહિ તેમ જ વધારે પ્રદેશોને લઈ શકે નહિ.) વળી સકળ લોકરૂપી ઘરના વિસ્તારથી પરિમિત જેનો નિશ્ચિત નિજ *વિસ્તાર-સંગ્રહ છે (અર્થાત્ લોક જેટલું જેનું નિશ્ચિત માપ છે) તેને (-આત્માને) પ્રદેશોના સંકોચ-વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શક્તું નથી, કારણ કે પ્રદેશોનાં સંકોચ-વિસ્તાર થવાં છતાં પણ, સૂકા-ભીના ચામડાની માફક, નિશ્ચિત નિજ વિસ્તારને લીધે તેને (-આત્માને) હીન-અધિક કરી શકાતો નથી. (આ રીતે આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શક્તું નથી.) વળી, “વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશક્ય હોવાથી

---

* સંગ્રહ = જથ્થો; મોટપ.

**सर्वथापोढुमशक्यत्वात् ज्ञायको भावो ज्ञानस्वभावेन सर्वदैव तिष्ठति, तथा तिष्ठंश्च ज्ञायककर्तृत्वयोरत्यन्तविरुद्धत्वान्मिथ्यात्वादिभावानां न कर्ता भवति, भवन्ति च मिथ्यात्वादिभावा:, ततस्तेषां कर्मैव कर्तृ प्ररूप्यत इति वासनोन्मेष: स तु नितरामात्मात्मानं करोतीत्यभ्युपगममुपहन्त्येव। ततो ज्ञायकस्य भावस्य सामान्यापेक्षया ज्ञानस्वभावावस्थितत्वेऽपि कर्मजानां मिथ्यात्वादिभावानां ज्ञानसमयेऽनादिज्ञेयज्ञानभेदविज्ञानशून्यत्वात् परमात्मेति जानतो विशेषापेक्षया त्वज्ञानरूपस्य ज्ञानपरिणामस्य करणात्कर्तृत्वमनुमन्तव्यं; तावद्यावत्तदादिज्ञेयज्ञानभेदविज्ञानपूर्णत्वादात्मानमेवात्मेति जानतो विशेषापेक्षयापि ज्ञानरूपेणैव ज्ञानपरिणामेन परिणममानस्य केवलं ज्ञातृत्वात्साक्षादकर्तृत्वं स्यात्।**

---

જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહે છે અને એમ સ્થિત રહેતો થકો, જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી, મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી; અને મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે; તેથી તેમનો કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે”–આવી જે વાસના (અભિપ્રાય, વલણ) પ્રગટ કરવામાં આવે છે તે પણ ‘આત્મા આત્માને કરે છે’ એવી (પૂર્વોક્ત) માન્યતાને અતિશયપણે હણે જ છે (કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).

માટે, જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં, કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી (–અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું (અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું); તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત) થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ), વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો (–જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે–રૂપે જ પરિણમતો થકો), કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.

**ભાવાર્થઃ**–કેટલાક જૈન મુનિઓ પણ સ્યાદ્વાદ–વાણીને બરાબર નહિ સમજીને સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે અને વિવક્ષા પલટીને એમ કહે છે કે–“આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે, કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે; અજ્ઞાન, જ્ઞાન, સૂવું, જાગવું, સુખ, દુઃખ, મિથ્યાત્વ, અસંયમ, ચાર ગતિઓમાં ભ્રમણ–એ બધાંને, તથા જે કાંઈ શુભ–અશુભ ભાવો છે તે બધાયને કર્મ જ કરે છે; જીવ તો અકર્તા છે.” વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે કે–

( शार्दूलविक्रीडित )

**माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः**
**कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः।**
**ऊर्ध्वम् तूद्धतबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं**
**पश्यन्तु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परम्।। २०५ ।।**

---

"વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે અને ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે." આ પ્રમાણે, જેમ સાંખ્યમતી બધુંય પ્રકૃતિનું જ કાર્ય માને છે અને પુરુષને અકર્તા માને છે તેમ, પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું. માટે જિનવાણી તો સ્યાદ્વાદ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે. જિનવાણીના કોપના ભયથી જો તેઓ વિવક્ષા પલટીને એમ કહે કે-"ભાવકર્મનો કર્તા કર્મ છે અને પોતાના આત્માનો (અર્થાત્ પોતાનો) કર્તા આત્મા છે; એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી;" તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે. આત્મા દ્રવ્યે નિત્ય છે, અસંખ્યાત પ્રદેશોવાળો છે, લોકપરિમાણ છે, તેથી તેમાં તો કાંઈ નવીન કરવાનું છે નહિ; અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે; માટે આત્મા તો અકર્તા જ રહ્યો! તો પછી વાણીનો કોપ કઈ રીતે મટયો? માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી તે જ સ્યાદ્વાદનું સાચું માનવું છે. આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છેઃ-

આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે; પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે, અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે, તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે; અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अमी आर्हताः अपि ] આ અર્હત્‌ના મતના અનુયાયીઓ અર્થાત્ જૈનો પણ [ पुरुषं ] આત્માને, [ सांख्याः इव ] સાંખ્યમતીઓની જેમ, [ अकर्तारम् मा स्पृशन्तु ] ( સર્વથા ) અકર્તા ન માનો; [ भेद-अवबोधात् अधः ] ભેદજ્ઞાન થયા પહેલાં [ तं किल ] તેને [ सदा ] નિરન્તર [ कर्तारम् कलयन्तु ] કર્તા માનો, [ तु ] અને [ ऊर्ध्वम् ]

( मालिनी )

**क्षणिकमिदमिहैकः कल्पयित्वात्मतत्त्वं**
**निजमनसि विधत्ते कर्तृभोक्त्रोर्विभेदम्।**
**अपहरति विमोहं तस्य नित्यामृतौघैः**
**स्वयमयमभिषिञ्चंश्चिच्चमत्कार एव।। २०६ ।।**

---

ભેદજ્ઞાન થયા પછી [ उद्धत–बोध–धाम–नियतं स्वयं प्रत्यक्षम् एनम् ] ઉદ્ધત *જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને [ च्युत–कर्तृभावम् अचलं एकं परम् ज्ञातारम् ] કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ [ पश्यन्तु ] દેખો.

**ભાવાર્થઃ**-સાંખ્યમતીઓ પુરુષને સર્વથા એકાંતથી અકર્તા, શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે. આવું માનવાથી પુરુષને સંસારના અભાવનો પ્રસંગ આવે છે; અને જો પ્રકૃતિને સંસાર માનવામાં આવે તો તે પણ ઘટતું નથી, કારણ કે પ્રકૃતિ તો જડ છે, તેને સુખદુઃખ આદિનું સંવેદન નથી, તેને સંસાર કેવો? આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે. સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી. માટે સાંખ્યમતીઓ મિથ્યાદ્રષ્ટિ છે; અને જો જૈનો પણ એવું માને તો તેઓ પણ મિથ્યાદ્રષ્ટિ છે. તેથી આચાર્યદેવ ઉપદેશ કરે છે કે-સાંખ્યમતીઓની માફક જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો; જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય ત્યાં સુધી તો તેને રાગાદિકનો-પોતાનાં ચેતનરૂપ ભાવકર્મોનો-કર્તા માનો, અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો. આમ એક જ આત્મામાં કર્તાપણું તથા અકર્તાપણું-એ બન્ને ભાવો વિવક્ષાવશ સિદ્ધ થાય છે. આવો સ્યાદ્વાદ મત જૈનોનો છે; અને વસ્તુસ્વભાવ પણ એવો જ છે, કલ્પના નથી. આવું (સ્યાદ્વાદ અનુસાર) માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે; સર્વથા એકાંત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે. ૨૦૫.

હવેની ગાથાઓમાં, 'કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે' એવું માનનારા ક્ષણિકવાદી બૌદ્ધમતીઓને તેમની સર્વથા એકાંત માન્યતામાં દૂષણ બતાવશે અને સ્યાદ્વાદ અનુસાર જે રીતે વસ્તુસ્વરૂપ અર્થાત્ કર્તાભોક્તાપણું છે તે રીતે કહેશે. તે ગાથાઓની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ इह ] આ જગતમાં [ एकः ] કોઈ એક તો (અર્થાત્ ક્ષણિકવાદી બૌદ્ધમતી તો) [ इदम् आत्मतत्त्वं क्षणिकम् कल्पयित्वा ] આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને [ निज–मनसि ] પોતાના મનમાં [ कर्तृ–भोक्त्रोः विभेदं विधत्ते ] કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે (-અન્ય કર્તા છે અને અન્ય ભોક્તા છે એવું માને છે); [ तस्य विमोहं ]

---

* જ્ઞાનધામ = જ્ઞાનમંદિર; જ્ઞાનપ્રકાશ.

( अनुष्टुभ् )

**वृत्त्यंशभेदतोऽत्यन्तं वृत्तिमन्नाशकल्पनात्।**
**अन्यः करोति भुंक्तेऽन्य इत्येकान्तश्चकास्तु मा।। २०७ ।।**

---

તેના મોહને (અજ્ઞાનને) [ अयम् चित्–चमत्कारः एव स्वयम् ] આ ચૈતન્યચમત્કાર જ પોતે [ नित्य–अमृत–ओघैः ] નિત્યતારૂપ અમૃતના ઓઘ (-સમૂહો) વડે [ अभिषिञ्चन् ] અભિસિંચન કરતો થકો, [ अपहरति ] દૂર કરે છે.

**ભાવાર્થઃ**-ક્ષણિકવાદી કર્તા-ભોક્તામાં ભેદ માને છે, અર્થાત્ પહેલી ક્ષણે જે આત્મા હતો તે બીજી ક્ષણે નથી-એમ માને છે. આચાર્યદેવ કહે છે કે-અમે તેને શું સમજાવીએ? આ ચૈતન્ય જ તેનું અજ્ઞાન દૂર કરશે-કે જે (ચૈતન્ય) અનુભવગોચર નિત્ય છે. પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે 'હું પહેલાં હતો તે જ છું'; આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે. અહીં બૌદ્ધમતી કહે છે કે-'જે પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું' એવું માનવું તે તો અનાદિ અવિદ્યાથી ભ્રમ છે; એ ભ્રમ મટે ત્યારે તત્ત્વ સિદ્ધ થાય, સમસ્ત ક્લેશ મટે. તેનો ઉત્તર આપવામાં આવે છે કે-"હે બૌદ્ધ! તું આ જે દલીલ કરે છે તે આખી દલીલ કરનાર એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે? વળી તારી આખી દલીલ એક જ આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે કે આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે એમ માનીને દલીલ કરે છે? જો અનેક આત્માઓ પલટાઈ જતા હોય તો તારી આખી દલીલ તો કોઈ આત્મા સાંભળતો નથી; તો પછી દલીલ કરવાનું પ્રયોજન શું? * આમ અનેક રીતે વિચારી જોતાં તને જણાશે કે આત્માને ક્ષણિક માનીને પ્રત્યભિજ્ઞાનને ભ્રમ કહી દેવો તે યથાર્થ નથી. માટે એમ સમજવું કે-આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માનવો તે બન્ને ભ્રમ છે, વસ્તુસ્વરૂપ નથી; અમે (જૈનો) કથંચિત્ નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ તે જ સત્યાર્થ છે." ૨૦૬.

ફરી, ક્ષણિકવાદને યુક્તિ વડે નિષેધતું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ वृति–अंश–भेदतः ] વૃત્ત્યંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે [ अत्यन्तं वृत्तिमत्–नाश–कल्पनात् ] 'વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ

---

* જો એમ કહેવામાં આવે કે 'આત્મા તો નાશ પામે છે પણ તે સંસ્કાર મૂક્તો જાય છે' તો તે પણ યથાર્થ નથી; આત્મા નાશ પામે તો આધાર વિના સંસ્કાર કેમ રહી શકે? વળી કદાપિ એક આત્મા સંસ્કાર મૂક્તો જાય, તોપણ તે આત્માના સંસ્કાર બીજા આત્મામાં પેસી જાય એવો નિયમ ન્યાયસંગત નથી.

केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।
जम्हा तम्हा कुव्वदि सो वा अण्णो व णेयंतो।। ३४५ ।।
केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।
जम्हा तम्हा वेददि सो वा अण्णो व णेयंतो।। ३४६ ।।
जो चेव कुणदि सो चिय ण वेदए जस्स एस सिद्धंतो।
सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो।। ३४७ ।।
अण्णो करेदि अण्णो परिभुंजदि जस्स एस सिद्धंतो।
सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो।। ३४८ ।।

कैश्चित्तु पर्यायैर्विनश्यति नैव कैश्चित्तु जीवः।
यस्मात्तस्मात्करोति स वा अन्यो वा नैकान्तः।। ३४५ ।।

---

પામે છે’ એવી કલ્પના દ્વારા [ अन्यः करोति ] ‘અન્ય કરે છે અને [ अन्यः भुंक्ते ] અન્ય ભોગવે છે’ [ इति एकान्तः मा चकास्तु ] એવો એકાંત ન પ્રકાશો.

**ભાવાર્થઃ**–દ્રવ્યની અવસ્થાઓ ક્ષણે ક્ષણે નાશ પામતી હોવાથી બૌદ્ધમતી એમ માને છે કે ‘દ્રવ્ય જ સર્વથા નાશ પામે છે’. આવી એકાંત માન્યતા મિથ્યા છે. જો અવસ્થાવાન પદાર્થનો નાશ થાય તો અવસ્થા કોના આશ્રયે થાય? એ રીતે બન્નેના નાશનો પ્રસંગ આવવાથી શૂન્યનો પ્રસંગ આવે છે. ૨૦૭.

હવે ગાથાઓમાં અનેકાંતને પ્રગટ કરીને ક્ષણિકવાદને સ્પષ્ટ રીતે નિષેધે છેઃ–

પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
તેથી કરે છે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૫.

પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
જીવ તેથી વેદે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૬.

જીવ જે કરે તે ભોગવે નહિ-જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.

જીવ અન્ય કરતો, અન્ય વેદે-જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.

**ગાથાર્થઃ**- [ यस्मात् ] કારણ કે [ जीवः ] જીવ [ कैश्चित् पर्यायैः तु ]

कैश्चित्तु पर्यायैर्विनश्यति नैव कैश्चित्तु जीवः।
यस्मात्तस्माद्वेदयते स वा अन्यो वा नैकान्तः।। ३४६ ।।
यश्चैव करोति य चैव न वेदयते यस्य एष सिद्धान्तः।
स जीवो ज्ञातव्यो मिथ्यादृष्टिरनार्हतः।। ३४७ ।।
अन्यः करोत्यन्यः परिभुंक्ते यस्य एष सिद्धान्तः।
स जीवो ज्ञातव्यो मिथ्यादृष्टिरनार्हतः।। ३४८ ।।

**यतो हि प्रतिसमयं सम्भवदगुरुलधुगुणपरिणामद्वारेण क्षणिकत्वादचलित-चैतन्यान्वयगुणद्वारेण नित्यत्वाच्च जीवः कैश्चित्पर्यायैर्विनश्यति, कैश्चित्तु न विनश्यतीति द्विस्वभावो जीवस्वभावः। ततो य एव करोति स एवान्यो वा वेदयते, य एव**

---

કેટલાક પર્યાયોથી [ विनश्यति ] નાશ પામે છે [ तु ] અને [ कैश्चित् ] કેટલાક પર્યાયોથી [ न एव ] નથી નાશ પામતો, [ तस्मात् ] તેથી [ सः वा करोति ] ‘( જે ભોગવે છે ) તે જ કરે છે’ [ अन्यः वा ] અથવા ‘બીજો જ કરે છે’ [ न एकान्तः ] એવો એકાંત નથી ( –સ્યાદ્વાદ છે ).

[ यस्मात् ] કારણ કે [ जीवः ] જીવ [ कैश्चित् पर्यायैः तु ] કેટલાક પર્યાયોથી [ विनश्यति ] નાશ પામે છે [ तु ] અને [ कैश्चित् ] કેટલાક પર્યાયોથી [ न एव ] નથી નાશ પામતો, [ तस्मात् ] તેથી [ सः वा वेदयते ] ‘( જે કરે છે ) તે જ ભોગવે છે’ [ अन्यः वा ] અથવા ‘બીજો જ ભોગવે છે’ [ न एकान्तः ] એવો એકાંત નથી ( –સ્યાદ્વાદ છે ).

‘[ यः च एव करोति ] જે કરે છે [ सः च एव न वेदयते ] તે જ નથી ભોગવતો’ [ एषः यस्य सिद्धान्तः ] એવો જેનો સિદ્ધાંત છે, [ सः जीवः ] તે જીવ [ मिथ्यादृष्टिः ] મિથ્યાદ્રષ્ટિ, [ अनार्हतः ] અનાર્હત ( –અર્હત્‌ના મતને નહિ માનનારો ) [ ज्ञातव्यः ] જાણવો.

‘[ अन्यः करोति ] બીજો કરે છે [ अन्यः परिभुंक्ते ] અને બીજો ભોગવે છે’ [ एषः यस्य सिद्धान्तः ] એવો જેનો સિદ્ધાંત છે, [ सः जीवः ] તે જીવ [ मिथ्यादृष्टिः ] મિથ્યાદ્રષ્ટિ, [ अनार्हतः ] અનાર્હત ( –અજૈન ) [ सज्ञातव्यः ] જાણવો.

**ટીકાઃ**–જીવ, પ્રતિસમયે સંભવતા ( –દરેક સમયે થતા ) અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય હોવાથી, કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો–એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે; તેથી ‘જે કરે છે તે જ ભોગવે છે’

**वेदयते स एवान्यो वा करोतीति नास्त्येकान्तः। एवमनेकान्तेऽपि यस्तत्क्षणवर्तमानस्यैव परमार्थसत्त्वेन वस्तुत्वमिति वस्त्वंशेऽपि वस्तुत्वमध्यास्य शुद्धनयलोभादृजुसूत्रैकान्ते स्थित्वा य एव करोति स एव न वेदयते, अन्यः करोति अन्यो वेदयते इति पश्यति स मिथ्यादृष्टिरेव द्रष्टव्यः, क्षणिकत्वेऽपि वृत्त्यंशानां वृत्तिमतश्चैतन्यचमत्कारस्य टङ्कोत्कीर्णस्यैवान्तःप्रतिभासमानत्वात्।**

---

અથવા 'બીજો જ ભોગવે છે', 'જે ભોગવે છે તે જ કરે છે' અથવા 'બીજો જ કરે છે'–એવો એકાંત નથી. આમ અનેકાંત હોવા છતાં, 'જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ સત્પણું હોવાથી, તે જ વસ્તુ છે' એમ વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને જે એમ દેખે–માને છે કે "જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે", તે જીવ મિથ્યાદ્રષ્ટિ જ દેખવો–માનવો; કારણ કે, વૃત્ત્યંશોનું (પર્યાયોનું) ક્ષણિકપણું હોવા છતાં, વૃત્તિમાન (પર્યાયી) જે ચૈતન્યચમત્કાર (આત્મા) તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.

**ભાવાર્થઃ**–વસ્તુનો સ્વભાવ જિનવાણીમાં દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યો છે; માટે સ્યાદ્વાદથી એવો અનેકાંત સિદ્ધ થાય છે કે પર્યાય–અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય–અપેક્ષાએ નિત્ય છે. જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. તેથી, પર્યાયદ્રષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય; જેમ કે–મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં અને તેનું ફળ દેવાદિપર્યાયે ભોગવ્યું. દ્રવ્યદ્રષ્ટિએ જોવામાં આવે તો, જે કરે છે તે જ ભોગવે છે; જેમ કે–મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં, તે જ જીવદ્રવ્યે દેવાદિ પર્યાયમાં પોતે કરેલાં કર્મનું ફળ ભોગવ્યું.

આ રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતરૂપ સિદ્ધ હોવા છતાં, જે જીવ શુદ્ધનયને સમજ્યા વિના શુદ્ધનયના લોભથી વસ્તુના એક અંશને (–વર્તમાન કાળમાં વર્તતા પર્યાયને) જ વસ્તુ માની ઋજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી એમ માને છે કે 'જે કરે છે તે જ ભોગવતો નથી–અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે જ કરતો નથી–અન્ય કરે છે', તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી; કારણ કે, પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે; પ્રત્યભિજ્ઞાનથી જણાય છે કે 'બાળક અવસ્થામાં જે હું હતો તે જ હું તરુણ અવસ્થામાં હતો અને તે જ હું વૃદ્ધ અવસ્થામાં છું'. આ રીતે જે કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે–સ્વસંવેદનમાં આવે છે અને જેને જિનવાણી પણ એવો જ ગાય છે, તેને જે ન માને તે મિથ્યાદ્રષ્ટિ છે એમ જાણવું.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

( शार्दूलविक्रीडित )

**आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यान्धकैः**
**कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः।**
**चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रे रतै-**
**रात्मा व्युज्झित एष हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः।। २०८ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ आत्मानं परिशुद्धम् ईप्सुभिः परैः अन्धकैः ] આત્માને સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા બીજા કોઈ અંધોએ- [ पृथुकैः ] બાલિશ જનોએ ( બૌદ્ધોએ ) - [ काल–उपाधि–बलात् अपि तत्र अधिकाम् अशुद्धिम् मत्वा ] કાળની ઉપાધિના કારણે પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને [ अतिव्याप्तिं प्रपद्य ] અતિવ્યાપ્તિને પામીને, [ शुद्ध–ऋजुसूत्रे रतैः ] શુદ્ધ ૠજુસૂત્રનયમાં રત થયા થકા [ चैतन्यं क्षणिकं प्रकल्प्य ] ચૈતન્યને ક્ષણિક કલ્પીને, [ अहो एषः आत्मा व्युज्झितः ] આ આત્માને છોડી દીધો; [ निःसूत्र–मुक्ता–ईक्षिभिः हारवत् ] જેમ હારમાંનો દોરો નહિ જોતાં કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ.

**ભાવાર્થઃ-**આત્માને સમસ્તપણે શુદ્ધ માનવાના ઇચ્છક એવા બૌદ્ધોએ વિચાર્યું કે-" આત્માને નિત્ય માનવામાં આવે તો નિત્યમાં કાળની અપેક્ષા આવે છે તેથી ઉપાધિ લાગી જશે; એમ કાળની ઉપાધિ લાગવાથી આત્માને મોટી અશુદ્ધતા આવશે અને તેથી અતિવ્યાપ્તિ દોષ લાગશે. " આ દોષના ભયથી તેઓએ શુદ્ધ ૠજુસૂત્રનયનો વિષય જે વર્તમાન સમય તેટલો જ માત્ર ( -ક્ષણિક જ- ) આત્માને માન્યો અને નિત્યાનિત્યસ્વરૂપ આત્માને ન માન્યો. આમ આત્માને સર્વથા ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ-દ્રવ્યપર્યાયસ્વરૂપ સત્યાર્થ આત્માની પ્રાપ્તિ ન થઈ; માત્ર ક્ષણિક પર્યાયમાં આત્માની કલ્પના થઈ; પરંતુ તે આત્મા સત્યાર્થ નથી.

મોતીના હારમાં, દોરામાં અનેક મોતી પરોવેલાં હોય છે; જે માણસ તે હાર નામની વસ્તુને મોતી તેમ જ દોરા સહિત દેખતો નથી-માત્ર મોતીને જ જુએ છે, તે છૂટા છૂટા મોતીને જ ગ્રહણ કરે છે, હારને છોડી દે છે; અર્થાત્ તેને હારની પ્રાપ્તિ થતી નથી. તેવી રીતે જે જીવો આત્માના એક ચૈતન્યભાવને ગ્રહણ કરતા નથી અને સમયે સમયે વર્તનાપરિણામરૂપ ઉપયોગની પ્રવૃત્તિને દેખી આત્માને અનિત્ય કલ્પીને, ૠજુસૂત્રનયનો વિષય જે વર્તમાન-સમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ માત્ર આત્માને માને છે ( અર્થાત્ જે જીવો આત્માને દ્રવ્યપર્યાયરૂપ માનતા નથી-માત્ર ક્ષણિક પર્યાયરૂપ જ માને છે ), તેઓ આત્માને છોડી દે છે; અર્થાત્ તેમને આત્માની પ્રાપ્તિ થતી નથી. ૨૦૮.

હવેના કાવ્યમાં આત્માનો અનુભવ કરવાનું કહે છેઃ-

( शार्दूलविक्रीडित )

**कर्तुर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोऽपि वा**
**कर्ता वेदयिता च मा भवतु वा वस्त्वेव सञ्चिन्त्यताम्।**
**प्रोता सूत्र इवात्मनीह निपुणैर्भेत्तुं न शक्या क्वचि-**
**च्चिच्चिन्तामणिमालिकेयमभितोऽप्येका चकास्त्वेव नः।। २०९ ।।**

( रथोद्धता )

**व्यावहारिकदृशैव केवलं**
**कर्तृ कर्म च विभिन्नमिष्यते।**
**निश्चयेन यदि वस्तु चिन्त्यते**
**कर्तृ कर्म च सदैकमिष्यते।। २१० ।।**

---

**શ્લોકાર્થઃ-** [ कर्तुः च वेदयितुः युक्तिवशतः भेदः अस्तु वा अभेदः अपि ] કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો અથવા અભેદ હો, [ वा कर्ता च वेदयिता मा भवतु ] અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો; [ वस्तु एव सञ्चिन्त्यताम् ] વસ્તુને જ અનુભવો. [ निपुणैः सूत्रे इव इह आत्मनि प्रोता चित्–चिन्तामणि–मालिका क्वचित् भेत्तुं न शक्या ] જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી, તેમ આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા પણ કદી કોઈથી ભેદી શકાતી નથી; [ इयम् एका ] એવી આ આત્મારૂપી માળા એક જ, [ नः अभितः अपि चकास्तु एव ] અમને સમસ્તપણે પ્રકાશમાન હો ( અર્થાત્ નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો ).

**ભાવાર્થઃ-**આત્મા વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયાત્મક છે; તેથી તેમાં ચૈતન્યના પરિણમનરૂપ પર્યાયના ભેદોની અપેક્ષાએ તો કર્તા–ભોક્તાનો ભેદ છે અને ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી; એમ ભેદ–અભેદ હો. અથવા ચિન્માત્ર અનુભવનમાં ભેદ–અભેદ શા માટે કહેવો? ( આત્માને ) કર્તા–ભોક્તા જ ન કહેવો, વસ્તુમાત્ર અનુભવ કરવો. જેમ મણિઓની માળામાં મણિઓની અને દોરાની વિવક્ષાથી ભેદ–અભેદ છે પરંતુ માળામાત્ર ગ્રહણ કરતાં ભેદાભેદ–વિકલ્પ નથી, તેમ આત્મામાં પર્યાયોની અને દ્રવ્યની વિવક્ષાથી ભેદ–અભેદ છે પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી. આચાર્ય મહારાજ કહે છે કે–એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો. ૨૦૯.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ केवलं व्यावहारिकदृशा एव कर्तृ च कर्म विभिन्नम् इष्यते ] કેવળ

**जह सिप्पिओ दु कम्मं कुव्वदि ण य सो दु तम्मओ होदि।**
**तह जीवो वि य कम्मं कुव्वदि ण य तम्मओ होदि।। ३४९ ।।**
**जह सिप्पिओ दु करणेहिं कुव्वदि ण सो दु तम्मओ होदि।**
**तह जीवो करणेहिं कुव्वदि ण य तम्मओ होदि।। ३५० ।।**
**जह सिप्पिओ दु करणाणि गिण्हदि ण सो दु तम्मओ होदि।**
**तह जीवो करणाणि दु गिण्हदि ण य तम्मओ होदि।। ३५१ ।।**
**जह सिप्पि दु कम्मफलं भुंजदि ण य सो दु तम्मओ होदि।**
**तह जीवो कम्मफलं भुंजदि ण य तम्मओ होदि।। ३५२ ।।**
**एवं ववहारस्स दु वत्तव्वं दरिसणं समासेण।**
**सुणु णिच्छयस्स वयणं परिणामकदं तु जं होदि।। ३५३ ।।**

---

વ્યાવહારિક દ્રષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે; [ निश्चयेन यदि वस्तु चिन्त्यते ] નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે, [ कर्तृ च कर्म सदा एकम् इष्यते ] તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે.

**ભાવાર્થઃ**-કેવળ વ્યવહાર-દ્રષ્ટિથી જ ભિન્ન દ્રવ્યોમાં કર્તા-કર્મપણું ગણવામાં આવે છે; નિશ્ચય-દ્રષ્ટિથી તો એક જ દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે. ૨૧૦.

હવે આ કથનને દ્રષ્ટાંત દ્વારા ગાથામાં કહે છેઃ-

**જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯.**

**જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્યમ બને. ૩૫૦.**

**જ્યમ શિલ્પી કરણ ગ્રહે પરંતુ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧.**

**શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨.**

**-એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;**
**સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.**

**जह सिप्पिओ दु चेट्ठं कुव्वदि हवदि य तहा अणण्णो से।**
**तह जीवो वि य कम्मं कुव्वदि हवदि य अणण्णो से।। ३५४ ।।**
**जह चेट्ठं कुव्वंतो दु सिप्पिओ णिच्चदुक्खिओ होदि।**
**तत्तो सिया अणण्णो तह चेट्ठंतो दुही जीवो।। ३५५ ।।**

यथा शिल्पिकस्तु कर्म करोति न च स तु तन्मयो भवति।
तथा जीवोऽपि च कर्म करोति न च तन्मयो भवति।। ३४९ ।।
यथा शिल्पिकस्तु करणैः करोति न च स तु तन्मयो भवति।
तथा जीवः करणैः करोति न च तन्मयो भवति।। ३५० ।।
यथा शिल्पिकस्तु करणानि गृह्णाति न च स तु तन्मयो भवति।
तथा जीवः करणानि तु गृह्णाति न च तन्मयो भवति।। ३५१ ।।

---

**શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,**
**ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.**

**ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે.**
**ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટમાન દુખી બને. ૩૫૫.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી (-સોની આદિ કારીગર) [ कर्म ] કુંડળ આદિ કર્મ [ करोति ] કરે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય (તે-મય, કુંડળાદિમય) થતો નથી, [ तथा ] તેમ [ जीवः अपि च ] જીવ પણ [ कर्म ] પુણ્યપાપ આદિ પુદ્ગલકર્મ [ करोति ] કરે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (પુદ્ગલકર્મમય) થતો નથી. [ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી [ करणैः ] હથોડા આદિ કરણો વડે [ करोति ] (કર્મ) કરે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય (હથોડા આદિ કરણોમય) થતો નથી, [ तथा ] તેમ [ जीवः ] જીવ [ करणैः ] (મન-વચન-કાયરૂપ) કરણો વડે [ करोति ] (કર્મ) કરે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (મન-વચન-કાયરૂપ કરણોમય) થતો નથી. [ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી [ करणानि ] કરણોને [ गृह्णाति ] ગ્રહણ કરે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય થતો નથી, [ तथा ] તેમ [ जीवः ] જીવ [ करणानि तु ] કરણોને [ गृह्णाति ] ગ્રહણ કરે છે [ न च तन्मयः भवति ] પરંતુ

यथा शिल्पी तु कर्मफलं भुंक्ते न च स तु तन्मयो भवति।
तथा जीवः कर्मफलं भुंक्त न च तन्मयो भवति।। ३५२ ।।
एवं व्यवहारस्य तु वक्तव्यं दर्शनं समासेन।
शृणु निश्चयस्य वचनं परिणामकृतं तु यद्भवति।। ३५३ ।।
यथा शिल्पिकस्तु चेष्टां करोति भवति च तथानन्यस्तस्याः।
तथा जीवोऽपि च कर्म करोति भवति चानन्यस्तस्मात्।। ३५४ ।।
यथा चेष्टां कुर्वाणस्तु शिल्पिको नित्यदुःखितो भवति।
तस्माच्च स्यादनन्यस्तथा चेष्टमानो दुःखी जीवः।। ३५५ ।।

**यथा खलु शिल्पी सुवर्णकारादिः कुण्डलादिपरद्रव्यपरिणामात्मकं कर्म करोति,**

---

તન્મય (કરણોમય) થતો નથી. [ यथा ] જેમ [ शिल्पी तु ] શિલ્પી [ कर्मफलं ] કુંડળ આદિ કર્મના ફળને (ખાનપાન આદિને) [ भुंक्ते ] ભોગવે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય (ખાનપાનાદિમય) થતો નથી, [ तथा ] તેમ [ जीवः ] જીવ [ कर्मफलं ] પુણ્યપાપાદિ પુદ્‌ગલકર્મના ફળને (પુદ્‌ગલપરિણામરૂપ સુખદુઃખાદિને) [ भुंक्ते ] ભોગવે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (પુદ્‌ગલપરિણામરૂપ સુખદુઃખાદિમય) થતો નથી.

[ एवं तु ] એ રીતે તો [ व्यवहारस्य दर्शनं ] વ્યવહારનો મત [ समासेन ] સંક્ષેપથી [ वक्तव्यम् ] કહેવાયોગ્ય છે. [ निश्चयस्य वचनं ] (હવે) નિશ્ચયનું વચન [ शृण ] સાંભળ [ यत् ] કે જે [ परिणामकृतं तु भवति ] પરિણામવિષયક છે.

[ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી [ चेष्टां करोति ] ચેષ્ટારૂપ કર્મને (પોતાના પરિણામરૂપ કર્મને) કરે છે [ तथा च ] અને [ तस्याः अनन्यः भवति ] તેનાથી અનન્ય છે, [ तथा ] તેમ [ जीवः अपि च ] જીવ પણ [ कर्म करोति ] (પોતાના પરિણામરૂપ) કર્મને કરે છે [ च ] અને [ तस्मात् अनन्यः भवति ] તેનાથી અનન્ય છે. [ यथा ] જેમ [ चेष्टां कुर्वाणः ] ચેષ્ટારૂપ કર્મ કરતો [ शिल्पिकः तु ] શિલ્પી [ नित्यदुःखितः भवति ] નિત્ય દુઃખી થાય છે [ तस्मात् च ] અને તેનાથી (દુઃખથી) [ अनन्यः स्यात् ] અનન્ય છે, [ तथा ] તેમ [ चेष्टमानः ] ચેષ્ટા કરતો (પોતાના પરિણામરૂપ કર્મને કરતો) [ जीवः ] જીવ [ दुःखी ] દુઃખી થાય છે (અને દુઃખથી અનન્ય છે).

**ટીકાઃ**-જેવી રીતે-શિલ્પી અર્થાત્ સોની આદિ કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, હથોડા આદિ જે

**हस्तकुट्टकादिभिः परद्रव्यपरिणामात्मकैः करणैः करोति, हस्तकुट्टकादीनि परद्रव्यपरिणामात्मकानि करणानि गृह्णाति, ग्रामादिपरद्रव्यपरिणामात्मकं कुण्डलादिकर्मफलं भुंक्ते च, नत्वनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति तन्मयो भवति; ततो निमित्तनैमित्तिकभावमात्रेणैव तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्वव्यवहारः। तथात्मापि पुण्यपापादिपुद्गलद्रव्यपरिणामात्मकं कर्म करोति, कायवाङ्मनोभिः पुद्गलद्रव्यपरिणामात्मकैः करणैः करोति, कायवाङ्मनांसि पुद्गलद्रव्यपरिणामात्मकानि करणानि गृह्णाति, सुखदुःखादिपुद्गलद्रव्यपरिणामात्मकं पुण्यपापादिकर्मफलं भुंक्ते च, नत्वनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति तन्मयो भवति; ततो निमित्तनैमित्तिकभावमात्रेणैव तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्वव्यवहारः। यथा च स एव शिल्पी चिकीर्षुश्चेष्टारूपमात्मपरिणामात्मकं कर्म करोति, दुःखलक्षणमात्मपरिणामात्मकं चेष्टारूपकर्मफलं भुंक्ते च, एकद्रव्यत्वेन ततोऽनन्यत्वे सति तन्मयश्च भवति; ततः परिणामपरिणामिभावेन तत्रैव कर्तृकर्मभोक्तृभोग्यत्वनिश्चयः। तथात्मापि चिकीर्षुश्चेष्टारूपमात्मपरिणामात्मकं कर्म करोति,**

---

પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ, કરણ આદિથી) અન્ય હોવાથી તન્મય (કર્મકરણાદિમય) થતો નથી; માટે નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે; તેવી રીતે-આત્મા પણ પુણ્યપાપ આદિ જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક (-પુદ્‌ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને પુણ્યપાપ આદિ કર્મનું જે સુખદુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી તન્મય (તે-મય) થતો નથી; માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.

વળી જેવી રીતે-તે જ શિલ્પી, કરવાનો ઇચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ (અર્થાત્ કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને હસ્ત આદિના વ્યાપારરૂપ) એવું જે સ્વપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી તન્મય (કર્મમય ને કર્મફળમય) છે; માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે; તેવી રીતે-આત્મા પણ, કરવાનો ઇચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ (-રાગાદિપરિણામરૂપ અને

**दु:खलक्षणमात्मपरिणामात्मकं चेष्टारूपकर्मफलं भुंक्ते च, एकद्रव्यत्वेन ततोऽनन्यत्वे सति तन्मयश्च भवति; तत: परिणामपरिणामिभावेन तत्रैव कर्तृकर्मभोक्तृभोग्यत्वनिश्चय:।**

( नर्दटक )

**ननु परिणाम एव किल कर्म विनिश्चयत:**
**स भवति नापरस्य परिणामिन एव भवेत्।**
**न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया**
**स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव तत:।। २११ ।।**

( पृथ्वी )

**बहिर्लुठति यद्यपि स्फुटदनन्तशक्ति: स्वयं**
**तथाप्यपरवस्तुनो विशति नान्यवस्त्वन्तरम्।**
**स्वभावनियतं यत: सकलमेव वस्त्विष्यते**
**स्वभावचलनाकुल: किमिह मोहित: क्लिश्यते।। २१२ ।।**

---

પ્રદેશોના વ્યાપારરૂપ ) એવું જે આત્મપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું આત્મપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી અનન્ય હોવાથી તન્મય ( તે-મય ) છે; માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ ननु परिणामः एव किल विनिश्चयतः कर्म ] ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે, અને [ सः परिणामिनः एव भवेत्, अपरस्य न भवति ] પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ ( કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે, અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો ); [ इह कर्म कर्तृशून्यम् न भवति ] વળી કર્મ કર્તા વિના હોતું નથી, [ च वस्तुनः एकतया स्थितिः इह न ] તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ ( અર્થાત્ કૂટસ્થ સ્થિતિ ) હોતી નથી ( કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે ); [ ततः तद् एव कर्तृ भवतु ] માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે ( -એ નિશ્ચય-સિદ્ધાંત છે ). ૨૧૧.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ स्वयं स्फुटत्-अनन्त-शक्तिः ] જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ [ बहिः यद्यपि लुठति ] અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે

(रथोद्धता)

**वस्तु चैकमिह नान्यवस्तुनो**
**येन तेन खलु वस्तु वस्तु तत्।**
**निश्चयोऽयमपरोऽपरस्य कः**
**किं करोति हि बहिर्लुठन्नपि।। २१३ ।।**

---

[ तथापि अन्य–वस्तु अपरवस्तुनः अन्तरम् न विशति ] તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી, [ यतः सकलम् एव वस्तु स्वभाव–नियतम् इष्यते ] કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે એમ માનવામાં આવે છે. (આચાર્યદેવ કહે છે કે– ) [ इह ] આમ હોવા છતાં, [ मोहितः ] મોહિત જીવ, [ स्वभाव–चलन–आकुलः ] પોતાના સ્વભાવથી ચલિત થઈને આકુળ થતો થકો, [ किम् क्लिश्यते ] શા માટે કલેશ પામે છે?

**ભાવાર્થઃ**-વસ્તુસ્વભાવ તો નિયમરૂપે એવો છે કે કોઈ વસ્તુમાં કોઈ વસ્તુ મળે નહિ. આમ હોવા છતાં, આ મોહી પ્રાણી, 'પરજ્ઞેયો સાથે પોતાને પારમાર્થિક સંબંધ છે' એમ માનીને, કલેશ પામે છે, તે મોટું અજ્ઞાન છે. ૨૧૨.

ફરી આગળની ગાથાઓની સૂચનારૂપે બીજું કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ**- [ इह च ] આ લોકમાં [ येन एकम् वस्तु अन्यवस्तुनः न ] એક વસ્તુ અન્ય વસ્તુની નથી, [ तेन खलु वस्तु तत् वस्तु ] તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે– [ अयम् निश्चयः ] એ નિશ્ચય છે. [ कः अपरः ] આમ હોવાથી કોઈ અન્ય વસ્તુ [ अपरस्य बहिः लुठन् अपि हि ] અન્ય વસ્તુની બહાર લોટતાં છતાં [ किं करोति ] તેને શું કરી શકે?

**ભાવાર્થઃ**-વસ્તુનો સ્વભાવ તો એવો છે કે એક વસ્તુ અન્ય વસ્તુને પલટાવી ન શકે. જો એમ ન હોય તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે. આમ જ્યાં એક વસ્તુ અન્યને પરિણમાવી શક્તી નથી ત્યાં એક વસ્તુએ અન્યને શું કર્યું? કાંઈ ન કર્યું. ચેતન-વસ્તુ સાથે એકક્ષેત્રાવગાહરૂપે પુદ્ગલો રહેલાં છે તોપણ ચેતનને જડ કરીને પોતારૂપે તો પરિણમાવી શક્યાં નહિ; તો પછી પુદ્ગલે ચેતનને શું કર્યું? કાંઈ ન કર્યું.

આ ઉપરથી એમ સમજવું કે-વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધ હોવા છતાં પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ કરતાં નથી અને જ્ઞાયક પરદ્રવ્યોને કાંઈ કરતો નથી. ૨૧૩.

હવે, એ જ અર્થને દઢ કરતું ત્રીજું કાવ્ય કહે છેઃ–

( रथोद्धता )

**यत्तु वस्तु कुरुतेऽन्यवस्तुनः**
**किञ्चनापि परिणामिनः स्वयम्।**
**व्यावहारिकदृशैव तन्मतं**
**नान्यदस्ति किमपीह निश्चयात्।। २१४ ।।**

**जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।**
**तह जाणगो दु ण परस्स जाणगो जाणगो सो दु।। ३५६ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ वस्तु ] એક વસ્તુ [ स्वयम् परिणामिनः अन्य–वस्तुनः ] સ્વયં પરિણમતી અન્ય વસ્તુને [ किञ्चन अपि कुरुते ] કાંઈ પણ કરી શકે છે- [ यत् तु ] એમ જે માનવામાં આવે છે, [ तत् व्यावहारिक–दृशा एव मतम् ] તે વ્યવહારદ્રષ્ટિથી જ માનવામાં આવે છે. [ निश्चयात् ] નિશ્ચયથી [ इह अन्यत् किम् अपि न अस्ति ] આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી ( અર્થાત્ એક વસ્તુને અન્ય વસ્તુ સાથે કાંઈ પણ સંબંધ નથી ).

**ભાવાર્થઃ-**એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને એમ કહેવું કે 'અન્ય દ્રવ્યે આ કર્યું', તે વ્યવહારનયની દ્રષ્ટિથી જ છે; નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી. વસ્તુના પર્યાયસ્વભાવને લીધે વસ્તુનું પોતાનું જ એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ પરિણમન થાય છે; તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શક્તી નથી.

આ ઉપરથી એમ સમજવું કે-પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે અને જ્ઞાયક આત્મા પોતાના ભાવે પરિણમે છે; તેઓ એકબીજાને પરસ્પર કાંઈ કરી શક્તા નથી. માટે 'જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે' એમ વ્યવહારથી જ માનવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે. ૨૧૪.

('ખડી તો ખડી જ છે'-એ નિશ્ચય છે; 'ખડી-સ્વભાવે પરિણમતી ખડી ભીંત-સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે' એમ કહેવું તે પણ વ્યવહારકથન છે. તેવી રીતે 'જ્ઞાયક તો જ્ઞાયક જ છે'-એ નિશ્ચય છે; 'જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવાં પરદ્રવ્યોને જાણે છે' એમ કહેવું તે પણ વ્યવહારકથન છે.) આવા નિશ્ચય-વ્યવહાર કથનને હવે ગાથાઓમાં દ્રષ્ટાંત દ્વારા સ્પષ્ટ કહે છેઃ-

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.**

जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह पासगो दु ण परस्स पासगो पासगो सो दु।। ३५७ ।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह संजदो दु ण परस्स संजदो संजदो सो दु।। ३५८ ।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह दंसणं दु ण परस्स दंसणं दंसणं तं तु।। ३५९ ।।
एवं तु णिच्छयणयस्स भासिदं णाणदंसणचरित्ते।
सुणु ववहारणयस्स य वत्तव्वं से समासेण।। ३६० ।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं जाणदि णादा वि सएण भावेण।। ३६१ ।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं पस्सदि जीवो वि सएण भावेण।। ३६२ ।।

---

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯.

એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;
સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.

जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं विजहदि णादा वि सएण भावेण।। ३६३ ।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं सद्दहदि सम्मदिट्ठी सहावेण।। ३६४ ।।
एवं ववहारस्स दु विणिच्छओ णाणदंसणचरित्ते।
भणिदो अण्णेसु वि पज्जएसु एमेव णादव्वो।। ३६५ ।।

यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा ज्ञायकवस्तु न परस्य ज्ञायको ज्ञायकः स तु।। ३५६ ।।
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा दर्शकस्तु न परस्य दर्शको दर्शकः स तु।। ३५७ ।।
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा संयतस्तु न परस्य संयतः संयतः स तु।। ३५८ ।।

---

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
સુદ્રષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૪.

એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,
ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.

**ગાથાર્થઃ-** (જોકે વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેય-જ્ઞાયક, દ્રશ્ય-દર્શક, ત્યાજ્ય-ત્યાજક ઇત્યાદિ સંબંધ છે, તોપણ નિશ્ચયે તો આ પ્રમાણે છેઃ-) [ यथा ] જેમ [ सेटिका तु ] ખડી [ परस्य न ] પરની (-ભીંત આદિની) નથી, [ सेटिका ] ખડી [ सा च सेटिका भवति ] તે તો ખડી જ છે, [ तथा ] તેમ [ ज्ञायकः तु ] જ્ઞાયક (જાણનારો, આત્મા) [ परस्य न ] પરનો (પરદ્રવ્યનો) નથી, [ ज्ञायकः ] જ્ઞાયક [ सः तु ज्ञायकः ] તે તો જ્ઞાયક જ છે. [ यथा ] જેમ [ सेटिका तु ] ખડી [ परस्य न ] પરની નથી, [ सेटिका ] ખડી [ सा च सेटिका भवति ] તે તો ખડી જ છે, [ तथा ] તેમ [ दर्शकः तु ] દર્શક (દેખનારો આત્મા) [ परस्य न ] પરનો નથી,

**यथा सेटिका तु न परस्स सेटिका सेटिका च सा भवति।**
**तथा दर्शनं तु न परस्य दर्शनं दर्शनं तत्तु।। ३५९ ।।**
**एवं तु निश्चयनयस्य भाषितं ज्ञायदर्शनचरित्रे।**
**शृणु व्यवहारनयस्य च वक्तव्यं तस्य समासेन।। ३६० ।।**
**यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।**
**तथा परद्रव्यं जानाति ज्ञातापि स्वकेन भावेन।। ३६१ ।।**
**यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।**
**तथा परद्रव्यं पश्यति जीवोऽपि स्वकेन भावेन।। ३६२ ।।**
**यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।**
**तथा परद्रव्यं विजहाति ज्ञातापि स्वकेन भावेन।। ३६३ ।।**
**यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।**
**तथा परद्रव्यं श्रद्धत्ते सम्यग्दृष्टिः स्वभावेन।। ३६४ ।।**

---

[ दर्शकः ] દર્શક [ सः तु दर्शकः ] તે તો દર્શક જ છે. [ यथा ] જેમ [ सेटिका तु ] ખડી [ परस्य न ] પરની (–ભીંત આદિની) નથી, [ सेटिका ] ખડી [ सा च सेटिका भवति ] તે તો ખડી જ છે, [ तथा ] તેમ [ संयतः तु ] સંયત (ત્યાગ કરનારો, આત્મા) [ परस्य न ] પરનો (–પરદ્રવ્યનો) નથી, [ संयतः ] સંયત [ सः तु संयतः ] તે તો સંયત જ છે. [ यथा ] જેમ [ सेटिका तु ] ખડી [ परस्य न ] પરની નથી, [ सेटिका ] ખડી [ सा च सेटिका भवति ] તે તો ખડી જ છે, [ तथा ] તેમ [ दर्शनं तु ] દર્શન અર્થાત્ શ્રદ્ધાન [ परस्य न ] પરનું નથી, [ दर्शनं तत् तु दर्शनम् ] દર્શન તે તો દર્શન જ છે અર્થાત્ શ્રદ્ધાન તે તો શ્રદ્ધાન જ છે.

[ एवं तु ] એ પ્રમાણે [ ज्ञानदर्शनचरित्रे ] જ્ઞાન–દર્શન–ચારિત્ર વિષે [ निश्चयनयस्य भाषितम् ] નિશ્ચયનયનું કથન છે. [ तस्य च ] વળી તે વિષે [ समासेन ] સંક્ષેપથી [ व्यवहारनयस्य वक्तव्यं ] વ્યવહારનયનું કથન [ शृणु ] સાંભળ.

[ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] (ભીંત આદિ) પરદ્રવ્યને [ सेटियति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ ज्ञाता अपि ] જ્ઞાતા પણ [ स्वकेन् भावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ जानाति ] જાણે છે. [ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ सेटयति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ जीवः अपि ] જીવ પણ [ स्वकेन भावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ पश्यति ] દેખે છે. [ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ]

एवं व्यवहारस्य तु विनिश्चयो ज्ञानदर्शनचरित्रे।
भणितोऽन्येष्वपि पर्यायेषु एवमेव ज्ञातव्यः।। ३६५ ।।

**सेटिकात्र तावच्छ्वेतगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण श्वैत्यं कुड्यादिपरद्रव्यम्। अथात्र कुड्यादेः परद्रव्यस्य श्वैत्यस्य श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि सेटिका कुड्यादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति, यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति सेटिका -कुड्यादेर्भवन्ती कुड्यादिरेव भवेत्; एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति सेटिका -- कुड्यादेः। यदि न भवतिसेटिका कुड्यादेस्तर्हि कस्य सेटिका भवति ? सेटिकाया एव सेटिका भवति। ननु**

---

પરદ્રવ્યને [ सेटयति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ ज्ञाता अपि ] જ્ઞાતા પણ [ स्वकेन भावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ विजहाति ] ત્યાગે છે. [ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ सेटयति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિ [ स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ श्रद्धत्ते ] શ્રદ્ધે છે. [ एवं तु ] આ પ્રમાણે [ ज्ञानदर्शनचरित्रे ] જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે [ व्यवहारनयस्य विनिश्चयः ] વ્યવહારનયનો નિર્ણય [ भणितः ] કહ્યો; [ अन्येषु पर्यायेषु अपि ] બીજા પર્યાયો વિષે પણ [ एवम् एव ज्ञातव्यः ] એ રીતે જ જાણવો.

**ટીકાઃ**-આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે ( અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે ). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી ?'-એમ તે બન્નેનો તાત્ત્વિક ( પારમાર્થિક ) સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ-જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે ( -જુદું દ્રવ્ય નથી ); '-આવો તાત્ત્વિક સંબંધ જીવંત ( અર્થાત્ વિદ્યમાન ) હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય ( અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ, ભીંત-આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ ( નાશ ) થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે ( એ સિદ્ધ થયું કે ) ખડી ભીંત-આદિની નથી. ( આગળ વિચારીએઃ ) જો ખડી ભીંત-આદિની નથી, તો ખડી કોની છે ? ખડીની જ ખડી

**कतराऽन्या सेटिका सेटिकायाः यस्याः सेटिका भवति? न खल्वन्या सेटिका सेटिकायाः किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि सेटिका, सेटिका सेटिकैवेति निश्चयः। यथायं दृष्टान्तस्तथायं दार्ष्टान्तिकः-चेतयितात्र तावद् ज्ञानगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण ज्ञेयं पुद्गलादिपरद्रव्यम्। अथात्र पुद्गलादेः परद्रव्यस्य ज्ञेयस्य ज्ञायकश्चेतयिता किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि चेतयिता पुद्गलादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत्; एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति चेतयिता पुद्गलादेः। यदि न भवति चेतयिता पुद्गलादेस्तर्हि कस्य चेतयिता भवति? चेतयितुरेव चेतयिता भवति। ननु कतरोऽन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति? न खल्वन्यश्चेतयिता चेतयितुः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ।**

---

છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. (એ પ્રમાણે દૃષ્ટાંત કહ્યું.) જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છેઃ-આ જગતમાં ચેતયિતા (ચેતનારો અર્થાત્ આત્મા) છે તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે, હવે, 'જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ-જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી, ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી. (આગળ વિચારીએઃ) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,

**किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण ? न किमपि। तर्हि न कस्यापि ज्ञायकः, ज्ञायको ज्ञायक एवेति निश्चयः।**

**किञ्च सेटिकात्र तावच्छ्वेतगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण श्वैत्यं कुड्यादिपरद्रव्यम्। अथात्र कुड्यादेः परद्रव्यस्य श्वैत्यस्य श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि सेटिका कुड्यादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति सेटिका कुड्यादेर्भवन्ती कुड्यादिरेव भवेत्; एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति सेटिका - कुड्यादेः। यदि न भवति सेटिका कुड्यादेस्तर्हि कस्य सेटिका भवति ? सेटिकाया एव सेटिका भवति। ननु कतराऽन्या**

---

પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી જ્ઞાયક કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કેઃ 'આત્મા પરદ્રવ્યને જાણે છે'-એ વ્યવહારકથન છે; 'આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'જ્ઞાયક જ્ઞાયક જ છે'-એ નિશ્ચય છે.)

વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દ્રષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે દર્શક વિષે કહેવામાં આવે છેઃ-આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ-જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિની જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના પરદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએઃ) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી

**सेटिका सेटिकायाः यस्याः सेटिका भवति? न खल्वन्या सेटिका सेटिकायाः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि सेटिका, सेटिका सेटिकैवेति निश्चयः। यथायं दृष्टान्तस्तथायं दार्ष्टान्तिकः- चेतयितात्र तावद्दर्शनगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण दृश्यं पुद्गलादिपरद्रव्यम्। अथात्र पुद्गलादेः परद्रव्यस्य दृश्यस्य दर्शकश्चेतयिता किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि चेतयिता पुद्गलादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत्; एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति चेतयिता पुद्गलादेः। यदि न भवति चेतयिता पुद्गलादेस्तर्हि कस्य चेतयिता भवति? चेतयितुरेव चेतयिता भवति। ननु कतरोऽन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति? न खल्वन्यश्चेतयिता चेतयितुः, किन्तु स्वस्वाम्यंशा-**

---

એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જાુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છેઃ-આ જગતમાં ચેતયિતા છે તે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દૃશ્ય છે. હવે, 'દર્શક (દેખનારો અથવા શ્રદ્ધનારો) ચેતયિતા, દૃશ્ય (દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ-જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ). એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી. (આગળ વિચારીએઃ) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જાુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ

**वेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण ? न किमपि। तर्हि न कस्यापि दर्शकः, दर्शको दर्शक एवेति निश्चयः।**

**अपि च सेटिकात्र तावच्छ्वेतगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण श्वैत्यं कुड्यादिपरद्रव्यम्। अथात्र कुड्यादेः परद्रव्यस्य श्वैत्यस्य श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि सेटिका कुड्यादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति सेटिका कुड्यादेर्भवन्ती कुड्यादिरेव भवेत्, एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति सेटिका - कुड्यादेः। यदि न भवति सेटिका कुड्यादेस्तर्हि कस्य सेटिका भवति ? सेटिकाया एव सेटिका भवति। ननु कतराऽन्या सेटिका सेटिकाया यस्याः सेटिका भवति ? न खल्वन्या सेटिका**

---

અંશો જ છે, અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી દર્શક કોઈનો નથી, દર્શક દર્શક જ છે-એ નિશ્ચય છે.

( આ રીતે અહીં એમ બતાવ્યું કેઃ 'આત્મા પરદ્રવ્યને દેખે છે અથવા શ્રદ્ધે છે'-એ વ્યવહારકથન છે; 'આત્મા પોતાને દેખે છે અથવા શ્રદ્ધે છે'-એમ કહેવામાં પર સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'દર્શક દર્શક જ છે, -એ નિશ્ચય છે. )

વળી ( જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું ) એવી જ રીતે અપોહક ( ત્યાજક, ત્યાગ કરનાર ) વિષે કહેવામાં આવે છેઃ-આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે ( અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે ). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ- જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય ( અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે ( એ સિદ્ધ થયું કે ) ખડી ભીંત-આદિની નથી. ( આગળ વિચારીએઃ ) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. ( આ ) ખડીથી જુદી એવી બીજી કોઈ ખડી છે કે જેની ( આ )

**सेटिकायाः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि सेटिका, सेटिका सेटिकैवेति निश्चयः। यथायं दृष्टान्तस्तथायं दार्ष्टान्तिकः-चेतयितात्र तावद् ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेणापोह्यं पुद्गलादिपरद्रव्यम्। अथात्र पुद्गलादेः परद्रव्यस्यापोह्यस्यापोहकश्चेतयिता किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि चेतयिता पुद्गलादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत्; एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति चेतयिता पुद्गलादेः। यदि न भवति चेतयिता पुद्गलादेस्तर्हि कस्य चेतयिता भवति? चेतयितुरेव चेतयिता भवति। ननु कतरोऽन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति? न खल्वन्यश्चेतयिता चेतयितुः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न**

---

ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છેઃ-આ જગતમાં જે ચેતયિતા છે તે, જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે એવું દ્રવ્ય છે. પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે. હવે, 'અપોહક (ત્યાજક) ચેતયિતા, અપોહ્ય (ત્યાજ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છેઃ-જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએઃ 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી. (આગળ વિચારીએઃ) જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય

**किमपि। तर्हि न कस्याप्यपोहक:, अपोहकोऽपोहक एवेति निश्चय:।**

**अथ व्यवहारव्याख्यानम्-यथा च सैव सेटिका श्वेतगुणनिर्भरस्वभावा स्वयं - कुड्यादिपरद्रव्यस्वभावेनापरिणममाना कुड्यादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन्ती - कुड्यादिपरद्रव्यनिमित्तकेनात्मन: श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना कुड्यादि-परद्रव्यं सेटिकानिमित्तकेनात्मन: स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मन: स्वभावेन श्वेतयतीति व्यवह्रियते, तथा चेतयितापि ज्ञानगुणनिर्भरस्वभाव: स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममान: पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन् पुद्गलादिपरद्रव्यनिमित्तकेनात्मनो ज्ञानगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमान: पुद्गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेनात्मन: स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मन: स्वभावेन जानातीति व्यवह्रियते।**

---

નથી. તો પછી અપોહક (અર્થાત્ ત્યાગ કરનાર) કોઈનો નથી, અપોહક અપોહક જ છે– એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કેઃ 'આત્મા પરદ્રવ્યને અપોહે છે અર્થાત્ ત્યાગે છે'–એ વ્યવહારકથન છે; 'આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે'–એમ કહેવામાં પણ સ્વ–સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'અપોહક અપોહક જ છે'–એ નિશ્ચય છે.)

હવે વ્યવહારનું વ્યાખ્યાન કરવામાં આવે છેઃ–

જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત–આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત–આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત–આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (–ભીંત આદિના–) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત–આદિ પરદ્રવ્યને, પોતાના (–ખડીના–) સ્વભાવથી શ્વેત કરે છે–એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (–પુદ્ગલાદિના–) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના (–ચેતયિતાના–) સ્વભાવથી જાણે છે–એમ વ્યવહાર કરવામાં આવે છે.

**किञ्च-यथा च सैव सेटिका श्वेतगुणनिर्भरस्वभावा स्वयं कुड्यादि-परद्रव्यस्वभावेनापरिणममाना कुड्यादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन्ती कुड्यादि-परद्रव्यनिमित्तकेनात्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना कुड्य ादिपरद्रव्यं सेटिकानिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते, तथा चेतयितापि दर्शनगुणनिर्भरस्वभावः स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन् पुद्गलादिपरद्रव्यनिमित्तकेनात्मनो दर्शनगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमानः पुद्गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन पश्यतीति व्यवह्रियते।**

**अपि च-यथा च सैव सेटिका श्वेतगुणनिर्भरस्वभावा स्वयं कुड्यादि-परद्रव्यस्वभावेनापरिणममाना कुड्यादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन्ती कुड्यादि-परद्रव्यनिमित्तकेनात्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना**

---

વળી (જેવી રીતે જ્ઞાનગુણનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે દર્શનગુણનો વ્યવહાર કહેવામાં આવે છેઃ-જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત-આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના દર્શનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી દેખે છે અથવા શ્રદ્ધે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.

વળી (જેવી રીતે જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છેઃ-જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે

**कुड्यादिपरद्रव्यं सेटिकानिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते, तथा चेतयितापि ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावः स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन् पुद्गलादिपरद्रव्यनिमित्तकेनात्मनो ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावस्य परिणामेनोत्पद्यमानः पुद्गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेनापोहतीति व्यवह्रियते।**

**एवमयमात्मनो ज्ञानदर्शनचारित्रपर्यायाणां निश्चयव्यवहारप्रकारः। एवमेवान्येषां सर्वेषामपि पर्यायाणां द्रष्टव्यः।**

---

ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (–ભીંત–આદિના–) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત–આદિ પરદ્રવ્યને, પોતાના (–ખડીના–) સ્વભાવથી શ્વેત કરે છે–એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે એવો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનદર્શનગુણથી ભરેલા પર–અપોહનાત્મક (–પરના ત્યાગસ્વરૂપ) સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (–પુદ્‌ગલાદિના–) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના (–ચેતયિતાના–) સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે–એમ વ્યવહાર કરવામાં આવે છે.

એ રીતે આ, આત્માના જ્ઞાન–દર્શન–ચારિત્ર પર્યાયોનો નિશ્ચય–વ્યવહાર પ્રકાર છે. એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો નિશ્ચય–વ્યવહાર પ્રકાર સમજવો.

**ભાવાર્થઃ**–શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે. તેના પરિણામ જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવૃત્ત થવું ઇત્યાદિ છે. ત્યાં નિશ્ચયનયથી વિચારવામાં આવે તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો, દર્શક નથી કહી શકાતો, શ્રદ્ધાન કરનારો નથી કહી શકાતો, ત્યાગ કરનારો નથી કહી શકાતો; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી. જે જ્ઞાન, દર્શન, શ્રદ્ધાન, ત્યાગ ઇત્યાદિ ભાવો છે, તે પોતે જ છે; ભાવ–ભાવકનો ભેદ કહેવો તે પણ વ્યવહાર છે. નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી.

હવે વ્યવહારનય વિષે. વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા, દ્રષ્ટા, શ્રદ્ધા કરનાર, ત્યાગ કરનાર કહેવામાં આવે છે; કારણ કે પરદ્રવ્યને અને આત્માને

( शार्दूलविक्रीडित )

**शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो**
**नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यातरं जातुचित्।**
**ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः**
**किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः।। २१५ ।।**

( मन्दाक्रान्ता )

**शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-**
**मन्यद्द्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभावः।**
**ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-**
**र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव।। २१६ ।।**

---

નિમિત્તનૈમિત્તિકભાવ છે. જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી વ્યવહારી જનો કહે છે કે-આત્મા પરદ્રવ્યને જાણે છે, પરદ્રવ્યને દેખે છે, પરદ્રવ્યનું શ્રદ્ધાન કરે છે, પરદ્રવ્યને ત્યાગે છે.

એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારના પ્રકારને જાણી યથાવત્ (જેમ કહ્યું છે તેમ) શ્રદ્ધાન કરવું.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ शुद्ध–द्रव्य–निरूपण–अर्पित–मतेः तत्त्वं समुत्पश्यतः ] જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી-લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે, તે પુરુષને [ एकद्रव्य–गतं किम्–अपि द्रव्य–अन्तरं जातुचित् न चकास्ति ] એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી. [ यत् तु ज्ञानं ज्ञेयम् अवैति तत् अयं शुद्ध–स्वभाव–उदयः ] જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. [ जनाः ] આમ છે તો પછી લોકો [ द्रव्य–अन्तर–चुम्बन–आकुल–धियः ] જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા [ तत्त्वात् ] તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) [ किं च्यवन्ते ] શા માટે ચ્યુત થાય છે?

**ભાવાર્થઃ-**શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને આ લોકો 'જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે' એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે, તે તેમનું અજ્ઞાન છે. તેમના પર કરુણા કરીને આચાર્યદેવ કહે છે કે-આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે? ૨૧૫.

( मन्दाक्रान्ता )

**रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावत्**
**ज्ञानं ज्ञानं भवति न पुनर्बोध्यतां याति बोध्यम्।**
**ज्ञानं ज्ञानं भवतु तदिदं न्यक्कृताज्ञानभावं**
**भावाभावौ भवति तिरयन् येन पूर्णस्वभावः।। २१७ ।।**

---

ફરી આ જ અર્થને દ્રઢ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ शुद्ध–द्रव्य–स्वरस–भवनात् ] શુદ્ધ દ્રવ્યનું ( આત્મા આદિ દ્રવ્યનું ) નિજરસરૂપે ( અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે ) પરિણમન થતું હોવાથી, [ शेषम् अन्यत्–द्रव्यं किं स्वभावस्य भवति ] બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે ( જ્ઞાનાદિ ) સ્વભાવનું થઈ શકે? ( ન જ થઈ શકે. ) [ यदि वा स्वभावः किं तस्य स्यात् ] અથવા શું તે ( જ્ઞાનાદિ સ્વભાવ ) કોઈ અન્યદ્રવ્યનો થઈ શકે? ( ન જ થઈ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી. ) [ ज्योत्स्नारूपं भुवं स्नपयति ] ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે [ भूमिः तस्य न एव अस्ति ] તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી; [ ज्ञानं ज्ञेयं सदा कलयति ] તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે [ ज्ञेयम् अस्य अस्ति न एव ] તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.

**ભાવાર્થઃ-**શુદ્ધનયની દ્રષ્ટિથી જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી. જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી, તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે, પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી. ૨૧૬.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ तावत् राग–द्वेष–द्वयम् उदयते ] ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ ઉદય પામે છે ( -ઉત્પન્ન થાય છે ) [ यावत् एतत् ज्ञानं ज्ञानं न भवति ] કે જ્યાં સુધી આ જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય [ पुनः बोध्यम् बोध्यतां न याति ] અને જ્ઞેય જ્ઞેયપણાને ન પામે. [ तत् इदं ज्ञानं न्यक्कृत–अज्ञानभावं ज्ञानं भवतु ] માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ- [ येन भाव–अभावौ तिरयन् पूर्णस्वभावः भवति ] કે જેથી ભાવ-અભાવને ( રાગ-દ્વેષને ) અટકાવી દેતો પૂર્ણસ્વભાવ ( પ્રગટ ) થાય.

**ભાવાર્થઃ-**જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય, જ્ઞેય જ્ઞેયરૂપ ન થાય, ત્યાં સુધી રાગદ્વેષ ઊપજે છે; માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ, કે જેથી જ્ઞાનમાં જે ભાવ અને અભાવરૂપ બે અવસ્થાઓ થાય છે તે મટી જાય અને જ્ઞાન પૂર્ણસ્વભાવને પામી જાય. એ પ્રાર્થના છે. ૨૧૭.

दंसणणाणचरत्तिं किंचि वि णत्थि दु अचेदणे विसए।
तम्हा कि घादयदे चेदयिदा तेसु विसएसु।। ३६६ ।।
दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे कम्मे।
तम्हा किं घादयदे चेदयिदा तम्हि कम्मम्हि।। ३६७ ।।
दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे काए।
तम्हा किं घादयदे चेदयिदा तेसु काएसु।। ३६८ ।।
णाणस्स दंसणस्स य भणिदो घादो तहा चरित्तस्स।
ण वि तहिं पोग्गलदव्वस्स को वि घादो दु णिद्दिट्ठो।। ३६९ ।।
जीवस्स जे गुणा केइ णत्थि खलु ते परेसु दव्वेसु।
तम्हा सम्मादिट्ठिस्स णत्थि रागो दु विसएसु।। ३७० ।।

---

'જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શનજ્ઞાનચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં નથી' એમ જાણતો હોવાથી સમ્યગ્દ્રષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી; વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે.–આવા અર્થની ગાથાઓ હવે કહે છેઃ–

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં ? ૩૬૬.

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં ? ૩૬૭.

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં ? ૩૬૮.

છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,
ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્ગલદ્રવ્યનો. ૩૬૯.

જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,
તે કારણે વિષયો પ્રતિ સુદ્રષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.

**रागो दासो मोहो जीवस्सेव य अणण्णपरिणामा।**
**एदेण कारणेण दु सद्दादिसु णत्थि रागादी।। ३७१ ।।**

दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने विषये।
तस्मात्किं हन्ति चेतयिता तेषु विषयेषु।। ३६६ ।।
दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने कर्मणि।
तस्मात्किं हन्ति चेतयिता तत्र कर्मणि।। ३६७ ।।
दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने काये।
तस्मात्किं हन्ति चेतयिता तेषु कायेषु।। ३६८ ।।
ज्ञानस्य दर्शनस्य च भणितो घातस्तथा चारित्रस्य।
नापि तत्र पुद्गलद्रव्यस्य कोऽपि घातस्तु निर्दिष्टः।। ३६९ ।।

---

**વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,**
**તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.**

**ગાથાર્થઃ-** [ दर्शनज्ञानचारित्रम् ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ अचेतने विषये तु ] અચેતન વિષયમાં [ किञ्चित् अपि ] જરા પણ [ न अस्ति ] નથી, [ तस्मात् ] તેથી [ चेतयिता ] આત્મા [ तेषु विषयेषु ] તે વિષયોમાં [ किं हन्ति ] શું હણે (અર્થાત્ શાનો ઘાત કરી શકે)?

[ दर्शनज्ञानचारित्रम् ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ अचेतने कर्मणि तु ] અચેતન કર્મમાં [ किञ्चित् अपि ] જરા પણ [ न अस्ति ] નથી, [ तस्मात् ] તેથી [ चेतयिता ] આત્મા [ तत्र कर्मणि ] તે કર્મમાં [ किं हन्ति ] શું હણે? (કાંઈ હણી શક્તો નથી.)

[ दर्शनज्ञानचारित्रम् ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ अचेतने काये तु ] અચેતન કાયામાં [ किञ्चित् अपि ] જરા પણ [ न अस्ति ] નથી, [ तस्मात् ] તેથી [ चेतयिता ] આત્મા [ तेषु कायेषु ] તે કાયાઓમાં [ किं हन्ति ] શું હણે? (કાંઈ હણી શક્તો નથી.)

[ ज्ञानस्य ] જ્ઞાનનો, [ दर्शनस्य च ] દર્શનનો [ तथा चारित्रस्य ] તથા ચારિત્રનો [ घातः भणितः ] ઘાત કહ્યો છે, [ तत्र ] ત્યાં [ पुद्गलद्रव्यस्य ] પુદ્ગલદ્રવ્યનો [ घातः तु ] ઘાત [ कः अपि ] જરા પણ [ न अपि निर्दिष्टः ] કહ્યો નથી. (દર્શન-જ્ઞાન-ચારિત્ર હણાતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી.)

जीवस्य ये गुणाः केचिन्न सन्ति खलु ते परेषु द्रव्येषु।
तस्मात्सम्यग्दृष्टेर्नास्ति रागस्तु विषयेषु।। ३७० ।।
रागो द्वेषो मोहो जीवस्यैव चानन्यपरिणामाः।
एतेन कारणेन तु शब्दादिषु न सन्ति रागादयः।। ३७१ ।।

**यद्धि यत्र भवति तत्तद्घाते हन्यत एव, यथा प्रदीपघाते प्रकाशो हन्यते; यत्र च यद्भवति तत्तद्घाते हन्यत एव, यथा प्रकाशघाते प्रदीपो हन्यते। यत्तु यत्र न भवति तत्तद्घाते न हन्यते, यथा घटघाते घटप्रदीपो न हन्यते; यत्र च यन्न भवति तत्तद्घाते न हन्यते, यथा घटप्रदीपघाते घटो न हन्यते। अथात्मनो धर्मा दर्शनज्ञानचारित्राणि पुद्गलद्रव्यघातेऽपि न हन्यन्ते, न च दर्शनज्ञानचारित्राणां घातेऽपि पुद्गलद्रव्यं हन्यते; एवं दर्शनज्ञानचारित्राणि पुद्गलद्रव्ये न भवन्तीत्यायाति; अन्यथा तद्घाते पुद्गलद्रव्य-**

---

(આ રીતે) [ ये केचित् ] જે કોઈ [ जीवस्य गुणाः ] જીવના ગુણો છે, [ ते खलु ] તે ખરેખર [ परेषु द्रव्येषु ] પર દ્રવ્યોમાં [ न सन्ति ] નથી; [ तस्मात् ] તેથી [ सम्यग्दृष्टेः ] સમ્યગ્દષ્ટિને [ विषयेषु ] વિષયો પ્રત્યે [ रागः तु ] રાગ [ न अस्ति ] નથી.

[ च ] વળી [ रागः द्वेषः मोहः ] રાગ, દ્વેષ અને મોહ [ जीवस्य एव ] જીવના જ [ अनन्यपरिणामाः ] અનન્ય (એકરૂપ) પરિણામ છે, [ एतेन कारणेन तु ] તે કારણે [ रागादयः ] રાગાદિક [ शब्दादिषु ] શબ્દાદિ વિષયોમાં (પણ) [ न सन्ति ] નથી.

(રાગદ્વેષાદિ સમ્યગ્દષ્ટિ આત્મામાં નથી તેમ જ જડ વિષયોમાં નથી, માત્ર અજ્ઞાનદશામાં રહેલા જીવના પરિણામ છે.)

**ટીકાઃ**—ખરેખર જે જેમાં હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધારનો ઘાત થતાં આધેયનો ઘાત થાય જ છે), જેમ દીવાનો ઘાત થતાં (દીવામાં રહેલો) પ્રકાશ હણાય છે; તથા જેમાં જે હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધેયનો ઘાત થતાં આધારનો ઘાત થાય જ છે), જેમ પ્રકાશનો ઘાત થતાં દીવો હણાય છે. વળી જે જેમાં ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટનો ઘાત થતાં *ઘટ-પ્રદીપ હણાતો નથી; તથા જેમાં જે ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટ-પ્રદીપનો ઘાત થતાં ઘટ હણાતો નથી. (એ પ્રમાણે ન્યાય કહ્યો.) હવે, આત્માના ધર્મો—દર્શન, જ્ઞાન અને ચારિત્ર—પુદ્ગલદ્રવ્યનો ઘાત થવા છતાં હણાતા નથી અને દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી (એ તો સ્પષ્ટ છે); માટે એ રીતે 'દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્ગલદ્રવ્યમાં નથી' એમ

---

* ઘટ-પ્રદીપ = ઘડામાં મૂકેલો દીવો. (પરમાર્થે દીવો ઘડામાં નથી, ઘડામાં તો ઘડાના જ ગુણો છે.)

**घातस्य, पुद्गलद्रव्यघाते तद्घातस्य दुर्निवारत्वात्। यत एवं ततो ये यावन्तः केचनापि जीवगुणास्ते सर्वेऽपि परद्रव्येषु न सन्तीति सम्यक् पश्यामः, अन्यथा अत्रापि जीवगुणघाते पुद्गलद्रव्यघातस्य, पुद्गलद्रव्यघाते जीवगुणघातस्य च दुर्निवारत्वात्। यद्येवं तर्हि कुतः सम्यग्दृष्टेर्भवति रागो विषयेषु? न कुतोऽपि। तर्हि रागस्य कतरा खानिः? रागद्वेषमोहा हि जीवस्यैवाज्ञानमयाः परिणामाः, ततः परद्रव्यत्वाद्विषयेषु न सन्ति, अज्ञानाभावात्सम्यग्दृष्टौ तु न भवन्ति। एवं ते विषयेष्वसन्तः सम्यग्दृष्टेर्न भवन्तो, न भवन्त्येव।**

---

ફલિત ( સિદ્ધ ) થાય છે; કારણ કે, જો એમ ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત, અને પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય ( અર્થાત્ અવશ્ય થવો જોઈએ ). આમ છે તેથી જે કોઈ જેટલા જીવના ગુણો છે તે બધાય પરદ્રવ્યોમાં નથી એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ છીએ ( -માનીએ છીએ ); કારણ કે જો એમ ન હોય તો, અહીં પણ જીવના ગુણોનો ઘાત થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત, અને પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં જીવના ગુણોનો ઘાત અનિવાર્ય થાય. ( આ રીતે સિદ્ધ થયું કે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી. )

**( પ્રશ્નઃ- )** જો આમ છે તો સમ્યગ્દૃષ્ટિને વિષયોમાં રાગ કયા કારણે થાય છે? **( ઉત્તરઃ- )** કોઈ પણ કારણે થતો નથી. **( પ્રશ્નઃ- )** તો પછી રાગની કઈ ખાણ છે? **( ઉત્તરઃ- )** રાગ-દ્વેષ-મોહ, જીવના જ અજ્ઞાનમય પરિણામ છે ( અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે ); માટે તે રાગદ્વેષમોહ, વિષયોમાં નથી કારણ કે વિષયો પરદ્રવ્ય છે, અને સમ્યગ્દૃષ્ટિમાં ( પણ ) નથી કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે; આ રીતે રાગદ્વેષમોહ, વિષયોમાં નહિ હોવાથી અને સમ્યગ્દૃષ્ટિને ( પણ ) નહિ હોવાથી, ( તેઓ ) છે જ નહિ.

**ભાવાર્થઃ**-આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગદ્વેષમોહ ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે, પરંતુ તે ગુણો હણાતાં છતાં અચેતન પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી; વળી પુદ્‌ગલદ્રવ્ય હણાતાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી; માટે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી. આવું જાણતા સમ્યગ્દૃષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી. રાગદ્વેષમોહ પુદ્‌ગલદ્રવ્યમાં નથી, જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઊપજે છે; જ્યારે અજ્ઞાનનો અભાવ થાય અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારે તેઓ ઊપજતા નથી. આ રીતે રાગદ્વેષમોહ પુદ્‌ગલમાં નથી તેમ જ સમ્યગ્દૃષ્ટિમાં પણ નથી, તેથી શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જોતાં તેઓ છે જ નહિ. પર્યાયદૃષ્ટિથી જોતાં જીવને અજ્ઞાન-અવસ્થામાં તેઓ છે, એ પ્રમાણે જાણવું.

( मन्दाक्रान्ता )

**रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्**
**तौ वस्तुत्वप्रणिहितदृशा दृश्यमानौ न किञ्चित्।**
**सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्ट्या स्फुटं तौ**
**ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः।। २१८ ।।**

( शालिनी )

**रागद्वेषोत्पादकं तत्त्वदृष्ट्या**
**नान्यद्द्रव्यं वीक्ष्यते किञ्चनापि।**
**सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति**
**व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।। २१९ ।।**

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इह ज्ञानम् हि अज्ञानभावात् राग–द्वेषौ भवति ] આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે; [ वस्तुत्व–प्रणिहित–दृशा दृश्यमानौ तौ किञ्चित् न ] વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી) દૃષ્ટિ વડે જોતાં (અર્થાત્ દ્રવ્યદૃષ્ટિથી જોતાં, તે રાગદ્વેષ કાંઈ જ નથી (-દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી). [ ततः सम्यग्दृष्टिः तत्त्वदृष्ट्या तौ स्फुटं क्षपयतु ] માટે (આચાર્યદેવ પ્રેરણા કરે છે કે) સમ્યગ્દૃષ્ટિ પુરુષ તત્ત્વદૃષ્ટિ વડે તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો, [ येन पूर्ण–अचल–अर्चिः सहजं ज्ञानज्योतिः ज्वलति ] કે જેથી, પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી (દેદીપ્યમાન) સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.

**ભાવાર્થઃ-**રાગદ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી, જીવને અજ્ઞાનભાવથી (રાગદ્વેષરૂપ પરિણામ) થાય છે; માટે સમ્યગ્દૃષ્ટિ થઈને તત્ત્વદૃષ્ટિથી જોવામાં આવે તો તેઓ (રાગદ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી એમ દેખાય છે, અને ઘાતિકર્મનો નાશ થઈ કેવળજ્ઞાન ઊપજે છે. ૨૧૮.

'અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને ગુણ ઉપજાવી શક્તું નથી' એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ तत्त्वदृष्ट्या ] તત્ત્વદૃષ્ટિથી જોતાં, [ राग–द्वेष–उत्पादकं अन्यत् द्रव्यं किञ्चन अपि न वीक्ष्यते ] રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી, [ यस्मात् सर्व–द्रव्य–उत्पत्तिः स्वस्वभावेन अन्तः अत्यन्तं व्यक्ता चकास्ति ] કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે,

अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ।
तम्हा दु सव्वदव्वा उप्पज्जंते सहावेण।। ३७२ ।।
अन्यद्रव्येणान्यद्रव्यस्य न क्रियते गुणोत्पादः।
तस्मात्तु सर्वद्रव्याण्युत्पद्यन्ते स्वभावेन।। ३७२ ।।

न च जीवस्य परद्रव्यं रागादीनुत्पादयतीति शङ्क्यम्; अन्यद्रव्येणान्यद्रव्यगुणोत्पादकरणस्यायोगात्; सर्वद्रव्याणां स्वभावेनैवोत्पादात्। तथाहि-मृत्तिका कृम्भभावेनोत्पद्यमाना किं कुम्भकारस्वभावेनोत्पद्यते, किं मृत्तिकास्वभावेन ? यदि कुम्भकारस्वभावेनोत्पद्यते तदा कुम्भकरणाहङ्कारनिर्भरपुरुषाधिष्ठितव्यापृतकर-पुरुषशरीराकारः कुम्भः स्यात्। न च तथास्ति, द्रव्यान्तरस्वभावेन द्रव्यपरिणामोत्पाद-

---

**ભાવાર્થઃ**-રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે. અન્ય દ્રવ્ય આત્માને રાગદ્વેષ ઉપજાવી શક્તું નથી; કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતપોતાના સ્વભાવથી જ થાય છે, અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણપર્યાયોની ઉત્પત્તિ થતી નથી. ૨૧૯.

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ-

કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.

**ગાથાર્થઃ**- [ अन्यद्रव्येण ] અન્ય દ્રવ્યથી [ अन्यद्रव्यस्य ] અન્ય દ્રવ્યને [ गुणोत्पादः ] ગુણની ઉત્પત્તિ [ न क्रियते ] કરી શકાતી નથી; [ तस्मात् तु ] તેથી ( એ સિદ્ધાંત છે કે ) [ सर्वद्रव्याणि ] સર્વ દ્રવ્યો [ स्वभावेन ] પોતપોતાના સ્વભાવથી [ उत्पद्यन्ते ] ઊપજે છે.

**ટીકાઃ**-વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી; કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે; કેમ કે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. આ વાત દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છેઃ-

માટી કુંભભાવે ( ઘડા-ભાવે ) ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે ? જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે અને જેનો હાથ ( ઘડો કરવાનો ) વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ. પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો

**स्यादर्शनात्। यद्येवं तर्हि मृत्तिका कुम्भकारस्वभावेन नोत्पद्यते, किन्तु मृत्तिकास्वभावेनैव, स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात्। एवं च सति मृत्तिकायाः स्वस्वभावानतिक्रमान्न कुम्भकारः कुम्भस्योत्पादक एव; मृत्तिकैव कुम्भकारस्वभावमस्पृशन्ती स्वस्वभावेन कुम्भभावेनोत्पद्यते। एवं सर्वाण्यपि द्रव्याणि स्वपरिणामपर्यायेणोत्पद्यमानानि किं निमित्तभूतद्रव्यान्तरस्वभावेनोत्पद्यन्ते, किं स्वस्वभावेन? यदि निमित्तभूतद्रव्यान्तरस्वभावेनोत्पद्यन्ते तदा निमित्तभूतपरद्रव्याकारस्तत्परिणामः स्यात्। न च तथास्ति, द्रव्यान्तरस्वभावेन द्रव्यपरिणामोत्पादस्यादर्शनात्। यद्येवं तर्हि न सर्वद्रव्याणि निमित्तभूतपरद्रव्यस्वभावेनोत्पद्यन्ते, किंतु स्वस्वभावेनैव, स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात्। एवं च सति सर्वद्रव्याणां स्वस्वभावानतिक्रमान्न निमित्तभूतद्रव्यान्तराणि स्वपरिणामस्योत्पादकान्येव; सर्वद्रव्याण्येव निमित्तभूतद्रव्यान्तरस्वभावमस्पृशन्ति स्वस्वभावेन स्वपरिणामभावेनोत्पद्यन्ते। अतो न परद्रव्यं जीवस्य रागादीनामुत्पादकमुत्पश्यामो यस्मै कुप्यामः।**

---

ઉત્પાદ જોવામાં આવતો નથી. જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી, પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.

એવી રીતે—બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે (અર્થાત્ પોતાના પરિણામભાવરૂપે) ઊપજતાં થકાં, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે? જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ. પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. જો આમ છે તો સર્વ દ્રવ્યો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં નથી, પરંતુ પોતાના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતાં હોવાને લીધે, નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના (અર્થાત્ સર્વ દ્રવ્યોના) પરિણામના ઉત્પાદક છે જ નહિ; સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે.

( मालिनी )

**यदिह भवति रागद्वेषदोषप्रसूतिः**
**कतरदपि परेषां दूषणं नास्ति तत्र।**
**स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो**
**भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः।। २२० ।।**

---

માટે (આચાર્યદેવ કહે છે કે) જીવને રાગાદિનું ઉત્પાદક અમે પરદ્રવ્યને દેખતા (-માનતા, સમજતા) નથી કે જેના પર કોપ કરીએ.

**ભાવાર્થઃ-**આત્માને રાગાદિક ઊપજે છે તે પોતાના જ અશુદ્ધ પરિણામ છે. નિશ્ચયનયથી વિચારવામાં આવે તો અન્યદ્રવ્ય રાગાદિકનું ઉપજાવનાર નથી, અન્યદ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે; કારણ કે અન્યદ્રવ્યને અન્યદ્રવ્ય ગુણપર્યાય ઉપજાવતું નથી એ નિયમ છે. જેઓ એમ માને છે-એવો એકાંત કરે છે-કે 'પરદ્રવ્ય જ મને રાગાદિક ઉપજાવે છે', તેઓ નયવિભાગને સમજ્યા નથી, મિથ્યાદ્રષ્ટિ છે. એ રાગાદિક જીવના સત્ત્વમાં ઊપજે છે, પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે-એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. માટે આચાર્ય મહારાજ કહે છે કે-અમે રાગદ્વેષની ઉત્પત્તિમાં અન્ય દ્રવ્ય પર શા માટે કોપ કરીએ? રાગદ્વેષનું ઊપજવું તે પોતાનો જ અપરાધ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इह ] આ આત્મામાં [ यत् राग-द्वेष-दोष-प्रसूतिः भवति ] જે રાગદ્વેષરૂપ દોષોની ઉત્પત્તિ થાય છે [ तत्र परेषां कतरत् अपि दूषणं नास्ति ] ત્યાં પરદ્રવ્યનો કાંઈ પણ દોષ નથી, [ तत्र स्वयम् अपराधी अयम् अबोधः सर्पति ] ત્યાં તો સ્વયં અપરાધી એવું આ અજ્ઞાન જ ફેલાય છે;- [ विदितम् भवतु ] એ પ્રમાણે વિદિત થાઓ અને [ अबोधः अस्तं यातु ] અજ્ઞાન અસ્ત થઈ જાઓ; [ बोधः अस्मि ] હું તો જ્ઞાન છું.

**ભાવાર્થઃ-**અજ્ઞાની જીવ રાગદ્વેષની ઉત્પત્તિ પરદ્રવ્યથી થતી માનીને પરદ્રવ્ય ઉપર કોપ કરે છે કે 'આ પરદ્રવ્ય મને રાગદ્વેષ ઉપજાવે છે, તેને દૂર કરું'. એવા અજ્ઞાની જીવને સમજાવવાને આચાર્યદેવ ઉપદેશ કરે છે કે-રાગદ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી આત્મામાં જ થાય છે અને તે આત્માના જ અશુદ્ધ પરિણામ છે. માટે એ અજ્ઞાનને નાશ કરો, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો, આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ અનુભવ કરો; પરદ્રવ્યને રાગદ્વેષનું ઉપજાવનારું માનીને તેના પર કોપ ન કરો. ૨૨૦

( रथोद्धता )

**रागजन्मनि निमित्ततां पर-**
**द्रव्यमेव कलयन्ति ये तु ते।**
**उत्तरन्ति न हि मोहवाहिनीं**
**शुद्धबोधविधुरान्धबुद्धयः।। २२१ ।।**

---

હવે આ જ અર્થ દ્રઢ કરવાને અને આગળના કથનની સૂચના કરવાને કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ ये तु राग–जन्मनि परद्रव्यम् एव निमित्ततां कलयन्ति ] જેઓ રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું ( કારણપણું ) માને છે, ( પોતાનું કાંઈ કારણપણું માનતા નથી, ) [ ते शुद्ध–बोध–विधुर–अन्ध–बुद्धयः ] તેઓ-જેમની બુદ્ધિ શુદ્ધજ્ઞાનરહિત અંધ છે એવા ( અર્થાત્ જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે એવા ) – [ मोह–वाहिनीं न हिं उत्तरन्ति ] મોહનદીને ઊતરી શક્તા નથી.

**ભાવાર્થઃ-**શુદ્ધનયનો વિષય આત્મા અનંત શક્તિવાળો, ચૈતન્યચમત્કારમાત્ર, નિત્ય, અભેદ, એક છે. તે પોતાના જ અપરાધથી રાગદ્વેષરૂપે પરિણમે છે. એવું નથી કે જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે તેમ આત્મા પરિણમે છે અને તેમાં આત્માનો કાંઈ પુરુષાર્થ જ નથી. આવું આત્માના સ્વરૂપનું જ્ઞાન જેમને નથી તેઓ એમ માને છે કે પરદ્રવ્ય આત્માને જેમ પરિણમાવે તેમ આત્મા પરિણમે છે. આવું માનનારા મોહરૂપી નદીને ઊતરી શક્તા નથી ( અથવા મોહની સેનાને હરાવી શક્તા નથી ), તેમને રાગદ્વેષ મટતા નથી; કારણ તે રાગદ્વેષ કરવામાં જો પોતાને પુરુષાર્થ હોય તો જ તેમને મટાડવામાં પણ હોય, પરંતુ જો પરના કરાવ્યા જ રાગદ્વેષ થતા હોય તો પર તો રાગદ્વેષ કરાવ્યા જ કરે, ત્યાં આત્મા તેમને ક્યાંથી મટાડી શકે? માટે, રાગદ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડયા મટે છે–એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. ૨૨૧.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્‌ગલો આત્માને કાંઈ કહેતાં નથી કે 'તુ અમને જાણ', અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી. બન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પર પ્રત્યે ઉદાસીન ( –સંબંધ વિનાનો, તટસ્થ ) છે, તોપણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં–નરસાં માનીને રાગીદ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે.–આવા અર્થની ગાથાઓ હવે કહે છેઃ–

णिंदिदसंथुदवयणाणि पोग्गला परिणमंति बहुगाणि।
ताणि सुणिदूण रूसदि तूसदि य पुणो अहं भणिदो।। ३७३ ।।
पोग्गलदव्वं सद्दत्तपरिणदं तस्स जदि गुणो अण्णो।
तम्हा ण तुमं भणिदो किंचि वि किं रूससि अबुद्धो।। ३७४ ।।
असुहो सुहो व सद्दो ण तं भणदि सुणसु मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं सोदविसयमागदं सद्दं।। ३७५ ।।
असुहं सुहं व रूवं ण तं भणदि पेच्छ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं चक्खुविसयमागदं रूवं।। ३७६ ।।
असुहो सुहो व गंधो ण तं भणदि जिग्घ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं घाणविसयमागदं गंधं।। ३७७ ।।
असुहो सुहो व रसो ण तं भणदि रसय मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं रसणविसयमागदं तु रसं।। ३७८ ।।

---

રે ! પુદ્‌ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેને સુણી, ' મુજને કહ્યું ' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.

પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,
તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ ! રોષ તું કયમ કરે ? ૩૭૪.

શુભ કે અશુભ જે શબ્દ તે ' તું સુણ મને ' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.

શુભ કે અશુભ જે રૂપ તે ' તું જો મને ' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬.

શુભ કે અશુભ જે ગંધ તે ' તું સૂંઘ મુજને ' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગધને; ૩૭૭.

શુભ કે અશુભ રસ જેહ તે ' તું ચાખ મુજને ' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે ! ૩૭૮.

**असुहो सुहो व फासो ण तं भणदि फुससु मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं कायविसयमागदं फासं।। ३७९ ।।**
**असुहो सुहो व गुणो ण तं भणदि बुज्झ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं तु गुणं।। ३८० ।।**
**असुहं सुहं व दव्वं ण तं भणदि बुज्झ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं दव्वं।। ३८१ ।।**
**एयं तु जाणिऊणं उवसमं णेव गच्छदे मूढो।**
**णिग्गहमणा परस्स य सयं च बुद्धिं सिवमपत्तो।। ३८२ ।।**

निन्दितसंस्तुतवचनानि पुद्गलाः परिणमन्ति बहुकानि।
तानि श्रुत्वा रुष्यति तुष्यति च पुनरहं भणितः।। ३७३ ।।
पुद्गलद्रव्यं शब्दत्वपरिणतं तस्य यदि गुणोऽन्यः।
तस्मान्न त्वं भणितः किञ्चिदपि किं रुष्यस्यबुद्धः।। ३७४ ।।

---

**શુભ કે અશુભ જે સ્પર્શ તે ‘ તું સ્પર્શ મુજને ’ નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.**

**શુભ કે અશુભ જે ગુણ તે ‘ તું જાણ મુજને ’ નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.**

**શુભ કે અશુભ જે દ્રવ્ય તે ‘ તું જાણ મુજને ’ નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને. ૩૮૧.**

**-આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે !**
**શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.**

**ગાથાર્થઃ-** [ बहुकानि ] બહુ પ્રકારનાં [ निन्दितसंस्तुतवचनानि ] નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે [ पुद्गलाः ] પુદ્ગલો [ परिणमन्ति ] પરિણમે છે; [ तानि श्रुत्वा पुनः ] તેમને સાંભળીને અજ્ઞાની જીવ [ अहं भणितः ] ‘મને કહ્યું ’ એમ માનીને [ रुष्यति तुष्यति च ] રોષ તથા તોષ કરે છે ( અર્થાત્ ગુસ્સે થાય છે તથા ખુશી થાય છે ).

अशुभ: शुभो वा शब्दो न त्वां भणति शृणु मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं श्रोत्रविषयमागतं शब्दम्।। ३७५ ।।
अशुभं शुभं वा रूपं न त्वां भणति पश्य मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं चक्षुर्विषयमागतं रूपम्।। ३७६ ।।
अशुभ: शुभो वा गन्धो न त्वां भणति जिघ्र मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं घ्राणविषयमागतं गन्धम्।। ३७७ ।।
अशुभ: शुभो वा रसो न त्वां भणति रसय मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं रसनविषयमागतं तु रसम्।। ३७८ ।।

---

[ पुद्गलद्रव्यं ] પુદ્‌ગલદ્રવ્ય [ शब्दत्वपरिणतं ] શબ્દપણે પરિણમ્યું છે; [ तस्य गुण: ] તેનો ગુણ [ यदि अन्य: ] જો (તારાથી) અન્ય છે, [ तस्मात् ] તો હે અજ્ઞાની જીવ! [ त्वं न किञ्चित् अपि भणित: ] તને કાંઈ પણ કહ્યું નથી; [ अबुद्ध: ] તું અજ્ઞાની થયો થકો [ किं रुष्यसि ] રોષ શા માટે કરે છે?

[ अशुभ: वा शुभ: शब्द: ] અશુભ અથવા શુભ શબ્દ [ त्वां न भणति ] તને એમ નથી કહેતો કે [ माम् शुणु इति ] 'તું મને સાંભળ'; [ स: एव च ] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [ श्रोत्रविषयम् आगतं शब्दम् ] શ્રોત્રેન્દ્રિયના વિષયમાં આવેલા શબ્દને [ विनिर्ग्रहीतुं न एति ] ગ્રહવા (જાણવા) જતો નથી.

[ अशुभं वा शुभं रूपं ] અશુભ અથવા શુભ રૂપ [ त्वां न भणति ] તને એમ નથી કહેતું કે [ माम् पश्य इति ] 'તું મને જો'; [ स: एव च ] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [ चक्षुर्विषयम् आगतं ] ચક્ષુ-ઇંદ્રિયના વિષયમાં આવેલા (અર્થાત્ ચક્ષુગોચર થયેલા) [ रूपम् ] રૂપને [ विनिर्ग्रहीतुं न एति ] ગ્રહવા જતો નથી.

[ अशुभ: वा शुभ: गन्ध: ] અશુભ અથવા શુભ ગંધ [ त्वां न भणति ] તને એમ નથી કહેતી કે [ माम् जिघ्र इति ] 'તું મને સૂંઘ'; [ स: एव च ] અને આત્મા પણ [ घ्राणविषयम् आगतं गन्धम् ] ઘ્રાણેંદ્રિયના વિષયમાં આવેલી ગંધને [ विनिर्ग्रहीतुं न एति ] (પોતાના સ્થાનથી ચ્યુત થઈને) ગ્રહવા જતો નથી.

[ अशुभ: वा शुभ: रस: ] અશુભ અથવા શુભ રસ [ त्वां न भणति ] તને એમ નથી કહેતો કે [ माम् रसय इति ] 'તું મને ચાખ'; [ स: एव च ] અને આત્મા પણ [ रसनविषयम् आगतं तु रसम् ] રસના-ઇંદ્રિયના વિષયમાં આવેલા રસને [ विनिर्ग्रहीतुं न एति ] (પોતાના સ્થાનથી છૂટીને) ગ્રહવા જતો નથી.

अशुभः शुभो वा स्पर्शो न त्वां भणति स्पृश मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं कायविषयमागतं स्पर्शम्।। ३७९ ।।
अशुभः शुभो वा गुणो न त्वां भणति बुध्यस्व मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं बुद्धिविषयमागत तु गुणम्।। ३८० ।।
अशुभं शुभं वा द्रव्यं न त्वां भणति बुध्यस्व मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं बुद्धिविषयमागतं द्रव्यम्।। ३८१ ।।
एतत्तु ज्ञात्वा उपशमं नैव गच्छति मूढः।
विनिर्ग्रहमनाः परस्य च स्वयं च बुद्धिं शिवामप्राप्तः।। ३८२ ।।

**यथेह बहिरर्थो घटपटादिः, देवदत्तो यज्ञदत्तमिव हस्ते गृहीत्वा, 'मां प्रकाशय' इति स्वप्रकाशने न प्रदीपं प्रयोजयति, न च प्रदीपोऽप्ययःकान्तोपलकृष्टायःसूचीवत्**

---

[ अशुभः वा शुभः स्पर्शः ] અશુભ અથવા શુભ સ્પર્શ [ त्वां न भणति ] તને એમ નથી કહેતો કે [ माम् स्पृश इति ] 'તું મને સ્પર્શ'; [ सः एव च ] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [ कायविषयम् आगतं स्पर्शम् ] કાયાના (-સ્પર્શેન્દ્રિયના) વિષયમાં આવેલા સ્પર્શને [ विनिर्ग्रहीतुं न एति ] ગ્રહવા જતો નથી.

[ अशुभः वा शुभः गुणः ] અશુભ અથવા શુભ ગુણ [ त्वां न भणति ] તને એમ નથી કહેતો કે [ माम् बुध्यस्व इति ] 'તું મને જાણ'; [ सः एव च ] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [ बुद्धिविषयम् आगतं तु गुणम् ] બુદ્ધિના વિષયમાં આવેલા ગુણને [ विनिर्ग्रहीतुं न एति ] ગ્રહવા જતો નથી.

[ अशुभं वा शुभं द्रव्यं ] અશુભ અથવા શુભ દ્રવ્ય [ त्वां न भणति ] તને એમ નથી કહેતું કે [ माम् बुध्यस्व इति ] 'તું મને જાણ'; [ सः एव च ] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [ बुद्धिविषयम् आगतं द्रव्यम् ] બુદ્ધિના વિષયમાં આવેલા દ્રવ્યને [ विनिर्ग्रहीतुं न एति ] ગ્રહવા જતો નથી.

[ एतत् तु ज्ञात्वा ] આવું જાણીને પણ [ मूढः ] મૂઢ જીવ [ उपशमं न एव गच्छति ] ઉપશમને પામતો નથી; [ च ] અને [ शिवाम् बुद्धिम् अप्राप्तः च स्वयं ] શિવ બુદ્ધિને (કલ્યાણકારી બુદ્ધિને, સમ્યગ્જ્ઞાનને) નહિ પામેલો પોતે [ परस्य विनिर्ग्रहमनाः ] પરને ગ્રહવાનું મન કરે છે.

**ટીકાઃ**-પ્રથમ દ્રષ્ટાંત કહે છેઃ આ જગતમાં બાહ્યપદાર્થ-ઘટપટાદિ-, જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, દીવાને સ્વપ્રકાશનમાં (અર્થાત્ બાહ્યપદાર્થને પ્રકાશવાના કાર્યમાં) જોડતો નથી કે 'તું મને પ્રકાશ', અને દીવો પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની

**स्वस्थानात्प्रच्युत्य तं प्रकाशयितुमायाति; किन्तु वस्तुस्वभावस्य परेणोत्पादयितुमशक्यत्वात् परमुत्पादयितुमशक्तत्वाच्च यथा तदसन्निधाने तथा तत्सन्निधानेऽपि स्वरूपेणैव प्रकाशते। स्वरूपेणैव प्रकाशमानस्य चास्य वस्तुस्वभावादेव विचित्रां परिणतिमासादयन् कमनीयोऽकमनीयो वा घटपटादिर्न मनागपि विक्रियायै कल्प्यते। तथा बहिरर्थाः शब्दो, रूपं, गन्धो, रसः, स्पर्शो, गुणद्रव्ये च, देवदत्तो यज्ञदत्तमिव हस्ते गृहीत्वा, 'मां शृणु, मां पश्य, मां जिघ्र, मां रसय, मां स्पृश, मां बुध्यस्व' इति स्वज्ञाने नात्मानं प्रयोजयन्ति, न चात्माप्ययःकान्तोपलकृष्टायःसूचीवत् स्वस्थानात्प्रच्युत्य तान् ज्ञातुमायाति; किन्तु वस्तुस्वभावस्य परेणोत्पादयितुमशक्यत्वात् परमुत्पादयितुमशक्तत्वाच्च यथा तदसन्निधाने तथा तत्सन्निधानेऽपि स्वरूपेणैव जानीते। स्वरूपेणैव जानतश्चास्य वस्तुस्वभावादेव विचित्रां परिणतिमासादयन्तः कमनीया अकमनीया वा शब्दादयो बहिरर्था न मनागपि विक्रियायै**

---

જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેને (બાહ્યપદાર્થને) પ્રકાશવા જતો નથી; પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શક્તો નહિ હોવાથી, દીવો જેમ બાહ્યપદાર્થની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે) તેમ બાહ્યપદાર્થની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે. (એમ) પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા તેને (દીવાને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતો એવો મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.

એવી રીતે હવે દાર્ષ્ટાંત છેઃ બાહ્યપદાર્થો-શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તથા ગુણ ને દ્રવ્ય-, જેમ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, આત્માને સ્વજ્ઞાનમાં (બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં) જોડતા નથી કે 'તું મને સાંભળ, તું મને જો, તું મને સૂંઘ, તું મને ચાખ, તું મને સ્પર્શ, તું મને જાણ', અને આત્મા પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને (બાહ્યપદાર્થોને) જાણવા જતો નથી; પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શક્તો નહિ હોવાથી, આત્મા જેમ બાહ્યપદાર્થોની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ જાણે છે) તેમ બાહ્યપદાર્થોની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ જાણે છે. (એમ) પોતાના સ્વરૂપથી જ જાણતા એવા તેને (આત્માને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા એવા મનોહર કે અમનોહર શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.

**कल्प्येरन्। एवमात्मा प्रदीपवत् परं प्रति उदासीनो नित्यमेवेति वस्तुस्थितः, तथापि यद्रागद्वेषौ तदज्ञानम्।**

( शार्दूलविक्रीडित )

**पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधो न बोध्यादयं**
**यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।**
**तद्वस्तुस्थितिबोधवन्ध्यधिषणा एते किमज्ञानिनो**
**रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्।। २२२ ।।**

---

આ રીતે આત્મા દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે (અર્થાત્ સંબંધ વગરનો, તટસ્થ છે) -એવી વસ્તુસ્થિતિ છે, તોપણ જે રાગદ્વેષ થાય છે તે અજ્ઞાન છે.

**ભાવાર્થઃ-**શબ્દાદિક જડ પુદ્ગલદ્રવ્યના ગુણો છે. તેઓ આત્માને કાંઈ કહેતાં નથી, કે 'તું અમને ગ્રહણ કર (અર્થાત્ તું અમને જાણ)'; અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (-જાણવા) તેમના પ્રત્યે જતો નથી. જેમ શબ્દાદિક સમીપ ન હોય ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે, તેમ શબ્દાદિક સમીપ હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે. આમ પોતાના સ્વરૂપથી જ જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં શબ્દાદિક કિંચિત્માત્ર પણ વિકાર કરતાં નથી, જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી તેમ, આવો વસ્તુસ્વભાવ છે, તોપણ જીવ શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સૂંઘી, રસને આસ્વાદી, સ્પર્શને સ્પર્શી, ગુણ-દ્રવ્યને જાણી, તેમને સારાં-નરસાં માની રાગદ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ पूर्ण–एक–अच्युत–शुद्ध–बोध–महिमा अयं बोद्धा ] પૂર્ણ, એક, અચ્યુત અને શુદ્ધ (-વિકાર રહિત) એવું જ્ઞાન જેનો મહિમા છે એવો આ જ્ઞાયક આત્મા [ बोध्यात् ] જ્ઞેય પદાર્થોથી [ काम् अपि विक्रियां न यायात् ] જરા પણ વિક્રિયા પામતો નથી, [ दीपः प्रकाश्यात् इव ] જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી (-પ્રકાશાવાયોગ્ય ઘટપટાદિ પદાર્થોથી) વિક્રિયા પામતો નથી તેમ. [ ततः इतः ] તો પછી [ तद्–वस्तुस्थिति–बोध–बन्ध्य–धिषणाः एते अज्ञानिनः ] એવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે એવા આ અજ્ઞાની જીવો [ किम् सहजाम् उदासीनताम् मुञ्चन्ति, रागद्वेषमयीभवन्ति ] પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે અને રાગદ્વેષમય કેમ થાય છે? (એમ આચાર્યદેવે શોચ કર્યો છે.)

( शार्दूलविक्रीडित )

**रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः**
**पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वोदयात्।**
**दूरारूढचरित्रवैभवबलाच्चञ्चच्चिदर्चिर्मयीं**
**विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य सञ्चेतनाम्।। २२३ ।।**

---

**ભાવાર્થઃ**-જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયને જાણવાનો જ છે, જેમ દીપકનો સ્વભાવ ઘટપટાદિને પ્રકાશવાનો છે. એવો વસ્તુસ્વભાવ છે. જ્ઞેયને જાણવામાત્રથી જ્ઞાનમાં વિકાર થતો નથી. જ્ઞેયોને જાણી, તેમને સારાં-નરસાં માની, આત્મા રાગદ્વેષી-વિકારી થાય છે તે અજ્ઞાન છે. માટે આચાર્યદેવે શોચ કર્યો છે કે-'વસ્તુનો સ્વભાવ તો આવો છે, છતાં આ આત્મા અજ્ઞાની થઈને રાગદ્વેષરૂપે કેમ પરિણમે છે? પોતાની સ્વાભાવિક ઉદાસીન-અવસ્થારૂપ કેમ રહેતો નથી?' આ પ્રમાણે આચાર્યદેવે જે શોચ કર્યો છે તે યુક્ત છે, કારણ કે જ્યાં સુધી શુભ રાગ છે ત્યાં સુધી પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી કરુણા ઊપજે છે અને તેથી શોચ થાય છે. ૨૨૨.

હવે આગળના કથનની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ राग-द्वेष-विभाव-मुक्त-महसः ] જેમનું તેજ રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે, [ नित्यं स्वभाव-स्पृशः ] જેઓ સદા ( પોતાના ચૈતન્યચમત્કારમાત્ર ) સ્વભાવને સ્પર્શનારા છે, [ पूर्व-आगामि-समस्त-कर्म-विकलाः ] જેઓ ભૂત કાળનાં તેમ જ ભવિષ્ય કાળનાં સમસ્ત કર્મથી રહિત છે અને [ तदात्व-उदयात्-भिन्नाः ] જેઓ વર્તમાન કાળના કર્મોદયથી ભિન્ન છે, [ दूर-आरूढ-चरित्र-वैभव-बलात् ज्ञानस्य सञ्चेतनाम् विन्दन्ति ] તેઓ (-એવા જ્ઞાનીઓ-) અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે- [ चञ्चत्-चिद्-अर्चिर्मयीं ] કે જે જ્ઞાન-ચેતના ચમક્તી ચૈતન્યજ્યોતિમય છે અને [ स्व-रस-अभिषिक्त-भुवनाम् ] જેણે નિજ રસથી ( પોતાના જ્ઞાનરૂપ રસથી ) સમસ્ત લોકને સિંચ્યો છે.

**ભાવાર્થઃ**-જેમને રાગદ્વેષ ગયા, પોતાના ચૈતન્યસ્વભાવનો અંગીકાર થયો અને અતીત, અનાગત તથા વર્તમાન કર્મનું મમત્વ ગયું એવા જ્ઞાનીઓ સર્વ પરદ્રવ્યથી જુદા થઈને ચારિત્ર અંગીકાર કરે છે. તે ચારિત્રના બળથી, કર્મચેતના અને કર્મફળચેતનાથી જુદી જે પોતાની ચૈતન્યના પરિણમનસ્વરૂપ જ્ઞાનચેતના તેનું અનુભવન કરે છે.

અહીં તાત્પર્ય આમ જાણવુંઃ-જીવ પહેલાં તો કર્મચેતના અને કર્મફળચેતનાથી ભિન્ન પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ આગમ-પ્રમાણ, અનુમાન-પ્રમાણ અને સ્વસંવેદનપ્રમાણથી જાણે છે અને તેનું શ્રદ્ધાન ( પ્રતીતિ ) દ્રઢ કરે છે; એ તો

**कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं।**
**तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।। ३८३ ।।**
**कम्मं जं सुहमसुहं जम्हि य भावम्हि बज्झदि भविस्सं।**
**तत्तो णियत्तदे जो सो पच्चक्खाणं हवदि चेदा।। ३८४ ।।**
**जं सुहमसुहमुदिण्णं संपडि य अणेयवित्थरविसेसं।**
**तं दोसं जो चेददि सो खलु आलोयणं चेदा।। ३८५ ।।**

---

અવિરત, દેશવિરત અને પ્રમત્ત અવસ્થામાં પણ થાય છે. અને જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે; તે વખતે, જે જ્ઞાનચેતનાનું તેણે પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું તેમાં તે લીન થાય છે અને શ્રેણિ ચડી, કેવળજ્ઞાન ઉપજાવી, સાક્ષાત્ *જ્ઞાનચેતનારૂપ થાય છે. ૨૨૩.

અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડે તે આત્મા પ્રતિક્રમણ છે, અનાગત કર્મ ન કરવાની પ્રતિજ્ઞા કરે (અર્થાત્ જે ભાવોથી આગામી કર્મ બંધાય તે ભાવોનું મમત્વ છોડે) તે આત્મા પ્રત્યાખ્યાન છે અને ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે તે આત્મા આલોચના છે; સદાય આવાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાપૂર્વક વર્તતો આત્મા ચારિત્ર છે.–આવું ચારિત્રનું વિધાન હવેની ગાથાઓમાં કહે છેઃ–

**શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,**
**તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩.**

**શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,**
**તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે; ૩૮૪.**

**શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,**
**તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.**

---

* કેવળજ્ઞાની જીવને સાક્ષાત્ જ્ઞાનચેતના હોય છે. કેવળજ્ઞાન થયા પહેલાં પણ નિર્વિકલ્પ અનુભવ વખતે જીવને ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે. જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાને મુખ્ય ન કરીએ તો, સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાનચેતના નિરંતર હોય છે, કર્મચેતના અને કર્મફળચેતના નથી હોતી; કારણ કે તેને નિરંતર જ્ઞાનના સ્વામિત્વભાવે પરિણમન હોય છે. કર્મના અને કર્મફળના સ્વામિત્વભાવે પરિણમન નથી હોતું.

**णिच्चं पच्चक्खाणं कुव्वदि णिच्चं पडिक्कमदि जो य।**
**णिच्चं आलोचेयदि सो हु चरित्तं हवदि चेदा।। ३८६ ।।**

कर्म यत्पूर्वकृतं शुभाशुभमनेकविस्तरविशेषम्।
तस्मान्निवर्तयत्यात्मानं तु यः स प्रतिक्रमणम्।। ३८३ ।।
कर्म यच्छुभमशुभं यस्मिंश्च भावे बध्यते भविष्यत्।
तस्मान्निवर्तते यः प्रत्याख्यानं भवति चेतयिता।। ३८४ ।।
यच्छुभमशुभमुदीर्णं सम्प्रति चानेकविस्तरविशेषम्।
तं दोषं यः चेतयते स खल्वालोचनं चेतयिता।। ३८५ ।।
नित्यं प्रत्याख्यानं करोति नित्यं प्रतिक्रामति यश्च।
नित्यमालोचयति स खलु चरित्रं भवति चेतयिता।। ३८६ ।।

---

**પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,**
**નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.**

**ગાથાર્થઃ-** [ पूर्वकृतं ] પૂર્વે કરેલું [ यत् ] જે [ अनेकविस्तरविशेषम् ] અનેક પ્રકારના વિસ્તારવાળું [ शुभाशुभम् कर्म ] (જ્ઞાનાવરણીયાદિ) શુભાશુભ કર્મ [ तस्मात् ] તેનાથી [ यः ] જે આત્મા [ आत्मानं तु ] પોતાને [ निवर्तयति ] *નિવર્તાવે છે, [ सः ] તે આત્મા [ प्रतिक्रमणम् ] પ્રતિક્રમણ છે.

[ भविष्यत् ] ભવિષ્ય કાળનું [ यत् ] જે [ शुभम् अशुभम् कर्म ] શુભ-અશુભ કર્મ [ यस्मिन् भावे च ] તે જે ભાવમાં [ बध्यते ] બંધાય છે [ तस्मात् ] તે ભાવથી [ यः ] જે આત્મા [ निवर्तते ] નિવર્તે છે, [ सः चेतयिता ] તે આત્મા [ प्रत्याख्यानं भवति ] પ્રત્યાખ્યાન છે.

[ सम्प्रति च ] વર્તમાન કાળે [ उदीर्णं ] ઉદયમાં આવેલું [ यत् ] જે [ अनेकविस्तरविशेषम् ] અનેક પ્રકારના વિસ્તારવાળું [ शुभम् अशुभम् ] શુભ-અશુભ કર્મ [ तं दोषं ] તે દોષને [ यः ] જે આત્મા [ चेतयते ] ચેતે છે-અનુભવે છે-જ્ઞાતાભાવે જાણી લે છે (અર્થાત્ તેનું સ્વામિત્વ-કર્તાપણું છોડે છે), [ सः चेतयिता ] તે આત્મા [ खलु ] ખરેખર [ आलोचनम् ] આલોચના છે.

[ यः ] જે [ नित्यं ] સદા [ प्रत्याख्यानं करोति ] પ્રત્યાખ્યાન કરે છે, [ नित्यं

---

* નિવર્તાવવું = પાછા વાળવું; અટકાવવું; દૂર રાખવું.

**यः खलु पुद्गलकर्मविपाकभवेभ्यो भावेभ्यश्चेतयितात्मानं निवर्तयति, स तत्कारणभूतं पूर्वं कर्म प्रतिक्रामन् स्वयमेव प्रतिक्रमणं भवति। स एव तत्कार्यभूतमुत्तरं कर्म प्रत्याचक्षाणः प्रत्याख्यानं भवति। स एव वर्तमानं कर्मविपाकमात्मनोऽत्यन्तभेदेनोपलभमानः आलोचना भवति। एवमयं नित्यं प्रतिक्रामन्, नित्यं प्रत्याचक्षाणो, नित्यमालोचयंश्च, पूर्वकर्मकार्येभ्य उत्तरकर्मकारणेभ्यो भावेभ्योऽत्यन्तं निवृत्तः, वर्तमानं कर्मविपाकमात्मनोऽत्यन्तभेदेनोपलभमानः, स्वस्मिन्नेव खलु ज्ञानस्वभावे निरन्तरचरणाच्चारित्रं भवति। चारित्रं तु भवन् स्वस्य ज्ञानमात्रस्य चेतनात् स्वयमेव ज्ञानचेतना भवतीति भावः।**

---

प्रतिक्रामति च ] સદા પ્રતિક્રમણ કરે છે અને [ नित्यम् आलोचयति ] સદા આલોચના કરે છે, [ सः चेतयिता ] તે આત્મા [ खलु ] ખરેખર [ चरित्रं भवति ] ચારિત્ર છે.

**ટીકાઃ**-જે આત્મા પુદ્‌ગલકર્મના વિપાકથી (ઉદયથી) થતા ભાવોથી પોતાને નિવર્તાવે છે, તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે; તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત ઉત્તરકર્મને (ભવિષ્યકાળના કર્મને) પચખતો થકો, પ્રત્યાખ્યાન છે; તે જ આત્મા, વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો; આલોચના છે. એ રીતે તે આત્મા સદા પ્રતિક્રમતો (અર્થાત્ પ્રતિક્રમણ કરતો) થકો, સદા પચખતો (અર્થાત્ પ્રત્યાખ્યાન કરતો) થકો અને સદા આલોચતો (અર્થાત્ આલોચના કરતો) થકો, પૂર્વકર્મના કાર્યરૂપ અને ઉત્તરકર્મના કારણરૂપ ભાવોથી અત્યંત નિવૃત્ત થયો થકો, વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો, પોતામાં જ-જ્ઞાનસ્વભાવમાં જ-નિરંતર ચરતો (વિચરતો, આચરણ કરતો) હોવાથી ચારિત્ર છે (અર્થાત્ પોતે જ ચારિત્રસ્વરૂપ છે). અને ચારિત્રસ્વરૂપ વર્તતો થકો પોતાને-જ્ઞાનમાત્રને-ચેતતો (અનુભવતો) હોવાથી (તે આત્મા) પોતે જ જ્ઞાનચેતના છે, એવો ભાવ (આશય) છે.

**ભાવાર્થઃ**-ચારિત્રમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાનું વિધાન છે. તેમાં, પૂર્વે લાગેલા દોષથી આત્માને નિવર્તાવવો તે પ્રતિક્રમણ છે, ભવિષ્યમાં દોષ લગાડવાનો ત્યાગ કરવો તે પ્રત્યાખ્યાન છે અને વર્તમાન દોષથી આત્માને જાુદો કરવો તે આલોચના છે. અહીં તો નિશ્ચયચારિત્રને પ્રધાન કરીને કથન છે; માટે નિશ્ચયથી વિચારતાં તો, જે આત્મા ત્રણે કાળનાં કર્મોથી પોતાને ભિન્ન જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તે આત્મા પોતે જ પ્રતિક્રમણ છે, પોતે જ પ્રત્યાખ્યાન છે અને પોતે જ આલોચના છે. એમ પ્રતિક્રમણસ્વરૂપ, પ્રત્યાખ્યાનસ્વરૂપ અને આલોચના-

( उपजाति )

**ज्ञानस्य सञ्चेतनयैव नित्यं**
**प्रकाशते ज्ञानमतीव शुद्धम्।**
**अज्ञानसञ्चेतनया तु धावन्**
**बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः।। २२४ ।।**

**वेदंतो कम्मफलं अप्पाणं कुणदि जो दु कम्मफलं।**
**सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।। ३८७ ।।**

---

સ્વરૂપ આત્માનું નિરંતર અનુભવન તે જ નિશ્ચયચારિત્ર છે. જે આ નિશ્ચયચારિત્ર, તે જ જ્ઞાનચેતના (અર્થાત્ જ્ઞાનનું અનુભવન) છે. તે જ જ્ઞાનચેતનાથી (અર્થાત્ જ્ઞાનના અનુભવનથી) સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ કેવળજ્ઞાનમય આત્મા પ્રગટ થાય છે.

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે, જેમાં જ્ઞાનચેતનાનું ફળ અને અજ્ઞાનચેતનાનું (અર્થાત્ કર્મચેતનાનું અને કર્મફળચેતનાનું) ફળ પ્રગટ કરે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ नित्यं ज्ञानस्य सञ्चेतनया एव ज्ञानम् अतीव शुद्धम् प्रकाशते ] નિરંતર જ્ઞાનની સંચેતનાથી જ જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે; [ तु ] અને [ अज्ञानसञ्चेतनया ] અજ્ઞાનની સંચેતનાથી [ बन्धः धावन् ] બંધ દોડતો થકો [ बोधस्य शुद्धिं निरुणद्धि ] જ્ઞાનની શુદ્ધતાને રોકે છે–જ્ઞાનની શુદ્ધતા થવા દેતો નથી.

**ભાવાર્થઃ-**કોઈ (વસ્તુ) પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ અનુભવરૂપ સ્વાદ લીધા કરવો તે તેનું સંચેતન કહેવાય. જ્ઞાન પ્રત્યે જ એકાગ્ર ઉપયુક્ત થઈને તેના તરફ જ ચેત રાખવી તે જ્ઞાનનું સંચેતન અર્થાત્ જ્ઞાનચેતના છે. તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે અર્થાત્ કેવળજ્ઞાન ઊપજે છે. કેવળજ્ઞાન ઊપજતાં સંપૂર્ણ જ્ઞાનચેતના કહેવાય છે.

અજ્ઞાનરૂપ (અર્થાત્ કર્મરૂપ અને કર્મફળરૂપ) ઉપયોગને કરવો, તેના તરફ જ (–કર્મ અને કર્મફળ તરફ જ–) એકાગ્ર થઈ તેનો જ અનુભવ કરવો, તે અજ્ઞાનચેતના છે. તેનાથી કર્મનો બંધ થાય છે, કે જે બંધ જ્ઞાનની શુદ્ધતાને રોકે છે. ૨૨૪.

**જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૭.**

वेदंतो कम्मफलं मए कदं मुणदि जो दु कम्मफलं।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।। ३८८ ।।
वेदंतो कम्मफलं सुहिदो दुहिदो य हवदि जो चेदा।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।। ३८९ ।।

वेदयमानः कर्मफलमात्मानं करोति यस्तु कर्मफलम्।
स तत्पुनरपि बध्नाति बीजं दुःखस्याष्टविधम्।। ३८७ ।।
वेदयमानः कर्मफलं मया कृतं जानाति यस्तु कर्मफलम्।
स तत्पुनरपि बध्नाति बीजं दुःखस्याष्टविधम्।। ३८८ ।।
वेदयमानः कर्मफलं सुखितो दुःखितश्च भवति यश्चेतयिता।
स तत्पुनरपि बध्नाति बीजं दुःखस्याष्टविधम्।। ३८९ ।।

---

હવે આ કથનને ગાથા દ્વારા કહે છેઃ–

જે કર્મફળને વેદતો જાણે ‘ કરમફળ મેં કર્યું ’,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૮.

જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુખી થાય છે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને. ૩૮૯.

**ગાથાર્થઃ**- [ कर्मफलम् वेदयमानः ] કર્મના ફળને વેદતો થકો [ यः तु ] જે આત્મા [ कर्मफलम् ] કર્મફળને [ आत्मानं करोति ] પોતારૂપ કરે છે ( –માને છે ), [ सः ] તે [ पुनः अपि ] ફરીને પણ [ अष्टविधम् तत् ] આઠ પ્રકારના કર્મને– [ दुःखस्य बीजं ] દુઃખના બીજને– [ बध्नाति ] બાંધે છે.

[ कर्मफलं वेदयमानः ] કર્મના ફળને વેદતો થકો [ यः तु ] જે આત્મા [ कर्मफलम् मया कृतं जानाति ] ‘ કર્મફળ મેં કર્યું ’ એમ જાણે છે, [ सः ] તે [ पुनः अपि ] ફરીને પણ [ अष्टविधम् तत् ] આઠ પ્રકારના કર્મને– [ दुःखस्य बीजं ] દુઃખના બીજને– [ बध्नाति ] બાંધે છે.

[ कर्मफलं वेदयमानः ] કર્મના ફળને વેદતો થકો [ यः चेतयिता ] જે આત્મા [ सुखितः दुःखितः च ] સુખી અને દુઃખી [ भवति ] થાય છે, [ सः ] તે [ पुनः अपि ] ફરીને પણ [ अष्टविधम् तत् ] આઠ પ્રકારના કર્મને– [ दुःखस्य बीजं ] દુઃખના બીજને– [ बध्नाति ] બાંધે છે.

**ज्ञानादन्यत्रेदमहमिति चेतनम् अज्ञानचेतना। सा द्विधा-कर्मचेतना कर्मफलचेतना च। तत्र ज्ञानादन्यत्रेदमहं करोमीति चेतनं कर्मचेतना; ज्ञानादन्यत्रेदं वेदयेऽहमिति चेतनं कर्मफलचेतना। सा तु समस्तापि संसारबीजं; संसारबीजस्याष्टविधकर्मणो बीजत्वात्। ततो मोक्षार्थिना पुरुषेणाज्ञानचेतनाप्रलयाय सकलकर्मसंन्यासभावनां सकलकर्मफलसंन्यासभावनां च नाटयित्वा स्वभावभूता भगवती ज्ञानचेतनैवैका नित्यमेव नाटयितव्या।**

**तत्र तावत्सकलकर्मसंन्यासभावनां नाटयति-**

(आर्या)

**कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः।**
**परिहृत्य कर्म सर्व परमं नैष्कर्म्यमवलम्बे।। २२५ ।।**

---

**ટીકાઃ**-જ્ઞાનથી અન્યમાં (-જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું (અનુભવવું) કે 'આ હું છું', તે અજ્ઞાનચેતના છે. તે બે પ્રકારે છે-કર્મચેતના અને કર્મફળચેતના. તેમાં, જ્ઞાનથી અન્યમાં (અર્થાત્ જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું કે 'આને હું કરું છું', તે કર્મચેતના છે; અને જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે 'આને હું ભોગવું છું', તે કર્મફળચેતના છે. (એમ બે પ્રકારે અજ્ઞાનચેતના છે.) તે સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે; કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું (જ્ઞાનાવરણાદિ) કર્મ, તેનું તે અજ્ઞાનચેતના બીજ છે (અર્થાત્ તેનાથી કર્મ બંધાય છે). માટે મોક્ષાર્થી પુરુષે અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા માટે સકળ કર્મના સંન્યાસની (ત્યાગની) ભાવનાને તથા સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવીને, સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને જ એકને સદાય નચાવવી.

તેમાં પ્રથમ, સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવે છેઃ-

(ત્યાં પ્રથમ, કાવ્ય કહે છેઃ-)

**શ્લોકાર્થઃ-** [त्रिकालविषयं] ત્રણે કાળના (અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી) [सर्व कर्म] સમસ્ત કર્મને [कृत–कारित–अनुमननैः] કૃત-કારિત-અનુમોદનાથી અને [मनः–वचन–कायैः] મન-વચન-કાયાથી [परिहृत्य] ત્યાગીને [परमं नैष्कर्म्यम् अवलम्बे] હું પરમ નૈષ્કર્મ્યને (-ઉત્કૃષ્ટ નિષ્કર્મ અવસ્થાને) અવલંબું છું. (એ પ્રમાણે, સર્વ કર્મનો ત્યાગ કરનાર જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે.) ૨૨૫.

(હવે ટીકામાં પ્રથમ, પ્રતિક્રમણ-કલ્પ અર્થાત્ પ્રતિક્રમણનો વિધિ કહે છેઃ-)

(પ્રતિક્રમણ કરનાર કહે છે કેઃ)

**यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति २। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ४। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति ५। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ६। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ७। यदहमकार्षं, यदचीकरं, मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ८। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ९। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं,**

---

જે મેં (પૂર્વે કર્મ) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. (કર્મ કરવું, કરાવવું અને અન્ય કરનારને અનુમોદવું તે સંસારનું બીજ છે એમ જાણીને તે દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી ત્યારે જીવે તેના પ્રત્યેનું મમત્વ છોડયું, તે જ તેનું મિથ્યા કરવું છે). ૧.

જે મેં (પૂર્વે કર્મ) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨. જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩. જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪.

જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૫. જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૬. જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૭.

જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૮. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૯. જે મેં (પૂર્વે)

**मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १०। यदहमकार्षं, यदचीकरं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ११। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति १२। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति १३। यदहमकार्षं, यदचीकरं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १४। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १५। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १६। यदहमकार्षं, यदचीकरं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १७। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १८। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १९। यदहमकार्षं, यदचीकरं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति २०। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति २१। यदहम-**

---

કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૦.

જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૧. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૨. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૩. જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૪. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા કાયથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૫. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૬. જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૭. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૮. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૯.

જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૦. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી, તે મારું

**चीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति २२। यदहमकार्षं, यदचीकरं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति २३। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति २४। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति २५। यदहमकार्षं, यदचीकरं, कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति २६। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति २७। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति २८। यदहमकार्षं मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति २९। यदहमचीकरं मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३०। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३१। यदहमकार्षं मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ३२। यदहमचीकरं मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ३३। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ३४। यदहमकार्षं मनसा च कायेन**

---

દુષ્કૃત મિથ્યા હો. ૨૧. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૨. જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૩. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૪. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૫. જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૬. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૭. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૮.

જે મેં (પૂર્વે) કર્યું મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૯. જે મેં (પૂર્વે) કરાવ્યું મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૦. જે મેં અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૧.

જે મેં (પૂર્વે) કર્યું મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૨. જે મેં (પૂર્વે) કરાવ્યું મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૩. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૪. જે મેં (પૂર્વે) કર્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત

**च, तन्मिथ्या मे दुष्कृतमिति ३५। यदहमचीकरं मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३६। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३७। यदहमकार्षं वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३८। यदहमचीकरं वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३९। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ४०। यदहमकार्षं मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४१। यदहमचीकरं मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४२। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४३। यदहमकार्षं वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४४। यदहमचीकरं वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४५। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४६। यदहमकार्षं कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ४७। यदहमचीकरं कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ४८। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ४९।**

---

મિથ્યા હો. ૩૫. જે મેં (પૂર્વે) કરાવ્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૬. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૭. જે મેં (પૂર્વે) કર્યું વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૮. જે મેં (પૂર્વે) કરાવ્યું વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૯. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૦.

જે મેં (પૂર્વે) કર્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૧. જે મેં (પૂર્વે) કરાવ્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૨. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૩. જે મેં (પૂર્વે) કર્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૪. જે મેં (પૂર્વે) કરાવ્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૫. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૬. જે મેં (પૂર્વે) કર્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૭. જે મેં (પૂર્વે) કરાવ્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૮. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૯.

(આ ૪૯ ભંગોની અંદર, પહેલા ભંગમાં કૃત, કારિત, અનુમોદના-એ ત્રણે લીધાં અને તેના પર મન, વચન, કાયા-એ ત્રણે લગાવ્યાં. એ રીતે બનેલા આ એક

ભંગને *'૩૩'ની સમસ્યાથી–સંજ્ઞાથી–ઓળખી શકાય. ૨ થી ૪ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદના ત્રણે લઈને તેના પર મન, વચન, કાયામાંથી બબ્બે લગાવ્યાં. એ રીતે બનેલા આ ત્રણ ભંગોને, '૩૨'ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૫ થી ૭ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદના ત્રણે લઈને તેના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યું. આ ત્રણ ભંગોને '૩૧'ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૮ થી ૧૦ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેમના પર મન, વચન, કાયા ત્રણે લગાવ્યાં. આ ત્રણ ભંગોને '૨૩'ની સંજ્ઞાવાળા ભંગો તરીકે ઓળખી શકાય. ૧૧ થી ૧૯ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેમના પર મન, વચન, કાયામાંથી બબ્બે લગાવ્યાં. આ નવ ભંગોને '૨૨'ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૨૦ થી ૨૮ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેમના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યું. આ નવ ભંગોને '૨૧'ની સંજ્ઞાવાળા ભંગો તરીકે ઓળખી શકાય. ૨૯ થી ૩૧ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના પર મન, વચન, કાયા ત્રણે લગાવ્યાં. આ ત્રણ ભંગોને '૧૩'ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૩૨ થી ૪૦ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના પર મન, વચન, કાયામાંથી બબ્બે લગાવ્યાં. આ નવ ભંગોને '૧૨'ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૪૧ થી ૪૯ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યું. આ નવ ભંગોને '૧૧'ની સંજ્ઞાથી ઓળખી શકાય. બધા મળીને ૪૯ ભંગ થયા.)

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છેઃ–

(आर्या)

**मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।। २२६ ।।**

**શ્લોકાર્થઃ-** [ यद् अहम् मोहात् अकार्षम् ] જે મેં મોહથી અર્થાત્ અજ્ઞાનથી (ભૂત કાળમાં) કર્મ કર્યાં, [ तत् समस्तम् अपि कर्म प्रतिक्रम्य ] તે સમસ્ત કર્મને

* કૃત, કારિત, અનુમોદના–એ ત્રણે લીધાં તે બતાવવા પ્રથમ '૩'નો આંકડો મૂકવો, અને પછી મન, વચન, કાયા–એ ત્રણે લીધાં તે બતાવવા તેની પાસે બીજો '૩'નો આંકડો મૂકવો. આ રીતે '૩૩'ની સમસ્યા થઈ.

* કૃત, કારિત, અનુમોદના ત્રણે લીધાં તે બતાવવા પ્રથમ '૩'નો આંકડો મૂકવો; અને પછી મન, વચન, કાયામાંથી બે લીધાં તે બતાવવા '૩'ની પાસે '૨'નો આંકડો મૂકવો. એ રીતે '૩૨'ની સંજ્ઞા થઈ.

**इति प्रतिक्रमणकल्पः समाप्तः।**

**न करोमि, न कारयामि, कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा च कायेन चेति १। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा चेति २। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च कायेन चेति ३। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा च कायेन चेति ४। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा चेति ५। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा**

---

પ્રતિક્રમીને [ निष्कर्मणि चैतन्य–आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते ] હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું (એમ જ્ઞાની અનુભવ કરે છે).

**ભાવાર્થઃ**-ભૂત કાળમાં કરેલા કર્મને ૪૯ ભંગપૂર્વક મિથ્યા કરનારું પ્રતિક્રમણ કરીને જ્ઞાની જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન થઈને નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરે, તેનું આ વિધાન (વિધિ) છે. 'મિથ્યા' કહેવાનું પ્રયોજન આ પ્રમાણે છેઃ-જેવી રીતે, કોઈએ પહેલાં ધન કમાઈને ઘરમાં રાખ્યું હતું; પછી તેના પ્રત્યે મમત્વ છોડયું ત્યારે તેને ભોગવવાનો અભિપ્રાય ન રહ્યો; તે વખતે, ભૂત કાળમાં જે ધન કમાયો હતો તે નહિ કમાયા સમાન જ છે; તેવી રીતે, જીવે પહેલાં કર્મ બાંધ્યું હતું; પછી જ્યારે તેને અહિતરૂપ જાણીને તેના પ્રત્યે મમત્વ છોડયું અને તેના ફળમાં લીન ન થયો, ત્યારે ભૂત કાળમાં જે કર્મ બાંધ્યું હતું તે નહિ બાંધ્યા સમાન મિથ્યા જ છે. ૨૨૬.

આ રીતે પ્રતિક્રમણ-કલ્પ (અર્થાત્ પ્રતિક્રમણનો વિધિ) સમાપ્ત થયો.

(હવે ટીકામાં આલોચનાકલ્પ કહે છેઃ-)

હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી. કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી, વચનથી તથા કાયાથી. ૧.

હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા વચનથી. ૨. હું (વર્તમાનમાં) કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા કાયાથી. ૩. હું કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, વચનથી તથા કાયાથી ૪.

હું કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી. ૫. હું કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી,

**चेति ६। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, कायेन चेति ७। न करोमि, न कारयामि, मनसा च वाचा च कायेन चेति ८। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा च कायेन चेति ९। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा च कायेन चेति १०। न करोमि, न कारयामि, मनसा च वाचा चेति ११। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा चेति १२। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा चेति १३। न करोमि, न कारयामि, मनसा च कायेन चेति १४। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च कायेन चेति १५। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च कायेन चेति १६। न करोमि, न कारयामि, वाचा च कायेन चेति १७। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा च कायेन चेति १८। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा च कायेन चेति १९। न करोमि, न कारयामि, मनसा चेति २०। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा चेति २१।**

---

વચનથી. ૬. હું કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, કાયાથી. ૭.

હું કરતો નથી, કરાવતો નથી, મનથી, વચનથી તથા કાયાથી. ૮. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી, વચનથી તથા કાયાથી. ૯. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી, વચનથી તથા કાયાથી. ૧૦.

હું કરતો નથી, કરાવતો નથી, મનથી તથા વચનથી. ૧૧. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા વચનથી. ૧૨. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા વચનથી. ૧૩. હું કરતો નથી, કરાવતો નથી, મનથી તથા કાયાથી. ૧૪. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા કાયાથી. ૧૫. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા કાયાથી. ૧૬. હું કરતો નથી, કરાવતો નથી, વચનથી તથા કાયાથી. ૧૭. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, વચનથી તથા કાયાથી. ૧૮. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, વચનથી તથા કાયાથી. ૧૯.

હું કરતો નથી, કરાવતો નથી, મનથી. ૨૦. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી. ૨૧. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને

**न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा चेति २२। न करोमि, न कारयामि, वाचा चेति २३। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा चेति २४। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा चेति २५। न करोमि, न कारयामि, कायेन चेति २६। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, कायेन चेति २७। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, कायेन चेति २८। न करोमि मनसा च वाचा च कायेन चेति २९। न कारयामि मनसा च वाचा च कायेन चेति ३०। न कुर्वन्तमप्यन्यं समनुजानामि मनसा च वाचा च कायेन चेति ३१। न करोमि मनसा च वाचा चेति ३२। न कारयामि मनसा च वाचा चेति ३३। न कुर्वन्तमप्यन्यं समनुजानामि मनसा च वाचा चेति ३४। न करोमि मनसा च कायेन चेति ३५। न कारयामि मनसा च कायेन चेति ३६। न कुर्वन्तमप्यन्यं समनुजानामि मनसा च कायेन चेति ३७। न करोमि वाचा च कायेन चेति ३८। न कारयामि वाचा च कायेन चेति ३९। न कुर्वन्तमप्यन्यं समनुजानामि वाचा च कायेन चेति ४०। न करोमि मनसा चेति ४१। न कारयामि मनसा चेति ४२। न कुर्वन्तमप्यन्यं समनुजानामि**

---

અનુમોદતો નથી, મનથી. ૨૨. હું કરતો નથી, કરાવતો નથી, વચનથી. ૨૩. હું કરતો નથી, અન્ય કરતો હતો તેને અનુમોદતો નથી, વચનથી. ૨૪. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, વચનથી. ૨૫. હું કરતો નથી, કરાવતો નથી, કાયાથી. ૨૬. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, કાયાથી. ૨૭. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, કાયાથી. ૨૮.

હું કરતો નથી મનથી, વચનથી તથા કાયાથી. ૨૯. હું કરાવતો નથી મનથી, વચનથી તથા કાયાથી. ૩૦. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી મનથી, વચનથી તથા કાયાથી. ૩૧.

હું કરતો નથી મનથી તથા વચનથી. ૩૨. હું કરાવતો નથી મનથી તથા વચનથી. ૩૩. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી મનથી તથા વચનથી. ૩૪. હું કરતો નથી મનથી તથા કાયાથી. ૩૫. હું કરાવતો નથી મનથી તથા કાયાથી. ૩૬. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી મનથી તથા કાયાથી. ૩૭. હું કરતો નથી વચનથી તથા કાયાથી. ૩૮. હું કરાવતો નથી વચનથી તથા કાયાથી. ૩૯. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી વચનથી તથા કાયાથી. ૪૦.

હું કરતો નથી મનથી. ૪૧. હું કરાવતો નથી મનથી. ૪૨. હું અન્ય કરતો

**मनसा चेति ४३। न करोमि वाचा चेति ४४। न कारयामि वाचा चेति ४५। न कुर्वन्तमप्यन्यं समनुजानामि वाचा चेति ४६। न करोमि कायेन चेति ४७। न कारयामि कायेन चेति ४८। न कुर्वन्तमप्यन्यं समनुजानामि कायेन चेति ४९।**

(आर्या)

**मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।। २२७ ।।**

**इत्यालोचनाकल्पः समाप्तः।**

---

હોય તેને અનુમોદતો નથી મનથી. ૪૩. હું કરતો નથી વચનથી. ૪૪. હું કરાવતો નથી વચનથી. ૪૫. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી વચનથી. ૪૬. હું કરતો નથી કાયાથી. ૪૭. હું કરાવતો નથી કાયાથી. ૪૮. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી કાયાથી. ૪૯. (આ રીતે, પ્રતિક્રમણના જેવા જ આલોચનામાં પણ ૪૯ ભંગ કહ્યા.)

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** (નિશ્ચયચારિત્રને અંગીકાર કરનાર કહે છે કે–) [मोहविलासविजृम्भितम् इदम् उदयत् कर्म] મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (ઉદયમાં આવતું) કર્મ [सकलम् आलोच्य] તે સમસ્તને આલોચીને (–તે સર્વ કર્મની આલોચના કરીને–) [निष्कर्मणि चैतन्य–आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते] હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (–પોતાથી જ–) નિરંતર વર્તું છું.

**ભાવાર્થઃ-** વર્તમાન કાળમાં કર્મનો ઉદય આવે તેના વિષે જ્ઞાની એમ વિચારે છે કે–પૂર્વે જે કર્મ બાંધ્યું હતું તેનું આ કાર્ય છે, મારું તો આ કાર્ય નથી. હું આનો કર્તા નથી, હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું. તેની દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે. તે દર્શનજ્ઞાનરૂપ પ્રવૃતિ વડે હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર–જાણનાર છું. મારા સ્વરૂપમાં જ હું વર્તું છું. આવું અનુભવન કરવું તે જ નિશ્ચયચારિત્ર છે. ૨૨૭.

આ રીતે આલોચનાકલ્પ સમાપ્ત થયો.

(હવે ટીકામાં પ્રત્યાખ્યાનકલ્પ અર્થાત્ પ્રત્યાખ્યાનનો વિધિ કહે છેઃ–

(પ્રત્યાખ્યાન કરનાર કહે છે કેઃ–)

**न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा च कायेन चेति १। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा चेति २। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च कायेन चेति ३। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा च कायेन चेति ४। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा चेति ५। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा चेति ६। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, कायेन चेति ७। न करिष्यामि, न कारयिष्यामि, मनसा च वाचा च कायेन चेति ८। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा च कायेन चेति ९। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा च कायेन चेति १०। न करिष्यामि, न कारयिष्यामि, मनसा च वाचा चेति ११। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा चेति १२।**

---

હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી. ૧.

હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા વચનથી. ૨. હું કરીશ નહિ, કરાવીશ, નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા કાયાથી. ૩. હું કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી તથા કાયાથી. ૪.

હું કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી. ૫. હું કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી. ૬. હું કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, કાયાથી. ૭.

હું કરીશ નહિ, કરાવીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી. ૮. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી ૯. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી. ૧૦.

હું કરીશ નહિ, કરાવીશ નહિ, મનથી તથા વચનથી. ૧૧. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા વચનથી. ૧૨. હું કરાવીશ

**न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा चेति १३। न करिष्यामि, न कारयिष्यामि, मनसा च कायेन चेति १४। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च कायेन चेति १५। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च कायेन चेति १६। न करिष्यामि, न कारयिष्यामि, वाचा च कायेन चेति १७। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा च कायेन चेति १८। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा च कायेन चेति १९। न करिष्यामि, न कारयिष्यामि, मनसा चेति २०। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा चेति २१। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा चेति २२। न करिष्यामि, न कारयिष्यामि, वाचा चेति २३। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा चेति २४। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा चेति २५। न करिष्यामि, न कारयिष्यामि, कायेन चेति २६। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, कायेन चेति २७। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, कायेन चेति २८। न करिष्यामि मनसा च वाचा**

---

નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા વચનથી. ૧૩. હું કરીશ નહિ, કરાવીશ નહિ, મનથી તથા કાયાથી. ૧૪. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા કાયાથી. ૧૫. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા કાયાથી. ૧૬. હું કરીશ નહિ, કરાવીશ નહિ, વચનથી તથા કાયાથી. ૧૭. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી તથા કાયાથી. ૧૮. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી તથા કાયાથી. ૧૯.

હું કરીશ નહિ, કરાવીશ નહિ, મનથી. ૨૦. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી. ૨૧. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી. ૨૨. હું કરીશ નહિ, કરાવીશ નહિ, વચનથી. ૨૩. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી ૨૪. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી. ૨૫. હું કરીશ નહિ, કરાવીશ નહિ, કાયાથી. ૨૬. હું કરીશ નહિ, અન્ય કરતા હોય તેને અનુમોદીશ નહિ, કાયાથી. ૨૭. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, કાયાથી. ૨૮.

**च कायेन चेति २९। न कारयिष्यामि मनसा च वाचा च कायेन चेति ३०। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा च कायेन चेति ३१। न करिष्यामि मनसा च वाचा चेति ३२। न कारयिष्यामि मनसा च वाचा चेति ३३। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा चेति ३४। न करिष्यामि मनसा च कायेन चेति ३५। न कारयिष्यामि मनसा च कायेन चेति ३६। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि मनसा च कायेन चेति ३७। न करिष्यामि वाचा च कायेन चेति ३८। न कारयिष्यामि वाचा च कायेन चेति ३९। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि वाचा च कायेन चेति ४०। न करिष्यामि मनसा चेति ४१। न कारयिष्यामि मनसा चेति ४२। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि मनसा चेति ४३। न करिष्यामि वाचा चेति ४४। न कारयिष्यामि वाचा चेति ४५। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि वाचा चेति ४६। न करिष्यामि कायेन चेति ४७। न कारयिष्यामि कायेन चेति ४८। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि कायेन चेति ४९।**

---

હું કરીશ નહિ મનથી, વચનથી તથા કાયાથી. ૨૯. હું કરાવીશ નહિ મનથી, વચનથી તથા કાયાથી. ૩૦. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ મનથી, વચનથી તથા કાયાથી. ૩૧.

હું કરીશ નહિ મનથી તથા વચનથી. ૩૨. હું કરાવીશ નહિ મનથી તથા વચનથી. ૩૩. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ મનથી તથા વચનથી. ૩૪ હું કરીશ નહિ મનથી તથા કાયાથી. ૩૫. હું કરાવીશ નહિ મનથી તથા કાયાથી. ૩૬. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ મનથી તથા કાયાથી. ૩૭. હું કરીશ નહિ વચનથી તથા કાયાથી. ૩૮. હું કરાવીશ નહિ વચનથી તથા કાયાથી ૩૯. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ વચનથી તથા કાયાથી. ૪૦.

હું કરીશ નહિ મનથી. ૪૧. હું કરાવીશ નહિ મનથી. ૪૨. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ મનથી. ૪૩. હું કરીશ નહિ વચનથી. ૪૪. હું કરાવીશ નહિ વચનથી. ૪૫. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ વચનથી. ૪૬. હું કરીશ નહિ કાયાથી. ૪૭. હું કરાવીશ નહિ કાયાથી. ૪૮. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ કાયાથી. ૪૯. (આ રીતે, પ્રતિક્રમણના જેવા જ પ્રત્યાખ્યાનમાં પણ ૪૯ ભંગ કહ્યા.)

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

( आर्या )

**प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।। २२८ ।।**

**इति प्रत्याख्यानकल्पः समाप्तः।**

( उपजाति )

**समस्तमित्येवमपास्य कर्म**
**त्रैकालिकं शुद्धनयावलम्बी।**
**विलीनमोहो रहितं विकारै-**
**श्चिन्मात्रमात्मानमथावलम्बे।। २२९ ।।**

---

**શ્લોકાર્થઃ-** (પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે-) [ भविष्यत् समस्तं कर्म प्रत्याख्याय ] ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (-ત્યાગીને), [ निरस्त–सम्मोहः निष्कर्मणि चैतन्य–आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते ] જેનો મોહ નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું.

**ભાવાર્થઃ-**નિશ્ચયચારિત્રમાં પ્રત્યાખ્યાનનું વિધાન એવું છે કે-સમસ્ત આગામી કર્મોથી રહિત, ચૈતન્યની પ્રવૃત્તિરૂપ (પોતાના) શુદ્ધોપયોગમાં વર્તવું તે પ્રત્યાખ્યાન. તેથી જ્ઞાન આગામી સમસ્ત કર્મોનું પ્રત્યાખ્યાન કરીને પોતાના ચૈતન્યસ્વરૂપમાં વર્તે છે.

અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવુંઃ-વ્યવહારચારિત્રમાં તો પ્રતિજ્ઞામાં જે દોષ લાગે તેનું પ્રતિક્રમણ, આલોચના તથા પ્રત્યાખ્યાન હોય છે. અહીં નિશ્ચયચારિત્રનું પ્રધાનપણે કથન હોવાથી શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો આત્માના દોષસ્વરૂપ છે. તે સર્વ કર્મચેતનાસ્વરૂપ પરિણામોનું-ત્રણે કાળનાં કર્મોનું-પ્રતિક્રમણ, આલોચના તથા પ્રત્યાખ્યાન કરીને જ્ઞાની સર્વ કર્મચેતનાથી જુદા પોતાના શુદ્ધોપયોગરૂપ આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન વડે અને તેમાં સ્થિર થવાના વિધાન વડે નિષ્પ્રમાદ દશાને પ્રાપ્ત થઈ, શ્રેણી ચડી, કેવળજ્ઞાન ઉપજાવવાની સન્મુખ થાય છે. આ, જ્ઞાનીનું કાર્ય છે. ૨૨૮.

આ રીતે પ્રત્યાખ્યાનકલ્પ સમાપ્ત થયો.

હવે સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવવા વિષેનું કથન પૂર્ણ કરતાં, કળશરૂપ કાવ્ય કહેઃ-

**શ્લોકાર્થઃ-** (શુદ્ધનયનું આલંબન કરનાર કહે છે કે-) [ इति एवम् ]

**अथ सकलकर्मफलसंन्यासभावनां नाटयति-**

(आर्या)

**विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।**
**सञ्चेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानम्।। २३० ।।**

**नाहं मतिज्ञानावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १।**

---

પૂર્વોક્ત રીતે [ त्रैकालिकं समस्तम् कर्म ] ત્રણે કાળનાં સમસ્ત કર્મોને [ अपास्य ] દૂર કરીને–છોડીને, [ शुद्धनय–अवलम्बी ] શુદ્ધનયાવલંબી (અર્થાત્ શુદ્ધનયને અવલંબનાર) અને [ विलीन–मोहः ] વિલીનમોહ (અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે) એવો હું [ अथ ] હવે [ विकारैः रहितं चिन्मात्रम् आत्मानम् ] (સર્વ) વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માને [ अवलम्बे ] અવલંબું છું. ૨૨૯.

હવે સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવે છેઃ–

(ત્યાં પ્રથમ, તે કથનના સમુચ્ચય-અર્થનું કાવ્ય કહે છેઃ–)

**શ્લોકાર્થઃ-** (સમસ્ત કર્મફળની સંન્યાસભાવના કરનાર કહે છે કે–) [ कर्म–विष–तरु–फलानि ] કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ [ मम भुक्तिम् अन्तरेण एव ] મારા ભોગવ્યા વિના જ [ विगलन्तु ] ખરી જાઓ; [ अहम् चैतन्य–आत्मानम् आत्मानम् अचलं सञ्चेतये ] હું (મારા) ચૈતન્યસ્વરૂપ આત્માને નિશ્ચળપણે સંચેતું છું–અનુભવું છું.

**ભાવાર્થઃ-**જ્ઞાની કહે છે કે–જે કર્મ ઉદયમાં આવે છે તેના ફળને હું જ્ઞાતા–દ્રષ્ટાપણે જાણું–દેખું છું, તેનો ભોક્તા થતો નથી, માટે મારા ભોગવ્યા વિના જ તે કર્મ ખરી જાઓ; હું મારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં લીન થયો થકો તેનો દેખનાર–જાણનાર જ હોઉં.

અહીં એટલું વિશેષ જાણવું કે–અવિરત, દેશવિરત તથા પ્રમત્તસંયત દશામાં તો આવું જ્ઞાન–શ્રદ્ધાન જ પ્રધાન છે, અને જ્યારે જીવ અપ્રમત્ત દશાને પામીને શ્રેણી ચડે છે ત્યારે આ અનુભવ સાક્ષાત્ હોય છે. ૨૩૦.

(હવે ટીકામાં સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવે છેઃ–)

હું (જ્ઞાની હોવાથી) મતિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું અર્થાત્ એકાગ્રપણે અનુભવું છું. (અહીં 'ચેતવું' એટલે અનુભવવું, વેદવું, ભોગવવું. 'સં' ઉપસર્ગ લાગવાથી, 'સંચેતવું' એટલે 'એકાગ્રપણે અનુભવવું' એવો અર્થ અહીં બધા પાઠોમાં સમજવો.) ૧. હું શ્રુત–

**नाहं श्रुतज्ञानावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २। नाहमवधिज्ञानावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३। नाहं मनःपर्ययज्ञानावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४। नाहं केवलज्ञानावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५।**

**नाहं चक्षुर्दर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६। नाहमचक्षुर्दर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७। नाहमवधिदर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८। नाहं केवलदर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९। नाहं निद्रादर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०। नाहं निद्रानिद्रादर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११। नाहं प्रचलादर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२। नाहं प्रचलाप्रचलादर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३। नाहं स्त्यानगृद्धिदर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४।**

---

જ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું–અનુભવું છું. ૨. હું અવધિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩. હું મનઃપર્યયજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪. હું કેવળજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫.

હું ચક્ષુર્દર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬. હું અચક્ષુર્દર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭. હું અવધિદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮. હું કેવળદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯. હું નિદ્રાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦. હું નિદ્રાનિદ્રાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧. હું પ્રચલાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨ હું પ્રચલાપ્રચલાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩. હું સ્ત્યાનગૃદ્ધિદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪.

नाहं सातवेदनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १५। नाहमसातवेदनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १६।

नाहं सम्यक्त्वमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १७। नाहं मिथ्यात्वमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १८। नाहं सम्यक्त्वमिथ्यात्वमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १९। नाहमनन्तानुबन्धिक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २०। नाहमप्रत्याख्यानावरणीयक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २१। नाहं प्रत्याख्यानावरणीयक्रोधकषायवेदनीय-मोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २२। नाहं संज्वलनक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २३। नाहमनन्तानुबन्धिमानकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २४। नाहमप्रत्याख्यानावरणीयमानकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २५। नाहं प्रत्याख्यानावरणीयमान-

---

હું શાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૫. હું અશાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૬.

હું સમ્યક્ત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૭. હું મિથ્યાત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૮. હું સમ્યક્ત્વમિથ્યાત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૯. હું અનંતાનુબંધિક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૦. હું અપ્રત્યાખ્યાનાવરણીયક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૧. હુ પ્રત્યાખ્યાનાવરણીયક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૨. હું સંજ્વલનક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૩. હું અનંતાનુબંધિમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૪. હું અપ્રત્યાખ્યાનાવરણીયમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૫. હું પ્રત્યાખ્યાનાવરણીયમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને

**कषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २६। नाहं सञ्ज्वलनमानकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २७। नाहमनन्तानुबन्धिमायाकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २८। नाहमप्रत्याख्यानावरणीयमायाकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २९। नाहं प्रत्याख्यानावरणीयमायाकषायवेदनीय-मोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३०। नाहं सञ्ज्वलनमायाकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३१। नाहमनन्तानुबन्धिलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३२। नाहमप्रत्याख्यानावरणीयलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३३। नाहं प्रत्याख्यानावरणीयलोभ-कषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३४। नाहं सञ्ज्वलनलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३५। नाहं हास्यनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३६। नाहं रतिनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव**

---

નથી ભોગવતો ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૬. હું સંજ્વલનમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૭. હું અનંતાનુબંધિમાયાકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૮. હું અપ્રત્યાખ્યાનાવરણીયમાયાકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૯. હું પ્રત્યાખ્યાનાવરણીયમાયાકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૦ હું સંજ્વલનમાયાકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૧. હું અનંતાનુબંધિલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૨. હું અપ્રત્યાખ્યાનાવરણીયલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૩. હું પ્રત્યાખ્યાનાવરણીયલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૪. હું સંજ્વલનલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૫. હું હાસ્યનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૬. હું રતિનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ

सञ्चेतये ३७। नाहमरतिनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३८। नाहं शोकनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३९। नाहं भयनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४०। नाहं जुगुप्सानोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४१। नाहं स्त्रीवेदनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४२। नाहं पुंवेदनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४३। नाहं नपुंसकवेदनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४४।

नाहं नरकायुःकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४५। नाहं तिर्यगायुःकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४६। नाहं मानुषायुःकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४७। नाहं देवायुःकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४८।

नाहं नरकगतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४९। नाहं

---

આત્માને જ સંચેતું છું. ૩૭. હું અરતિનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૮. હું શોકનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૯. હું ભયનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૦. હું જુગુપ્સાનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૧. હું સ્ત્રીવેદનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૨. હું પુરુષવેદનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૩. હું નપુંસકવેદનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૪.

હું નરક-આયુકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૫. હું તિર્યંચ-આયુકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૬. હું મનુષ્ય-આયુકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું ૪૭. હું દેવ-આયુકર્મના ફળને નથી ભોગવતો ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૮.

હું નરકગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ

**तिर्यग्गतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५०। नाहं मनुष्यगतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५१। नाहं देवगतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५२। नाहमेकेन्द्रियजातिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५३। नाहं द्वीन्द्रियजातिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५४। नाहं त्रीन्द्रियजातिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५५। नाहं चतुरिन्द्रियजातिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५६। नाहं पञ्चेन्द्रियजातिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५७। नाहमौदारिकशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५८। नाहं वैक्रियिकशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५९। नाहमाहारकशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६०। नाहं तैजसशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६१। नाहं कार्मणशरीरनामकर्मफलं भुञ्जे, चेतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६२। नाहमौदारिकशरीराङ्गोपाङ्गनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६३। नाहं वैक्रियिकशरीराङ्गोपाङ्गनाम-**

---

સંચેતું છું. ૪૯. હું તિર્યંચગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૦. હું મનુષ્યગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૧. હું દેવગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૨. હું એકેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૩. હું દ્વીંદ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૪. હું ત્રીન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૫. હું ચતુરિન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૬. હું પંચેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૭. હું ઔદારિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૮. હું વૈક્રિયિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૯. હું આહારકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૦. હું તૈજસશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૧. હું કાર્મણશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું ૬૨. હું ઔદારિકશરીર–અંગોપાંગનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૩. હું વૈક્રિયિકશરીર–અંગોપાંગનામકર્મના

**कर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६४। नाहमाहारकशरीराङ्गोपाङ्गनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६५। नाहमौदारिकशरीरबन्धननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६६। नाहं वैक्रियिकशरीरबन्धननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६७। नाहमाहारकशरीरबन्धननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६८। नाहं तैजसशरीरबन्धननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६९। नाहं कार्मणशरीरबन्धननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७०। नाहमौदारिकशरीरसङ्घातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७१। नाहं वैक्रियकशरीरसङ्घातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७२। नाहमाहारकशरीरसङ्घातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७३। नाहं तैजसशरीरसङ्घातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७४। नाहं कार्मणशरीरसङ्घातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७५। नाहं समचतुरस्रसंस्थाननामकर्मफलं भुञ्जे, चेतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७६। नाहं न्यग्रोधपरिमण्डलसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७७।**

---

ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૪. હું આહારકશરીરઅંગોપાંગનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૫. હું ઔદારિકશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૬. હું વૈક્રિયિકશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૭. હું આહારકશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૮. હું તૈજસશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૯. હું કાર્મણશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૦. હું ઔદારિકશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૧. હું વૈક્રિયિકશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૨. હું આહારકશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૩. હું તૈજસશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૪. હું કાર્મણશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૫. હું સમચતુરસ્રસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૬. હું ન્યગ્રોધપરિમંડલસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૭. હું

**नाहं स्वातिसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७८। नाहं कुब्जसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७९। नाहं वामनसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८०। नाहं हुण्डकसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८१। नाहं वज्रर्षभनाराचसंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८२। नाहं वज्रनाराचसंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८३। नाहं नाराचसंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८४। नाहमर्धनाराचसंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८५। नाहं कीलिकासंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८६। नाहमसम्प्राप्तासृपाटिकासंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८७। नाहं स्निग्धस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८८। नाहं रूक्षस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८९। नाहं शीतस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९०। नाहमुष्णस्पर्शनामकर्मफलं मुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९१। नाहं गुरुस्पर्शनाम-**

---

સાતિકસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૮. હું કુબ્જકસંસ્થાનનાકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૯. હું વામનસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૦. હું હુંડકસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૧. હું વજર્ષભનારાચસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૨. હું વજનારાચસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૩. હું નારાચસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૪. હું અર્ધનારાચસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૫. હું કીલિકાસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૬. હું અસંપ્રાપ્તાસૃપાટિકાસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૭. હું સ્નિગ્ધસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૮. હું રૂક્ષસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૯. હું શીતસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૦. હું ઉષ્ણસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૧. હું ગુરુસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ

**कर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९२। नाहं लघुस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९३। नाहं मृदुस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९४। नाहं कर्कशस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९५। नाहं मधुररसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९६। नाहमाम्लरसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९७। नाहं तिक्तरसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९८। नाहं कटुकरसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९९। नाहं कषायरसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १००। नाहं सुरभिगन्धनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०१। नाहमसुरभिगन्धनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०२। नाहं शुक्लवर्णनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०३। नाहं रक्तवर्णनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०४। नाहं पीतवर्णनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०५। नाहं हरितवर्णनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव**

---

સંચેતું છું ૯૨. હું લઘુસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૩. હું મૃદુસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૪. હું કર્કશસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૫. હું મધુરરસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૬. હું આમ્લરસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૭. હું તિક્તરસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૮. હું કટુકરસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૯. હું કષાયરસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૦. હું સુરભિગંધનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છં. ૧૦૧. હું અસુરભિગંધનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૨. હું શુકલવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૩. હું રક્તવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૪. હું પીતવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૫. હું હરિતવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૬.

**सञ्चेतये १०६। नाहं कृष्णवर्णनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०७। नाहं नरकगत्यानुपूर्वीनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०८। नाहं तिर्यग्गत्यानुपूर्वीनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०९। नाहं मनुष्यगत्यानुपूर्वीनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११०। नाहं देवगत्यानुपूर्वीनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १११। नाहं निर्माणनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११२। नाहमगुरुलघुनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११३। नाहमुपघातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११४। नाहं परघातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११५। नाहमातपनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११६। नाहमुद्योतनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११७। नाहमुच्छ्वासनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११८। नाहं प्रशस्तविहायोगतिनामकर्मफलं भुञ्चे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११९। नाहमप्रशस्तविहायोगतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२०। नाहं**

---

હું કૃષ્ણવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૭. હું નરકગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૮. હું તિર્યંચગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું ૧૦૯. હું મનુષ્યગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૦. હું દેવગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૧. હું નિર્માણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૨. હું અગુરુલઘુનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૩. હું ઉપઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૪. હું પરઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૫. હું આતપનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૬. હું ઉદ્યોતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૭. હું ઉચ્છ્વાસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૮. હું પ્રશસ્તવિહાયોગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૯. હું અપ્રશસ્તવિહાયોગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ

**साधारणशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२१। नाहं प्रत्येकशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२२। नाहं स्थावरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२३। नाहं त्रसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२४। नाहं सुभगनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२५। नाहं दुर्भगनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२६। नाहं सुस्वरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२७। नाहं दुःस्वरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२८। नाहं शुभनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२९। नाहमशुभनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३०। नाहं सूक्ष्मशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३१। नाहं बादरशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३२। नाहं पर्याप्तनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३३। नाहमपर्याप्तनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३४। नाहं स्थिरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव**

---

આત્માને જ સંચેતું છું. ૧૨૦. હું સાધારણશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૧. હું પ્રત્યેકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૨. હું સ્થાવરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૩. હું ત્રસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૪. હું સુભગનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૫. હું દુર્ભગનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૬. હું સુસ્વરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૭. હું દુઃસ્વરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૮. હું શુભનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૯. હું અશુભનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૦. હું સૂક્ષ્મશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૧. હું બાદરશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૨. હું પર્યાપ્તનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૩. હું અપર્યાપ્તનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૪. હું સ્થિરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૫. હું

**सञ्चेतये १३५। नाहमस्थिरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३६। नाहमादेयनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३७। नाहमनादेयनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३८। नाहं यशःकीर्तिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३९। नाहमयशःकीर्तिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४०। नाहं तीर्थकरत्वनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४१।**

**नाहमुच्चैर्गोत्रकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४२। नाहं नीचैर्गोत्रकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४३।**

**नाहं दानान्तरायकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४४। नाहं लाभान्तरायकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४५। नाहं भोगान्तरायकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४६। नाहमुपभोगान्तरायकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४७। नाहं वीर्यान्तरायकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४८।**

---

અસ્થિરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૬. હું આદેયનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૭. હું અનાદેયનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૮. હું યશઃકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૯. હું અયશઃકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૦. હું તીર્થંકરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૧.

હું ઉચ્ચગોત્રકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૨. હું નીચગોત્રકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૩.

હું દાનાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૪. હું લાભાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૫. હું ભોગાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૬. હું ઉપભોગાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૭. હું વીર્યાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૮. (આ પ્રમાણે જ્ઞાની સકળ કર્મોના ફળના સંન્યાસની ભાવના કરે છે).

( वसन्ततिलका )

**निःशेषकर्मफलसंन्यसनान्ममैवं**
**सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः।**
**चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं**
**कालावलीयमचलस्य वहत्वनन्ता।। २३१ ।।**

---

(અહીં ભાવના એટલે વારંવાર ચિંતવન કરીને ઉપયોગનો અભ્યાસ કરવો તે. જ્યારે જીવ સમ્યગ્દ્રષ્ટિ-જ્ઞાની થાય છે ત્યારે તેને જ્ઞાન-શ્રદ્ધાન તો થયું જ કે 'હું શુદ્ધનયે સમસ્ત કર્મથી અને કર્મના ફળથી રહિત છું'. પરંતુ પૂર્વે બાંધેલાં કર્મ ઉદયમાં આવે તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને, ત્રણે કાળ સંબંધી ઓગણપચાસ ઓગણપચાસ ભંગો વડે કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને તથા સર્વ કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને, એક ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું. અવિરત, દેશવિરત અને પ્રમત્ત અવસ્થાવાળા જીવને જ્ઞાનશ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ; અને જ્યારે જીવ અપ્રમત્ત દશા પ્રાપ્ત કરીને એકાગ્ર ચિત્તથી ધ્યાન કરે, કેવળ ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે અને શુદ્ધોપયોગરૂપ થાય, ત્યારે નિશ્ચયચારિત્રરૂપ શુદ્ધોપયોગભાવથી શ્રેણી ચડીને કેવળજ્ઞાન ઉપજાવે છે. તે વખતે એ ભાવનાનું ફળ જે કર્મચેતનાથી અને કર્મફળચેતનાથી રહિત સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ પરિણમન તે થાય છે. પછી આત્મા અનંત કાળ સુધી જ્ઞાનચેતનારૂપ જ રહેતો થકો પરમાનંદમાં મગ્ન રહે છે.)

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** (સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને જ્ઞાનચેતનાની ભાવના કરનાર જ્ઞાની કહે છે કેઃ) [ एवं ] પૂર્વોક્ત રીતે [ निःशेष–कर्म–फलं–संन्यसनात् ] સમસ્ત કર્મના ફળનો સંન્યાસ કરવાથી [ चैतन्य–लक्ष्म आत्मतत्त्वं भृशम् भजतः सर्व–क्रियान्तर–विहार–निवृत्त–वृत्तेः ] હું ચૈતન્ય જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વને અતિશયપણે ભોગવું છું અને તે સિવાયની અન્ય સર્વ ક્રિયામાં વિહારથી મારી વૃત્તિ નિવૃત્ત છે (અર્થાત્ આત્મતત્ત્વના ભોગવટા સિવાયની અન્ય જે ઉપયોગની ક્રિયા-વિભાવરૂપ ક્રિયા-તેમાં મારી પરિણતિ વિહાર કરતી નથી-પ્રવર્તતી નથી); [ अचलस्य मम ] એમ આત્મતત્ત્વના ભોગવટામાં અચળ એવા મને, [ इयम् काल–आवली ] આ કાળની આવલી કે જે [ अनन्ता ] પ્રવાહરૂપે અનંત છે તે, [ वहतु ] આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો-જાઓ. (ઉપયોગની પ્રવૃત્તિ અન્યમાં કદી પણ ન જાઓ.)

**ભાવાર્થઃ-**આવી ભાવના કરનાર જ્ઞાની એવો તૃપ્ત થયો છે કે જાણે ભાવના કરતાં સાક્ષાત્ કેવળી જ થયો હોય; તેથી તે અનંત કાળ સુધી એવો જ રહેવાનું ચાહે છે. અને તે યોગ્ય જ છે; કારણ કે આ જ ભાવનાથી કેવળી થવાય છે.

( वसन्ततिलका )

**यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां**
**भुंक्ते फलानि न खलु स्वत एव तृप्तः।**
**आपातकालरमणीयमुदर्करम्यं**
**निष्कर्मशर्ममयमेति दशान्तरं सः।। २३२ ।।**

( स्रग्धरा )

**अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च**
**प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसञ्चेतनायाः।**
**पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसञ्चेतनां स्वां**
**सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु।। २३३ ।।**

---

કેવળજ્ઞાન ઊપજવાનો પરમાર્થ ઉપાય આ જ છે. બાહ્ય વ્યવહારચારિત્ર છે તે આના જ સાધનરૂપ છે; અને આના વિના વ્યવહારચારિત્ર શુભકર્મને બાંધે છે, મોક્ષનો ઉપાય નથી. ૨૩૧.

ફરી કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ पूर्व–भाव–कृत–कर्म–विषद्रुमाणां फलानि यः न भुंक्ते ] પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી અને [ खलु स्वतः एव तृप्तः ] ખરેખર પોતાથી જ (–આત્મસ્વરૂપથી જ) તૃપ્ત છે, [ सः आपात–काल–रमणीयम् उदर्क–रम्यम् निष्कर्म–शर्ममयम् दशान्तरम् एति ] તે પુરુષ, જે વર્તમાન કાળે રમણીય છે અને ભવિષ્યમાં પણ જેનું ફળ રમણીય છે એવી નિષ્કર્મ–સુખમય દશાંતરને પામે છે (અર્થાત્ જે પૂર્વે સંસાર–અવસ્થામાં કદી થઈ નહોતી એવી જાુદા પ્રકારની કર્મરહિત સ્વાધીન સુખમય દશાને પામે છે).

**ભાવાર્થઃ-**જ્ઞાનચેતનાની ભાવનાનું આ ફળ છે. તે ભાવનાથી જીવ અત્યંત તૃપ્ત રહે છે–અન્ય તૃષ્ણા રહેતી નથી, અને ભવિષ્યમાં કેવળજ્ઞાન ઉપજાવી સર્વ કર્મથી રહિત મોક્ષ–અવસ્થાને પામે છે. ૨૩૨.

‘પૂર્વોક્ત રીતે કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગની ભાવના કરીને અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે નચાવીને, પોતાના સ્વભાવને પૂર્ણ કરીને, જ્ઞાનચેતનાને નચાવતા થકા જ્ઞાની જનો સદાકાળ આનંદરૂપ રહો’–એવા ઉપદેશનું કાવ્ય હવે કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ अविरतं कर्मणः तत्फलात् च विरतिम् अत्यन्तं भावयित्वा ] જ્ઞાની

( वंशस्थ )

**इतः पदार्थप्रथनावगुण्ठनाद्-**
**विना कृतेरेकमनाकुलं ज्वलत्।**
**समस्तवस्तुव्यतिरेकनिश्चयाद्-**
**विवेचितं ज्ञानमिहावतिष्ठते।। २३४ ।।**

---

જનો, અવિરતપણે કર્મથી અને કર્મના ફળથી વિરતિને અત્યંત ભાવીને (અર્થાત્ કર્મ અને કર્મફળ પ્રત્યે અત્યંત વિરક્તભાવને નિરંતર ભાવીને), [ अखिल–अज्ञान–सञ्चेतनायाः प्रलयनम् प्रस्पष्टं नाटयित्वा ] (એ રીતે) સમસ્ત અજ્ઞાનચેતનાના નાશને સ્પષ્ટપણે નચાવીને, [ स्व–रस–परिगतं स्वभावं पूर्णं कृत्वा ] નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવને પૂર્ણ કરીને, [ स्वां ज्ञानसञ्चेतनां सानन्दं नाटयन्तः इतः सर्व–कालं प्रशम–रसम् पिबन्तु ] પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા થકા હવેથી સદાકાળ પ્રશમરસને પીઓ (અર્થાત્ કર્મના અભાવરૂપ આત્મિક રસને–અમૃતરસને–અત્યારથી માંડીને અનંત કાળ પર્યંત પીઓ. આમ જ્ઞાનીજનોને પ્રેરણા છે).

**ભાવાર્થઃ**-પહેલાં તો ત્રણે કાળ સંબંધી કર્મના કર્તાપણારૂપ કર્મચેતનાના ત્યાગની ભાવના (૪૯ ભંગપૂર્વક) કરાવી. પછી ૧૪૮ કર્મપ્રકૃતિના ઉદયરૂપ કર્મફળના ત્યાગની ભાવના કરાવી. એ રીતે અજ્ઞાનચેતનાનો પ્રલય કરાવીને જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ કર્યો છે. એ જ્ઞાનચેતના સદા આનંદરૂપ–પોતાના સ્વભાવના અનુભવરૂપ–છે. તેને જ્ઞાનીજનો સદા ભોગવો–એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે. ૨૩૩.

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે, તેથી જ્ઞાનને કર્તાભોક્તાપણાથી ભિન્ન બતાવ્યું; હવેની ગાથાઓમાં અન્ય દ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી જ્ઞાનને ભિન્ન બતાવશે. તે ગાથાઓની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ इतः इह ] અહીંથી હવે (આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં હવેની ગાથાઓમાં એમ કહે છે કે–) [ समस्त–वस्तु–व्यतिरेक–निश्चयात् विवेचितं ज्ञानम् ] સમસ્ત વસ્તુઓથી ભિન્નપણાના નિશ્ચય વડે જાુદું કરવામાં આવેલું જ્ઞાન, [ पदार्थ–प्रथन–अवगुण्ठनात् कृतेः विना ] પદાર્થના વિસ્તાર સાથે ગૂંથાવાથી (–અનેક પદાર્થો સાથે, જ્ઞેયજ્ઞાનસંબંધને લીધે, એક જેવું દેખાવાથી) ઉત્પન્ન થતી (–અનેક પ્રકારની) ક્રિયા તેનાથી રહિત [ एकम् अनाकुलं ज्वलत् ] એક જ્ઞાનક્રિયામાત્ર, અનાકુળ (–સર્વ આકુળતાથી રહિત) અને દેદીપ્યમાન વર્તતું થકું, [ अवतिष्ठते ] નિશ્ચળ રહે છે.

**ભાવાર્થઃ**-હવેની ગાથાઓમાં જ્ઞાનને સ્પષ્ટ રીતે સર્વ વસ્તુઓથી ભિન્ન બતાવે છે. ૨૩૪.

એ જ અર્થની ગાથાઓ હવે કહે છેઃ–

सत्थं णाणं ण हवदि जम्हा सत्थं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं सत्थं जिणा बेंति।। ३९० ।।
सद्दो णाणं ण हवदि जम्हा सद्दो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं सद्दं जिणा बेंति।। ३९१ ।।
रूवं णाणं ण हवदि जम्हा रूवं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं रूवं जिणा बेंति।। ३९२ ।।
वण्णो णाणं ण हवदि जम्हा वण्णो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं वण्णं जिणा बेंति।। ३९३ ।।
गंधो णाणं ण हवदि जम्हा गंधो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं गंधं जिणा बेंति।। ३९४ ।।
णरसो दु हवदि णाणं जम्हा दु रसो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं रसं च अण्णं जिणा बेंति।। ३९५ ।।

---

રે ! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું-જિન કહે; ૩૯૦.

રે ! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો-જિન કહે; ૩૯૧.

રે ! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું-જિન કહે; ૩૯૨.

રે ! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો-જિન કહે; ૩૯૩.

રે ! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી-જિન કહે; ૩૯૪.

રે ! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો-જિનવર કહે; ૩૯૫.

फासो ण हवदि णाणं जम्हा फासो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं फासं जिणा बेंति।। ३९६ ।।
कम्मं णाणं ण हवदि जम्हा कम्मं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं कम्मं जिणा बेंति।। ३९७ ।।
धम्मो णाणं ण हवदि जम्हा धम्मो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं धम्मं जिणा बेंति।। ३९८ ।।
णाणमधम्मो ण हवदि जम्हाधम्मो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णमधम्मं जिणा बेंति।। ३९९ ।।
कालो णाणं ण हवदि जम्हा कालो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं कालं जिणा बेंति।। ४०० ।।
आयासं पि ण णाणं जम्हायासं ण याणदे किंचि।
तम्हायासं अण्णं अण्णं णाणं जिणा बेंति।। ४०१ ।।

---

રે ! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો-જિન કહે; ૩૯૬.

રે ! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું-જિન કહે; ૩૯૭.

રે ! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો-જિન કહે; ૩૯૮.

અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો-જિન કહે; ૩૯૯.

રે ! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો-જિન કહે; ૪૦૦.

આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,
તે કારણે આકાશ જુદું, જ્ઞાન જુદું-જિન કહે; ૪૦૧.

**णज्झवसाणं णाणं अज्झवसाणं अचेदणं जम्हा।**
**तम्हा अण्णं णाणं अज्झवसाणं तहा अण्णं।। ४०२ ।।**
**जम्हा जाणदि णिच्चं तम्हा जीवो दु जाणगो णाणी।**
**णाणं च जाणयादो अव्वदिरित्तं मुणेयव्वं।। ४०३ ।।**
**णाणं सम्मादिट्ठिं दु संजमं सुत्तमंगपुव्वगयं।**
**धम्माधम्मं च तहा पव्वज्जं अब्भुवंति बुहा।। ४०४ ।।**

शास्त्रं ज्ञानं न भवति यस्माच्छास्त्रं न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यच्छास्त्रं जिना ब्रुवन्ति।। ३९०।।
शब्दो ज्ञानं न भवति यस्माच्छब्दो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यं शब्दं जिना ब्रुवन्ति।। ३९१।।
रूपं ज्ञानं न भवति यस्म द्रूपं न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यद्रूपं जिना ब्रुवन्ति।। ३९२।।

---

**નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,**
**તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.**

**રે ! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,**
**ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઇમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.**

**સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને**
**ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.**

**ગાથાર્થઃ-** [ शास्त्रं ] શાસ્ત્ર [ ज्ञानं न भवति ] જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ शास्त्रं किञ्चित् न जानाति ] શાસ્ત્ર કાંઈ જાણતું નથી (-જડ છે,) [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ शास्त्रम् अन्यत् ] શાસ્ત્ર અન્ય છે- [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ शब्दः ज्ञानं न भवति ] શબ્દ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ शब्दः किञ्चित् न जानाति ] શબ્દ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ शब्दं अन्यं ] શબ્દ અન્ય છે- [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ रूपं ज्ञानं न भवति ] રૂપ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ रूपं किञ्चित् न जानाति ] રૂપ કાંઈ જાણતું નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ रूपम् अन्यत् ] રૂપ અન્ય છે- [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે, [ वर्णः ज्ञानं न

वर्णो ज्ञान न भवति यस्माद्वर्णो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यं वर्ण जिना ब्रुवन्ति।। ३९३ ।।
गन्धो ज्ञान न भवति यस्माद्गन्धो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यं गन्धं जिना ब्रुवन्ति।। ३९४ ।।
न रसस्तु भवति ज्ञानं यस्मात्तु रसो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानं रसं चान्यं जिना ब्रुवन्ति।। ३९५ ।।
स्पर्शो न भवति ज्ञानं यस्मात्स्पर्शो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यं स्पर्श जिना ब्रुवन्ति।। ३९६ ।।
कर्म ज्ञानं न भवति यस्मात्कर्म न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यत्कर्म जिना ब्रुवन्ति।। ३९७ ।।
धर्मो ज्ञानं न भवति यस्माद्धर्मो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यं धर्म जिना ब्रुवन्ति।। ३९८ ।।

---

भवति ] વર્ણ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ वर्णः किञ्चित् न जानाति ] વર્ણ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ वर्णम् अन्यम् ] વર્ણ અન્ય છે– [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ गन्धः ज्ञानं न भवति ] ગંધ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ गन्धः किञ्चित् न जानाति ] ગંધ કાંઈ જાણતી નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ गन्धम् अन्यम् ] ગંધ અન્ય છે– [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ रसः तु ज्ञानं न भवति ] રસ જ્ઞાન નથી [ यस्मात् तु ] કારણ કે [ रसः किञ्चित् न जानाति ] રસ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે [ रसं च अन्यं ] અને રસ અન્ય છે– [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ स्पर्शः ज्ञानं न भवति ] સ્પર્શ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ स्पर्शः किञ्चित् न जानाति ] સ્પર્શ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ स्पर्शं अन्यं ] સ્પર્શ અન્ય છે– [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ कर्म ज्ञानं न भवति ] કર્મ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ कर्म किञ्चित् न जानाति ] કર્મ કાંઈ જાણતું નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ कर्म अन्यत् ] કર્મ અન્ય છે– [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ धर्मः ज्ञानं न भवति ] ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ धर्मः किञ्चित् न जानाति ] ધર્મ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ धर्मं अन्यं ] ધર્મ અન્ય છે– [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે

**ज्ञानमधर्मो न भवति यस्मादधर्मो न जानाति किञ्चित्।**
**तस्मादन्यज्ज्ञानमन्यमधर्म जिना ब्रुवन्ति।। ३९९ ।।**
**कालो ज्ञानं न भवति यस्मात्कालो न जानाति किञ्चित्।**
**तस्मादन्यज्ज्ञानमन्यं कालं जिना ब्रुवन्ति।। ४०० ।।**
**आकाशमपि न ज्ञानं यस्मादाकाशं न जानाति किञ्चित्।**
**तस्मादाकाशमन्यदन्यज्ज्ञानं जिना ब्रुवन्ति।। ४०१ ।।**
**नाध्यवसानं ज्ञानमध्यवसानमचेतनं यस्मात्।**
**तस्मादन्यज्ज्ञानमध्यवसानं तथान्यत्।। ४०२ ।।**
**यस्माज्जानाति नित्यं तस्माज्जीवस्तु ज्ञायको ज्ञानी।**
**ज्ञानं च ज्ञायकादव्यतिरिक्तं ज्ञानव्यम्।। ४०३ ।।**

---

છે. [ अधर्मः ज्ञानं न भवति ] અધર્મ (અર્થાત્ અધર્માસ્તિકાય) જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ अधर्मः किञ्चित् न जानाति ] અધર્મ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ अधर्म अन्यम् ] અધર્મ અન્ય છે– [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ कालः ज्ञानं न भवति ] કાળ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ कालः किञ्चित् न जानाति ] કાળ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ कालं अन्यं ] કાળ અન્ય છે– [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ आकाशम् अपि ज्ञानं न ] આકાશ પણ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ आकाशं किञ्चित् न जानाति ] આકાશ કાંઈ જાણતું નથી, [ तस्मात् ] માટે [ ज्ञानं अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ आकाशम् अन्यत् ] આકાશ અન્ય છે– [ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ अध्यवसानं ज्ञानम् न ] અધ્યવસાન જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ अध्यवसानम् अचेतनं ] અધ્યવસાન અચેતન છે, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે [ तथा अध्यवसानं अन्यत् ] તથા અધ્યવસાન અન્ય છે (–એમ જિનદેવો કહે છે).

[ यस्मात् ] કારણ કે [ नित्यं जानाति ] (જીવ) નિરંતર જાણે છે [ तस्मात् ] માટે [ ज्ञायकः जीवः तु ] જ્ઞાયક એવો જીવ [ ज्ञानी ] જ્ઞાની (–જ્ઞાનવાળો, જ્ઞાનસ્વરૂપ) છે, [ ज्ञानं च ] અને જ્ઞાન [ ज्ञायकात् अव्यतिरिक्तं ] જ્ઞાયકથી અવ્યતિરિક્ત છે (–અભિન્ન છે, જુદું નથી) [ ज्ञातव्यम् ] એમ જાણવું.

ज्ञानं सम्यग्दृष्टिं तु संयमं सूत्रमङ्गपूर्वगतम्।
धर्माधर्मं च तथा प्रव्रज्यामभ्युपयान्ति बुधाः।। ४०४ ।।

न श्रुतं ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानश्रुतयोर्व्यतिरेकः। न शब्दो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानशब्दयोर्व्यतिरेकः। न रूपं ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानरूपयोर्व्यतिरेकः। न वर्णो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानवर्णयोर्व्यतिरेकः। न गन्धो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानगन्धयोर्व्यतिरेकः। न रसो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानरसयोर्व्यतिरेकः। न स्पर्शो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानस्पर्शयोर्व्यतिरेकः। न कर्म ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानकर्मणोर्व्यतिरेकः। न धर्मो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानधर्मयोर्व्यतिरेकः। नाधर्मो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानाधर्मयोर्व्यतिरेकः। न कालो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानकालयोर्व्यतिरेकः। नाकाशं ज्ञानमचेतनत्वात्,

---

[ बुधाः ] બુધ પુરુષો (અર્થાત્ જ્ઞાની જનો) [ ज्ञानं ] જ્ઞાનને જ [ सम्यग्दृष्टिं तु ] સમ્યગ્દૃષ્ટિ [ संयमं ] (જ્ઞાનને જ) સંયમ, [ अङ्गपूर्वगतम् सूत्रम् ] અંગપૂર્વગત સૂત્ર, [ धर्माधर्मं च ] ધર્મ-અધર્મ (પુણ્ય-પાપ) [ तथा प्रव्रज्याम् ] તથા દીક્ષા [ अभ्युपयान्ति ] માને છે.

**ટીકાઃ**-શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત) જ્ઞાન નથી, કારણ કે શ્રુત અચેતન છે; માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક (અર્થાત્ ભિન્નતા) છે. શબ્દ જ્ઞાન નથી, કારણ કે શબ્દ (પુદ્‌ગલદ્રવ્યનો પર્યાય છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને શબ્દને વ્યતિરેક (અર્થાત્ ભેદ) છે. રૂપ જ્ઞાન નથી, કારણ કે રૂપ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને રૂપને વ્યતિરેક છે (અર્થાત્ બન્ને જુદાં છે). વર્ણ જ્ઞાન નથી, કારણ કે વર્ણ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને વર્ણને વ્યતિરેક છે (અર્થાત્ જ્ઞાન અન્ય છે, વર્ણ અન્ય છે). ગંધ જ્ઞાન નથી, કારણ કે ગંધ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને ગંધને વ્યતિરેક (-ભેદ, ભિન્નતા) છે. રસ જ્ઞાન નથી, કારણ કે રસ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને રસને વ્યતિરેક છે. સ્પર્શ જ્ઞાન નથી, કારણ કે સ્પર્શ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને સ્પર્શને વ્યતિરેક છે. કર્મ જ્ઞાન નથી, કારણ કે કર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને કર્મને વ્યતિરેક છે. ધર્મ (-ધર્મદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે ધર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને ધર્મને વ્યતિરેક છે. અધર્મ (-અધર્મદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે અધર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને અધર્મને વ્યતિરેક છે. કાળ (-કાળદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે કાળ અચેતન છે; માટે જ્ઞાનને અને કાળને વ્યતિરેક છે. આકાશ (-આકાશદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે આકાશ અચેતન છે; માટે જ્ઞાનને અને

**ततो ज्ञानाकाशयोर्व्यतिरेकः। नाध्यवसानं ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानाध्यवसानयोर्व्यतिरेकः। इत्येवं ज्ञानस्य सर्वैरेव परद्रव्यैः सह व्यतिरेको निश्चयसाधितो द्रष्टव्यः। अथ जीव एवैको ज्ञानं, चेतनत्वात्; ततो ज्ञानजीवयोरेवाव्यतिरेकः। न च जीवस्य स्वयं ज्ञानत्वात्ततो व्यतिरेकः कश्चनापि शङ्कनीयः। एवं तु सति ज्ञानमेव सम्यग्दृष्टिः, ज्ञानमेव संयमः, ज्ञानमेवाङ्गपूर्वरूपं सूत्रं, ज्ञानमेव धर्माधर्मो, ज्ञानमेव प्रव्रज्येति ज्ञानस्य जीवपर्यायैरपि सहाव्यतिरेको निश्चयसाधितो द्रष्टव्यः। अथैवं सर्वपरद्रव्यव्यतिरेकेण सर्वदर्शनादिजीवस्वभावाव्यतिरेकेण वा अतिव्याप्तिव्याप्तिं च परिहरमाणमनादिविभ्रममूलं धर्माधर्मरूपं परसमयमुद्वम्य स्वयमेव प्रव्रज्यारूपमापद्य दर्शनज्ञानचारित्रस्थितिरूपं स्वसमयमवाप्य मोक्षमार्गमात्मन्येव परिणतं कृत्वा समवाप्तसम्पूर्णविज्ञानघनस्वभावं हानोपादानशून्यं साक्षात्समयसारभूतं परमार्थरूपं शुद्धं**

---

આકાશને વ્યતિરેક છે. અધ્યવસાન જ્ઞાન નથી, કારણ કે અધ્યવસાન અચેતન છે; માટે જ્ઞાનને અને (કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ) અધ્યવસાનને વ્યતિરેક છે. આમ આ રીતે જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).

હવે, જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ ચેતન છે; માટે જ્ઞાનને અને જીવને જ અવ્યતિરેક (-અભિન્નતા) છે. વળી જ્ઞાનનો જીવની સાથે વ્યતિરેક જરા પણ શંકનીય નથી (અર્થાત્ જ્ઞાનની જીવથી ભિન્નતા હશે એમ જરાય શંકા કરવાયોગ્ય નથી), કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે. આ પ્રમાણે (જ્ઞાન જીવથી અભિન્ન) હોવાથી, જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે, જ્ઞાન જ સંયમ છે, જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે, જ્ઞાન જ ધર્મ-અધર્મ (અર્થાત્ પુણ્ય-પાપ) છે, જ્ઞાન જ પ્રવ્રજ્યા (દીક્ષા, નિશ્ચયચારિત્ર) છે-એમ જ્ઞાનનો જીવપર્યાયોની સાથે પણ અવ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).

હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે અતિવ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું, અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ (પુણ્ય-પાપરૂપ, શુભ-અશુભરૂપ) પરસમયને દૂર કરીને, પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને (અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને), દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને, મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને, જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે એવું, ત્યાગ-ગ્રહણથી રહિત, સાક્ષાત્ સમયસારભૂત, પરમાર્થરૂપ શુદ્ધ-

**ज्ञानमेकमवस्थितं द्रष्टव्यम्।**

---

જ્ઞાન એક અવસ્થિત (-નિશ્ચળ રહેલું) દેખવું (અર્થાત્ પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું).

**ભાવાર્થઃ**-અહીં જ્ઞાનને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અને પોતાના પર્યાયોથી અભિન્ન બતાવ્યું, તેથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ નામના જે લક્ષણના દોષો તે દૂર થયા. આત્માનું લક્ષણ ઉપયોગ છે, અને ઉપયોગમાં જ્ઞાન પ્રધાન છે; તે (જ્ઞાન) અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે અતિવ્યાપ્તિવાળું નથી, અને પોતાની સર્વ અવસ્થાઓમાં છે તેથી અવ્યાપ્તિવાળું નથી. આ રીતે જ્ઞાનલક્ષણ કહેવાથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષો આવતા નથી.

અહીં જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનો અધિકાર છે, કારણ કે જ્ઞાનલક્ષણથી જ આત્મા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અનુભવગોચર થાય છે. જોકે આત્મામાં અનંત ધર્મો છે, તોપણ તેમાંના કેટલાક તો છદ્મસ્થને અનુભવગોચર જ નથી; તે ધર્મોને કહેવાથી છદ્મસ્થ જ્ઞાની આત્માને કઈ રીતે ઓળખે? વળી કેટલાક ધર્મો અનુભવગોચર છે, પરંતુ તેમાંના કેટલાક તો-અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ તો-અન્ય દ્રવ્યો સાથે સાધારણ અર્થાત્ સમાન છે માટે તેમને કહેવાથી જુદો આત્મા જાણી શકાય નહિ, અને કેટલાક (ધર્મો) પરદ્રવ્યોના નિમિત્તથી થયેલા છે તેમને કહેવાથી પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવી રીતે જણાય? માટે જ્ઞાનને કહેવાથી જ છદ્મસ્થ જ્ઞાની આત્માને ઓળખી શકે છે.

અહીં જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે એટલું જ નહિ, પણ જ્ઞાનને જ આત્મા જ કહ્યો છે; કારણ કે અભેદવિવક્ષામાં ગુણગુણીનો અભેદ હોવાથી, જ્ઞાન છે તે જ આત્મા છે. અભેદવિવક્ષામાં જ્ઞાન કહો કે આત્મા કહો-કાંઈ વિરોધ નથી; માટે અહીં જ્ઞાન કહેવાથી આત્મા જ સમજવો.

ટીકામાં છેવટે એમ કહેવામાં આવ્યું કે-જે, પોતામાં અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને, એવા સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને, સંપૂર્ણવિજ્ઞાનઘનસ્વભાવને પામ્યું છે, અને જેમાં કાંઈ ત્યાગ-ગ્રહણ નથી, એવા સાક્ષાત્ સમયસારસ્વરૂપ, પરમાર્થભૂત, નિશ્ચળ રહેલા, શુદ્ધ, પૂર્ણ જ્ઞાનને (પૂર્ણ આત્મદ્રવ્યને) દેખવું. ત્યાં 'દેખવું' ત્રણ પ્રકારે સમજવું. શુદ્ધનયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું તે પહેલા પ્રકારનું દેખવું છે. તે અવિરત આદિ અવસ્થામાં પણ હોય છે. જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી તેનો (-પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો, ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો,

(शार्दूलविक्रीडित)

**अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता-**
**मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम्।**
**मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः**
**शुद्धज्ञानघनो यथाऽस्य महिमा नित्योदितस्तिष्ठति।। २३५ ।।**

---

જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું-શ્રદ્ધયું હતું તેવું જ ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર-સ્થિર કરવું, ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો, તે બીજા પ્રકારનું દેખવું છે. આ દેખવું અપ્રમત્ત દશામાં હોય છે. જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર રહે. આ, દેખવાનો બીજો પ્રકાર થયો. અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુદ્ધનયના આશ્રયે પરોક્ષ દેખવું છે. કેવળજ્ઞાન ઊપજે ત્યારે સાક્ષાત્ દેખવું થાય છે તે ત્રીજા પ્રકારનું દેખવું છે તે સ્થિતિમાં જ્ઞાન સર્વ વિભાવોથી રહિત થયું થકું સર્વનું દેખનાર-જાણનાર છે, તેથી આ ત્રીજા પ્રકારનું દેખવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [अन्येभ्यः व्यतिरिक्तम्] અન્ય દ્રવ્યોથી ભિન્ન, [आत्म-नियतं] પોતામાં જ નિયત, [पृथक्-वस्तुताम् बिभ्रत्] પૃથક્ વસ્તુપણાને ધારતું (-વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક હોવાથી પોતે પણ સામાન્યવિશેષાત્મકપણાને ધારણ કરતું), [आदान-उज्झन-शून्यम्] ગ્રહણ-ત્યાગ રહિત, [एतत् अमलं ज्ञानं] આ અમલ (-રાગાદિક મળથી રહિત) જ્ઞાન [तथा-अवस्थितम् यथा] એવી રીતે અવસ્થિત (-નિશ્ચળ રહેલું) અનુભવાય છે કે જેવી રીતે [मध्य-आदि-अन्त-विभाग-मुक्त-सहज-स्फार-प्रभा-भासुरः अस्य शुद्ध-ज्ञान-घनः महिमा] આદિ-મધ્ય-અંતરૂપ વિભાગોથી રહિત એવી સહજ ફેલાયેલી પ્રભા વડે દેદીપ્યમાન એવો એનો શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા [नित्य-उदितः तिष्ठति] નિત્ય-ઉદિત રહે (-શુદ્ધ જ્ઞાનના પુંજરૂપ મહિમા સદા ઉદયમાન રહે).

**ભાવાર્થઃ-**જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે. તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે સર્વ વિશેષણો સહિત પ્રગટ થાય છે; તેથી તેના મહિમાને કોઈ બગાડી શક્તું નથી. સદા ઉદયમાન રહે છે. ૨૩૫.

'આવા જ્ઞાનસ્વરૂપ આત્માનું આત્મામા ધારણ કરવું તે જ ગ્રહવાયોગ્ય સર્વ ગ્રહ્યું અને ત્યાગવાયોગ્ય સર્વ ત્યાગ્યું'-એવા અર્થનું કાવ્ય હવે કહે છેઃ-

( उपजाति )

**उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्**
**तथात्तमादेयमशेषतस्तत्।**
**यदात्मनः संहृतसर्वशक्तेः**
**पूर्णस्य सन्धारणमात्मनीह।। २३६ ।।**

( अनुष्टुभ् )

**व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।**
**कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शङ्क्यते।। २३७ ।।**

**अत्ता जस्सामुत्तो ण हु सो आहारगो हवदि एवं।**
**आहारो खलु मुत्तो जम्हा सो पोग्गलमओ दु।। ४०५।।**

---

**શ્લોકાર્થઃ-** [ संहृत–सर्व–शक्तेः पूर्णस्य आत्मनः ] જેણે સર્વ શક્તિઓ સમેટી છે (-પોતામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું [ आत्मनि इह ] આત્મામાં [ यत् सन्धारणम् ] ધારણ કરવું [ तत् उन्मोच्यम् अशेषतः उन्मुक्तम् ] તે જ છોડવાયોગ્ય બધું છોડયું [ तथा ] અને [ आदेयम् तत् अशेषतः आत्तम् ] ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું.

**ભાવાર્થઃ-**પૂર્ણજ્ઞાનસ્વરૂપ, સર્વ શક્તિઓના સમૂહરૂપ જે આત્મા તેને આત્મામાં ધારણ કરી રાખવો તે જ, ત્યાગવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું અને ગ્રહણ કરવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ગ્રહણ કર્યું. એ જ કૃતકૃત્યપણું છે. ૨૩૬.

'આવા જ્ઞાનને દેહ જ નથી'-એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ एवं ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम् ] આમ (પૂર્વોક્ત રીતે) જ્ઞાન પરદ્રવ્યથી જુદું અવસ્થિત (-નિશ્ચળ રહેલું) છે; [ तत् आहारकं कथम् स्यात् येन अस्य देहः शङ्क्यते ] તે (જ્ઞાન) આહારક (અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું) કેમ હોય કે જેથી તેને દેહની શંકા કરાય? (જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ કે તેને કર્મ-નોકર્મરૂપ આહાર જ નથી.) ૨૩૭.

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ-

**એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ'રક ખરે,**
**પુદ્‌ગલમયી છે આ'ર તેથી આ'ર તો મૂર્તિક ખરે. ૪૦૫.**

**ण वि सक्कदि घेत्तुं जं ण विमोत्तुं जं च जं परद्दव्वं।**
**सो को वि य तस्स गुणो पाउगिओ विस्ससो वा वि।। ४०६ ।।**
**तम्हा दु जो विसुद्धो चेदा सो णेव गेण्हदे किंचि।**
**णेव विमुंचदि किंचि वि जीवाजीवाण दव्वाणं।। ४०७ ।।**

आत्मा यस्यामूर्तो न खलु स आहारको भवत्येवम्।
आहारः खलु मूर्तो यस्मात्स पुद्गलमयस्तु।। ४०५।।
नापि शक्यते ग्रहीतुं यत् न विमोक्तुं यच्च यत्परद्रव्यम्।
स कोऽपि च तस्य गुणः प्रायोगिको वस्रसो वाऽपि।। ४०६ ।।
तस्मात्तु यो विशुद्धश्चेतयिता स नैव गृह्णाति किञ्चित्।
नैव विमुञ्चति किञ्चिदपि जीवाजीवयोर्द्रव्ययोः।। ४०७ ।।

---

**જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,**
**એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.**

**તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,**
**છોડે નહીં વળી કાંઈ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.**

**ગાથાર્થઃ-** [ एवम् ] એ રીતે [ यस्य आत्मा ] જેનો આત્મા [ अमूर्तः ] અમૂર્તિક છે [ सः खलु ] તે ખરેખર [ आहारकः न भवति ] આહારક નથી; [ आहारः खलु ] આહાર તો [ मूर्तः ] મૂર્તિક છે [ यस्मात् ] કારણ કે [ सः तु पुद्गलमयः ] તે પુદ્‌ગલમય છે.

[ यत परद्रव्यम् ] જે પરદ્રવ્ય છે [ न अपि शक्यते ग्रहीतुं यत् ] તે ગ્રહી શકાતું નથી [ न विमोक्तुं यत् च ] તથા છોડી શકાતું નથી, [ सः कः अपि च ] એવો જ કોઈ [ तस्य ] તેનો (−આત્માનો) [ प्रायोगिकः वा अपि वैस्रसः गुण ] પ્રાયોગિક તેમ જ વૈસ્રસિક ગુણ છે.

[ तस्मात् तु ] માટે [ यः विशुद्धः चेतयिता ] જે વિશુદ્ધ આત્મા છે [ सः ] તે [ जीवाजीवयोः द्रव्ययोः ] જીવ અને અજીવ દ્રવ્યોમાં (−પરદ્રવ્યોમાં) [ किञ्चित् न एव गृह्णाति ] કાંઈ પણ ગ્રહતો નથી [ किञ्चित् अपि न एव विमुञ्चति ] તથા કાંઈ પણ છોડતો નથી.

**ज्ञानं हि परद्रव्यं किञ्चिदपि न गृह्णाति न मुञ्चति च, प्रायोगिकगुणसामर्थ्यात् वैस्रसिकगुणसामर्थ्याद्वा ज्ञानेन परद्रव्यस्य गृहीतुं मोक्तुं चाशक्यत्वात्। परद्रव्यं च न ज्ञानस्यामूर्तात्मद्रव्यस्य मूर्तपुद्गलद्रव्यत्वादाहारः। ततो ज्ञानं नाहारकं भवति। अतो ज्ञानस्य देहो न शङ्कनीयः।**

( अनुष्टुभ् )

**एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।**
**ततो देहमयं ज्ञातुर्न लिङ्गं मोक्षकारणम्।। २३८ ।।**

---

**ટીકાઃ**-જ્ઞાન પરદ્રવ્યને કાંઈ પણ (જરા પણ) ગ્રહતું નથી તથા છોડતું નથી, કારણ કે પ્રાયોગિક (અર્થાત્ પર નિમિત્તથી થયેલા) ગુણના સામર્થ્યથી તેમ જ વૈસ્રસિક (અર્થાત્ સ્વાભાવિક) ગુણના સામર્થ્યથી જ્ઞાન વડે પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે. વળી, (કર્મ-નોકર્માદિરૂપ) પરદ્રવ્ય જ્ઞાનનો-અમૂર્તિક આત્મદ્રવ્યનો-આહાર નથી, કારણ કે તે મૂર્તિક પુદ્ગલદ્રવ્ય છે; (અમૂર્તિકને મૂર્તિક આહાર હોય નહિ). તેથી જ્ઞાન આહારક નથી. માટે જ્ઞાનને દેહની શંકા ન કરવી.

(અહીં 'જ્ઞાન' કહેવાથી 'આત્મા' સમજવો; કારણ કે, અભેદ વિવક્ષાથી લક્ષણમાં જ લક્ષ્યનો વ્યવહાર કરાય છે. આ ન્યાયે ટીકાકાર આચાર્યદેવ આત્માને જ્ઞાન જ કહેતા આવ્યા છે.)

**ભાવાર્થઃ**-જ્ઞાનસ્વરૂપ આત્મા અમૂર્તિક છે અને આહાર તો કર્મ-નોકર્મરૂપ પુદ્ગલમય મૂર્તિક છે; તેથી પરમાર્થે આત્માને પુદ્ગલમય આહાર નથી. વળી આત્માનો એવો જ સ્વભાવ છે કે તે પરદ્રવ્યને તો ગ્રહતો જ નથી;-સ્વભાવરૂપ પરિણમો કે વિભાવરૂપ પરિણમો, પોતાના જ પરિણામનાં ગ્રહણત્યાગ છે. પરદ્રવ્યનાં ગ્રહણત્યાગ તો જરા પણ નથી.

આ રીતે આત્માને આહાર નહિ હોવાથી તેને દેહ જ નથી.

આત્માને દેહ જ નહિ હોવાથી, પુદ્ગલમય દેહસ્વરૂપ લિંગ (-વેષ, ભેખ, બાહ્ય ચિહ્ન) મોક્ષનું કારણ નથી-એવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ एवं शुद्धस्य ज्ञानस्य देहः एव न विद्यते ] આમ શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી; [ ततः ज्ञातुः देहमयं लिङ्गं मोक्षकारणम् न ] તેથી જ્ઞાતાને દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.

पासंडीलिंगाणि व गिहिलिंगाणि व बहुप्पयाराणि।
घेत्तुं वदंति मूढा लिंगमिणं मोक्खमग्गो त्ति।। ४०८ ।।
ण दु होदि मोक्खमग्गो लिंगं जं देहणिम्ममा अरिहा।
लिंगं मुइत्तु दंसणणाणचरित्ताणि सेवंति।। ४०९ ।।

पाषण्डिलिङ्गानि वा गृहिलिङ्गानि वा बहुप्रकाराणि।
गृहीत्वा वदन्ति मूढा लिङ्गमिदं मोक्षमार्ग इति।। ४०८।।
न तु भवति मोक्षमार्गो लिङ्गं यद्देहनिर्ममा अर्हन्तः।
लिङ्गं मुक्त्वा दर्शनज्ञानचारित्राणि सेवन्ते।। ४०९।।

केचिद्द्रव्यलिङ्गमज्ञानेन मोक्षमार्गं मन्यमानाः सन्तो मोहेन द्रव्यलिङ्गमेवोपाददते। तदनुपपन्नम्; सर्वेषामेव भगवतामर्हद्देवानां, शुद्धज्ञानमयत्वे सति द्रव्यलिङ्गा-

---

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ–

બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને
ગ્રહીને કહે છે મૂઢજન ‘ આ લિંગ મુક્તિમાર્ગ છે ’. ૪૦૮.

પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં
બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯.

**ગાથાર્થઃ**- [ बहुप्रकाराणि ] બહુ પ્રકારનાં [ पाषण्डिलिङ्गानि वा ] મુનિલિંગોને [ गृहिलिङ्गानि वा ] અથવા ગૃહીલિંગોને [ गृहीत्वा ] ગ્રહણ કરીને [ मूढाः ] મૂઢ (અજ્ઞાની) જનો [ वदन्ति ] એમ કહે છે કે ‘[ इदं लिङ्गम् ] આ (બાહ્ય) લિંગ [ मोक्षमार्गः इति ] મોક્ષમાર્ગ છે ’.

[ तु ] પરંતુ [ लिङ्गम् ] લિંગ [ मोक्षमार्गः न भवति ] મોક્ષમાર્ગ નથી; [ यत् ] કારણ કે [ अर्हन्तः ] અર્હંતદેવો [ देहनिर्ममाः ] દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા [ लिङ्गम् मुक्त्वा ] લિંગને છોડીને [ दर्शनज्ञानचारित्राणि सेवन्ते ] દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવે છે.

**ટીકાઃ**-કેટલાક લોકો અજ્ઞાનથી દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે, તે (-દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનીને ગ્રહણ કરવું તે) અનુપપન્ન અર્થાત્ અયુક્ત છે; કારણ કે બધાય ભગવાન અર્હંતદેવોને, શુદ્ધજ્ઞાનમયપણું

श्रयभूतशरीरममकारत्यागात्, तदाश्रितद्रव्यलिङ्गत्यागेन दर्शनज्ञानचारित्राणां मोक्षमार्गत्वेनोपासनस्य दर्शनात्।

**अथैतदेव साधयति-**

**ण वि एस मोक्खमग्गो पासंडीगिहिमयाणि लिंगाणि।**
**दंसणणाणचरित्ताणि मोक्खमग्गं जिणा बेंति।। ४१० ।।**

**नाप्येष मोक्षमार्गः पाषण्डिगृहिमयानि लिङ्गानि।**
**दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गं जिना ब्रुवन्ति।। ४१० ।।**

**न खलु द्रव्यलिङ्गं मोक्षमार्गः, शरीराश्रितत्वे सति परद्रव्यत्वात्। दर्शनज्ञानचारित्राण्येव मोक्षमार्गः, आत्माश्रितत्वे सति स्वद्रव्यत्वात्।**

---

હોવાને લીધે દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે (અર્થાત્ તેઓ શરીરાશ્રિત દ્રવ્યલિંગનો ત્યાગ કરીને દર્શનજ્ઞાનચારિત્રને મોક્ષમાર્ગ તરીકે સેવતા જોવામાં આવે છે).

**ભાવાર્થઃ**-જો દેહમય દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો અર્હંતદેવ વગેરે દેહનું મમત્વ છોડી દર્શનજ્ઞાનચારિત્રને શા માટે સેવત? દ્રવ્યલિંગથી જ મોક્ષને પામત! માટે એ નક્કી થયું કે-દેહમય લિંગ મોક્ષમાર્ગ નથી, પરમાર્થે દર્શનજ્ઞાન-ચારિત્રરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે.

હવે એ જ સિદ્ધ કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે-એમ સિદ્ધ કરે છે) :-

**મુનિલિંગ ને ગૃહીલિંગ- એ લિંગો ન મુક્તિમાર્ગ છે;**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.**

**ગાથાર્થઃ**- [ पाषण्डिगृहिमयानि लिङ्गानि ] મુનિનાં અને ગૃહસ્થનાં લિંગો [ एषः ] એ [ मोक्षमार्गः न अपि ] મોક્ષમાર્ગ નથી; [ दर्शनज्ञानचारित्राणि ] દર્શન-જ્ઞાન-ચારિત્રને [ जिनाः ] જિનદેવો [ मोक्षमार्गं ब्रुवन्ति ] મોક્ષમાર્ગ કહે છે.

**ટીકાઃ**-દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી, કારણ કે તે (દ્રવ્યલિંગ) શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, કારણ કે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.

यत एवम्-

**तम्हा जहित्तु लिंगे सागारणगारए हें वा गहिदे।**
**दंसणणाणचरित्ते अप्पाणं जुंज मोक्खपहे।। ४११ ।।**

**तस्मात् जहित्वा लिङ्गानि सागारैरनगारकैर्वा गृहीतानि।**
**दर्शनज्ञानचारित्रे आत्मानं युङ्क्ष्व मोक्षपथे।। ४११ ।।**

**यतो द्रव्यलिङ्गं न मोक्षमार्ग:, तत: समस्तमपि द्रव्यलिङ्गं त्यक्त्वा दर्शनज्ञानचारित्रेष्वेव, मोक्षमार्गत्वात्, आत्मा योक्तव्य इति सूत्रानुमति:।**

---

**ભાવાર્થઃ**-મોક્ષ છે તે સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ (-આત્માના પરિણામ) છે, માટે તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ. દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના પરિણામ છે; માટે નિશ્ચયથી તે જ મોક્ષનો માર્ગ છે.

લિંગ છે તે દેહમય છે; દેહ છે તે પુદ્ગલદ્રવ્યમય છે; માટે આત્માને દેહ મોક્ષનો માર્ગ નથી. પરમાર્થે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય કાંઈ કરતું નથી એ નિયમ છે.

જો આમ છે (અર્થાત્ જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી અને દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે) તો આમ (નીચે પ્રમાણે) કરવું-એમ હવે ઉપદેશ કરે છેઃ-

**તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.**

**ગાથાર્થઃ**- [तस्मात्] માટે [सागारैः] સાગારો વડે (-ગૃહસ્થો વડે) [अनगारकैः वा] અથવા અણગારો વડે (-મુનિઓ વડે) [गृहीतानि] ગ્રહાયેલાં [लिङ्गानि] લિંગોને [जहित्वा] છોડીને, [दर्शनज्ञानचारित्रे] દર્શનજ્ઞાનચારિત્રમાં- [मोक्षपथे] કે જે મોક્ષમાર્ગ છે તેમાં- [आत्मानं युंक्ष्व] તું આત્માને જોડ.

**ટીકાઃ**-કારણ કે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, તેથી સમસ્ત દ્રવ્યલિંગને છોડીને દર્શનજ્ઞાનચારિત્રમાં જ, તે (દર્શનજ્ઞાનચારિત્ર) મોક્ષમાર્ગ હોવાથી, આત્માને જોડવાયોગ્ય છે-એમ સૂત્રની અનુમતિ છે.

**ભાવાર્થઃ**-અહીં દ્રવ્યલિંગને છોડી આત્માને દર્શનજ્ઞાનચારિત્રમાં જોડવાનું વચન છે તે સામાન્ય પરમાર્થ વચન છે. કોઈ સમજશે કે મુનિ-શ્રાવકનાં વ્રતો છોડાવવાનો ઉપદેશ છે. પરંતુ એમ નથી. જેઓ કેવળ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી ભેખ ધારણ કરે છે, તેમને દ્રવ્યલિંગનો પક્ષ છોડાવવા ઉપદેશ કર્યો છે કે-ભેખમાત્રથી

( अनुष्टुभ् )
**दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।**
**एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।। २३९ ।।**

**मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय।**
**तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु।। ४१२ ।।**
**मोक्षपथे आत्मानं स्थापय तं चैव ध्यायस्व तं चेतयस्व।**
**तत्रैव विहर नित्यं मा विहार्षीरन्यद्रव्येषु।। ४१२ ।।**

**आसंसारात्परद्रव्ये रागद्वेषादौ नित्यमेव स्वप्रज्ञादोषेणावतिष्ठमानमपि, स्वप्रज्ञा-**

---

(વેશમાત્રથી, બાહ્યવ્રતમાત્રથી) મોક્ષ નથી, પરમાર્થ મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે. વ્યવહાર આચારસૂત્રમાં કહ્યા અનુસાર જે મુનિ-શ્રાવકનાં બાહ્ય વ્રતો છે, તેઓ વ્યવહારથી નિશ્ચયમોક્ષમાર્ગનાં સાધક છે; તે વ્રતોને અહીં છોડાવ્યાં નથી, પરંતુ એમ કહ્યું છે કે તે વ્રતોનું પણ મમત્વ છોડી પરમાર્થ મોક્ષમાર્ગમાં જોડાવાથી મોક્ષ થાય છે, કેવળ ભેખમાત્રથી-વ્રતમાત્રથી મોક્ષ નથી.

હવે આ જ અર્થને દૃઢ કરતી આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [आत्मनः तत्त्वम् दर्शन–ज्ञान–चारित्र–त्रय–आत्मा] આત્માનું તત્ત્વ દર્શનજ્ઞાનચારિત્રત્રયાત્મક છે (અર્થાત્ આત્માનું યથાર્થ રૂપ દર્શન, જ્ઞાન ને ચારિત્રના ત્રિકસ્વરૂપ છે); [मुमुक्षुणा मोक्षमार्गः एकः एव सदा सेव्यः] તેથી મોક્ષના ઇચ્છક પુરુષે (આ દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે. ૨૩૯.

હવે આ જ ઉપદેશ ગાથા દ્વારા કરે છેઃ-

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.**

**ગાથાર્થઃ-** (હે ભવ્ય!) [मोक्षपथे] તું મોક્ષમાર્ગમાં [आत्मानं स्थापय] પોતાના આત્માને સ્થાપ, [तं च एव ध्यायस्व] તેનું જ ધ્યાન કર, [तं चेतयस्व] તેને જ ચેત-અનુભવ અને [तत्र एव नित्यं विहर] તેમાં જ નિરંતર વિહાર કર; [अन्यद्रव्येषु मा विहार्षीः] અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર.

**ટીકાઃ-** (હે ભવ્ય!) પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી પરદ્રવ્યમાં-રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો

**गुणेनैव ततो व्यावर्त्य दर्शनज्ञानचारित्रेषु नित्यमेवावस्थापयातिनिश्चलमात्मानं; तथा समस्तचिन्तान्तरनिरोधेनात्यन्तमेकाग्रो भूत्वा दर्शनज्ञानचारित्राण्येव ध्यायस्व; तथा सकलकर्मकर्मफलचेतनासंन्यासेन शुद्धज्ञानचेतनामयो भूत्वा दर्शनज्ञानचारित्राण्येव चेतयस्व; तथा द्रव्यस्वभाववशतः प्रतिक्षणविजृम्भमाणपरिणामतया तन्मयपरिणामो भूत्वा दर्शनज्ञानचारित्रेष्वेव विहर; तथा ज्ञानरूपमेकमेवाचलितमवलम्बमानो ज्ञेयरूपेणोपाधितया सर्वत एव प्रधावत्स्वपि परद्रव्येषु सर्वेष्वपि मनागपि मा विहार्षीः।**

( शार्दूलविक्रीडित )

**एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक-**
**स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।**
**तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्**
**सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।। २४० ।।**

---

હોવા છતાં, પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી પાછો વાળીને તેને અતિ નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ; તથા સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા; તથા સમસ્ત કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગ વડે શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત-અનુભવ; તથા દ્રવ્યના સ્વભાવના વશે ( પોતાને ) જે ક્ષણે ક્ષણે પરિણામો ઊપજે છે તે-પણા વડે ( અર્થાત્ પરિણામીપણા વડે ) તન્મય પરિણામવાળો ( -દર્શનજ્ઞાનચારિત્રમય પરિણામવાળો ) થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર; તથા જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો, જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે એવાં સર્વ તરફથી ફેલાતાં સમસ્ત પરદ્રવ્યોમાં જરા પણ ન વિહર.

**ભાવાર્થઃ-**પરમાર્થરૂપ આત્માના પરિણામ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે; તે જ મોક્ષમાર્ગ છે. તેમાં જ ( -દર્શનજ્ઞાનચારિત્રમાં જ ) આત્માને સ્થાપવો, તેનું જ ધ્યાન કરવું, તેનો જ અનુભવ કરવો અને તેમાં જ વિહરવું-પ્રવર્તવું, અન્ય દ્રવ્યોમાં ન પ્રવર્તવું. અહીં પરમાર્થે એ જ ઉપદેશ છે કે-નિશ્ચય મોક્ષમાર્ગનું સેવન કરવું, કેવળ વ્યવહારમાં જ મૂઢ ન રહેવું.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ दृग्–ज्ञप्ति–वृत्ति–आत्मकः यः एषः एक नियतः मोक्षपथः ] દર્શન-જ્ઞાનચારિત્રસ્વરૂપ જે આ એક નિયત મોક્ષમાર્ગ છે, [ तत्र एव यः स्थितिम् एति ] તેમાં જ જે પુરુષ સ્થિતિ પામે છે અર્થાત્ સ્થિત રહે છે, [ तम् अनिशं ध्यायेत् ] તેને

( शार्दूलविक्रीडित )

**ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना**
**लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।**
**नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-**
**प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते।। २४१ ।।**

---

જ નિરંતર ધ્યાવે છે, [ तं चेतति ] તેને જ ચેતે-અનુભવે છે, [ च द्रव्यान्तराणि अस्पृशन् तस्मिन् एव निरन्तरं विहरति ] અને અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો તેમાં જ નિરંતર વિહાર કરે છે, [ सः नित्य–उदयं समयस्य सारम् अचिरात् अवश्यं विन्दति ] તે પુરુષ, જેનો ઉદય નિત્ય રહે છે એવા સમયના સારને (અર્થાત્ પરમાત્માના રૂપને) થોડા કાળમાં જ અવશ્ય પામે છે-અનુભવે છે.

**ભાવાર્થઃ-**નિશ્ચયમોક્ષમાર્ગના સેવનથી થોડા જ કાળમાં મોક્ષની પ્રાપ્તિ થાય એ નિયમ છે. ૨૪૦.

'જેઓ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ માની તેમાં મમત્વ રાખે છે, તેમણે સમયસારને અર્થાત્ શુદ્ધ આત્માને જાણ્યો નથી'-એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ ये तु एनं परिहृत्य संवृति–पथ–प्रस्थापितेन आत्मना द्रव्यमये लिङ्गे ममतां वहन्ति ] જે પુરુષો આ પૂર્વોક્ત પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે (અર્થાત્ એમ માને છે કે આ દ્રવ્યલિંગ જ અમને મોક્ષ પમાડશે), [ ते तत्त्व–अवबोध–च्युताः अद्य अपि समयस्य सारम् न पश्यन्ति ] તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા હજુ સુધી સમયના સારને (અર્થાત્ શુદ્ધ આત્માને) દેખતા-અનુભવતા નથી. કેવો છે તે સમયસાર અર્થાત્ શુદ્ધ આત્મા? [ नित्य–उद्योतम ] નિત્ય પ્રકાશમાન છે (અર્થાત્ કોઈ પ્રતિપક્ષી થઈને જેના ઉદયનો નાશ કરી શક્તું નથી), [ अखण्डम् ] અખંડ છે (અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે ખંડ થતા નથી), [ एकम् ] એક છે (અર્થાત્ પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં જે એકરૂપપણાને છોડતો નથી, [ अतुल–आलोकं ] અતુલ (-ઉપમારહિત) જેનો પ્રકાશ છે (કારણ કે જ્ઞાનપ્રકાશને સૂર્યાદિકના પ્રકાશની ઉપમા આપી શકાતી નથી), [ स्वभाव–प्रभा–प्राग्भारं ] સ્વભાવપ્રભાનો પુંજ છે (અર્થાત્ ચૈતન્યપ્રકાશના સમૂહરૂપ છે), [ अमलं ] અમલ છે (અર્થાત્ રાગાદિ-વિકારરૂપી મળથી રહિત છે).

(આ રીતે, જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે તેમને નિશ્ચય-કારણસમયસારનો અનુભવ નથી; તો પછી તેમને કાર્યસમયસારની પ્રાપ્તિ ક્યાંથી થાય?) ૨૪૧.

**पासंडीलिंगेसु व गिहिलिंगेसु व बहुप्पयारेसु।**
**कुव्वंति जे ममत्तिं तेहिं ण णादं समयसारं।। ४१३ ।।**

**पाषण्डिलिङ्गेषु वा गृहिलिङ्गेषु वा बहुप्रकारेषु।**
**कुर्वन्ति ये ममत्वं तैर्न ज्ञातः समयसारः।। ४१३ ।।**

**ये खलु श्रमणोऽहं श्रमणोपासकोऽहमिति द्रव्यलिङ्गममकारेण मिथ्याहङ्कारं कुर्वन्ति, तेऽनादिरूढव्यवहारमूढाः प्रौढविवेकं निश्चयमनारूढाः परमार्थसत्यं भगवन्तं समयसारं न पश्यन्ति।**

---

હવે આ અર્થની ગાથા કહે છેઃ–

**બહુવિધનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે**
**મમતા કરે, તેણે નથી જાણ્યો ‘સમયના સાર’ને. ૪૧૩.**

**ગાથાર્થઃ-** [ ये ] જેઓ [ बहुप्रकारेषु ] બહુ પ્રકારનાં [ पाषण्डिलिङ्गेषु वा ] મુનિલિંગોમાં [ गृहिलिङ्गेषु वा ] અથવા ગૃહસ્થલિંગોમાં [ ममत्वं कुर्वन्ति ] મમતા કરે છે (અર્થાત્ આ દ્રવ્યલિંગ જ મોક્ષનું દેનાર છે એમ માને છે), [ तैः समयसारः न ज्ञातः ] તેમણે સમયસારને નથી જાણ્યો.

**ટીકાઃ-**જેઓ ખરેખર ‘હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (–શ્રાવક) છું’ એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (–નિશ્ચયનય) પર [૧]અનારૂઢ વર્તતા થકા, પરમાર્થસત્ય (–જે પરમાર્થે સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને દેખતા–અનુભવતા નથી.

**ભાવાર્થઃ-**અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી થયેલો જે વ્યવહાર તેમાં જ જે પુરુષો મૂઢ અર્થાત્ મોહિત છે, તેઓ એમ માને છે કે ‘આ બાહ્ય મહાવ્રતાદિરૂપ ભેખ છે તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે’, પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી. આવા પુરુષો સત્યાર્થ, પરમાત્મરૂપ, શુદ્ધજ્ઞાનમય સમયસારને દેખતા નથી.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

---

૧. અનારૂઢ = નહિ આરૂઢ; નહિ ચડેલા.

( वियोगिनी )

**व्यवहारविमूढदृष्टयः परमार्थं कलयन्ति नो जनाः।**
**तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तण्डुलम्।। २४२ ।।**

( स्वागता )

**द्रव्यलिङ्गममकारमीलितै-**
**र्दृश्यते समयसार एव न।**
**द्रव्यलिङ्गमिह यत्किलान्यतो**
**ज्ञानमेकमिदमेव हि स्वतः।। २४३ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ व्यवहार–विमूढ–दृष्टयः जनाः परमार्थं नो कलयन्ति ] વ્યવહારમાં જ જેમની દ્રષ્ટિ (-બુદ્ધિ) મોહિત છે એવા પુરુષો પરમાર્થને જાણતા નથી, [ इह तुष–बोध–विमुग्ध–बुद्धयः तुषं कलयन्ति, न तण्डुलम् ] જેમ જગતમાં [1]તુષના જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ મોહિત છે (-મોહ પામી છે) એવા પુરુષો તુષને જ જાણે છે, [2]તંદુલને જાણતા નથી.

**ભાવાર્થઃ-**જેઓ ફોતરાંમાં મુગ્ધ થઈ રહ્યા છે, ફોતરાંને જ કૂટયા કરે છે, તેમણે તંદુલને જાણ્યા જ નથી; તેવી રીતે જેઓ દ્રવ્યલિંગ આદિ વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે (અર્થાત્ શરીરાદિની ક્રિયામાં મમત્વ કર્યા કરે છે), તેમણે શુદ્ધાત્મઅનુભવનરૂપ પરમાર્થને જાણ્યો જ નથી; અર્થાત્ એવા જીવો શરીરાદિ પરદ્રવ્યને જ આત્મા જાણે છે, પરમાર્થ આત્માનું સ્વરૂપ તેઓ જાણતા જ નથી. ૨૪૨.

હવે આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ द्रव्यलिङ्ग–ममकार–मीलितैः समयसारः एव न दृश्यते ] જેઓ દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ–વિવેકરહિત છે, તેઓ સમયસારને જ દેખતા નથી; [ यत् इह द्रव्यलिङ्गम् किल अन्यतः ] કારણ કે આ જગતમાં દ્રવ્યલિંગ તો ખરેખર અન્યદ્રવ્યથી થાય છે, [ इदम् ज्ञानम् एव हि एकम् स्वतः ] આ જ્ઞાન જ એક પોતાથી (આત્મદ્રવ્યથી) થાય છે.

**ભાવાર્થઃ-**જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ વડે અંધ છે તેમને શુદ્ધાત્મદ્રવ્યનો અનુભવ જ નથી, કારણ કે તેઓ વ્યવહારને જ પરમાર્થ માનતા હોવાથી પરદ્રવ્યને જ આત્મદ્રવ્ય માને છે. ૨૪૩.

---

૧. તુષ = ડાંગરનાં ફોતરાં; અનાજનાં ફોતરાં.
૨. તંદુલ = ફોતરાં વિનાના ચોખા; ફોતરાં વિનાનું અનાજ.

**ववहारिओ पुण णओ दोण्णि वि लिंगाणि भणदि मोक्खपहे।**
**णिच्छयणओ ण इच्छदि मोक्खपहे सव्वलिंगाणि।। ४१४ ।।**

व्यावहारिक: पुनर्नयो द्वे अपि लिङ्गे भणति मोक्षपथे।
निश्चयनयो नेच्छति मोक्षपथे सर्वलिङ्गानि।। ४१४ ।।

**य: खलु श्रमणश्रमणोपासकभेदेन द्विविधं द्रव्यलिङ्गं भवति मोक्षमार्ग इति प्ररूपणप्रकार: स केवलं व्यवहार एव, न परमार्थ:, तस्य स्वयमशुद्धद्रव्यामुभवनात्मकत्वे सति परमार्थत्वाभावात्; यदेव श्रमणश्रमणोपासकविकल्पातिक्रान्तं दृशिज्ञप्तिप्रवृत्तवृत्तिमात्रं शुद्धज्ञानमेवैकमिति निस्तुषसञ्चेतनं परमार्थ:, तस्यैव स्वयं शुद्धद्रव्यानुभवनात्मकत्वे सति परमार्थत्वात्। ततो ये व्यवहारमेव परमार्थबुद्धया चेतयन्ते, ते समयसारमेव न सञ्चेतयन्ते; य एव परमार्थ परमार्थबुद्धया चेतयन्ते,**

---

'વ્યવહારનય જ મુનિલિંગને અને શ્રાવકલિંગને–એ બન્ને લિંગોને મોક્ષમાર્ગ કહે છે, નિશ્ચયનય કોઈ લિંગને મોક્ષમાર્ગ કહેતો નથી'–એમ હવે ગાથામાં કહે છે:–

**વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,**
**નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪.**

**ગાથાર્થઃ-** [ व्यावहारिक: नय: पुन: ] વ્યવહારનય [ द्वे लिङ्गे अपि ] બન્ને લિંગોને [ मोक्षपथे भणति ] મોક્ષમાર્ગમાં કહે છે (અર્થાત્ વ્યવહારનય મુનિલિંગ તેમ જ ગૃહીલિંગને મોક્ષમાર્ગ કહે છે); [ निश्चयनय: ] નિશ્ચયનય [ सर्वलिङ्गानि ] સર્વ લિંગોને (અર્થાત્ કોઈ પણ લિંગને) [ मोक्षपथे न इच्छति ] મોક્ષમાર્ગમાં ગણતો નથી.

**ટીકાઃ-**શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે બે પ્રકારનાં દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે– એવો જે પ્રરૂપણ પ્રકાર (અર્થાત્ એવા પ્રકારની જે પ્રરૂપણા) તે કેવળ વ્યવહાર જ છે, પરમાર્થ નથી, કારણ કે તે (પ્રરૂપણા) પોતે અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી તેને પરમાર્થપણાનો અભાવ છે; શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી અતિક્રાંત, દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત પરિણતિમાત્ર (–માત્ર દર્શન-જ્ઞાનમાં પ્રવર્તેલી પરિણતિરૂપ) શુદ્ધ જ્ઞાન જ એક છે–એવું જે નિસ્તુષ (–નિર્મળ) અનુભવન તે પરમાર્થ છે, કારણ કે તે (અનુભવન) પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી તેને જ પરમાર્થપણું છે. માટે જેઓ વ્યવહારને જ પરમાર્થબુદ્ધિથી (–પરમાર્થ માનીને) અનુભવે છે, તેઓ સમયસારને જ નથી અનુભવતા; જેઓ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે,

**ते एव समयसारं चेतयन्ते।**

( मालिनी )

**अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-**
**रयमिह परमार्थश्चेत्यतां नित्यमेक:।**
**स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-**
**न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति।। २४४ ।।**

( अनुष्टुभ् )

**इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।**
**विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्।। २४५ ।।**

---

તેઓ જ સમયસારને અનુભવે છે.

**ભાવાર્થઃ-**વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે, તેથી તે પરમાર્થ નથી; નિશ્ચયનયનો વિષય અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે, તેથી તે જ પરમાર્થ છે. માટે, જેઓ વ્યવહારને જ નિશ્ચય માનીને પ્રવર્તે છે તેઓ સમયસારને અનુભવતા નથી; જેઓ પરમાર્થને પરમાર્થ માનીને પ્રવર્તે છે તેઓ જ સમયસારને અનુભવે છે ( તેથી તેઓ જ મોક્ષને પામે છે ).

‘ બહુ કથનથી બસ થાઓ, એક પરમાર્થનો જ અનુભવ કરો ’–એવા અર્થનું કાવ્ય કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ अतिजल्पैः अनल्पैः दुर्विकल्पैः अलम् अलम् ] બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ; બસ થાઓ; [ इह ] અહીં એટલું જ કહેવાનું છે કે [ अयम् परमार्थः एकः नित्यम् चेत्यताम् ] આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો; [ स्व–रस–विसर–पूर्ण–ज्ञान–विस्फूर्ति–मात्रात् समयसारात् उत्तरं खलु किञ्चित् न अस्ति ] કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર ( –પરમાત્મા ) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી ( –સમયસાર સિવાય બીજુ કાંઈ પણ સારભૂત નથી ).

**ભાવાર્થઃ-**પૂર્ણજ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો; આ ઉપરાંત ખરેખર બીજું કાંઈ પણ સારભૂત નથી. ૨૪૪.

હવે છેલ્લી ગાથામાં આ સમયસાર ગ્રંથના અભ્યાસ વગેરેનું ફળ કહીને આચાર્યભગવાન આ ગ્રંથ પૂર્ણ કરશે; તેની સૂચનાનો શ્લોક પ્રથમ કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ आनन्दमयम् विज्ञानघनम् अध्यक्षतां नयत् ] આનંદમય વિજ્ઞાનઘનને ( –શુદ્ધ પરમાત્માને, સમયસારને ) પ્રત્યક્ષ કરતું [ इदम एकम् अक्षयं जगत्–चक्षः ]

**जो समयपाहुडमिणं पढिदूणं अत्थतच्चदो णादुं।**
**अत्थे ठाही चेदा सो होही उत्तमं सोक्खं।। ४१५ ।।**

**यः समयप्राभृतमिदं पठित्वा अर्थतत्त्वतो ज्ञात्वा।**
**अर्थे स्थास्यति चेतयिता स भविष्यत्युत्तमं सौख्यम्।। ४१५ ।।**

**यः खलु समयसारभूतस्य भगवतः परमात्मनोऽस्य विश्वप्रकाशकत्वेन विश्वसमयस्य प्रतिपादनात् स्वयं शब्दब्रह्मायमाणं शास्त्रमिदमधीत्य, विश्वप्रकाशनसमर्थ-परमार्थभूतचित्प्रकाशरूपमात्मानं निश्चिन्वन् अर्थतस्तत्त्वतश्च परिच्छिद्य, अस्यैवार्थभूते भगवति एकस्मिन् पूर्णविज्ञानघने परमब्रह्मणि सर्वारम्भेण स्थास्यति चेतयिता, स**

---

આ એક (–અદ્વિતીય) અક્ષય જગત–ચક્ષુ (–સમયપ્રાભૃત) [ पूर्णताम् याति ] પૂર્ણતાને પામે છે.

**ભાવાર્થઃ**–આ સમયપ્રાભૃત ગ્રંથ વચનરૂપે તેમ જ જ્ઞાનરૂપે–બન્ને પ્રકારે જગતને અક્ષય (અર્થાત્ જેનો વિનાશ ન થાય એવું) અદ્વિતીય નેત્ર સમાન છે, કારણ કે જેમ નેત્ર ઘટપટાદિકને પ્રત્યક્ષ દેખાડે છે તેમ સમયપ્રાભૃત આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવગોચર દેખાડે છે. ૨૪૫.

હવે ભગવાન કુંદકુંદાચાર્યદેવ આ ગ્રંથને પૂર્ણ કરે છે તેથી તેના મહિમારૂપે તેના અભ્યાસ વગેરેનું ફળ ગાથામાં કહે છેઃ–

**આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.**

**ગાથાર્થઃ**- [ यः चेतयिता ] જે આત્મા (–ભવ્ય જીવ) [ इदं समयप्राभृतम् पठित्वा ] આ સમયપ્રાભૃતને ભણીને, [ अर्थतत्त्वतः ज्ञात्वा ] અર્થ અને તત્ત્વથી જાણીને, [ अर्थे स्थास्यति ] તેના અર્થમાં સ્થિત થશે, [ सः ] તે [ उत्तमं सौख्यम् भविष्यति ] ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.

**ટીકાઃ**–સમયસારભૂત ભગવાન પરમાત્માનું–કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે તેનું–પ્રતિપાદન કરતું હોવાથી જે પોતે શબ્દબ્રહ્મ સમાન છે એવા આ શાસ્ત્રને જે આત્મા ખરેખર ભણીને, વિશ્વને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત, ચૈતન્ય-પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો (આ શાસ્ત્રને) અર્થથી અને તત્ત્વથી જાણીને, તેના જ અર્થભૂત ભગવાન એક પૂર્ણવિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં સર્વ

**साक्षात्तत्क्षणविजृम्भमाणचिदेकरसनिर्भरस्वभावसुस्थितनिराकुलात्मरूपतया परमानन्द-शब्दवाच्यमुत्तममनाकुलत्वलक्षणं सौख्यं स्वयमेव भविष्यतीति।**

( अनुष्टुभ् )

**इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम्।**
**अखण्डमेकमचलं स्वसंवेद्यमबाधितम्।। २४६ ।।**

---

ઉદ્યમથી સ્થિત થશે, તે આત્મા, સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ (–આકુળતા વિનાનું) હોવાને લીધે જે (સૌખ્ય) ‘પરમાનંદસ’ શબ્દથી વાચ્ય છે, ઉત્તમ છે અને અનાકુળતા-લક્ષણવાળું છે એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.

**ભાવાર્થઃ**–આ શાસ્ત્રનું નામ સમયપ્રાભૃત છે. સમય એટલે પદાર્થ, અથવા સમય એટલે આત્મા. તેનું કહેનારું આ શાસ્ત્ર છે. વળી આત્મા તો સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે. આવા વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી આ સમયપ્રાભૃત શબ્દબ્રહ્મ સમાન છે; કારણ કે જે સમસ્ત પદાર્થોનું કહેનાર હોય તેને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. દ્વાદશાંગશાસ્ત્ર શબ્દબ્રહ્મ છે અને આ સમયપ્રાભૃતશાસ્ત્રને પણ શબ્દબ્રહ્મની ઉપમા છે. આ શબ્દબ્રહ્મ (અર્થાત્ સમયપ્રાભૃતશાસ્ત્ર) પરબ્રહ્મને (અર્થાત્ શુદ્ધ પરમાત્માને) સાક્ષાત્ દેખાડે છે. જે આ શાસ્ત્રને ભણીને તેના યથાર્થ અર્થમાં ઠરશે, તે પરબ્રહ્મને પામશે; અને તેથી, જેને ‘પરમાનંદ’ કહેવામાં આવે છે એવા ઉત્તમ, સ્વાત્મિક, સ્વાધીન, બાધારહિત, અવિનાશી સુખને પામશે. માટે હે ભવ્ય જીવો! તમે પોતાના કલ્યાણને અર્થે આનો અભ્યાસ કરો, આનું શ્રવણ કરો, નિરંતર આનું જ સ્મરણ અને ધ્યાન રાખો, કે જેથી અવિનાશી સુખની પ્રાપ્તિ થાય. આવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

હવે આ સર્વવિશુદ્ધજ્ઞાનના અધિકારની પૂર્ણતાનો કળશરૂપ શ્લોક કહે છેઃ–

**શ્લોકાર્થઃ**– [ इति इदम् आत्मनः तत्त्वं ज्ञानमात्रम् अवस्थितम् ] આ રીતે આ આત્માનું તત્ત્વ (અર્થાત્ પરમાર્થભૂત સ્વરૂપ) જ્ઞાનમાત્ર નક્કી થયું– [ अखण्डम् ] કે જે (આત્માનું) જ્ઞાનમાત્ર તત્ત્વ અખંડ છે (અર્થાત્ અનેક જ્ઞેયાકારોથી અને પ્રતિપક્ષી કર્મોથી જોકે ખંડ ખંડ દેખાય છે તોપણ જ્ઞાનમાત્રમાં ખંડ નથી), [ एकम् ] એક છે (અર્થાત્ અખંડ હોવાથી એકરૂપ છે), [ अचलं ] અચળ છે (અર્થાત્ જ્ઞાનરૂપથી ચળતું નથી– જ્ઞેયરૂપ થતું નથી), [ स्वसंवेद्यम् ] સ્વસંવેદ્ય છે (અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે), [ अबाधितम् ] અને અબાધિત છે (અર્થાત્ કોઈ ખોટી યુક્તિથી બાધા પામતું નથી).

**ભાવાર્થઃ**–અહીં આત્માનું નિજ સ્વરૂપ જ્ઞાન જ કહ્યું છે તેનું કારણ આ

इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ सर्वविशुद्धज्ञानप्ररूपक: नवमोऽङ्क:।।

❄ ❄ ❄

---

પ્રમાણે છેઃ–આત્મામાં અનંત ધર્મો છે; પરંતુ તેમાં કેટલાક તો સાધારણ છે, તેથી તેઓ અતિવ્યાપ્તિવાળા છે, તેમનાથી આત્માને ઓળખી શકાય નહિ; વળી કેટલાક (ધર્મો) પર્યાયાશ્રિત છે–કોઈ અવસ્થામાં હોય છે અને કોઈ અવસ્થામાં નથી હોતા, તેથી તેઓ અવ્યાપ્તિવાળા છે, તેમનાથી પણ આત્મા ઓળખી શકાય નહિ. ચેતનતા જોકે આત્માનું (અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિથી રહિત) લક્ષણ છે, તોપણ તે શક્તિમાત્ર છે, અદષ્ટ છે; તેની વ્યક્તિ દર્શન અને જ્ઞાન છે. તે દર્શન અને જ્ઞાનમાં પણ જ્ઞાન સાકાર છે, પ્રગટ અનુભવગોચર છે; તેથી તેના દ્વારા જ આત્મા ઓળખી શકાય છે. માટે અહીં આ જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનું તત્ત્વ કહ્યું છે.

અહીં એમ ન સમજવું કે 'આત્માને જ્ઞાનમાત્ર તત્ત્વવાળો કહ્યો છે તેથી એટલો જ પરમાર્થ છે અને અન્ય ધર્મો જૂઠા છે, આત્મામાં નથી'; આવો સર્વથા એકાંત કરવાથી તો મિથ્યાદષ્ટિપણું થાય છે, વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધનો અને વેદાંતનો મત આવે છે; માટે આવો એકાંત બાધાસહિત છે. આવા એકાંત અભિપ્રાયથી કોઈ મુનિવ્રત પણ પાળે અને આત્માનું–જ્ઞાનમાત્રનું–ધ્યાન પણ કરે, તોપણ મિથ્યાત્વ કપાય નહિ; મંદ કષાયોને લીધે સ્વર્ગ પામે તો પામો, મોક્ષનું સાધન તો થતું નથી. માટે સ્યાદ્વાદથી યથાર્થ સમજવું. ૨૪૬.

સરવવિશુદ્ધજ્ઞાનરૂપ સદા ચિદાનંદ કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો,
મૂરત અમૂરત જે આનદ્રવ્ય લોકમાંહિ તે ભી જ્ઞાનરૂપ નાહીં ન્યારે ન અભાવકો;
યહૈ જાનિ જ્ઞાની જીવ આપકું ભજૈ સદીવ જ્ઞાનરૂપ સુખતૂપ આન ન લગાવકો,
કર્મ–કર્મફલરૂપ ચેતનાકૂં દૂરિ ટારિ જ્ઞાનચેતના અભ્યાસ કરે શુદ્ધ ભાવકો.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સર્વવિશુદ્ધજ્ઞાનનો પ્રરૂપક નવમો અંક સમાપ્ત થયો.

* * *

# [ परिशिष्टम् ]

( अनुष्टुभ् )
**अत्र स्याद्वादशुद्ध्यर्थं वस्तुतत्त्वव्यवस्थितिः।**
**उपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिन्त्यते।। २४७ ।।**

---

## [ પરિશિષ્ટ ]

( અહીં સુધીમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની ૪૧૫ ગાથાઓનું વ્યાખ્યાન ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કર્યું અને તે વ્યાખ્યાનમાં કળશરૂપે તથા સૂચનિકારૂપે ૨૪૬ કાવ્યો કહ્યાં. હવે ટીકાકાર આચાર્યદેવે વિચાર્યું કે-આ શાસ્ત્રમાં જ્ઞાનને પ્રધાન કરીને જ્ઞાનમાત્ર આત્મા કહેતા આવ્યા છીએ; તેથી કોઈ તર્ક કરશે કે 'જૈનમત તો સ્યાદ્વાદ છે; તો પછી આત્માને જ્ઞાનમાત્ર કહેવાથી શું એકાંત આવી જતો નથી? અર્થાત્ સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી? વળી એક જ જ્ઞાનમાં ઉપાયતત્ત્વ અને ઉપેયતત્ત્વ-એ બન્ને કઈ રીતે ઘટે છે?' આમ તર્ક કોઈને થશે. માટે આવા તર્કનું નિરાકરણ કરવાને ટીકાકાર આચાર્યદેવ હવે પરિશિષ્ટરૂપે થોડું કહે છે. તેમાં પ્રથમ શ્લોક કહે છેઃ- )

**શ્લોકાર્થઃ-** [ अत्र ] અહીં [ स्याद्वाद–शुद्धि–अर्थं ] સ્યાદ્વાદની શુદ્ધિને અર્થે [ वस्तु–तत्त्व–व्यवस्थितः ] વસ્તુતત્ત્વની વ્યવસ્થા [ च ] અને [ उपाय–उपेय–भावः ] ( એક જ જ્ઞાનમાં ઉપાયપણું અને ઉપેયપણું કઈ રીતે ઘટે છે તે બતાવવા ) ઉપાય-ઉપેય ભાવ [ मनाक् भूयः अपि ] જરા ફરીને પણ [ चिन्त्यते ] વિચારવામાં આવે છે.

**ભાવાર્થઃ-**વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક અનેક-ધર્મસ્વરૂપ હોવાથી તે સ્યાદ્વાદથી જ સાધી શકાય છે. એ રીતે સ્યાદ્વાદની શુદ્ધતા ( -પ્રમાણિક્તા, સત્યતા, નિર્દોષતા, નિર્મળતા, અદ્વિતીયતા ) સિદ્ધ કરવા માટે આ પરિશિષ્ટમાં વસ્તુનું સ્વરૂપ વિચારવામાં આવે છે. ( તેમાં એમ પણ બતાવવામાં આવશે કે આ શાસ્ત્રમાં આત્માને જ્ઞાનમાત્ર કહ્યો હોવા છતાં સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી. ) વળી બીજું, એક જ જ્ઞાનમાં સાધકપણું તથા સાધ્યપણું કઈ રીતે બની શકે તે સમજાવવા જ્ઞાનનો ઉપાય-ઉપેયભાવ અર્થાત્ સાધકસાધ્યભાવ પણ આ પરિશિષ્ટમાં વિચારવામાં આવે છે. ૨૪૭.

( હવે પ્રથમ આચાર્યદેવ વસ્તુસ્વરૂપના વિચાર દ્વારા સ્યાદ્વાદને સિદ્ધ કરે છેઃ- )

**स्याद्वादो हि समस्तवस्तुतत्त्वसाधकमेकमस्खलितं शासनमर्हत्सर्वज्ञस्य। स तु सर्वमनेकान्तात्मकमित्यनुशास्ति, सर्वस्यापि वस्तुनोऽनेकान्तस्वभावत्वात्। अत्र त्वात्मवस्तुनि ज्ञानमात्रतया अनुशास्यमानेऽपि न तत्परिकोपः, ज्ञानमात्रस्यात्मवस्तुनः स्वयमेवानेकान्तत्वात्। तत्र यदेव तत्तदेवातत्, यदेवैकं तदेवानेकं, यदेव सत्तदेवासत्, यदेव नित्यं तदेवानित्यमित्येकवस्तुवस्तुत्वनिष्पादकपरस्परविरुद्धशक्तिद्वयप्रकाश-नमनेकान्तः। तत्स्वात्मवस्तुनो ज्ञानमात्रत्वेऽप्यन्तश्चकचकायमानज्ञानस्वरूपेण तत्त्वात्, बहिरुन्मिषदनन्तज्ञेयतापन्नस्वरूपातिरिक्तपररूपेणातत्त्वात्, सहक्रमप्रवृत्तानन्तचिदंश-समुदयरूपाविभागद्रव्येणैकत्वात् अविभागैकद्रव्यव्याप्तसहक्रमप्रवृत्तानन्तचिदंशरूपपर्यायै-रनेकत्वात्, स्वद्रव्यक्षेत्रकालभावभवनशक्तिस्वभाववत्त्वेन सत्त्वात्, परद्रव्यक्षेत्रकाल-**

---

સ્યાદ્વાદ સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું, અર્હત્ સર્વજ્ઞનું એક અસ્ખલિત (-નિર્બાધ) શાસન છે. તે (સ્યાદ્વાદ) ‘બધું અનેકાંતાત્મક છે’ એમ ઉપદેશે છે, કારણ કે સમસ્ત વસ્તુ અનેકાંત-સ્વભાવવાળી છે. (‘સર્વ વસ્તુઓ અનેકાંતસ્વરૂપ છે’ એમ જે સ્યાદ્વાદ કહે છે તે અસત્યાર્થ કલ્પનાથી કહેતો નથી, પરંતુ જેવો વસ્તુનો અનેકાંત સ્વભાવ છે તેવો જ કહે છે.)

અહીં આત્મા નામની વસ્તુને જ્ઞાનમાત્રપણે ઉપદેશવામાં આવતાં છતાં પણ સ્યાદ્વાદનો કોપ નથી; કારણ કે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને સ્વયમેવ અનેકાંતપણું છે. ત્યાં (અનેકાંતનું એવું સ્વરૂપ છે કે), જે (વસ્તુ) તત્ છે તે જ અતત્ છે, જે (વસ્તુ) એક છે તે જ અનેક છે, જે સત્ છે તે જ અસત્ છે, જે નિત્ય છે તે જ અનિત્ય છે-એમ એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. માટે પોતાની આત્મવસ્તુને પણ, જ્ઞાનમાત્રપણું હોવા છતાં, તત્-અતત્પણું, એક-અનેકપણું, સત્-અસત્પણું અને નિત્ય-અનિત્યપણું પ્રકાશે જ છે; કારણ કે-તેને (જ્ઞાનમાત્ર આત્મવસ્તુને) અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે, અને બહાર પ્રગટ થતા, અનંત, જ્ઞેયપણાને પામેલા, સ્વરૂપથી ભિન્ન એવા પર રૂપ વડે (-જ્ઞાનસ્વરૂપથી ભિન્ન એવા પરદ્રવ્યના રૂપ વડે-) અતત્પણું છે (અર્થાત્ તે-રૂપે જ્ઞાન નથી); સહભૂત (-સાથે) પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ અવિભાગ દ્રવ્ય વડે એકપણું છે, અને અવિભાગ એક દ્રવ્યમાં વ્યાપેલા, સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોરૂપ (-ચૈતન્યના અનંત અંશોરૂપ) પર્યાયો વડે અનેકપણું છે; પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે (અર્થાત્ એવા સ્વભાવવાળી હોવાથી) સત્પણું છે, અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ

**भावाभवनशक्तिस्वभाववत्त्वेनाऽसत्त्वात्, अनादिनिधनाविभागैकवृत्तिपरिणतत्वेन नित्यत्वात्, क्रमप्रवृत्तैकसमयावच्छिन्नानेकवृत्त्यंशपरिणतत्वेनानित्यत्वात्, तदतत्त्वमेका-नेकत्वं सदसत्त्वं नित्यानित्यत्वं च प्रकाशत एव। ननु यदि ज्ञानमात्रत्वेऽपि आत्मवस्तुनः स्वयमेवानेकान्त प्रकाशते, तर्हि किमर्थमर्हद्भिस्तत्साधनत्वेनाऽनुशास्यतेऽनेकान्तः? अज्ञानिनां ज्ञानमात्रात्मवस्तुप्रसिद्ध्यर्थमिति ब्रूमः। न खल्वनेकान्तमन्तरेण ज्ञानमात्रमात्मवस्त्वेव प्रसिध्यति। तथाहि-इह हि स्वभावत एव बहुभावनिर्भरे विश्वे सर्वभावानां स्वभावेनाद्वैतेऽपि द्वैतस्य निषेद्धुमशक्यत्वात् समस्तमेव वस्तु स्वपररूपप्रवृत्तिव्यावृत्तिभ्यामुभयभावाध्यासितमेव। तत्र यदायं ज्ञानमात्रो भावः शेषभावैः सह स्वरसभरप्रवृत्तज्ञातृज्ञेयसम्बन्धतयाऽनादिज्ञेयपरिणमनात् ज्ञानतत्त्वं पररूपेण प्रतिपद्याज्ञानी भूत्वा नाशमुपैति, तदा स्वरूपेण तत्त्वं द्योतयित्वा**

---

હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે અસત્‌પણું છે; અનાદિનિધન અવિભાગ એક વૃત્તિરૂપે પરિણતપણા વડે નિત્યપણું છે, અને ક્રમે પ્રવર્તતા, એક સમયની મર્યાદાવાળા અનેક વૃત્તિ-અંશોરૂપે પરિણતપણા વડે અનિત્યપણું છે. ( આ રીતે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને પણ, તત્-અતત્‌પણું વગેરે બબ્બે વિરુદ્ધ શક્તિઓ સ્વયમેવ પ્રકાશતી હોવાથી, અનેકાંત સ્વયમેવ પ્રકાશે જ છે. )

( પ્રશ્ન- ) જો આત્મવસ્તુને, જ્ઞાનમાત્રપણું હોવા છતાં, સ્વયમેવ અનેકાંત પ્રકાશે છે, તો પછી અર્હંત ભગવંતો તેના સાધન તરીકે અનેકાંતને ( -સ્યાદ્‌વાદને ) શા માટે ઉપદેશે છે? ( ઉત્તર- ) અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે ઉપદેશે છે એમ અમે કહીએ છીએ. ખરેખર અનેકાંત ( -સ્યાદ્‌વાદ ) વિના જ્ઞાનમાત્ર આત્મવસ્તુ જ પ્રસિદ્ધ થઈ શક્તી નથી. તે નીચે પ્રમાણે સમજાવવામાં આવે છેઃ-

સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલા આ વિશ્વમાં સર્વ ભાવોનું સ્વભાવથી અદ્વૈત હોવા છતાં, દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ અને પરરૂપથી વ્યાવૃત્તિ વડે બન્ને ભાવોથી અધ્યાસિત છે ( અર્થાત્ સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવર્તતી હોવાથી અને પરરૂપથી ભિન્ન રહેતી હોવાથી દરેક વસ્તુમાં બન્ને ભાવો રહેલા છે ). ત્યાં, જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ ( -આત્મા ), શેષ ( બાકીના ) ભાવો સાથે નિજ રસના ભારથી પ્રવર્તેલા જ્ઞાતા-જ્ઞેયના સંબંધને લીધે અને અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને પર રૂપે માનીને ( અર્થાત્ જ્ઞેયરૂપે અંગીકાર કરીને ) અજ્ઞાની થયો થકો નાશ પામે છે, ત્યારે ( તે જ્ઞાનમાત્ર ભાવનું ) સ્વ-રૂપથી ( -જ્ઞાનરૂપથી ) તત્‌પણું પ્રકાશીને ( અર્થાત્ જ્ઞાન જ્ઞાનપણે જ છે એમ પ્રગટ કરીને ), જ્ઞાતાપણે પરિણમનને લીધે જ્ઞાની કરતો થકો અનેકાંત જ

**ज्ञातृत्वेन परिणमनाज्ज्ञानी कुर्वन्ननेकान्त एव तमुद्गमयति १। यदा तु सर्वं वै खल्विदमात्मेति अज्ञानतत्त्वं स्वरूपेण प्रतिपद्य विश्वोपादानेनात्मानं नाशयति, तदा पररूपेणातत्त्वं द्योतयित्वा विश्वाद्भिन्नं ज्ञानं दर्शयन्ननेकान्त एव नाशयितुं न ददाति २। यदानेकज्ञेयाकारैः खण्डितसकलैकज्ञानाकारो नाशमुपैति, तदा द्रव्येणैकत्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति ३। यदा त्वेकज्ञानाकारोपादानायानेकज्ञेयाकारत्यागेनात्मानं नाशयति, तदा पर्यायैरनेकत्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति ४। यदा ज्ञायमानपरद्रव्यपरिणमनाद् ज्ञातृद्रव्यं परद्रव्यत्वेन प्रतिपद्य नाशमुपैति, तदा स्वद्रव्येण सत्त्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति ५। यदा तु सर्वद्रव्याणि अहमेवेति परद्रव्यं ज्ञातृद्रव्यत्वेन प्रतिपद्यात्मानं नाशयति, तदा परद्रव्येणासत्त्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति ६। यदा**

---

(સ્યાદ્વાદ જ) તેને ઉદ્ધારે છે–નાશ થવા દેતો નથી. ૧. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ ‘ખરેખર આ બધું આત્મા છે’ એમ અજ્ઞાનતત્ત્વને સ્વ–રૂપે (જ્ઞાનરૂપે) માનીને–અંગીકાર કરીને વિશ્વના ગ્રહણ વડે પોતાનો નાશ કરે છે (–સર્વ જગતને પોતારૂપ માનીને તેનું ગ્રહણ કરીને જગતથી ભિન્ન એવા પોતાને નષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરરૂપથી અતત્પણું પ્રકાશીને (અર્થાત્ જ્ઞાન પરપણે નથી એમ પ્રગટ કરીને) વિશ્વથી ભિન્ન જ્ઞાનને દેખાડતો થકો અનેકાંત જ તેને પોતાનો (–જ્ઞાનમાત્ર ભાવનો) નાશ કરવા દેતો નથી. ૨. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો વડે (–જ્ઞેયોના આકારો વડે) પોતાનો સકળ (–આખો, અખંડ) એક જ્ઞાન–આકાર ખંડિત (–ખંડખંડરૂપ) થયો માનીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે– નાશ પામવા દેતો નથી. ૩. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન–આકારનું ગ્રહણ કરવા માટે અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે (અર્થાત્ જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૪. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતાં એવાં પરદ્રવ્યોના પરિણમનને લીધે જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે માનીને–અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વદ્રવ્યથી સત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે–નાશ પામવા દેતો નથી. ૫. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ ‘સર્વ દ્રવ્યો હું જ છું (અર્થાત્ સર્વ દ્રવ્યો આત્મા જ છે)’ એમ પરદ્રવ્યને જ્ઞાતૃદ્રવ્યપણે માનીને–અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરદ્રવ્યથી અસત્પણું પ્રકાશતો થકો (અર્થાત્ પરદ્રવ્યરૂપે આત્મા નથી એમ પ્રગટ કરતો થકો) અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૬. જ્યારે આ જ્ઞાનમાત્ર

**परक्षेत्रगतज्ञेयार्थपरिणमनात् परक्षेत्रेण ज्ञानं सत् प्रतिपद्य नाशमुपैति, तदा स्वक्षेत्रेणास्तित्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति ७। यदा तु स्वक्षेत्रे भवनाय परक्षेत्रगतज्ञेयाकारत्यागेन ज्ञानं तुच्छीकुर्वन्नात्मानं नाशयति, तदा स्वक्षेत्र एव ज्ञानस्य परक्षेत्रगतज्ञेयाकारपरिणमनस्वभावत्वात्परक्षेत्रेण नास्तित्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति ८। यदा पूर्वालम्बितार्थविनाशकाले ज्ञानस्यासत्त्वं प्रतिपद्य नाशमुपैति, तदा स्वकालेन सत्त्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति ९। यदा त्वर्थालम्बनकाल एव ज्ञानस्य सत्त्वं प्रतिपद्यात्मानं नाशयति, तदा परकालेनासत्त्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति १०। यदा ज्ञायमानपरभावपरिणमनात् ज्ञायकभावं परभावत्वेन प्रतिपद्य नाशमुपैति, तदा स्वभावेन सत्त्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति ११। यदा तु सर्वे भावा अहमेवेति परभावं ज्ञायकभावत्वेन**

---

ભાવ પરક્ષેત્રગત (-પરક્ષેત્રે રહેલા) જ્ઞેય પદાર્થોના પરિણમનને લીધે પરક્ષેત્રથી જ્ઞાનને સત્ માનીને-અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-ક્ષેત્રથી અસ્તિત્વ પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે-નાશ પામવા દેતો નથી. ૭. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ સ્વક્ષેત્રે હોવાને (-રહેવાને, પરિણમવાને) માટે, પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોના ત્યાગ વડે (અર્થાત્ જ્ઞાનમાં જે પરક્ષેત્રે રહેલ જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને) જ્ઞાનને તુચ્છ કરતો થકો પોતાનો નાશ કરે છે, ત્યારે સ્વક્ષેત્રે રહીને જ પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોરૂપે પરિણમવાનો જ્ઞાનનો સ્વભાવ હોવાથી (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરક્ષેત્રથી નાસ્તિત્વ પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૮. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ પૂર્વાલંબિત પદાર્થોના વિનાશકાળે (-પૂર્વે જેમનું આલંબન કર્યું હતું એવા જ્ઞેય પદાર્થોના વિનાશ વખતે) જ્ઞાનનું અસત્પણું માનીને-અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વકાળથી (-જ્ઞાનના કાળથી) સત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે-નાશ પામવા દેતો નથી. ૯. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ પદાર્થોના આલંબનકાળે જ (-માત્ર જ્ઞેય પદાર્થોને જાણવા વખતે જ) જ્ઞાનનું સત્પણું માનીને-અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરકાળથી (-જ્ઞેયના કાળથી) અસત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૧૦. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતા એવા પરભાવોના પરિણમનને લીધે જ્ઞાયકસ્વભાવને પરભાવપણે માનીને-અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-ભાવથી સત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે-નાશ પામવા દેતો નથી. ૧૧. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'સર્વ ભાવો હું જ છું' એમ પરભાવને જ્ઞાયકભાવપણે માનીને-અંગીકાર

**प्रतिपद्यात्मानं नाशयति, तदा परभावेनासत्त्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति १२। यदाऽनित्यज्ञानविशेषैः खण्डितनित्यज्ञानसामान्यो नाशमुपैति, तदा ज्ञानसामान्यरूपेण नित्यत्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति १३। यदा तु नित्यज्ञानसामान्योपादानायानित्यज्ञानविशेषत्यागेनात्मानं नाशयति, तदा ज्ञानविशेषरूपेणानित्यत्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति १४।**

**भवन्ति चात्र श्लोकाः-**

(शार्दूलविक्रीडित)

**बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्**
**विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।**
**यत्तत्तत्तदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-**
**र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति।। २४८ ।।**

---

કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરભાવથી અસત્‌પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૧૨. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનિત્ય જ્ઞાનવિશેષો વડે પોતાનું નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનસામાન્યરૂપથી નિત્યપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે–નાશ પામવા દેતો નથી. ૧૩. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ નિત્ય જ્ઞાનસામાન્યનું ગ્રહણ કરવા માટે અનિત્ય જ્ઞાનવિશેષોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે (અર્થાત્ જ્ઞાનના વિશેષોનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનવિશેષરૂપથી અનિત્યપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૧૪.

(અહીં તત્–અતત્‌ના ૨ ભંગ, એક–અનેકના ૨ ભંગ, સત્–અસત્‌ના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી ૮ ભંગ, અને નિત્ય–અનિત્યના ૨ ભંગ–એમ બધા મળીને ૧૪ ભંગ થયા. આ ચૌદ ભંગોમાં એમ બતાવ્યું કે–એકાંતથી જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે અને અનેકાંતથી આત્મા જીવતો રહે છે; અર્થાત્ એકાંતથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી, સ્વરૂપમાં પરિણમતો નથી, અને અનેકાંતથી તે વાસ્તવિક સ્વરૂપે સમજાય છે, સ્વરૂપમાં પરિણમે છે.)

અહીં નીચે પ્રમાણે (૧૪ ભંગોના કળશરૂપે) ૧૪ કાવ્યો પણ કહેવામાં આવે છેઃ–

(પ્રથમ, પહેલાં ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ–)

**શ્લોકાર્થઃ-** [ बाह्य–अर्थैः परिपीतम् ] બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે પી જવામાં

( शार्दूलविक्रीडित )

**विश्वं ज्ञानमिति प्रतर्क्य सकलं दृष्ट्वा स्वतत्त्वाशया**
**भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छन्दमाचेष्टते।**
**यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुन-**
**र्विश्वाद्भिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत्।। २४९ ।।**

---

આવેલું, [ उज्झित–निज–प्रव्यक्ति–रिक्तीभवत् ] પોતાની વ્યક્તિને (-પ્રગટતાને) છોડી દેવાથી ખાલી (-શૂન્ય) થઈ ગયેલું, [ परितः पररूपे एव विश्रान्तं ] સમસ્તપણે પરરૂપમાં જ વિશ્રાંત (અર્થાત્ પરરૂપ ઉપર જ આધાર રાખતું) એવું [ पशोः ज्ञानं ] પશુનું જ્ઞાન (-તિર્યંચ જેવા એકાંતવાદીનું જ્ઞાન) [ सीदति ] નાશ પામે છે; [ स्याद्वादिनः तत् पुनः ] અને સ્યાદ્વાદીનું જ્ઞાન તો, [ 'यत् तत् तत् इह स्वरूपतः तत्' इति ] 'જે તત્ છે તે સ્વરૂપથી તત્ છે (અર્થાત્ દરેક તત્ત્વને-વસ્તુને સ્વરૂપથી તત્પણું છે)' એવી માન્યતાને લીધે, [ दूर–उन्मग्न–घन–स्वभाव–भरतः ] અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી, [ पूर्णं समुन्मज्जति ] સંપૂર્ણ ઉદિત (-પ્રગટ) થાય છે.

**ભાવાર્થઃ-**કોઈ સર્વથા એકાંતી તો એમ માને છે કે-ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે માટે જ્ઞાન સર્વ પ્રકારે જ્ઞેયો પર જ આધાર રાખે છે. આવું માનનાર એકાંતવાદીના જ્ઞાનને તો જ્ઞેયો પી ગયાં, જ્ઞાન પોતે કાંઈ ન રહ્યું. સ્યાદ્વાદી તો એમ માને છે કે-જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ જ (-જ્ઞાનસ્વરૂપ જ) છે, જ્ઞેયાકાર થવા છતાં જ્ઞાનપણાને છોડતું નથી. આવી યથાર્થ અનેકાંત સમજણને લીધે સ્યાદ્વાદીને જ્ઞાન (અર્થાત્ જ્ઞાનસ્વરૂપ આત્મા) પ્રગટ પ્રકાશે છે.

આ પ્રમાણે સ્વરૂપથી તત્પણાનો ભંગ કહ્યો. ૨૪૮.

(હવે બીજા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ-)

**શ્લોકાર્થઃ-** [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ 'विश्वं ज्ञानम्' इति प्रतर्क्य ] 'વિશ્વ જ્ઞાન છે (અર્થાત્ સર્વ જ્ઞેયપદાર્થો આત્મા છે)' એમ વિચારીને [ सकलं स्वतत्त्व–आशया दृष्ट्वा ] સર્વને (-સમસ્ત વિશ્વને) નિજતત્ત્વની આશાથી દેખીને [ विश्वमयः भूत्वा ] વિશ્વમય (-સમસ્ત જ્ઞેયપદાર્થમય) થઈને, [ पशुः इव स्वच्छन्दम् आचेष्टते ] ઢોરની માફક સ્વચ્છંદપણે ચેષ્ટા કરે છે-વર્તે છે; [ पुनः ] અને [ स्याद्वाददर्शी ] સ્યાદ્વાદદર્શી તો (-સ્યાદ્વાદનો દેખનાર તો), [ 'यत् तत् तत् पररूपतः न तत्' इति ] 'જે તત્ છે તે પરરૂપથી તત્ નથી (અર્થાત્ દરેક તત્ત્વને સ્વરૂપથી તત્પણું હોવા છતાં પરરૂપથી અતત્પણું છે)' એમ માનતો હોવાથી, [ विश्वात् भिन्नम् अविश्व–विश्वघटितं ] વિશ્વથી ભિન્ન એવા અને વિશ્વથી (-વિશ્વના

( शार्दूलविक्रीडित )

**बाह्यार्थग्रहणस्वभावभरतो विष्वग्विचित्रोल्लस-**
**ज्ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुट्यन्पशुर्नश्यति।**
**एकद्रव्यतया सदाप्युदितया भेदभ्रमं ध्वंसय-**
**न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्।। २५० ।।**

---

નિમિત્તથી ) રચાયેલું હોવા છતાં વિશ્વરૂપ નહિ એવા ( અર્થાત્ સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં સમસ્ત જ્ઞેયવસ્તુથી ભિન્ન એવા ) [ तस्य स्वतत्त्वं स्पृशेत् ] પોતાના નિજતત્ત્વને સ્પર્શે છે-અનુભવે છે.

**ભાવાર્થઃ**-એકાંતવાદી એમ માને છે કે-વિશ્વ ( -સમસ્ત વસ્તુઓ ) જ્ઞાનરૂપ અર્થાત્ પોતારૂપ છે. આ રીતે પોતાને અને વિશ્વને અભિન્ન માનીને, પોતાને વિશ્વમય માનીને, એકાંતવાદી, ઢોરની જેમ હેય-ઉપાદેયના વિવેક વિના સર્વત્ર સ્વચ્છંદપણે પ્રવર્તે છે. સ્યાદ્વાદી તો એમ માને છે કે-જે વસ્તુ પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ છે, તે જ વસ્તુ પરના સ્વરૂપથી અતત્સ્વરૂપ છે; માટે જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ છે, પરંતુ પર જ્ઞેયોના સ્વરૂપથી અતત્સ્વરૂપ છે અર્થાત્ પર જ્ઞેયોના આકારે થવા છતાં તેમનાથી ભિન્ન છે.

આ પ્રમાણે પરરૂપથી અતત્પણાનો ભંગ કહ્યો. ૨૪૯.

( હવે ત્રીજા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ- )

**શ્લોકાર્થઃ**- [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ बाह्य–अर्थ–ग्रहण–स्वभाव–भरतः ] બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવાના ( જ્ઞાનના ) સ્વભાવની અતિશયતાને લીધે, [ विष्वग्–विचित्र–उल्लसत्–ज्ञेयाकार–विशीर्ण–शक्तिः ] ચારે તરફ ( સર્વત્ર ) પ્રગટ થતા અનેક પ્રકારના જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ણ થઈ ગઈ છે એવો થઈને ( અર્થાત્ અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતાં જ્ઞાનની શક્તિને છિન્નભિન્ન-ખંડ-ખંડરૂપ-થઈ જતી માનીને ) [ अभितः त्रुट्यन् ] સમસ્તપણે તૂટી જતો થકો ( અર્થાત્ ખંડખંડરૂપ-અનેકરૂપ-થઈ જતો થકો ) [ नश्यति ] નાશ પામે છે; [ अनेकान्तवित् ] અને અનેકાંતનો જાણનાર તો, [ सदा अपि उदितया एक–द्रव्यतया ] સદાય ઉદિત ( -પ્રકાશમાન ) એકદ્રવ્યપણાને લીધે [ भेदभ्रमं ध्वंसन् ] ભેદના ભ્રમને નષ્ટ કરતો થકો ( અર્થાત્ જ્ઞેયોના ભેદે જ્ઞાનમાં સર્વથા ભેદ પડી જાય છે એવા ભ્રમનો નાશ કરતો થકો ), [ एकम् अबाधित–अनुभवनं ज्ञानम् ] જે એક છે ( -સર્વથા અનેક નથી ) અને જેનું અનુભવન નિર્બાધ છે એવા જ્ઞાનને [ पश्यति ] દેખે છે-અનુભવે છે.

**ભાવાર્થઃ**-જ્ઞાન છે તે જ્ઞેયોના આકારે પરિણમવાથી અનેક દેખાય છે, તેથી

( शार्दूलविक्रीडित )

**ज्ञेयाकारकलङ्कमेचकचिति प्रक्षालनं कल्पय**
**न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति।**
**वैचित्र्येऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतःक्षालितं**
**पर्यायैस्तदनेकतां परिमृशन् पश्यत्यनेकान्तवित्।। २५१ ।।**

---

સર્વથા એકાંતવાદી તે જ્ઞાનને સર્વથા અનેક-ખંડખંડરૂપ-દેખતો થકો જ્ઞાનમય એવા પોતાનો નાશ કરે છે; અને સ્યાદ્વાદી તો જ્ઞાનને, જ્ઞેયાકાર થવા છતાં, સદા ઉદયમાન દ્રવ્યપણા વડે એક દેખે છે.

આ પ્રમાણે એકપણાનો ભંગ કહ્યો. ૨૫૦.

( હવે ચોથા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ- )

**શ્લોકાર્થઃ-** [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ ज्ञेयाकार-कलङ्क-मेचक-चिति प्रक्षालनं कल्पयन् ] જ્ઞેયકારોરૂપી કલંકથી ( અનેકાકારરૂપ ) મલિન એવા ચેતનમાં પ્રક્ષાલન કલ્પતો થકો ( અર્થાત્ ચેતનની અનેકાકારરૂપ મલિનતાને ધોઈ નાખવાનું કલ્પતો થકો ), [ एकाकार-चिकीर्षया स्फुटम् अपि ज्ञानं न इच्छति ] એકાકાર કરવાની ઇચ્છાથી જ્ઞાનને-જોકે તે જ્ઞાન અનેકાકારપણે પ્રગટ છે તોપણ-ઇચ્છતો નથી ( અર્થાત્ જ્ઞાનને સર્વથા એકાકાર માનીને જ્ઞાનનો અભાવ કરે છે ); [ अनेकान्तवित् ] અને અનેકાંતનો જાણનાર તો, [ पर्यायैः तद्-अनेकतां परिमृशन् ] પર્યાયોથી જ્ઞાનની અનેક્તા જાણતો ( અનુભવતો ) થકો, [ वैचित्र्ये अपि अविचित्रताम् उपगतं ज्ञानं ] વિચિત્ર છતાં અવિચિત્રતાને પ્રાપ્ત ( અર્થાત્ અનેકરૂપ છતાં એકરૂપ ) એવા જ્ઞાનને [ स्वतःक्षालितं ] સ્વતઃક્ષાલિત ( સ્વયમેવ ધોયેલું-શુદ્ધ ) [ पश्यति ] અનુભવે છે.

**ભાવાર્થઃ-**એકાંતવાદી જ્ઞેયાકારરૂપ ( અનેકાકારરૂપ ) જ્ઞાનને મલિન જાણી, તેને ધોઈને-તેમાંથી જ્ઞેયાકારો દૂર કરીને, જ્ઞાનને જ્ઞેયાકારો રહિત એક-આકારરૂપ કરવા ઇચ્છતો થકો, જ્ઞાનનો નાશ કરે છે; અને અનેકાંતી તો સત્યાર્થ વસ્તુસ્વભાવને જાણતો હોવાથી, જ્ઞાનને સ્વરૂપથી જ અનેકાકારપણું માને છે.

આ પ્રમાણે અનેકપણાનો ભંગ કહ્યો. ૨૫૧.

( હવે પાંચમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ- )

( शार्दूलविक्रीडित )

**प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चित:**
**स्वद्रव्यानवलोकनेन परित: शून्य: पशुर्नश्यति।**
**स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्य: समुन्मज्जता**
**स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति।। २५२ ।।**

( शार्दूलविक्रीडित )

**सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासित:**
**स्वद्रव्यभ्रमत: पशु: किल परद्रव्येषु विश्राम्यति।**
**स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां**
**जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत्।। २५३ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ प्रत्यक्ष–आलिखित–स्फुट–स्थिर–परद्रव्य–अस्तिता–वञ्चितः ] પ્રત્યક્ષ *આલિખિત એવાં પ્રગટ (-સ્થૂલ) અને સ્થિર (-નિશ્ચળ) પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો, [ स्वद्रव्यअनवलोकनेन परितः शून्यः ] સ્વદ્રવ્યને (-આત્મદ્રવ્યના અસ્તિત્વને) નહિ દેખતો હોવાથી સમસ્તપણે શૂન્ય થયો થકો [ नश्यति ] નાશ પામે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્‌વાદી તો, [ स्वद्रव्य–अस्तितया निपुणं निरूप्य ] આત્માને સ્વદ્રવ્યરૂપે અસ્તિપણે નિપુણ રીતે અવલોક્તો હોવાથી, [ सद्यः समुन्मज्जता विशुद्ध–बोध–महसा पूर्णः भवन् ] તત્કાળ પ્રગટ થતા વિશુદ્ધ જ્ઞાનપ્રકાશ વડે પૂર્ણ થતો થકો [ जीवति ] જીવે છે-નાશ પામતો નથી.

**ભાવાર્થઃ-**એકાંતી બાહ્ય પરદ્રવ્યને પ્રત્યક્ષ દેખી તેનું અસ્તિત્વ માને છે, પરંતુ પોતાના આત્મદ્રવ્યને ઇંદ્રિયપ્રત્યક્ષ નહિ દેખતો હોવાથી તેને શૂન્ય માની આત્માનો નાશ કરે છે. સ્યાદ્‌વાદી તો જ્ઞાનરૂપી તેજથી પોતાના આત્માનું સ્વદ્રવ્યથી અસ્તિત્વ અવલોક્તો હોવાથી જીવે છે-પોતાનો નાશ કરતો નથી.

આ પ્રમાણે સ્વદ્રવ્ય-અપેક્ષાથી અસ્તિત્વનો (-સત્‌પણાનો) ભંગ કહ્યો. ૨૫૨.

(હવે છઠ્ઠા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ-)

**શ્લોકાર્થઃ-** [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ दुर्वासना–वासितः ] દુર્વાસનાથી (-કુનયની વાસનાથી) વાસિત થયો થકો, [ पुरुषं सर्वद्रव्यमयं प्रपद्य ] આત્માને સર્વદ્રવ્યમય માનીને, [ स्वद्रव्य–भ्रमतः परद्रव्येषु किल विश्राम्यति ]

---

* આલિખિત = આળેખાયેલાં; ચિત્રિત; સ્પર્શાતાં; જણાતાં.

( शार्दूलविक्रीडित )

**भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा**
**सीदत्येव बहिः पतन्तमभितः पश्यन्पुमांसं पशुः।**
**स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुन-**
**स्तिष्ठत्यात्मनिखातबोध्यनियतव्यापारशक्तिर्भवन्।। २५४ ।।**

---

( પરદ્રવ્યોમાં ) સ્વદ્રવ્યના ભ્રમથી પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્વાદી તો, [ समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां जानन् ] સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ જાણતો થકો, [ निर्मल–शुद्ध–बोध–महिमा ] જેનો શુદ્ધજ્ઞાનમહિમા નિર્મળ છે એવો વર્તતો થકો, [ स्वद्रव्यम् एव आश्रयेत् ] સ્વદ્રવ્યનો જ આશ્રય કરે છે.

**ભાવાર્થઃ-**એકાંતવાદી આત્માને સર્વદ્રવ્યમય માનીને, આત્મામાં જે પરદ્રવ્ય-અપેક્ષાએ નાસ્તિત્વ છે તેનો લોપ કરે છે; અને સ્યાદ્વાદી તો સર્વ પદાર્થોમાં પરદ્રવ્ય-અપેક્ષાએ નાસ્તિત્વ માનીને નિજ દ્રવ્યમાં રમે છે.

આ પ્રમાણે પરદ્રવ્ય-અપેક્ષાથી નાસ્તિત્વનો ( -અસત્પણાનો ) ભંગ કહ્યો. ૨૫૩.

( હવે સાતમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ- )

**શ્લોકાર્થઃ-** [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ भिन्न–क्षेत्र–निषण्ण–बोध्य–नियत–व्यापार–निष्ठः ] ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થોમાં જે જ્ઞેયજ્ઞાયક સંબંધરૂપ નિશ્ચિત વ્યાપાર તેમાં પ્રવર્તતો થકો, [ पुमांसम् अभितः बहिः पतन्तम् पश्यन् ] આત્માને સમસ્તપણે બહાર ( પરક્ષેત્રમાં ) પડતો દેખીને ( -સ્વક્ષેત્રથી આત્માનું અસ્તિત્વ નહિ માનીને ) [ सदा सीदति एव ] સદા નાશ પામે છે; [ स्याद्वादवेदी पुनः ] અને સ્યાદ્વાદનો જાણનાર તો, [ स्वक्षेत्र–अस्तितया निरुद्ध–रभसः ] સ્વક્ષેત્રથી અસ્તિપણાને લીધે જેનો વેગ રોકાયેલો છે એવો થયો થકો ( અર્થાત્ સ્વક્ષેત્રમાં વર્તતો થકો ), [ आत्म–निखात–बोध्य–नियत–व्यापार–शक्तिः भवन् ] આત્મામાં જ આકારરૂપ થયેલાં જ્ઞેયોમાં નિશ્ચિત વ્યાપારની શક્તિવાળો થઈને, [ तिष्ठति ] ટકે છે-જીવે છે ( -નષ્ટ થતો નથી ).

**ભાવાર્થઃ-**એકાંતવાદી ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને જાણવાના કાર્યમાં પ્રવર્તતાં આત્માને બહાર પડતો જ માનીને, ( સ્વક્ષેત્રથી અસ્તિત્વ નહિ માનીને, ) પોતાને નષ્ટ કરે છે; અને સ્યાદ્વાદી તો, 'પરક્ષેત્રમાં રહેલાં જ્ઞેયોને જાણતાં પોતાના ક્ષેત્રમાં રહેલો આત્મા સ્વક્ષેત્રથી અસ્તિત્વ ધારે છે' એમ માનતો થકો ટકી રહે છે-નાશ પામતો નથી.

આ પ્રમાણે સ્વક્ષેત્રથી અસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૪.

( હવે આઠમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ- )

( शार्दूलविक्रीडित )

**स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्**
**तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन्।**
**स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां**
**त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परान्।। २५५ ।।**

( शार्दूलविक्रीडित )

**पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्**
**सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः।**
**अस्तित्वं निजकालतोऽस्य कलयन स्याद्वादवेदी पुनः**
**पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि।। २५६ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ स्वक्षेत्रस्थितये पृथग्विध–परक्षेत्र–स्थित–अर्थ–उज्झनात् ] સ્વક્ષેત્રમાં રહેવા માટે જુદા જુદા પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને છોડવાથી, [ अर्थैः सह चिद्–आकारान् वमन् ] જ્ઞેય પદાર્થોની સાથે ચૈતન્યના આકારોને પણ વમી નાખતો થકો ( અર્થાત્ જ્ઞેય પદાર્થોના નિમિત્તે ચૈતન્યમાં જે આકારો થાય છે તેમને પણ છોડી દેતો થકો ) [ तुच्छीभूय ] તુચ્છ થઈને [ प्रणश्यति ] નાશ પામે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્વાદી તો [ स्वधामनि वसन् ] સ્વક્ષેત્રમાં રહેતો, [ परक्षेत्रे नास्तितां विदन् ] પરક્ષેત્રમાં પોતાનું નાસ્તિત્વ જાણતો થકો, [ त्यक्त–अर्थः अपि ] ( પરક્ષેત્રમાં રહેલા ) જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં [ परान् आकारकर्षी ] તે પર પદાર્થોમાંથી ચૈતન્યના આકારોને ખેંચતો હોવાથી ( અર્થાત્ જ્ઞેય પદાર્થોના નિમિત્તે થતા ચૈતન્યના આકારોને છોડતો નહિ હોવાથી ) [ तुच्छताम्–अनुभवति न ] તુચ્છતા પામતો નથી.

**ભાવાર્થઃ-**' પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોના આકારે ચૈતન્યના આકારો થાય છે તેમને જો હું પોતાના કરીશ તો સ્વક્ષેત્રમાં જ રહેવાને બદલે પરક્ષેત્રમાં પણ વ્યાપી જઈશ ' એમ માનીને અજ્ઞાની એકાંતવાદી પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોની સાથે સાથે ચૈતન્યના આકારોને પણ છોડી દે છે; એ રીતે પોતે ચૈતન્યના આકારો રહિત તુચ્છ થાય છે, નાશ પામે છે. સ્યાદ્વાદી તો સ્વક્ષેત્રમાં રહેતો, પરક્ષેત્રમાં પોતાની નાસ્તિતા જાણતો થકો, જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં ચૈતન્યના આકારોને છોડતો નથી; માટે તે તુચ્છ થતો નથી, નાશ પામતો નથી.

આ પ્રમાણે પરક્ષેત્રની અપેક્ષાથી નાસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૫.

( હવે નવમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ- )

**શ્લોકાર્થઃ-**[ पशुः ] પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની, [ पूर्व–आलम्बित–बोध्य–

( शार्दूलविक्रीडित )

**अर्थालम्बनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि**
**र्ज्ञेयालम्बनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति।**
**नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन-**
**स्तिष्ठत्यात्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्।। २५७ ।।**

---

नाश–समये ज्ञानस्य नाशं विदन् ] પૂર્વાલંબિત જ્ઞેય પદાર્થોના નાશ સમયે જ્ઞાનનો પણ નાશ જાણતો થકો, [ न किञ्चन अपि कलयन् ] એ રીતે જ્ઞાનને કાંઈ પણ ( વસ્તુ ) નહિ જાણતો થકો ( અર્થાત્ જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ જ નહિ માનતો થકો ), [ अत्यन्त–तुच्छः ] અત્યંત તુચ્છ થયો થકો [ सीदति एव ] નાશ પામે છે; [ स्याद्वादवेदी पुनः ] અને સ્યાદ્વાદનો જાણનાર તો [ अस्य निज–कालतः अस्तित्वं कलयन् ] આત્માનું નિજ કાળથી અસ્તિત્વ જાણતો થકો, [ बाह्यवस्तुषु मुहुः भूत्वा विनश्यत्सु अपि ] બાહ્ય વસ્તુઓ વારંવાર થઈને નાશ પામતાં છતાં પણ, [ पूर्णः तिष्ठति ] પોતે પૂર્ણ રહે છે.

**ભાવાર્થઃ**-પહેલાં જે જ્ઞેય પદાર્થો જાણ્યા હતા તે ઉત્તર કાળમાં નાશ પામી ગયા; તેમને દેખી એકાંતવાદી પોતાના જ્ઞાનનો પણ નાશ માની અજ્ઞાની થયો થકો આત્માનો નાશ કરે છે. સ્યાદ્વાદી તો, જ્ઞેય પદાર્થો નષ્ટ થતાં પણ, પોતાનું અસ્તિત્વ પોતાના કાળથી જ માનતો થકો નષ્ટ થતો નથી.

આ પ્રમાણે સ્વકાળ-અપેક્ષાથી અસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૬.

( હવે દસમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ- )

**શ્લોકાર્થઃ**- [ पशुः ] પશુ અર્થાત્ અજ્ઞાની એકાંતવાદી, [ अर्थ–आलम्बन–काले एव ज्ञानस्य सत्त्वं कलयन् ] જ્ઞેય પદાર્થોના આલંબન કાળે જ જ્ઞાનનું અસ્તિત્વ જાણતો થકો, [ बहिः–ज्ञेय–आलम्बन–लालसेन मनसा भ्राम्यन् ] બાહ્ય જ્ઞેયોના આલંબનની લાલસાવાળા ચિત્તથી ( બહાર ) ભમતો થકો [ नश्यति ] નાશ પામે છે; [ स्याद्वादवेदी पनुः ] અને સ્યાદ્વાદનો જાણનાર તો [ पर–कालतः अस्य नास्तित्वं कलयन् ] પરકાળથી આત્માનું નાસ્તિત્વ જાણતો થકો, [ आत्म–निखात–नित्य–सहज–ज्ञान–एक–पुञ्जीभवन् ] આત્મામાં દઢપણે રહેલા નિત્ય સહજ જ્ઞાનના એક પુંજરૂપ વર્તતો થકો [ तिष्ठति ] ટકે છે-નષ્ટ થતો નથી.

**ભાવાર્થઃ**-એકાંતી જ્ઞેયોના આલંબનકાળે જ જ્ઞાનનું સત્પણું જાણે છે તેથી જ્ઞેયોના આલંબનમાં મનને જોડી બહાર ભમતો થકો નષ્ટ થાય છે. સ્યાદ્વાદી તો પર જ્ઞેયોના કાળથી પોતાનું નાસ્તિત્વ જાણે છે, પોતાના જ કાળથી પોતાનું અસ્તિત્વ જાણે છે; તેથી જ્ઞેયોથી જુદા એવા જ્ઞાનના પુંજરૂપ વર્તતો થકો નષ્ટ થતો નથી.

આ પ્રમાણે પરકાળ-અપેક્ષાએ નાસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૭.

( शार्दूलविक्रीडित )

**विश्रान्तः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु**
**नश्यत्येव पशुः स्वभावमहिमन्येकान्तनिश्चेतनः**
**सर्वस्मान्नियतस्वभावभवनज्ञानाद्विभक्तो भवन्**
**स्याद्वादी तु न नाशमेति सहजस्पष्टीकृतप्रत्ययः।। २५८ ।।**

( शार्दूलविक्रीडित )

**अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः**
**सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति।**
**स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा-**
**दारूढः परभावभावविरहव्यालोकनिष्कम्पितः।। २५९ ।।**

---

( હવે અગિયારમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ– )

**શ્લોકાર્થઃ-** [ पशुः ] પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની, [ परभाव–भाव–कलनात् ] પરભાવોના *ભવનને જ જાણતો હોવાથી, ( એ રીતે પરભાવોથી જ પોતાનું અસ્તિત્વ માનતો હોવાથી, ) [ नित्यं बहिः–वस्तुषु विश्रान्तः ] સદાય બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો, [ स्वभाव–महिमनि एकान्त–निश्चेतनः ] ( પોતાના ) સ્વભાવના મહિમામાં અત્યંત નિશ્ચેતન ( જડ ) વર્તતો થકો, [ नश्यति एव ] નાશ પામે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્વાદી તો [ नियत–स्वभाव–भवन–ज्ञानात् सर्वस्मात् विभक्तः भवन् ] ( પોતાના ) નિયત સ્વભાવના ભવનસ્વરૂપ જ્ઞાનને લીધે સર્વથી ( –સર્વ પરભાવોથી ) ભિન્ન વર્તતો થકો, [ सहज–स्पष्टीकृत–प्रत्ययः ] જેણે સહજ સ્વભાવનું પ્રતીતિરૂપ જાણપણું સ્પષ્ટ–પ્રત્યક્ષ–અનુભવરૂપ કર્યું છે એવો થયો થકો, [ नाशम् एति न ] નાશ પામતો નથી.

**ભાવાર્થઃ-**એકાંતવાદી પરભાવોથી જ પોતાનું સત્પણું માનતો હોવાથી બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો આત્માનો નાશ કરે છે; અને સ્યાદ્વાદી તો, જ્ઞાનભાવ જ્ઞેયાકાર થવા છતાં જ્ઞાનભાવનું સ્વભાવથી અસ્તિત્વ જાણતો થકો, આત્માનો નાશ કરતો નથી.

આ પ્રમાણે સ્વ–ભાવની ( પોતાના ભાવની ) અપેક્ષાથી અસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૮.

( હવે બારમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ– )

**શ્લોકાર્થઃ-** [ पशुः ] પશુ અર્થાત્ અજ્ઞાની એકાંતવાદી, [ सर्व–भाव–भवनं

---

* ભવન = અસ્તિત્વ; પરિણમન.

( शार्दूलविक्रीडित )

**प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना**
**निर्ज्ञानात्क्षणभङ्गसङ्गपतित: प्राय: पशुर्नश्यति।**
**स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं**
**टङ्कोत्कीर्णघनस्वभावमहिम ज्ञानं भवन् जीवति।। २६० ।।**

---

आत्मनि अध्यास्य शुद्ध–स्वभाव–च्युतः ] સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં અધ્યાસ કરીને ( અર્થાત્ સર્વ જ્ઞેય પદાર્થોના ભાવોરૂપે આત્મા છે એમ માનીને ) શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો, [ अनिवारितः सर्वत्र अपि स्वैरं गतभयः क्रीडति ] કોઈ પરભાવને બાકી રાખ્યા વિના સર્વ પરભાવોમાં સ્વચ્છંદતાથી નિર્ભયપણે ( નિઃશંકપણે ) ક્રીડા કરે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્વાદી તો [ स्वस्य स्वभावं भरात् आरूढः ] પોતાના સ્વભાવમાં અત્યંત આરૂઢ થયો થકો, [ परभाव–भाव–विरह–व्यालोक–निष्कम्पितः ] પરભાવોરૂપ ભવનના અભાવની દૃષ્ટિને લીધે ( અર્થાત્ આત્મા પરદ્રવ્યોના ભાવોરૂપે નથી-એમ દેખતો હોવાથી ) નિષ્કંપ વર્તતો થકો, [ विशुद्धः एव लसति ] શુદ્ધ જ વિરાજે છે.

**ભાવાર્થઃ-**એકાંતવાદી સર્વ પરભાવોને પોતારૂપ જાણીને પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો સર્વત્ર ( સર્વ પરભાવોમાં ) સ્વેચ્છાચારીપણે નિઃશંક રીતે વર્તે છે; અને સ્યાદ્વાદી તો, પરભાવોને જાણતાં છતાં, પોતાના શુદ્ધ જ્ઞાનસ્વભાવને સર્વ પરભાવોથી ભિન્ન અનુભવતો થકો શોભે છે.

આ પ્રમાણે પરભાવ-અપેક્ષાથી નાસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૯.

( હવે તેરમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ- )

**શ્લોકાર્થઃ-** [ पशुः ] પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની, [ प्रादुर्भाव–विराम–मुद्रित–वहत्–ज्ञान–अंश–नाना–आत्मना निर्ज्ञानात् ] ઉત્પાદ-વ્યયથી લક્ષિત એવા જે વહેતા ( -પરિણમતા ) જ્ઞાનના અંશો તે-રૂપ અનેકાત્મકપણા વડે જ ( આત્માનો ) નિર્ણય અર્થાત્ જ્ઞાન કરતો થકો, [ क्षणभङ्ग–सङ्ग–पतितः ] *ક્ષણભંગના સંગમાં પડેલો, [ प्रायः नश्यति ] બાહુલ્યપણે નાશ પામે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્વાદી તો [ चिद्–आत्मना चिद्–वस्तु नित्य–उदितं परिमृशन् ] ચૈતન્યાત્મકપણા વડે ચૈતન્યવસ્તુને નિત્ય-ઉદિત અનુભવતો થકો, [ टङ्कोत्कीर्ण–घन–स्वभाव–महिम ज्ञानं भवन् ] ટંકોત્કીર્ણઘનસ્વભાવ ( -ટંકોત્કીર્ણપિંડરૂપ સ્વભાવ ) જેનો મહિમા છે એવા જ્ઞાનરૂપ વર્તતો, [ जीवति ] જીવે છે.

**ભાવાર્થઃ-**એકાંતવાદી જ્ઞેયોના આકાર અનુસાર જ્ઞાનને ઊપજતું-વિણસતું

---

* ક્ષણભંગ = ક્ષણે ક્ષણે થતો નાશ; ક્ષણભંગુરતા; અનિત્યતા.

( शार्दूलविक्रीडित )

**टङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया**
**वाञ्छत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किञ्चन।**
**ज्ञान नित्यमनित्यतापरिगमेऽप्यासादयत्युज्ज्वलं**
**स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात्।। २६१ ।।**

---

દેખીને, અનિત્ય પર્યાયો દ્વારા આત્માને સર્વથા અનિત્ય માનતો થતો, પોતાને નષ્ટ કરે છે; અને સ્યાદ્વાદી તો, જોકે જ્ઞાન જ્ઞેયો અનુસાર ઊપજે-વિણસે છે તોપણ, ચૈતન્યભાવનો નિત્ય ઉદય અનુભવતો થકો જીવે છે–નાશ પામતો નથી.

આ પ્રમાણે નિત્યત્વનો ભંગ કહ્યો. ૨૬૦.

( હવે ચૌદમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છેઃ- )

**શ્લોકાર્થઃ-** [ पशुः ] પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની, [ टङ्कोत्कीर्ण–विशुद्ध–बोध–विसर–आकार–आत्म–तत्त्व–आशया ] ટંકોત્કીર્ણ વિશુદ્ધ જ્ઞાનના ફેલાવરૂપ એક આકાર ( સર્વથા નિત્ય ) આત્મતત્ત્વની આશાથી, [ उच्छलत्–अच्छ–चित्परिणतेः भिन्नं किञ्चन वाञ्छति ] ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક ( આત્મતત્ત્વને ) ઇચ્છે છે ( પરંતુ એવું કોઈ આત્મતત્ત્વ છે નહિ ); [ स्याद्वादी ] અને સ્યાદ્વાદી તો, [ चिद्–वस्तु–वृत्ति–क्रमात् तद्–अनित्यतां परिमृशन् ] ચૈતન્યવસ્તુની વૃત્તિના ( -પરિણતિના, પર્યાયના ) ક્રમ દ્વારા તેની અનિત્યતાને અનુભવતો થકો, [ नित्यम् ज्ञानं अनित्यता परिगमे अपि उज्ज्वलम् आसादयति ] નિત્ય એવા જ્ઞાનને અનિત્યતાથી વ્યાપ્ત છતાં ઉજ્જ્વળ ( -નિર્મળ ) માને છે–અનુભવે છે.

**ભાવાર્થઃ-**એકાંતવાદી જ્ઞાનને સર્વથા એકાકાર-નિત્ય પ્રાપ્ત કરવાની વાંછાથી, ઊપજતી-વિણસતી ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક જ્ઞાનને ઇચ્છે છે; પરંતુ પરિણામ સિવાય જુદો કોઈ પરિણામી તો હોતો નથી. સ્યાદ્વાદી તો એમ માને છે કે-જોકે દ્રવ્યે જ્ઞાન નિત્ય છે તોપણ ક્રમશઃ ઊપજતી-વિણસતી ચૈતન્યપરિણતિના ક્રમને લીધે જ્ઞાન અનિત્ય પણ છે; એવો જ વસ્તુસ્વભાવ છે.

આ પ્રમાણે અનિત્યત્વનો ભંગ કહ્યો. ૨૬૧.

'પૂર્વોક્ત રીતે અનેકાંત, અજ્ઞાનથી મૂઢ થયેલા જીવોને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરી દે છે-સમજાવી દે છે' એવા અર્થનું કાવ્ય હવે કહેવામાં આવે છેઃ-

( अनुष्टुभ् )

**इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्।**
**आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते।। २६२ ।।**

( अनुष्टुभ् )

**एवं तत्त्वव्यवस्थित्या स्वं व्यवस्थापयन् स्वयम्।**
**अलङ्घ्यं शासनं जैनमनेकान्तो व्यवस्थितः।। २६३ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ इति ] આ રીતે [ अनेकान्तः ] અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ [ अज्ञान–विमूढानां ज्ञानमात्रं आत्मतत्त्वम् प्रसाधयन् ] અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો [ स्वयमेव अनुभूयते ] સ્વયમેવ અનુભવાય છે.

**ભાવાર્થઃ-**જ્ઞાનમાત્ર આત્મવસ્તુ અનેકાંતમય છે. પરંતુ અનાદિ કાળથી પ્રાણીઓ પોતાની મેળે અથવા તો એકાંતવાદનો ઉપદેશ સાંભળીને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ સંબંધી અનેક પ્રકારે પક્ષપાત કરી જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનો નાશ કરે છે. તેમને ( અજ્ઞાની જીવોને ) સ્યાદ્વાદ જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનું અનેકાંતસ્વરૂપપણું પ્રગટ કરે છે-સમજાવે છે. જો પોતાના આત્મા તરફ દેખી અનુભવ કરી જોવામાં આવે તો ( સ્યાદ્વાદના ઉપદેશ અનુસાર ) જ્ઞાનમાત્ર આત્મવસ્તુ આપોઆપ અનેક ધર્મોવાળી પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે. માટે હે પ્રવીણ પુરુષો ! તમે જ્ઞાનને તત્સ્વરૂપ, અતત્સ્વરૂપ, એકસ્વરૂપ, અનેકસ્વરૂપ, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્સ્વરૂપ, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્સ્વરૂપ, નિત્યસ્વરૂપ, અનિત્યસ્વરૂપ ઇત્યાદિ અનેક ધર્મસ્વરૂપ પ્રત્યક્ષ અનુભવગોચર કરી પ્રતીતિમાં લાવો. એ જ સમ્યગ્જ્ઞાન છે. સર્વથા એકાંત માનવું તે મિથ્યાજ્ઞાન છે. ૨૬૨.

‘ પૂર્વોક્ત રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતમય હોવાથી અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ સિદ્ધ થયો ’ એવા અર્થનું કાવ્ય હવે કહેવામાં આવે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ एवं ] આ રીતે [ अनेकान्तः ] અનેકાંત- [ जैनम् अलङ्घ्यं शासनम् ] કે જે જિનદેવનું અલંઘ્ય ( કોઈથી તોડી ન શકાય એવું ) શાસન છે તે- [ तत्त्व–व्यवस्थित्वा ] વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ ( વ્યવસ્થા ) વડે [ स्वयम् स्वं व्यवस्थापयन् ] પોતે પોતાને સ્થાપિત કરતો થકો [ व्यवस्थितः ] સ્થિત થયો-નિશ્ચિત ઠર્યો-સિદ્ધ થયો.

**ભાવાર્થઃ-**અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ, જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ સ્થાપન કરતો થકો, આપોઆપ સિદ્ધ થયો. તે અનેકાંત જ નિર્બાધ જિનમત છે અને યથાર્થ વસ્તુસ્થિતિનો કહેનાર છે કાંઈ કોઈએ અસત્ કલ્પનાથી વચનમાત્ર પ્રલાપ

**नन्वनेकान्तमयस्यापि किमर्थमत्रात्मनो ज्ञानमात्रतया व्यपदेशः? लक्षणप्रसिद्ध्या लक्ष्यप्रसिद्ध्यर्थम्। आत्मनो हि ज्ञानं लक्षणं, तदसाधारणगुणत्वात्। तेन ज्ञानप्रसिद्ध्या तल्लक्ष्यस्यात्मनः प्रसिद्धः। ननु किमनया लक्षणप्रसिद्ध्या, लक्ष्यमेव प्रसाधनीयम्। नाप्रसिद्धलक्षणस्य लक्ष्यप्रसिद्धिः, प्रसिद्धलक्षणस्यैव तत्प्रसिद्धेः। ननु किं तल्लक्ष्यं यज्ज्ञानप्रसिद्ध्या ततो भिन्नं प्रसिध्यति? न ज्ञानाद्भिन्नं लक्ष्यं, ज्ञानात्मनोर्द्रव्यत्वेनाभेदात्। तर्हि किं कृतो लक्ष्यलक्षण-**

---

કર્યો નથી. માટે હે નિપુણ પુરુષો! સારી રીતે વિચાર કરી પ્રત્યક્ષ અનુમાન-પ્રમાણથી અનુભવ કરી જુઓ. ૨૬૩.

(આચાર્યદેવ અનેકાંતને હજુ વિશેષ ચર્ચે છેઃ-)

(પ્રશ્નઃ-) આત્મા અનેકાંતમય હોવા છતાં પણ અહીં તેનો જ્ઞાનમાત્રપણે કેમ *વ્યપદેશ કરવામાં આવે છે? (આત્મા અનંત ધર્મોવાળો હોવા છતાં તેને જ્ઞાનમાત્રપણે કેમ કહેવામાં આવે છે? જ્ઞાનમાત્ર કહેવાથી તો અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.)

(ઉત્તરઃ-) લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ કરવામાં આવે છે. આત્માનું જ્ઞાન લક્ષણ છે, કારણ કે જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે (-અન્ય દ્રવ્યોમાં જ્ઞાનગુણ નથી). માટે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેના લક્ષ્યની-આત્માની-પ્રસિદ્ધિ થાય છે.

(પ્રશ્નઃ-) એ લક્ષણની પ્રસિદ્ધિથી શું પ્રયોજન છે? માત્ર લક્ષ્ય જ પ્રસાધ્ય અર્થાત્ પ્રસિદ્ધ કરવાયોગ્ય છે. (માટે લક્ષણને પ્રસિદ્ધ કર્યા વિના માત્ર લક્ષ્યને જ-આત્માને જ-પ્રસિદ્ધ કેમ કરતા નથી?)

(ઉત્તરઃ-) જેને લક્ષણ અપ્રસિદ્ધ હોય તેને (અર્થાત્ જે લક્ષણને જાણતો નથી એવા અજ્ઞાની જનને) લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી. જેને લક્ષણ પ્રસિદ્ધ થાય તેને જ લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે. (માટે અજ્ઞાનીને પહેલાં લક્ષણ બતાવીએ ત્યારે તે લક્ષ્યને ગ્રહણ કરી શકે છે.)

(પ્રશ્નઃ-) કયું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી (-જ્ઞાનથી) ભિન્ન પ્રસિદ્ધ થાય છે?

(ઉત્તરઃ-) જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી, કારણ કે જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે.

(પ્રશ્નઃ-) તો પછી લક્ષણ અને લક્ષ્યનો વિભાગ શા માટે કરવામાં આવ્યો?

---

* વ્યપદેશ = કથન; નામ.

**विभागः? प्रसिद्धप्रसाध्यमानत्वात् कृतः। प्रसिद्धं हि ज्ञानं, ज्ञानमात्रस्य स्वसंवेदनसिद्धत्वात्; तेन प्रसिद्धेन प्रसाध्यमानस्तदविनाभूतानन्तधर्मसमुदयमूर्तिरात्मा। ततो ज्ञानमात्राचलितनिखातया दृष्ट्या क्रमाक्रमप्रवृत्तं तदविनाभूतं अनन्तधर्मजातं यद्यावल्लक्ष्यते तत्तावत्समस्तमेवैकः खल्वात्मा। एतदर्थमेवात्रास्य ज्ञानमात्रतया व्यपदेशः। ननु क्रमाक्रमप्रवृत्तानन्तधर्ममयस्यात्मनः कथं ज्ञानमात्रत्वम्? परस्पर-व्यतिरिक्तानन्तधर्मसमुदायपरिणतैकज्ञप्तिमात्रभावरूपेण स्वयमेव भवनात्। अत एवास्य ज्ञानमात्रैकभावान्तःपातिन्योऽनन्ताः शक्तयः उत्प्लवन्ते। आत्मद्रव्यहेतुभूतचैतन्यमात्र-**

---

(ઉત્તરઃ- ) પ્રસિદ્ધત્વ અને *પ્રસાધ્યમાનત્વને લીધે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે. જ્ઞાન પ્રસિદ્ધ છે, કારણ કે જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે (અર્થાત્ જ્ઞાન સર્વ પ્રાણીઓને સ્વસંવેદનરૂપ અનુભવમાં આવે છે); તે પ્રસિદ્ધ એવા જ્ઞાન વડે પ્રસાધ્યમાન, તદ્-અવિનાભૂત (-જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળા) અનંત ધર્મોના સમુદાયરૂપ મૂર્તિ આત્મા છે. (જ્ઞાન પ્રસિદ્ધ છે; અને જ્ઞાન સાથે જેમનો અવિનાભાવી સંબંધ છે એવા અનંત ધર્મોના સમુદાયસ્વરૂપ આત્મા તે જ્ઞાન વડે પ્રસાધ્યમાન છે.) માટે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિ વડે, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો, તદ્-અવિનાભૂત (-જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળો) અનંતધર્મસૂમહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે, તે સઘળોય ખરેખર એક આત્મા છે.

આ કારણે જ અહીં આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ છે.

(પ્રશ્નઃ- ) જેમાં ક્રમ અને અક્રમે પ્રવર્તતા અનંત ધર્મો છે એવા આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે?

(ઉત્તરઃ- ) પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણત એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી (અર્થાત્ પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણમેલી જે એક જાણનક્રિયા તે જાણનક્રિયામાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી) આત્માને જ્ઞાનમાત્રપણું છે. માટે જ તેને જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની (-જ્ઞાનમાત્ર એક ભાવની અંદર પડનારી અર્થાત્ જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી- ) અનંત શક્તિઓ ઊછળે છે. (આત્માના જેટલા ધર્મો છે તે બધાયને, લક્ષણભેદે ભેદ હોવા છતાં, પ્રદેશભેદ નથી; આત્માના એક પરિણામમાં બધાય ધર્મોનું પરિણમન રહેલું છે. તેથી આત્માના એક જ્ઞાનમાત્ર ભાવની અંદર અનંત શક્તિઓ રહેલી છે. માટે જ્ઞાનમાત્ર ભાવમાં-જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં-અનંત શક્તિઓ ઊછળે છે.) તેમાંની કેટલીક શક્તિઓ નીચે પ્રમાણે છેઃ-આત્મદ્રવ્યને

---

* પ્રસાધ્યમાન = પ્રસિદ્ધ કરવામાં આવતું હોય તે. (જ્ઞાન પ્રસિદ્ધ છે અને આત્મા પ્રસાધ્યમાન છે.)

**भावधारणलक्षणा जीवत्वशक्तिः १। अजडत्वात्मिका चितिशक्तिः २। अनाकारोपयोगमयी दृशिशक्तिः ३। साकारोपयोगमयी ज्ञानशक्तिः ४। अनाकुलत्वलक्षणा सुखशक्तिः ५। स्वरूपनिर्वर्तनसामर्थ्यरूपा वीर्यशक्तिः ६। अखण्डितप्रतापस्वातन्त्र्यशालित्वलक्षणा प्रभुत्वशक्तिः ७। सर्वभावव्यापकैकभावरूपा विभुत्वशक्तिः ८। विश्वविश्वसामान्यभावपरिणतात्मदर्शनमयी सर्वदर्शित्वशक्तिः ९। विश्वविश्वविशेषभावपरिणतात्मज्ञानमयी सर्वज्ञत्वशक्तिः १०। नीरूपात्मप्रदेशप्रकाशमानलोकालोकाकारमेचकोपयोगलक्षणा स्वच्छत्वशक्तिः ११। स्वयम्प्रकाशमानविशदस्वसंवित्तिमयी प्रकाशशक्तिः १२। क्षेत्रकालानवच्छिन्नचिद्विलासात्मिका असङ्कुचितविकाशत्वशक्तिः १३।**

---

કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ. (આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં–આત્મામાં–ઊછળે છે.) ૧. અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ. (અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ.) ૨. અનાકાર ઉપયોગમયી દૃશિશક્તિ. (જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી એવા દર્શનોપયોગમયી–સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી–દૃશિશક્તિ અર્થાત્ દર્શનક્રિયારૂપ શક્તિ.) ૩. સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ. (જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ.) ૪. અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ. ૫. સ્વરૂપની (–આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ. ૬. જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (–સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ. ૭. સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ. (જેમ કે, જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.) ૮. સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ. ૯. સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ. ૧૦. અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક–આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ. (જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે.) ૧૧. સ્વયં પ્રકાશમાન વિશદ (–સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (–સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ. ૧૨. ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્વિલાસસ્વરૂપ (–ચૈતન્યના વિલાસસ્વરૂપ) અસંકુચિતવિકાસત્વશક્તિ. ૧૩. જે અન્યથી

**अन्याक्रियमाणान्याकारकैकद्रव्यात्मिका अकार्यकारणत्वशक्तिः १४। परात्मनिमित्तक-ज्ञेयज्ञानाकारग्रहणग्राहणस्वभावरूपा परिणम्यपरिणामकत्वशक्तिः १५। अन्यूनातिरिक्त-स्वरूपनियतत्वरूपा त्यागोपादानशून्यत्वशक्तिः १६। षट्स्थानपतितवृद्धिहानिपरिणत-स्वरूपप्रतिष्ठत्वकारणविशिष्टगुणात्मिका अगुरुलघुत्वशक्तिः १७। क्रमाक्रमवृत्तवृत्तित्वलक्षणा उत्पादव्ययध्रुवत्वशक्तिः १८। द्रव्यस्वभावभूतध्रौव्यव्ययोत्पादालिङ्गितसदृश-विसदृशरूपैकास्तित्वमात्रमयी परिणामशक्तिः १९। कर्मबन्धव्यपगमव्यञ्जितसहज-स्पर्शादिशून्यात्मप्रदेशात्मिका अमूर्तत्वशक्तिः २०। सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्त-**

---

કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્યસ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ, (જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય તે-સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ.) ૧૪. પર અને પોતે જેમનાં નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ. (પર જેમનાં કારણ છે એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના અને પોતે જેમનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ.) ૧૫. જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (-નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ. ૧૬. ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમતો, સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ (-વસ્તુને સ્વરૂપમાં રહેવાના કારણરૂપ) એવો જે વિશિષ્ટ (-ખાસ) ગુણ તે-સ્વરૂપ અગુરુલઘુત્વશક્તિ. [આ ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિનું સ્વરૂપ 'ગોમ્મટસાર' શાસ્ત્રમાંથી જાણવું. અવિભાગ પરિચ્છેદોની સંખ્યારૂપ ષટ્સ્થાનોમાં પડતી-સમાવેશ પામતી-વસ્તુસ્વભાવની વૃદ્ધિહાનિ જેનાથી (-જે ગુણથી) થાય છે અને જે (ગુણ) વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે એવો કોઈ ગુણ આત્મામાં છે; તેને અગુરુલઘુત્વગુણ કહેવામાં આવે છે. આવી અગુરુલઘુત્વશક્તિ પણ આત્મામાં છે.] ૧૭. ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ. (ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદવ્યયરૂપ છે અને અક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવત્વરૂપ છે.) ૧૮. દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (-સ્પર્શિત), સદ્રશ અને વિસદ્રશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ. ૧૯. કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ, સ્પર્શાદિશૂન્ય (-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ. ૨૦. સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના *ઉપરમસ્વરૂપ (તે પરિણામોના કરવાની નિવૃત્તસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ. (જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મથી કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો

---

* ઉપરમ = અટકવું તે; નિવૃતિ; અંત; અભાવ.

**परिणामकरणोपरमात्मिका अकर्तृत्वशक्तिः २१। सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्त-परिणामानुभवोपरमात्मिका अभोक्तृत्वशक्तिः २२। सकलकर्मोपरमप्रवृत्तात्मप्रदेश-नैष्पन्द्यरूपा निष्क्रियत्वशक्तिः २३। आसंसारसंहरणविस्तरणलक्षितकिञ्चिदूनचरम-शरीरपरिमाणावस्थितलोकाकाशसम्मितात्मावयवत्वलक्षणा नियतप्रदेशत्वशक्तिः २४। सर्वशरीरैकस्वरूपात्मिका स्वधर्मव्यापकत्वशक्तिः २५। स्वपरसमानासमानसमाना-समानत्रिविधभावधारणात्मिका साधारणासाधारणसाधारणासाधारणधर्मत्वशक्तिः २६। विलक्षणानन्तस्वभावभावितैकभावलक्षणा अनन्तधर्मत्वशक्तिः २७। तदतद्रूपमयत्वलक्षणा विरुद्धधर्मत्वशक्तिः २८। तद्रूपभवनरूपा तत्त्वशक्तिः २९। अतद्रूपभवनरूपा अतत्त्वशक्तिः ३०। अनेकपर्यायव्यापकैकद्रव्यमयत्वरूपा एकत्वशक्तिः ३१। एकद्रव्य-**

---

નથી, એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.) ૨૧. સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામોના અનુભવના (-ભોગવટાના) ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ. ૨૨. સમસ્ત કર્મના ઉપરમથી પ્રવર્તતી આત્મપ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ (-અકંપતાસ્વરૂપ) નિષ્ક્રિયત્વશક્તિ. (સકળ કર્મનો અભાવ થાય ત્યારે પ્રદેશોનું કંપન મટી જાય છે માટે નિષ્ક્રિયત્વશક્તિ પણ આત્મામાં છે.) ૨૩. જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ. (આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે. તે પ્રદેશો સંસાર-અવસ્થામાં સંકોચવિસ્તાર પામે છે અને મોક્ષ-અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે.) ૨૪. સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપકત્વશક્તિ. (શરીરના ધર્મરૂપ ન થતાં પોતાના ધર્મોમાં વ્યાપવારૂપ શક્તિ તે સ્વધર્મવ્યાપકત્વશક્તિ.) ૨૫. સ્વ-પરના સમાન, અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણધર્મત્વશક્તિ. ૨૬. વિલક્ષણ (-પરસ્પર ભિન્ન લક્ષણોવાળા) અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંતધર્મત્વશક્તિ. ૨૭. તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ. ૨૮. તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ હોવારૂપ અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ એવી તત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન ચેતનપણે રહે છે-પરિણમે છે.) ૨૯. અતદ્રૂપ ભવનરૂપ એવી અતત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ ન હોવારૂપ અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ અતત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન જડરૂપ થતો નથી.) ૩૦. અનેક પર્યાયોમાં વ્યાપક એવા એકદ્રવ્યમયપણારૂપ એકત્વશક્તિ. ૩૧. એક દ્રવ્યથી

**व्याप्यानेकपर्यायमयत्वरूपा अनेकत्वशक्तिः ३२। भूतावस्थत्वरूपा भावशक्तिः ३३। शून्यावस्थत्वरूपा अभावशक्तिः ३४। भवत्पर्यायव्ययरूपा भावाभावशक्तिः ३५। अभवत्पर्यायोदयरूपा अभावभावशक्तिः ३६। भवत्पर्यायभवनरूपा भावभावशक्तिः ३७। अभवत्पर्यायाभवनरूपा अभावाभावशक्तिः ३८। कारकानुगतक्रियानिष्क्रान्तभवनमात्रमयी भावशक्तिः ३९। कारकानुगतभवत्तारूपभावमयी क्रियाशक्तिः ४०। प्राप्यमाणसिद्धरूपभावमयी कर्मशक्तिः ४१। भवत्तारूपसिद्धरूपभावभावकत्वमयी कर्तृशक्तिः ४२। भवद्भावभवनसाधकतमत्वमयी करणशक्तिः ४३। स्वयं दीयमानभावोपेयत्वमयी सम्प्रदानशक्तिः ४४। उत्पादव्ययालिङ्गितभावापायनिरपायध्रुवत्वमयी अपादानशक्तिः ४५। भाव्यमानभावाधारत्वमयी अधिकरणशक्तिः ४६। स्वभावमात्रस्वस्वामित्वमयी सम्बन्धशक्तिः ४७।**

---

વ્યાપ્ય (વ્યપાવાયોગ્ય) જે અનેક પર્યાયો તે-મયપણારૂપ અનેકત્વશક્તિ. ૩૨. વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ.) ૩૩. શૂન્ય (-અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ અભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં અવિદ્યમાન હોય એવાપણારૂપ અભાવશક્તિ.) ૩૪. ભવતા (-વર્તતા, થતા, પરિણમતા) પર્યાયના વ્યયરૂપ ભાવાભાવશક્તિ. ૩૫. નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના ઉદયરૂપ અભાવભાવશક્તિ. ૩૬. ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ (વર્તવારૂપ, પરિણમવારૂપ) ભાવભાવશક્તિ. ૩૭. નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના અભવનરૂપ (નહિ વર્તવારૂપ) અભાવાભાવશક્તિ. ૩૮. (કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (-હોવામાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ. ૩૯. કારકો અનુસાર થવાપણારૂપ (-પરિણમવાપણારૂપ) જે ભાવ તે-મયી ક્રિયાશક્તિ. ૪૦. પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ તે-મયી કર્મશક્તિ. ૪૧. થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવના ભાવકપણામયી કર્તૃશક્તિ. ૪૨. ભવતા (-વર્તતા, થતા) ભાવના ભવનના (-થવાના) સાધકતમપણામયી (-ઉત્કૃષ્ટ સાધકપણામયી, ઉગ્ર સાધનપણામયી) કરણશક્તિ. ૪૩. પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયપણામયી (-તેને મેળવવાના યોગ્યપણામય, તેને લેવાના પાત્રપણામય) સંપ્રદાનશક્તિ. ૪૪. ઉત્પાદવ્યયથી આલિંગિત ભાવનો અપાય (-હાનિ, નાશ) થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાનશક્તિ. ૪૫. ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા) ભાવના આધારપણામયી અધિકરણશક્તિ. ૪૬. સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ. (પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી-એવા સંબંધમયી સંબંધશક્તિ.) ૪૭.

( वसन्ततिलका )

**इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि**
**यो ज्ञानमात्रमयतां न जहाति भावः।**
**एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं**
**तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।। २६४ ।।**

( वसन्ततिलका )

**नैकान्तसङ्गतदृशा स्वयमेव वस्तु-**
**तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः।**
**स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो**
**ज्ञानीभवन्ति जिननीतिमलङ्घयन्तः।। २६५ ।।**

---

'ઇત્યાદિ અનેક શક્તિઓથી યુક્ત આત્મા છે તોપણ તે જ્ઞાનમાત્રપણાને છોડતો નથી'-એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इत्यादि–अनेक–निज–शक्ति–सुनिर्भरः अपि ] ઇત્યાદિ (-પૂર્વે કહેલી ૪૭ શક્તિઓ વગેરે વગેરે) અનેક નિજ શક્તિઓથી સારી રીતે ભરેલો હોવા છતાં [ यः भावः ज्ञानमात्रमयतां न जहाति ] જે ભાવ જ્ઞાનમાત્રમયપણાને છોડતો નથી, [ तद् ] એવું તે, [ एवं क्रम–अक्रम–विवर्ति–विवर्त–चित्रम् ] પૂર્વોક્ત પ્રકારે ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતા વિવર્તથી (-રૂપાંતરથી, પરિણમનથી) અનેક પ્રકારનું, [ द्रव्यपर्ययमयं ] દ્રવ્યપર્યાયમય [ चिद् ] ચૈતન્ય (અર્થાત્ એવો તે ચૈતન્યભાવ-આત્મા) [ इह ] આ લોકમાં [ वस्तु अस्ति ] વસ્તુ છે.

**ભાવાર્થઃ-**કોઈ એમ સમજશે કે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો તેથી તે એકસ્વરૂપ જ હશે. પરંતુ એમ નથી. વસ્તુનું સ્વરૂપ દ્રવ્યપર્યાયમય છે. ચૈતન્ય પણ વસ્તુ છે, દ્રવ્યપર્યાયમય છે. તે ચૈતન્ય અર્થાત્ આત્મા અનંત શક્તિઓથી ભરેલો છે અને ક્રમરૂપ તથા અક્રમરૂપ અનેક પ્રકારના પરિણામના વિકારોના સમૂહરૂપ અનેકાકાર થાય છે તોપણ જ્ઞાનને-કે જે અસાધારણ ભાવ છે તેને-છોડતો નથી, તેની સર્વ અવસ્થાઓ-પરિણામો-પર્યાયો જ્ઞાનમય જ છે. ૨૬૪.

'આ અનેકસ્વરૂપ-અનેકાંતમય-વસ્તુને જેઓ જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તેઓ જ્ઞાનસ્વરૂપ થાય છે'-એવા આશયનું, સ્યાદ્વાદનું ફળ બતાવતું કાવ્ય હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ इति वस्तु–तत्त्व–व्यवस्थितिम् नैकान्त–सङ्गत–दृशा स्वयमेव प्रविलोकयन्तः ] આવી (અનેકાંતાત્મક) વસ્તુતત્ત્વની વ્યવસ્થિતિને અનેકાંત-સંગત

**अथास्योपायोपेयभावश्चिन्त्यते-**

**आत्मवस्तुनो हि ज्ञानमात्रत्वेऽप्युपायोपेयभावो विद्यत एव; तस्यैकस्यापि स्वयं साधकसिद्धरूपोभयपरिणामित्वात्। तत्र यत्साधकं रूपं स उपायः, यत्सिद्धं रूपं स उपेयः। अतोऽस्यात्मनोऽनादिमिथ्यादर्शनज्ञानचारित्रैः स्वरूपप्रच्यवनात् संसरतः सुनिश्चलपरिगृहीतव्यवहारसम्यग्दर्शनज्ञानचारित्रपाकप्रकर्षपरम्परया क्रमेण स्वरूपमारोप्यमाणस्यान्तर्मग्ननिश्चयसम्यग्दर्शनज्ञानचारित्रविशेषतया साधकरूपेण तथा**

---

(-અનેકાંત સાથે સુસંગત, અનેકાંત સાથે મેળવાળી) દૃષ્ટિ વડે સ્વયમેવ દેખતા થકા, [ स्याद्वाद–शुद्धिम् अधिकाम् अधिगम्य ] સ્યાદ્વાદની અત્યંત શુદ્ધિને જાણીને, [ जिन–नीतिम् अलङ्घयन्तः ] જિનનીતિને (જિનેશ્વરદેવના માર્ગને) નહિ ઉલ્લંઘતા થકા, [ सन्तः ज्ञानीभवन्ति ] સત્પુરુષો જ્ઞાનસ્વરૂપ થાય છે.

**ભાવાર્થઃ**-જે સત્પુરુષો અનેકાંત સાથે સુસંગત દૃષ્ટિ વડે અનેકાંતમય વસ્તુસ્થિતિને દેખે છે, તેઓ એ રીતે સ્યાદ્વાદની શુદ્ધિને પામીને-જાણીને, જિનદેવના માર્ગને-સ્યાદ્વાદન્યાયને-નહિ ઉલ્લંઘતા થકા, જ્ઞાનસ્વરૂપ થાય છે. ૨૬૫.

(આ રીતે સ્યાદ્વાદ વિષે કહીને, હવે આચાર્યદેવ ઉપાય-ઉપેયભાવ વિષે થોડું કહે છેઃ-

હવે આનો (-જ્ઞાનમાત્ર આત્મવસ્તુનો *ઉપાય-ઉપેયભાવ વિચારવામાં આવે છે (અર્થાત્ આત્મવસ્તુ જ્ઞાનમાત્ર હોવા છતાં તેને ઉપાયપણું અને ઉપેયપણું બન્ને કઈ રીતે ઘટે છે તે વિચારવામાં આવે છે) :-

આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ તેને ઉપાય-ઉપેયભાવ (ઉપાય-ઉપેયપણું) છે જ; કારણ કે તે એક હોવા છતાં *પોતે સાધક રૂપે અને સિદ્ધ રૂપે એમ બન્ને રૂપે પરિણમે છે. તેમાં જે સાધક રૂપ છે તે ઉપાય છે અને જે સિદ્ધ રૂપ છે તે ઉપેય છે. માટે, અનાદિ કાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર વડે (મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર વડે) સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે સંસારમાં ભ્રમણ કરતાં, સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પાકના પ્રકર્ષની પરંપરા વડે અનુક્રમે સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા આ આત્માને, અંતર્મગ્ન જે નિશ્ચય-સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો તે-પણા વડે પોતે સાધક રૂપે પરિણમતું, તથા પરમ

---

* ઉપેય એટલે પામવાયોગ્ય, અને ઉપાય એટલે પામવાયોગ્ય જેનાથી પમાય તે. આત્માનું શુદ્ધ (-સર્વ કર્મ રહિત) સ્વરૂપ અથવા મોક્ષ તે ઉપેય છે અને મોક્ષમાર્ગ તે ઉપાય છે.

* આત્મા પરિણામી છે અને સાધકપણું તથા સિદ્ધપણું એ બન્ને તેના પરિણામ છે.

**परमप्रकर्षमकरिकाधिरूढरत्नत्रयातिशयप्रवृत्तसकलकर्मक्षयप्रज्वलितास्खलितविमलस्वभाव-भावतया सिद्धरूपेण च स्वयं परिणममानं ज्ञानमात्रमेकमेवोपायोपेयभावं साधयति। एवमुभयत्रापि ज्ञानमात्रस्यानन्यतया नित्यमस्खलितैकवस्तुनो निष्कम्पपरिग्रहणात् तत्क्षण एव मुमुक्षूणामासंसारादलब्धभूमिकानामपि भवति भूमिकालाभः। ततस्तत्र नित्यदुर्ललितास्ते स्वत एव क्रमाक्रमप्रवृत्तानेकान्तमूर्तयः साधकभावसम्भव-परमप्रकर्षकोटिसिद्धिभावभाजनं भवन्ति। ये तु नेमामन्तर्नीतानेकान्तज्ञानमात्रैकभावरूपां भूमिमुपलभन्ते ते नित्यमज्ञानिनो भवन्तो ज्ञानमात्रभावस्य स्वरूपेणाभवनं पररूपेण**

---

પ્રકર્ષની હદને પામેલા રત્નત્રયની અતિશયતાથી પ્રવર્તેલો જે સકળ કર્મનો ક્ષય તેનાથી પ્રજ્વલિત (દેદીપ્યમાન) થયેલો જે અસ્ખલિત વિમળ સ્વભાવભાવ તે-પણા વડે પોતે સિદ્ધ રૂપે પરિણમતું એવું એક જ જ્ઞાનમાત્ર ઉપાય-ઉપેયભાવ સાધે છે.

(**ભાવાર્થઃ**-આ આત્મા અનાદિ કાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રને લીધે સંસારમાં ભમે છે. તે સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની વૃદ્ધિની પરંપરા વડે અનુક્રમે સ્વરૂપનો અનુભવ જ્યારથી કરે ત્યારથી જ્ઞાન સાધક રૂપે પરિણમે છે, કારણ કે જ્ઞાનમાં નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો અંતર્ભૂત છે. નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની શરૂઆતથી માંડીને, સ્વરૂપ-અનુભવની વૃદ્ધિ કરતાં કરતાં જ્યાં સુધી નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતા ન થાય, ત્યાં સુધી જ્ઞાનનું સાધક રૂપે પરિણમન છે. જ્યારે નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતાથી સમસ્ત કર્મનો નાશ થાય અર્થાત્ સાક્ષાત્ મોક્ષ થાય ત્યારે જ્ઞાન સિદ્ધ રૂપે પરિણમે છે, કારણ કે તેનો અસ્ખલિત નિર્મળ સ્વભાવભાવ પ્રગટ દેદીપ્યમાન થયો છે. આ રીતે સાધક રૂપે અને સિદ્ધ રૂપે-બન્ને રૂપે પરિણમતું એક જ જ્ઞાન આત્મવસ્તુને ઉપાય-ઉપેયપણું સાધે છે.)

આ રીતે બન્નેમાં (-ઉપાયમાં તેમ જ ઉપેયમાં-) જ્ઞાનમાત્રનું અનન્યપણું છે અર્થાત્ અન્યપણું નથી; માટે સદાય અસ્ખલિત એક વસ્તુનું (-જ્ઞાનમાત્ર આત્મવસ્તુનું-) નિષ્કંપ ગ્રહણ કરવાથી, મુમુક્ષુઓને કે જેમને અનાદિ સંસારથી ભૂમિકાની પ્રાપ્તિ ન થઈ હોય તેમને પણ, તત્ક્ષણ જ ભૂમિકાની પ્રાપ્તિ થાય છે; પછી તેમાં જ નિત્ય મસ્તી કરતા તે મુમુક્ષુઓ-કે જેઓ પોતાથી જ, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક અંતની (અનેક ધર્મની) મૂર્તિઓ છે તેઓ-સાધકભાવથી ઉત્પન્ન થતી પરમ પ્રકર્ષની *કોટિરૂપ સિદ્ધિભાવનું ભાજન થાય છે. પરંતુ જેમાં અનેક અંત અર્થાત્ ધર્મ ગર્ભિત છે એવા એક જ્ઞાનમાત્ર ભાવરૂપ આ ભૂમિને જેઓ પ્રાપ્ત કરતા નથી, તેઓ સદા અજ્ઞાની વર્તતા થકા, જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી

---

* કોટિ = અંતિમતા; ઉત્કૃષ્ટતા; ઊંચામાં ઊંચું બિંદુ; હદ

**भवनं पश्यन्तो जानन्तोऽनुचरन्तश्च मिथ्यादृष्टयो मिथ्याज्ञानिनो मिथ्याचारित्राश्च भवन्तोऽत्यन्तमुपायोपेयभ्रष्टा विभ्रमन्त्येव।**

( वसन्ततिलका )

**ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां**
**भूमिं श्रयन्ति कथमप्यपनीतमोहाः।**
**ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा**
**मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।। २६६ ।।**

( वसन्ततिलका )

**स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां**
**यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः।**
**ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-**
**पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः।। २६७ ।।**

---

અભવન અને પરરૂપથી ભવન દેખતા (-શ્રદ્ધતા) થકા, જાણતા થકા અને આચરતા થકા, મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની અને મિથ્યાચારિત્રી વર્તતા થકા, ઉપાય-ઉપેયભાવથી અત્યંત ભ્રષ્ટ વર્તતા થકા સંસારમાં પરિભ્રમણ જ કરે છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ ये ] જે પુરુષો, [ कथम् अपि अपनीत-मोहाः ] કોઈ પણ પ્રકારે જેમનો મોહ દૂર થયો છે એવા થયા થકા, [ ज्ञानमात्र-निज-भावमयीम् अकम्पां भूमिं ] જ્ઞાનમાત્ર નિજભાવમય અકંપ ભૂમિકાનો (અર્થાત્ જ્ઞાનમાત્ર જે પોતાનો ભાવ તે-મય નિશ્ચળ ભૂમિકાનો) [ श्रयन्ति ] આશ્રય કરે છે, [ ते साधकत्वम् अधिगम्य सिद्धाः भवन्ति ] તેઓ સાધકપણાને પામીને સિદ્ધ થાય છે; [ तु ] પરંતુ [ मूढाः ] જેઓ મૂઢ (-મોહી, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ) છે, તેઓ [ अमूम् अनुपलभ्य ] આ ભૂમિકાને નહિ પામીને [ परिभ्रमन्ति ] સંસારમાં પરિભ્રમણ કરે છે.

**ભાવાર્થઃ-**જે ભવ્ય પુરુષો, ગુરુના ઉપદેશથી અથવા સ્વયમેવ કાળલબ્ધિને પામી મિથ્યાત્વથી રહિત થઈને, જ્ઞાનમાત્ર એવા પોતાના સ્વરૂપને પામે છે, તેનો આશ્રય કરે છે, તેઓ સાધક થયા થકા સિદ્ધ થાય છે; પરંતુ જેઓ જ્ઞાનમાત્ર એવા પોતાને પામતા નથી, તેઓ સંસારમાં રખડે છે. ૨૬૬.

આ ભૂમિકાનો આશ્રય કરનાર જીવ કેવો હોય તે હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यः ] જે પુરુષ [ स्याद्वाद-कौशल-सुनिश्चल-संयमाभ्यां ] સ્યાદ્-

( वसन्ततिलका )

**चित्पिण्डचण्डिमविलासिविकासहासः**
**शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।**
**आनन्दसुस्थितसदास्खलितैकरूप-**
**स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा।। २६८ ।।**

---

વાદમાં પ્રવીણતા તથા (રાગાદિક અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ) સુનિશ્ચળ સંયમ-એ બન્ને વડે [ इह उपयुक्तः ] પોતામાં ઉપયુક્ત રહેતો થકો (અર્થાત્ પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મામાં ઉપયોગને જોડતો થકો) [ अहः अहः स्वम् भावयति ] પ્રતિદિન પોતાને ભાવે છે (-નિરંતર પોતાના આત્માની ભાવના કરે છે), [ सः एकः ] તે જ એક (પુરુષ), [ ज्ञान–क्रिया–नय–परस्पर–तीव्र–मैत्री–पात्रीकृतः ] જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રીના પાત્રરૂપ થયેલો, [ इमाम् भूमिम् श्रयति ] આ (જ્ઞાનમાત્ર નિજભાવમય) ભૂમિકાનો આશ્રય કરે છે.

**ભાવાર્થઃ**-જે જ્ઞાનનયને જ ગ્રહીને ક્રિયાનયને છોડે છે, તે પ્રમાદી અને સ્વચ્છંદી પુરુષને આ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી. જે ક્રિયાનયને જ ગ્રહીને જ્ઞાનનયને જાણતો નથી, તે (વ્રત-સમિતિ-ગુપ્તિરૂપ) શુભ કર્મથી સંતુષ્ટ પુરુષને પણ આ નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી. જે પુરુષ અનેકાંતમય આત્માને જાણે છે (-અનુભવે છે) તથા સુનિશ્ચિળ સંયમમાં વર્તે છે (-રાગાદિક અશુદ્ધ પરિણતિનો ત્યાગ કરે છે), એ રીતે જેણે જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રી સાધી છે, તે જ પુરુષ આ જ્ઞાનમાત્ર નિજભાવમયી ભૂમિકાનો આશ્રય કરનાર છે.

જ્ઞાનનય અને ક્રિયાનયના ગ્રહણ-ત્યાગનું સ્વરૂપ અને ફળ 'પંચાસ્તિકાય-સંગ્રહ' શાસ્ત્રના અંતમાં કહ્યું છે, ત્યાંથી જાણવું. ૨૬૭.

આમ જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે, તે જ અનંત ચતુષ્ટયમય આત્માને પામે છે-એવા અર્થનું કાવ્ય હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ तस्य एव ] (પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે) તેને જ, [ चित्–पिण्ड–चण्डिम–विलासि–विकास–हासः ] ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો જે વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે (અર્થાત્ ચૈતન્યપુંજનો જે અત્યંત વિકાસ થવો તે જ જેનું ખીલી નીકળવું છે), [ शुद्ध–प्रकाश–भर–निर्भर–सुप्रभातः ] શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે જે સુપ્રભાત સમાન છે, [ आनन्द–सुस्थित–सदा–अस्खलित–एक–रूपः ] આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એક રૂપ છે [ च ] અને [ अचल–अर्चिः ] અચળ જેની જ્યોત છે એવો [ अयम् आत्मा उदयति ] આ આત્મા ઉદય પામે છે.

( वसन्ततिलका )

**स्याद्वाददीपितलसन्महसि प्रकाशे**
**शुद्धस्वभावमहिमन्युदिते मयीति।**
**किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-**
**र्नित्योदय: परमयं स्फुरतु स्वभाव:।। २६९ ।।**

( वसन्ततिलका )

**चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा**
**सद्य: प्रणश्यति नयेक्षणखण्ड्यमान:।**
**तस्मादखण्डमनिराकृतखण्डमेक-**
**मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि।। २७० ।।**

---

**ભાવાર્થઃ**-અહીં 'चित्पिण्ड' ઇત્યાદિ વિશેષણથી અનંતદર્શનનું પ્રગટ થવું બતાવ્યું છે, 'शुद्धप्रकाश' ઇત્યાદિ વિશેષણથી અનંત જ્ઞાનનું પ્રગટ થવું બતાવ્યું છે, 'आनन्दसुस्थित' ઇત્યાદિ વિશેષણથી અનંત સુખનું પ્રગટ થવું બતાવ્યું છે અને 'अचलार्चि' વિશેષણથી અનંત વીર્યનું પ્રગટ થવું બતાવ્યું છે. પૂર્વોક્ત ભૂમિનો આશ્રય કરવાથી જ આવા આત્માનો ઉદય થાય છે. ૨૬૮.

એવો જ આત્મસ્વભાવ અમને પ્રગટ હો એમ હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ स्याद्वाद–दीपित–लसत्–महसि ] સ્યાદ્વાદ વડે પ્રદીપ્ત કરવામાં આવેલું લસલસતું (-ઝગઝગાટ કરતું) જેનું તેજ છે અને [ शुद्ध–स्वभाव–महिमनि ] જેમાં શુદ્ધસ્વભાવરૂપ મહિમા છે એવો [ प्रकाशे उदिते मयि इति ] આ પ્રકાશ (જ્ઞાનપ્રકાશ) જ્યાં મારામાં ઉદય પામ્યો છે, ત્યાં [ बन्ध–मोक्ष–पथ–पातिभि: अन्य–भावै: किम् ] બંધ-મોક્ષના માર્ગમાં પડનારા અન્ય ભાવોથી મારે શું પ્રયોજન છે? [ नित्य–उदय: परम् अयं स्वभाव: स्फुरतु ] નિત્ય જેનો ઉદય રહે છે એવો કેવળ આ (અનંત ચતુષ્ટયરૂપ) સ્વભાવ જ મને સ્ફુરાયમાન હો.

**ભાવાર્થઃ**-સ્યાદ્વાદથી યથાર્થ આત્મજ્ઞાન થયા પછી એનું ફળ પૂર્ણ આત્માનું પ્રગટ થવું તે છે. માટે મોક્ષનો ઇચ્છક પુરુષ એ જ પ્રાર્થના કરે છે કે-મારો પૂર્ણસ્વભાવ આત્મા મને પ્રગટ થાઓ; બંધમોક્ષમાર્ગમાં પડતા અન્ય ભાવોનું મારે શું કામ છે? ૨૬૯.

'જોકે નયો વડે આત્મા સધાય છે તોપણ જો નયો પર જ દ્રષ્ટિ રહે તો નયોમાં તો પરસ્પર વિરોધ પણ છે, માટે હું નયોને અવિરોધ કરીને અર્થાત્ નયોનો વિરોધ મટાડીને આત્માને અનુભવું છું'-એવા અર્થનું કાવ્ય હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- [ चित्र–आत्मशक्ति–समुदायमय: अयम् आत्मा ] અનેક પ્રકારની

**न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रो भावोऽस्मि।**

( शालिनी )

**योऽय भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।। २७१ ।।**

---

નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા [ नय–ईक्षण–खण्ड्यमानः ] નયોની દૃષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતાં [ सद्यः ] તત્કાળ [ प्रणश्यति ] નાશ પામે છે; [ तस्मात् ] માટે હું એમ અનુભવું છું કે– [ अनिराकृत–खण्डम् अखण्डम् ] જેમાંથી ખંડોને *નિરાકૃત કરવામાં આવ્યા નથી છતાં જે અખંડ છે, [ एकम् ] એક છે, [ एकान्तशान्तम् ] એકાંત શાંત છે (અર્થાત્ જેમાં કર્મના ઉદયનો લેશ પણ નથી એવા અત્યંત શાંત ભાવમય છે) અને [ अचलम् ] અચળ છે (અર્થાત્ કર્મના ઉદયથી ચળાવ્યું ચળતું નથી) એવું [ चिद् महः अहम् अस्मि ] ચૈતન્યમાત્ર તેજ હું છું.

**ભાવાર્થઃ-**આત્મામાં અનેક શક્તિઓ છે અને એક એક શક્તિનો ગ્રાહક એક એક નય છે; માટે જો નયોની એકાંત દૃષ્ટિથી જોવામાં આવે તો આત્માના ખંડ ખંડ થઈને તેનો નાશ થઈ જાય. આમ હોવાથી સ્યાદ્વાદી, નયોનો વિરોધ મટાડીને ચૈતન્યમાત્ર વસ્તુને અનેકશક્તિસમૂહરૂપ, સામાન્યવિશેષસ્વરૂપ, સર્વશક્તિમય એકજ્ઞાનમાત્ર અનુભવે છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે, એમાં વિરોધ નથી. ૨૭૦.

હવે, જ્ઞાની અખંડ આત્માનો આવો અનુભવ કરે છે એમ આચાર્યદેવ ગદ્યમાં કહે છેઃ–

(જ્ઞાની શુદ્ધનયનું આલંબન લઈ એમ અનુભવે છે કે–) હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો (–ખંડિત કરતો), નથી ક્ષેત્રથી ખંડતો, નથી કાળથી ખંડતો, નથી ભાવથી ખંડતો; સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવ છું.

**ભાવાર્થઃ-**શુદ્ધનયથી જોવામાં આવે તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી કાંઈ પણ ભેદ દેખાતો નથી. માટે જ્ઞાની અભેદજ્ઞાનસ્વરૂપ અનુભવમાં ભેદ કરતો નથી.

જ્ઞાનમાત્ર ભાવ પોતે જ જ્ઞાન છે, પોતે જ પોતાનું જ્ઞેય છે અને પોતે જ પોતાનો જ્ઞાતા છે–એવા અર્થનું કાવ્ય હવે કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ यः अयं ज्ञानमात्रः भावः अहम् अस्मि सः ज्ञेय–ज्ञानमात्रः एव न

---

* નિરાકૃત = બહિષ્કૃત; દૂર; રદબાતલ; નાકબૂલ.

( पृथ्वी )

**क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं**
**क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।**
**तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः**
**परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।। २७२ ।।**

---

ज्ञेयः ] જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો; [ ज्ञेय–ज्ञान–कल्लोल–वल्गन् ] ( પરંતુ ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે, [ ज्ञान–ज्ञेय–ज्ञातृमत्–वस्तुमात्रः ज्ञेयः ] જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો ( અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા-એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો ).

**ભાવાર્થઃ**-જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો ( તરંગો ) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા-એ ત્રણે ભાવોયુક્ત સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે. 'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું' એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે. ૨૭૧.

આત્મા મેચક, અમેચક ઇત્યાદિ અનેક પ્રકારે દેખાય છે તોપણ યથાર્થ જ્ઞાની નિર્મળ જ્ઞાનને ભૂલતો નથી-એવા અર્થનું કાવ્ય હવે કહે છેઃ-

**શ્લોકાર્થઃ**- ( જ્ઞાની કહે છેઃ ) [ मम तत्त्वं सहजम् एव ] મારા તત્ત્વનો એવો સ્વભાવ જ છે કે [ क्वचित् मेचकं लसति ] કોઈ વાર તો તે ( આત્મતત્ત્વ ) મેચક ( -અનેકાકાર, અશુદ્ધ ) દેખાય છે, [ क्वचित् मेचक–अमेचकं ] કોઈ વાર મેચક-અમેચક ( બન્નેરૂપ ) દેખાય છે [ पुनः क्वचित् अमेचकं ] અને વળી કોઈ વાર અમેચક ( -એકાકાર, શુદ્ધ ) દેખાય છે; [ तथापि ] તોપણ [ परस्पर–सुसंहत–प्रकट–शक्ति–चक्रं स्फुरत् तत् ] પરસ્પર સુસંહત ( -સુમિલિત, સુગ્રથિત, સારી રીતે ગૂંથાયેલી ) પ્રગટ શક્તિઓના સમૂહરૂપે સ્ફુરાયમાન તે આત્મતત્ત્વ [ अलम–मेधसां मनः ] નિર્મળ બુદ્ધિવાળાઓના મનને [ न विमोहयति ] વિમોહિત કરતું નથી ( -ભ્રમિત કરતું નથી, મૂંઝવતું નથી ).

**ભાવાર્થઃ**-આત્મતત્ત્વ અનેક શક્તિઓવાળું હોવાથી કોઈ અવસ્થામાં કર્મના ઉદયના નિમિત્તથી અનેકાકાર અનુભવાય છે, કોઈ અવસ્થામાં શુદ્ધ એકાકાર

( पृथ्वी )

**इतो गतमनेकतां दधदितः सदाप्येकता-**
**मितः क्षणविभङ्गुरं ध्रुवमितः सदैवोदयात्।**
**इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-**
**रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्।। २७३ ।।**

---

અનુભવાય છે અને કોઈ અવસ્થામાં શુદ્ધાશુદ્ધ અનુભવાય છે; તોપણ યથાર્થ જ્ઞાની સ્યાદ્વાદના બળથી ભ્રમિત થતો નથી, જેવું છે તેવું જ માને છે, જ્ઞાનમાત્રથી ચ્યુત થતો નથી. ૨૭૨.

આત્માનો અનેકાંતસ્વરૂપ (–અનેક ધર્મસ્વરૂપ) વૈભવ અદ્ભુત (આશ્ચર્યકારક) છે–એવા અર્થનું કાવ્ય હવે કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ अहो आत्मनः तद् इदम् सहजम् अद्भुतं वैभवम् ] અહો! આત્માનો તે આ સહજ અદ્ભુત વૈભવ છે કે– [ इतः अनेकतां गतम् ] એક તરફથી જોતાં તે અનેક્તાને પામેલો છે અને [ इतः सदा अपि एकताम् दधत् ] એક તરફથી જોતાં સદાય એક્તાને ધારણ કરે છે, [ इतः क्षण–विभङ्गुरम् ] એક તરફથી જોતાં ક્ષણભંગુર છે અને [ इतः सदा एव उदयात् ध्रुवम् ] એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે, [ इतः परम–विस्तृतम् ] એક તરફથી જોતાં પરમ વિસ્તૃત છે અને [ इतः निजैः प्रदेशैः धृतम् ] એક તરફથી જોતાં પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે.

**ભાવાર્થઃ-**પર્યાયદ્રષ્ટિથી જોતાં આત્મા અનેકરૂપ દેખાય છે અને દ્રવ્યદ્રષ્ટિથી જોતાં એકરૂપ દેખાય છે; ક્રમભાવી પર્યાયદ્રષ્ટિથી જોતાં ક્ષણભંગુર દેખાય છે અને સહભાવી ગુણદ્રષ્ટિથી જોતાં ધ્રુવ દેખાય છે; જ્ઞાનની અપેક્ષાવાળી સર્વગત દ્રષ્ટિથી જોતાં પરમ વિસ્તારને પામેલો દેખાય છે અને પ્રદેશોની અપેક્ષાવાળી દ્રષ્ટિથી જોતાં પોતાના પ્રદેશોમાં જ વ્યાપેલો દેખાય છે. આવો દ્રવ્યપર્યાયાત્મક અનંતધર્મવાળો વસ્તુનો સ્વભાવ છે. તે (સ્વભાવ) અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે! જ્ઞાનીઓને જોકે વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્ભુત પરમ આનંદ થાય છે, અને તેથી આશ્ચર્ય પણ થાય છે. ૨૭૩.

ફરી આ જ અર્થનું કાવ્ય કહે છેઃ–

( पृथ्वी )

**कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो**
**भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।**
**जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः**
**स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः।। २७४ ।।**

( मालिनी )

**जयति सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकी-**
**स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः।**
**स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः**
**प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः।। २७५ ।।**

---

**શ્લોકાર્થઃ-** [ एकतः कषाय–कलिः स्खलति ] એક તરફથી જોતાં કષાયોનો કલેશ દેખાય છે અને [ एकतः शान्तिः अस्ति ] એક તરફથી જોતાં શાન્તિ ( કષાયોના અભાવરૂપ શાંત ભાવ ) છે; [ एकतः भव–उपहतिः ] એક તરફથી જોતાં ભવની (–સંસાર સંબંધી ) પીડા દેખાય છે અને [ एकतः मुक्तिः अपि स्पृशति ] એક તરફથી જોતાં ( સંસારના અભાવરૂપ ) મુક્તિ પણ સ્પર્શે છે; [ एकतः त्रितयम् जगत् स्फुरति ] એક તરફથી જોતાં ત્રણ લોક સ્ફુરાયમાન છે (–પ્રકાશે છે, દેખાય છે ) અને [ एकतः चित् चकास्ति ] એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે. [ आत्मनः अद्भुतात् अद्भुतः स्वभाव–महिमा विजयते ] ( આવો ) આત્માનો અદ્ભુતથી પણ અદ્ભુત સ્વભાવમહિમા જયવંત વર્તે છે (–કોઈથી બાધિત થતો નથી ).

**ભાવાર્થઃ-**અહીં પણ ૨૭૩ મા કાવ્યના ભાવાર્થ પ્રમાણે જાણવું. આત્માનો અનેકાંતમય સ્વભાવ સાંભળીને અન્યવાદીને ભારે આશ્ચર્ય થાય છે. તેને આ વાતમાં વિરુદ્ધતા ભાસે છે. તે આવા અનેકાંતમય સ્વભાવની વાતને પોતાના ચિત્તમાં સમાવી–જીરવી શક્તો નથી. જો કદાચિત્ તેને શ્રદ્ધા થાય તોપણ પ્રથમ અવસ્થામાં તેને બહુ અદ્ભુતતા લાગે છે કે 'અહો આ જિનવચનો મહા ઉપકારી છે, વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારાં છે; મેં અનાદિકાળ આવા યથાર્થ સ્વરૂપના જ્ઞાન વિના ખોયો!'–આમ આશ્ચર્યપૂર્વક શ્રદ્ધાન કરે છે. ૨૭૪.

હવે ટીકાકાર આચાર્યદેવ અંતમંગળને અર્થે આ ચિત્ચમત્કારને જ સર્વોત્કૃષ્ટ કહે છેઃ–

**શ્લોકાર્થઃ-** [ सहज–तेजःपुञ्ज–मज्जत्–त्रिलोकी–स्खलत्–अखिल–विकल्पः अपि एकः एव स्वरूपः ] સહજ (–પોતાના સ્વભાવરૂપ ) તેજઃપુંજમાં ત્રણ લોકના પદાર્થો મગ્ન

( मालिनी )

**अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म-**
**न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहम्।**
**उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-**
**ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम्।। २७६ ।।**

---

થતા હોવાથી જેમાં અનેક ભેદો થતા દેખાય છે તોપણ જેનું એક જ સ્વરૂપ છે ( અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો ઝળક્તા હોવાથી જે અનેક જ્ઞેયાકારરૂપ દેખાય છે તોપણ ચૈતન્યરૂપ જ્ઞાનાકારની દ્રષ્ટિમાં જે એકસ્વરૂપ જ છે), [ स्व–रस–विसर–पूर्ण–अच्छिन्न–तत्त्व–उपलम्भः ] જેમાં નિજ રસના ફેલાવથી પૂર્ણ અછિન્ન તત્ત્વ-ઉપલબ્ધિ છે ( અર્થાત્ પ્રતિપક્ષી કર્મનો અભાવ થયો હોવાથી જેમાં સ્વરૂપ-અનુભવનનો અભાવ થતો નથી ) અને [ प्रसभ–नियमित–अर्चिः ] અત્યંત નિયમિત જેની જ્યોત છે ( અર્થાત્ અનંત વીર્યથી જે નિષ્કંપ રહે છે) [ एषः चित्–चमत्कारः जयति ] એવો આ (પ્રત્યક્ષ અનુભવગોચર ) ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે ( -કોઈથી બાધિત ન કરી શકાય એમ સર્વોત્કૃષ્ટપણે વર્તે છે ).

( અહીં 'ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે' એમ કહેવામાં જે ચૈતન્યચમત્કારનું સર્વોત્કૃષ્ટપણે વર્તવું બતાવ્યું, તે જ મંગળ છે. ) ૨૭૫.

હવેના કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવ પૂર્વોક્ત આત્માને આશીર્વાદ આપે છે અને સાથે સાથે પોતાનું નામ પણ પ્રગટ કરે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ अविचलित–चिदात्मनि आत्मनि आत्मानम् आत्मना अनवरत–निमग्नं धारयत् ] જે અચળ-ચેતનાસ્વરૂપ આત્મામાં આત્માને પોતાથી જ અનવરતપણે ( -નિરંતર ) નિમગ્ન રાખે છે ( અર્થાત્ પ્રાપ્ત કરેલા સ્વભાવને કદી છોડતી નથી ), [ ध्वस्त–मोहम् ] જેણે મોહનો ( અજ્ઞાન-અંધકારનો ) નાશ કર્યો છે, [ निःसपत्नस्वभावम् ] જેનો સ્વભાવ નિઃસપત્ન ( અર્થાત્ પ્રતિપક્ષી કર્મો વિનાનો ) છે, [ विमल–पूर्णं ] જે નિર્મળ છે અને જે પૂર્ણ છે એવી [ एतत् उदितम् अमृतचन्द्र–ज्योतिः ] આ ઉદય પામેલી અમૃતચંદ્રજ્યોતિ ( -અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ, જ્ઞાન, આત્મા ) [ समन्तात् ज्वलतु ] સર્વ તરફથી જાજ્વલ્યમાન રહો.

**ભાવાર્થઃ-**જેનું મરણ નથી તથા જેનાથી અન્યનું મરણ નથી તે અમૃત છે; વળી જે અત્યંત સ્વાદિષ્ટ ( -મીઠું ) હોય તેને લોકો રૂઢિથી અમૃત કહે છે. અહીં જ્ઞાનને-આત્માને-અમૃતચંદ્રજ્યોતિ ( અર્થાત્ અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ ) કહેલ છે, તે લુપ્તોપમા અલંકારથી કહ્યું જાણવું; કારણ કે 'अमृतचन्द्रवत् ज्योतिः'નો સમાસ કરતાં 'वत्' નો લોપ થઈ 'अमृतचन्द्रज्योतिः' થાય છે.

( शार्दूलविक्रीडित )

**यस्माद् द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं**
**रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः।**
**भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियायाः फलं**
**तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चिन्न किञ्चित्किल।। २७७ ।।**

---

( 'वत्' શબ્દ ન મૂકતાં અમૃતચંદ્રરૂપ જ્યોતિ એવો અર્થ કરીએ તો ભેદરૂપક અલંકાર થાય છે. 'અમૃતચંદ્રજ્યોતિ' એવું જ આત્માનું નામ કહીએ તો અભેદરૂપક અલંકાર થાય છે. )

આત્માને અમૃતમય ચંદ્રમા સમાન કહ્યો હોવા છતાં, અહીં કહેલાં વિશેષણો વડે આત્માને ચંદ્રમા સાથે વ્યતિરેક પણ છે; કારણ કે--'ध्वस्तमोह' વિશેષણ અજ્ઞાન-અંધકારનું દૂર થવું જણાવે છે, 'विमलपूर्ण' વિશેષણ લાંછનરહિતપણું તથા પૂર્ણપણું બતાવે છે, 'निःसपत्नस्वभाव' વિશેષણ રાહુબિંબથી તથા વાદળાં આદિથી આચ્છાદિત ન થવાનું જણાવે છે, 'समंतात् ज्वलतु' કહ્યું છે તે સર્વ ક્ષેત્ર તથા સર્વ કાળે પ્રકાશ કરવાનું જણાવે છે; ચંદ્રમા આવો નથી.

આ કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવે 'અમૃતચંદ્ર' એવું પોતાનું નામ પણ જણાવ્યું છે. સમાસ પલટીને અર્થ કરતાં 'અમૃતચંદ્ર'ના અને 'અમૃતચંદ્રજ્યોતિ'ના અનેક અર્થો થાય છે તે યથાસંભવ જાણવા. ૨૭૬.

હવે શ્રીમાન અમૃતચંદ્ર આચાર્યદેવ બે કાવ્યો કહીને આ સમયસારશાસ્ત્રની આત્મખ્યાતિ નામની ટીકા પૂર્ણ કરે છે.

'અજ્ઞાનદશામાં આત્મા સ્વરૂપને ભૂલીને રાગદ્વેષમાં વર્તતો હતો, પરદ્રવ્યની ક્રિયાનો કર્તા થતો હતો, ક્રિયાના ફળનો ભોક્તા થતો હતો, -ઇત્યાદિ ભાવો કરતો હતો; પરંતુ હવે જ્ઞાનદશામાં તે ભાવો કાંઈ જ નથી એમ અનુભવાય છે.'-આવા અર્થનું કાવ્ય પ્રથમ કહે છેઃ-

**શ્લોકાર્થઃ-** [ यस्मात् ] જેનાથી (અર્થાત્ જે પરસંયોગરૂપ બંધપર્યાયજનિત અજ્ઞાનથી) [ पुरा ] પ્રથમ [ स्व-परयोः द्वैतम् अभूत् ] પોતાનું અને પરનું દ્વૈત થયું (અર્થાત્ પોતાના અને પરના ભેળસેળપણારૂપ ભાવ થયો), [ यतः अत्र अन्तरं भूतं ] દ્વૈતપણું થતાં જેનાથી સ્વરૂપમાં અંતર પડયું (અર્થાત્ બંધપર્યાય જ પોતારૂપ જણાયો, [ यतः राग-द्वेष-परिग्रहे सति ] સ્વરૂપમાં અંતર પડતાં જેનાથી રાગદ્વેષનું ગ્રહણ થયું, [ क्रिया-कारकैः जातं ] રાગદ્વેષનું ગ્રહણ થતાં જેનાથી ક્રિયાના કારકો ઉત્પન્ન થયા (અર્થાત્ ક્રિયાનો અને કર્તા-કર્મ આદિ કારકોનો ભેદ પડયો), [ यतः च

( उपजाति )

**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-**
**र्व्याख्या कृतेयं समयस्य शब्दैः।**

---

अनुभूतिः क्रियायाः अखिलं फलं भुञ्जाना खिन्ना ] કારકો ઉત્પન્ન થતાં જેનાથી અનુભૂતિ ક્રિયાના સમસ્ત ફળને ભોગવતી થકી ખિન્ન થઈ ( –ખેદ પામી ), [ तत् विज्ञान–घन–ओघ–मग्नम् ] તે અજ્ઞાન હવે વિજ્ઞાનઘનના ઓઘમાં મગ્ન થયું ( અર્થાત્ જ્ઞાનરૂપે પરિણમ્યું ) [ अधुना किल किञ्चित् न किञ्चित् ] તેથી હવે તે બધું ખરેખર કાંઈ જ નથી.

**ભાવાર્થઃ–**પરસંયોગથી જ્ઞાન જ અજ્ઞાનરૂપે પરિણમ્યું હતું, અજ્ઞાન કાંઈ જુદી વસ્તુ નહોતી; માટે હવે જ્યાં તે જ્ઞાનરૂપે પરિણમ્યું ત્યાં તે ( અજ્ઞાન ) કાંઈ જ ન રહ્યું, અજ્ઞાનના નિમિત્તે રાગ, દ્વેષ, ક્રિયાનું કર્તાપણું, ક્રિયાના ફળનું ( –સુખદુઃખનું ) ભોક્તાપણું ઇત્યાદિ ભાવો થતા હતા તે પણ વિલય પામ્યા; એક જ્ઞાન જ રહી ગયું. માટે હવે આત્મા સ્વ–પરના ત્રણકાળવર્તી ભાવોને જ્ઞાતા–દ્રષ્ટા થઈને જાણ્યા–દેખ્યા જ કરો. ૨૭૭.

‘પૂર્વોક્ત રીતે જ્ઞાનદશામાં પરની ક્રિયા પોતાની નહિ ભાસતી હોવાથી, આ સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા પણ મારી નથી, શબ્દોની છે’–એવા અર્થનું, સમયસારની વ્યાખ્યા કરવાના અભિમાનરૂપ કષાયના ત્યાગને સૂચવનારું કાવ્ય હવે કહે છેઃ–

**શ્લોકાર્થઃ–** [ स्व–शक्ति–संसूचित–वस्तु–तत्त्वैः शब्दैः ] પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ ( –યથાર્થ સ્વરૂપ ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ [ इयं समयस्य व्याख्या ] આ સમયની વ્યાખ્યા ( –આત્મવસ્તુનું વ્યાખ્યાન અથવા સમયપ્રાભૃતશાસ્ત્રની ટીકા ) [ कृता ] કરી છે; [ स्वरूप–गुप्तस्य अमृतचन्द्रसूरेः ] સ્વરૂપગુપ્ત ( –અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત ) અમૃતચંદ્રસૂરિનું [ किञ्चित् एव कर्तव्यम् न अस्ति ] ( તેમાં ) કાંઈ જ કર્તવ્ય નથી.

**ભાવાર્થઃ–**શબ્દો છે તે તો પુદ્‌ગલ છે. તેઓ પુરુષના નિમિત્તથી વર્ણ–પદ–વાક્ય રૂપે પરિણમે છે; તેથી તેમનામાં વસ્તુના સ્વરૂપને કહેવાની શક્તિ સ્વયમેવ છે, કારણ કે શબ્દનો અને અર્થનો વાચ્યવાચક સંબંધ છે. આ રીતે દ્રવ્યશ્રુતની રચના શબ્દોએ કરી છે એ વાત જ યથાર્થ છે. આત્મા તો અમૂર્તિક છે, જ્ઞાનસ્વરૂપ છે. તેથી તે મૂર્તિક પુદ્‌ગલની રચના કેમ કરી શકે? માટે જ આચાર્યદેવે કહ્યું છે કે ‘આ સમયપ્રાભૃતની ટીકા શબ્દોએ કરી છે, હું તો સ્વરૂપમાં લીન છું, મારું કર્તવ્ય તેમાં ( –ટીકા કરવામાં ) કાંઈ જ નથી.’ આ કથન આચાર્યદેવની નિર્માનતા પણ બતાવે છે. હવે જો નિમિત્તનૈમિત્તિક વ્યવહારથી કહીએ તો એમ પણ કહેવાય છે જ કે

**स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति**
**कर्तव्यमेवामृतचन्द्रसूरेः।। २७८ ।।**

---

અમુક કાર્ય અમુક પુરુષે કર્યું. આ ન્યાયે આ આત્મખ્યાતિ નામની ટીકા પણ અમૃતચંદ્રાચાર્યકૃત છે જ. તેથી તેને વાંચનારા તથા સાંભળનારાઓએ તેમનો ઉપકાર માનવો પણ યુક્ત છે; કારણ કે તેને વાંચવા તથા સાંભળવાથી પારમાર્થિક આત્માનું સ્વરૂપ જણાય છે, તેનું શ્રદ્ધાન તથા આચરણ થાય છે, મિથ્યા જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ દૂર થાય છે અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. મુમુક્ષુઓએ આનો નિરંતર અભ્યાસ કરવાયોગ્ય છે. ૨૭૮.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકા સમાપ્ત થઈ.

(હવે પં૦ જયચંદ્રજી ભાષાટીકા પૂર્ણ કરે છેઃ-)

કુંદકુંદમુનિ કિયો ગાથાબંધ પ્રાકૃત હૈ પ્રાભૃતસમય શુદ્ધ આતમ દિખાવનૂં,
સુધાચંદ્રસૂરિ કરી સંસ્કૃત ટીકાવર આત્મખ્યાતિ નામ યથાતથ્ય ભાવનૂં;
દેશકી વચનિકામેં લિખિ જયચંદ્ર પઢૈ સંક્ષેપ અર્થ અલ્પબુદ્ધિકૂં પાવનૂં,
પઢો સુનો મન લાય શુદ્ધ આતમા લખાય જ્ઞાનરૂપ ગહૌ ચિદાનંદ દરસાવનૂં. ૧

સમયસાર અવિકારકા, વર્ણન કર્ણ સુનંત;
દ્રવ્ય-ભાવ-નોકર્મ તજિ, આતમતત્ત્વ લખંત. ૨.

આ પ્રમાણે આ સમયપ્રાભૃત (અથવા સમયસાર) નામના શાસ્ત્રની આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકાની દેશભાષામય વચનિકા લખી છે. તેમાં સંસ્કૃત ટીકાનો અર્થ લખ્યો છે અને અતિ સંક્ષિપ્ત ભાવાર્થ લખ્યો છે, વિસ્તાર કર્યો નથી. સંસ્કૃત ટીકામાં ન્યાયથી સિદ્ધ થયેલા પ્રયોગો છે. તેમનો વિસ્તાર કરવામાં આવે તો અનુમાનપ્રમાણનાં પાંચ અંગોપૂર્વક-પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમનપૂર્વક-સ્પષ્ટતાથી વ્યાખ્યાન લખતાં ગ્રંથ બહુ વધી જાય; તેથી આયુ, બુદ્ધિ, બળ અને સ્થિરતાની અલ્પતાને લીધે, જેટલું બની શક્યું તેટલું, સંક્ષેપથી પ્રયોજનમાત્ર લખ્યું છે. તે વાંચીને ભવ્ય જીવો પદાર્થને સમજજો. કોઈ અર્થમાં હીનાધિક્તા હોય તો બુદ્ધિમાનો મૂળ ગ્રંથમાંથી જેમ હોય તેમ યથાર્થ સમજી લેજો. આ ગ્રંથના ગુરુ-સંપ્રદાયનો (-ગુરુપરંપરાગત ઉપદેશનો) વ્યુચ્છેદ થઈ ગયો છે, માટે જેટલો બની શકે તેટલો (-યથાશક્તિ) અભ્યાસ થઈ શકે છે. તોપણ જેઓ સ્યાદ્‌વાદમય જિનમતની આજ્ઞા માને છે, તેમને વિપરીત શ્રદ્ધાન થતું નથી. ક્યાંક

**इति श्रीमदमृतचन्द्राचार्यकृता समयसारव्याख्या आत्मख्यातिः समाप्ता।।**

---

અર્થનું અન્યથા સમજવું પણ થઈ જાય તો વિશેષ બુદ્ધિમાનનું નિમિત્ત મળ્યે યથાર્થ થઈ જાય છે. જિનમતની શ્રદ્ધાવાળાઓ હઠગ્રાહી હોતા નથી.

હવે અંતમંગળને અર્થે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી શાસ્ત્ર સમાપ્ત કરીએ છીએઃ–

મંગલ શ્રી અરહંત ઘાતિયા કર્મ નિવારે,
મંગલ સિદ્ધ મહંત કર્મ આઠોં પરજારે;
આચારજ ઉવજ્ઝાય મુની મંગલમય સારે,
દીક્ષા શિક્ષા દેય ભવ્યજીવનિકૂં તારે;
અઠવીસ મૂલગુણ ધાર જે સર્વસાધુ અણગાર હૈં,
મૈં નમું પંચગુરુચરણકૂં મંગલ હેતુ કરાર હૈં. ૧.
જૈપુર નગરમાંહિ તેરાપંથ શૈલી બડી
બડે બડે ગુની જહાં પઢૈ ગ્રંથ સાર હૈ,
જયચંદ્રનામ મૈં હૂં તિનિમેં અભ્યાસ કિછૂ
કિયો બુદ્ધિસારુ ધર્મરાગતેં વિચાર હૈ;
સમયસાર ગ્રંથ તાકી દેશકે વચનરૂપ
ભાષા કરિ પઢો સુનૂં કરો નિરધાર હૈ,
આપાપર ભેદ જાનિ હેય ત્યાગિ ઉપાદેય
ગહો શુદ્ધ આતમકૂં, યહૈ બાત સાર હૈ. ૨.
સંવત્સર વિક્રમ તણૂં, અષ્ટાદશ શત ઔર;
ચૌસઠિ કાતિક વદિ દશૈ, પૂરણ ગ્રંથ સુઠૌર. ૩.

આમ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયપ્રાભૃત નામના પ્રાકૃતગાથાબદ્ધ પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા અનુસાર પંડિત જયચંદ્રજીકૃત સંક્ષેપભાવાર્થમાત્ર દેશભાષામય વચનિકાના આધારે શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

સમાપ્ત

# સાધક જીવની દૃષ્ટિ

અધ્યાત્મમાં હંમેશાં નિશ્ચયનય જ મુખ્ય છે; તેના જ આશ્રયે ધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને જ મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે–એમ સમજવું; કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુદ્ધપર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશાં નિશ્ચયનય જ આદરણીય છે; તે વખતે બંને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બન્ને નયો કદી આદરણીય નથી. વ્યવહારનયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી, પરંતુ તેના આશ્રયે તો રાગ–દ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

છયે દ્રવ્યો, તેમના ગુણો અને તેમના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને કોઈ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે; અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે–એમ વ્યવહારનયે કહેવામાં–સમજાવવામાં આવે; પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે. શુદ્ધતા પ્રગટ કરવા માટે કોઈ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહારનય આદરણીય છે–એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ કરતા જાય છે, તેથી સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના જોરે સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્ય–ગૌણપણું હોતું નથી અને નય પણ હોતા નથી.

# श्री समयसारनी वर्णानुक्रम गाथासूची


| | गाथा | पृष्ठ | | गाथा | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| **अ** | | | असुहं सुहं व दव्वं | ३८१ | ५२८ |
| अज्झवसाणणिमित्तं | २६७ | ३८६ | असुहं सुहं व रूवं | ३७६ | ५२६ |
| अज्झवसिदेण बन्धो | २६२ | ३९० | असुहो सुहो व गंधो | ३७७ | ५२६ |
| अट्ठवियप्पे कम्मे | १८२ | २८६ | असुहो सुहो व गुणो | ३८० | ५२८ |
| अट्ठविहं पि य कम्मं | ४५ | ९४ | असुहो सुहो व फासो | ३७९ | ५२८ |
| अण्णदविएण | ३७२ | ५२२ | असुहो सुहो व रसो | ३७८ | ५२६ |
| अण्णाणमओ भावो | १२७ | २०३ | असुहो सुहो व सद्दो | ३७५ | ५२६ |
| अण्णाणमया भावा | १२९ | २०५ | अह जाणगो दु भावो | ३४४ | ४८१ |
| अण्णाणमया भावा | १३१ | २०७ | अह जीवो पयडी तह | ३३० | ४७६ |
| अण्णाणमोहिदमदी | २३ | ५८ | अह ण पयडी ण जीवो | ३३१ | ४७६ |
| अण्णाणस्स स उदओ | १३२ | २०९ | अह दे अण्णो कोहो | ११५ | १९४ |
| अण्णाणी कम्मफलं | ३१६ | ४६२ | अहमिक्को खलु सुद्धो | ३८ | ८१ |
| अण्णाणी पुण रत्तो | २१९ | ३४१ | अहमिक्को खलु सुद्धो | ७३ | १३७ |
| अण्णो करेदि अण्णो | ३४८ | ४९१ | अहमेदं एदमहं | २० | ५५ |
| अत्ता जस्सामुत्तो | ४०५ | ५७६ | अहवा एसो जीवो | ३२९ | ४७५ |
| अप्पडिकमणं दुविहं | २८३ | ४१७ | अहवा मण्णसि मज्झं | ३४१ | ४८१ |
| अप्पडिकमणं दुविहं दव्वे | २८४ | ४१७ | अह सयमप्पा परिणमदि | १२४ | १९९ |
| अपरिग्गहो अणिच्छो | २१० | ३३० | अह सयमेव हि परिणमदि | ११९ | १९३ |
| अपरिग्गहो अणिच्छो | २११ | ३३१ | अह संसारत्थाणं | ६३ | ११७ |
| अपरिग्गहो अणिच्छो | २१२ | ३३२ | **आ** | | |
| अपरिग्गहो अणिच्छो | २१३ | ३३३ | आउक्खयेण मरणं | २४८ | ३७९ |
| अपरिणमंतम्हि सयं | १२२ | १९९ | आउक्खयेण मरणं | २४९ | ३७९ |
| अप्पडिकमणमप्पडिसरणं | ३०७ | ४४८ | आऊदयेण जीवदि | २५१ | ३८१ |
| अप्पाणं झायंतो | १८९ | २९४ | आऊदयेण जीवदि | २५२ | ३८२ |
| अप्पाणमप्पाणा रुंधिऊण | १८७ | २९४ | आदम्हि दव्वभावे | २०३ | ३१८ |
| अप्पाणमयाणंता | ३९ | ८७ | आदा खु मज्झ णाणं | २७७ | ४०९ |
| अप्पाणमयाणंतो | २०२ | ३१५ | आधाकम्मं उद्देसियं | २८७ | ४२० |
| अप्पा णिच्चो असंखिज्जपदेसो | ३४२ | ४८१ | आधाकम्माईया | २८६ | ४१९ |
| अरसमरूवमगंधं | ४९ | ९८ | आभिणिसुदोधि | २०४ | ३२० |
| अवरे अज्झवसाणेसु | ४० | ८७ | आयारादी णाणं | २७६ | ४०९ |

| | गाथा | पृष्ठ | | गाथा | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| आयासं पि ण णाणं | ४०१ | ५६८ | एमेव कम्मपयडी– | १४९ | २४१ |
| आसि मम पुव्वमेदं | २१ | ५५ | एमेव जीवपुरिसो | २२५ | ३४७ |
| **इ** | | | एमेव मिच्छदिट्ठी | ३२६ | ४७२ |
| | | | एमेव य ववहारो | ४८ | ९७ |
| इणमण्णं जीवादो | २८ | ६४ | एमेव सम्मदिट्ठी | २२७ | ३४७ |
| इय कम्मबंधणाणं | २९० | ४२५ | एयं तु अविवरीदं | १८३ | २८६ |
| **उ** | | | एयं तु जाणिऊण | ३८२ | ५२७ |
| उदओ असंजमस्स दु | १३३ | २०९ | एयत्तणिच्छयगओ | ३ | १० |
| उदयविवागो विविहो | १९८ | ३१० | एयत्तु असंभूदं | २२ | ५५ |
| उप्पण्णोदयभोगो | २१५ | ३२८ | एवमलिये अदत्ते | २६३ | ३९१ |
| उप्पादेदि करेदि य | १०७ | १८९ | एवमिह जो दु जीवो | ११४ | १९४ |
| उम्मग्गं गच्छंतं | २३४ | ३६१ | एवम्हि सावराहो | ३०३ | ४४३ |
| उवओगस्स अणाई | ८९ | १६३ | एवं जाणदि णाणी | १८५ | २९० |
| उवओगे उवओगो | १८१ | २८६ | एवं ण को वि मोक्खो | ३२३ | ४७० |
| उवघायं कुव्वंतस्स | २३९ | ३६९ | एवं णाणी सुद्धो | २७९ | ४१२ |
| उवघायं कुव्वंतस्स | २४४ | ३७४ | एवं तु णिच्छयणयस्स | ३६० | ५०५ |
| उवभोगभिंदियेहिं | १९३ | ३०३ | एवं पराणि दव्वाणि | ९६ | १७२ |
| | | | एवं पुग्गलदव्वं | ६४ | ११७ |
| **ए** | | | एवं बंधो उ दुण्हं वि | ३१३ | ४५९ |
| एएण कारणेण दु | ८२ | १५१ | एवं मिच्छादिट्ठी | २४१ | ३६९ |
| एए सव्वे भावा | ४४ | ९१ | एवं ववहारणओ | २७२ | ४०४ |
| एएसु य उवओगो | ९० | १६४ | एवं ववहारस्स दु | ३५३ | ४९६ |
| एएहिं य संबंधो | ५७ | १११ | एवं ववहारस्स दु | ३६५ | ५०५ |
| एक्कं च दोण्णि तिण्णि | ६५ | ११८ | एवंविहा बहुविहा | ४३ | ८८ |
| एकस्स दु परिणामो | १४० | २१३ | एवं संखुवएसं | ३४० | ४८१ |
| एकस्स दु परिणामो | १३८ | २१२ | एवं सम्मद्दिट्ठी | २०० | ३१२ |
| एदम्हि रदो णिच्चं | २०६ | ३२५ | एवं सम्मादिट्ठी | २४६ | ३७४ |
| एदाणि णत्थि जेसिं | २७० | ४०० | एवं हि जीवराया | १८ | ४९ |
| एदाहिं य णिव्वत्ता | ६६ | ११९ | एसा दु जा मदी दे | २५९ | ३८८ |
| एदे अचेदणा खलु | १११ | १९१ | **क** | | |
| एदेण कारणेण दु | १७६ | २७४ | | | |
| एदेण दु सो कत्ता | ९७ | १७४ | कणयमया भावादो | १३० | २०७ |
| एदेसु हेदुभूदेसु | १३५ | २०९ | कम्मइयवग्गणासु य | ११७ | १९६ |
| एमादिए दु विविहे | २१४ | ३३४ | कम्मं जं पुव्वकयं | ३८३ | ५३३ |

| | गाथा | पृष्ठ | | गाथा | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| कम्मं जं सुहमसुहं | ३८४ | ५३३ | छिंददि भिंददि य तहा | २४३ | ३७३ |
| कम्मं णाणं ण हवदि | ३९७ | ५६८ | छिज्जदु वा भिज्जदु वा | २०९ | ३२९ |
| कम्मं पडुच्च कत्ता | ३११ | ४५७ | **ज** | | |
| कम्मं बद्धमबद्धं | १४२ | २१५ | | | |
| कम्ममसुहं कुसीलं | १४५ | २३६ | जं कुणदि भावमादा | ९१ | १६५ |
| कम्मस्सा भावेण य | १९२ | २९७ | जं कुणदि भावमादा | १२६ | २०२ |
| कम्मस्स य परिणामं | ७५ | १४१ | जं भावं सुहमसुहं | १०२ | १८३ |
| कम्मस्सुदयं जीवं | ४१ | ८७ | जं सुहमसुहमुदिण्णं | ३८५ | ५३३ |
| कम्मे णोकम्मम्हि य | १९ | ५२ | जइ जीवेण सह च्चिय | १३७ | २१२ |
| कम्मेहि दु अण्णाणी | ३३२ | ४७९ | जइ ण वि कुणदि च्छेदं | २८९ | ४२५ |
| कम्मेहि भमाडिज्जदि | ३३४ | ४८० | जइया इमेण जीवेण | ७१ | १३२ |
| कम्मेहि सुहाविज्जदि | ३३३ | ४८० | जइया स एव संखो | २२२ | ३४३ |
| कम्मोदएण जीवा | २५४ | ३८४ | जदि जीवो ण सरीरं | २६ | ६१ |
| कम्मोदएण जीवा | २५५ | ३८४ | जदि पुग्गलकम्ममिण | ८५ | १५५ |
| कम्मोदएण जीवा | २५६ | ३८४ | जदि सो परदव्वाणि य | ९९ | १८० |
| कह सो घिप्पदि अप्पा | २९६ | ४३४ | जदि सो पुग्गलदव्वी | २५ | ५८ |
| कालो णाणं ण हवदि | ४०० | ५६८ | जम्हा कम्मं कुव्वदि | ३३५ | ४८० |
| केहिंचि दु पज्जएहिं | ३४५ | ४९१ | जम्हा घादेदि परं | ३३८ | ४८० |
| केहिंचि दु पज्जएहिं | ३४६ | ४९१ | जम्हा जाणदि णिच्चं | ४०३ | ५६९ |
| को णाम भणिज्ज बुहो | २०७ | ३३७ | जम्हा दु अत्तभावं | ८६ | १५६ |
| को णाम भणिज्ज बुहो | ३०० | ४४१ | जम्हा दु जहण्णादो | १७१ | २७० |
| कोहाइसु वट्टंतस्स | ७० | १३० | जदा विमुंचए चेया | ३१५ | ४६१ |
| कोहुवजुत्तो कोहो | १२५ | २०० | जह कणयमग्गितवियं | १८४ | २९० |
| **ग** | | | जह को वि णरो जंपद | ३२५ | ४७२ |
| गंधरसफासरूवा | ६० | ११२ | जह चेट्ठं कुव्वंतो | ३५५ | ४९७ |
| गंधो णाणं ण हवदि | ३९४ | ५६७ | जह जीवस्स अणण्णुवओगो | ११३ | १९४ |
| गुणसण्णिदा दु एदे | ११२ | १९२ | जह ण वि सक्कमणज्जो | ८ | १९ |
| **च** | | | जह णाम को वि पुरिसो | १७ | ४९ |
| चउविह अणेयभेयं | १७० | २६९ | जह णाम को वि पुरिसो | ३५ | ७५ |
| चारितपडिणिबद्धं | १६३ | २५५ | जह णाम को वि पुरिसो | १४८ | २४१ |
| चेदा दु पयडीअट्ठं | ३१२ | ४५९ | जह णाम को वि पुरिसो | २३७ | ३६९ |
| **छ** | | | जह णाम को वि पुरिसो | २८८ | ४२५ |
| | | | जह परदव्वं सेडदि | ३६१ | ५०३ |
| छिंददि भिंददि य तहा | २३८ | ३६९ | जह परदव्वं सेडदि | ३६२ | ५०३ |

| | गाथा | पृष्ठ | | गाथा | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| जह परदव्वं सेडदि | ३६३ | ५०४ | जीवस्साजीवस्स दु | ३०९ | ४५६ |
| जह परदव्वं सेडदि | ३६४ | ५०४ | जीवादीसद्दहणं | १५५ | २४९ |
| जह पुण सो च्चिय पुरिसो | २२६ | ३४७ | जीवे कम्मं बद्धं | १४१ | २१४ |
| जह पुण सो चेव णरो | २४२ | ३७३ | जीवे ण सयं बद्धं | ११६ | १९६ |
| जह पुरिसेणाहारो | १७९ | २८१ | जीवो कम्मं उहयं | ४२ | ८७ |
| जह फलिहमणी सुद्धो | २७८ | ४११ | जीवो चरित्तदंसण | २ | ७ |
| जह बंधे चिंतंतो | २९१ | ४२६ | जीवो चेव हि एदे | ६२ | ११६ |
| जह बंधे छित्तूण य | २९२ | ४२७ | जीवो ण करेदि घडं | १०० | १८१ |
| जह मज्जं पिबमाणो | १९६ | ३०७ | जीवो परिणामयदे | ११८ | १९६ |
| जह राया ववहारा | १०८ | १९० | जीवो बंधो य तहा | २९४ | ४२९ |
| जह विसमुवभुंजंतो | १९५ | ३०६ | जीवो बंधो य तहा | २९५ | ४३३ |
| जह सिप्पि दु कम्मफलं | ३५२ | ४९६ | जे पुग्गलदव्वाणं | १०१ | १८२ |
| जह सिप्पिओ दु कम्मं | ३४९ | ४९६ | जो अप्पणा दु मण्णदि | २५३ | ३८३ |
| जह सिप्पिओ दु करणाणि | ३५१ | ४९६ | जो इंदिये जिणित्ता | ३१ | ६८ |
| जह सिप्पिओ दु करणेहिं | ३५० | ४९६ | जो कुणदि वच्छलत्तं | २३५ | ३६२ |
| जह सिप्पिओ दु चिट्ठ | ३५४ | ४९७ | जो चत्तारि वि पाए | २२९ | ३५६ |
| जह सेडिया दु ण परस्स | ३५६ | ५०२ | जो चेव कुणदि सो चिय | ३४७ | ४९१ |
| जह सेडिया दु ण परस्स | ३५७ | ५०३ | जो जम्हि गुणे दव्वे | १०३ | १८५ |
| जह सेडिया दु ण परस्स | ३५८ | ५०३ | जो ण करेदि जुगुप्पं | २३१ | ३५८ |
| जह सेडिया दु ण परस्स | ३५९ | ५०३ | जो ण कुणदि अवराहे | ३०२ | ४४३ |
| जा एस पयडीअट्ठं | ३१४ | ४६१ | जो ण मरदि ण य दुहिदो | २५८ | ३८६ |
| जावं अप्पडिकमणं | २८५ | ४१७ | जो दु ण करेदि कंखं | २३० | ३५७ |
| जाव ण वेदि विसेसंतरं | ६९ | १३० | जोधेहिं कदे जुद्धे | १०६ | १८८ |
| जिदमोहस्स दु जइया | ३३ | ७१ | जो पस्सदि अप्पाणं | १४ | ३७ |
| जीवणिबद्धा एए | ७४ | १३८ | जो पस्सदि अप्पाणं | १५ | ४३ |
| जीवपरिणामहेदुं | ८० | १५० | जो पुण णिरवराधो | ३०५ | ४४४ |
| जीवम्हि हेदुभूदे | १०५ | १८७ | जो मण्णदि जीवेमि य | २५० | ३८१ |
| जीवस्स जीवरूवं | ३४३ | ४८१ | जो मण्णदि हिंसामि य | २४७ | ३७८ |
| जीवस्स जे गुणा केइ | ३७० | ५१७ | जो मरदि जो य दुहिदो | २५७ | ३८६ |
| जीवस्स णत्थि केइ | ५३ | १०४ | जो मोहं तु जिणित्ता | ३२ | ६९ |
| जीवस्स णत्थि रागो | ५१ | १०३ | जो वेददि वेदिज्जदि | २१६ | ३३७ |
| जीवस्स णत्थि वग्गो | ५२ | १०४ | जो समयपाहुडमिणं | ४१५ | ५८९ |
| जीवस्स णत्थि वण्णो | ५० | १०३ | जो सव्वसंगमुक्को | १८८ | २९४ |
| जीवस्स दु कम्मेण य | १३९ | २१३ | जो सिद्धभत्तिजुत्तो | २३३ | ३६० |

| | गाथा | पृष्ठ | | गाथ T | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| जो सुयणाणं सव्वं | १० | २१ | णाणी रागप्पजहो | २१८ | ३४१ |
| जो सो दु णेहभावो | २४० | ३६९ | णादूण आसवाणं | ७२ | १३३ |
| जो सो दु णेहभावो | २४५ | ३७४ | णिंदियसंथुयवयणाणि | ३७३ | ५२६ |
| जो हवदि असम्मूढो | २३२ | ३५९ | णिच्चं पच्चक्खाणं | ३८६ | ५३४ |
| जो हि सुएणहिगच्छइ | ९ | २१ | णिच्छयणयस्स एवं | ८३ | १५२ |
| **ण** | | | णियमा कम्मपरिणदं | १२० | १९६ |
| | | | णिव्वेयसमावण्णो | ३१८ | ४६५ |
| ण कुदोचि वि उप्पण्णो | ३१० | ४५७ | णेव य जीवट्ठाणा | ५५ | १०४ |
| णज्झवसाणं णाणं | ४०२ | ५६९ | णो ठिदिबंधट्ठाणा | ५४ | १०४ |
| णत्थि दु आसवबंधो | १६६ | २६३ | **त** | | |
| णत्थि मम को वि मोहो | ३६ | ७७ | तं एयत्तविहत्तं | ५ | १३ |
| णत्थि मम धम्मआदी | ३७ | ७९ | तं खलु जीवणिबद्धं | १३६ | २१० |
| ण दु होदि मोक्खमग्गो | ४०९ | ५९४ | तं णिच्छये ण जुज्जदि | २९ | ६५ |
| ण मुयदि पयडिमभव्यो | ३१७ | ४६४ | तं जाण जोगउदय | १३४ | २०९ |
| णयरम्भि वण्णिदे जह | ३० | ६६ | तत्थ भवे जीवाणं | ६१ | ११५ |
| ण य रागदोसमोहं | २८० | ४१४ | तम्हा दु जो विसुद्धो | ४०७ | ५७७ |
| ण रसो दु हवदि णाणं | ३९५ | ५६७ | तम्हा जहित्तु लिंगे | ४११ | ५८१ |
| ण वि एस मोक्खमग्गो | ४१० | ५८० | तम्हा ण को वि जीवो | ३३७ | ४८० |
| ण वि कुव्वदि कम्मगुणे | ८१ | १५० | तम्हा ण को वि जीवो | ३३९ | ४८१ |
| ण वि कुव्वइ ण वि वेयइ | ३१९ | ४६७ | तम्हा ण मे त्ति णच्चा | ३२७ | ४७२ |
| ण वि परिणमदि ण गिण्हदि | ७६ | १३४ | तम्हा दु कुसीलेहिं य | १४७ | २४० |
| ण वि परिणमदि ण गिण्हदि | ७७ | १४५ | तह जीवे कम्माणं | ५९ | ११२ |
| ण वि परिणमदि ण गिण्हदि | ७८ | १४७ | तह णाणिस्स दु पुव्वं | १८० | २८१ |
| ण वि परिणमदि ण गिण्हदि | ७९ | १४८ | तह णाणिस्स वि विविहे | २२१ | ३४३ |
| ण वि सक्कदि धेत्तु ज | ४०६ | ५७७ | तह णाणी वि हु जइया | २२३ | ३४३ |
| ण वि होदि अप्पमत्तो | ६ | १५ | तह वि य सच्चे दत्ते | २६४ | ३९१ |
| ण सयं बद्धो कम्मे | १२१ | १९९ | तिविहो एसुवओगो | ९४ | १७० |
| णाणं सम्मादिट्ठं | ४०४ | ५६९ | तिविहो एसुवओगो | ९५ | १७१ |
| णाणगुणेण विहीणा | २०५ | ३२३ | तेसिं पुणोवि य इमो | ११० | १९१ |
| णाणमधम्मो ण हवइ | ३९९ | ५६८ | तेसिं हेदू भणिदा | १९० | २९६ |
| णाणमया भावाओ | १२८ | २०५ | **थ** | | |
| णाणस्स दंसणस्स य | ३६९ | ५१७ | थेयादी अवराहे | ३०१ | ४४२ |
| णाणस्स पडिणिबद्धं | १६२ | २५५ | | | |
| णाणावरणादीयस्स | १६५ | २६२ | दंसणणाणचरित्तं | १७२ | २७१ |

| | गाथा | पृष्ठ | | गाथा | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| दंसणणाणचरित्तं किंचि | ३६६ | ५१७ | पोग्गलकम्मं रागो | १९९ | ३११ |
| दंसणणाणचरित्तं किंचि | ३६७ | ५१७ | पुढवीपिंडसमाणा | १६९ | २६७ |
| दंसणणाणचरित्तं किंचि | ३६८ | ५१७ | पुरिसित्थियाहिलासी | ३३६ | ४८० |
| दंसणणाणचरित्ताणि | १६ | ४६ | पुरिसो जह को वि इहं | २२४ | ३४७ |
| दव्वगुणस्स य आदा | १०४ | १८६ | पोग्गलदव्वं सद्दत्तपरिणयं | ३७४ | ५२६ |
| दवियं ज उप्पज्जइ | ३०८ | ४५६ | फ | | |
| दव्वे उवभुंजंते | १९४ | ३०४ | | | |
| दिट्ठी जहेव णाणं | ३२० | ४६७ | फासो ण हवदि णाणं | ३९६ | ५६८ |
| दुक्खिदसुहिदे जीवे | २६६ | ३९५ | ब | | |
| दुक्खिदसुहिदे सत्ते | २६० | ३८९ | | | |
| दोण्ह वि णयाण भणिदं | १४३ | २२६ | बंधाणं च सहावं | २९३ | ४२८ |
| | | | बंधुवभोगणिमित्ते | २१७ | ३३९ |
| ध | | | बुद्धी ववसाओ वि य | २७१ | ४०२ |
| धम्माधम्मं च तहा | २६९ | ३९८ | भ | | |
| धम्मो णाणं ण हवदि | ३९८ | ५६८ | भावो रागादिजुदो | १६७ | २६५ |
| प | | | भुंजंतस्स वि विविहे | २२० | ३४३ |
| | | | भूयत्थेणाभिगदा | १६ | ३१ |
| पंथे मुस्संतं पस्सिदूण | ५८ | ११२ | म | | |
| पक्के फलम्हि पडिए | १६८ | २६६ | | | |
| पज्जत्तापज्जत्ता | ६७ | १२१ | मज्झं परिग्गहो जदि | २०८ | ३२८ |
| पडिकमण पडिसरणं | ३०६ | ४४८ | मारिभि जीवावेमि य | २६१ | ३८९ |
| पण्णाए घित्तव्वो जो चेदा | २९७ | ४३४ | मिच्छत्तं अविरमणं | १६४ | २६२ |
| पण्णाए घित्तव्वो जो णादा | २९९ | ४३७ | मिच्छत्तं जदि पयडी | ३२८ | ४७५ |
| पण्णाए घित्तव्वो जो दट्ठा | २९८ | ४३७ | मिच्छत्तं पुण दुविहं | ८७ | १६१ |
| परमट्ठबाहिरा जे | १५४ | २४७ | मोक्खं असद्दहंतो | २७४ | ४०६ |
| परमट्ठम्हि दु अठिदो | १५२ | २४५ | मोक्खपहे अप्पाणं | ४१२ | ५८२ |
| परमट्ठो खलु समओ | १५१ | २४४ | मोत्तूण णिच्छयट्ठं | १५६ | २५० |
| परमप्पाणं कुव्वं | ९२ | १६७ | मोहणकम्मस्सुदया | ६८ | १२३ |
| परमप्पाणमकुव्वं | ९३ | १६८ | र | | |
| परमाणुमित्तयं पि हु | २०१ | ३१५ | रत्तो बंधदि कम्मं | १५० | २४२ |
| पासंडीलिंगाणि व | ४०८ | ५७१ | रागो दोसो मोहो जीवस्सेव | ३७१ | ५१८ |
| पासंडीलिंगेसु व | ४१३ | ५८५ | रागो दोसो मोहो य | १७७ | २७७ |
| पोग्गलकम्मं कोहो | १२३ | १९९ | रागम्हि य दोसम्हि य | २८१ | ४१५ |
| पोग्गलकम्मं मिच्छं | ८८ | १६२ | रागम्हि य दोसम्हि य | २८२ | ४१७ |

| | गाथा | पृष्ठ | | गाथा | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| राया हु णिग्गदो त्ति य | ४७ | ९६ | वेदंतो कम्मफलं सुहिदो | ३८९ | ५३७ |
| रूवं णाणं ण हवदि | ३९२ | ५६७ | **स** | | |
| **ल** | | | संता दु णिरुवभोज्जा | १७५ | २७४ |
| लोयसमणाणमेयं | ३२२ | ४७० | संसिद्धिराधसिद्धं | ३०४ | ४४४ |
| लोयस्स कुणदि विण्हू | ३२१ | ४७० | सत्थं णाणं ण हवदि | ३९० | ५६६ |
| **व** | | | सद्दहदि य पत्तेदि य | २७५ | ४०७ |
| वंदित्तु सव्वसिद्धे | १ | ५ | सद्दो णाणं ण हवदि | ३९१ | ५६७ |
| वण्णो णाणं ण हवदि | ३९३ | ५६७ | सम्मत्तपडिणिबद्धं | १६१ | २५५ |
| वत्थस्स सेदभावो | १५७ | २५२ | सम्मद्दंसणणाणं | १४४ | २२८ |
| वत्थस्स सेदभावो | १५८ | २५२ | सम्मद्दिट्ठी जीवा | २२८ | ३५० |
| वत्थस्स सेदभावो | १५९ | २५२ | सव्वण्हुणाणदिट्ठो | २४ | ५८ |
| वत्थुं पडुच्च जं पुण | २६५ | ३९३ | सव्वे करेदि जीवो | २६८ | ३९७ |
| वदणियमाणि धरंता | १५३ | २४६ | सव्वे पुव्वणिबद्धा | १७३ | २७३ |
| वदसमिदीगुत्तीओ | २७३ | ४०५ | सव्वे भावे जम्हा | ३४ | ७४ |
| ववहारणयो भासदि | २७ | ६३ | सामण्णपच्चया खलु | १०९ | १९१ |
| ववहारभासिदेण | ३२४ | ४७२ | सुदपरिचिदाणुभूदा | ४ | ११ |
| ववहारस्स दरीसण— | ४६ | ९५ | सुद्धं तु वियाणंतो | १८६ | २९२ |
| ववहारस्स दु आदा | ८४ | १५३ | सुद्धो सुद्धादेसो | १२ | २५ |
| ववहारिओ पुण णओ | ४१४ | ५८७ | सेवंतो वि ण सेवदि | १९७ | ३०८ |
| ववहारेण दु आदा | ९८ | १७९ | सोवण्णियं पि णियलं | १४६ | २३९ |
| ववहारेण दु एदे | ५६ | ११० | सो सव्वणाणदरिसी | १६० | २५४ |
| ववहारेणुवदिस्सइ | ७ | १७ | **ह** | | |
| ववाहारोऽभूयत्थो | ११ | २२ | | | |
| विज्जारहमारूढो | २३६ | ३६३ | हेउअभावे णियमा | १९१ | २९७ |
| वेदंतो कम्मफलं अप्पाणं | ३८७ | ५३६ | हेदू चदुव्वियप्पो | १७८ | २७७ |
| वेदंतो कम्मफलं मए | ३८८ | ५३७ | होदूण णिरुवभोज्जा | १७४ | २७४ |

# -: कलशकाव्योनी वर्णानुंक्रम सूची :-


| | कलश | पृष्ठ | | कलश | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| **अ** | | | अस्मिन्ननादिनि | ४४ | १२६ |
| अकर्ता जीवोऽयं | १९५ | ४५९ | **आ** | | |
| अखंडितमनाकुलं | १४ | ४५ | आक्रामन्नविकल्पभावमचलं | ९३ | २३० |
| अचिन्त्यशक्तिः स्वयमेव | १४४ | ३२६ | आत्मनश्चिंतयैवालं | १९ | ४८ |
| अच्छाच्छाः स्वयमुच्छलन्ति | १४१ | ३२२ | आत्मभावान्करोत्यात्मा | ५६ | १६० |
| अज्ञानतस्तु सतृणाभ्यव– | ५७ | १७६ | आत्मस्वभावं परभावभिन्न– | १० | ३६ |
| अज्ञानमयभावानामज्ञानी | ६८ | २०९ | आत्मा ज्ञानं स्वयं ज्ञानं | ६२ | १७९ |
| अज्ञानमेतदधिगम्य | १६९ | ३८६ | आत्मानं परिशुद्धमीप्सुभि– | २०८ | ४९४ |
| अज्ञानान्मृगतृष्णिकां जलधिया | ५८ | १७७ | आत्मानुभूतिरिति | १३ | ४२ |
| अज्ञानं ज्ञानमप्येवं | ६१ | १७८ | असंसारत एव धावति | ५५ | १५९ |
| अज्ञानी प्रकृतिस्वभाव– | १९७ | ४६४ | आसंसारविरोधिसंवर– | १२५ | २८५ |
| अतो हताः प्रमादिनो | १८८ | ४५० | आसंसारात्प्रतिपदममी | १३८ | ३१७ |
| अतः शुद्धनयायत्तं | ७ | ३० | **इ** | | |
| अत्यन्तं भावयित्वा विरति– | २३३ | ५६५ | | | |
| अत्र स्याद्वादशुद्ध्यर्थ | २४७ | ५९२ | इति परिचितत्त्वै– | २८ | ७३ |
| अथ महामदनिर्भरमन्थरं | ११३ | २६१ | इति वस्तुस्वभावं स्वं ज्ञानी | १७६ | ४१४ |
| अद्वैतापि हि चेतना | १८३ | ४३९ | इति वस्तुस्वभावं स्वं नाज्ञानी | १७७ | ४१५ |
| अध्यास्य शुद्धनय– | १२० | २७९ | इति सति सह | ३१ | ८१ |
| अध्यास्यात्मनि सर्वभावभवनं | २५९ | ६०५ | इतीदमात्मनस्तत्त्वं | २४६ | ५९० |
| अनंतधर्मणस्तत्त्वं | २ | २ | इतः पदार्थप्रथनावगुंठना– | २३४ | ५६६ |
| अनवरतमनन्तै– | १८७ | ४४६ | इतो गतमनेकतां | २७३ | ६२३ |
| अनाद्यनंतमचलं | ४१ | १२४ | इत्थं ज्ञानक्रकचकलना– | ४५ | १२७ |
| अनेनाध्यवसायेन | १७१ | ३९७ | इत्थं परिग्रहमपास्य | १४५ | ३२९ |
| अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं | २३५ | ५७५ | इत्यज्ञानविमूढानां | २६२ | ६०८ |
| अयि कथमपि मृत्वा | २३ | ६१ | इत्याद्यनेकनिजशक्ति– | २६४ | ६१५ |
| अर्थालम्बनकाल एव कलयन् | २५७ | ६०४ | इत्यालोच्य विवेच्य | १७८ | ४२१ |
| अलमलमतिजल्पै– | २४४ | ५८८ | इत्येवं विरचय्य संप्रति | ४८ | १४१ |
| अवतरति न यावद् | २९ | ७६ | इदमेकं जगच्चक्षु– | २४५ | ५८८ |
| अविचलितचिदात्म– | २७६ | ६२५ | इदमेवात्र तात्पर्य | १२२ | २८२ |

| | कलश | पृष्ठ | | कलश | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| इन्द्रजालमिदमेवमुच्छलत् | ९१ | २२६ | एकं ज्ञानमनाद्यनन्तमचलं | १६० | ३५५ |
| **उ** | | | एक: परिणमति सदा | ५२ | १५८ |
| | | | एक: कर्ता चिदहमिह | ४६ | १२९ |
| उदयति न नयश्री– | ९ | ३५ | एको दूरात्त्यजति मदिरां | १०१ | २३६ |
| उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत् | २३६ | ५७६ | एको मोक्षपथो य एष | २०४ | ५८३ |
| उभयनयविरोध– | ४ | २७ | एवं ज्ञानस्य शुद्धस्य | २३८ | ५७८ |
| **ए** | | | एवं तत्त्वव्यवस्थित्या | २६३ | ६०८ |
| | | | एष ज्ञानघनो नित्यमात्मा | १५ | ४६ |
| एकज्ञायकभावनिर्भर– | १४० | ३१९ | एषैकैव हि वेदना | १५६ | ३५२ |
| एकत्वं व्यवहारतो न तु | २७ | ७२ | **क** | | |
| एकत्वे नियतस्य शुद्धनयतो | ६ | २९ | | | |
| एकमेव हि तत्स्वाद्यं | १३९ | ३१९ | कथमपि समुपात्त– | २० | ५१ |
| एकश्चितश्चिन्मय एव भावो | १८४ | ४४० | कथमपि हि लभन्ते | २१ | ५४ |
| एकस्य कर्ता | ७४ | २१९ | कर्ता कर्ता भवति न यथा | ९९ | २३३ |
| एकस्य कार्य | ७९ | २२१ | कर्ता कर्मणि नास्ति | ९८ | २३३ |
| एकस्य चेत्यो | ८६ | २२४ | कर्तारं स्वफलेन यत्किल | १५२ | ३४६ |
| एकस्य चैको | ८१ | २२२ | कर्तुर्वेदयितुश्च युक्तिवशतो | २०९ | ४९५ |
| एकस्य जीवो | ७६ | २२० | कर्तृत्वं न स्वभावोऽस्य | १९४ | ४५६ |
| एकस्य दुष्टो | ७३ | २१९ | कर्म सर्वमपि सर्वविदो | १०३ | २४३ |
| एकस्य दृश्यो | ८७ | २२४ | कर्मैव प्रवितर्क्य कर्तृ हतकै: | २०४ | ४७९ |
| एकस्य नाना | ८५ | २२३ | कषायकलिरेकत: | २७४ | ६२४ |
| एकस्य नित्यो | ८३ | २२३ | कान्त्यैव स्नपयन्ति ये | २४ | ६२ |
| एकस्य बद्धो | ७० | २१७ | कार्यत्वादकृतं न कर्म | २०३ | ४७८ |
| एकस्य भातो | ८९ | २२५ | कृतकारितानुमननै– | २२५ | ५३८ |
| एकस्य भावो | ८० | २२१ | क्लिश्यन्तां स्वयमेव | १४२ | ३२३ |
| एकस्य भोक्ता | ७५ | २२० | क्वचिल्लसति मेचकं | २७२ | ६२२ |
| एकस्य मूढो | ७१ | २१८ | **क्ष** | | |
| एकस्य रक्तो | ७२ | २१८ | | | |
| एकस्य वस्तुर्न इहान्यतरेण | २०१ | ४७४ | क्षणिकमिदमिहैक: | २०६ | ४८९ |
| एकस्य वाच्यो | ८४ | २२३ | **घ** | | |
| एकस्य वेद्यो | ८८ | २२४ | | | |
| एकस्य सान्तो | ८२ | २२२ | घृतकुम्भाभिधानेऽपि | ४० | १२२ |
| एकस्य सूक्ष्मो | ७७ | २२० | **च** | | |
| एकस्य हेतुर्न | ७८ | २२१ | चिच्छक्तिव्याप्तसर्वस्व– | ३६ | १०३ |

| | कलश | पृष्ठ | | कलश | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| चित्पिण्डचण्डिमविलासि– | २६८ | ६१९ | त्यक्तं येन फलं स कर्म | १५३ | ३४९ |
| चित्रात्मशक्तिसमुदायमयो | २७० | ६२० | त्यक्त्याऽशुद्धिविधायि | १९१ | ४५२ |
| चिरमिति नवतत्त्व– | ८ | ३३ | त्यजतु जगदिदानीं | २२ | ५७ |
| चित्स्वभावभरभावितभावा– | ९२ | २२८ | **द** | | |
| चैद्रूप्यं जड़रूपतां च | १२६ | २८९ | | | |
| **ज** | | | दर्शनज्ञानचारित्रत्रयात्मा | २३९ | ५८२ |
| | | | दर्शनज्ञानचारित्रैस्त्रित्वा– | १६ | ४७ |
| जयति सहजतेज:– | २७५ | ६८४ | दर्शनज्ञानचारित्रैस्त्रिभि: | १७ | ४८ |
| जानाति य: स न करोति | १६७ | ३७७ | दूरं भूरिविकल्पजालगहने | ९४ | २३० |
| जीव: करोति यदि पुद्गलकर्म | ६३ | १९१ | द्रव्यलिङ्गममकारमीलितै– | २४३ | ५८६ |
| जीवाजीवविवेकपुष्कलद्दशा | ३३ | ८६ | द्विधाकृत्य प्रज्ञाक्रकच– | १८० | ४२४ |
| जीवादजीवमिति | ४३ | १२६ | **ध** | | |
| **ज्ञ** | | | धीरोदारमहिम्न्यनादिनिधने | १२३ | २८२ |
| ज्ञप्ति: करोतौ न हि | ९७ | २३२ | **न** | | |
| ज्ञानमय एव भाव: | ६६ | २०५ | | | |
| ज्ञानवान् स्वरसतोऽपि | १४९ | ३४० | न कर्मबहुलं जगन्न | १६४ | ३७३ |
| ज्ञानस्य सञ्चेतनयैव नित्यं | २२४ | ५३६ | न जातु रागादि– | १७५ | ४१३ |
| ज्ञानादेव ज्वलनपयसो– | ६० | १७८ | ननु परिणाम एव किल | २११ | ५०० |
| ज्ञानाद्विवेचकतया तु | ५९ | १७७ | नम: समयसाराय | १ | १ |
| ज्ञानिन् कर्म न जातु | १५१ | ३४५ | न हि विदधति बद्ध– | ११ | ४१ |
| ज्ञानिनो न हि परिग्रहभावं | १४८ | ३४० | नाश्नुते विषयसेवनेऽपि | १३५ | ३०७ |
| ज्ञानिनो ज्ञाननिर्वृत्ता: | ६७ | २०६ | नास्ति सर्वोऽपि सम्बन्ध: | २०० | ४७१ |
| ज्ञानी करोति न | १९८ | ४६६ | निजमहिमरतानां | १२८ | २९६ |
| ज्ञानी जानन्नपीमां | ५० | १४९ | नित्यमविकारसुस्थित– | २६ | ६७ |
| ज्ञेयाकारकलङ्कमेचकचिति | २५१ | ६०० | निर्वर्त्यते येन यदत्र किञ्चित् | ३८ | १२० |
| **ट** | | | नि:शेषकर्मयफल– | २३१ | ५६४ |
| | | | निषिद्धे सर्वस्मित् | १०४ | २४३ |
| टङ्कोत्कीर्णविशुद्धबोधविसरा– | २६१ | ६०७ | नीत्वा सम्यक् प्रलय– | १९३ | ४५५ |
| टङ्कोत्कीर्णस्वरसनिचित– | १६१ | ३५६ | नैकस्य हि कर्तारौ द्वौ | ५४ | १५९ |
| **त** | | | नैकान्तसङ्गतद्दशा स्वयमेव | २६५ | ६१५ |
| | | | नोभौ परिणमत: खलु | ५३ | १५९ |
| तज्ज्ञानस्यैव सामर्थ्य | १३४ | ३०५ | **प** | | |
| तथापि न निरर्गलं | १६६ | ३७७ | | | |
| तदथ कर्म शुभाशुभभेदतो | १०० | २३५ | पदमिदं ननु कर्मदुरासदं | १४३ | ३२४ |

| | कलश | पृष्ठ | | कलश | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| परद्रव्यग्रहं कुर्वन् | १८६ | ४४२ | **म** | | |
| परपरिणतिहेतो– | ३ | ४ | मग्न: कर्मनयावलम्बनपरा | १११ | २५८ |
| परपरिणतिमुज्झत् | ४७ | १३६ | मज्जन्तु निर्भरममी | ३२ | ८३ |
| परमार्थेन तु व्यक्त– | १८ | ४८ | माऽकर्तारममी स्पृशन्तु | २०५ | ४८८ |
| पूर्णैकाच्युतशुद्धबोधमहिमा | २२२ | ५३१ | मिथ्यादृष्टे: स एवास्य | १७० | ३८७ |
| पूर्वबद्धनिजकर्म– | १४६ | ३३५ | मोक्षहेतुतिरोधानाद्– | १०८ | २५१ |
| पूर्वालम्बितबोध्यनाशसमये | २५६ | ६०३ | मोहविलासविजृम्भित– | २२७ | ५४७ |
| प्रच्युत्य शुद्धनयत: | १२१ | २८० | मोहाद्यदहमकार्षं | २२६ | ५४३ |
| प्रज्ञाछेत्री शितेयं | १८१ | ४३२ | **य** | | |
| प्रत्यक्षालिखितस्फुटस्थिर– | २५२ | ६०१ | य एव मुक्त्वा नयपक्षपातं | ६९ | २१७ |
| प्रत्याख्याय भविष्यत्कर्म | २२८ | ५५७ | यत्तु वस्तु कुरुते | २१४ | ५०२ |
| प्रमादकलित: कथं भवति | १९० | ४५२ | यत्सन्नाशमुपैति तन्न नियतं | १५७ | ३५२ |
| प्राकारकवलिताम्बर– | २५ | ६६ | यदि कथमपि धारावाहिना | १२७ | २९३ |
| प्राणोच्छेदमुदाहरन्ति मरणं | १५९ | ३५४ | यदिह भवति रागद्वेष– | २२० | ५२४ |
| प्रादुर्भावविराममुद्रित– | २६० | ६०६ | यदेतद् ज्ञानात्मा | १०५ | २४७ |
| **ब** | | | यत्र प्रतिक्रमणमेव | १८७ | ४५१ |
| बन्धच्छेदात्कलयदतुलं | १९२ | ४५३ | यस्माद् द्वैतमभूत्पुरा | २७७ | ६२६ |
| बहिर्लुठति यद्यपि | २१२ | ५०० | य: करोति स करोति केवलं | ९६ | २३१ |
| बाह्यार्थग्रहणस्वभावभरतो | २५० | ५९९ | य: परिणमित स कर्ता | ५१ | १५८ |
| बाह्यार्थै: परिपीतमुज्झित– | २४८ | ५१७ | य: पूर्वभावकृतकर्म | २३२ | ५३५ |
| **भ** | | | यादृक् तादृगिहास्ति | १५० | ३४२ |
| भावयेद्भेदविज्ञान– | १३० | २९९ | यावत्पाकमुपैति कर्मविरति– | ११० | २५७ |
| भावास्रवाभावमयं प्रपन्नो | ११५ | २६८ | ये तु कर्तारमात्मानं | १९९ | ४६९ |
| भावो रागद्वेषमोहैर्विना यो | ११४ | २६७ | ये तु स्वभावनियमं | २०२ | ४७५ |
| भित्त्वा सर्वमपि स्वलक्षण– | १८२ | ४३६ | ये त्वेनं परिहृत्य | २४१ | ५८४ |
| भिन्नक्षेत्रनिषण्णबोध्य– | २५४ | ६०२ | ये ज्ञानमात्रनिजभावमयी | २६६ | ६१८ |
| भूतं भान्तमभूतमेव | १२ | ४२ | योऽयं भावो ज्ञानमात्रो | २७१ | ६२१ |
| भेदज्ञानोच्छलन– | १३२ | ३०० | **र** | | |
| भेदविज्ञानत: सिद्धा: | १३१ | ३०० | | | |
| भेदोन्मादं भ्रमरसभरा– | ११२ | २५९ | रागजन्मनि निमित्ततां | २२१ | ५२५ |
| भोक्तृत्वं न स्वभावोऽस्य | १९६ | ४६२ | रागद्वेषद्वयमुदयते | २१७ | ५१६ |

| | कलश | पृष्ठ | | कलश | पृष्ठ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| रागद्वेषविभावमुक्तमहसो | २२३ | ५३२ | व्यवहारविमूढदृष्टय: | २४२ | ५८६ |
| रागद्वेषविमोहानां | ११९ | २७७ | व्याप्यव्यापकता तदात्मनि | ४९ | १४३ |
| रागद्वेषाविह हि भवति | २१८ | ५२१ | व्यावहारिकदृशैव केवलं | २१० | ४९५ |
| रागद्वेषोत्पादकं तत्त्वदृष्ट्या | २१९ | ५२१ | शुद्धद्रव्यनिरूपणार्पित– | २१५ | ५१५ |
| रागादयो बन्धनिदानमुक्ता– | १७४ | ४११ | शुद्धद्रव्यस्वरसभवनात्किं | २१६ | ५१५ |
| रागादीनामुदयमदयं | १७९ | ४२२ | **स** | | |
| रागादीनां झगिति विगमात् | १२४ | २८३ | सकलमपि विहायाह्नाय | ३५ | १०२ |
| रागाद्यास्रवरोधतो | १३३ | ३०२ | समस्तमित्येवमपास्य कर्म | २२९ | ५५१ |
| रागोद्गारमहारसेन सकलं | १६३ | ३७८ | संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं | ११६ | २७२ |
| रुन्धन् बन्धं नवमिति | १६२ | ३६४ | संन्यस्तव्यमिदं समस्तमपि | १०९ | २५७ |
| **ल** | | | सम्पद्यते संवर एष | १२९ | २९९ |
| लोक: कर्मततोऽस्तु | १६५ | ३७६ | सम्यग्दृष्टय एव साहसमिदं | १५४ | ३५० |
| लोक: शाश्वत एक एष | १५५ | ३५१ | सम्यग्दृष्टि: स्वयमयमहं | १३७ | ३१३ |
| **व** | | | सम्यग्दृष्टेर्भवति नियतं | १३६ | ३०९ |
| वर्णादिसामग्र्यमिदं विदन्तु | ३९ | १२१ | सर्वत: स्वरसनिर्भरभावं | ३० | ७९ |
| वर्णाद्या वा रागमोहादयो वा | ३७ | १०९ | सर्वत्राध्यवसानमेवमखिलं | १७३ | ४०३ |
| वर्णाद्यै: सहितस्तथा | ४२ | १२५ | सर्वद्रव्यमयं प्रपद्य | २५३ | ६०१ |
| वस्तु चैकमिह नान्यवस्तुनो | २१३ | ५०१ | सर्वस्यामेव जीवन्त्यां | ११७ | २७३ |
| विकल्पक: परं कर्ता | ९५ | २३१ | सर्वं सदैव नियतं | १६८ | ३८५ |
| विगलन्तु कर्मविषतरु– | २३० | ५५२ | सिद्धान्तोऽयमुदात्तचित्त– | १८५ | ४४२ |
| विजहति न हि सत्तां | ११८ | २७६ | स्थितेति जीवस्य निरन्तराया | ६५ | २०२ |
| विरम किमपरेणाकार्य– | ३४ | ९३ | स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य | ६४ | १९८ |
| विश्रान्त: परभावभावकलना– | २५८ | ६०५ | स्याद्वादकौशलसुनिश्चल– | २६७ | ६१८ |
| विश्वाद्विभक्तोऽपि हि | १७२ | ३९९ | स्याद्वाददीपितलसन्महसि | २६९ | ६२० |
| विश्वं ज्ञानमिति प्रतर्क्य | २४९ | ५९८ | स्वशक्तिसंसूचितवस्तुत्वत्वै – | २७८ | ६२७ |
| वृत्तं कर्मस्वभावेन | १०७ | २५१ | स्वक्षेत्रस्थितये पृथग्विध– | २५५ | ६०३ |
| वृत्तं ज्ञानस्वभावेन | १०६ | २५१ | स्वेच्छासमुच्छलदनल्प– | ९० | २२५ |
| वृत्त्यंशभेदतोऽत्यन्तं | २०७ | ४९० | स्वं रूपं किल वस्तुनो | १५८ | ३५३ |
| वेद्यवेदकविभावचलत्वाद् | १४७ | ३३८ | **ह** | | |
| व्यतिरिक्तं परद्रव्यादेवं | २६७ | ५७६ | हेतुस्वभावानुभवाश्रयाणां | १०२ | २३९ |
| व्यवहरणनय: स्याद्यद्यपि | ५ | २८ | | | |


*